The Secret of the Nagas (Gujarati) - Nagvansh Nu

Tripathi, Amish

VISIT...

LANZAROTE Caliente.com

શિવકથન નવલકથાત્રયી - ૨



નાગવંશનું રહસ્ય

'અમીશ ભારતના
પ્રથમ સાહિત્યિક
પોપસ્ટાર છે.'
- શેખર કપૂર

અમીશ

ભાવાનુવાદ : ચિરાગ ઠક્કર 'જય'

નાગવંશનું રહસ્ય - અમીશ

'અમીશની પૌરાણિક કલ્પનાઓ ભૂતકાળનો ખજાનો અને ભવિષ્યની સંભાવનાઓ ખોલી આપે છે. તેમની લાક્ષણિક અને ઉત્તેજના જગાવતી પુસ્તક-શ્રેણીમાં આત્માના ઊંડાણ તેમજ આપણી સામૂહિક ચેતનાનાં દર્શન થાય છે.'

- દીપક ચોપરા , જગવિખ્યાત આધ્યાત્મિક ગુરુ અને વિખ્યાત લેખક

'ભારતીય લેખકોમાં અમીશ નવો, તાજગીપૂર્ણ અવાજ છે, જે - તેમની વાર્તાઓ, પુરાણો અને ઇતિહાસમાંથી આવે છે અને તેમનાં વર્ણનો ઝીણવટભરેલાં તેમજ શૈલી જકડી રાખે તેવી છે.'

- શશી થરુર , સંસદસભ્ય અને વિખ્યાત લેખક

'ભારતની અસંખ્ય દંતકથાઓ અને લોકકથાઓને ભેગી કરીને તેમનું અર્થઘટન કરીને રોમાંચક, ગતિશીલ કથા તરીકે રજૂ કરવામાં અમીશનું પ્રભુત્વ છે. ભગવાનો, સંસ્કૃતિઓ, ઇતિહાસ, રાક્ષસો અને નાયકો વિષેના તમારા વિચારો એ હંમેશા માટે બદલી નાખશે.'

- હાઈબ્લિટ્ઝ

'અમીશનું સહિષ્ણુતાનું દર્શન, દંતકથાની તેમની સમજણ અને શિવ પ્રત્યેની તેમની આસ્થા તેમનાં પુસ્તકોમાં સુસ્પષ્ટ છે.'

- વર્વ

'ત્રિપાઠી એવા ઊભરી રહેલા સમૂહના એક લેખક છે કે જેમણે પુરાણો અને ઇતિહાસને અલગ રીતે જોયાં છે અને નિરસ તથ્યોને તેમણે રસપ્રદ વાર્તામાં અનુવાદિત કર્યાં છે.'

- ધ ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસ

'આ દેશના યુવાધનને હિન્દુ પુરાણોથી પુનઃ પરિચિત કરાવવા બદલ આપણે અમીશને અભિનંદન આપવાં જ રહ્યાં.'

- ફર્સ્ટ સિટી

નાગવંશનું રહસ્ય

શિવકથન નવલકથાત્રયી-૨

લેખક

અમીશ

ભાવાનુવાદ

ચિરાગ ઠક્કર 'જય'

eka



મુખ્ય પ્રાપ્તિસ્થાન

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન :
(૦૭૯)૨૨૧૩૯૨૫૩,
૨૨૧૩૨૯૨૧

૨૦૨, પેલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન :
(૦૭૯)૨૬૫૮૦૩૬૫,
૨૬૫૮૩૭૮૭

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir



First published in English as The Secret of The Nagas in 2012 by Westland Ltd
Reprinted by Westland Publications Private Limited in 2018

Published in Gujarati as Nagvansh Nu Rahasya in 2019 by Eka, an imprint of Westland Publications Private Limited
1st Floor, A Block, East Wing, Plot No. 40, SP Infocity, Dr MGR Salai, Perungudi, Kandanchavadi, Chennai 600096

ISBN: 9789388689328

Cover Design by Rashmi Pusalkar
Photo of Lord Shiva by Chandan Kowli

પ્રીતિ અને નીલને. . .

સ્વર્ગનું સરનામું પામવા સાત સમુદ્રો
ઉલેચી નાખનારા લોકો સાચે જ દુર્ભાગી છે.

સદ્ભાગી એ લોકો છે જે સ્વર્ગનું
સાચું સુખ પોતાના પ્રિયજનોના સાથમાં માણે છે.

હું સાચે જ સદ્ભાગી છું.



અનુક્રમણિકા

સત્યમ્ શિવમ્ સુંદરમ્

શિવ જ સત્ય છે. શિવ જ સૌંદર્ય છે.
શિવ જ નર છે. શિવ જ નારી છે.
શિવ જ સૂર્યવંશી છે. શિવ જ ચંદ્રવંશી છે.



ઋણસ્વીકાર

શિવકથન નવલકથાત્રયીના પ્રથમ ભાગ ‘મેલુહાના અમર્ત્યો’ને અદ્‌ભુત આવકાર સાંપડ્યો છે. એટલે જ બીજો ભાગ ‘નાગવંશનું રહસ્ય’ લખતી વખતે મારા મનમાં સાચે જ ભાર વર્તાતો હતો. આ પુસ્તક પ્રથમ ભાગ જેટલું જ ઉત્તમ બન્યું છે કે નહીં, એ હું જાણતો નથી, પરંતુ શિવનાં સાહસોનો દ્વિતીય ભાગ આપની સમક્ષ રજૂ કરવાના યત્નમાં મેં અત્યંત આનંદ લૂંટ્યો છે. મારી આ યાત્રામાં મારો સાથ આપનારા સ્નેહીજનોનો હું અત્રે ઋણસ્વીકાર કરવા ઇચ્છું છું.

શિવ જ મારા પ્રભુ, મારા પથદર્શક અને મારા તારણહાર છે. પોતાની અદ્‌ભુત વાર્તા ઉકેલવાનું કામ તેમણે મારા જેવાને કેમ સોંપ્યું એ તો હજુ પણ મને નથી સમજાતું.

મારા શ્વશુર અને સમર્પિત શિવભક્ત ડૉ. મનોજ વ્યાસ આ પુસ્તકના આગમનના થોડાક માસ પહેલાં જ સ્વર્ગવાસી થયા છે. તેમને હું અત્યંત પ્રશંસતો હતો અને તેઓ મારા હૃદયમાં હજુ પણ જીવંત જ છે.

મારી પત્ની પ્રીતિ. તે મારા જીવનનો આધાર છે અને મારી સૌથી અંગત સલાહકાર પણ ખરી. એ મારી પાંખો નીચેની હવા જ નહીં પરંતુ સ્વયં મારી પાંખો પણ છે.

મારું કુટુંબ : ઉષા, વિનય, ભાવના, હિમાંશુ, મીતા, અનિષ, ડોનેટા, આશિષ, શેરનાઝ, સ્મિતા, અનુજ, ઋતા. તે સર્વેએ મને સતત સ્નેહ અને સાથ આપ્યાં છે. ભાવનાએ તો મને આ પુસ્તકના સંપાદનમાં પણ સહાય કરી છે અને ડોનેટાએ મારી પ્રથમ વેબસાઇટના નિર્માણ અને સંચાલનમાં સહાય કરી છે.

મારી સંપાદક શ્રાવણી પંડિત. એકદમ જિદ્દી અને શિવકથન નવલકથાત્રયીને સમર્પિત. તેની સાથે કામ કરવું સાચે જ મારા માટે સદ્‌ભાગ્યની વાત છે.

આ પુસ્તકના મુખપૃષ્ઠની રચયિતા રશ્મિ પુસાલકર અદ્‌ભુત કલાકાર અને જાદુગર છે. એ પણ જિદ્દી તો છે પરંતુ કામ અદ્‌ભુત કરે છે.

મારા પ્રકાશક વેસ્ટલેન્ડ અને તેમના અદ્‌ભુત માણસો નામે ગૌતમ પદ્મનાભન, પૌલ વિનય કુમાર, રેણુકા ચેટરજી, સતીશ સુંદરમ્, અનુશ્રી બેનરજી, વિપિન વિજય અને મનીષા શોભરજની. તે સર્વેએ શિવકથન નવલકથાત્રયીમાં અદ્‌ભુત વિશ્વાસ દાખવ્યો છે અને તેને સફળ બનાવવા માટે ઘણી મહેનત કરી છે.

મારા એજન્ટ અનુજ બાહરી તો મારા મિત્ર છે અને મને જ્યારે સૌથી વધારે આવશ્યકતા હતી ત્યારે તેમણે મને સાથ આપ્યો છે અને જા હું મારી લેખનયાત્રાના માર્ગ આંકું તો મારે સંદિપન દેવને પણ સ્મરવા જ જોઈએ, કારણ કે તેમણે જ અનુજ સાથે મારો પરિચય કરાવ્યો હતો.

આ મુખપૃષ્ઠના તસવીરકાર ચંદન કોવલી અત્યંત કુશળ અને તેજસ્વી વ્યક્તિત્વ છે

અને તેમણે ઉત્તમ તસવીર લીધી છે. ચિંતન સરીન અને જુલિયન દુબોઈસે તસવીરમાં સુંદર નાગ સર્જી આપ્યો છે અને બધો મેક-અપ પ્રકાશ ગોરે કર્યો છે. આખું તંત્ર ચાલતું રહે એ જોવાનું કાર્ય સાગર પુસાલકરે કર્યું છે અને એ બધાંએ ભેગાં મળીને સાચે જ ચમત્કારિક કામ કર્યું છે.

આ પુસ્તકની એડ્વર્ટાઇઝિંગ અને ડિજિટલ માર્કેટિંગ ટીમ ‘થિંક વ્હાય નોટ’ના સંગ્રામ સુર્વે અને શાલિની ઐયર. તેમની સાથે કામ કરવું પણ મારા માટે સદ્ભાગ્યની વાત રહી છે.

માર્કેટિંગના પ્રારંભિક આયોજન માટે કંવલ શૂર અને યોગેશ પ્રધાનનો પણ હું ઋણસ્વીકાર કરું છું. તેમણે મને ઘણી મદદ કરી છે.

અને છેલ્લે, સૌથી મહત્ત્વના એવા તમે વાચક બિરાદરો. આપ સર્વેએ મારું પ્રથમ પુસ્તક સ્વીકાર્યું અને મને ગદ્ગદ કરી નાખ્યો. હું આશા કરું છું કે શિવકથન નવલકથાત્રયીના આ બીજા ભાગમાં હું આપ સર્વેને નિરાશ નહીં કરું. આ પુસ્તકમાં આપ સર્વેને જે કંઈ પણ ગમે તે ભગવાન શિવના આશીર્વાદ છે. તમને જે કંઈ પણ ન ગમે તે મારી ઊણપ છે.



'શિવકથન નવલકથાત્રયી'

શિવ ! મહાદેવ. દેવોના દેવ. અનિષ્ટ સંહારક. જોશીલા પ્રેમી. ભયાવહ યોદ્ધા. અદ્‌ભુત નૃત્યકાર. ચમત્કારિક આગેવાન. સર્વશક્તિમાન છતાં વિશુદ્ધ. મજાકિયા અને ઝડપથી ક્રુદ્ધ થઈ જનારા ભોળાનાથ.

સદીઓ સુધી આપણી ભૂમિ પર આવનાર કોઈ પણ વિદેશી વિજેતા, વેપારી, અભ્યાસુ, શાસક કે મુસાફર એવું માનવા જ તૈયાર નહોતા કે આવો કોઈ માનવ વાસ્તવમાં આ ધરતી પર થઈ ગયો છે. એ લોકો એમ માની લેતા હતા કે આ જરૂર કોઈ દંતકથાનું પાત્ર હશે અને તેમનું અસ્તિત્વ માનવમનના કલ્પનાપ્રદેશ પૂરતું જ સીમિત હશે. દુર્ભાગ્યે, આપણે પણ એ જ માન્યતાઓ સ્વીકારી લીધી છે.

પરંતુ આપણી એ માન્યતાઓ ખોટી હોય તો ? ભગવાન શિવ કોઈ માનવમનની કલ્પના નહીં પરંતુ કોઈ હાડ-માંસની બનેલી, મારા અને તમારા જેવી, જીવંત વ્યક્તિ જ હોય તો ? એક એવો માનવ જે પોતાનાં કર્મોને કારણે મહામાનવ તરીકે પંકાયો. આ વિચારને આધારે જ આ 'શિવકથન નવલકથાત્રયી'નું સર્જન થયું છે, જેમાં ભારતની પ્રાચીન દંતકથાઓ તેમજ ઐતિહાસિક તથ્યોનો કલ્પના સાથે સંગમ કરવામાં આવ્યો છે.

એટલે આ પુસ્તક શિવ ભગવાન અને તેમનાં કર્મોની ચરણવંદના છે. તેમના જીવનના જે બહુમૂલ્ય બોધપાઠ સમય અને અજ્ઞાનની ગર્તામાં ધકેલાઈ ગયા હતા, તેને પુન : શોધવાનો પ્રયાસ છે. તેમાંથી પ્રેરણા લઈને આપણે બધા ઊર્ધ્વગામી પ્રયાણ કરી શકીએ છીએ. તેમાંથી એમ શીખી શકાય છે કે દરેક માનવમાં મહામાનવ, મહાદેવ થવાની ક્ષમતાઓ રહેલી છે. આપણે તો માત્ર આપણા અંતરાત્માનો અવાજ સાંભળવાનો છે.

'મેલુહાના અમર્ત્યો' એ 'શિવકથન નવલકથાત્રયી'નું પ્રથમ પુસ્તક છે અને તેમાં અદ્‌ભુત માનવની મહાદેવ બનવાની યાત્રાનો પ્રારંભ થાય છે. તમારા હાથમાં એ નવલકથાત્રયીનું બીજું પુસ્તક છે 'નાગવંશનું રહસ્ય'. તેનો ત્રીજો ભાગ છે 'વાયુપુત્રોના શપથ'.



લેખકનું નિવેદન

'નાગવંશનું રહસ્ય' આગળથી ઉકેલાવાનું શરૂ થાય છે. શિવકથન નવલકથાત્રયીનું આ દ્વિતીય પુસ્તક છે અને પ્રથમ પુસ્તક 'મેલુહાના અમર્ત્યો' જ્યાં અટક્યું હતું ત્યાંથી જ આ બીજું પુસ્તક શરૂ થાય છે. આમ તો મને એમ લાગે છે કે આ પુસ્તક તમે કોઈ પણ સંદર્ભ વિના પણ માણી શકશો પરંતુ જો તમે 'મેલુહાના અમર્ત્યો' પુસ્તક વાંચ્યું હશે તો આ પુસ્તક તમે વધારે માણી શકશો. અને જો એ વાંચ્યુ હોય, તો મારે કશું જ કહેવાની આવશ્યકતા નથી.

હું આશા કરું છું કે તેને લખવામાં મને જેટલો આનંદ આવ્યો છે એટલો જ આનંદ આપને વાંચવામાં પણ આવશે.

મને વિવિધ ધર્મના ઘણા લોકોએ વિવિધ માધ્યમો થકી એમ પૂછ્યું છે કે હું ભગવાન શિવને તમામ ભગવાનોમાં સર્વોચ્ચ માનું છું કે કેમ. મારે એ પ્રશ્નનો ઉત્તર અહીં આપવો છે. ઋગ્વેદમાં એક સુંદર સંસ્કૃત પંક્તિ છે :

एकम सत विप्र बहुधावदंति ।

સત્ય તો માત્ર એક જ છે. જ્ઞાનીઓ તેને અલગ અલગ રીતે જાણે છે.

ભગવાન પણ માત્ર એક જ છે. અલગ અલગ ધર્મો તેમને અલગ અલગ નામે જાણે છે.

તેમને શિવ કહો, વિષ્ણુ કહો, અલ્લાહ કે જિસસ કે તમે માનતા હો તે નામ આપી શકો છો.

આપણા માર્ગો સંભવત : અલગ અલગ હશે, બધાનું ધ્યેય તો એક જ છે.



અનુવાદકીય

સ-તર્ક ભારત હવે પોતાની શ્રદ્ધાને તર્કની નજરે નિહાળી રહ્યું છે. ઇતિહાસ અને પુરાણોને નવી સદીમાં નવા દૃષ્ટિકોણથી વાંચવામાં આવી રહ્યાં છે અને તેમની પ્રસ્તુતતાને ફરીથી પામવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

એ દિશામાં એક અત્યંત મહત્ત્વનું રાષ્ટ્રીય સ્તરનું સોપાન એટલે લેખક શ્રી અમીશની શિવકથન નવલકથાત્રયી. એ શ્રેણીના પ્રથમ પુસ્તક 'The Immortals of Meluha' અને દ્વિતીય પુસ્તક 'The Secret of the Nagas' મૂળે ૪૦૦-૪૦૦ પાનાંનાં દળદાર પુસ્તકો સ્વરૂપે પ્રસિદ્ધ થયાં હતાં. આ પુસ્તકોની ગુજરાતીમાં 'મેલુહા' અને 'નાગવંશ' સ્વરૂપે સંક્ષિપ્ત રજૂઆત થઈ ચૂકી છે પરંતુ અમને એમ થયું કે ગુજરાતી વાચકોને શબ્દશ : અમીશ વાંચવાનો પણ અધિકાર છે. એટલે એ બંને પુસ્તકોનો શબ્દશ : ભાવાનુવાદ કરીને તેના મૂળ સ્વરૂપ (unabridged version) આપની સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. જેમણે અમીશને આ પહેલાં નથી વાંચ્યા તેમને તો આનંદ આવશે જ પરંતુ જેમણે રજૂઆત વાંચી છે તેમને પણ આ ભાવાનુવાદ વાંચવો ગમશે. તેમને પણ એવું ઘણું બધું મળી રહેશે જે સંભવતઃ રજૂઆતમાં નહોતું. આવું સાહસ ખરેખર પ્રશંસનીય છે. એ માટે 'નવભારત સાહિત્ય મંદિર' અભિનંદનનું અધિકારી છે.

અનુવાદ ક્ષેત્રના આ મારા ૨૧મા અને ૨૨મા પુસ્તકો છે અને તેમાંથી મોટાભાગના 'નવભારત સાહિત્ય મંદિર' દ્વારા જ પ્રકાશિત થયા છે તેનો મને આનંદ છે. હું લેખક શ્રી અમીશ તેમજ 'નવભારત સાહિત્ય મંદિર'ના મુ. શ્રી મહેન્દ્રભાઈ શાહ અને પ્રકાશક મિત્ર શ્રી રોનક શાહનો ઋણસ્વીકાર કરું છું.

વિવિધ માધ્યમો દ્વારા સતત પ્રતિભાવો વરસાવતા રહીને મને પ્રેરતા રહેલા વાચકો જ મારા ઉધમનું પ્રેરણાબળ બની રહ્યા છે એટલે આપ સૌનો આભાર માનીને પ્રતિભાવોની આશા સહ વિરમું છું.

સસ્નેહ,
ચિરાગ ઠક્કર 'જય'
ઈમેલ : chirag@chiragthakkar.me
વેબસાઈટ :www.chiragthakkar.me
ફેસબુક :www.facebook.com/CThakkar
ટ્વિટર :www.twitter.com/chiragthakkar



પ્રારંભની પહેલાં

એ છોકરો બને તેટલી ઝડપથી દોડી રહ્યો હતો. હિમદંશ પામેલા અંગૂઠાને કારણે વારંવાર પીડાના ઝટકા શરીરમાં ઊઠી રહ્યા હતા. એ સ્ત્રીની આજીજીભરી ચીસો હજુ તેના કાનમાં ગુંજી રહી હતી : ' બચાવ ! મને બચાવ ! '

છોકરો જરા પણ ધીમો પડ્યો નહીં. એ તો પોતાના ગામની દિશામાં દોડતો જ રહ્યો. પછી અચાનક તેને કેશવાળીવાળા હાથોએ ઝડપી લીધો. એ હવામાં લબડી રહ્યો હતો. ધરતી પર પોતાના પગ ટેકવવા મથી રહ્યો હતો. એને પોતાની સાથે રમત કરી રહેલા રાક્ષસનું હાસ્ય સાંભળીને ભય પણ લાગી રહ્યો હતો. પછી બીજા હાથે તેને અવળો ફેરવીને મજબૂતીથી પકડી રાખ્યો.

એ છોકરો દિગ્મૂઢ થઈ ગયો. શરીર તો પેલા રીંછ જેવા રાક્ષસનું જ હતું પરંતુ તેની ઉપર ગોઠવાયેલું મસ્તક એ સુંદર સ્ત્રીનું હતું જેની સહાય કર્યા વિના એ દોડી ગયો હતો. એ સ્ત્રીનું મોઢું ખૂલ્યું અને તેમાંથી જે અવાજ સંભળાયો એ કોઈ સ્ત્રીનો કર્ણપ્રિય અવાજ નહોતો પરંતુ માણસને અંદરથી થથરાવી મૂકે તેવી ગર્જના હતી.

' તને તો આમાં બહુ મજા આવી , નહીં ? મને પીડાતી જોઇને તને બહુ જ મજા આવી , આવીને ? તેં મારી આજીજીભરી ચીસોની પણ અવગણના કરી , ખરુંને ? હવે તને આ મુખ આખું જીવન ડરાવતું રહેશે ! '

એ પછી ક્યાંકથી રીંછ જેવો ત્રીજો હાથ તલવાર સાથે પ્રગટ થયો અને તેણે એ સ્ત્રીનું માથું વાઢી નાખ્યું.

' નાઆઆઆઆ ! ' એ છોકરો ઊંઘમાંથી ઝબકીને બેઠો થઈ ગયો.

એ પોતાની ઘાસની પથારી સામે જોઈ રહ્યો. સંધ્યાનો સમય હતો. ઝૂંપડીમાં બહુ ઓછું અજવાળું હતું. પ્રવેશદ્વાર પાસે જ પ્રગટાવેલું નાનકડું તાપણું ઠરવા આવ્યું હતું. એ નાનકડા કક્ષમાં કોઈ દોડી આવ્યું એટલે પવનની લહેરથી એ તાપણું પાછું પ્રજ્વલિત થઈ ઊઠ્યું.

' શિવ ? શું થયું ? તું ઠીક તો છે ને , બેટા ?'

એ છોકરાએ આશ્ચર્ય અનુભવતાં ઉપર જોયું. તેની માએ તેને છાતીએ વળગાડીને તેની ફરતે પોતાના હાથ વીંટાળી દીધા. તેને પોતાની માનો પ્રેમાળ અને સહાનુભૂતિવાળો અવાજ સંભળાયો. ' બધું સારું થઈ જશે , બેટા. હું આવી ગઈને. હું અહીં જ છું તારી જોડે જ. '

એ છોકરાના શરીરમાંથી ભય વિદાય પામ્યો અને તેણે ક્યારનાં રોકી રાખેલાં આંસુઓ વહેવા માંડ્યાં.

' શું થયું , બેટા ? એ જ ભયાનક સપનું ?'

છોકરાએ માથું હલાવ્યું. આંસુનું નાનકડું ઝરણું દરિયો બનીને વહેવા માંડ્યું.

' એમાં તારો શું વાંક છે ? તું શું કરી શક્યો હોત ? એ તારાથી ત્રણ ગણો મોટો હતો. આખેઆખો પુરુષ અને તું નાનકડું બાળક. '

છોકરો કંઈ બોલ્યો તો નહીં પરંતુ તેનું શરીર અવશ્ય ટટ્ટાર થયું. મા હળવે હાથે તેનાં આંસુઓ લૂછતાં બોલી , ' એણે તને મારી જ નાખ્યો હોત. '

અચાનક એ છોકરાએ ઊંચા અવાજે કહ્યું , ' તો પછી હું મરી જવો જ જોઈતો હતો ! મારી એ જ શિક્ષા છે ! '

એની માતા આઘાત અનુભવતી ચૂપ થઈ ગઈ. એ પુત્ર તરીકે બહુ ઉમદા હતો. આ પહેલાં તેણે ક્યારેય પોતાની માતા સામે ઊંચા અવાજે વાત નહોતી કરી. ક્યારેય નહીં. તેણે પોતાના મનમાંથી આ વિચાર દૂર કરીને પોતાના પુત્રને શાંત કરવા કહ્યું , ' આવું ફરી ક્યારેય બોલતો નહીં , શિવ. જા તું ન હોય તો મારું શું થાય ?'

શિવે પોતાના નાનકડા હાથની મુઠ્ઠીઓ વાળીને તેના વડે પોતાનું કપાળ કૂટ્યું. તેની માએ તેના હાથ પકડી ન લીધા , ત્યાં સુધી એ તેમ જ કરતો રહ્યો. તેના કપાળની મધ્યમાં , બંને ભમરોની વચ્ચે લાલાશ પડતો કાળો ડાઘો ઊપસી આવ્યો હતો.

માએ છોકરાના હાથ પકડીને તેને પોતાની દિશામાં ખેંચ્યો. પછી તે એવું કંઈક બોલી જેની અપેક્ષા એ છોકરાએ નહોતી રાખી. ' સાંભળ , મારા દીકરા ! તેં જ કહ્યું હતું કે એ સ્ત્રી પોતે પણ નહોતી લડી રહી. એ પેલાની કટાર ખેંચી કાઢીને તેની પર પ્રહાર કરી શકી હોત , ખરું કે નહીં ?'

છોકરો કંઈ બોલ્યો નહીં. તેણે માત્ર ડોકું હલાવ્યું.

' તું જાણે છે તેણે એવું કેમ ન કર્યું ?'

છોકરાએ તેની માતા સામે જિજ્ઞાસાપૂર્વક જોયું.

' કારણ કે એ સ્ત્રી વ્યવહારુ હતી. તે જાણતી હતી કે જા તે લડશે , તો તે અવશ્ય મૃત્યુ પામશે. '

શિવ કંઈ સમજ્યો નહીં પરંતુ તેની માતા સામે તે જોઈ જ રહ્યો.

' આ અત્યાચાર તો તેની ઉપર થઈ રહ્યો હતો. તેમ છતાં જીવતા રહેવા માટે તે જે કરી શકે એમ હતી , તે જ તેણે કર્યું હતું. '

શિવની આંખો હજુ તેની માતાના મુખ પર જ મંડાયેલી હતી.

' તો પછી તું પણ વ્યવહારુ બનીને જીવતો રહેવા ઇચ્છે , એમાં શું ખોટું છે ?'

એ છોકરાને આ વાતથી થોડીક રાહત થઈ હોય એમ લાગ્યું અને એ ફરીવાર હળવે હળવે ડૂસકાં ભરીને રડવા માંડ્યો.



પ્રકરણ ૧
વિચિત્ર રાક્ષસ

'સતી !' શિવે બૂમ પાડી અને પોતાની તલવાર ખેંચીને તેઓ પોતાની પત્નીની દિશામાં ધસી ગયા. દોડતાં દોડતાં તેમણે પોતાની ઢાલ આગળ ધરી દીધી.

એ દોડીને કોઈ છટકામાં ફસાઈ જશે !

'ઊભી રહે !' શિવે પોતાની ગતિ વધારતાં બૂમ પાડી. અયોધ્યાના રામજન્મભૂમિ મંદિરની દિશામાં જતા માર્ગની કોરે આવેલાં વૃક્ષોના ઝુંડમાં સતી પ્રવેશી રહી હતી, એ શિવે જોયું હતું.

સતીનું બધું જ ધ્યાન ભાગી રહેલા મહોરાવાળા નાગવંશીનો પીછો પકડવા પર જ કેન્દ્રિત હતું. તેણે પોતાની તલવાર આગળ ધરી રાખી હતી. અનુભવી યોદ્ધા પોતાનો શિકાર જુવે, તો જેમ વર્તે એમ જ.

શિવ થોડીક ક્ષણો પછી દોડતાં દોડતાં સતી સુધી પહોંચ્યા અને પોતાની પત્ની સલામત છે, એની તેમણે ખાતરી કરી લીધી. પેલા નાગવંશીની પાછળ દોડતાં દોડતાં શિવ તેના વિષે વિચારવા માંડ્યા. તેમને આઘાત લાગ્યો હતો.

એ કૂતરો આટલો ઝડપથી આગળ કઈ રીતે વધી ગયો ?

એ નાગવંશી અત્યંત ચપળતાથી વૃક્ષો વચ્ચે માર્ગ કરતો કરતો ટેકરી પર દોડી રહ્યો હતો અને તેની ગતિ પણ વધી રહી હતી. મેરુમાં બ્રહ્મા મંદિર ખાતે તેની સાથે જે લડાઈ થઈ હતી તેનું શિવને સ્મરણ થયું. એ લડાઈ વખતે જ શિવે સતીને પ્રથમવાર જોઈ હતી.

એટલે બ્રહ્મા મંદિરમાં એ જે રીતે ધીમે-ધીમે લડી રહ્યો હતો , એ તેની રણનીતિનો જ ભાગ હતો.

શિવે ઢાલને પોતાની પીઠ પાછળ કરી કે જેથી તે વધારે ઝડપથી દોડી શકે. તેમની ડાબી બાજુ સતી પણ એટલી જ ગતિથી દોડી રહી હતી. તેણે અચાનક ઘુરકાટ કરીને આગળ માર્ગમાં પડી રહેલા ફાંટા સામે આંગળી ચીંધી અને શિવે જમણી બાજુ જવું એમ સૂચવ્યું. શિવે મસ્તક હલાવીને સહમતી દર્શાવી. એ બંને એમ કરીને નાગવંશીને આગળના સાંકડા માર્ગે આગળપાછળથી ઘેરી લેવા માંગતા હતા.

શિવ અત્યંત ઝડપથી ખુલ્લી તલવાર સાથે જમણી બાજુ ધસી ગયા. સતી હજુ પણ પેલા નાગવંશીની પાછળ જ હતી અને એ પણ એટલી જ ઝડપથી દોડી રહી હતી. શિવ હવે જે માર્ગ પર દોડી રહ્યા હતા તેની ધરતી પ્રમાણમાં ઘણી સમતલ હતી એટલે એ વધારે ગતિથી દોડી શકતા હતા. તેમણે એ પણ નોંધ્યું કે નાગવંશીએ હવે ઢાલ પોતાના જમણા હાથમાં પકડી લીધી હતી. યુદ્ધકળાની દૃષ્ટિએ એ ભૂલ ગણાય, એમ પણ શિવને વિચાર

આવી ગયો.

સતી હજુ પાછળ હતી પરંતુ શિવ નાગવંશીની નજીક પહોંચી ગયા અને તેમણે ડાબા હાથે પોતાની કટાર ખેંચીને નાગવંશીની ગરદનની દિશામાં છૂટી ફેંકી. એ પછી તેમણે નાગવંશીને જે રીતે ખસતાં જોયો, તે રીત અદ્ભુત હતી. આવું કદી પણ શક્ય બની શકે એમ શિવ માનતા નહોતા.

પાછળ જોયા વિના કે પોતાની ગતિ ઘટાડ્યા વિના એ નાગવંશીએ પોતાની ઢાલ એવી રીતે ઊંચી કરી કે કટારી તેને જ અથડાઈને નીચે પડી. પોતાની ગતિને જરા પણ ઓછી કર્યા વિના નાગવંશીએ ઢાલ પોતાની પીઠ પર લટકાવી દીધી.

શિવ સાશ્ચર્ય આ બધું જોઈ રહ્યા એ દરમિયાન તેમની ગતિ થોડીક ઘટી હતી.

એણે તો જોયા વિના જ કટારનો પ્રહાર ખાળી બતાવ્યો ! છે કોણ આ માણસ ?

એ દરમિયાન સતી એકધારી ગતિથી આગળ વધી રહી હતી અને એ પણ શિવની જેમ જ નાગવંશીની પાસે પહોંચવામાં હતી, પરંતુ તે બીજા માર્ગ ઉપર હતી.

સતીને એ માર્ગ પર જોઈને શિવે પોતાની ગતિ વધારી જેથી તે પોતાની પત્નીની સાથે થઈ શકે. રસ્તો એવો ઢાળવાળો હતો કે તેમને નાગવંશી નીચે ઊતરતો એકદમ સ્પષ્ટ દેખાતો હતો. એ હવે ટેકરી ફરતે બનાવવામાં આવેલી દીવાલની પાસે પહોંચી જવામાં હતો. આ ટેકરી પર પ્રાણીઓ અને રખડુ માણસોને ચડતા અટકાવવા માટે એ દીવાલ બનાવવામાં આવી હશે, એમ જણાતું હતું. એટલે એ દીવાલની ઊંચાઈ પણ એટલી હતી કે આ નાગવંશી તે કૂદી નહીં શકે, એવી શિવને આશા બંધાઈ હતી. નાગવંશીએ દીવાલ પર ચડવું પડશે અને એ દરમિયાન શિવ અને સતીને અમુક મહત્ત્વની ક્ષણો મળી રહેશે, જેથી તેઓ નાગવંશી પાસે પહોંચી શકશે.

નાગવંશીને પણ એ જ વાત સમજાઈ હતી. એ દીવાલની પાસે પહોંચ્યો એ દરમિયાન તેણે પગની પાની પર અવળા ફરીને બંને હાથમાં તલવારો ખેંચી કાઢી. તેના જમણા હાથમાં પારંપરિક લાંબી તલવાર હતી જે ઢળી રહેલા સૂર્યના પ્રકાશમાં ચળકી રહી હતી. ડાબા હાથમાં જે ટૂંકી તલવાર હતી, તે વિચિત્ર હતી. તેમાં તલવારની મૂઠ વચ્ચે હતી અને તેની બંને બાજુ ધાર લગાવવામાં આવી હતી. નાગવંશી પાસે પહોંચતાં શિવે પોતાની ઢાલ આગળ કરી. સતી નાગવંશીની જમણી બાજુથી તેની પર આક્રમણ કરી રહી હતી.

નાગવંશીએ પોતાના જમણા હાથમાં રહેલી લાંબી તલવાર એવી રીતે વીંઝી કે સતીને પાછળ હઠવું પડ્યું. સતી પાછળ ખસી એટલે નાગવંશીએ ડાબા હાથે શિવની દિશામાં તલવાર વીંઝી. એ પ્રહાર ચૂકવવા શિવે નીચા નમવું પડ્યું. એ પ્રહાર ચુકાવી દીધા પછી શિવે હવામાં કૂદકો માર્યો અને ઉપરથી જ નાગવંશી પર પ્રહાર કર્યો. એ પ્રહાર એવી રીતે કરવામાં આવ્યો હતો કે ઢાલ વિનાના માણસ માટે તેને ખાળવો લગભગ અશક્ય વાત હતી. જોકે નાગવંશીએ તો સરળતાથી એક ડગલું પાછળ હઠી જઈને એ પ્રહાર ખાળ્યો અને ડાબા હાથે પોતાની ટૂંકી તલવાર એવી રીતે વીંઝી કે શિવે પણ પાછળ હઠવું પડ્યું. એ પ્રહાર ખાળવા માટે નીલકંઠે પોતાની ઢાલ આગળ ધરવી પડી હતી.

એ પછી સતીએ આગળ વધીને એવી રીતે પ્રહાર કર્યો કે નાગવંશીએ ફરી વાર પાછળ ખસવું પડ્યું. સતીએ ડાબા હાથે પોતાની પીઠ પર બાંધેલી કટાર ખેંચીને તેને નાગવંશીની દિશામાં ફેંકી. ચોક્કસ ક્ષણે નીચા નમીને નાગવંશીએ કટારનો પ્રહાર ચૂકવ્યો અને કટાર દીવાલમાં જઈ ખૂંપી. શિવ અને સતી નાગવંશી પર એક પણ વાર પ્રહાર કરી શક્યાં નહોતાં પરંતુ નાગવંશીને ધીમે-ધીમે પાછળ ખસવું પડ્યું હતું. થોડીક જ ક્ષણોમાં તેને દીવાલ સુધી ધકેલી દઈને ઘેરી શકાય તેમ હતો.

હે પવિત્ર સરોવર , એ હવે તો ઝડપાઈ જ જશે.

એ જ સમયે નાગવંશીએ પોતાના ડાબા હાથમાં રહેલી તલવાર ભયાનક રીતે વીંઝી. તલવાર એટલી ટૂંકી હતી કે તે શિવ સુધી પહોંચી શકે તેમ નહોતી એટલે એ પ્રહાર નકામો હતો. એની એ ભૂલ જોઈને શિવ આગળ વધ્યા. તેમને વિશ્વાસ હતો કે તેઓ નાગવંશીના ધડ પર પ્રહાર કરી શકશે. જોકે એ જ સમયે નાગવંશીએ ફરી વાર તલવાર વીંઝી અને પોતાની ટૂંકી તલવારની મૂઠ પર બનાવવામાં આવેલી એક કળ દબાવી. એટલે એ ટૂંકી તલવારની બે બાજુ રહેલી તલવારમાંથી એક બાજુની તલવારની લંબાઈ અચાનક જ બમણી થઈ ગઈ અને તે શિવના ખભા પર કાપો પાડતી ગઈ. એ ધાર પર રહેલા ઝેરને કારણે શિવના શરીરને ઝાટકો વાગ્યો અને તેઓ એકદમ સ્થિર થઈ ગયા.

'શિવ !' સતીએ ચીસ પાડી અને તેણે નાગવંશીના જમણા હાથમાં રહેલી તલવાર પર અત્યંત બળપૂર્વક પ્રહાર કર્યો. સતીને આશા હતી કે નાગવંશીના હાથમાંથી તલવાર પડી જશે. પરંતુ એવું થાય એ પહેલાં જ નાગવંશીએ પોતાની તલવાર એટલી નીચી કરી દીધી કે સતીએ પોતાની તલવારને તેની સાથે ટકરાવવા માટે નીચા નમવું પડ્યું. સતીનું સમતોલન ખોરવાઈ ગયું અને તેના હાથમાંથી તલવાર પણ નીચે પડી ગઈ.

'ના !' આ દૃશ્ય જોઈને શિવે બૂમ પાડી. એ નિઃસહાયતાથી પીઠભેર પડ્યા હતા. એ કોઈ પણ પ્રકારનું હલનચલન કરી શકે તેમ નહોતા.

સતી જે ભૂલી ગઈ હતી એ વાત શિવના ધ્યાનમાં જ હતી. રામજન્મભૂમિ મંદિર પાસે જ્યારે આ નાગવંશી એક વૃક્ષની પાછળ છુપાયેલો દેખાઈ ગયો ત્યારે સતીએ તેની પર કટારથી પ્રહાર કર્યો હતો. એ કટાર નાગવંશીને તો વાગી નહોતી પરંતુ તેણે એ કટાર લઈને પોતાના જમણા કાંડા પર બાંધી દીધી હતી. નાગવંશીએ પોતાનો એ જ હાથ નીચે પડી રહેલી સતીના પેટની દિશામાં આગળ વધાર્યો. સતીને મોડે મોડે પોતાની ભૂલ સમજાઈ હતી.

જોકે છેલ્લી ઘડીએ નાગવંશીએ પોતાનો હાથ પાછળ ખેંચી લીધો હતો. એટલે જે પ્રહાર પ્રાણઘાતક નીવડી શક્યો હોત, તે પ્રહાર સતીને માત્ર નાનકડો ઘાવ કરી ગયો અને એ ઘાવમાંથી થોડુંક લોહી વહેવા માંડ્યું. એક વખતે નાગવંશીએ પોતાની ડાબી કોણી વડે સતીના મુખ પર પ્રહાર કર્યો જેથી સતીના નાકનું હાડકું તૂટી ગયું અને તે નીચે પડી ગઈ.

પોતાના બંને શત્રુઓને પરાજયની સ્થિતિમાં મૂકીને નાગવંશીએ પોતાની બંને તલવારો મ્યાન કરી. તે જોકે હજુ પણ શિવ અને સતીને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. પછી તેણે કૂદકો મારીને પાછળ રહેલી દીવાલની ટોચ પર પોતાના હાથ જમાવ્યા.

'સતી !' શિવે બૂમ પાડી. હવે ઝેરની અસરમાંથી તેઓ મુક્ત બન્યા હતા એટલે તેઓ પોતાની પત્ની પાસે દોડી ગયા.

સતીએ પોતાનું પેટ પકડેલું હતું. નાગવંશીને જાણ હતી કે તેના પ્રહારથી માત્ર સામાન્ય ઘાવ જ પડ્યો છે તેમ છતાં સતી તેનું પેટ પકડીને બેઠી હતી. પછી તેની આંખોમાં ઝબકારો થયો.

નક્કી એ ગર્ભવતી જ છે !

નાગવંશીએ પોતાનું વિશાળ પેટ અંદર ખેંચ્યું અને સરળતાથી પોતાના શરીરને દીવાલની ઉપર ખેંચ્યું અને તે દીવાલ પર ચડી ગયો.

'ઘાવ દબાવી રાખ !' શિવે સતીને કહ્યું. તેમને એમ હતું કે સતીને બહુ ઊંડો ઘાવ પડ્યો હશે.

જ્યારે તેમને સમજાયું કે ઘાવ ઊંડો નહોતો ત્યારે તેમણે રાહત અનુભવી. જોકે સતીનું

તૂટેલું નાક અને વહી રહેલું લોહી તેમને ચિંતા કરાવી રહ્યું હતું.

સતીને એવી પરવા નહોતી. તેના નાકમાંથી પણ રક્ત વહી રહ્યું હતું છતાં તેની આંખોમાં અપાર ક્રોધ હતો. તેણે દીવાલ સામે જોઈને પોતાની તલવાર પકડી અને બૂમ પાડી, ‘પહેલાં એને પકડો !’

શિવે અવળા ફરીને પોતાની તલવાર હાથમાં લીધી અને તેને મ્યાન કરીને તેઓ દીવાલ પાસે પહોંચ્યા. તેઓ ઝડપથી દીવાલ પર ચડી ગયા. સતીએ તેમને અનુસરવાનો પ્રયત્ન કર્યો. એ દરમિયાન શિવ દીવાલ ઊતરીને ભરચક ગલીમાં આવી ચડ્યા હતા. તેમને દૂર નાગવંશી દેખાતો હતો. એ હજુ પણ એટલી જ ગતિથી દોડી રહ્યો હતો.

શિવે નાગવંશી પાછળ દોડવાનું શરૂ કર્યું. પરંતુ તેઓ જાણતા હતા કે હવે તેનો કોઈ અર્થ નહોતો. એ ઘણો આગળ નીકળી ચૂક્યો હતો. હવે તેઓ એ નાગવંશીને અત્યંત ધિક્કારવા માંડ્યા હતા. એ નાગવંશીએ પોતાની પત્નીને પીડી હતી ! પોતાના ભાઈ સમાન મિત્રને માર્યો હતો ! તેમ છતાં ઊંડે ઊંડે તેઓ એ નાગવંશીની અદ્ભુત યુદ્ધકળાને પણ પ્રશંસી રહ્યા હતા.

નાગવંશી એક હાટની બહાર બંધાયેલા અશ્વની દિશામાં દોડી રહ્યો હતો. અશ્વની પાસે આવતાં જ તેણે કૂદકો માર્યો અને પોતાના જમણો હાથ લંબાવ્યો. તેણે એકદમ હળવેથી અશ્વ પર જ ઉતરાણ કર્યું અને તેના જમણા હાથના કાંડે બંધાયેલી કટાર વડે એ જ ક્ષણે તેણે દોરડું કાપીને અશ્વને મુક્ત પણ કરી નાખ્યો હતો. આશ્ચર્યચકિત અશ્વ આગળના બે પગે ઊંચો થયો અને તેની લગામ પણ ઊંચકાઈ, જેને એ નાગવંશીએ ડાબા હાથે ઝડપી લીધી. તરત જ તેણે અશ્વની પીઠ પર પોતાની એડી ઠોકી અને તેના કાનમાં કંઈક કહ્યું. જાણે નાગવંશીના શબ્દો સાંભળીને ઘોડો સચેત થયો હોય, તેમ તીરની માફક દોડ્યો અને લાંબી લાંબી ફલાંગો ભરવા માંડ્યો.

હાટમાંથી એક માણસ બૂમો પાડતો, દોડતો દોડતો બહાર આવ્યો. ‘પકડો ! કોઈ ચોરને પકડો ! મારો અશ્વ !’

આ બૂમાબૂમ સાંભળીને નાગવંશીએ પોતાના ડગલામાં હાથ નાખીને કંઈક બહાર કાઢ્યું અને તેને બહુ જોશથી પાછળ ફેંક્યું. તેના અશ્વએ તો હવે દ્રુત ગતિ પકડી લીધી હતી. એ વસ્તુના પ્રહારથી હાટવાળો માણસ નીચે પટકાયો.

‘હે પવિત્ર સરોવર !’ શિવથી બોલાઈ ગયું. તેમને એમ કે એ હાટવાળો માણસ ગંભીર રીતે ઘાયલ થયો હશે.

શિવ એ માણસ પાસે પહોંચ્યા ત્યાં સુધીમાં તો એ માણસ છાતી પર હાથ પસવારતો ધીમે ધીમે બેઠો થયો. તે પેલા નાગવંશીને ભાંડતો હતો, ‘હે ભગવાન, એની બગલમાં હજાર કૂતરાની ઈતેડી લાગે !’

‘તું ઠીક છે ?’ શિવે તે માણસની છાતી તપાસતાં કહ્યું.

એ માણસે શિવ સામે જોયું અને તેમના રક્તમાં રગદોળાયેલા શરીરને જોઈને એક ક્ષણ માટે તો તે ગભરાઈ ગયો.

એ માણસ પર નાગવંશીએ જે વસ્તુ ફેંકી હતી તે શિવે ઉપાડી. એ વાટવો હતો. તેમણે પોતાના જીવનમાં જોયેલા શ્રેષ્ઠતમ રેશમથી એ વાટવો બનાવવામાં આવ્યો હતો. અંદર કંઈક ભેદભરમ હશે એમ વિચારતાં શિવે સાવચેતીપૂર્વક એ વાટવો ખોલ્યો પરંતુ તેમાં તો સિક્કા હતા. શિવે એક સિક્કો હાથમાં લઈને જોયો. તે નક્કર સોનાનો બનેલો હતો. વાટવામાં ઓછામાં ઓછા આવા પચાસ સિક્કા હતા. નાગવંશી જે દિશામાં ભાગ્યો હતો તે દિશામાં શિવ જોઈ રહ્યા.

આ કેવા પ્રકારનો દાનવ છે ? પહેલાં તો એ અશ્વ ચોરે છે અને પછી એવા પાંચ અશ્વો ખરીદવા જેટલું સોનું ફેંકતો જાય છે !

'સોનું !' જેનો અશ્વ ચોરાયો હતો તે માણસે શિવના હાથમાંથી એ વાટવો ખૂંચવી લીધો. 'એ મારું છે !'

શિવે ઉપર જોયું નહીં. તેમણે હજુ એ સિક્કો હાથમાં પકડી રાખ્યો હતો. તેઓ તેની બનાવટ ચકાસી રહ્યા હતા, 'એક મારે જોઈએ છે.'

એ માણસ શિવ જેવા મજબૂત બાંધાના, શક્તિશાળી માણસ સાથે લડવા ઇચ્છતો નહોતો એટલે તે ધીમેથી બોલ્યો, 'પણ. . .'

શિવે ધિક્કારપૂર્વક તેની સામે જોયું. પછી પોતાની કમરે બંધાયેલા વાટવામાંથી તેમણે બે સોનાના સિક્કા કાઢ્યા અને એ માણસને આપ્યા. એ માણસને લાગ્યું કે આજે તો તેનું ભાગ્ય ખૂલી ગયું છે. એ ઝડપથી જતો રહ્યો.

શિવે પાછળ ફરીને જોયું તો સતી દીવાલને ટેકે બેઠી હતી અને પોતાનું માથું ઊંચું રાખીને તે પોતાનું લોહી ટપકતું નાક દબાવી રહી હતી. શિવ તેની પાસે ગયા.

'તું ઠીક છે ?'

સતીએ માથું હલાવીને હા પાડી. તેના સમગ્ર મુખ પર ઠેર-ઠેર રક્ત જામી ગયું હતું, 'હા. તમારો ખભો ? ઊંડો ચીરો પડ્યો લાગે છે.'

'એ ખાલી દેખાય જ છે ભયાનક. હું તો તદ્દન ઠીક છું. તું મારી ચિંતા ન કરીશ.'

નાગવંશી જે દિશામાં ભાગી છૂટ્યો હતો એ દિશામાં સતીએ જોયું. 'એણે પેલા માણસ પર શું ફેંક્યું હતું ?'

'આ સિક્કા ભરેલો વાટવો,' કહીને શિવે સતીને પેલો સિક્કો બતાવ્યો.

'એણે સોનાના સિક્કા ફેંક્યા હતા ?!'


શિવે હકારમાં માથું હલાવ્યું.

સતીની આંખો પહોળી થઈ ગઈ અને તેણે પોતાનું મસ્તક આશ્ચર્યથી હલાવ્યું. પછી તેણે આંખો ઝીણી કરીને એ સિક્કાને નિહાળ્યો. તેની ઉપર માથે મુગટ પહેરેલા એ વિચિત્ર માણસનુ મુખ કોતરેલું હતું. વિચિત્ર એટલા માટે કારણ કે તે માણસમાં નાગવંશી જેવી કોઈ જ ખામી નહોતી દેખાતી.

'આ કોઈ રાજા લાગે છે,' સતીએ પોતાના મુખ પરથી થોડુંક રક્ત લૂછતાં કહ્યું.

'પરંતુ આ વિચિત્ર કોતરણી જો,' શિવે સિક્કાની બીજી બાજુ બતાવતાં કહ્યું.

તેની ઉપર બીજના ચંદ્રનું ચિહ્ન કોતરેલું હતું. જોકે વિચિત્ર રેખાંકનો તો એ ચંદ્રની આસપાસ ચીતરેલાં હતાં. બે અલગ દિશામાંથી શરૂ થતી વાંકીચૂંકી રેખાઓ મધ્યમાં જોડાતી હતી અને પછી એક થઈ જતી હતી. આગળ જતાં એ જ રેખામાંથી ચિત્રવિચિત્ર રેખાઓનું જાળું પ્રગટતું હતું.



‘આ ચંદ્રનું પ્રતીક તો મને સમજાયું. પરંતુ આ રેખાઓનો અર્થ શું હશે ?’ સતીએ પૂછ્યું.

‘હું પણ નથી સમજી શકતો,’ શિવે સ્વીકાર્યું. પરંતુ એક વાત તેઓ સ્પષ્ટ રીતે સમજી શક્યા હતા. એ બાબતમાં તેમના વિચારોમાં કોઈ જ અસ્પષ્ટતા નહોતી.

આ નાગવંશીઓને શોધો. એ લોકો જ અનિષ્ટના મૂળ સુધી પહોંચાડશે. આ નાગવંશીઓને શોધો.

સતી પણ જાણે પોતાના પતિના વિચારો વાંચી શકતી હતી. ‘તો પછી આ નાગવંશીઓને શોધી કાઢીશું ?’

શિવે સતી સામે જોઈને કહ્યું, ‘પણ એ પહેલાં આપણે આયુર્વતીને શોધી લઈએ.’

‘એની આવશ્યકતા તમને વધારે છે,’ સતીએ કહ્યું.



‘આપ હવે આ કશામાં ભાગ લેવા જ નથી ઇચ્છતા ?’ આશ્ચર્યચકિત દક્ષે પૂછ્યું. ‘હું સમજી નથી શકતો, પ્રભુ. આપે જ તો અમને મહાનતમ વિજય અપાવ્યો. હવે આપણે છેલ્લું કામ પૂરું કરવાનું છે. ચંદ્રવંશીઓની અનિષ્ટસભર જીવનશૈલીનો અંત લાવીને આ લોકોને આપણી શુદ્ધ સૂર્યવંશી જીવનશૈલી શીખવવાની છે.’

‘પરંતુ, મહારાજ,’ શિવે વિનમ્ર દૃઢતાથી કહ્યું, ‘મને નથી લાગતું કે એ લોકો અનિષ્ટ હોય. મને હવે સમજાય છે કે મારું લક્ષ્યાંક તો ભિન્ન જ છે.’ પાટાને કારણે તેમનો ખભો અકડાઈ ગયો હતો.

દક્ષની બાજુમાં બેઠેલા દિલીપ આ સાંભળીને ઉત્તેજિત થઈ ગયા હતા. શિવના શબ્દોએ તેમના ઘાયલ આત્મા પર લેપ લગાવવાનું કામ કર્યું હતું. શિવની જમણી બાજુ બેઠેલાં સતી અને પર્વતેશ્વર શાંત હતાં. નંદી અને વીરભદ્ર થોડાક દૂર ચોકી કરતા ઊભા હતા, પરંતુ તેમના કાન પણ એક એક શબ્દ ધ્યાનપૂર્વક ઝીલી રહ્યા હતા. જો દક્ષ જેટલું બીજું કોઈ ક્રોધિત હોય, તો એ હતો અયોધ્યાનો યુવરાજ ભગીરથ.

‘અમે જે જાણીએ છીએ એ માટે અમારે કોઈ વિદેશી જંગલીના પ્રમાણપત્રની આવશ્યકતા નથી ! અમે અનિષ્ટ નથી !’ ભગીરથે કહ્યું.

‘શાંત,’ દિલીપે સિસકારો કર્યો, ‘તું કોઈ પણ રીતે નીલકંઠનું અપમાન નહીં કરે.’

શિવ સામે હાથ જોડીને દિલીપે કહ્યું, ‘મારા અવિચારી પુત્રને ક્ષમા કરશો, પ્રભુ. એ વિચાર્યા પહેલાં તો બોલી નાખે છે. આપે એમ કહ્યું કે આપનું લક્ષ્યાંક ભિન્ન છે. તેમાં અયોધ્યા કઈ રીતે સહાય કરી શકે ?’

ક્રુદ્ધ ભગીરથ સામે જોઈને પછી શિવે દિલીપ સામે જોયું અને કહ્યું, ‘મને નાગવંશીઓ કઈ રીતે મળશે ?’

આશ્ચર્યચકિત અને ગભરાયેલા દિલીપે આત્મરક્ષણ અર્થે પોતાના ગળામાં પહેરેલા રૂદ્રાક્ષનો સ્પર્શ કર્યો. દક્ષ દિલીપને જ તાકી રહ્યા હતા.

‘પ્રભુ, એ લોકો તો અનિષ્ટનો જ અવતાર છે,’ દક્ષે કહ્યું, ‘આપે એ લોકોને શું કરવા મળવું છે ?’

‘તમે પોતે જ તમારા પ્રશ્નનો ઉત્તર આપી દીધો છે, મહારાજ,’ શિવે કહ્યું. પછી દિલીપ સામે જોઈને તેમણે કહ્યું, ‘હું નથી માનતો કે તમે લોકો નાગવંશીઓ સાથે મળેલા છો. પરંતુ

તમારા સામ્રાજ્યમાં અમુક એવા લોકો છે, જે નાગવંશીઓ સાથે મળેલા છે. મારે માત્ર એ જ જાણવું છે કે આ નાગવંશીઓને કઈ રીતે મળી શકાય.'

'પ્રભુ,' દિલીપે ગળા હેઠળ થૂંક ઉતારતાં કહ્યું, 'એમ કહેવાય છે કે બ્રંગાનો રાજા આવાં મલિન તત્ત્વો સાથે ભાગીદારી કરતો હોય છે. એટલે એ આપના પ્રશ્નનો ઉત્તર આપી શકશે. જોકે એ સમૃદ્ધ પરંતુ વિચિત્ર રાજ્યમાં અમારા સહિત કોઈ પણ વિદેશીને પ્રવેશ મળતો નથી. ક્યારેક તો મને એમ લાગે છે કે એ લોકો અમારી સામે યુદ્ધમાં પરાજયના ભયથી નહીં પરંતુ અમે તેમની ભૂમિમાં પ્રવેશીએ નહીં એટલે જ પ્રતિ વર્ષ ખંડણી ભરે છે.'

'એટલે તમારા સામ્રાજ્યમાં બીજો રાજા છે ? એ કઈ રીતે શક્ય બને ?' શિવે સાશ્ચર્ય પૂછ્યું.

'અમે સૂર્યવંશીઓ જેવા સત્તાભૂખ્યા નથી. બધા લોકો એક જ નિયમને અનુસરે એવો પણ અમે આગ્રહ નથી રાખતા. દરેક રાજ્યને પોતાનો રાજા રાખવાનો અધિકાર છે. તેમના આગવા નિયમો અને આગવી જીવનશૈલી પણ છે. એ લોકોને અમે મહાન અશ્વમેધ યજ્ઞમાં પરાસ્ત કર્યા છે એટલે એ અમને ખંડણી ચૂકવે છે.'

'અશ્વમેધ યજ્ઞ ?'

'હા, પ્રભુ,' દિલીપે કહ્યું, 'એ અશ્વ સમગ્ર સામ્રાજ્યમાં મુક્ત રીતે ગમે ત્યાં વિચરે છે. જો કોઈ રાજા એ અશ્વને અટકાવે, તો અમે તેની સામે યુદ્ધ કરીએ છીએ, તેને પરાસ્ત કરીને તેને અમારા સામ્રાજ્યમાં સામેલ કરી લઈએ છીએ. પરંતુ જો એ અશ્વને અટકાવે નહીં તો તે અમારા ખંડિયા રાજા બની રહે છે, અમને પ્રતિ વર્ષ ખંડણી ચૂકવે છે અને તેમનું આગવું રાજ્ય અને નિયમો જાળવી રાખે છે. એટલે આમ જોવા જઈએ તો અમે મેલુહા જેવા એકહથ્થુ શાસનવાળું પાગલ સામ્રાજ્ય નથી પરંતુ વિવિધ રાજ્યોનો સંઘ છીએ.'

'મોઢું સંભાળીને બોલ, અવિચારી મૂર્ખ,' દક્ષે ક્રોધ પ્રગટ કર્યો. 'આ તારો સંઘ ખંડણી નથી આપતો. તમે લોકો બળજબરી તેમની પાસેથી એ વસૂલ કરો છો. એ લોકો તમને એટલે ખંડણી ચૂકવે છે કે જેથી તમે લોકો તેમની પર આક્રમણ કરીને તેમના રાજ્યનો વિધ્વંસ ન કરી નાખો. એમાં રાજધર્મ ક્યાં આવ્યો ? મેલુહામાં સમ્રાટ હોવું એટલે માત્ર ખંડણી મેળવવાનો અધિકાર જ પ્રાપ્ત કરવો એમ નથી હોતું. તેમાં સામ્રાજ્યમાં વસતા તમામ લોકોની સુખાકારીનું ઉત્તરદાયિત્વ પણ સામેલ હોય છે.'

'અને લોકોની સુખાકારી માટે શું કરવું જોઈએ એ કોણ નક્કી કરે છે ? તમે ? કયા અધિકારથી ? લોકોને જેમ કરવું હોય તેમ કરવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ.'

'તો પછી ચોમેર અંધાધૂંધી વ્યાપી જાય,' દક્ષે ઊંચા અવાજે કહ્યું, 'તમારી લોકોની મૂર્ખામી તો તમારી અનૈતિકતાથી પણ વધારે છે !'

'બહુ થયું !' શિવે પોતાના ક્રોધને કાબૂમાં રાખતાં કહ્યું, 'શું બંને મહારાજ શાંત પડશે ?'

દક્ષે શિવ સામે આશ્ચર્યમિશ્રિત ક્રોધથી જોયું. હવે તેમને એમ દેખાતું હતું કે શિવે માત્ર નીલકંઠનું પાત્ર ભજવવાનું નથી સ્વીકાર્યું, તેઓ સાચે જ નીલકંઠ બનીને વર્તી રહ્યા છે. દક્ષનું હૃદય ભારે થઈ ગયું. તેમને સમજાઈ ગયું હતું કે તેમના પિતાનું એવું સ્વપ્ન કે સમગ્ર ભારત પર તેમના જ કુટુંબના કોઈ રાજાનું એકચક્રી શાસન હોય અને બધા સૂર્યવંશી જીવનશૈલીને અપનાવી લે, હવે પૂરું થવું અત્યંત અઘરું થઈ પડ્યું હતું. તેમનું સૈન્ય સ્વદીપવાસીઓને યુદ્ધમાં એટલે પરાસ્ત કરી શક્યું હતું કારણ કે એ લોકોની તકનીકો અને રણનીતિઓ ચડિયાતી હતી. પરંતુ એમની પાસે એટલું સંખ્યાબળ નહોતું કે તેઓ સમગ્ર સ્વદીપને હંમેશા માટે પોતાના નિયંત્રણ હેઠળ રાખી શકે. એ માટે તેમને સ્વદીપવાસીઓની

નીલકંઠ પ્રત્યેની શ્રદ્ધાનો ઉપયોગ કરવાનો હતો. હવે જો નીલકંઠ જ તેમની વિચારસરણી સાથે સહમત ન હોય, તો તેમનું આયોજન અવશ્ય ભાંગી જ પડે.

'અને આ બ્રંગ લોકો નાગવંશીઓ સાથે મળેલા છે એવું તમે કયા કારણે કહો છો ?' શિવે પૂછ્યું.

'એ હું બહુ સચોટ રીતે નહીં જણાવી શકું, પ્રભુ,' દિલીપે કહ્યું, 'હું તો કાશીના વેપારીઓ પાસેથી સાંભળવા મળેલી અફવાઓના આધારે આ વાત કહું છું. બ્રંગ દેશ સ્વદીપના માત્ર એ રાજ્ય સાથે જ વેપાર કરવાનું પસંદ કરે છે. ઉપરાંત બ્રંગમાંથી ઘણા શરણાર્થીઓ પણ કાશી આવીને વસ્યા છે.'

'શરણાર્થીઓ ?' શિવે પૂછ્યું, 'એ લોકો કોનાથી ભાગી છૂટ્યા હશે ? તમે તો કહેતા હતા કે બ્રંગ સમૃદ્ધ ભૂમિ છે.'

'બ્રંગમાં વારંવાર મહામારીનો પ્રકોપ વર્તાય છે, એમ સાંભળવા મળે છે. જોકે એ વિષે પણ મને વિશ્વાસપાત્ર માહિતી તો નથી જ. બ્રંગમાં શું ચાલી રહ્યું છે, એ વિષેની સચોટ માહિતી બહુ જ ઓછા લોકો પાસે હશે ! જોકે કાશીના રાજા પાસે વધારે વિશ્વાસપાત્ર માહિતી હશે, એવી આશા અવશ્ય રાખી શકાય. શું હું તેમને અહીં ઉપસ્થિત થવાનું ફરમાન મોકલાવું, પ્રભુ ?'


'ના,' શિવે કહ્યું, તેમને વિશ્વાસ નહોતો કે ફરી વાર એ કોઈ મિથ્યા પ્રયાસ કરી રહ્યા છે કે બ્રંગ લોકો સાચે જ નાગવંશીઓ સાથે સંકળાયેલા હશે.

સતીને જાણે અચાનક કોઈ વિચાર આવ્યો હોય તેમ તેણે પોતાની દૃષ્ટિ દિલીપ સામે ફેરવી. નાક પર બાંધવામાં આવેલા પાટાને કારણે તેનો અવાજ વિચિત્ર લાગતો હતો. 'ક્ષમા કરશો, મહારાજ, પરંતુ આ બ્રંગ ચોક્કસ કઈ દિશામાં આવેલું છે ?'

'એ ભારતના પૂર્વ છેડે આવેલું છે, રાજકુમારી સતી. જ્યાં આપણી પવિત્ર ગંગા નદી અને ઈશાનમાંથી વહેતી તેમની પવિત્ર નદી બ્રહ્મપુત્રાનો સંગમ થાય છે.'

હવે શિવને પણ કંઈક સમજાવા માંડ્યું હતું. તેમણે સસ્મિત સતી સામે જોયું. સતીએ પણ શિવના સ્મિતનો ઉત્તર સ્મિતથી જ આપ્યો.

એ રેખાઓ નથી *!* એ નદીઓ છે *!*



શિવે પોતાના વાટવામાંથી પેલો સિક્કો કાઢ્યો જે નાગવંશીના વાટવામાંથી તેમણે લીધો હતો અને તે દિલીપને બતાવ્યો, 'શું આ બ્રંગ દેશનો સિક્કો છે, મહારાજ ?'

'હા, પ્રભુ !' આશ્ચર્યચકિત દિલીપે કહ્યું, 'એક બાજુ રાજા ચંદ્રકેતુનું મુખ કોતરેલું છે અને બીજી બાજુ તેમની ભૂમિ પર વહેતી નદીઓનો નકશો દોરેલો છે. પરંતુ આ સિક્કાઓ તો અત્યંત વિરલ છે. બ્રંગ દેશ કદી પણ સિક્કા સ્વરૂપે ખંડણી નથી મોકલતો. તેઓ સોનાની ઈંટો સ્વરૂપે જ ખંડણી મોકલાવે છે.'

દિલીપ એમ પૂછવા જ જતા હતા કે શિવને એ સિક્કો ક્યાંથી મળ્યો પણ શિવે એ

પહેલાં જ કહ્યું.

'આપણે કાશી જવા માટે વહેલામાં વહેલા ક્યારે નીકળી શકીશું ?'



'વાહ, બહુ સરસ છે,' વીરભદ્રના હાથમાં ચલમ મૂકતાં શિવે કહ્યું.

'તો પછી !' વીરભદ્રએ હસતાં હસતાં કહ્યું, 'અહીંયાનો ગાંજો તો મેલુહા કરતાં પણ ઉત્તમ છે. જીવનમાં ઉત્તમ વસ્તુઓ કઈ રીતે માણવી એ ચંદ્રવંશીઓને સાચે જ આવડે છે.'

શિવે સ્મિત કર્યું. તેમના પર ગાંજાની અસર થવા માંડી હતી. બંને મિત્રો અયોધ્યા બહાર આવેલી એક નાનકડી ટેકરી પર બેઠા બેઠા સંધ્યા સમયની પવનની ઠંડી લહેરખીઓ માણી રહ્યા હતા. એ દૃશ્ય અદ્ભુત હતું.

ઘાસથી છવાયેલી એ ટેકરીનો ઢોળાવ પાંખા વૃક્ષોવાળા મેદાનમાં પૂરો થતો હતો અને એ મેદાન પૂરું થતાં જ એક સીધો, ઊંચો ખડક હતો. ઘણી સહસ્રાબ્દીઓથી તોફાની સરયૂ નદી એ ખડકને વીંધતી, ઘુઘવાટ કરતી દક્ષિણ દિશામાં વહી રહી હતી. અને ક્ષિતિજે આથમી રહેલો સૂર્ય આ શાંત ક્ષણના સૌંદર્યમાં વૃદ્ધિ કરતો હતો.

'મને લાગે છે કે મેલુહાના મહારાજ છેવટે ખુશ થયા છે,' વીરભદ્રએ ચલમ શિવના હાથમાં આપતાં કહ્યું.

શિવે ઊંડો દમ ભરતા પહેલાં વીરભદ્ર સામે આંખ મારી. તેઓ જાણતા હતા કે પોતે ચંદ્રવંશીઓ વિષેનો પોતાનો અભિપ્રાય બદલ્યો એ દક્ષને ગમ્યું નથી. અને તેઓ એમ ઇચ્છતા હતા કે તેઓ નાગવંશીઓને શોધતા હોય એ દરમિયાન તેમને કોઈ પણ પ્રકારની ખલેલ પહોંચે નહીં એટલે તેમણે એવું સમાધાન શોધ્યું હતું કે દક્ષને વિજય મળ્યાનો સંતોષ થાય અને દિલીપ પણ ખુશ રહી શકે.

શિવે એમ ઠરાવ્યું હતું કે હવેથી દક્ષ ભારતના સમ્રાટ કહેવાશે. માત્ર દેવગીરીના રાજદરબારમાં જ નહીં પરંતુ અયોધ્યાના રાજદરબારમાં પણ તેમનું નામ સૌ પ્રથમ જ લેવામાં આવશે. તેના બદલામાં ચંદ્રવંશીઓના વિસ્તારોમાં દિલીપને સ્વદીપના સમ્રાટ તરીકે ઓળખવામાં આવશે અને મેલુહામાં તેમને 'સમ્રાટના ભાઈ' તરીકે સંબોધવામાં આવશે. દેવગીરી અને અયોધ્યા, એ બંને રાજદરબારમાં દક્ષ પછી દિલીપનું પણ નામ લેવામાં આવશે. દિલીપે એક લાખ સોનાના સિક્કાઓની સામાન્ય રકમ ખંડણી તરીકે દક્ષને ચૂકવશે અને દક્ષ એ ધનનું દાન રામજન્મભૂમિ મંદિરને કરી દેશે.

આમ દક્ષનું એક સ્વપ્ન પૂરું થતું હતું : તે ભારતના સમ્રાટ બની શક્યા હતા. એટલે સંતુષ્ટ દક્ષ વિજયની લાગણી સાથે દેવગીરી પાછા ફર્યા હતા. દિલીપ તો તદ્દન વ્યવહારુ હતા અને તેમને એ વાતનો આનંદ હતો કે સૂર્યવંશીઓ સામે યુદ્ધ હાર્યા પછી પણ તેમના સામ્રાજ્યની અખંડિતતા અને સ્વાતંત્ર્ય જળવાઈ રહ્યું હતું.

'તો આપણે એક સપ્તાહમાં કાશી જવા નીકળીશું ?' વીરભદ્રએ પૂછ્યું.

'હા.'

'સરસ. આમ પણ મને અહીંયાં કંટાળો આવી રહ્યો છે.'

શિવે વીરભદ્રના હાથમાં ચલમ મૂક્તાં કહ્યું, 'આ ભગીરથ બહુ રસપ્રદ માનવ લાગે છે.'

'હા, એ તો લાગે જ છે,' કહીને વીરભદ્રએ ઊંડો દમ ભર્યો.

'તેં એના વિષે શું સાંભળ્યું છે ?'

'કંઈ ખાસ નહીં, પણ. . .' વીરભદ્રએ કહ્યું, 'પેલી લાખ સૈનિકોની ટુકડીને આપણી ધર્મખેતની છાવણીની બીજી બાજુ લઈ જઈને આપણને બે બાજુથી ઘેરી લેવાનો વિચાર તેનો જ હતો.'

'ઓહ, એ આક્રમણ એનો વિચાર હતો ? એ તો અદ્ભુત વિચાર હતો. અને દ્રપકુએ શૂરવીરતા ન દાખવી હોત, તો સફળ પણ થયો હોત.'

'જો ભગીરથની આજ્ઞાનું બરોબર પાલન કરવામાં આવ્યું હોત, તો એ આક્રમણ અવશ્ય સફળ થયું હોત.'

'સાચે જ ?' શિવે દમ ભરતાં કહ્યું.

'મેં એમ સાંભળ્યું છે કે ભગીરથ એ ટુકડીને મુખ્ય યુદ્ધભૂમિથી થોડેક દૂર આવેલા લાંબા રસ્તેથી રાતના અંધારામાં લઈ જવા ઇચ્છતો હતો. જો તેણે એમ જ કર્યું હોત, તો આપણને તેની ગંધ પણ આવત નહીં. અને આપણે એ ટુકડીનો પ્રતિકાર ન કરી શકત, તો અવશ્ય પરાસ્ત થયા હોત.'

'તો એમાં સમસ્યા શું સર્જાઈ ?'

'ભગીરથે યુદ્ધ સમિતિને રાત્રે મળવા માટે કહેણ મોકલ્યું પણ એ સમયે મળવા માટે સમિતિના સભ્યો તૈયાર નહોતા.'

'હે પવિત્ર સરોવર, શા માટે એ લોકો તાત્કાલિક મળી ન શક્યા ?'

'એ બધા ઊંઘતા હતા !'

'તું ટીખળ કરી રહ્યો છે મારી ?'

'ના, હું સાચું જ કહું છું,' મસ્તક હલાવીને વીરભદ્રએ કહ્યું, 'વધારે આશ્ચર્યની વાત તો એ છે કે સવારમાં જ્યારે યુદ્ધસમિતિની બેઠક મળી ત્યારે તેમણે ભગીરથને એવી આજ્ઞા આપી કે તેણે ધર્મખેત અને આપણી છાવણી વચ્ચે જે ખીણ પડે છે તેની પાસેથી પસાર થવું જેથી આપણને તેમના આ દાવની જાણ થઈ ગઈ.'

'યુદ્ધસમિતિએ આવો મૂર્ખામીપૂર્ણ નિર્ણય શા માટે લીધો ?' શિવે સાશ્ચર્ય પૂછ્યું.

'મૂળે વાત એમ છે કે ભગીરથના પિતાશ્રીને ભગીરથ પર વિશ્વાસ નથી. એટલે સ્વદીપના મોટાભાગના રાજાઓ અને સેનાપતિઓ પણ ભગીરથનો વિશ્વાસ નથી કરતા. એ લોકો એમ માનતા હતા કે લાખ સૈનિકો લઈને તે ભાગી ગયો હોત અને અયોધ્યા જઈને તેણે પોતાને સમ્રાટ જાહેર કરી દીધો હોત.'

'કેવી હાસ્યાસ્પદ વાત છે ! શા માટે દિલીપ પોતાના જ પુત્ર પર વિશ્વાસ ન કરે ?'

'કારણ કે તેમનું એમ માનવું છે કે તેમનો પુત્ર તેમને મૂર્ખ અને ભયાનક રાજવી માને છે.'

'મને વિશ્વાસ છે કે ભગીરથ એવું તો નથી જ માનતો !'

'જોકે મેં સાંભળ્યું છે એ મુજબ,' વીરભદ્રએ ચલમમાંથી રાખ ખંખેરતાં કહ્યું, 'ભગીરથ પોતાના પિતા વિષે સાચે જ એમ વિચારે છે. અને એ કંઈ બહુ ખોટું તો નથી વિચારી રહ્યો, બરોબર ?'

શિવે સ્મિત કર્યું.

'અને, વધારે ખરાબ વાત તો એ છે કે,' વીરભદ્રએ કહ્યું, 'એ દાવની નિષ્ફળતાનું દોષારોપણ પણ ભગીરથના માથે જ કરવામાં આવ્યું છે. એ એક લાખ સૈનિકો લઈ ગયો એટલે ચંદ્રવંશીઓ યુદ્ધ હારી ગયા એમ તેને કહેવામાં આવ્યું.'

એક બુદ્ધિશાળી માણસને તેની આસપાસ રહેલા મૂર્ખ માણસોને કારણે જે સહન

કરવું પડે છે, તેનો વિચાર આવતાં શિવને દુઃખ થયું. 'મને એમ લાગે છે કે એ સક્ષમ માનવ છે પરંતુ તેની પાંખો બાંધી દેવામાં આવી છે.'

અચાનક એક બૂમથી એ ક્ષણની શાંતિ ખોરવાઈ ગઈ. શિવ અને વીરભદ્રએ એ દિશામાં જોયું તો એક અશ્વ ફલાંગો ભરતો દેખાતો હતો અને પાછળ રહી ગયેલો એ અશ્વસવારનો સેવક જોરથી બૂમો પાડી રહ્યો હતો હતો : 'બચાવો ! કોઈ રાજકુમાર ભગીરથને બચાવો !'

ભગીરથ પોતાના અશ્વ પરનું નિયંત્રણ ગુમાવી બેઠો હતો અને તેનો અશ્વ સીધો જ ખડકની દિશામાં દોડી રહ્યો હતો. જો ખડક સાથે અશ્વ અથડાય તો સવારનું મૃત્યુ નિશ્ચિત જ હતું. એ જોઈને શિવ પોતાના અશ્વ પર કૂદીને સવાર થયા અને એ દિશામાં ધસી ગયા. વીરભદ્ર પણ તેમની પાછળ પાછળ દોડ્યો. આમ તો ભગીરથનો અશ્વ ઘણો દૂર હતો પરંતુ ઢાળને કારણે શિવ અને વીરભદ્ર એ અંતર ગતિપૂર્વક કાપી શક્યા. કમાનાકારે આગળ વધીને શિવે ભગીરથના અશ્વને આંતર્યો. જોકે જીવલેણ પરિસ્થિતિમાં પણ ભગીરથને શાંત અને એકાગ્ર જોઈને શિવ પ્રભાવિત થયા.

ભગીરથ અશ્વની લગામ ખેંચીને તેને ધીમો પાડવાનો ભરપૂર પ્રયત્ન કરી રહ્યો હતો પરંતુ એમ કરવાથી તેનો અશ્વ વધારે ઉત્તેજિત થતો હતો અને વધારે ગતિથી દોડતો હતો.

'લગામ છોડી દે !' એકદમ પાસે વહી રહેલી સરયૂ નદીના ઘુઘવાટમાં સંભળાય એ માટે શિવે ઊંચા અવાજે કહ્યું.

'શું ?!' ભગીરથે બૂમ પાડી. તેને એવી તાલીમ મળી હતી કે જ્યારે અશ્વ નિયંત્રણ બહાર જતો રહે ત્યારે લગામ છોડી દેવા જેવી મોટી મૂર્ખામી બીજી એક પણ ન કહેવાય.

'મારો વિશ્વાસ કર ! લગામ છોડી દે !'

એ ક્ષણથી ભગીરથે પોતાની લગામ છોડી દઈને નીલકંઠ પર ભરોસો કરવાનું શરૂ કર્યું હતું, એમ પછીથી તેને સમજાયું હતું. જોકે એ ક્ષણે તો તેને એવી સ્ફુરણા જ થઈ હતી કે પોતાની તાલીમ ભૂલી જઈને તિબેટથી આવેલા આ જંગલી માણસનો વિશ્વાસ કરવો જોઈએ. એટલે ભગીરથે લગામ છોડી દીધી. એટલે અશ્વની ગતિ ધીમી પડી અને ભગીરથને આશ્ચર્ય પણ થયું.

એ સમયે શિવે પોતાનો અશ્વ તેના અશ્વ પાસે લીધો, એટલો પાસે કે તેઓ ભગીરથના અશ્વના કાનમાં વાત કરી શકે. એ પછી તેમણે એક વિચિત્ર ધૂન ગાવાની શરૂ કરી. અશ્વ ધીમે ધીમે શાંત થવા માંડ્યો. ખડક ધીમે ધીમે પાસે આવી રહ્યો હતો.

'શિવ !' વીરભદ્રએ ચેતવણીના સ્વરે બૂમ પાડી, 'ખડક એકદમ પાસે જ છે !'

શિવે એ ચેતવણી કાન પર ધરી પરંતુ તેમનો અશ્વ ભગીરથના અશ્વની ગતિ સાથે તાલ મેળવતો રહ્યો. રાજકુમારે પોતાની જાત પર નિયંત્રણ રાખ્યું અને અશ્વ પર બેઠો રહ્યો જ્યારે શિવ પેલી વિચિત્ર ધૂન વગાડતા જ રહ્યા. ધીમે ધીમે પરંતુ મક્કમતાથી શિવ ભગીરથના અશ્વ પર નિયંત્રણ જમાવી રહ્યા હતા. ખડકથી અમુક હાથ પહેલાં જ ભગીરથનો અશ્વ ઊભો રહ્યો.

ભગીરથ અને શિવ તરત જ પોતાના અશ્વો પરથી નીચે ઊતર્યા અને પાછળ પાછળ વીરભદ્ર પણ આવી પહોંચ્યો.

'હે ભગવાન !' ખડક સામે જોતાં જોતાં વીરભદ્ર બોલી ઊઠ્યો.

શિવે કહ્યું, 'તું ઠીક છે ને ?'

ભગીરથ શિવને તાકી રહ્યો હતો. પછી તેણે દૃષ્ટિ નીચી કરીને લજ્જા અનુભવતાં કહ્યું, 'આપને આટલી મુશ્કેલી આપવા બદલ હું ક્ષમા માંગું છું.'

'એમાં મને કોઈ જ મુશ્કેલી પડી નથી.'

ભગીરથે અશ્વ સામે જોઈને પોતાને આવી પરિસ્થિતિમાં મૂકવા બદલ તેના મુખ પર મુક્કો માર્યો.

'એમાં આ અશ્વનો કોઈ જ વાંક નથી !' એ જોઈને શિવ તરત જ બોલી ઊઠ્યા.

ભગીરથે પાછળ ફરીને પહોળી આંખે શિવ સામે જોયું. શિવ ભગીરથના અશ્વ પાસે ગયા અને એ રીતે તેનું મુખ પસવારવા લાગ્યા જાણે કોઈ બાળકને અયોગ્ય શિક્ષા અપાઈ રહી હોય અને તેને આશ્વાસન આપવાનું હોય. પછી તેમણે કાળજીપૂર્વક લગામ છોડી નાખી, ભગીરથને પાસે આવવાનો ઇશારો કર્યો અને અશ્વના મુખ પર બાંધેલા ચામડામાંની એક ખીલી અશ્વની ત્વચામાં ખૂંપી ગઈ હતી તે બતાવ્યું.

ભગીરથને આઘાત લાગ્યો. હવે તેને બધું જ સમજાઈ ગયું હતું.

શિવે એ ખીલી ખેંચી કાઢી અને ભગીરથને આપી. 'કોઈકને તો તમે નથી જ ગમતા, મારા મિત્ર.'

દરમિયાન, ભગીરથનો સેવક પણ આવી પહોંચ્યો હતો. 'રાજકુમાર ! તમે કુશળ તો છો ને ?'

ભગીરથે પોતાના સેવક સામે જોઈને કહ્યું, 'હા, કુશળ જ છું.'

શિવે એ સેવક સામે જોઈને કહ્યું, 'મહારાજ દિલીપને કહેજો કે તેમનો પુત્ર વિચક્ષણ અશ્વસવાર છે. તેમને એમ પણ કહેજો કે વિપરીત પરિસ્થિતિમાં પણ કોઈ પણ પ્રાણી પર આટલું નિયંત્રણ રાખનાર માણસ આજ સુધી નીલકંઠે પણ જોયો નથી. એટલે જ નીલકંઠ એમ ઇચ્છે છે કે રાજકુમાર ભગીરથ પણ તેમની સાથે કાશી આવે, એમ પણ કહેજે.'

શિવ જાણતા હતા કે દિલીપ માટે આ કંઈ વિનંતી નહોતી પરંતુ આજ્ઞા બની રહેવાની હતી. અને સંભવત : માત્ર આ રીતે જ તેઓ ભગીરથને અજાણ્યાં જોખમોથી સુરક્ષિત રાખી શકે તેમ હતા. સેવક તરત જ ઘૂંટણિયે બેસીને બોલ્યો, 'જેવી આપની આજ્ઞા, પ્રભુ.'

ભગીરથ એકદમ દિગ્મૂઢ બનીને ઊભો હતો. તેને અત્યાર સુધી એવા માણસો મળ્યા હતા જે તેની વિરુદ્ધ કાવતરા કરતા, તેના વિચારોનો યશ પોતે ખાટી જવાનો પ્રયત્ન કરતા અને તેનો નાશ કરવા સતત મથતા રહેતા. પરંતુ આ વાત. . .આ અભિગમ તદ્દન અજોડ હતો. તેણે પોતાના સેવકને ત્યાંથી જવાની આજ્ઞા આપી.

એ માણસ તાત્કાલિક અશ્વ પર સવાર થઈને નીલકંઠની આજ્ઞાનું પાલન કરવા નીકળી પડ્યો.

'અત્યાર સુધીમાં આવી કૃપાદૃષ્ટિનો અનુભવ મને માત્ર એક જ માણસ પાસેથી થયો છે,' ભગીરથની આંખોમાં ભીનાશ હતી 'અને એ છે મારી બહેન આનંદમયી. જોકે એ તો લોહીનો સંબંધ છે એટલે એ સમજાય એમ છે. પરંતુ આપની ઉદારતા બદલ હું શું કરું એ જ મને નથી સમજાતું, પ્રભુ.'

'મને પ્રભુ કહેવાનું બંધ કર,' શિવે સસ્મિત કહ્યું.

'હું આપને વિનંતી કરીશ કે માત્ર આ એક જ આજ્ઞાની અવજ્ઞા કરવાની અનુમતિ આપ મને આપો.' ભગીરથે હાથ જોડીને કહ્યું, 'આ સિવાય આપના તમામ આદેશનું હું અવશ્ય પાલન કરીશ. પછી ભલેને તમે મને મારો પ્રાણ ત્યાગવાનું જ કેમ ન કહો ?'

'હવે એટલું બધું નાટ્યાત્મક બનવાની પણ આવશ્યકતા નથી ! આટલી મહેનતથી તારો જીવ બચાવ્યા પછી હું તને કંઈ આત્મહત્યા કરવાનું કહેવાનો નથી.'

ભગીરથે મૃદુ સ્મિત સાથે પૂછ્યું, 'આપે મારા અશ્વ માટે કયું ગીત ગાયું હતું, પ્રભુ ?'

'કોઈ દિવસ મારી સાથે ચલમ ફૂંકવા બેસજે. હું તને પણ શીખવી દઈશ.'

'આપનાં ચરણોમાં બેસીને એ જ્ઞાન પામવું મારા માટે મોટી સન્માનની વાત મનાશે, પ્રભુ.'

'મારાં ચરણો પાસે બેસવાની કોઈ જ આવશ્યકતા નથી, મિત્ર. મારી સાથે જ બેસજે. ત્યાંથી થોડું વધારે સારું સંભળાશે !'

ભગીરથે સ્મિત કર્યું અને શિવે તેનો ખભો થપથપાવ્યો.



પ્રકરણ ૨
સરયૂ નદી પર

'રાજકુમારી આનંદમયીને કહો કે સેનાપતિ પર્વતેશ્વર બહાર તેમની પ્રતીક્ષા કરી રહ્યા છે.' પર્વતેશ્વરે આનંદમયીના મહેલની બહાર રહેલા સૈનિકોના કપ્તાનને કહ્યું.

'તેમણે મને જણાવ્યું છે કે તેઓ આપના આગમનની પ્રતીક્ષા જ કરી રહ્યાં છે, સેનાપતિ,' કપ્તાને વંદન કરતાં કહ્યું, 'શું હું અંદર જઈને તેમની આજ્ઞા લઈ આવું એટલી ઘડી આપ પ્રતીક્ષા કરશો ?'

કપ્તાન આનંદમયીના ભવનમાં ગઈ એટલે પર્વતેશ્વરે અવળા ફરીને જોયું. શિવે કાશી પહોંચવાનો તમામ ભાર તેમના ખભા પર ઢોળ્યો હતો. શિવ જાણતા હતા કે જો આ યાત્રાનું ઉત્તરદાયિત્વ અયોધ્યાના કોઈ માણસને સોંપ્યું તો આવનારાં ત્રણ વર્ષ સુધી તો એ લોકો કયા વાહનનો ઉપયોગ કરવો તેની જ ચર્ચા કરતા રહેશે. બીજી બાજુ, પર્વતેશ્વરે પોતાની સૂર્યવંશી કાર્યદક્ષતા અનુસાર એક સપ્તાહમાં તો બધી જ વ્યવસ્થા કરી નાખી હતી. આખી ટુકડી રાજવી વહાણોમાં સરયૂ નદી પર પૂર્વ દિશામાં આવેલા મગધ સુધી જવાની હતી. ત્યાં સરયૂ નદીનો ગંગા સાથે સંગમ થતો હતો. ત્યાંથી તેઓ પશ્ચિમમાં કાશીની દિશામાં આગળ વધવાના હતા, જ્યાં પરમજ્યોતિ સદા પ્રજ્વલિત રહેતી હતી.

નીલકંઠ સાથે કાશીની આ યાત્રામાં સામેલ થનારા અમુક ઉમરાવ કુટુંબોની મૂર્ખતાપૂર્ણ વિનંતીઓથી પર્વતેશ્વર ત્રસ્ત થઈ ચૂક્યા હતા. તેમણે અમુક વિચિત્ર માંગણીઓ પૂરી કરવાનું પણ વિચાર્યું હતું. જેમ કે એક ઉમરાવ એમ ઇચ્છતો હતો કે તેનું વહાણ ત્રીજો પ્રહર શરૂ થયાની બરોબર બત્રીસ ઘડીઓ પછી જ પ્રયાણ શરૂ કરે. પરંતુ મોટા ભાગની વિનંતીઓ તો તેમણે સીધી જ નકારી કાઢી હતી. જેમ કે એક ઉમરાવે એવી વિનંતી કરી હતી કે તેમના વહાણનું સંચાલન કરવા માત્ર સ્ત્રીઓની જ ભરતી કરવી. પર્વતેશ્વરને વિશ્વાસ હતો કે આનંદમયીને પણ આવી જ કોઈ ચિત્રવિચિત્ર માંગણી કરવાની હશે.

જેમ કે તેના સૌંદર્યસ્નાન માટે એક આખું વહાણ ભરીને દૂધ સાથે રાખવું !

અંદર આજ્ઞા લેવા ગયેલી કપ્તાન થોડા સમયમાં જ પરત આવી. 'આપ અંદર પ્રવેશી શકો છો, સેનાપતિ !'

પર્વતેશ્વર અંદર પ્રવેશ્યા અને રાજપરિવારના તમામ સભ્યોને નમન કરવા પડે તે અનુસાર તેમણે મસ્તક નમાવીને નમન કરીને મોટા અવાજે પૂછ્યું, 'આપને શું જોઈએ છે, રાજકુમારી ?'

'તમારે આમ શરમાવાની આવશ્યકતા નથી, સેનાપતિ. તમે મારી સામે જોઈ શકો છો.'

પર્વતેશ્વરે તેની સામે જોયું. રાજવી ઉપવન દેખાય એવા એક વાતાયન પાસે આનંદમયી પેટભર પડી હતી. તેના ઉન્માદક અને લવચીક દેહ પર કોઈ માલિશ કરનારી પોતાની બધી જ કલા ઠાલવી રહી હતી. આનંદમયીએ પોતાની પીઠના નીચેના ભાગથી શરૂ થતા અને સાથળ શરૂ થતાં જ પૂરા થઈ જતા નાનકડા કાપડના એક માત્ર ટુકડા વડે પોતાનો દેહ ઢાંકી રાખ્યો હતો. દેહનો બાકીનો ભાગ તો આંખોની ઉજાણી માટે ખુલ્લો જ હતો.

'સુંદર દૃશ્ય છે, નહીં ?' આનંદમયીએ પૂછ્યું.

પર્વતેશ્વરના ગાલ લાલ થઈ ગયા અને તેમણે પોતાની દૃષ્ટિ આનંદમયી પરથી હટાવી લીધી. આનંદમયીને એમ લાગ્યું કે પર્વતેશ્વર એવા વિરલ નાગ જેવા છે જે નાગણ સાથે સંવનન શરૂ કરતા પહેલાં પોતાનું મસ્તક નમાવીને તેનું પ્રભુત્વ સ્વીકારતા હોય છે.

'મને ક્ષમા કરશો, રાજકુમારી. હું કોઈ પણ રીતે આપનું અપમાન કરવા નહોતો ઇચ્છતો.'

'રાજવી ઉપવનના મનોહર દૃશ્યને જોવા માટે તમારે કેમ ક્ષમા માંગવી પડે, સેનાપતિ ? એ માટે તો બધાને અનુમતિ મળેલી છે.'

આજીવન બ્રહ્મચારી રહેલા પર્વતેશ્વર થોડાક શાંત પડ્યા. આનંદમયીને તેમના અંગે કોઈ ગેરસમજ થઈ હોય, તેમ તેમને લાગ્યું નહીં. તેમણે મૃદુ અવાજે નીચી દૃષ્ટિ રાખીને જ પૂછ્યું, 'હું તમારા માટે શું કરી શકું, રાજકુમારી ?'

'એ તો એકદમ સરળ વસ્તુ છે. સરયૂમાં આગળ જતાં એક એવું સ્થળ આવે છે જ્યાં તાડકા રાક્ષસી સામે લડવા જઈ રહેલા ભગવાન રામ પોતાના ગુરુ વિશ્વામિત્ર અને ભાઈ લક્ષ્મણ સાથે રોકાયા હતા. ત્યાં જ મહર્ષિ વિશ્વામિત્રએ તેમને બળ અને અતિબળની એ વિદ્યા શીખવી હતી જેનાથી હંમેશા માટે સ્વસ્થ રહેવાય છે અને ભૂખ-તરસથી મુક્તિ મળે છે, એમ માનવામાં આવે છે. મારે ત્યાં રોકાઈને ભગવાન રામની પૂજા કરવી છે.'

ભગવાન રામ પ્રતિ આનંદમયીનું સમર્પણ જોઈને આનંદ અનુભવતાં પર્વતેશ્વરે કહ્યું, 'આપણે ત્યાં અવશ્ય રોકાઈશું, રાજકુમારી. એની વ્યવસ્થા હું કરી લઈશ. તમારે કોઈ વિશેષ વસ્તુઓની આવશ્યકતા ખરી ?'

'જરા પણ નહીં. પ્રભુને પામવા માટે તો માત્ર વિશુદ્ધ હૃદયની પ્રાર્થના જ કરવી આવશ્યક હોય છે.'

પર્વતેશ્વર આ ઉત્તરથી પ્રભાવિત થયા અને તેમણે એક ક્ષણ પૂરતું ઉપર જોઈ લીધું. જોકે આનંદમયીની આંખોમાં તો ટીખળનો જ ભાવ હોય, એમ તેમને લાગ્યું. તેમણે હળવેથી પૂછી લીધું. 'બીજી કોઈ સેવા, રાજકુમારી ?'

આનંદમયીએ સ્મિત કર્યું. તેને જે પ્રતિક્રિયા જોઈતી હતી તે નહોતી મળી રહી, 'બીજી કોઈ જ સેવા નથી જોઈતી, સેનાપતિ.'

પર્વતેશ્વર વંદન કરીને ભવનની બહાર નીકળી ગયા.

બહાર જઈ રહેલા પર્વતેશ્વરને આનંદમયી જોઈ રહી. તેણે જોરથી નિસાસો નાખ્યો અને મસ્તક ઝાટકીને પોતાની નિરાશા વ્યક્ત કરી.



'બધા અહીંયાં ભેગા થાવ,' પંડિતે કહ્યું 'આપણે પૂજા શરૂ કરીશું.'

શિવની ટુકડી એ બળ-અતિબળ કુંડ પાસે આવી પહોંચી હતી જ્યાં વિશ્વામિત્રએ ભગવાન રામને વિશેષ વિદ્યા શીખવી હોવાનું માનવામાં આવતું હતું.

કાશીની યાત્રામાં અયોધ્યાનાં ઘણાં બધાં ઉમરાવ કુટુંબો ઘૂસ્યાં હતાં તે વાત નીલકંઠને ગમી નહોતી. માત્ર પાંચ વહાણો ભરીને આ ટુકડી ત્વરાથી આગળ વધી શકી હોત, તેના બદલે એ કાફલો પચાસ વહાણોનો થયો હતો અને તેની ગતિ પણ ઘણી ઘટી જવા પામી હતી. સીધાસાદા પર્વતેશ્વર ચંદ્રવંશી ઉમરાવોના ચિત્રવિચિત્ર તર્કોને નકારી શક્યા નહોતા. એટલે જ જ્યારે આ સંખ્યા ઘટાડવા માટે ભગીરથે અદ્ભુત ઉપાય સૂચવ્યો, ત્યારે શિવને અત્યંત આનંદ થયો હતો. તેણે એક ઉમરાવને એમ સૂચવ્યું હતું કે તેણે બને તેટલી ત્વરાથી કાશી પહોંચી જઈને પ્રભુના સ્વાગત માટે સમિતિ રચવી જોઈએ, જેથી તેના પર પ્રભુની કૃપાદૃષ્ટિ રહેશે. એક ઉમરાવને ઉતાવળે કાશી જતો જોઈને બીજા ઉમરાવો પણ એમ કરવા પ્રેરાયા હતા જેથી એ લોકો પણ કાશીમાં નીલકંઠનું સ્વાગત કરીને તેમની કૃપાદૃષ્ટિને પાત્ર બની શકે. થોડાક જ કલાકોમાં કાફલો શિવની ઇચ્છા અનુસાર નાનો બની ગયો હતો.

પૂજા માટેનો મંચ નદીકાંઠાથી પચાસેક હાથ દૂર બનાવવામાં આવ્યો હતો. એમ માનવામાં આવતું હતું કે જે પણ માણસ આ પૂજા સંપૂર્ણ સમર્પણભાવથી કરે તેને કદી કોઈ પણ રોગ થાય નહીં. શિવ, સતી, પર્વતેશ્વર, આયુર્વતી, ભગીરથ અને આનંદમયી પંડિતની એકદમ પાસે બેઠાં હતાં. નંદી, વીરભદ્ર, દ્રપકુ, કૃતિકા અને ચંદ્રવંશી-સૂર્યવંશીઓની સહિયારી ટુકડીના અન્ય લોકો થોડાક પાછળ બેઠાં હતાં. ઉત્સાહી બ્રાહ્મણ બરોબર એવા જ રાગમાં સંસ્કૃત શ્લોકનું ગાન કરી રહ્યા હતા જે તેમના ગુરુએ તેમને શીખવ્યો હતો.

સતીને કશુંક અયોગ્ય લાગી રહ્યું હતું. તેને એમ અનુભવાઈ રહ્યું હતું કે કોઈ તેને સતત અવલોકી રહ્યું છે. કોઈ તેને અત્યંત ધિક્કારી રહ્યું હોય, તેમ પણ તેને અનુભવાઈ રહ્યું હતું. જોકે, એની સાથે સાથે તેને અનંત પ્રેમ અને પ્રગાઢ ઉદાસીની લાગણીઓનો પણ અનુભવ થઈ રહ્યો હતો. મૂંઝાયેલી સતીએ પોતાની આંખો ખોલી. તેણે ડાબી બાજુ જોયું. આ વિશેષ પૂજા માટે અપાયેલી સૂચના અનુસાર દરેકેદરેક માણસની આંખો બંધ હતી. પછી તેણે જમણી બાજુ જોયું તો શિવ તેની સામે તાકી રહ્યા હતા. તેમની આંખો ખુલ્લી હતી જેમાંથી સતી માટે પ્રેમ ઊભરાઈ રહ્યો હતો અને તેમના મુખ પર મોહક સ્મિત હતું.

સતીએ આંખો પહોળી કરીને પોતાના પતિને ઇશારો કર્યો કે તેમણે આંખો બંધ કરીને પ્રાર્થનામાં મન પરોવવું જોઈએ. શિવે જોકે પોતાના હોઠ વડે હવામાં એક ચુંબન તરતું મૂક્યું. સતીની આંખો વધારે પહોળી થઈ ગઈ. તેની સૂર્યવંશી સંવેદનાને આવું વર્તન આત્યંતિક લાગ્યું હતું, કારણ કે તેમાં કોઈ નિયમભંગ થતો તેને જણાયો હતો. શિવે કોઈ મોઢે ચડાવેલા બાળકની જેમ હોઠ બહાર કાઢીને રીસ બતાવી, આંખો બંધ કરી અને પૂજામાં પરોવાઈ ગયા. સતીએ પણ આંખો બંધ કરી અને આવો પ્રેમાળ પતિ મળવા માટે મનોમન સ્મિત કરી લીધું.

તેમ છતાં હજુ તેને એમ લાગી રહ્યું હતું કે કોઈ તેને જ તાકી રહ્યું છે, અવલોકી રહ્યું છે.



નીલકંઠના કાફલાનું અંતિમ વહાણ સરયૂના વળાંક સાથે વળીને દેખાતું બંધ થઈ ગયું. શત્રુઓ દૃષ્ટિમર્યાદાની બહાર નીકળી ગયા પછી નાગવંશી વૃક્ષો પાછળથી પ્રગટ થયો. પછી બ્રાહ્મણે જ્યાં પૂજા કરી હતી ત્યાં તે ઝડપથી ચાલીને ગયો. તેની પાછળ જ નાગવંશીઓની મહારાણી અને સો સશસ્ત્ર સૈનિકો પણ પ્રગટ થયા. એ લોકો આ નાગવંશીથી સન્માનજનક અંતર જાળવીને ઊભા રહ્યા, જેથી તેને જોઈતું એકાંત મળી રહે.

નાગવંશીઓની મહારાણીના વડાપ્રધાન કર્કોટકે આકાશ સામે જોઈને સમયનું અનુમાન કર્યું. પછી દૂર ઊભેલા નાગવંશી સામે તેણે વ્યગ્રતાથી જોયું. તેને એ સમજાતું નહોતું કે એમની પ્રજા જેને લોકનાયક કહેતી હતી તેને શા માટે આ પૂજામાં આટલો બધો રસ હતો. એમની શક્તિઓ અને જ્ઞાન તો ઘણાં વધારે હતાં. ઘણા તો એમ માનતા હતા કે નાગવંશીઓની મહારાણીથી આ લોકનાયક વધારે જ્ઞાની અને શક્તિશાળી હતો.

'દેવી,' કર્કોટકે મહારાણીને કહ્યું, 'શું લોકનાયકને સ્વગૃહે પાછા ફરવાનું મહત્ત્વ સમજાવવું આપને યોગ્ય લાગે છે ?'

'મારે જ્યારે તમારો ઉપદેશ જોઈતો હશે, કર્કોટક,' મહારાણીએ કડક અવાજે કહ્યું 'ત્યારે હું પૂછી લઈશ.'

કર્કોટક તરત જ ચૂપ થઈ ગયો. તેને હંમેશા પોતાની મહારાણીના ક્રોધનો ભય રહેતો.

મહારાણી પાછી નાગવંશી સામે જોવા લાગી પરંતુ તેના મનમાં કર્કોટકના શબ્દો રમી રહ્યા હતા. તેણે મનોમન સ્વીકાર્યું કે તેનો વડાપ્રધાન સાચું જ કહી રહ્યો હતો. નાગવંશીઓએ ત્વરાથી તેમની રાજધાની પાછા ફરવું રહ્યું. સમયનો વ્યય કરવો પોષાય તેમ નહોતો. નાગવંશીઓની રાજ્યસભા પણ ટૂંક સમયમાં જ ભરવી પડે તેમ હતી. બ્રંગ લોકોને વૈદકીય સહાયનો મુદ્દો પુન : ઊઠ્યા વિના રહેવાનો નથી. તે જાણતી હતી કે એ સહાયની જે ભારે કિંમત ચૂકવવી પડે છે તેના કારણે ઘણા નાગવંશીઓ બ્રંગ લોકો સાથેની સંધિના વિરોધી છે. ખાસ કરીને એવા લોકો આ સંધિનો વધારે વિરોધ કરતા હતા જે પોતાના નિર્વાસિત જીવનને પોતાનાં દુષ્કર્મોનું પરિણામ માનીને શાંતિથી વિતાવી દેવા ઇચ્છતા હતા. અને બ્રંગ લોકો સાથેની સંધિ વિના તો મહારાણી પ્રતિશોધ લઈ શકે જ નહીં. વધારે મહત્ત્વની વાત તો એ હતી કે અત્યારે જ્યારે બ્રંગ લોકોને તેમની સહાયની આવશ્યકતા છે, ત્યારે તો એ તેમને કોઈ પણ સંજોગોમાં ત્યજી શકે નહીં.

બીજી બાજુ, તે પોતાના ભાણિયા લોકનાયકને પણ ત્યજી શકે તેમ નહોતી. એ પણ અત્યારે વિક્ષુબ્ધ હતો. પેલી દુષ્ટ સ્ત્રીની ઉપસ્થિતિથી તેની શાંત મનોભૂમિમાં ઉલ્કાપાત થઈ રહ્યો હતો. એ અનાવશ્યક જોખમો ઉઠાવી રહ્યો હતો, જેમ કે રામજન્મભૂમિમાં સતી અને શિવ પર કરેલું મૂર્ખામીપૂર્ણ આક્રમણ. જો એ તેને મારવા ઇચ્છતો જ ન હોય, તો શા માટે તેણે પોતાની જાતને આવી ભયંકર પરિસ્થિતિમાં મૂકવી જોઈએ ? જો એ પોતે જ મૃત્યુ પામ્યો હોત તો ? જો તે જીવતો પકડાયો હોત, તો કેટલું અનિષ્ટ થાત ? પાછળથી તેણે પોતાના આ પગલાને એમ કહીને યોગ્ય ઠેરવવાનો પ્રયત્ન કર્યો હતો કે એમ કરીને તે સતીને નગરની બહાર લાવવા ઇચ્છતો હતો, કારણ કે અયોધ્યાની અંદર તો તેનું હરણ કરવું શક્ય નહોતું. અને ગમે તેમ પણ એ શક્ય બન્યું હતું, કારણ કે તે હવે કાશીની યાત્રા કરવા નીકળી હતી. પરંતુ તેની સાથે તેનો પતિ અને એક આખી સૈન્યટુકડી પણ હતી. એટલે તેનું હરણ કરવું તો અશક્ય જ હતું.

મહારાણીએ પોતાના ભત્રીજાને થોડોક હલતો જોયો. તે થોડીક આગળ વધી અને તેણે કર્કોટક અને અન્યોને પાછળ જ રહેવાનો ઇશારો કર્યો.

લોકનાયક નાગવંશીએ પોતાની કમરે હમણાં જ બનાવેલા નવીન મ્યાનમાંથી એક

કટાર ખેંચી કાઢી. આ એ જ કટાર હતી જે સતીએ રામજન્મભૂમિ મંદિરમાં તેની દિશામાં ફેંકી હતી. તે પ્રેમપૂર્વક એ કટારને જોઈ રહ્યો. તેની ધારને તેણે પોતાના અંગૂઠા પર ફેરવી. તેની ત્વચા પર નાનકડો ચીરો પડ્યો. તેણે ક્રોધથી મસ્તક ધુણાવ્યું, એ કટારને માટીમાં દાટી દીધી અને અવળો ફરીને મહારાણીની દિશામાં ચાલવા લાગ્યો.

પછી તે અચાનક અટકી ગયો. તે કંઈક ખચકાટ અનુભવતો હોય એમ જણાતું હતું.

મહારાણી હજુ એટલી દૂર હતી કે તેના ભાણિયાને આ શબ્દો સંભળાય તેમ નહોતા, તેમ છતાં તે એકદમ ધીમેથી બોલી, 'ભૂલી જા, પુત્ર. એ વસ્તુ એટલી મૂલ્યવાન નથી. ભૂલી જા.'

નાગવંશી એ જગ્યાએ સ્થિર થઈ ગયો હતો. તે અત્યારે અનિર્ણાયકતા અનુભવી રહ્યો હતો. પોતાના લોકનાયકની આવી નબળી ક્ષણો જોઈને દૂર ઊભેલા સૈનિકો પણ આઘાત અનુભવી રહ્યા હતા. થોડીક ક્ષણો પછી નાગવંશી અવળો ફરીને તેણે જ્યાં કટાર દાટી હતી તે જગ્યાએ પાછો ગયો. મહારાણીને એ જોઈને નિરાશા ઊપજી. નાગવંશીએ કાળજીપૂર્વક દટાયેલી કટાર બહાર કાઢી, પૂજ્યભાવે પોતાના કપાળે અડાડી અને તેને પોતાની કમરે બાંધેલા નવા મ્યાનમાં પાછી મૂકી દીધી.

મહારાણીએ ધિક્કારપૂર્વક સુસવાટો કર્યો અને અવળી ફરીને તેણે કર્કોટકને તેની પાસે આવવાનો ઇશારો કર્યો. તે સમજી ગઈ હતી કે હવે તેની પાસે કોઈ વિકલ્પ રહ્યો નથી. તેણે પોતાના ભાણિયા સાથે થોડાક અંગરક્ષકો રાખીને એકલા જ પોતાની રાજધાની પંચવટી જવું પડશે.



'કર ? કેવી મૂર્ખામીપૂર્ણ વાત છે !' અયોધ્યાનો વડાપ્રધાન સિમંતક ગર્જ્યો, 'આ વહાણ સ્વદીપના મહારાજનું છે. તેની અંદર આ ભૂમિના સૌથી મહત્ત્વના માનવ યાત્રા કરી રહ્યા છે.'

સિમંતક મગધનાં બંદરોના પ્રધાન અંધકના વહાણમાં હતો. સામાન્ય ચંદ્રવંશીઓથી વિપરીત, અંધક નિયમપાલનનો ચુસ્ત આગ્રહી હતો. સિમંતક નીલકંઠના મોટા વહાણને જોઈ રહ્યા. શિવ વહાણના તૂતક પર પર્વતેશ્વર અને ભગીરથ સાથે ઊભા હતા. સિમંતક જાણતા હતા કે શિવને મગધ બંદરે થોભવાની ઇચ્છા હતી. એ નગરની બહાર આવેલા નૃસિંહ મંદિરની મુલાકાત લેવાની ઇચ્છા તેમણે વ્યક્ત કરી હતી અને સિમંતક નીલકંઠને નિરાશ કરવા ઇચ્છતો નહોતો. પરંતુ જો એ વહાણો માટે કર ચૂકવે તો તેનાથી એક ભયાનક ઉદાહરણ ઊભું થતું હતું. કોઈ સમ્રાટ પોતાના જ સામ્રાજ્યમાં શા માટે કર ચૂકવે ? જો તે એમ કરે તો સામ્રાજ્યનાં અન્ય બંદર ધરાવતાં રાજ્યો પણ એમ કરવાનું શરૂ કરી દે. એટલે અંધક સાથે કાળજીપૂર્વક વાટાઘાટ કરવી પડે તેમ હતી.

'એ વહાણ કોનું છે તેની મને પરવા નથી,' અંધકે કહ્યું, 'અને એ વહાણમાં સ્વયં ભગવાન રામચંદ્ર બેઠા હોય, તો પણ મને પરવા નથી. નિયમ એટલે નિયમ. મગધ બંદરે લાંગરતા કોઈ પણ વહાણે કર ચૂકવવો જ પડે છે. માત્ર એક હજાર સોનાના સિક્કા જેટલી નાનકડી રકમની સમ્રાટ દિલીપને શા માટે ચિંતા હોય ?'

'અહીં ધન નહીં પરંતુ સિદ્ધાંતની વાત છે,' સિમંતકે દલીલ કરી.

'હું પણ સિદ્ધાંતની જ વાત કરું છું. એટલે કૃપા કરીને કર ચૂકવી દો.'

શિવ હવે અધીરા થઈ ચૂક્યા હતા, 'આ લોકો આટલા સમયથી શું વાત કરી રહ્યા છે ?'

'પ્રભુ,' ભગીરથે કહ્યું, 'અંધક બંદરોના પ્રધાન છે. એ અવશ્ય એવો આગ્રહ કરી રહ્યા હશે કે કર ચૂકવવાના નિયમનું પાલન થવું જોઈએ. અને સિમંતક મારા પિતાજીની માલિકીના વહાણ પર કઈ રીતે કર ચૂકવી શકે ? એનાથી તો મારા પિતાજીનો અહમ્ ઘવાય. અંધક સાચે જ મૂર્ખ છે !'

'નિયમપાલનનો આગ્રહ રાખનાર માણસને તમે મૂર્ખ શા માટે કહો છો ?' પર્વતેશ્વરે પૂછ્યું, 'ઊલટાનું એ માણસ તો સન્માનને પાત્ર છે.'

'ક્યારેક સંજોગો પણ જોવા પડે છે, સેનાપતિ.'

'યુવરાજ ભગીરથ, કોઈ પણ સંજોગોમાં લખાયેલા નિયમના શબ્દો નથી બદલાતા, એવી મારી સમજણ છે.'

ચંદ્રવંશી અને સૂર્યવંશી જીવનશૈલી અંગેની વધુ એક ચર્ચા શિવે સાંભળવી નહોતી. 'મગધના રાજા કેવા શાસક છે ?'

'રાજા મહેન્દ્ર ?'

'મહેન્દ્ર એટલે સમગ્ર જગત જીતી લેનાર, સાચું ને ?'

'હા, એમ જ, પ્રભુ. પરંતુ તેમનામાં નામ અનુસાર ગુણ નથી. એક સમયે મગધ મહાન સામ્રાજ્ય હતું. વાસ્તવમાં એક સમયે તો તે સમગ્ર સ્વદીપ પર એકાધિકાર ધરાવતું હતું અને તમામ રાજ્યના રાજાઓ મગધને આદર આપતા હતા. પરંતુ જેમ ઘણા મહાન રાજાઓ સાથે બને છે, એમ જ તેમના અયોગ્ય વંશજોએ મગધની સંપત્તિ અને શક્તિમાં ઉત્તરોઉત્તર ઘટાડો કર્યો. એ લોકો મગધની ભૂતકાલીન કીર્તિ પાછી મેળવવા માટે પ્રયત્નો તો કરે છે પરંતુ તેમાં હંમેશા ઊંધા માથે જ પટકાતા હોય છે. અયોધ્યાનો મગધ સાથેનો સંબંધ જરા વિચિત્ર છે.'

'સાચે જ ? પણ શા માટે ?'

'કારણ કે આજથી ત્રણસો વર્ષ પહેલાં અયોધ્યાએ જ તેમને પરાસ્ત કરીને સમગ્ર સ્વદીપ પર પોતાનું શાસન સ્થાપ્યું હતું. એ અશ્વમેધ યજ્ઞ અત્યંત ભવ્ય હતો, કારણ કે એ સમયે અયોધ્યા પર અત્યાર જેવા પોચા રાજાઓનું શાસન નહોતું. આપ કલ્પી જ શકો છો કે આ પરાજય અને તેના પરિણામે પ્રતિ વર્ષ ગુમાવવું પડતું ધન મગધને ન જ ગમ્યું હોય.'

'હા, પરંતુ મનમાં આવો ભાર રાખી મૂકવા માટે ત્રણસો વર્ષ બહુ લાંબો સમય છે !'

ભગીરથે સ્મિત કર્યું, 'ક્ષત્રિયોની સ્મરણશક્તિ અત્યંત દીર્ઘ હોય છે, પ્રભુ. એટલે એ લોકોને અયોધ્યા સામે થયેલો પરાજય હજુ પણ ખટકે છે. મગધ બે નદીઓના સંગમ પર વસેલું છે એટલે સૈદ્ધાંતિક રીતે તો તેને લાભ થવો જોઈએ, કારણ કે સરયૂ અને ગંગા પર વેપાર માટે ફરતા વેપારીઓ માટે તે સૌથી સાનુકૂળ બંદર બની રહે છે, પરંતુ તેઓ અશ્વમેધ યજ્ઞમાં અમારી સામે હાર્યા એટલે એમના મળતા એ લાભનું વિશેષ મહત્ત્વ રહ્યું નહીં. તેમના બંદર અને વેપારના કર પર અયોધ્યા દ્વારા એક મહત્તમ સીમા નક્કી કરવામાં આવી. અને સો વર્ષ પહેલાં ફરી અમારી શત્રુતા તાજી પણ થઈ.'

'અને એ કેવી રીતે બન્યું ?'

'પશ્ચિમમાં ગંગા સુધી ફેલાયેલું પ્રયાગ નામનું એક રાજ્ય છે. ઐતિહાસિક રીતે તે મગધનું અંગત સાથી માનવામાં આવતું હતું. તેમનાં રાજકુટુંબો પણ અંગત સંબંધોથી જોડાયેલાં હતાં.'

'અને. . .'

'જ્યારે યમુનાનો પ્રવાહ મેલુહાની દિશાને બદલે સ્વદીપની દિશામાં વહેવા લાગ્યો, ત્યારે પ્રયાગ પાસે તેનો ગંગા સાથે સંગમ થયો,' ભગીરથે કહ્યું.

'એના કારણે તો પ્રયાગનું મહત્ત્વ અત્યંત વધી ગયું હશે ?' શિવે પૂછ્યું.

'હા, પ્રભુ. મગધની જેમ જ એ વેપાર માટે મહત્ત્વનું મથક બની ગયું. અને મગધથી વિપરીત, તેની સાથે બંદર કે વેપાર પર લેવાતા કર અંગેની કોઈ સંધિઓ થયેલી નહોતી. હવે યમુના પર વેપાર કરવા માંગતા કોઈ પણ સામ્રાજ્ય કે વેપારીએ પ્રયાગને કર ચૂકવવો પડતો હતો. એટલે તેની સમૃદ્ધિ અને શક્તિ ખૂબ જ વધી જવા પામી. એવી અફવાઓ પણ સાંભળવા મળતી હતી કે અયોધ્યાની સર્વોપરીતાને પડકારવા માટે મગધ દ્વારા એક અશ્વમેધ યજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને પ્રયાગ તેને સમર્થન આપશે. પરંતુ જ્યારે મારા દાદા સૂર્યવંશીઓ સામે યુદ્ધ હારી ગયા અને યમુના પર બંધ બાંધીને તેના પ્રવાહને મેલુહાની દિશામાં વાળવામાં આવ્યો, ત્યારે પ્રયાગનું મહત્ત્વ પાછું ઘટી જવા પામ્યું. ત્યારથી આ બધા માટે તેઓ અયોધ્યાને જ દોષિત માને છે. તે લોકો એમ માને છે કે અમે હાથે કરીને એ યુદ્ધ હાર્યા જેથી અમે તેમને ફટકો મારી શકીએ.'

'એમ વાત છે.'

'હા,' ભગીરથે નિરાશાપૂર્વક કહ્યું, 'જોકે સાચી વાત તો એ છે કે મારા દાદાએ બહુ ખરાબ રણનીતિઓ અપનાવી હતી, એટલે અમે એ યુદ્ધ હાર્યા હતા.'

'એટલે તમે લોકો હંમેશા એકબીજાને ધિક્કારો છો ?'

'હંમેશાથી તો નહીં, પ્રભુ. એક એવો પણ સમય હતો જ્યારે અયોધ્યા અને મગધ બહુ અંગત સાથીઓ પણ હતા.'

'તો અહીંયાં તારું સ્વાગત થશે ?'

ભગીરથ ખડખડાટ હસી પડ્યો. 'બધા જાણે જ છે કે હું કંઈ વાસ્તવમાં અયોધ્યાનું પ્રતિનિધિત્વ નથી કરતો. એટલે છેવટે અહીંયાં તો મારી પર એવી શંકાઓ નહીં જ કરવામાં આવે. જોકે મહેન્દ્ર રાજા આમ તો ભારે શંકાશીલ માનવી છે. એટલે તેમના ગુપ્તચરો સતત આપણું ધ્યાન રાખતા રહેશે એમ માનીને જ આગળ વધવું. અહીં આવનાર તમામ મહત્ત્વના મુલાકાતીઓ સાથે એમ જ કરવામાં આવે છે. જોકે હું એટલું અવશ્ય ઉમેરીશ કે તેમનું ગુપ્તચર તંત્ર એટલું કાર્યદક્ષ નથી. એટલે મને કોઈ ગંભીર સમસ્યાના અણસાર દેખાતા નથી.'

'શું મારા નીલ કંઠથી અહીંયાં કોઈ માર્ગ ખૂલશે ?'

ભગીરથના મુખ પર સંકોચ તરી આવ્યો. 'મહેન્દ્ર રાજા એવી કોઈ પણ વાતમાં નથી માનતા જેમાં મારા પિતાજી વિશ્વાસ ધરાવતા હોય, પ્રભુ. અને અયોધ્યાના મહારાજ નીલકંઠમાં શ્રદ્ધા ધરાવે છે એટલે મગધના રાજા એનાથી વિપરીત દિશામાં જ ગતિ કરતા હશે.'

સિમંતક વહાણની સીડી ચડવા માંડ્યો એટલે તેના અવાજથી આ વાતચીત અટકી પડી. તેણે નીલકંઠ પાસે જઈને વંદન કરીને કહ્યું, 'એક સોદો કરવામાં આવ્યો છે, પ્રભુ. આપણે અહીં લાંગરી શકીશું પરંતુ આપણે અહીં ઓછામાં ઓછું દસ દિવસ રોકાવું પડશે.'

શિવની આંખો પહોળી થઈ ગઈ.

'મેં આ વહાણની માલિકી કામચલાઉ રીતે મગધના એક રાજવી અતિથિગૃહ ચલાવનારને નામે કરી દીધી છે, પ્રભુ. આપણે એ અતિથિગૃહમાં દસ દિવસ સુધી રહીશું. આપણે અતિથિગૃહનું જે ભાડું ચૂકવીશું તેમાંથી તેનો માલિક આ વહાણનો કર ચૂકવી દેશે.

આપણે જ્યારે જવા ઇચ્છીશું ત્યારે આ વહાણનો માલિકી હક પુનઃ સમ્રાટ દિલીપના નામે થઈ જશે. આપણે દસ દિવસ એટલા માટે રોકાવું પડશે કે જેથી અતિથિગૃહના માલિકને વહાણનો કર ચૂકવવા ઉપરાંત પણ કંઈક લાભ થાય.'

શિવ સિમંતક સામે ખુલ્લા મોઢે જોઈ રહ્યા. તેમને સમજાતું નહોતું કે એ વિચિત્ર સમાધાન માટે હસવું જોઈએ કે પછી અયોધ્યાના સમ્રાટનું માન પણ સચવાઈ જાય અને શિવની મગધની મુલાકાત લેવાની ઇચ્છા પણ પૂરી થઈ જાય એ માટે આવો માર્ગ શોધી કાઢવા બદલ સિમંતકની પીઠ થાબડવી જોઈએ. બંદર પર વહાણ લાંગરવા માટે કર અવશ્ય ચૂકવાશે પરંતુ સમ્રાટ દિલીપ દ્વારા નહીં.



નાગવંશી અને તેના સૈનિકો અત્યંત ગુપ્ત રીતે શિવ અને સતીના કાફલાને અનુસરી રહ્યા હતા. નાગવંશીઓની મહારાણી, તેમનો વડો પ્રધાન કર્કોટક અને મહારાણીના અંગરક્ષકો તેમની રાજધાની પંચવટી જવા રવાના થઈ ગયાં હતાં. ટુકડી નાની થવાને કારણે નાગવંશી અત્યંત ગતિપૂર્વક આગળ વધી શકતો હતો અને શિવના ઝડપી કાફલાને બરોબર અનુસરી શકતો હતો.

એ લોકોએ કાંઠાથી દૂર રહેવાનો જ ચતુરાઈપૂર્ણ નિર્ણય લીધો હતો. તેમણે એટલું અંતર જાળવ્યું હતું કે શિવના કાફલાના કોઈને પણ તેઓ દેખાય નહીં પરંતુ તેઓ એ કાફલો આગળ વધતો જોઈ શકે. મગધ પાસે આવતાં તેઓ જંગલની અંદર ઊંડા ઊતરી ગયા હતા જેથી નગરવાસીઓથી બચી શકાય. શિવનો કાફલો મગધથી નીકળે એ પછી તેઓ પાછા નદીકિનારાની પાસે આવી જવાના હતા.

'હવે થોડુંક જ અંતર બચ્યું છે, સ્વામી,' વિશ્વધુમને કહ્યું 'એ પછી આપણે પુન : કિનારે કિનારે આગળ વધી શકીશું.'

નાગવંશીએ મસ્તક હલાવીને સહમતી દર્શાવી.

અચાનક જ જંગલની શાંતિનો ભંગ કરી એક ચીસ સંબળાઈ, 'ના. . . !'

નાગવંશી ત્વારથી ગોઠણભેર બેસી ગયો અને તેણે ઇશારાઓ વડે વિશ્વધુમનને ઝડપથી અમુક આદેશ આપ્યા. સમગ્ર ટુકડી નાગવંશીની જેમ ગોઠણભેર બેસી ગઈ અને આ જોખમ ટળી જાય તેની પ્રતીક્ષા કરવા માંડી.

પરંતુ જોખમનો તો હજુ પ્રારંભ જ થયો હતો.

પુન : કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો, 'નહીં ! કૃપા કરો ! એને છોડી દો !'

વિશ્વધુમને પોતાના સૈનિકોને એ જ રીતે ગોઠણભેર બેસી રહેવાનો ઇશારો કર્યો. તેના મતે તો હવે માત્ર એક જ પગલું ભરી શકાય એમ હતું. એ લોકો આવ્યા હતા તે માર્ગે જ પાછા જાય, એ વિસ્તારને છોડીને નદીકિનારે આગળ વધવા માંડે. આ સૂચન આપવા માટે તેણે પોતાના સ્વામીની દિશામાં જોયું. જોકે તેના સ્વામીની આંખો એક હૃદયદ્રાવક દૃશ્ય પર સ્થિર થઈ ગઈ હતી.

થોડેક દૂર એક આદિવાસી સ્ત્રી પોતાના છ કે સાત વર્ષના બાળકને પકડીને એક વૃક્ષ નીચે પડી હતી. ઝાડીઓને કારણે તે આખી દેખાતી નહોતી. બે સશસ્ત્ર માણસો, જે મગધના સૈનિકો લાગતા હતા, તે એ સ્ત્રીના હાથમાંથી બાળકને ખેંચી જવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. એકદમ પાતળી અને નમણી દેખાતી એ આદિવાસી સ્ત્રીએ પોતાનું સઘળું જોર

અજમાવીને પોતાના બાળકને પકડી રાખ્યું હતું.

'હે ભગવાન !' મગધસૈનિકોનો આગેવાન બોલ્યો, 'એ સ્ત્રીને દૂર હટાવો. જોર લગાવો.'

ગંગા અને નર્મદા વચ્ચેની વન્ય ભૂમિમાં આદિવાસીઓ છૂટાછવાયા વસવાટ કરતા. મોટી નદીઓના કાંઠે વસેલા સંસ્કૃત લોકો માટે આ આદિવાસીઓ એકદમ પછાત જીવો હતા, કારણ કે એ લોકો પ્રકૃતિ સાથે તાલ મેળવીને જીવવાનો આગ્રહ રાખતા હતા. આમ તો મોટાભાગનાં રાજ્યો આ આદિવાસીઓની અવગણના જ કરતાં પરંતુ અમુક રાજ્યોમાં જ્યારે વસતી વધતી અને ખેતી માટે વધારાની જમીનની આવશ્યકતા ઊભી થતી ત્યારે આ આદિવાસીઓની જમીન તેઓ પોતાની ઇચ્છા અનુસાર લઈ લેતા. જોકે અમુક ક્રૂર રાજ્યો આવા આદિવાસીઓને બંધક બનાવીને ગુલામ તરીકે પણ લઈ જતા.

મગધ આગેવાને પેલી આદિવાસી સ્ત્રીને જોરથી લાત મારી. 'તને તો બીજો છોકરો પણ મળી જશે ! પરંતુ મારે તો આ છોકરો જ જોઈએ છે ! એ જ મારા બળદોને વિજેતા બનાવશે ! તો જ મારા પિતાજી પાછલાં ત્રણ વર્ષથી સતત સ્પર્ધા જીતવાનો લવારો કરે રાખે છે, એ બંધ થશે !'

નાગવંશી એ આગેવાન સામે ઘૃણાભરી દૃષ્ટિથી જોઈ રહ્યો. ચંદ્રવંશી વિસ્તારોમાં બળદો દોડાવવાની સ્પર્ધા અત્યંત લોકપ્રિય હતી. તેની પર બહુ મોટી શરતો લાગતી અને તેમાં રાજવીઓની રુચિ અને ખટપટો પણ રહેતી. એ પ્રાણીઓને સતત યોગ્ય માર્ગે દોડતા રાખવા બૂમો પાડીને તેમને ઉત્તેજિત કરનારા સવારો પણ આવશ્યક ગણાતા. પરંતુ જો આ સવારો બહુ ભારે હોય, તો તેઓ બળદોની ગતિ ઘટાડી દે. એટલે છ થી આઠ વર્ષની ઉંમરના બાળકો આદર્શ સવાર માનવામાં આવતા. એ છોકરાઓ ભયના માર્યા ચીસાચીસ કરી મૂકે અને તેમનું વજન તો બળદોને વરતાય પણ નહીં. એવા બાળકોને બળદો સાથે બાંધી દેવામાં આવતા. જો બળદ દોડતાં-દોડતાં પડી જાય, તો સાથે બંધાયેલ બાળક ગંભીર રીતે ઘવાય કે મૃત્યુ પામે એમ પણ બને. એટલે જ ઘણી વાર આદિવાસીઓના બાળકોનું અપહરણ કરીને તેમનો એવો ઉપયોગ કરવામાં આવતો હતો. જો એ સ્પર્ધામાં મૃત્યુ પામે, તો તેમને યાદ કરનારું કોઈ મહત્ત્વનું માણસ હોય નહીં.

મગધ આગેવાને પોતાના એક સૈનિક સામે માથું હલાવીને ઇશારો કર્યો અને તે સૈનિકે પોતાની તલવાર કાઢી. તેણે પછી એ સ્ત્રી સામે જોયું. 'હું તને શાંતિથી સમજાવવા ઇચ્છું છું. એ છોકરાને જવા દે નહીંતર મારે તને ઘાયલ કરવી પડશે.'

'ના !'

મગધના સૈનિકે તલવાર વીંઝીને એ સ્ત્રીના જમણા હાથ પર કાપો પાડ્યો. પેલા છોકરાના મુખ પર રક્ત છંટાયું અને તે ડૂસકાં ભરી ભરીને રડવા માંડ્યો.

નાગવંશી પેલી સ્ત્રી સામે જોઈ રહ્યો હતો. આશ્ચર્યથી તેનું મોઢું પહોળું થઈ ગયું હતું. એ સ્ત્રીનો જમણો હાથ તેના શરીર પર માંડ માંડ લટકી રહ્યો હતો તેમ છતાં તેણે ડાબા હાથે પોતાના પુત્રને પોતાની છાતીએ ચપોચપ વળગાડી રાખ્યો હતો.

વિશ્વધુમને માથું ઝાટક્યું. એ સ્ત્રીના મૃત્યુને થોડીક જ ક્ષણો બાકી છે એમ તે અનુમાન લગાવી શકતો હતો. તેણે પોતાના સૈનિકોને પાછળ સરકવા માટે હાથથી ઇશારો કર્યો. પછી તે પોતાના સ્વામીની દિશામાં ફર્યો પરંતુ સ્વામી ત્યાં નહોતા. નાગવંશી તો ત્વરાથી પેલી ઘાયલ માતાની દિશામાં આગળ વધી રહ્યો હતો. વિશ્વધુમનને ભય લાગ્યો અને તે નીચે નમેલો રહીને જ પોતાના સ્વામીની દિશામાં દોડવા લાગ્યો.

'એને મારી નાખો !' મગધ આગેવાને આદેશ આપ્યો.

એટલે સૈનિકે આદેશનું પાલન કરવા પોતાની તલવાર ઊંચી કરી. અચાનક જ નાગવંશી વૃક્ષો પાછળથી પ્રગટ થયો. તેના ઊંચા થયેલા હાથમાં એક કટાર દેખાતી હતી. સૈનિકને સમજાય કે શું થયું છે એ પહેલાં તો કટાર તેના હાથમાં ખૂંપી ગઈ અને તેના હાથમાં રહેલી તલવાર નીચે પડી ગઈ.

મગધ સૈનિકે પીડાના માર્યા ચીસ પાડી એ દરમિયાન નાગવંશીએ વધુ બે કટારો ખેંચી કાઢી હતી. જોકે પાછળ ઊભેલી મગધ સૈનિકોની ટુકડી હજુ એ નાગવંશીના ધ્યાનમાં આવી નહોતી. તેમાંના એક સૈનિકે પોતાના ધનુષ પર બાણ ચડાવી રાખ્યું હતું. એ બાણ તેણે નાગવંશી પર ચલાવ્યું. એ તીર તેના ધડ પર લગાવેલા કવચ અને ખભાના કવચની વચ્ચેની જગ્યામાં પ્રવેશી ગયું અને સીધું જ ખભાના હાડકામાં ઊતરી ગયું. એ પ્રહારને કારણે નાગવંશી નીચે પટકાયો અને પીડાને કારણે તે કંઈ પણ કરી શકે તેમ નહોતો.

પોતાના સ્વામીને નીચે પડતા જોઈને નાગવંશી સૈન્ય પણ બૂમો પાડતું ધસી આવ્યું.

'સ્વામી !' નાગવંશીને ટેકો આપીને ઊભો કરતાં કરતાં વિશ્વધ્યુમન બોલી ઊઠ્યો.

'તમે લોકો કોણ છો ?' પોતાની ટુકડીની સલામતીમાં જઈને મગધનો આગેવાન નાગવંશી સામે જોઈને બોલ્યો.

'જીવતા રહેવું હોય તો અહીંથી ભાગી જાવ !' પોતાના સ્વામીને ઘાયલ થયેલા જોઈને એક ક્રુદ્ધ નાગવંશી સૈનિક બોલી ઊઠ્યો.

'બંગ !' બોલવાની શૈલીથી ઓળખી જઈને મગધ આગેવાન બોલ્યો, 'હે ઇન્દ્ર ભગવાન, તમે ગંધાતા લોકો છેક અહીંયાં શું કરી રહ્યા છો ?'

'બંગ નહીં, બ્રંગ બોલ !'

'બંગ હોય કે બ્રંગ, મને એની શું પરવા હોય ? અમારી ધરતી પરથી જતા રહો !'

એ બ્રંગ સૈનિક કંઈ બોલ્યો નહીં. તેણે પોતાના સ્વામીને વિશ્વધ્યુમનની સહાયથી ઊભા થતા અને ખભામાંથી બાણ ખેંચતા જોયા. જોકે બાણ એટલું ઊંડું ખૂંપેલું હતું કે બહાર નીકળ્યું નહીં એટલે તેણે એ બાણ અધવચ્ચેથી જ તોડી નાખ્યું.

મગધ આગેવાને નાગવંશી સામે જોઈને ક્રૂરતાથી કહ્યું, 'હું ઉગ્રસેન છું, મગધનો રાજકુમાર. આ મારી ધરતી છે. આ લોકો મારી મિલકત છે. તમે લોકો અહીંથી હઠી જાવ.'

નાગવંશીએ રાજકુમારના લવારાનો કોઈ જ ઉત્તર આપ્યો નહીં.

તેણે પાછળ ફરીને પોતાના જીવનમાં જોયેલાં સૌથી ભવ્ય દૃશ્યોમાંનું એક દૃશ્ય જોયું. પેલી માતા નાગવંશી સૈનિકોની પાછળ હતી અને લગભગ બેભાન થવા જ આવી હતી. ઘણું રક્ત વહી જવાને કારણે તે લગભગ બેભાન જ થઈ ગઈ હતી. તેનું શરીર ભયાનક રીતે ધ્રૂજતું હતું. એ એટલી ભયભીત હતી કે કંઈ પણ બોલી શકે તેમ નહોતી.

તેમ છતાં તેણે પોતાના પુત્રને છોડ્યો નહોતો. તેનો ડાબો હાથ હજુ પણ પોતાના પુત્ર ફરતે જ વીંટાળી રાખ્યો હતો. તેનું શરીર તેણે એવી રીતે ગોઠવ્યું હતું જેથી તેના બાળકને રક્ષણ મળી રહે.

કેવી અદ્ભુત મા છે !

નાગવંશીએ પાછું શત્રુઓ સામે જોયું. તેની આંખોમાં ભયાનક ક્રોધ હતો. તેનું શરીર પણ એકદમ તંગ હતું. તેમણે મક્કમ રીતે મુઠ્ઠીઓ વાળી રાખી હતી. તે ભયાનક ઠંડકથી બોલ્યો, 'તું એક માતાને એટલે મારવા ઇચ્છે છે કારણ કે તે પોતાના બાળકનું રક્ષણ કરી રહી છે ?'

તેના ધીમા અવાજમાં સ્વયં કાળ બોલી રહ્યો હતો. રાજવી અહમ્‌માં લપેટાયેલા રાજકુમારને પણ એ વાત સમજાઈ ગઈ, પરંતુ પોતાના દરબારીઓની ઉપસ્થિતિમાં ઉગ્રસેન

પાછો જઈ શકે તેમ નહોતો. ચિત્રવિચિત્ર મહોરું પહેરેલા કોઈ મૂર્ખ બ્રંગને કારણે તે પોતાને માંડ હાથ લાગેલો શિકાર જતો કરવા ઇચ્છતો નહોતો. 'આ મારું રાજ્ય છે. હું જેને ઇચ્છું તેને ઘાયલ કરી શકું છું. એટલે જો તારે તારી જાતને બચાવવી હોય, તો અહીંથી ભાગ. તને અમારી શક્તિઓની. . ..'

' તું એક માતાને એટલે મારવા ઈચ્છે છે કારણ કે તે પોતાના બાળકનું રક્ષણ કરી રહી છે ?' આ વખતે નાગવંશીએ ઊંચા અવાજે કહ્યું.

હવે ઉગ્રસેનને સાચે જ ભય લાગ્યો એટલે તે ચૂપ થઈ ગયો. તેણે અવળા ફરીને પોતાની ટુકડી સામે જોઈ લીધું. એ લોકોને પણ નાગવંશીના અવાજમાંથી નીતરતો ભય અનુભવાયો હતો.

વિશ્વધુમન પણ આઘાત અનુભવતો પોતાના સ્વામી સામે જોઈ રહ્યો. તેણે કદી પણ પોતાના સ્વામીને આટલા ઊંચા અવાજે બોલતાં સાંભળ્યા નહોતા. ક્યારે પણ નહીં. નાગવંશીની છાતી ધમણની જેમ ફૂલી રહી હતી અને તે પોતાના દાંત પણ કચકચાવી રહ્યો હતો. ક્રોધને કારણે તેનું શરીર અક્કડ થઈ ગયું હતું.

ધીમે ધીમે તેના શ્વાસોશ્વાસ નિયમિત થયા હોય, એમ વિશ્વધુમનને લાગ્યું. તેને સમજાઈ ગયું કે તેના સ્વામીએ હવે નિર્ણય લઈ લીધો છે.

નાગવંશીએ પોતાની તલવાર ખેંચી કાઢી. તેને પોતાના શરીરથી દૂર ધરી રાખીને તે આક્રમણ કરવા તૈયાર થઈ ગયો. પછી તેણે આદેશ આપ્યો, 'જરા પણ દયા દાખવતા નહીં.'

'જરા પણ દયા નહીં !' એમ બૂમ પાડતા બ્રંગ સૈનિકો પોતાના સ્વામી પાછળ દોડ્યા અને મગધ સૈનિકો પર આડેધડ તૂટી પડ્યા. તેમના આક્રમણમાં સાચે જ કોઈ પણ દયા નહોતી.



પ્રકરણ ૩
મગધનો પંડિત

વહેલી પરોઢે શિવ અતિથિગૃહથી નૃસિંહ મંદિર જવા નીકળ્યા. તેમની સાથે ભગીરથ, દ્રપકુ, સિમંતક, નંદી અને વીરભદ્ર પણ હતા.

મગધ અયોધ્યા કરતાં ઘણું જ નાનું નગર હતું. એ રાજ્યના તાજેતરના ઇતિહાસમાં કોઈ નોંધપાત્ર વાણિજ્યિક કે સૈન્ય સફળતાઓ નોંધાઈ નહોતી એટલે ત્યાંના ઘણા લોકો બીજે વસી ગયા હતા. એટલે જ એ નગરની સંખ્યા અને ઇમારતો એટલી મોટી નહોતી. તેમાં દેવગીરી જેવી અદ્ભુત વ્યવસ્થા કે અયોધ્યા જેવાં ભવ્ય બાંધકામો તો નહોતાં તેમ છતાં તેમાં મેલુહાના પાટનગર જેવી એકવિધતા કે સ્વદીપના પાટનગર જેવી અંધાધૂંધી પણ ફેલાયેલી નહોતી.

એટલે એ નગરની બહાર આવેલા નૃસિંહ મંદિર પહોંચતાં શિવની ટુકડીને માંડ અડધા કલાક જેટલો જ સમય લાગ્યો. શિવ એકલા જ એ ભવ્ય મંદિરમાં પ્રવેશ્યા. તેમની સાથે આવેલા લોકોએ મંદિરને સલામતી માટે ચકાસી લીધું પરંતુ તેઓ શિવની સૂચના અનુસાર બહાર જ ઊભા રહ્યા હતા.

એ મંદિરની ફરતે વિશાળ ચોરસ ઉપવન બનાવવામાં આવ્યું હતું. ભારતની પૂર્વ સરહદથી ઘણે દૂર આવેલી ભગવાન રૂદ્રની ભૂમિની એ શૈલી હતી. એ ઉપવનની મધ્યમાં કુશળ રીતે બનાવવામાં આવેલો વિશાળ ફુવારો હતો અને તેમાંથી નાની-નાની નહેરોની ભુલભુલામણી નીકળતી હતી. કેન્દ્રથી શરૂ કરીને ક્યારા અને ઘાસ પણ એવી ચોક્કસ રીતે ઉગાડવામાં આવ્યાં હતાં કે જેથી વિહંગાવલોકન કરતાં અદ્ભુત ભાત ઊપસી આવે તેમ હતી. તેના બીજા છેડે નૃસિંહ મંદિર સ્થિત હતું. એ મંદિર શ્વેત આરસનું બનાવેલું હતું અને તેના મુખ્ય મંચ પર પહોંચવા માટે વિશાળ સીડી પણ રચવામાં આવી હતી. એ મંચ લગભગ સિત્તર હાથ જેટલું ઊંચું હતું અને તેની ચારેબાજુ દેવી-દેવતાઓનાં પૂતળાં કોતરવામાં આવ્યાં હતાં. શિવને વિશ્વાસ હતો કે આ ભવ્ય મંદિરનું નિર્માણ એ સમયે જ કરવામાં આવ્યું હશે જ્યારે મગધ સમગ્ર સ્વદીપ પર શાસન કરતું હશે.

તેમણે સીડી પાસે પોતાની પાદુકાઓ ઉતારી, પગથિયાં ચડ્યા અને મુખ્ય મંદિરમાં પ્રવેશ્યા. મંદિરની અંદર ગર્ભગૃહમાં ભવ્ય રાજસિંહાસન પર બેઠેલા ભગવાન નૃસિંહની મૂર્તિ સ્થપાયેલી હતી. નૃસિંહ ભગવાન ઘણાં હજાર વર્ષો પહેલાં, ભગવાન રૂદ્રથી પણ પહેલાં થઈ ગયા હતા. શિવ મનોમન વિચારવા લાગ્યા કે જો નૃસિંહ ભગવાનની મૂર્તિ તેમના કદ અનુસાર જ બનાવવામાં આવી હોય, તો તે સાચે જ અત્યંત શક્તિશાળી હોવા જોઈએ. તેઓ ચારેક હાથ ઊંચા લાગતા હતા અને તેમના સ્નાયુઓ જોઈને તો રાક્ષસો પણ

ભયભીત થઈ જાય તેમ હતા. તેમના હાથના પંજા એકદમ પહોળા હતા અને તેમના નખ પણ ઘણા લાંબા હતા. શિવને વિચાર આવ્યો કે તેમના ખુલ્લા પંજા જ ભયાનક શસ્ત્ર તરીકે કામ આવે તેવા હતા.

જોકે શિવને સૌથી વધુ આશ્ચર્ય તો તેમનું મુખ જોઈને થયું હતું. તેમના હાઠ એટલા મોટા હતા કે કોઈ એવી કલ્પના પણ કરી શકે તેમ નહોતું. તેમની મૂછો પણ સામાન્ય પુરુષ જેવી નહોતી પણ બિલાડીની મૂછો જેવી હતી. તેમનું નાક પણ વિશાળ હતું અને તેમની મોટી આંખો પણ અત્યંત તેજસ્વી લાગતી હતી. તેમના વાળ પણ કેશવાળીની જેમ ફેલાયેલા હતા. એમ જ લાગતું હતું કે માનવના શરીર પર સિંહનું માથું લગાવી દેવામાં આવ્યું હશે.

જો નૃસિંહ ભગવાન આજે જીવતા હોત , તો ચંદ્રવંશીઓ તેમને અવશ્ય કોઈ નાગવંશી જ માની લેત અને તેમને પૂજતા ન હોત પરંતુ તેમનાથી ડરતા હોત. આ લોકોમાં કંઈ સાતત્ય જેવું છે કે નહીં ?

'સાતત્ય ખચ્ચરોનું લક્ષણ છે !'

શિવે સાશ્ચર્ય ઉપર જોયું. તેમના વિચારો કોઈ કેવી રીતે સાંભળી ગયું તેનું તેમને આશ્ચર્ય થયું હતું.

એ જ સમયે એક સ્તંભ પાછળથી એક વાસુદેવ પંડિત પ્રગટ થયા. અત્યારે સુધી શિવને મળેલા પંડિતોમાં તે સૌથી ઓછી ઊંચાઈના પંડિત હતા. અન્ય તમામ રીતે તે શિવને મળેલા વાસુદેવ પંડિતો જેવા જ લાગતા હતા. શ્વેત ખુલ્લા કેશ અને મુખ પર ઉંમરને કારણે પડેલી કરચલીઓ. એ પંડિતે કેસરી ધોતી અને અંગવસ્ત્ર પહેર્યું હતું.

'તમે કેવી રીતે. . .'

'એ મહત્ત્વનું નથી,' પંડિતે હાથ ઊંચો કરીને શિવને અધવચ્ચે અટકાવતાં કહ્યું. શિવના વિચારો તેમણે કઈ રીતે વાંચ્યા તે સમજાવવું તેમને આવશ્યક લાગતું નહોતું.

' એ વાત. . .પછી ક્યારેક. . .મહાન નીલકંઠ. '

શિવ સોગંદપૂર્વક કહી શકે એમ હતા કે તેમને પંડિતનો અવાજ તેમના મસ્તિષ્કની અંદરથી સંભળાયો હતો. શબ્દો એવી રીતે તૂટક તૂટક સંભળાતા હતા જાણે એ અવાજ ઘણો દૂરથી આવતો હોય. જોકે શબ્દો અસ્પષ્ટ હોવા છતાં એકદમ મૃદુ હતા. જોકે એ અવાજ નિશ્ચિતપણે આ પંડિતનો જ હતો. શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ કારણ કે પંડિતના હોઠ જરા પણ હલ્યા નહોતા.

' હે વાસુદેવ ભગવાન. . .આ વિદેશી. . .પ્રભાવક છે. '

શિવને પુનઃ પંડિતનો અવાજ એ રીતે જ સંભળાયો. પંડિત મંદ મંદ હસી રહ્યા હતા. તેમને પણ સમજાતું હતું કે નીલકંઠને તેમના વિચારો સંભળાઈ રહ્યા હતા.

'તમે આનો કોઈ જ ખુલાસો નહીં આપો, ખરું ને ?' શિવે સસ્મિત પૂછ્યું.

' ના. તું એના માટે. . . હજુ. . . તૈયાર નથી. '

આ પંડિતનો દેખાવ અન્ય વાસુદેવો જેવો જ હશે પરંતુ તેનો સ્વભાવ તદ્દન અલગ લાગતો હતો. આ વાસુદેવ પંડિત એટલી સીધી અને સ્પષ્ટ વાત કરતો હતો કે કોઈને તે અસભ્ય પણ લાગી શકે. જોકે શિવ જાણતા હતા કે આ વાતચીતમાં જરા પણ અસભ્યતા દાખવવાનો તેમનો ઇરાદો નહોતો. આ તો માત્ર આ પંડિતના સ્વભાવ અંગે શિવને આવેલો અંગત વિચાર હતો.

કદાચ આ પંડિત આગલા જીવનમાં ચંદ્રવંશી હશે.

'હું એક વાસુદેવ છું,' પંડિતે કહ્યું, 'આજે મારો અન્ય કોઈ જ પરિચય નથી. હું કોઈનો

પુત્ર નથી, પતિ નથી કે પિતા નથી. હું ચંદ્રવંશી પણ નથી. હું માત્ર વાસુદેવ જ છું.'

' દરેક માનવનાં ઘણાં સ્વરૂપો હોય છે , પંડિતજી. '

પંડિતે પોતાની આંખો ઝીણી કરી.

'શું આપનો જન્મ વાસુદેવ તરીકે થયો હતો ?'

'કોઈ વાસુદેવ તરીકે જન્મતું નથી, નીલકંઠ. એ બનવા માટે તમારે મહેનત કરવી પડે છે. તેના માટે અઘરાં પરીક્ષણો પણ યોજાય છે અને તેમાં કોઈ પણ ચંદ્રવંશી કે સૂર્યવંશી ઉપસ્થિત થઈ શકે છે. જો તમે એ પરીક્ષણોમાં યોગ્ય ઠરો, તો તમારાં અન્ય તમામ સ્વરૂપો નાશ પામે છે. તમારી અન્ય તમામ ઓળખાણો તમારે ભૂલી જવી પડે છે. તમે માત્ર વાસુદેવ જ રહો છો.'

'પરંતુ આપને વાસુદેવ બનવાનો અધિકાર પ્રાપ્ત થયો એ પહેલાં આપ એક ચંદ્રવંશી હતા,' શિવે જાણે એક સરળ તથ્ય જણાવતા હોય તેમ કહ્યું.

પંડિતે સ્મિત કરીને શિવના વિધાનને સ્વીકાર્યું.

શિવે ઘણા પ્રશ્નોના ઉત્તર મેળવવા હતા, પરંતુ આ વાસુદેવને તેઓ એક પ્રશ્ન તો અવશ્ય પૂછવા ઇચ્છતા હતા.

'થોડાક માસ પૂર્વે, રામજન્મભૂમિ મંદિરના વાસુદેવ પંડિતે મને એમ કહ્યું હતું કે મારું કાર્ય અનિષ્ટનો સંહાર કરવાનું નથી પરંતુ અનિષ્ટને ઓળખવાનું છે,' શિવે કહ્યું.

વાસુદેવ પંડિતે માત્ર હકારમાં ગરદન હલાવી.

'હું હજુ એ વાતને સમજી રહ્યો છું. એટલે હું એ અંગે પ્રશ્ન નહીં પૂછું,' શિવે વાત આગળ વધારી. 'તેમણે મને જે બીજી વાત કરી હતી, તે અંગે હું પ્રશ્ન પૂછવા માંગુ છું. તેમણે મને કહ્યું હતું કે સૂર્યવંશીઓ પુરુષપ્રધાન જીવનશક્તિનું પ્રતિનિધિત્વ કરે છે અને ચંદ્રવંશીઓ નારીપ્રધાન જીવનશક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. એનો અર્થ શું થયો ? પ્રશ્ન પૂછવાનું કારણ એટલું જ કે તેને નર અને નારી સાથે કંઈ સંબંધ હોય, એમ મને નથી લાગતું.'

'તું આનાથી વધારે સારી રીતે પ્રશ્ન ન પૂછી શક્યો હોત, મિત્ર ! તું સાચું જ કહે છે. એને નર અને નારી સાથે કોઈ જ સંબંધ નથી. તેને સૂર્યવંશીઓ અને ચંદ્રવંશીઓની જીવનશૈલી સાથે લેવા-દેવા છે.'

'જીવનશૈલી ?'



'રાજકુમાર ઉગ્રસેન માર્યો ગયો ?' ભગીરથે પૂછ્યું.

'હા, યુવરાજ,' સિમંતકે ધીમેથી કહ્યું, 'મને એવા સ્રોતથી આ વાત જાણવા મળી છે જે એકદમ વિશ્વસનીય છે.'

'ભગવાન રામ આપણી સહાય કરે ! એની જ જાણે આપણને આવશ્યકતા હતી. રાજા મહેન્દ્ર તો એમ જ માનશે કે અયોધ્યાએ જ આ હત્યા કરાવી છે. અને એ માણસ પ્રતિશોધ લેવા કેવો આતુર રહે છે, એ તો તમે જાણો જ છો.'

'એ એવું ન વિચારે એવી જ આશા રાખીએ, યુવરાજ,' સિમંતકે કહ્યું, 'એવું થાય તેની અત્યારે આપણને જરા પણ આવશ્યકતા નથી.'

'એમના ગુપ્તચરો તો આપણને અનુસરી જ રહ્યા છે,' નંદીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે

આપણે નગરમાં પ્રવેશ્યા ત્યારથી માંડીને અત્યાર સુધી આપણે ક્યાં હતા અને શું કર્યું, તેની બધી જ માહિતી તેમની પાસે હશે. એટલે એ લોકો આપણી પર કોઈ પણ રીતે દોષનો ટોપલો ઢોળી શકશે નહીં.'

'ના, નંદી,' ભગીરથે કહ્યું, 'આ મહેન્દ્ર રાજા તો એમ પણ વિચારી શકે છે કે આપણે તેના પુત્રની હત્યા કરવા કોઈ હત્યારો રાખ્યો હશે. જોકે એમના ગુપ્તચરો ક્યાં છે ?'

'એમાંના બે જણા તો,' દ્રપકુએ પોતાની આંખો વડે એક ચોક્કસ દિશામાં ઇશારો કરતાં કહ્યું, 'એ રહ્યા. સાવ નવા નિશાળિયા લાગે છે. પેલું વૃક્ષ તેમને બરોબર ઢાંકી શકતું નથી !'

ભગીરથના હોઠ પર સ્મિત ફરકી ગયું.

'એ સુર્પદમન હશે,' સિમંતકે કહ્યું, 'સ્વદીપમાં બધા જ જાણે છે કે મગધનો નાનો રાજકુમાર કેવો નિર્દયી છે. યુવરાજ બનવા માટે તેણે જ હત્યારો રોક્યો હશે.'

'ના,' ભગીરથે ઝીણી આંખે કહ્યું, 'સુર્પદમન મહેન્દ્ર રાજાનો વધારે સક્ષમ પુત્ર છે. મગધનો રાજા ગમે તેવો હોય પરંતુ હું જેનાથી પરિચિત છું તેવા કેટલાક રાજાઓથી વિપરીત, તે ક્ષમતાઓની કદર કરી જાણનારો છે. એટલે સિંહાસન તો આમ પણ સુર્પદમનનું જ છે. તેના માટે તેણે પોતાના ભાઈની હત્યા કરવાની આવશ્યકતા નથી.'

'પરંતુ હજુ સાર્વજનિક શોકની ઘોષણા કેમ નથી કરવામાં આવી ?' દ્રપકુએ પૂછ્યું.

'એ લોકો આ વાતને હજુ પણ ગોપનીય જ રાખી રહ્યા છે,' સિમંતકે કહ્યું, 'એનું કારણ જોકે હું નથી જાણતો.'

'સંભવતઃ એ લોકો એવી કોઈ વાર્તા ઘડી કાઢવા ઇચ્છતા હશે કે જેથી ઉગ્રસેનના અંતિમ સ્મરણને સન્માનજનક બનાવી શકાય,' ભગીરથે કહ્યું, 'એ મૂર્ખ તો પોતાની તલવારથી જ વઢાઈ જાય એવો હતો.'

સિમંતકે મસ્તક હલાવીને સહમતી દર્શાવી અને દ્રપકુ સામે જોયું, 'પ્રભુ મંદિરમાં શા માટે આટલો બધો સમય એકાંતમાં ગાળવા ઇચ્છતા હશે ? આ એકદમ રૂઢિથી વિપરીત વાત છે.'

'કારણ કે પ્રભુ પોતે પણ રૂઢિથી વેગળા જ છે, પરંતુ આપણે તેમનો પરિચય અહીં મગધમાં શા માટે ગુપ્ત રાખી રહ્યા છીએ ?'

'આ દંતકથામાં માનનારા તમામ લોકો કંઈ નીલકંઠના અનુયાયી નથી, દ્રપકુ,' ભગીરથે કહ્યું, 'મગધના વર્તમાન રાજા નીલકંઠને અનુસરનારા નથી. અને અહીંના લોકો રાજા પ્રત્યે અત્યંત નિષ્ઠા ધરાવે છે. એટલે પ્રભુનો પરિચય અહીં ગોપનીય જ રહે તે ઇચ્છનીય છે.'



'પ્રાણીઓની સરખામણીએ કઈ વસ્તુ માનવને અલગ બનાવે છે ?' પંડિતે પ્રશ્ન કર્યો.

'શું ?' શિવે પ્રતિપ્રશ્ન કર્યો.

'આપણે સાથે મળીને કામ કરી શકીએ છીએ, એ વાત જ આપણને પ્રાણીઓથી અલગ પાડે છે. આપણે સમાન લક્ષ્યો સાધવા માટે ભેગા મળીને કામ કરી શકીએ છીએ. આપણે આપણું જ્ઞાન એકબીજા સાથે વહેંચીએ છીએ. એટલે માનવજાતની દરેક પેઢી આગલી પેઢીના ખભે બેસીને જ નવજીવનનો પ્રારંભ કરે છે. તેમને બધું જ એકડે એકથી

શરૂ કરવાની આવશ્યકતા રહેતી નથી.'

'એ વાત સાથે હું સહમત છું. પરંતુ માત્ર માનવો જ સમૂહમાં કાર્ય કરે છે, એવું પણ નથી. હાથી કે સિંહ જેવાં અન્ય પ્રાણીઓ પણ સમૂહચારી હોય છે. જોકે માનવો કરી શકે છે એટલા મોટા પાયે એ લોકો આવું કામ કરી શકતાં નથી.'

'હા, એ સત્ય છે. પરંતુ વાત હંમેશા સમૂહમાં કામ કરવાની નથી. એમાં ઘણી વાર સ્પર્ધાનું તત્ત્વ પણ પ્રવેશે છે. તેનાથી કાયમ શાંતિ જળવાય એવું પણ બનતું નથી. ઘણી વાર તેના જ કારણે યુદ્ધ પણ થતાં હોય છે.'

શિવે સ્મિત કરીને સહમતી દર્શાવી.

'એટલે મહત્ત્વની વાત એ છે કે આપણે માનવો વ્યક્તિગત રીતે કંઈ જ નથી,' પંડિતે કહ્યું, 'આપણી શક્તિ સંગઠનમાં રહેલી છે. આપણે બધા જે રીતે જીવીએ છીએ, તેમાં રહેલી છે.'

'સત્ય,' શિવે સહમતી દર્શાવી.

'અને જો આપણે બધાએ સાથે જીવવું હોય, તો એ જીવનની એક શૈલી હોવી જોઈએ, બરોબર ?'

'હા. એક એવી પદ્ધતિ જેના માધ્યમથી આપણે બધા એકબીજા સાથે મળીને કામ કરી શકીએ કે એકબીજા સાથે સ્પર્ધા કરી શકીએ.'

'મોટા ભાગના લોકો એમ માને છે કે આ જગતમાં હજારો જીવનશૈલી અસ્તિત્વ ધરાવે છે,' પંડિતે કહ્યું, 'દરેક સંસ્કૃતિ એમ માને છે કે તેઓ કોઈ ને કોઈ રીતે અજોડ છે.'

શિવે સહમતી દર્શાવી.

'પરંતુ જો દરેક જીવનશૈલીનો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો એમ જોવા મળે છે કે માત્ર બે પ્રકારની જ જીવનશૈલી અસ્તિત્વ ધરાવે છે : પુરુષપ્રધાન અને નારીપ્રધાન.'

'અને એ બંને પ્રકારની જીવનશૈલી એટલે કેવી જીવનશૈલી ?'

'પુરુષપ્રધાન જીવનશૈલી એટલે "નિયમાનુસારનું જીવન". એવા નિયમો જેને કોઈ મહાન આગેવાને સ્થાપિત કર્યા હોય, જેમ કે ભગવાન રામ જેવા કોઈ વિષ્ણુ દ્વારા સ્થાપિત નિયમો. અથવા ધાર્મિક પરંપરાથી ઊતરી આવેલા નિયમો. અથવા તો લોકોએ સામૂહિક રીતે ઘડેલા નિયમો. પરંતુ પુરુષપ્રધાન જીવનશૈલી એકદમ સ્પષ્ટ હોય છે. નિયમો અફર હોય છે અને તેમનું પાલન કરવાનો જડ આગ્રહ રાખવામાં આવે છે. એમાં કોઈ જ અસ્પષ્ટતાને સ્થાન હોતું નથી. જીવનની ગતિ પૂર્વાનુમાનિત રેખા પર ચાલતી હોય છે, કારણ કે તમામ લોકો ચોક્કસ નિયમાનુસાર જ જીવતા હોય છે. મેલુહા આવી જીવનશૈલીનું પરિપૂર્ણ ઉદાહરણ છે. એટલે એ જીવનશૈલીને અનુસરતા મેલુહાના લોકો સત્ય, કર્મ અને સન્માનની ભાવના અનુસાર જ જીવે છે, કારણ કે એ પ્રકારની જીવનશૈલીમાં સફળ થવા માટે આ ગુણો આવશ્યક છે.'

'અને નારીપ્રધાન જીવનશૈલી ?'

'નારીપ્રધાન જીવનશૈલી એટલે "સંભાવનાઓનું જીવન". તેમાં કશું જ અફર નથી હોતું. કશું શ્વેત કે શ્યામ નથી હોતું. લોકો કોઈ ચોક્કસ નિયમાનુસાર જીવન જીવતા નથી પરંતુ કોઈ એક ચોક્કસ સમયે કોઈ વસ્તુ અંગે વિવિધ નિર્ણયોથી કેવાં પરિણામો આવી શકે છે, તેની સંભાવનાઓ પર વિચાર કરીને લોકો વર્તતા હોય છે. ઉદાહરણ તરીકે, તેઓ એવા રાજાને અનુસરશે જે વધારે સમય સુધી સત્તામાં રહેશે એવું તેમનું અનુમાન હોય છે. જેવું એ સંભાવનાઓમાં પરિવર્તન આવશે, તેમની નિષ્ઠામાં પણ પરિવર્તન આવી જશે. જો

આવા સમાજમાં કોઈ નિયમો હોય, તો એ નિયમો પણ બદલી શકાય એવા હોય છે. કોઈ એક નિયમનું પણ અલગ અલગ સમયે અલગ અલગ અર્થઘટન કરવામાં આવતું હોય છે. પરિવર્તન એ જ નિયમ હોય છે. નારીપ્રધાન જીવનશૈલીને અનુભવતા સ્વદ્દીપ જેવાં રાજ્યોમાં વિરોધાભાસો અત્યંત સહજ હોય છે. અને આવી જીવનશૈલીમાં સફળ થવા કયા ગુણો જોઈએ ? જુસ્સો, સૌંદર્ય અને સ્વાતંત્ર્ય.'

'અને કોઈ એક જીવનશૈલી બીજી તમામ જીવનશૈલીઓ કરતાં ચડિયાતી હોય છે, એવું નથી ?'

'જરા પણ નહીં. બંને પ્રકારની જીવનશૈલીઓનું અસ્તિત્વ અવશ્ય હોવું જ જોઈએ, કારણ કે એ બંને જ એકબીજાનું સમતોલન સાધી શકે છે.'

'કેવી રીતે ?'

'પુરુષપ્રધાન જીવનશૈલી ચોક્કસ નિયમોના આધારે જ્યારે શિખર પર હોય છે, ત્યારે સન્માનનીય, સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય હોય છે. બધે જ નિયમપાલન થતું હોય છે અને સમાજ એક ચોક્કસ દિશામાં આગળ વધતો હોય છે. આજના સૂર્યવંશીઓનું જ ઉદાહરણ લઈ લો. પરંતુ જ્યારે પુરુષપ્રધાન જીવનશૈલીના આધારે ચાલતી સંસ્કૃતિનું પતન થવા માંડે છે, ત્યારે તેમાં ભયાનક ઊથલપાથલ સર્જાય છે, લોકો ઉદ્દામ મનોવૃત્તિના અને જડ બની જાય છે. જે લોકો તેમનાથી અલગ હોય, તેમની પર તેઓ આક્રમણ કરે છે અને તેમને પોતાનું "સત્ય સમજાવવાનો" પ્રયત્ન તેઓ કરતા રહે છે. તેના કારણે હિંસા અને અરાજકતા ફેલાતાં હોય છે. યુગ પરિવર્તનના સમયે ખાસ કરીને એમ જ બનતું હોય છે. પુરુષપ્રધાન જીવનશૈલીમાં પરિવર્તન અઘરું હોય છે. નવા યુગમાં તેમના નિયમો પ્રાસ્તાવિક ન હોય, તો પણ તેને તેઓ જડતાથી વળગી રહેતા હોય છે. પુરુષપ્રધાન જીવનશૈલીમાં વ્યવસ્થા હોય છે જે આવકાર્ય છે પરંતુ અવનતિના સમયમાં એ જ વસ્તુ ગૂંગળાવનારી બની રહેતી હોય છે. પુરુષપ્રધાન જીવનશૈલીને અનુસરનારા અસુરોને પોતાના પતનના સમયમાં આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.'

'તો જ્યારે ઉદ્દામવાદી મનોવૃત્તિને કારણે ઉદ્ભવતી નિરાશામાંથી બળવો જન્મે છે, ત્યારે નારીપ્રધાન જીવનશૈલીનું સ્વાતંત્ર્ય તાજી હવાને પ્રવેશવા અવકાશ કરી આપે છે.'

'એકદમ બરાબર. નારીપ્રધાન જીવનશૈલીમાં તમામ પ્રકારના મતભેદોને સ્થાન હોય છે. વિવિધ ધર્મ અને માન્યતા ધરાવતા લોકો શાંતિપૂર્વક સહઅસ્તિત્વ ધરાવી શકે છે. કોઈ બીજા પર પોતાના સત્યને થોપી દેવાનો પ્રયત્ન નથી કરતું. વૈવિધ્ય અને સ્વાતંત્ર્યને ઊજવવામાં આવે છે, જેનાથી નવો જોશ અને સર્જનાત્મકતા ઉદ્ભવે છે અને સમાજને તેનાથી બહુ મોટો લાભ થાય છે. દેવો નારીપ્રધાન જીવનશૈલીના અનુયાયીઓ હતા અને અસુરોને હરાવીને તેઓ આ બધા ગુણો લઈ આવ્યા. પરંતુ વધુ પડતું સ્વાતંત્ર્ય હંમેશાં અવનતિ, ભ્રષ્ટાચાર અને વ્યભિચારને આમંત્રે છે.'

'એટલે લોકોને પુનઃ પુરુષપ્રધાન જીવનશૈલી આવકાર્ય લાગે છે.'

'હા. ભગવાન રામના સમયમાં દેવોની નારીપ્રધાન જીવનશૈલીનો ક્ષય થઈ રહ્યો હતો. આખો દેશ ભ્રષ્ટ, અનૈતિક અને પતિત થઈ ગયો હતો. લોકોને નિયમો અને સંસ્કૃતિ જોઈતી હતી. એટલે ભગવાન રામે નવી પુરુષપ્રધાન જીવનશૈલીનું સર્જન કરી લોકોને એ વ્યવસ્થા અને નિયમો સર્જી આપ્યા. જોકે તેમણે કદી પણ દેવોની જીવનશૈલીને ઉતારી પાડવાનો પ્રયત્ન કર્યો નહીં. એ તેમની ચતુરાઈ હતી, કારણ કે તેમ કરવાથી અનાવશ્યક બળવાઓ ટાળી શકાયા હતા. એટલે તેમણે પોતાની જીવનશૈલીને નવું નામ આપ્યું : સૂર્યવંશી જીવનશૈલી.'

'શું તમે એમ કહી શકો કે આ પુરુષપ્રધાન અને નારીપ્રધાન તત્ત્વો માત્ર સંસ્કૃતિના સ્તરે જ અસ્તિત્વ ધરાવતાં હોય છે ?' શિવે પૂછ્યું, 'શું એ દરેક નર અને નારીની અંદર રહેલાં તત્ત્વો નથી ? શું દરેક માનવીમાં અમુક સૂર્યવંશી અને અમુક ચંદ્રવંશી ગુણો નથી હોતા ? અને એ માણસના જીવનમાં આવતી પરિસ્થિતિઓ અનુસાર, એ તત્ત્વોનો પ્રભાવ પણ બદલાતો રહે છે, એમ નથી હોતું ?'

'હા, એ તેં સત્ય કહ્યું. પરંતુ મોટાભાગના લોકોમાં એક કે બીજા તત્ત્વનો સ્પષ્ટ પ્રભાવ જણાતો હોય છે. તેમનામાં પુરુષપ્રધાન કે નારીપ્રધાન તત્ત્વમાંથી ગમે તે એક તત્ત્વ પ્રભાવી જોવા મળતું હોય છે.'

શિવે સહમતી દર્શાવી.

'તારે બંને પ્રકારની જીવનશૈલી જાણવી જોઈએ, કારણ કે એક વાર અનિષ્ટને ઓળખી લીધા પછી તારે જે તે લોકોની જીવનશૈલી અનુસાર તેમની સાથે એ અનિષ્ટ અંગે વાત કરવી પડશે. એ અનિષ્ટ સામે લડવા માટે તારે સૂર્યવંશીઓને એક રીતે તૈયાર કરવા પડશે અને ચંદ્રવંશીઓને બીજી રીતે તૈયાર કરવા પડશે.'

'મારે એ લોકોને શા માટે તૈયાર કરવા પડશે ? સૂર્યવંશીઓ કે ચંદ્રવંશીઓની શૂરવીરતા કોઈ પણ રીતે ઊતરતી હોય, તેમ હું નથી માનતો.'

'એને શૂરવીરતા સાથે કંઈ જ લેવાદેવા નથી, મિત્ર. યુદ્ધ શરૂ થયા પછી જ શૂરવીરતાની આવશ્યકતા રહેતી હોય છે. પરંતુ અનિષ્ટ સામેનું યુદ્ધ શરૂ કરવા માટે તમારે લોકોને સમજાવવા પડે છે, તૈયાર કરવા પડે છે. એ લોકોને અનિષ્ટ પ્રત્યેની લાગણી, ખેંચાણ, પ્રભાવથી મુક્ત કરવા તમારે તેમને તૈયાર કરવા પડતા હોય છે.'

'લાગણી ! પ્રભાવ ! અનિષ્ટનો !' શિવ દિગ્મૂઢ થઈ ગયા. 'હે પવિત્ર સરોવર, કોઈને અનિષ્ટ પ્રત્યે શા માટે લાગણી હોય ?'

પંડિતે સ્મિત કર્યું.

શિવે નિસાસો નાખ્યો, 'હવે પાછું શું થયું ? આ ક્ષણે વાત અટકાવી દેવાનું કારણ શું ? હું તૈયાર નથી ? સમય યોગ્ય નથી ?'

પંડિત ખડખડાટ હસ્યા, 'એ હું અત્યારે તમને નહીં સમજાવી શકું, નીલકંઠ. એ તું નહીં સમજી શકે. પરંતુ જ્યારે તું અનિષ્ટને ઓળખી લઈશ, ત્યારે મારે સમજાવવાની કોઈ આવશ્યકતા પણ રહેશે નહીં. જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ.'



પ્રકરણ ૪
દિવ્ય જ્યોતિથી પ્રકાશિત નગર

'રાજકુમાર સુર્પદમન ?' ભગીરથે સાશ્ચર્ય પૂછ્યું, 'અહીંયાં ?'

'હા, રાજકુમાર,' સિમંતકે ચિંતિત અવાજે કહ્યું.

ભગીરથે શિવ સામે જોયું. નીલકંઠે હા પાડી.

અયોધ્યાના રાજકુમારે સિમંતકને કહ્યું, 'રાજકુમાર સુર્પદમનને અંદર લાવો.'

થોડીક ક્ષણો પછી એક આકર્ષક માણસ અંદર ધસી આવ્યો. ઊંચા, સુદૃઢ અને શ્યામવર્ણા સુર્પદમનની મૂછો એકદમ જાડી હતી. તેની પર તેલ લગાવીને તેને બરોબર વળ ચડાવવામાં આવ્યો હતો. તેના લાંબા વાળ પણ એકદમ સરસ રીતે ઓળવામાં આવ્યા હતા અને તેના ભવ્ય મુગટની નીચે સારી રીતે ગોઠવાયેલા હતા. તેણે ગેરુઆ રંગની ધોતી અને શ્વેત અંગવસ્ત્ર ધારણ કરેલું હતું, જે ચંદ્રવંશી રાજવીની સરખામણીએ એકદમ સાદું લાગતું હતું. તેના શરીર પર યુદ્ધમાં પડેલા અસંખ્ય ઘાવ દેખાતા હતા, જેને ક્ષત્રિયો પોતાનું આભૂષણ માનતા.

તે સીધો જ શિવ પાસે ગયો અને નીચે બેસીને તેણે શિવના ચરણોમાં પોતાનું મસ્તક નમાવ્યું. 'પ્રભુ, છેવટે ભારતવર્ષમાં આપ પ્રગટ થયા, તે બહુ મોટા સન્માનની ઘટના છે.'

શિવને આશ્ચર્ય તો થયું પરંતુ તેઓ પાછા હઠ્યા નહીં, કારણ કે એમ કરવાથી ક્ષત્રિયને અપમાન થયું હોય, એમ લાગી શકે. તેમણે સુર્પદમનને આશીર્વાદ આપ્યા. 'આયુષ્માન ભવ, રાજકુમાર. હું કોણ છું એની આપને કઈ રીતે જાણ થઈ ?'

'દૈવી પ્રકાશ કઈ રીતે ગુપ્ત રહે, પ્રભુ,' કહીને સુર્પદમને ભગીરથ સામે ગૂઢ સ્મિત કર્યું. 'તેની પર ગમે તેટલાં જાડાં પડો ભલેને રાખવામાં આવે !'

ભગીરથે માથું હલાવીને સુર્પદમન સામે વળતું સ્મિત કર્યું.

'મને તારા ભાઈ વિષે સાંભળવા મળ્યું,' શિવે કહ્યું, 'મને એ સાંભળીને અત્યંત દુઃખ થયું છે.'

સુર્પદમન કશું જ બોલ્યો નહીં. તેણે વિનમ્રતાથી વંદન કરીને વિષય બદલી નાખ્યો, 'નીલકંઠનું જે રીતે વિધિપૂર્વક સ્વાગત કરવું જોઈએ, એ ન કરી શકવા માટે હું આપની ક્ષમા માંગુ છું, પરંતુ મારા પિતાજીને અમુક વાર સમજાવવા અત્યંત અઘરા થઈ પડે છે.'

'એમાં મને કોઈ જ વાંધો નથી. અને આમ પણ મને સન્માનવાનું કોઈ કારણ આજ સુધી મેં કોઈને આપ્યું પણ નથી. તો પછી તમે અહીંયાં જે કારણસર પધાર્યા છો, તેની જ વાત કેમ ન કરીએ, સુર્પદમન ?'

'પ્રભુ, હું ધારી લઉં છું કે આપનાથી તો કશું જ ગોપનીય રહેતું નથી. મારો ભાઈ

થોડાક દિવસો પહેલાં વનમાં તેના મિત્રો અને અમુક અંગરક્ષકો સાથે ગયો હતો અને ત્યાં જ તેની હત્યા કરવામાં આવી હતી. એમ માનવામાં આવી રહ્યું છે કે આવું ક્રૂર કૃત્ય અયોધ્યાએ જ કરાવ્યું હોય.'

'હું તમને ખાતરી આપું છું કે અમે એમ નથી કર્યું. . .' ભગીરથે કહેવા માંડ્યું પરંતુ સુર્પદમને હાથ બતાવીને તેને બોલતો અટકાવ્યો.

'હું એ જાણું જ છું, રાજકુમાર ભગીરથ,' સુર્પદમને કહ્યું, 'આ હત્યા અંગેની મારી માન્યતા અલગ જ છે.'

સુર્પદમને પોતાની કમરે બંધાયેલા વાટવામાંથી બ્રંગ પ્રદેશનો એક સોનાનો સિક્કો કાઢ્યો. શિવને પેલા લોકનાયક તરીકે જાણીતા નાગવંશીનો જેવો સિક્કો મળ્યો હતો, આ સિક્કો પણ તેવો જ હતો.

'પ્રભુ,' સુર્પદમને કહ્યું, 'મારા ભાઈના મૃતદેહ પાસેથી મને આ મળ્યો છે. આપને પણ અયોધ્યામાં કોઈ નાગવંશી પાસેથી આવો જ સિક્કો મળ્યો હતો, એમ મારું માનવું છે. શું આ સિક્કો એના જેવો જ છે ?'

ભગીરથ સુર્પદમન સામે આઘાતથી જોઈ રહ્યો. એ વિચારી રહ્યો હતો કે સુર્પદમનને આ બધી માહિતી ક્યાંથી મળી. સુર્પદમન પોતાનું ગુપ્તચર તંત્ર ગોઠવી રહ્યો છે, એવી અફવાઓ સાંભળવા મળતી હતી, એ સાચી હશે. અને એ તંત્ર મગધના એકદમ નકામા ગુપ્તચર તંત્રથી અલગ જ હશે.

શિવે સુર્પદમનના હાથમાંથી સિક્કો લીધો અને તેને તે નીરખવા લાગ્યા. તેમનું શરીર ક્રોધને કારણે તંગ થઈ ગયું, 'હું માનું છું કે એ વિચિત્ર નાગવંશી પકડાયો નહીં હોય.'

શિવની આવી તીવ્ર પ્રતિક્રિયા જોઈને સુર્પદમનને આશ્ચર્ય થયું. 'ના, પ્રભુ, અમને સાચે જ તેનું દુઃખ છે. મને ભય છે કે એ જે દરમાંથી બહાર આવ્યો હશે, તે દરમાં પાછો ઘૂસી ગયો હશે.'

શિવે સુર્પદમનને એ સિક્કો પાછો આપ્યો. એ શાંત થઈ ગયા હતા.

સુર્પદમને ભગીરથ સામે જોયું. 'મારે માત્ર આટલી જ ખાતરી કરવી હતી, રાજકુમાર. હું મારા પિતાજીને એવો અહેવાલ આપીશ કે એક નાગવંશી દ્વારા મગધ પર થઈ રહેલા ત્રાસવાદી આક્રમણને અટકાવવા જતાં મારો ભાઈ, રાજકુમાર ઉગ્રસેન, શૂરવીરતાથી લડ્યો અને વીરગતિ પામ્યો. એ અહેવાલમાં હું એમ પણ જણાવીશ કે એ ઘટના સાથે અયોધ્યાને કશી જ લેવાદેવા નથી. મને વિશ્વાસ છે કે બે મહાન ચંદ્રવંશી રાજ્યો વચ્ચે અનાવશ્યક યુદ્ધ થાય એમ તો તમે પણ ઇચ્છતા નહીં હોવ. વિશેષતઃ ત્યારે તો નહીં જ જ્યારે આપણે સૂર્યવંશીઓ સામે આવા પરાજયનો સામનો કરવો પડ્યો હોય.'

છેલ્લી ટિપ્પણી પ્રહાર સમાન હતી. ધર્મખેત ખાતે મેલુહાની સેના સામે અયોધ્યાની સેના પોતાની અયોગ્ય આગેવાનીને કારણે ભયાનક પરાજય પામી હતી, એટલે ચંદ્રવંશીઓમાં તેમનું માન પણ ઘટ્યું હતું.

'તમારા આ શબ્દોને કારણે અમારી ભયાનક ચિંતા ટળી છે, રાજકુમાર સુર્પદમન,' ભગીરથે કહ્યું, 'અયોધ્યા મગધ પ્રત્યે મૈત્રીની ભાવના જ ધરાવે છે, એની હું આપને બાંયધરી આપું છું. અને આપના ભાઈના આવા અપમૃત્યુ માટે હું અયોધ્યા વતી આધિકારિક રીતે અમારું દુઃખ પ્રગટ કરું છું.'

સુર્પદમને વિનમ્રતાથી એ વાત સ્વીકારી. પછી નમીને શિવને વંદન કરીને તે બોલ્યો, 'પ્રભુ, મને સમજાય છે કે આપ સ્વયં પણ એ નાગવંશી પર અત્યંત ક્રુદ્ધ છો. એટલે ખાસ કરીને એ રાક્ષસ સાથે જ્યારે આપ યુદ્ધમાં ઊતરો ત્યારે આપની સેવાની તક મને અવશ્ય

આપજો.'

શિવને સુર્પદમનની વાત સાંભળીને આશ્ચર્ય થયું. અત્યાર સુધી સુર્પદમને એવું કળાવા નહોતું દીધું કે તે પોતાના ભાઈ પ્રત્યે પ્રેમ ધરાવે છે કે તેના અપમૃત્યુનો પ્રતિશોધ લેવા ઇચ્છે છે.

'પ્રભુ, એ ગમે તેવો ભલે ને હોય,' સુર્પદમને કહ્યું, 'છેવટે એ મારો ભાઈ હતો. તેની હત્યાનો પ્રતિશોધ તો મારે લેવો જ રહ્યો.'

'એ નાગવંશીએ મારા ભાઈની પણ હત્યા કરી છે, રાજકુમાર સુર્પદમન,' શિવે મેલુહાના પ્રમુખ વૈજ્ઞાનિક અને પોતાના સગા ભાઈ જેવા મિત્ર બની રહેલા બૃહસ્પતિને સ્મરતાં કહ્યું. 'યોગ્ય સમયે હું તમને અવશ્ય બોલાવીશ.'



શિવનો કાફલો ચૂપચાપ મગધની બહાર નીકળી ગયો. શિવે નીલકંઠ બન્યા પછી ઘણાં નગરોની મુલાકાત લીધી હતી પરંતુ અયોધ્યા અને મગધ એ માત્ર બે જ એવાં નગરો હતાં જેમણે શિવને કોઈ પણ જાતના સંમેલન કે ઉત્સવ વિના જ વિદાય આપી હતી. મગધમાં તો તેમનું આગમન અને વિદાય મોટાભાગના લોકોથી ગુપ્ત જ રાખવામાં આવ્યાં હતાં. જોકે શિવ મગધના બંદરેથી વિદાય લે એ પહેલાં સુર્પદમન છદ્મવેશ ધરીને નીલકંઠને વંદન કરવા આવી પહોંચ્યો હતો.

વહાણોનો કાફલો મેલુહાની પદ્ધતિ અનુસાર જ ગોઠવાયો હતો. નીલકંઠ અને તેમના સાથીઓ જે વહાણમાં હતા તેની ચારે બાજુ એક એક વહાણ ગોઠવાયું હતું. એટલે ગમે તે દિશામાંથી આક્રમણ થાય, શત્રુએ નીલકંઠના વહાણ સુધી પહોંચતા પહેલાં એક આખું વહાણ ભરેલા સૈનિકો સાથે લડવું જ પડે. આ ગોઠવણમાં સૌથી મહત્ત્વનો ભાગ આગળ રહેલું વહાણ ભજવતું હતું. તે સમગ્ર કાફલાની ગતિનું પણ નિયમન કરતું હતું. તેણે ગતિ એટલી ધીમી રાખવાની હતી કે જેથી આગળથી નીલકંઠના વહાણ પર કોઈ પણ આક્રમણ થાય, તો તેમનું રક્ષણ કરી શકે અને એટલી ઝડપ પણ જાળવવાની હતી કે જેથી આક્રમણના સમયે શિવના વહાણને છટકી જવા પૂરતી જગ્યા એ બંને વહાણો વચ્ચે જળવાઈ રહે. એક ચંદ્રવંશી કપ્તાન આગળના વહાણને સંભાળી રહ્યો હતો અને તે બહુ અયોગ્ય રીતે આ મુશ્કેલ કામ કરી રહ્યો હતો. તે અત્યંત ગતિપૂર્વક આગળ વધી રહ્યો હતો. સંભવતઃ તે પોતાના વહાણની ગતિનું બધા સમક્ષ પ્રદર્શન કરવા ઇચ્છતો હતો. તેના કારણે તેના અને શિવના વહાણ વચ્ચે અવારનવાર અંતર વધી જતું હતું. એવું થાય ત્યારે પર્વતેશ્વરે પોતાના વહાણમાંથી શિંગ ફૂંકીને આગળના વહાણના કપ્તાનને ધીમો પડવા માટે ચેતવવો પડતો હતો.

આ વાતથી કંટાળીને પર્વતેશ્વરે એવો નિર્ણય લીધો હતો કે તે પોતે જ મુખ્ય વહાણમાં સવારી કરીને એ કપ્તાનને કઈ રીતે ચોકસાઈપૂર્વક સમગ્ર કાફલાને આગળ વધારવો તે અંગે બે-ચાર વાતો શીખવશે. એટલે જ્યારે કોઈક અગમ કારણો ધરીને આનંદમયીએ પણ એ જ વહાણ પર આવવાનું નક્કી કર્યું ત્યારે પર્વતેશ્વર અત્યંત ચિંતામાં પડી ગયા.

'આપણે આટલાં ધીમે કેમ ચાલી રહ્યા છીએ ?' આનંદમયીએ પૂછ્યું.

પર્વતેશ્વર આગળના વહાણના તૂતક પર ઊભા હતા. આનંદમયીનો અવાજ સાંભળીને તેમણે પાછળ જોયું. આનંદમયી ધીમે-ધીમે ચાલતી તેમની બાજુમાં આવીને ઊભી રહી ગઈ

હતી, તેનો તેમને ખ્યાલ આવ્યો નહીં. એ વહાણના કઠેડા પર પોતાની પીઠ ટેકવીને ઊભી હતી. તેની કોણીઓ કઠેડા પર ટેકવાયેલી હતી અને તેણે એક પગ પણ પાછળથી વાળીને નીચેના કઠેડા પર ટેકવ્યો હતો. આમ પણ તે ટૂંકી ધોતી પહેરતી હતી અને આવી રીતે ઊભા રહેવાને કારણે એ ધોતી વધારે ઊંચી ચડી ગઈ હતી અને તેનું ઉત્તેજક દેહલાલિત્ય વધારે પડતું જ પ્રદર્શિત થઈ રહ્યું હતું. પર્વતેશ્વર આ દૃશ્યથી વિચલિત થઈ ગયા અને એક ડગલું પાછળ હઠી ગયા.

'આ તો નૌસેના દ્વારા રચવામાં આવેલી સંરક્ષણની પંક્તિ છે, રાજકુમારી,' જાણે કોઈ નાના બાળકને ગણિતનું અઘરું સમીકરણ સમજાવી રહ્યા હોય, તેમ પર્વતેશ્વરે કહ્યું, 'તમને સમજાવવા માટે મારું આખું જીવન ઓછું પડશે.'

'એટલે હું તમારી સાથે આખું જીવન ગાળું એમ તમારું કહેવું છે ? બુદ્ધા રાક્ષસ છો તમે, સેનાપતિ.'

પર્વતેશ્વરનું મુખ લાલ થઈ ગયું.

'ઠીક છે,' આનંદમયીએ કહ્યું, 'તમને એક સીધી વાત જણાવી દેવામાં મને આખું જીવન નહીં લાગે. આપણી આગળનું વહાણ આટલું ધીમું રાખવાને બદલે અહીંથી મુખ્ય વહાણ સુધી જેટલું અંતર જાળવવાનું હોય તેટલું લાબું દોરડું કાપીને તેને મુખ્ય વહાણ સાથે બાંધી દો. પછી આ વહાણના પાછળના ભાગે જ્યાં દોરડું બાંધ્યું હોય, ત્યાં એક સૈનિક ઊભો રાખો. જ્યારે પણ એ દોરડું પાણીને સ્પર્શે ત્યારે એ માણસ શિંગ ફૂંકે અને એ સાંભળીને આપણો કપ્તાન આ વહાણની ગતિ વધારી દે. એમ જ, જો દોરડું વધારે પડતું તંગ બની જાય, તો પણ તે ચોક્કસ અવાજે શિંગ ફૂંકે અને કપ્તાન તે અનુસાર વહાણની ગતિ ઘટાડી દે.'

કહીને આનંદમયીએ પોતાના કેશમાં આંગળીઓ ફેરવીને તેને સીધા કરવાનો પ્રયત્ન કર્યો. 'એનાથી આપણો ઘણો સમય પણ બચશે અને હું આ ઝૂંપડી જેવા કક્ષમાંથી કાશીના મહેલમાં વહેલી પહોંચી શકીશ.'

પર્વતેશ્વરને આનંદમયીનું આ સૂચન ગમ્યું હતું. 'આ તો ઉત્તમ સૂચન છે ! કપ્તાન તાત્કાલિક તેની પર અમલ કરે એવો આદેશ હું આપું છું.'

આનંદમયીએ પોતાનો નાજુક હાથ લંબાવીને, પર્વતેશ્વરને પકડ્યા અને તેમને પાછા ખેંચ્યા. 'એવી શું ઉતાવળ છે, પર્વુ ? થોડીક ક્ષણોમાં કંઈ પર્વત તૂટી પડવાનો નથી. થોડી વાર મારી સાથે વાત કર.'

પોતાના નામમાં થયેલા સુધારા અને આનંદમયીના સ્પર્શને કારણે પર્વતેશ્વર લાલઘૂમ થઈ ગયા હતા. તેમણે આનંદમયીના હાથ સામે જોયું.

આનંદમયીએ તરત જ પોતાનો હાથ પાછો ખેંચી લીધો, 'એ જરા પણ અસ્વચ્છ નથી, સેનાપતિ.'

'હું એમ નહોતો સૂચવી રહ્યો, રાજકુમારી.'

'તો શું ?' આનંદમયીએ પૂછ્યું. તેના અવાજમાં થોડીક કર્કશતા આવી ગઈ હતી.

'હું કોઈ પણ સ્ત્રીનો સ્પર્શ ન કરી શકું, રાજકુમારી. ખાસ કરીને તમારો તો નહીં જ. મેં આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધેલું છે.'

આનંદમયી દિગ્મૂઢ થઈ ગઈ. તે પર્વતેશ્વરને એવી રીતે જોઈ રહી, જાણે તે પરગ્રહવાસી હોય. 'ઊભા રહો ! તમે એમ કહેવા માંગો છો કે તમે ૧૮૦ વર્ષના કુંવારા કુમાર છો ?'

આવી વાતથી અપમાન અનુભવતા પર્વતેશ્વરે અવળા ફરીને ત્યાંથી ચાલી જવાનું જ

ઉચિત સમજ્યું. આનંદમયી ખડખડાટ હસવા માંડી.



વિશ્વધુમનને હળવાં પગલાં સંભળાયાં. તેણે તરત જ પોતાની તલવાર ખેંચી કાઢી અને પોતાની ટુકડીને સતર્ક રહેવાનો ઇશારો કર્યો.

રાજકુમાર ઉગ્રસેન અને તેની ટુકડી સાથે થયેલા ઘર્ષણ પછી તેમની ટુકડી મગધની દક્ષિણે આવેલાં જંગલોમાં ઊંડી ઊતરી ગઈ હતી. નાગવંશી ગંભીર રીતે ઘવાયો હતો અને તે લાંબી યાત્રા કરવા હજુ પણ સક્ષમ બન્યો નહોતો. એના જીવન પર કોઈ પણ જાતનું જોખમ ન આવે એવી રીતે એ લોકો શક્ય એટલી ગતિથી આગળ વધ્યા હતા, કારણ કે ક્રુદ્ધ મગધવાસીઓ પોતાના રાજકુમારના હત્યારાઓને શોધવા માટે જંગલનો ખૂણેખૂણો ફેંદી રહ્યા હતા.

વિશ્વધુમને મનોમન આશા કરી કે તેને જે અવાજ સંભળાયો છે તે કોઈ મગધવાસીનો ન હોય, તો સારું. તેમના સ્વામી યુદ્ધ કરવાની કે ભાગી છૂટવાની અવસ્થામાં નહોતા.

‘તારી તલવાર નીચે મૂક, નકામા માણસ,’ એક મક્કમ સ્ત્રૈણ અવાજ સંભળાયો, ‘જો મારે તને મારવો જ હોત, તો તેં તલવાર ખેંચી એ પહેલાંનો મેં તને મારી નાખ્યો હોત.’

વિશ્વધુમન આ કર્કશ અવાજને ઓળખી શક્યો નહીં. કદાચ લાંબી યાત્રા કરવાને કારણે કે પછી શિયાળાની ઠંડીને કારણે બોલનારીનો અવાજ બદલાઈ ગયો હતો. જોકે તેને બોલનાર કોણ છે, એ તો સમજાઈ જ ગયું હતું. તેણે ત્વરાથી પોતાની તલવાર નીચે મૂકીને વંદન કર્યાં.

નાગવંશીઓની મહારાણી વૃક્ષ પાછળથી પોતાના અશ્વ ઉપર પ્રગટ થઈ. તેની પાછળ તેનો વિશ્વાસુ વડા પ્રધાન કર્કોટક અને તેના પચાસ ચૂંટેલા અંગરક્ષકો હતા.

‘મેં તને માત્ર એક સરળ કામ સોંપ્યું હતું,’ મહારાણીએ ફૂંફાડો માર્યો, ‘તું તારા સ્વામીની પણ રક્ષા નથી કરી શકતો ? એ પણ શું એટલું અઘરું કામ છે ?’

‘દેવી,’ વિશ્વધુમને ગભરાઈને કહ્યું, ‘પરિસ્થિતિ અચાનક જ નિયંત્રણ બહાર. . .’

‘ચૂપ થઈ જા !’ કહીને મહારાણીએ પોતાના અશ્વની લગામ એક સૈનિકના હાથમાં સોંપી અને અશ્વ પરથી ઊતરીને તે ઝડપથી ખુલ્લી જગ્યાની વચ્ચે બાંધવામાં આવેલા તંબૂ ભણી દોડી ગઈ.

નાનકડા તંબૂમાં પ્રવેશીને તેણે પોતાનું મહોરું દૂર કર્યું. ઘાસની પથારીમાં તેનો ભાણિયો, લોકનાયક, પડ્યો હતો. તેના શરીર પર પાટા બાંધેલા હતા અને તેનો દેહ દુર્બળ થઈ ગયેલો જણાતો હતો.

મહારાણીએ પોતાના ભાણિયાને સચિંત સ્વરે પૂછ્યું, ‘શું હવે આપણે આદિવાસીઓ સાથે પણ સંધિ કરી લીધી છે ?’

નાગવંશીએ પોતાની આંખો ખોલીને સ્મિત કર્યું. તે ધીમા સ્વરે બોલ્યો, ‘ના, મહારાણી.’

‘તો પછી, હે પરમાત્મા, તું મને એમ સમજાવ કે એક આદિવાસી સ્ત્રીનું જીવન બચાવવા માટે તું તારું જીવન શા માટે દાવ પર લગાડી રહ્યો છે ? તું મને આટલું દુઃખ કેમ આપી રહ્યો છે ? શું મારા માથે ઓછો ભાર છે ?’

‘મને ક્ષમા કરો, માસી. શું મેં આપની સૌથી મોટી ચિંતા દૂર નથી કરી આપી ?’

'હા, એ તો કરી આપી છે. અને માત્ર એ કારણથી જ તો હું આટલે દૂર માત્ર તારા માટે આવી છું. તારા એ કૃત્યથી બધા જ નાગવંશીઓ માટે તું પૂજ્ય બની ગયો છે. પરંતુ તારું કર્મ હજુ સંપૂર્ણ નથી થયું. હજુ તારે ઘણા કામ કરવાના છે. અને તું જે કામને યોગ્ય ન માનતો હોય, તેને કોઈ નપાવટ રાજવી કરતો હોય, તો તેને અટકાવવો, એ તારું કામ નથી. આ દેશમાં આવા કેટલાય નપાવટ રાજવીઓ છે જે પોતાના લોકોનું શોષણ કરતા જ રહે છે. શું આપણે એ બધા સામે લડવા જઈશું ?'

'આ વાત એટલી સરળ નથી, માસી.'

'હા, એકદમ સરળ જ છે. મગધનો રાજકુમાર કંઈક ખોટું કરી રહ્યો હતો. પરંતુ આ પૃથ્વી પરના દરેક ખોટું કરતા માણસને અટકાવવાનું કર્તવ્ય તારું નથી. તું કંઈ રૂદ્ર ભગવાન નથી.'

'એ બળદોની દોડસ્પર્ધા માટે એક બાળકનું અપહરણ કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.'

મહારાણીએ નિસાસો નાખ્યો, 'એવું બધે જ થઈ રહ્યું છે. એવું હજારો બાળકો સાથે થાય છે. બળદોની દોડ આ લોકોને રોગની જેમ લાગુ પડી છે. તું કેટલા લોકોને અટકાવીશ ?'

'એ કંઈ બાળકનું અપહરણ કરીને અટકવાનો નહોતો,' નાગવંશી ધીમેથી બોલ્યો, 'એ પેલા છોકરાની માતાને મારી નાખવાનો હતો કારણ કે એ મા પોતાના બાળકની રક્ષા કરવાનો પ્રયત્ન કરી રહી હતી.'

મહારાણી ટટ્ટાર થઈ. તેનામાં ક્રોધનો ઊભરો આવ્યો.

'એવી મા બહુ ઓછી હોય છે,' નાગવંશીના અવાજમાં ભાગ્યે જ વરતાતી લાગણીનો રણકો ભળ્યો હતો. 'એવી માતાઓનું રક્ષણ કરવું જ જોઈએ.'

'બહુ થયું ! આ વાત ભૂલી જવાનું મેં તને કેટલી વાર કહ્યું છે ?'

મહારાણીએ પોતાનું મહોરું પાછું ચડાવ્યું અને તે તંબુની બહાર ધસી ગઈ. તેના સૈનિકોનાં મસ્તક ઝૂકેલાં હતાં કારણ કે એ બધા લોકો તેના ક્રોધથી ભય અનુભવતા હતા. 'કર્કોટક !'

'આજ્ઞા, દેવી.'

'આપણે એક કલાકમાં નીકળીશું. આપણે સ્વગૃહે જઈ રહ્યાં છીએ. તૈયારીઓ કરવા માંડો.'

લોકનાયક કોઈ પણ રીતે યાત્રા કરી શકે તેમ નહોતો. કર્કોટક એ જાણતો હતો. 'પરંતુ, દેવી. . .'

મહારાણીએ તીણી દૃષ્ટિથી તેની સામે જોયું એટલે તેનું વાક્ય અધૂરું જ રહી ગયું.



ત્રણ સપ્તાહથી થોડોક વધારે સમય થયો ત્યારે શિવનો કાફલો દિવ્ય જ્યોતિથી પ્રકાશિત કાશી નગરી પહોંચવા આવ્યો હતો. ગંગા નદી ઉત્તર દિશામાં બહુ મોટો વળાંક લઈને પાછી પૂર્વ દિશામાં વહેવા માંડતી હતી, તે વળાંક આગળ જ એ નગર વસેલું હતું. જો વિહંગાવલોકન કરવામાં આવે તો ત્યાં બીજના ચંદ્ર જેવો આકાર પડતો હતો, જે ચંદ્રવંશીઓનું પ્રતીક પણ માનવામાં આવતું હતું. એટલે સ્વદીપવાસીઓ તો કાશીને

ચંદ્રવંશીઓનું જ નગર માનતા હોય, તે સ્વાભાવિક હતું.

કાશીમાં પણ આગવી અંધશ્રદ્ધાઓ પ્રવર્તતી હતી. નગરને નદીના માત્ર પશ્ચિમ કાંઠે જ વસાવવામાં આવ્યું હતું અને પૂર્વ કાંઠો ઉજ્જડ જ હતો. એમ માનવામાં આવતું હતું કે જે પણ કાશીના પૂર્વ કાંઠે ઘર બાંધે છે, દુર્ભાગ્ય તેને ખેદાનમેદાન કરી નાખે છે. એટલે કાશીના રાજપરિવારે પૂર્વ કિનારાની તમામ ધરતી ખરીદી લીધી હતી અને કોઈ ભૂલથી પણ દુર્ભાગ્યનો ભોગ ન બને માટે ત્યાં જવાનો સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

શિવનું વહાણ આ ધમધમતા નગરના વિખ્યાત અને મુખ્ય બંદર મનાતા અસ્સી ઘાટની દિશામાં આગળ વધી રહ્યું હતું, ત્યારે ઘાટ ઉપર ઊભેલા લોકો આરતી કરવા માટે જોરશોરથી ઢોલ વગાડવા માંડ્યા હતા.

'આ તો સુંદર નગર છે,' સતી પોતાના પેટ પર હાથ ફેરવતાં બોલી.

શિવે તેની સામે જોયું અને સસ્મિત તેનો હાથ પકડી, પહોંચા પર ચુંબન કર્યું અને તેને પોતાની છાતી પર મૂક્યો. 'હું જાણતો નથી કે કેમ, પણ આ નગર મને મારું ઘર હોય, એમ લાગવા માંડ્યું છે. આપણા બાળકનો જન્મ અહીં જ થવો જોઈએ.'

સતીએ વળતું સ્મિત કર્યું, 'હા. આ નગરમાં જ થશે.'

આટલે દૂરથી પણ ભગીરથ અયોધ્યાના અમુક ઉમરાવોને ઓળખી શકતો હતો. એ લોકો કાશીના ઉચ્ચવર્ગ સાથે આમથી તેમ બેબાકળા થઈને ફરી રહ્યા હતા અને પોતાના સેવકોને પોતાના કુળનો ધ્વજ સૌથી ઊંચો ફરકાવવાની બૂમો પાડી રહ્યા હતા. મહાદેવ એની નોંધ લે અને તેમની પર કૃપા વરસાવે એવું તેઓ ઇચ્છતા હતા. જોકે નીલકંઠનું ધ્યાન કોઈ બીજી જ અસામાન્ય વાતની દિશામાં ખેંચાયું હતું.

'ભગીરથ,' શિવે ડાબી બાજુ ફરતાં કહ્યું, 'આ નગર ફરતે કોઈ કોટ તો છે નહીં. હે પવિત્ર સરોવર, આ નગરના રક્ષણનું શું ?'

'અરે ! એ તો બહુ જ લાંબી વાત છે, પ્રભુ,' ભગીરથે કહ્યું.

'મારી પાસે એ વાત સાંભળવા જોઈએ તેટલો સમય છે. મને બધી જ વાત જણાવ, કારણ કે આ દૃશ્ય મેં ભારતમાં જોયેલું સૌથી વિચિત્ર દૃશ્ય છે.'

'પ્રભુ, આ વાર્તા શરૂ થાય છે એ અસ્સી ઘાટથી, જ્યાં આપણું વહાણ લાંગરવાનું છે.'

'અચ્છા.'

'આ ઘાટને એંસી પગથિયાં છે, એટલે તેનું નામ અસ્સી ઘાટ પડ્યું છે, એવું નથી, કે પછી આસપાસમાં વહેતી નાની-નાની એંસી નદીઓને કારણે પણ એ નામ નથી પડ્યું. અહીંયાં એક વધ કરવામાં આવ્યો હતો, એટલે એ નામ પડ્યું છે. વાસ્તવમાં એક દિવસમાં જ એંસી વધ કરવામાં આવ્યા હતા એટલે તેનું નામ અસ્સી ઘાટ પડ્યું છે.'

'ભગવાન રામ કૃપા કરે,' સતીને સાચે જ આઘાત લાગ્યો હતો. 'એ દુર્દૈવી લોકો કોણ હતા ?'

'એ જરા પણ દુર્દૈવી લોકો નહોતા, દેવી,' ભગીરથે કહ્યું, 'એ લોકો તો ઇતિહાસના સૌથી ભયાનક અપરાધીઓ હતા. ભગવાન રૂદ્રએ યુદ્ધના અપરાધ બદલ અસુરોના રાજવી પરિવારના એંસી સભ્યોનો અહીં જાહેરમાં વધ કર્યો હતો. ઘણા લોકો એમ માને છે કે દેવો અને દાનવો વચ્ચે થકવી નાખનારા લાંબા યુદ્ધને કારણે અસુરોના ત્રાસનો અંત નહોતો આવ્યો, ભગવાન રૂદ્રએ આ પગલું ભર્યું એ પછી તેનો અંત આવ્યો હતો. પોતાના મહત્ત્વના આગેવાનો ગુમાવ્યા પછી અસુરોનું દેવો વિરુદ્ધનું યુદ્ધ ધીમે ધીમે નબળું પડતું ગયું હતું.'

'અને પછી ?' શિવે પૂછ્યું. અયોધ્યાના વાસુદેવ પંડિતે તેમને કહ્યું હતું કે અસુરો

અનિષ્ટ નહોતા.

કોણે કહ્યું કે અસુરો અનિષ્ટ હતા ?

‘અને પછી, કંઈક વિચિત્ર બની ગયું. એ ઘટનાના થોડાક સમય પછી જ ઇતિહાસે જોયેલા સૌથી મહાન અને ભયાનક યોદ્ધાઓમાંના એક એવા ભગવાન રૂદ્રએ હિંસાનો માર્ગ ત્યજી દીધો.

દેવ-અસુર યુદ્ધમાં જેના કારણે મોટા પાયે જાનહાનિ થઈ હતી, તે દૈવી અસ્ત્રોના ઉપયોગ પર તેમણે પ્રતિબંધ ફરમાવ્યો. તેમણે એમ કહ્યું હતું કે જે કોઈ પણ આ દૈવી અસ્ત્રનો ઉપયોગ કરશે તેને ભગવાન સ્વયં પરચો આપશે અને પોતાની અહિંસાની પ્રતિજ્ઞા તોડીને તેઓ એ અસ્ત્ર વાપરનારની સાત પેઢીઓનો નાશ સ્વયં કરશે.’

‘ભગવાન રૂદ્રએ દૈવી અસ્ત્રો અંગે જે આદેશ આપ્યો હતો, તે હું બરોબર જાણું છું,’ સતીએ કહ્યું. મહાદેવે દૈવી અસ્ત્રો પર પ્રતિબંધ ફરમાવ્યો હતો તે અંગે તમામ મેલુહાવાસીઓ જાણતા હતા. ‘જોકે તેની પાછળ આવી કોઈ વાત રહેલી છે, તે હું નહોતી જાણતી. મહાદેવે એવો આદેશ શા કારણે ફરમાવ્યો હતો ?’

‘એ તો હું નથી જાણતો, દેવી,’ ભગીરથે કહ્યું.

હું જાણું છું , શિવે મનોમન કહ્યું. એ સમયે રૂદ્ર ભગવાનને એમ સમજાયું હશે કે અસુરો અનિષ્ટ નથી , માત્ર અલગ છે. એટલે તેઓ દોષની ભાવનાથી પીડાવા માંડ્યા હશે.

‘જોકે આ વાર્તા ત્યાં પૂરી નથી થતી. ભગવાન રૂદ્રએ એમ પણ ઘોષણા કરી કે અસ્સી ઘાટ અને કાશી હવે પવિત્ર બની ગયા છે. એવું કેમ થયું છે એ તેમણે સમજાવ્યું નહીં પરંતુ એ સમયના લોકોએ એમ ધારી લીધું હતું કે આ સ્થળને કારણે યુદ્ધનો અંત આવ્યો એટલે તે પવિત્ર બની ગયું હશે. રૂદ્ર ભગવાને એમ પણ ફરમાવ્યું હતું કે હવે પછી ક્યારેય અસ્સી ઘાટ પર કોઈની હત્યા કરવામાં આવશે નહીં. ક્યારેય નહીં. આ સ્થળનો હંમેશા આદર કરવામાં આવશે. અસ્સી ઘાટ અને કાશી તમામ પાપી મુલાકાતીઓના પાપ ધોઈ નાખશે અને જેના મૃતદેહની અંતિમ વિધિ અહીંયાં કરવામાં આવશે, તેમના આત્માને મોક્ષ મળશે.’

‘રસપ્રદ વાત છે,’ સતીએ કહ્યું.

‘કાશીના રાજાઓ ભગવાન રૂદ્રના ચુસ્ત અનુયાયીઓ રહ્યા છે એટલે તેમણે અસ્સી ઘાટ કે કાશીમાં તો કોઈની પણ હત્યા કરવા પર પ્રતિબંધ મૂક્યો જ, પરંતુ તેમણે કોઈ પણ રાજ્યના લોકોની અંતિમક્રિયા માટે પણ આ ઘાટ ખુલ્લો મૂકી દીધો. એ માટે તેમણે કોઈ પણ જ્ઞાતિ, જાતિ કે લિંગના ભેદ રાખ્યા નહીં. અહીંયાં દરેકને મોક્ષ પ્રાપ્ત થાય છે. સમય જતાં, કાશી મોક્ષનું દ્વાર છે એ માન્યતા બધે જ ફેલાઈ ગઈ અને મોટી સંખ્યામાં લોકો પોતાના જીવનના અંતિમ દિવસો પસાર કરવા અહીં આવવા લાગ્યા. અસ્સી ઘાટ પર આટલી મોટી સંખ્યામાં મૃતક લોકોને સમાવી શકાય એમ નહોતા એટલે અહીં અંતિમક્રિયાઓ બંધ કરવામાં આવી અને આ નગરના જ અન્ય એક મણિકર્ણિકા નામના વિશાળ ઘાટ પર એ કામ શરૂ કરવામાં આવ્યું.’

‘પરંતુ આ બધી વાતને નગર ફરતે કિલ્લો ન હોવા સાથે શું લેવા-દેવા ?’ શિવે પૂછ્યું.

‘મુદ્દો એ છે કે જો સ્વદીપના સૌથી પ્રભાવી લોકો પણ અહીં એમ માનીને પોતાના મૃત્યુ સમયે આવતા હોય કે અહીં તેમનાં પાપ ધોવાઈ જશે અને તેમના આત્માને મોક્ષ મળશે, તો પછી એવા બહુ ઓછા હશે જે કાશીનો નાશ કરવા ઇચ્છતા હોય કે પછી કાશી સતત યુદ્ધોમાં વ્યસ્ત રહે એવું ઇચ્છતા હોય. ઉપરાંત, કાશીના રાજા પણ ભગવાન રૂદ્રના અહિંસાના આદેશને તેના તાર્કિક અંત સુધી લઈ ગયા. કાશીના રાજાએ સાર્વજનિક રીતે એવી પ્રતિજ્ઞા લીધી કે તેઓ કે તેમના વંશજો ક્યારેય યુદ્ધમાં ભાગ લેશે નહીં. વાસ્તવમાં,

તેમણે આત્મરક્ષણ સિવાય તમામ પ્રકારની હત્યાઓ બંધ કરાવી દીધી હતી. અને તેમની આ પ્રતિજ્ઞા માત્ર નામ પૂરતી નથી પરંતુ તેઓ તેનું સાચે જ પાલન કરવા માંગે છે, એમ સાબિત કરવા તેમણે નગર ફરતેનો કોટ પડાવી દીધો અને તેની જગ્યાએ વર્તુળાકારે માર્ગનું નિર્માણ કરાવી દીધું. પછી એ માર્ગને કિનારે કિનારે તેમણે મંદિરો બંધાવવા માંડ્યાં કે જેથી આ નગરનો પ્રથમદર્શી દેખાવ જ આધ્યાત્મિક બની ગયો.'

'કોઈએ આજ સુધી કાશી પર આક્રમણ જ નથી કર્યું ?'

'ઊલટાનું, પ્રભુ,' ભગીરથે કહ્યું, 'તેમની રૂદ્ર ભગવાન પ્રત્યેની નિષ્ઠાને કારણે તો કાશી અત્યંત પવિત્ર નગર મનાવા માંડ્યુ. કોઈ તેની પર આક્રમણ કરવાનું વિચારે પણ નહીં કારણ કે એમ કરવું એ તો રૂદ્ર ભગવાનનું અપમાન કર્યા બરાબર મનાય. એના બદલે તે પરમ શાંતિનું નગર બન્યું અને એ કારણે જ અત્યંત સમૃદ્ધ પણ થયું. સમગ્ર સ્વદીપના પીડિત લોકોને અહીંયાં શાંતિ મળે છે. વેપારીઓને પણ આ જગ્યા પોતાના વેપારના કેન્દ્ર તરીકે સૌથી સુરક્ષિત લાગી. શાંતિ અને સ્વદીપના અન્ય કોઈ પણ રાજ્ય સાથેનું જોડાણ ન હોવાથી કાશીમાં અદ્‌ભુત સ્થિરતા વ્યાપી ગઈ.'

'એટલે જ અહીં ઘણા બ્રંગ લોકો જોવા મળે છે ?'

'હા, પ્રભુ. બીજે ક્યાં એ લોકોને આટલી સુરક્ષા મળી શકે ? કાશીમાં રહેલું દરેક જણ એકદમ સુરક્ષિત છે. જોકે આ બ્રંગ લોકોએ તો કાશીની ધીરજની પણ કસોટી કરી લીધી છે.'

'સાચે જ ?'

'આમ જોવા જઈએ તો એ લોકો કોઈની સાથે બહુ ભળે એવા નથી. કાશી આમ પર પંચરંગી નગર છે અને અહીંયાં કોઈને પોતાની જીવનશૈલી બદલવા માટે દબાણ કરવામાં આવતું નથી. પરંતુ બ્રંગ લોકોને પોતાનો અલાયદો વિસ્તાર જોઈતો હતો, કારણ કે તેમની અમુક આગવી પરંપરાઓ હોય છે. એટલે કાશીના રાજપરિવારે કાશીના નાગરિકોને એમ ફરમાવ્યું કે આ બ્રંગ લોકોને તેમની માતૃભૂમિમાં ઘણું સહન કરવું પડ્યું છે એટલે અહીં કાશીમાં તેમને સુખેથી રહેવા દેવામાં આવશે. પરંતુ મોટાભાગના લોકો માટે એ અઘરું થઈ પડ્યું. એવી અફવા પણ સાંભળવા મળે છે કે અમુક વર્ષો પહેલાં તો પરિસ્થિતિ એટલી વણસી ચૂકી હતી કે કાશીના રાજા બ્રંગ લોકોને નિષ્કાસિત કરવાનું પણ વિચારી ચૂક્યા હતા.'

'પછી શું થયું ?' શિવે પૂછ્યું.

'સદ્‌ભાવના જે ન કરી શકી, તે કામ સોનાએ કરી બતાવ્યું. બ્રંગ સૌથી ધનવાન ભૂમિ છે. બ્રંગના રાજાએ કાશીના વાર્ષિક કર ઉઘરાણાથી દસ ગણું સોનું કાશીના રાજાને મોકલી આપ્યું. એટલે એ નિષ્કાસનની વિચારણા પડતી મૂકવામાં આવી.'

'બ્રંગના રાજા એવા લોકોને બચાવવા શા માટે પોતાનું ધન વાપરે જેમણે પોતાની માતૃભૂમિનો જ ત્યાગ કર્યો હોય ?'

'એ હું નથી જાણતો, પ્રભુ. એને આપણે બ્રંગ લોકોની વિચિત્ર વસ્તુઓની યાદીમાં અવશ્ય ઉમેરી શકીએ.'

વહાણ અસ્સી ઘાટ પર શાંતિથી લાંગર્યું અને શિવે પોતાને આવકારવા ભેગા થયેલા માનવમહેરામણને જોઈ લીધો. પર્વતેશ્વર એ જગ્યાએ શિવ ઉતરાણ કરી શકે એ માટે વ્યવસ્થા કરવા ઘાટ પર ઊતરીને વ્યવસ્થા પણ કરવા માંડ્યા હતા. દ્રપકુ પણ નંદી અને વીરભદ્રને અમુક આદેશ આપી રહ્યો હોય, એમ જણાતું હતું. ભગીરથ પણ કાશીના સુરક્ષાદળના વડાને શોધવા માટે નીચે ઊતરી ગયો હતો. સતીએ શિવને હળવેથી ટપલી

મારી. શિવે સતી સામે જોયું અને સતીએ પોતાની આંખોથી ઈશારો કર્યો. શિવે એ દિશામાં જોયું. આ ટોળાથી દૂર, અને પોતાના તેમજ અયોધ્યાના ઉચ્ચ વર્ગની નીલકંઠને આવકારવાની દોડાદોડથી અલગ થઈને એક ઘરડો ડોસો રાજવી છત્રી નીચે ઊભો હતો. શિવે કાશીના રાજા અતિથિગ્વને વંદન કર્યાં. અતિથિગ્વએ પણ નીલકંઠને વંદન કર્યાં. આટલે દૂરથી સતીને સ્પષ્ટ નહોતું દેખાતું પરંતુ તેને એમ લાગ્યું હતું કે કાશીના રાજાની આંખોમાં આંસુ આવી ગયાં હતાં.



પ્રકરણ ૫
નાનું પાપ ?

'હંઅઅઅ..,' સતીએ શિવને ચુંબન સાથે ઉઠાડ્યા એટલે શિવે ઉંહકારે કર્યો. તેમણે સતીનું મુખ પોતાની બંને હથેળીઓ વચ્ચે સમાવ્યું. 'આ મારી આંખોનો ભ્રમ છે કે તું પ્રતિદિન વધુ ને વધુ સુંદર બની રહી છે ?'

સતીએ સ્મિત કર્યું અને પોતાના પેટ ઉપર તેણે હાથ ફેરવ્યો. 'વહેલી સવારે મારી પ્રશંસા કરવાનું બંધ કરો !'

શિવ પોતાની કોણીના ટેકે ઊંચા થયા અને તેમણે સતીને વળતું ચુંબન કર્યું અને કહ્યું, 'તો હવે પ્રશંસા કરવા માટે પણ નિશ્ચિત સમય ઠરાવવામાં આવ્યો છે ?'

સતી ખડખડાટ હસીને હળવેથી શય્યા પરથી બેઠી થઈ, 'તમે સ્નાનાદિ કાર્યો કેમ નથી પતાવતાં ? આપણો અલ્પાહાર આપણા જ ભવનમાં લાવવામાં આવે તેવી મેં વિનંતી કરી રાખી છે.'

'વાહ ! તું છેવટે મારી રીતભાત શીખી રહી છે !' સતીને સરસ રીતે ગોઠવાયેલા, સંસ્કૃત ભોજનખંડમાં જ ભોજન લેવું વધારે ગમતું હતું.

કાશીના રાજમહેલમાં તેમને ફાળવવામાં આવેલા ભવનના આરામદાયક સ્નાનકક્ષમાં શિવ પ્રવેશ્યા, ત્યારે સતીએ બહાર જોયું. નગર ફરતે વર્તુળાકારે બનાવવામાં આવેલો માર્ગ સ્પષ્ટ રીતે દેખાતો હતો. એ દૃશ્ય સાચે જ અદ્ભુત હતું. કાશી નગર અત્યંત ભીડવાળું હતું પરંતુ તેની ફરતે આવેલો એ માર્ગ એકદમ પહોળો હતો. તે માર્ગની પહોળાઈ એટલી હતી કે એક સાથે છ રથ તેના પરથી પસાર થઈ શકે. માર્ગની બંને બાજુ ઘટાદાર વૃક્ષો ઊગેલાં હતાં અને તેમાં ભારતીય ઉપખંડમાં ઊગતાં તમામ ફૂલોનો સમાવેશ કરવામાં આવ્યો હશે, તેમ લાગતું હતું. વૃક્ષોની પાછળ ઘણાં બધાં મંદિરો બનાવેલાં દેખાતાં હતાં. એ વર્તુળાકાર માર્ગની લંબાઈ લગભગ ત્રીસ ગાઉ જેટલી હશે તેમ છતાં એ માર્ગની બંને બાજુ બનાવવામાં આવેલી એક પણ ઇમારત રહેણાંક ઇમારત નહોતી. એ તમામ મંદિરો જ હતાં. ચંદ્રવંશીઓ એમ પણ કહેતા કે ભારતીય ઉપખંડમાં પૂજાતા તમામ ભગવાનોને કાશીના આ વર્તુળાકાર માર્ગ પર ઘર મળ્યું છે. જોકે એ માન્યતા સત્યની સમીપ નહોતી કારણ કે ભારતીયો ત્રણ કરોડથી પણ વધારે દેવી-દેવતાઓને પૂજતા હતા. એટલે એમ કહી શકાય કે તમામ લોકપ્રિય દેવી-દેવતાઓને અહીં સ્થાન આપવામાં આવ્યું હતું. અને આ તમામ મંદિરોમાં સૌથી ભવ્ય મંદિર તો સ્વયં મહાદેવનું જ હતું, કારણ કે તમામ લોકો તેમને પૂજતા હતા. સતી એ મંદિરને જ જોઈ રહી હતી. તે મંદિરનું નિર્માણ બ્રહ્મા ઘાટની પાસે કરવામાં આવ્યું હતું. દંતકથા અનુસાર, રૂદ્ર ભગવાનની હયાતીમાં જ દેવોએ આ મંદિરનું નિર્માણ

કરવાનું આયોજન કર્યું હતું અને તેને અસ્સી ઘાટની પાસે બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું કારણ કે રૂદ્ર ભગવાને ત્યાં જ અસુરોનો ન્યાય કર્યો હતો. પરંતુ મહાદેવે અસ્સી ઘાટ પાસે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવાની મનાઈ ફરમાવી હતી. તેમણે કહ્યું હતું, ' અહીંયાં નહીં. બીજે ગમે ત્યાં પરંતુ અહીંયાં તો નહીં જ. ' તેમણે એવું કેમ કહ્યું એ કોઈ સમજી શક્યું નહોતું પરંતુ કોઇનામાં રૂદ્ર ભગવાન સામે દલીલ કરવાની હિંમત નહોતી.

'એને વિશ્વનાથ મંદિર કહેવામાં આવે છે,' શિવે અચાનક સતી પાછળ આવીને સતીને ચમકાવી દીધી, 'આ વિશ્વના નાથનું મંદિર.'

'એ મહાન માનવ હતા,' સતીએ ધીમેથી કહ્યું, 'સાચા અર્થમાં ભગવાન હતા.'

'હા,' શિવે સહમતી દર્શાવીને રૂદ્ર ભગવાનને વંદન કર્યાં. 'ઓમ્ રૂદ્રાય નમ : !'

'ઓમ્ રૂદ્રાય નમઃ !'

'મહારાજ અતિથિગ્વએ ગઈકાલે રાત્રે આપણને એકલાં પડવા દીધાં, એ બહુ સારું કર્યું. અસ્સી ઘાટ પરની વિધિ પછી સાચે જ આપણને આરામની આવશ્યકતા હતી.'

'હા, એ ઉમદા માનવી લાગે છે, પરંતુ આજે તે આપણને એકલા પડવા દે એમ લાગતું નથી. આજે એ તમારી સાથે ઘણી બધી વાતો કરવા માંગે છે, એમ મને લાગે છે.'

શિવ ખડખડાટ હસ્યા, 'મને જોકે તેમનું આ નગર ગમ્યું. હું આ નગરને જેમ જેમ જાતો જઉં છું, તેમ તેમ એ મને મારા ઘર જેવું જ લાગતું જાય છે.'

'ચાલો, અલ્પાહાર આવી ગયો છે,' સતીએ કહ્યું, 'મને લાગે છે કે આજનો દિવસ અત્યંત વ્યસ્ત રહેશે.'



' તમે તો ખાસ નહીં ?' કાનીનીએ પૂછ્યું, 'એમણે સાચે જ એમ કહ્યું હતું ?'

'એ જ શબ્દોમાં કહ્યું હતું,' આનંદમયીએ કહ્યું, 'તેમણે એમ કહ્યું કે એ કોઈ પણ સ્ત્રીને સ્પર્શી શકે નહીં. મને તો જરા પણ નહીં.'

કાનીની આનંદમયીના માથા પર તેલની માલિશ કરી રહી હતી. 'એ વાત તો સમજાય એવી છે, રાજકુમારી. માત્ર બે જ સ્ત્રીઓ તેમના આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તોડી શકે એમ છે : એક તો અપ્સરા મેનકા અને બીજાં તમે.'

'બે ?' અપ્સરા મેનકા સાથે સરખામણી થવાને કારણે આનંદમયીની ભમરો ઊંચી થઈ ગઈ.

'ક્ષમા માંગુ છું,' કાનીની હસી પડી, 'આપની સરખામણીએ મેનકા તે વળી કોણ !'

આનંદમયી પણ ખડખડાટ હસી પડી.

'પરંતુ મેનકાને જે પડકાર મળ્યો હતો, તેનાથી પણ આ પડકાર ઘણો મોટો છે, રાજકુમારી,' કાનીનીએ કહ્યું, 'મહર્ષિ વિશ્વામિત્રએ તો પોતાના જીવનમાં ઘણે મોડેથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. એ પહેલાં તો તેમણે પ્રેમનો સ્વાદ માણી લીધો હતો. એટલે મેનકાએ તો તેમને માત્ર એ અનુભવનું સ્મરણ જ કરાવવાનું હતું. જ્યારે સેનાપતિ તો હજુ બિનઅનુભવી જ છે.'

'હું જાણું છું. પરંતુ જે આટલું સુંદર હોય, તેને પામવું સરળ હોઈ શકે ?'

કાનીનીએ આંખો ઝીણી કરી, 'આપ એમનું હૃદય જીતો એ પહેલાં પોતાનું હૃદય હારી ન જતાં, રાજકુમારી.'

આનંદમયીની આંખો પહોળી થઈ ગઈ, 'ના, ના, એમ નથી થયું.'

કાનીની આનંદમયી સામે જોઈને હસી પડી. રાજકુમારીને સાચે જ પ્રેમ થઈ ગયો હતો. તેને મનોમન આશા કરી કે પર્વતેશ્વરને પોતાનું સદ્ભાગ્ય સમયસર સમજાય તો સારું છે.



'આપનું પાટનગર અત્યંત સુંદર છે, મહારાજ,' શિવે કહ્યું.

સૂર્ય પોતાના દિવસનું એક તૃતીયાંશ કાર્ય આટોપી ચૂક્યો હતો. શિવ સતી સાથે રાજા અતિથિગ્વના અંગત ભવનમાં બેઠા હતા. દ્રપકુ, નંદી અને વીરભદ્ર કાશીના લાઠીધારી રક્ષકોની સાથે ઊભા હતા. માત્ર લાઠીઓના આધારે કઈ રીતે રાજપરિવારનું રક્ષણ થઈ શકે, એ વાત દ્રપકુને રહસ્યમયી લાગતી હતી. જો સાચે જ કોઈ મોટું આક્રમણ થયું તો ? એ દરમિયાન, પર્વતેશ્વર કાશીના સુરક્ષાદળના વડા સાથે નગર દર્શન કરવા નીકળી પડ્યા હતા. બપોરે નીલકંઠ વિશ્વનાથ મંદિરે જવાના હતા અને કાશીના રાજમહેલથી મંદિર સુધીનો માર્ગ સુરક્ષિત છે કે નહીં, તેની પર્વતેશ્વર ચકાસણી કરવા માંગતા હતા. એમ માનવામાં આવતું હતું કે વર્તુળાકાર માર્ગની બંને બાજુ બધા જ નગરવાસીઓ ગોઠવાઈ જવાના હતા કારણ કે એ લોકો પણ નીલકંઠના દર્શન માટે આતુર હતા. અસ્સી ઘાટ પર જ્યારે નીલકંઠનું આગમન થયું ત્યારે માત્ર કાશીના ઉચ્ચવર્ગને જ ત્યાં આવવાની પરવાનગી આપવામાં આવી હતી.

'આ પાટનગર તો આપનું છે, પ્રભુ,' અતિથિગ્વએ વંદન કરીને કહ્યું.

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'રૂદ્ર ભગવાને પોતાનો મોટાભાગનો સમય કાશીમાં જ ગાળ્યો હતો અને તેને તેઓ પોતાનું બીજું ઘર કહેતા હતા,' અતિથિગ્વએ ખુલાસો કર્યો, 'પશ્ચિમમાં આવેલી તેમની જન્મભૂમિ પ્રતિ તેઓ પ્રયાણ કરી ગયા, તે પછી કાશીના રાજપરિવારે અસ્સી ઘાટ પર એક વિધિ કરી હતી અને એ વિધિ અનુસાર રૂદ્ર ભગવાન અને એમના અવતારોને જ આ નગરના સાચા રાજા માનવામાં આવ્યા હતા. એ વિધિ કરાવનાર રાજ પરિવારથી મારો પરિવાર અલગ છે તેમ છતાં એ વાત હું પણ સ્વીકારું છું. અમે તો રૂદ્ર ભગવાન અને તેમના અવતારોના આ નગરના રખેવાળ માત્ર છીએ.'

શિવને આ બધું વધારે પડતું લાગી રહ્યું હતું.

'હવે ભગવાન રૂદ્રના નવા અવતારે સ્વરૂપ આપ સ્વયં અહીંયાં પધારી ચૂક્યા છો, તો આપે જ કાશીના રાજસિંહાસન પર બિરાજવું રહ્યું' અતિથિગ્વએ કહ્યું, 'આપની સેવા મારા માટે બહુ મોટું સન્માન ગણાશે, પ્રભુ.'

શિવને આશ્ચર્ય અને ચીડની લાગણીઓ એક સાથે થઈ આવી હતી.

આ બધા પાગલ લોકો છે ! સારા ઇરાદાવાળા પરંતુ પાગલ !

'રાજા બનવાનો મારો કોઈ જ ઇરાદો નથી, મહારાજ,' શિવે સસ્મિત કહ્યું, 'અને મારી જાતને હું રૂદ્ર ભગવાનનો અવતાર કહેવડાવવાને લાયક પણ માનતો નથી. આપ અત્યંત ઉમદા રાજા છો અને આપ જ જનસેવાનું કાર્ય ચાલુ રાખો એવું મારું સૂચન છે.'

'પરંતુ, પ્રભુ. . .'

'મારે જોકે આપને અમુક પ્રશ્નો અવશ્ય પૂછવા છે, મહારાજ,' શિવે તેમને અધવચ્ચે

અટકાવ્યા. તેમને રાજા બનવાની બાબતે કે રૂદ્ર ભગવાનના અવતાર મનાવા અંગે કોઈ જ ચર્ચા નહોતી કરવી.

'આપ ગમે તે પૂછી શકો છો, પ્રભુ.'

'સૌ પ્રથમ, હું અને મારી પત્ની એમ ઇચ્છીએ છીએ કે અમારા બાળકનો જન્મ અહીં જ થાય. શું એ દરમિયાન અમે આપના આતિથ્યનો લાભ લઈ શકીએ ?'

'પ્રભુ, આ રાજમહેલ જ આપનો છે. આપ અને દેવી અહીંયાં અનંતકાળ સુધી રહી શકો છો.'

શિવે હળવું સ્મિત કર્યું, 'ના, ના, અમે એટલું લાબું રોકાવા તો નથી ઇચ્છતાં. ઉપરાંત, હું આપના નગરના બ્રંગના વડાને પણ મળવા ઇચ્છું છું.'

'તેનું નામ દિવોદાસ છે, પ્રભુ. હું તેમને અચૂક આપની સેવામાં ઉપસ્થિત કરીશ. આમ પણ એ દુર્ભાગી લોકોમાં બીજા કોઈ પણ સાથે વાત કરવી નકામી છે. એક માત્ર દિવોદાસમાં જ એટલી બુદ્ધિ અને ક્ષમતા છે કે તે બીજા લોકો સાથે વાત કરી શકે. મને જાણ છે ત્યાં સુધી તે વેપાર અર્થે ક્યાંક બહાર ગયો છે અને આજ રાત સુધીમાં તે પરત ફરશે. એ વહેલામાં વહેલી તકે આપને મળવા આવે, તેવી ગોઠવણ હું કરીશ.'

'અદ્‌ભુત !'



'આ ટોળું નિયંત્રણમાં હોય એમ નથી લાગતું, દ્રપકુ,' પર્વતેશ્વરે કહ્યું.

નગર ફરતેના વર્તુળાકાર માર્ગ પર એક જગ્યાએ તૈયાર કરવામાં આવેલા ઊંચા મંચ પર પર્વતેશ્વર ભગીરથ, દ્રપકુ અને કાશીના સુરક્ષાદળના વડા ત્રત્ય સાથે ઊભા હતા. એમ લાગતું હતું કે કાશીના તમામ રહેવાસીઓ, એટલે કે બે લાખ જેટલા લોકો નીલકંઠની ઝાંખી કરવા ત્યાં ભેગા થઈ ગયા હતા. અને કાશીનું સુરક્ષાદળ ટોળાને નિયંત્રણમાં રાખવા માટે જરા પણ પ્રશિક્ષિત જણાતું નહોતું. એમની વિનમ્રતા જ એમનો અવગુણ બની રહેતી હતી. આમ તો આ વિનમ્ર અભિગમ કાશીના રહેવાસીઓ માટે યોગ્ય જ હતો પરંતુ આ પ્રસંગે કાશીના તમામ રહેવાસીઓ નીલકંઠના ચરણસ્પર્શ કરવા આતુર હતા ત્યારે સૂર્યવંશીઓની જેમ સખત હાથે કામ લેવું અનિવાર્ય લાગતું હતું.

'હું આ પરિસ્થિતિ સંભાળી લઈશ, સેનાપતિ,' કહીને દ્રપકુ નીચે ઊભેલા નંદીને સૂચનાઓ આપવા માટે મંચ પરથી નીચે ઊતરવા માંડ્યો.

'પણ ધ્યાન રાખજો, એ કોઈ પર હાથ ઉપાડે નહીં,' ત્રત્યએ કહ્યું.

'એ પરિસ્થિતિ અનુસાર જ વર્તન કરશે, ત્રત્ય,' પર્વતેશ્વરે થોડાક અણગમા સાથે કહ્યું.

દ્રપકુની સૂચનાઓ સાંભળીને નંદી પોતાની ટુકડી સાથે રવાના થઈ ગયો. પોતાના કપાયેલા હાથ પર લગાવેલા આંકડાની સહાયથી દ્રપકુ અત્યંત ચપળતાપૂર્વક મંચ પર પાછો આવી ગયો.

'કામ થઈ ગયું, સેનાપતિ,' દ્રપકુએ કહ્યું, 'ટોળાને થોડુંક પાછળ ધકેલી દેવામાં આવશે.'

પર્વતેશ્વરે એ વાત સાંભળી અને પાછળ ફરીને શિવ અને તેમની ટુકડી સામે જોયું. સતીનો હાથ પકડીને શિવ બહોળા સ્મિત સાથે ધીમે-ધીમે આગળ વધી રહ્યા હતા અને

તેમના નામનો પોકાર કરનારા લગભગ દરેક વ્યક્તિ સામે જોઈને તેઓ પ્રણામ સ્વીકારતા હતા. સતીની સાથી કૃતિકા સતીથી થોડીક પાછળ ચાલી રહી હતી. જ્યારે અતિથિગ્વ એક સાચા ભક્તની જેમ પોતાના કુટુંબ અને મંત્રીઓ સાથે આનંદપૂર્વક તેમને અનુસરી રહ્યા હતા.

'ત્રત્યજી,' કાશીના સુરક્ષાદળનો એક સૈનિક થોડાક ગભરાટ સાથે દોડતો દોડતો મંચ પર ચડ્યો.

ત્રત્યએ પૂછ્યું 'શું થયું, કાવસ ?'

'બ્રંગ લોકોના વિસ્તારમાં હુલ્લડ મચ્યું છે !'

'પણ થયું શું, એ તો બોલ ?'

'એ લોકોએ ફરી એક વાર મોરનો શિકાર કર્યો છે. આ વખતે એ લોકો હત્યા કરતા હતા એવામાં જ આસપાસમાં રહેતા કોઈએ તેમને પકડ્યા છે અને આ પાપનો પ્રતિશોધ લેવા માટે એ લોકો તત્પર થયા છે.'

'એમાં આશ્ચર્ય કેવું ? મને તો એ જ નથી સમજાતું કે એ મૂર્ખ અસંસ્કૃત લોકોને મહારાજ આ નગરમાં વસવાની પરવાનગી જ કેમ આપે છે ? કાશીનો કોઈ નાગરિક ધીરજ ગુમાવીને આવું વર્તન કરી બેસશે એ તો નક્કી જ હતું.'

'શું થયું ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'આ બ્રંગ લોકો ! એ લોકો જાણે જ છે કે મોર રૂદ્ર ભગવાનનું પ્રિય પક્ષી હતું અને તેના શિકાર પર કાશીમાં પ્રતિબંધ છે. એવી વાતો પણ સાંભળવા મળે છે કે એ લોકો પોતાના વિસ્તારમાં કોઈ વિચિત્ર વિધિમાં મોરની બલી આપતા હોય છે. પરંતુ આજે મોરનો શિકાર કરતા અમુક બ્રંગ લોકો પકડાઈ ગયા છે અને એમને બરોબર પાઠ ભણાવવામાં આવશે.'

'એ હુલ્લડ અટકાવવા તમે તમારા અમુક માણસોને ત્યાં કેમ નથી મોકલતા ?'

ત્રત્ય પર્વતેશ્વર સામે વિચિત્ર દૃષ્ટિથી જોઈ રહ્યો, 'અમુક વાતો તમે સમજી નહીં શકો. અમે કાશીમાં ભારતના તમામ ખૂણેથી આવેલા લોકોને સ્વીકારીએ છીએ. એ બધા લોકો આ મહાન નગરને પોતાનું ઘર બનાવીને શાંતિપૂર્વક અહીં વસે છે. પરંતુ આ બ્રંગ લોકો હેતુપૂર્વક અમને ક્રોધિત કરવા ઇચ્છે છે. એટલે આ હુલ્લડ આમ તો ઇષ્ટ અંતનો અનિષ્ટ આરંભ છે એમ કહી શકાય. એ હુલ્લડ થવા દેવાં જોઈએ.'

થોડાક સમય પહેલાં જે માણસ અહિંસાનાં ગુણગાન ગાઈ રહ્યો હતો તેના મોઢેથી આવા શબ્દો સાંભળીને પર્વતેશ્વરને આઘાત લાગ્યો. 'જો એમણે કોઈ અપરાધ કર્યો હોય તો તેમને આપના ન્યાયાલયમાં શિક્ષા થવી જોઈએ. એના કારણે કંઈ અહીંના નાગરિકોને હુલ્લડ કરીને મોરની હત્યા સાથે જેમને જરા પણ સંબંધ નથી તેવા નિર્દોષ લોકોને રંજાડવાનો અધિકાર નથી મળી જતો.'

'એમાંથી અમુક લોકો નિર્દોષ હોય, તો પણ વાંધો નથી. જો એના કારણે આ નગરમાંથી બ્રંગ લોકો અને તેમનો ત્રાસ દૂર થતો હોય, તો એ ઘણી ઓછી કિંમત મનાશે. હું આ વિષયમાં કશું કરી શકું પણ નહીં અને કરું પણ નહીં.'

'જો તમે કશું નહીં કરો, તો હું કરીશ,' પર્વતેશ્વરે ચેતવણી ઉચ્ચારી.

ત્રત્યએ નિરાશાપૂર્વક પર્વતેશ્વર સામે જોયું અને પછી તે નીલકંઠની ટુકડીને આગળ વધતી જોવા લાગ્યો. પર્વતેશ્વર ત્રત્યને તાકી રહ્યા. તેમને નિર્ણય લેવામાં માત્ર એક જ ક્ષણ લાગી.

'દ્રપકુ, અહીં મારું સ્થાન તું સંભાળીશ,' પર્વતેશ્વરે કહ્યું, 'પ્રભુ જેવા વિશ્વનાથ મંદિરમાં

પ્રવેશે કે આ ટોળું વિખેરાઈ જાય, એમ કરજે. રાજકુમાર ભગીરથ, આપ મારી સાથે આવશો ? હું ચંદ્રવંશી રીતિરિવાજો જાણતો નથી એટલે મને સહાયની આવશ્યકતા રહેશે.'

'આપની સહાય કરવી મારા માટે બહુમાન ગણાશે, સેનાપતિ,' ભગીરથે કહ્યું.

'આ તમારું કામ નથી,' પહેલી વાર ઊંચા અવાજે વાત કરતાં ત્રત્યએ કહ્યું, 'અમારી આંતરિક બાબતોમાં માથું મારવાનો તમને લોકોને જરા પણ અધિકાર નથી.'

'એમને સંપૂર્ણ અધિકાર છે,' ભગીરથે રાજવી અવાજ સાથે અધવચ્ચે જ કહ્યું, 'શું તમે ભગવાન રામના શબ્દો ભૂલી ગયા ? જ્યારે કોઈ અપરાધ થઈ રહ્યો હોય અને તમે ચૂપચાપ ઊભા રહો, ત્યારે તમે પણ એ પાપ માટે અપરાધી જેટલા જ ઉત્તરદાયી છો. તમારું કામ કરવા માટે તમારે તો સેનાપતિનો આભાર માનવો જોઈએ.'

પર્વતેશ્વર અને ભગીરથ ત્વરાથી કાવસ સાથે મંચ પરથી નીચે ઊતર્યા. તેમણે વીરભદ્રને સો માણસોની ટુકડી સાથે તેમને અનુસરવાનું કહ્યું અને તેઓ બ્રંગ લોકોના વિસ્તારની દિશામાં ધસી ગયા.



'આ કામ અઘરું બની રહેશે,' ભગીરથે કહ્યું.

એ લોકો બ્રંગ લોકોનાં ઘરોની સામે જ ઊભા હતા. પૂર્વથી આવેલા આ શરણાર્થીઓ પોતાની સાથે ઘણું સોનું લાવ્યા હતા, એમ કહેવાતું. એટલે જ એક સમયનો નગરનો એકદમ ભરચક રહેતો આ વિસ્તાર હવે વિશાળ અને ખુલ્લી જગ્યાવાળી રહેણાક ઇમારતોથી સુંદર બની ગયો હતો. બ્રંગ લોકો બારીક કોતરકામવાળી અને એકથી વધુ માળની ભવ્ય ઇમારતમાં રહેતા હતા. કાશીમાં વિશ્વનાથ મંદિર અને રાજમહેલને બાદ કરવામાં આવે તો આ સૌથી ઊંચી ઇમારત હતી. એ ઇમારતની ચારે બાજુ વિશાળ ઉપવન હતું અને તેની રચના મગધના નૃસિંહ મંદિરના ઉપવન જેવી ભૌમિતિક હતી. તેના પ્રવેશદ્વાર પર એક વિશાળ તકતીમાં દર્શાવવામાં આવ્યું હતું કે અહીં વસનારા લોકોની નિષ્ઠા કોના પ્રત્યે છે : 'ભગવાન રૂદ્ર સૌથી દૈવી ભૂમિ બ્રંગ પર તેમની કૃપા વરસાવતા રહે.'

એ ઉપવન પૂરું થતાં જ નગરની ભરચકતા અને અમૂંઝણો વરતાવા માંડતી હતી. સાંકડા રસ્તાઓ અયોધ્યા, મગધ, પ્રયાગ અને અન્ય ચંદ્રવંશી રાજ્યોમાંથી આવીને વસેલા લોકોના વિવિધ વિસ્તારો સાથે આ ઉપવનને જોડતા હતા. બહુ ઓછા લોકો જાણતા હતા કે પોતાની માતૃભૂમિ મેલુહાના ચુસ્ત નીતિનિયમોથી થાકેલા અને મૈકામાં પોતાના બાળકોને ત્યજવા ન ઇચ્છતા અમુક મેલુહાવાસીઓ પણ અહીં આવીને વસ્યા હતા. પોતાના બાળકોને પોતાની આંખ સામે ઊછરતાં જોવા માટે તેઓ ચંદ્રવંશી જીવનની અંધાધૂંધીને પણ સહી લેતા હતા.

'મને ખાતરી છે કે આ કંઈ માત્ર તેમના રીતિરિવાજો પ્રત્યેનો આક્રોશ નથી,' વીરભદ્રએ કાશીના સામાન્ય લોકોની જીવનશૈલી અને બ્રંગ લોકોની જીવનશૈલીના તફાવતની નોંધ લેતાં કહ્યું, 'એ લોકોની સંપત્તિ પ્રત્યેનો ધિક્કાર પણ તેમના પ્રત્યે ઘૃણા વધારવા કારણભૂત હશે.'

પર્વતેશ્વર સામે જોતા પહેલાં ભગીરથે વીરભદ્રની વાતમાં સહમતી દર્શાવી. પર્વતેશ્વર પરિસ્થિતિનું આકલન કરી રહ્યા હતા, 'શું લાગે છે, સેનાપતિ ?'

સંરક્ષણની દૃષ્ટિએ તો આ જગ્યા તદ્દન અયોગ્ય હતી. બ્રંગ લોકોની એ ઇમારત એક મોટા ખડકની આગળ અને ચારેબાજુ ભરચક વસતીની વચ્ચે બનાવવામાં આવી હતી. એ બધા લોકો બ્રંગ લોકો પ્રત્યે ઘૃણા ધરાવતા હતા અને તમામ પ્રકારના વિસ્તારના માર્ગ પણ બ્રંગ લોકોના ઉપવન સુધી આવતા જ હતા. એટલે બ્રંગ લોકો છટકી જઈ શકે એવી તો શક્યતા જ નહોતી. જો એ લોકો છટકવાનો પ્રયત્ન પણ કરે તો સાંકડા રસ્તાઓ પર અવશ્ય ફસાઈ જાય. હા, ઉપવનને કારણે તેમને થોડુંક રક્ષણ મળી રહે તેમ હતું. તેમની ઇમારત પર આક્રમણ કરવા આવનારું ટોળું એ ખુલ્લા ઉપવનમાં અવશ્ય દેખાઈ આવે અને તેઓ કોઈ પણ અણધાર્યું આક્રમણ કરી શકે નહીં.

બ્રંગ લોકો સંભવતઃ કાશીમાં પોતાની સુરક્ષા અંગે ચિંતિત હશે જ એટલે તેમણે પોતાની ઇમારતની છત પર મોટા પથ્થરો મૂકી રાખ્યા હતા. છત પરથી ફેંકવામાં આવેલા એ પથ્થરો પ્રક્ષેપણાસ્ત્રો જેવું જ કામ કરી આપતા અને તેની હડફેટે આવનાર કોઈ પણ માણસ ગંભીર રીતે ઘવાઈ જાય કે મૃત્યુ પામે એવી સંભાવના પણ ઘણી વધારે હતી.

કાશીવાસીઓ જોકે અંદર જવાને બદલે એ ઇમારતની દિશામાં પોતાના શ્વાનો છૂટા મૂકી રહ્યા હતા. બ્રંગ લોકો શ્વાનને અસ્વચ્છ પ્રાણી ગણતા. કાશીવાસીઓ જાણતા હતા કે બ્રંગ લોકો શ્વાનને ભગાડવા પથ્થરોનો ઉપયોગ અવશ્ય કરશે. પર્વતેશ્વરને સમજાઈ ગયું કે થોડા સમયમાં બ્રંગલોકોના પથ્થરો અવશ્ય ખૂટી પડશે અને એ પછી એમની પર વ્યવસ્થિત આક્રમણ કરવામાં આવશે. આમ તો બ્રંગ લોકોના શત્રુઓ પાસે રસોડામાં વપરાતુ ચાકુ અને ધોકો જેવા હાસ્યાસ્પદ શસ્ત્રો જ હતાં પરંતુ દર એક બ્રંગ સામે સો કરતાં પણ વધારે કાશીવાસીઓ હતા એટલે બ્રંગ લોકોની બચવાની શક્યતા બહુ ઓછી હતી.

‘બ્રંગ લોકો માટે આ પરિસ્થિતિ સારી નથી જણાતી,’ પર્વતેશ્વરે કહ્યું, ‘શું આપણે કાશીવાસીઓના ટોળા સાથે વાત કરવી જોઈએ ?’

‘એવો પ્રયત્ન તો મેં કરી જોયો છે, સેનાપતિ,’ ભગીરથે કહ્યું, ‘એ લોકો કંઈ સાંભળવા જ તૈયાર નથી. એ લોકો એમ માને છે કે આ બ્રંગવાસીઓ સોના વડે ન્યાયાલયો પણ ખરીદી શકે એમ છે.’

‘એ સંભવતઃ સત્ય પણ છે,’ કાશીના કપ્તાન કાવસે હળવેથી કહ્યું. ધીમે-ધીમે એ પોતાનો ઝુકાવ કઈ દિશામાં છે એ સ્પષ્ટ કરી રહ્યો હતો.

આ સાંભળીને ભગીરથે તરત જ કાવસ સામે જોયું અને તે ભયનો માર્યો બે ડગલાં પાછળ હઠી ગયો, કારણ કે કાશીમાં ભગીરથ અત્યંત વિખ્યાત હતો.

‘તું આ ટોળા સાથે સહમત નથી, છે ?’ ભગીરથે પૂછ્યું.

કાવસના મુખ પર ક્રોધ દેખાઈ આવતો હતો. ‘મને આ બ્રંગ લોકો પ્રત્યે ઘૃણા છે. એ ગંધાતા ધૂર્તો શક્ય હોય એ તમામ નિયમો તોડે છે અને પોતાના સોનાના જોરે મુક્ત ફરે છે.’ પોતાની વાત કહી દીધા પછી એ શાંત પડ્યો હોય, એમ જણાયું. તેણે દૃષ્ટિ નીચે કરીને કહ્યું, ‘પરંતુ શું એમની સાથે આવો વ્યવહાર કરવો જોઈએ ? શું રુદ્ર ભગવાને પોતે આમ કર્યું હોત ?’

‘ના, સ્વામી.’

‘તો પછી આનો ઉપાય શોધ.’

પોતાની ફરતે ઊભા રહેલા ક્રુદ્ધ કાશીવાસીઓ સામે આંગળી ચીંધીને તે બોલ્યો, ‘જ્યાં સુધી બ્રંગ લોકોને કોઈ પ્રકારની શિક્ષા ન થાય, ત્યાં સુધી આ ટોળું માનવાનું નથી, રાજકુમાર ભગીરથ. આપણે બ્રંગ લોકોને જીવંત અને સુરક્ષિત રાખીને એ કામ કઈ રીતે કરી શકીએ ? હું નથી જાણતો. તમે ?’

'જા સૂર્યવંશીઓ તેમની પર આક્રમણ કરે તો ?' પર્વતેશ્વરે કહ્યું, તેમના મનમાં આ એક જ ઉપાય યોગ્ય લાગતો હતો.

ભગીરથે સ્મિત કર્યું કારણ કે પર્વતેશ્વર શું કરવા ઇચ્છે છે, તે વાત એ સમજી શકતો હતો, 'અમે કાશી સુરક્ષાદળની લાઠીઓનો જ પ્રયોગ કરીશું. અમે તેમને માત્ર ઘાયલ જ કરીશું, તેમની હત્યા નહીં કરીએ.'

'એકદમ બરોબર,' પર્વતેશ્વરે કહ્યું, 'ટોળાને જોઈતો ન્યાય મળી જશે અને એ લોકો શાંત પડી જશે. બ્રંગ લોકો ઘાયલ અવશ્ય થશે પરંતુ જીવતા તો રહેશે. હું જાણું છું કે આ રીત સંપૂર્ણત : યોગ્ય નથી. પરંતુ, ક્યારેક બહુ મોટું પાપ થતું અટકાવવું હોય, તો નાનકડું પાપ કરવું પડે છે. આ નિર્ણયનું સંપૂર્ણ ઉત્તરદાયિત્વ મારું રહેશે અને પરમાત્માને હું જ તેનો ઉત્તર આપીશ.'

ભગીરથે હળવેથી સ્મિત કર્યું. પર્વતેશ્વરમાં ધીમે-ધીમે ચંદ્રવંશી પદ્ધતિ પ્રવેશી રહી હતી. એની બહેન આ મેલુહાના સેનાપતિનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરી રહી હતી, એ વાત પણ એના ધ્યાન બહાર નહોતી.

પર્વતેશ્વરે કાવસને કહ્યું, 'મારે સો લાઠીઓ જોઈશે.'

ભગીરથ કાવસ સાથે નગર ફરતેનો માર્ગ પર જ્યાં મંચ બનાવવામાં આવ્યો હતો એ દિશામાં અશ્વ દોડાવી ગયો. થોડીક જ વારમાં તેઓ પરત પણ આવ્યા. એ દરમિયાન પર્વતેશ્વરે કાશીવાસીઓના ટોળાના આગેવાનો સાથે વાત કરી હતી અને જો એ લોકો પોતાનાં શસ્ત્રો મૂકી દે, તો તેમને ન્યાય અપાવશે એવી વાત પણ તેમણે કરી હતી. એ લોકો હવે સૂર્યવંશીઓના ન્યાયની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

પર્વતેશ્વરે સૂર્યવંશીઓને તેમની સામે ભેગા કર્યા, 'મેલુહાવાસીઓ, તમારી તલવારો મ્યાન જ રાખજો. આપણે માત્ર આ લાઠીઓનો જ ઉપયોગ કરીશું. તેમના હાથ-પગ ઉપર જ લાઠીઓનો પ્રહાર કરજો, મસ્તક ઉપર કરતા નહીં. અને તમારી ઢાલ કાચબા ટુકડીની જેમ આગળ વધવા માટે તૈયાર રાખજો, કારણ કે ઉપરથી પડતા પથ્થરો ઘાતક પણ નીવડી શકે છે.'

સૂર્યવંશીઓ પોતાના સેનાપતિ સામે જોઈ રહ્યા.

'માત્ર આ એક જ ઉપાયથી બ્રંગ લોકોને બચાવી શકાશે,' પર્વતેશ્વરે કહ્યું.

મેલુહાવાસીઓ ત્વરાથી યુદ્ધ માટે ગોઠવાઈ ગયા. સૌથી આગળ પર્વતેશ્વર, ભગીરથ અને વીરભદ્ર હતા. આવી રણનીતિથી અજાણ કાવસને વચ્ચે, સૌથી સલામત જગ્યાએ રાખવામાં આવ્યો હતો. આ ટુકડી બ્રંગ ઉપવનમાં આગળ વધી એટલે તેમની પર પથ્થરોનો વરસાદ વરસાવવામાં આવ્યો. જોકે ઢાલને કારણે મેલુહાવાસીઓ સુરક્ષિત જ હતા અને તેઓ ધીમે-ધીમે પરંતુ મક્કમતાપૂર્વક પ્રવેશદ્વારની દિશામાં આગળ વધતા ગયા.

પ્રવેશદ્વાર સ્વાભાવિક રીતે જ ઉપવનના માર્ગ કરતાં સાંકડું હતું. અહીંયાં કાચબા ટુકડીએ વિખેરાવું પડે તેમ હતું. એટલે પર્વતેશ્વરે ટુકડીને બે હિસ્સામાં વહેંચાઈને આગળ વધવાનો આદેશ આપ્યો. આ ઉપરાંત ડાબ-જમણે એવી રીતે ઢાલ રાખવાનું કહ્યું કે જેથી આજુબાજુથી થતા આક્રમણથી બચી શકાય. પર્વતેશ્વરની ગણતરી એવી હતી કે ઇમારતની અંદર પથ્થરોનો ઉપયોગ થઈ શકશે નહીં. પરંતુ એ તેમની બહુ મોટી ભૂલ હતી.



'કેવી ભવ્ય મૂર્તિ છે !' રૂદ્ર ભગવાનની અદ્‌ભુત મૂર્તિ જોઈને સતી ધીમેથી બોલી.

શિવ અને સતી ભવ્યાતિભવ્ય વિશ્વનાથ મંદિરમાં પ્રવેશ્યાં હતાં.

બ્રહ્મા ઘાટથી થોડુંક દૂર બનાવવામાં આવેલું એ મંદિર બહુ જ મોટું હતું. તેની ઊંચાઈ સો હાથ હતી એટલું નહીં પરંતુ એ બાંધકામની સરળતા પણ અત્યંત ધ્યાનાકર્ષક હતી. ભગવાન રૂદ્રની માતૃભૂમિની શૈલી અનુસાર ભૌમિતક આકારે ઉપવન રચવામાં આવ્યું હતું, જેની એક બાજુ નગર ફરતેના વર્તુળાકાર માર્ગ પર પડતી. ત્યાં પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું હતું અને બીજી બાજુ, ઉપવનના બીજા છેડે, મંદિર બનાવવામાં આવ્યું હતું. રાતા રંગના રેતિયા પથ્થરોથી બનાવવામાં આવેલી આ ઇમારત દૂરથી એકદમ લાલ અને સાદગીપૂર્ણ લાગતી હતી. તે મંદિર વીસ હાથ ઊંચા મંચ પર બનાવવામાં આવ્યું હતું અને ઉપવનના પ્રવેશદ્વારથી પણ તે દેખાઈ આવતું હતું. શિવ અત્યાર સુધી જોયેલાં તમામ મંદિરોથી વિપરીત, આ મંચ પર કોઈ પણ જાતનું કોતરકામ કરવામાં આવ્યું નહોતું. એ મંચમાં જ સો પગથિયાં કોતરવામાં આવ્યાં હતાં. મંચ પર ચડનારા તમામ ભક્તો રેતિયા પથ્થરોથી જ બનાવવામાં આવેલા ઘુમ્મટને જોઈને પણ આશ્ચર્યમાં મુકાઈ જતા. મંચ ઉપર મંદિર કુલ એંસી હાથ જેટલું ઊંચું હતું. મંચની જેમ જ સમગ્ર મંદિરમાં પણ ક્યાંય કોતરણી કરવામાં આવી નહોતી. મંદિરના ઘુમ્મટને આધાર આપવા માટે સો ચોરસ સ્તંભ રચવામાં આવ્યા હતા. અન્ય મંદિરોમાં શિવ ગર્ભગૃહ મંદિરની પાછળની દીવાલ પાસે બનેલું જોયું હતું પરંતુ આ મંદિરમાં ગર્ભગૃહ મંદિરની એકદમ મધ્યમાં બનાવવામાં આવ્યું હતું. એ ગર્ભગૃહમાં રહેલી દુર્ધર્ષ ભગવાન રૂદ્રની મૂર્તિનાં દર્શન કરવા ભક્તો ઘણે દૂરથી અહીં સુધી આવતા હતા.

દંતકથા અનુસાર રૂદ્ર ભગવાન મોટાભાગે એકલા હાથે જ કામ કરતા હતા. એમના એવા કોઈ જ મિત્રો નહોતા જેમની વાર્તાઓ મંદિરની દીવાલોમાં કોતરીને અમર બનાવી દેવામાં આવે. એમનો કોઈ પ્રિય ભક્ત પણ નહોતો કે જેની મૂર્તિ તેમના ચરણો આગળ ગોઠવી શકાય. મોહિની દેવી જ તેમનાં એક માત્ર સાથી હતાં અને તેઓ માત્ર તેમની વાત જ સાંભળતાં. એટલે મોહિની દેવીના સૌંદર્યને મૂર્તિમાં કંડારવામાં નહોતું આવ્યું તેની કૃતિકાને અત્યંત નવાઈ લાગી હતી.

'અહીં મોહિની દેવીની મૂર્તિ કેમ દેખાતી નથી ?' કૃતિકાએ અતિથિગ્વની એક સેવિકાને હળવેથી પૂછી લીધું.

'તમને રૂદ્ર દેવની વાતોની સારી એવી જાણ લાગે છે,' એ સેવિકાએ કહ્યું, 'મારી સાથે આવો.'

તે કૃતિકાને ગર્ભગૃહની બીજી બાજુ લઈ ગઈ. ગર્ભગૃહમાં પાછળથી એક બીજું પ્રવેશદ્વાર હતું તે જોઈને કૃતિકાને અત્યંત આશ્ચર્ય થયું. એ પ્રવેશદ્વારમાંથી સિંહાસન પર બિરાજમાન એવાં મોહિનીદેવીની મૂર્તિ દેખાતી હતી. તેમને આ પૃથ્વી પર થઈ ગયેલી સૌથી સુંદર સ્ત્રી માનવામાં આવતાં હતાં. તેમની સુંદર આંખો અરધી ખુલ્લી હતી. પરંતુ કૃતિકાએ નોંધ્યું કે દેવીના હાથમાં એક કટાર પણ હતી અને પહેલી વાર જોતાં તો એ ધ્યાનમાં પણ આવે એમ નહોતી. મોહિની દેવીનું આ સ્વરૂપ ઘાતક પણ લાગતું હતું. કૃતિકાએ સ્મિત કર્યું. મોહિની દેવી અને રૂદ્ર ભગવાનની મૂર્તિઓ એકબીજાની પીઠ સ્પર્શે એમ ગોઠવવામાં આવી હતી તે કૃતિકાને ગમી. એ બંને જીવનના સહભાગીઓ હતાં પરંતુ તેમનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ અલગ હતો.

કૃતિકાએ મોહિની દેવીને વંદન કર્યાં. અમુક લોકો મોહિની દેવીને વિષ્ણુ માનવા તૈયાર નહોતા પરંતુ કૃતિકા એ બહુમતી લોકોમાંની એક હતી જે મોહિની દેવીને વિષ્ણુ જ માનતી

હતી.

ગર્ભગૃહની બીજી બાજુ શિવ રૂદ્ર ભગવાનની મૂર્તિને તાકી રહ્યા હતા. એ કદાવર અને સ્નાયુબદ્ધ દેહ ધરાવતા હશે, એમ જણાતું હતું. તેમની બરછટ છાતી પર એક માદળિયું બંધાયેલું હતું. ધ્યાનપૂર્વક જોતાં શિવને સમજાયું કે એ માદળિયામાં સિંહનો પંજો કોતરવામાં આવ્યો હતો. રૂદ્ર ભગવાનની ઢાલ તેમના સિંહાસનની બાજુમાં મૂકવામાં આવી હતી અને તલવારને પણ સિંહાસનના ટેકે મૂકેલી જ દર્શાવવામાં આવી હતી. જોકે રૂદ્ર ભગવાનનો હાથ એ તલવારની મૂઠની પાસે જ ગોઠવાયેલો હતો. સ્પષ્ટ હતું કે મૂર્તિકાર એમ દર્શાવવા ઇચ્છતો હતો કે ઇતિહાસના સૌથી ભયાવહ યોદ્ધા એવા રૂદ્ર ભગવાને હિંસાનો માર્ગ ત્યજી દીધો છે પરંતુ તેમણે બનાવેલા નિયમોનો ભંગ કરનારા પર વાપરવા માટેનાં શસ્ત્રો તેમની એકદમ પાસે જ પડ્યા છે. રૂદ્ર ભગવાનના દેહ પર યુદ્ધ દરમિયાન પડેલા ઘાવ પણ મૂર્તિકારે આબેહૂબ રીતે બનાવ્યા હતા. તેમાંના એક ઘાવનો ચીરો તેમના કપાળની જમણી બાજુથી શરૂ થઈને ડાબા ગાલ ઉપર પૂર થતો હતો. આ ભગવાનની દાઢી અને મૂછો પણ લાંબી હતી અને દાઢીના અમુક વાળમાં તો મોતી પણ ગૂંથવામાં આવ્યાં હતાં.

'ભારતમાં કોઈ પોતાની દાઢીમાં આવી રીતે મોતી ગૂંથાવતું હોય, એવું મેં ક્યારેય જોયું નથી,' શિવે અતિથિગ્વને કહ્યું.

'રૂદ્ર ભગવાનના વતન પરીહામાં લોકો આવી જ રીતે રહેતા હોય છે, પ્રભુ.'

'પરીહા ?'

'હા, પ્રભુ. પરીઓનો દેશ. એ દેશ ભારતની પશ્ચિમી સરહદ હિમાલયની બીજી બાજુ આવેલો છે.'

શિવ પાછા રૂદ્ર ભગવાનની મૂર્તિ નીરખવા માંડ્યા. આ મંદિરમાં જો તેમની કોઈ લાગણી સૌથી પ્રબળ બની હોય, તો એ હતી ભયની લાગણી. શું ભગવાનથી ભય પામવો ખોટી વાત હતી ? શું ભગવાનો માટે હંમેશા પ્રેમ, આદર અને આશ્ચર્યની જ લાગણી થવી જોઈએ ? ભયની નહીં ?

કારણ કે કેટલીક વાર માત્ર ભય જ મગજને સ્વસ્થ રીતે વિચારવા પ્રેરે છે અને તેનું ધ્યાન કેન્દ્રિત કરે છે. રૂદ્ર ભગવાને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે આ ભયની લાગણી જાગ્રત કરવી પડે તેમ હતી.

શિવને આ અવાજ તેમના મનની અંદર જ સંભળાયો. એ અવાજ ઘણે દૂરથી આવતો હોય એમ લાગતું હતું, પરંતુ એ સ્પષ્ટ સંભળાતો હતો, તેમાં કોઈ જ શંકા નહોતી. એ જાણતા હતા કે આ અવાજ કોઈ વાસુદેવ પંડિતનો જ છે.

તમે ક્યાં છો , પંડિતજી

?

બધાની દૃષ્ટિથી દૂર છું , નીલકંઠ. અહીં આસપાસ ઘણા બધા લોકો છે.

મારે તમારી સાથે વાત કરવી છે.

એ પણ યોગ્ય સમયે કરીશું , મિત્ર. પરંતુ જો તું મને સાંભળી શકતો હોય , તો તારા સૌથી ચુસ્ત અનુયાયીને તું નથી સાંભળી શકતો ?

સૌથી ચુસ્ત અનુયાયી ?

શિવને એ અવાજ સંભળાતો બંધ થઈ ગયો. તેમણે આસપાસ ચિંતાથી જોઈ લીધું.



પ્રકરણ ૬
પર્વત પણ પડી શકે છે

'બચજો !' પર્વતેશ્વરે બૂમ પાડી.

ભગીરથ અને પર્વતેશ્વર બ્રંગ ઇમારતમાં પ્રવેશ્યા એટલે પથ્થરોના વરસાદથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું.

ઇમારતની મધ્યમાં છત વિનાનો ખુલ્લો ચોક હતો અને તેમાં તડકો વરસી રહ્યો હતો. એ અદ્‌ભુત રચનાને કારણે ઇમારતમાં તાજી હવા અને સૂર્યપ્રકાશ સારી રીતે મળી રહેતાં હતાં. વરસાદથી બચવા માટે ચતુરાઈપૂર્વક એવી છત બનાવવામાં આવી હતી કે જેને આવશ્યકતા ન હોય, ત્યારે કાઢી શકાતી હતી. અત્યારે જોકે સૂર્યવંશીઓ માટે એ જગ્યા મોતની ખીણ જેવી બની રહી હતી કારણ છે એ ખુલ્લી જગ્યાની ચારેબાજુ ઝરૂખાઓ હતા અને તેમાંથી બ્રંગ લોકો તેમની પર પથ્થરો વરસાવી રહ્યા હતા.

પર્વતેશ્વરના ડાબા ખભે એક પથ્થર જોરથી વાગ્યો. તેમને ખ્યાલ આવી ગયો કે તેમની હાંસડી તૂટી ગઈ છે. ક્રુદ્ધ પર્વતેશ્વરે તેમની લાઠી ઊંચી કરીને બૂમ પાડી, 'હર હર મહાદેવ !'

'હર હર મહાદેવ !' સૂર્યવંશીઓએ બૂમ પાડી.

એ બધા જ ભગવાનનું સ્વરૂપ હતા ! એટલે આ પથ્થરોનો વરસાદ તેમને અટકાવી શકે એમ નહોતો. સૂર્યવંશીઓ ઇમારતની સીડીઓ ચડવા માંડ્યા અને જે સ્ત્રી-પુરુષ અડફેટે ચડ્યું એ બધા પર પોતાની લાઠીઓ વરસાવવા માંડ્યા. જોકે આટલા જોશમાં પણ તેમને પર્વતેશ્વરની સૂચનાનું તો અવશ્ય સ્મરણ હતું કે મસ્તક પર પ્રહાર કરવો નહીં. એટલે તેઓ બ્રંગવાસીઓને માત્ર ઘાયલ જ કરી રહ્યા હતા, તેમની હત્યા નહોતા કરી રહ્યા.

સૂર્યવંશીઓના સતત અને શિસ્તબદ્ધ આક્રમણને કારણે બ્રંગ લોકોએ પીછેહઠ કરવા માંડી. થોડીક વારમાં તો સૂર્યવંશીઓ એ ઇમારતની છત પર પહોંચી ગયા. પર્વતેશ્વરને વિચિત્ર વાત તો એ લાગી કે આ લોકોનો કોઈ આગેવાન દેખાતો નહોતો. બ્રંગ લોકોનું ટોળું મન ફાવે તેમ શૂરવીરતાથી લડી રહ્યું હતું પરંતુ તાલીમબદ્ધ સૂર્યવંશીઓ સામે તેમની શૂરવીરતા નકામી હતી. સૂર્યવંશીઓ એ ઇમારતની છત પર પહોંચ્યા ત્યાં સુધીમાં તો બધા જ બ્રંગ લોકો નીચે ઢળી પડ્યા હતા અને પીડાના માર્યા કણસી રહ્યા હતા. એ બધા જ ઘાયલ હતા, પરંતુ જીવિત હતા.

એ પછી પર્વતેશ્વરનો એ ઘોંઘાટ સંભળાયો. ઘણા બધા બ્રંગવાસીઓ પીડાથી કણસી રહ્યા હતા, એ અવાજમાં પણ એ ભયાનક ઘોંઘાટ સંભળાઈ જાય તેવો હતો. એમ લાગતું હતું કે હજારો બાળકો એક સાથે જીવ પર આવીને રડી રહ્યા હતા.

બ્રંગ લોકો ભયાનક ધાર્મિક વિધિઓ કરતા એવી અફવા તો પર્વતેશ્વરે પણ સાંભળી હતી. એટલે જે બાજુથી રડવાનો અવાજ આવી રહ્યો હતો, એ દિશામાં પર્વતેશ્વર દોડ્યા. એક ચોક્કસ દ્વારનો અંદાજ માંડી સેનાપતિએ એક લાત વડે તેને તોડી પાડ્યો. તેમને જે જોવા મળ્યું તેનાથી તેમને અત્યંત આઘાત લાગ્યો.

એ કક્ષના એક ખૂણામાં એક મોરનો મસ્તક વિનાનો મૃતદેહ પડ્યો હતો અને તેમાંથી ટપકતું રક્ત એક પાત્રમાં ભેગું કરવામાં આવી રહ્યું હતું. તેની ફરતે ઘણી સ્ત્રીઓ ઊભી હતી અને દરેકના હાથમાં પીડાથી તરફડતું એક બાળક હતું. અમુક બાળકોના મુખ ફરતે રક્ત ચોંટેલું હતું. પર્વતેશ્વર ભયભીત થઈ ઊઠ્યા. તેમણે હાથમાં રહલી લાઠી નીચે ફેંકીને પોતાની તલવાર ખેંચી. અચાનક તેમની ડાબી બાજુ કંઈક હલનચલન થયું. અને એ કંઈ પ્રતિક્રિયા આપી શકે એ પહેલાં તો તેમના મસ્તકમાં પીડાનો સણકો ઊપડ્યો અને તેમની આંખો સમક્ષ અંધારું છવાઈ ગયું.

એ જોઈને પાછળ આવેલા ભગીરથે બૂમ પાડી અને પોતાની તલવાર ખેંચી કાઢી. બીજા સૂર્યવંશીઓએ પણ એમ જ કર્યું. પર્વતેશ્વરના માથા પર લાકડી મારનારા માણસ પર ભગીરથ તલવાર વીંઝવા જતો જ હતો કે કોઈ સ્ત્રીની ચીસ સંભળાઈ : 'નહીં ! કૃપા કરો !'

ભગીરથ અટક્યો. એ સ્ત્રી ગર્ભવતી હતી એ તો પહેલી દૃષ્ટિમાં જ દેખાઈ આવતું હતું.

બ્રંગવાસી પુરુષ પોતાની લાઠી પુનઃ ઉગામવા જતો હતો. એ સમયે પણ એ સ્ત્રી ચીસ પાડી, 'ના !'

એ માણસ અટકી ગયો તેનું ભગીરથને આશ્ચર્ય થયું.

જોકે પાછળ રહેલી અન્ય બ્રંગ સ્ત્રીઓ પોતાની વિચિત્ર વિધિ અટક્યા વિના કરી રહી હતી.

'અટકી જાવ !' હવે ભગીરથે બૂમ પાડી.

ગર્ભવતી બ્રંગ સ્ત્રી ભગીરથના પગમાં પડી ગઈ. 'ના, શૂરવીર રાજકુમાર. અમને અટકાવશો નહીં. હું આજીજી કરું છું.'

'પૂજારણ, આ તમે શું કરી રહ્યાં છો ?' પલા બ્રંગ પુરુષે પૂછ્યું, 'પોતાની જાતનું અપમાન ન કરશો !'

ભગીરથે આખું દૃશ્ય પુનઃ એક વાર જોયું એ પછી તેને કંઈક સમજાયું. તે દિગ્મૂઢ થઈ ગયો. માત્ર એ બાળકો જ રડી રહ્યાં હતાં જેમના મુખ પર રક્ત ચોટેલું નહોતું. તેમનાં અંગો અત્યંત પીડાકારક રીતે વાંકાચૂંકાં હતા. જાણે કોઈ અદૃશ્ય બળ તેમના નાનકડા દેહને ભીંસી રહ્યું હોય, એમ તેઓ પીડાઈ રહ્યાં હતાં. જેવું એવા કોઈ બાળકના મુખમાં મોરનું રક્ત રેડવામાં આવતું કે એ બાળક શાંત થઈ જતું હતું.

ભગીરથે આઘાતથી પૂછ્યું. 'આ તમે શું. . .'

'કૃપા કરો,' બ્રંગ લોકોની પૂજારણે આજીજી કરી, 'અમારાં બાળકો માટે અમારે તેની આવશ્યકતા છે. એના વિના આ બધાં બાળકો મૃત્યુ પામશે. હું તમને વિનવું છું. એ બાળકોનું જીવન અમને બચાવી લેવા દો.'

ભગીરથ ચૂપચાપ ઊભો રહ્યો. એ દિગ્મૂઢ હતો.

'રાજકુમાર,' વીરભદ્ર બોલ્યો, 'સેનાપતિ. . .'

ભગીરથે ત્વરાથી નીચા નમીને સેનાપતિને તપાસ્યા. તેમનું હૃદય ધબકી રહ્યું હતું પરંતુ તેમના ધબકારા ધીમા પડી ગયા હતા.

'સૂર્યવંશીઓ, આપણે સેનાપતિને આયુરાલય લઈ જવા પડશે. ત્વરાથી ! આપણી પાસે વધારે સમય નથી !'

પોતાના સેનાપતિને ઊંચકીને સૂર્યવંશીઓ બહાર દોડી ગયા. પર્વતેશ્વરને આયુરાલયમાં લઈ જવા પડે તેમ જ હતા.



આયુર્વતી આયુરાલયમાંથી બહાર આવી. પર્વતેશ્વરના ઘાવની સારવારનું જ્ઞાન ચંદ્રવંશી વૈદ્યો પાસે હતું જ નહીં. એટલે તાત્કાલિક આયુર્વતીને બોલાવવામાં આવી હતી.

આયુર્વતીને બહાર આવતી જોઈને શિવ અને સતી ઊભાં થયાં. આયુર્વતીના મુખ પર ચિંતા જોઈને સતીનું હૃદય પણ ભારે થઈ ગયું.

'એમને ઠીક થતાં કેટલો સમય લાગશે, આયુર્વતી ?' શિવે પૂછ્યું.

આયુર્વતીએ ઊંડો શ્વાસ લીધો, 'લાઠી પર્વતેશ્વરને સૌથી નાજુક જગ્યા પર જ વાગી છે, સીધી જ લમણા પર. એટલે તેમના મસ્તિષ્કની અંદર વધારે પડતો રક્તસ્રાવ થઈ રહ્યો છે. એ વાત પ્રાણઘાતક બની શકે એમ છે.'

શિવે દાંત નીચે હોઠ દબાવ્યો.

'હું. . .,' આયુર્વતી કંઈક બોલવા ગઈ.

'જો એમને કોઈ બચાવી શકે એમ હોય, તો એ તું જ છે, આયુર્વતી,' શિવે કહ્યું.

'આવા ગંભીર પ્રકારના ઘાવની કોઈ જ સારવાર વૈદકીય ગ્રંથોમાં સૂચવવામાં આવી નથી, પ્રભુ. આપણે મસ્તિષ્કની શસ્ત્રક્રિયા કરી શકીએ પરંતુ દર્દી એ માટે પહેલાં ભાનમાં આવવો આવશ્યક છે. શસ્ત્રક્રિયા દરમિયાન તેને પીડાશામકો આપીને પણ જાગતો રાખવો આવશ્યક છે જેથી આપણે મસ્તિષ્કની કાર્યપ્રણાલી સાચવીને કામ કરી શકીએ. પરંતુ પર્વતેશ્વર બેભાન હોય અને આ શસ્ત્રક્રિયા કરવામાં આવે, તો તેના કારણે ઘાવ કરતાં પણ વધારે નુકસાન થઈ શકે છે.'

સતીની આંખો ભરાઈ આવી હતી.

'આપણે કોઈ પણ સંજોગોમાં એમ થવા દઈ શકીએ નહીં, આયુર્વતી,' શિવે કહ્યું 'કદી પણ નહીં !'

'હું જાણું છું, પ્રભુ.'

'તો પછી કોઈક ઉપાય વિચારો. તમે આયુર્વતી છો, આ જગતનાં શ્રેષ્ઠ વૈદ્ય !'

'મારા મનમાં તો માત્ર એક જ ઉપાય આવે છે, પ્રભુ,' આયુર્વતીએ કહ્યું 'પરંતુ એ ઉપાય કારગર નીવડશે કે કેમ એ હું જાણતી નથી.'

'સોમરસ ?' શિવે પૂછ્યું.

'આપ એમાં સહમત છો ?'

'હા. ચલો પ્રયત્ન કરી જોઈએ.'

આયુર્વતી પોતાના સહાયકોને શોધવા દોડી ગઈ.

શિવે સતી સામે જોયું અને ચિંતિત થઈ ઊઠ્યા. એ જાણતા હતા કે સતી પિતૃતુલ્યથી કેટલી જોડાયેલી હતી. તેને થતી પીડાની અસર તેના ગર્ભમાં રહેલા બાળક પર પણ પડી શકે તેમ હતી, 'એમને સારું થઈ જશે. મારો વિશ્વાસ કર.'



'સોમરસ ક્યાં છે ?' ચિંતિત શિવે પૂછ્યું.

'હું ક્ષમા માંગુ છું, પ્રભુ,' અતિથિગ્વએ કહ્યું, 'પરંતુ અમારી પાસે સોમરસનો વધારે જથ્થો હોતો નથી. એટલે અમે તેને આયુરાલયમાં તો રાખતા જ નથી.'

'એ આવી જ રહ્યો છે, પ્રભુ,' આયુર્વતીએ કહ્યું, 'મસ્ત્રકને મેં મારા ઉતારે એ લેવા જ મોકલ્યો છે.'

શિવના મુખ પર ક્રોધના હાવભાવ હતા. તેમણે પર્વતેશ્વરના ભવન સામે જોઈને કહ્યું, 'થોડીક પ્રતીક્ષા કરજો, મિત્ર. અમે તમને અવશ્ય બચાવી લઈશું. થોડીક પ્રતીક્ષા કરજો.'

હાંફતો હાંફતો મસ્ત્રક આવી પહોંચ્યો. તેના હાથમાં એક લાકડાની શીશી હતી. 'દેવી !'

'તેં એને બરોબર તૈયાર કર્યો છે ને ?'

'હા, દેવી.'

આયુર્વતી પર્વતેશ્વરના ભવનમાં દોડી ગઈ.



પર્વતેશ્વર એક ખૂણામાં શય્યા પર સૂતેલા હતા. આયુર્વતીના સહાયક મસ્ત્રક અને ધૃવિણી એ શય્યાની બાજુમાં બેઠાં બેઠાં પર્વતેશ્વરના નખ નીચે લીમડાનો રસ લગાવી રહ્યા હતા. તેમને શ્વાસ લેવામાં સરળતા રહે એ માટે તેમના નાકમાં અમુક નળીઓ ભરાવવામાં આવી હતી.

'મસ્તિષ્કની અંદરનો રક્તસ્રાવ તો અટકી ગયો છે, પ્રભુ,' આયુર્વતીએ કહ્યું, 'હવે એમની પરિસ્થિતિ બગડતી તો અટકી છે.'

પર્વતેશ્વરના નાકમાં ભરાયેલી નળીઓ જોઈને શિવ મનોમન ભારે વ્યથિત હતા. પર્વતેશ્વર જેવા માણસને આવી નિઃસહાય પરિસ્થિતિમાં જોવા તેમના માટે સાચે જ આઘાતજનક હતું. 'તો પછી એમના નાકમાં નળીઓ કેમ ભરાવવામાં આવી છે ?'

'રક્તસ્રાવને કારણે તેમના મગજના એ હિસ્સાને નુકસાન પહોંચ્યું છે જે શ્વાસોશ્વાસનું નિયંત્રણ કરતો હોય છે, પ્રભુ.' જ્યારે પણ કોઈ વૈદકીય આપત્તિ આવી પડતી ત્યારે આયુર્વતી હંમેશા જેવી ઠંડકથી વાત કરતી હતી, તેવી રીતે જ તેણે કહ્યું, 'અત્યારે તો પર્વતેશ્વર જાતે શ્વાસ લઈ શકે તેમ નથી એટલે જો આપણે આ નળીઓ કાઢી નાખીશું, તો તેઓ મૃત્યુ પામે એવી સંભાવના છે.'

'તો પછી એમના મગજની શસ્ત્રક્રિયા શા માટે નથી કરતાં ?'

'મેં આપને જણાવ્યું જ હતું, પ્રભુ, કે દર્દી જ્યારે બેભાન હોય, ત્યારે એ શક્ય નથી. એમાં વધારે જોખમ રહેલું છે. તેનાથી હું સંભવતઃ મગજના અન્ય મહત્ત્વના હિસ્સાઓને પણ નુકસાન પહોંચાડું, એમ બને.'

'સોમરસ. . .'

'એનાથી જ તો રક્તસ્રાવ બંધ થયો છે, પ્રભુ. એમની પરિસ્થિતિ હવે સ્થિર છે. જોકે

તેનાથી મગજ પર પડેલો ઘાવ રૂઝાઈ નથી રહ્યો.'

'તો હવે આપણે શું કરીશું ?'

આયુર્વતી ચૂપ રહી, કારણ કે તેની પાસે આ પ્રશ્નનો કોઈ જ ઉત્તર નહોતો. કોઈ વ્યવહારુ ઉત્તર તો નહોતો જ.

'કોઈક ઉપાય તો હશે જ.'

'એક નાનકડી શક્યતા છે, પ્રભુ,' આયુર્વતીએ કહ્યું 'સંજીવની વૃક્ષની છાલ. એ આમ તો સોમરસ બનાવવા માટે પણ વપરાય જ છે. પરંતુ સોમરસમાં તેની માત્રો અત્યંત ઓછી હોય છે.'

'તો પછી શા માટે આપણે તેનો પ્રયોગ નથી કરતા ?'

'એ અત્યંત અસ્થિર હોય છે. એ અત્યંત ત્વરાથી બગડી જાય છે. એને સંજીવની વૃક્ષ પરથી ઉતાર્યાની અમુક ક્ષણોમાં તો વાપરી નાખવું પડે છે.'

'તો પછી શોધો. . .'

'એ વૃક્ષ અહીંયાં નથી થતું, પ્રભુ. એ વૃક્ષ હિમાલયની તળેટીમાં જ પ્રાકૃતિક રીતે ઊછરે છે. મેલુહામાં આપણે તેને ઉગાડીએ છીએ. પરંતુ ત્યાંથી મંગાવવામાં પણ ઘણા માસ વીતી જશે. અને એ લઈને આપણે અહીંયાં પહોંચીએ ત્યાં સુધીમાં તો એ ઔષધ બગડી પણ ગયું હશે.'

કોઈ ઉપાય તો અવશ્ય હશે ! હે પવિત્ર સરોવર , કૃપા કરીને કોઈ માર્ગ બતાવ !



'સ્વામી,' નંદીને હવે કપ્તાનથી ઊંચું પદ આપવામાં આવ્યું હતું.

'શું છે, નંદી ?' ભગીરથે કહ્યું.

'આપ મારી સાથે આવશો ?'

'ક્યાં ?'

' મહત્ત્વની વાત છે, સ્વામી.'

પર્વતેશ્વર જ્યારે મૃત્યુ સામે લડી રહ્યા હોય ત્યારે નંદી પોતાને આયુરાલયની બહાર લઈ જાય એ વાત ભગીરથને વિચિત્ર તો લાગી. પરંતુ એ જાણતો હતો કે નંદી નીલકંઠનો અંગત મિત્ર છે. ઉપરાંત, નંદી બુદ્ધિશાળી છે એમ પણ ભગીરથ જાણતો હતો. જો એ તેમને આવી પરિસ્થિતિમાં ક્યાંક લઈ જવા ઇચ્છતો હોય, તો એ વાત મહત્ત્વની જ હોય.

એટલે ભગીરથ નંદીને અનુસર્યો.



જ્યારે નંદી ભગીરથને બ્રંગવાસીઓની ઇમારત પાસે લઈ ગયો, ત્યારે ભગીરથને અત્યંત આશ્ચર્ય થયું.

'શું વાત છે, નંદી ?'

'તમારે તેને મળવું જ જોઈએ,' નંદીએ કહ્યું.

'કોને ?'

'મને,' એ ઇમારતમાંથી બહાર આવી રહેલા એક ઊંચા, શ્યામવર્ણા માણસે કહ્યું. તેના લાંબા વાળ તેલ નાખીને વ્યવસ્થિત રીતે ઓળાયેલા હતા. તેની આંખો હરણ જેવી હતી અને ગાલનું હાડકું આગળથી થોડુંક ઊપસેલું હતું. તેની ત્વચા એકદમ લીસી દેખાતી હતી. તેનો ઊંચો પાતળો દેહ શ્વેત ધોતી અને દૂધિયા અંગવસ્ત્રમાં લપેટાયેલો હતો. તેના મુખ પર એવા માણસના હાવભાવ હતા જેણે જીવનમાં ઘણાં દુઃખ જોયાં હોય.

'તમે કોણ છો ?'

'મારું નામ દિવોદાસ છે. હું અહીં વસતા બ્રંગવાસીઓનો પ્રમુખ છું.'

ભગીરથના દાંત આપોઆપ ભીંસાવા માંડ્યા. 'સેનાપતિએ તમને બધાને બચાવ્યા અને તમે લોકોએ હવે તેમને મરણશય્યા પર સુવડાવી દીધા છે !'

'હું જાણું છું, રાજકુમાર. પરંતુ મારા માણસોને એમ લાગ્યું હતું કે સેનાપતિ અમને અમારાં બાળકોને બચાવતા અટકાવવા આવ્યા છે. તેમની પર થયેલો પ્રહાર સાચે જ ગેરસમજને કારણે થયો હતો. એ માટે હું હૃદયથી ક્ષમા માંગુ છું અને શોક પ્રગટ કરું છું.'

'તમારા શોક પ્રગટ કરવાથી એ બચી જશે એમ તમને લાગે છે ?'

'ના, એમ નથી લાગતું. હું એ પણ જાણું છું. તેમણે તો મારા તમામ બંધુઓને નિશ્ચિત મૃત્યુમાંથી ઉગાર્યા છે. તેમણે મારી પત્ની અને તેના ગર્ભમાં રહેલા બાળકને પણ બચાવ્યું છે. એ ઋણ તો ચૂકવવું જ રહ્યું.'

ઋણ ચૂકવવાની વાતથી ભગીરથ વધારે ક્રોધિત થયો. 'એટલે તમને એમ લાગે છે કે આ વખતે પણ તમે લોકો સોનું ચૂકવીને છૂટી જશો ? મારી વાત સ્મરણમાં રાખજો કે જો સેનાપતિને કંઈ થયું, તો હું પોતે અહીં આવીને તમારા એક એક બંધુને વીણી વીણીને વાઢી નાખીશ. એકેએકને !'

દિવોદાસ ચૂપ રહ્યો. તેના મુખ પર કોઈ પણ પ્રકારના હાવભાવ નહોતા.

'સ્વામી,' નંદીએ કહ્યું, 'એક વાર એમની વાત તો સાંભળી લઈએ.'

ભગીરથે ચિડાઈને ઘુરકાટ કર્યો.

'સોનાનો કશો જ અર્થ નથી, રાજકુમાર,' દિવોદાસે કહ્યું, 'અમારા વતનમાં અમારી પાસે ગાડાનાં ગાડાં ભરીને સોનું પડ્યું છે. એમ છતાં એ અમારી પીડા હરી શકતું નથી. આ જીવનથી વધારે મહત્ત્વનું કશું જ નથી. કશું જ નહીં. તમે આ વાત આટલી સ્પષ્ટતાથી ત્યારે જ સમજી શકો, જ્યારે તમે દરરોજ મૃત્યુને સમીપથી જુઓ.'

ભગીરથે કશું જ કહ્યું નહીં.

'સેનાપતિ પર્વતેશ્વર શૂરવીર અને સન્માનનીય પુરુષ છે. એમના માટે હું એ પ્રતિજ્ઞા તોડીશ જે મેં મારા પૂર્વજોના નામે લીધી હતી. પછી ભલેને તેના કારણે મારા આત્માને ક્યારેય મોક્ષ ન મળે.'

ભગીરથ હજુ પણ ક્રોધનો જ અનુભવ કરી રહ્યો હતો.

'બ્રંગવાસીઓ સિવાયના કોઈને પણ આ ઔષધ ન આપવા માટે હું પ્રતિજ્ઞાબદ્ધ છું. પરંતુ હું તે ઔષધ આપને આપું છું, સેનાપતિ માટે. તમારા વૈદ્યને કહજો કે સેનાપતિના લમણા અને નાસિકાઓ પર એ લગાવે. એ અવશ્ય જીવી જશે.'

ભગીરથ સાશંક દૃષ્ટિથી નાનકડા રેશમી ટુકડામાં બંધાયેલી પોટલી જોઈ રહ્યો. 'આ શું છે ?'

'એ શું છે એ જાણવાની આપને આવશ્યકતા નથી, રાજકુમાર. તમારે માત્ર એક જ વાત જાણવાની આવશ્યકતા છે. તેનાથી સેનાપતિ પર્વતેશ્વર અવશ્ય બચી જશે.'



'આ શું છે ?'

ભગીરથે આપેલી રેશમી ટુકડાની પોટલી સામે આયુર્વતી જોઈ રહી હતી.

'એ વાત મહત્ત્વની નથી,' ભગીરથે કહ્યું, 'એ વસ્તુ સેનાપતિના લમણા અને નાસિકાઓ પર લગાવો. તેનાથી કદાચ એ બચી પણ જાય.'

આયુર્વતીની આંખો પહોળી થઈ ગઈ.

'દેવી આયુર્વતી, પ્રયત્ન કરી જોવામાં શું વાંધો છે ?' ભગીરથે પૂછ્યું.

આયુર્વતીએ એ પોટલી ખોલી તો તેમાં લાલાશ પડતા ભૂખરા રંગનો જાડો મલમ હતો. તેણે આ પહેલાં ક્યારેય પણ આવો મલમ જોયો નહોતો. તેણે એ મલમ સૂંઘ્યો અને આશ્ચર્ય અનુભવતાં તેણે ભગીરથ સામે જોયું, 'તને આ મલમ ક્યાંથી મળ્યો ?'

'એ મહત્ત્વની વાત નથી. એનો ઉપયોગ કરી જુઓ.'

આયુર્વતી ભગીરથને જોઈ રહી. તેના મગજમાં ઘણા પ્રશ્નો ઉદ્‌ભવી રહ્યા હતા. પરંતુ તેણે સૌ પ્રથમ તો સૌથી મહત્ત્વનું કામ જ કરવાનું હતું. તે જાણતી હતી કે આ મલમથી પર્વતેશ્વર બચી જશે.



પર્વતેશ્વરે ધીમે ધીમે પોતાની આંખો ખોલી. તેમના શ્વાસોશ્વાસ હજુ પણ અનિયમિત ચાલતા હતા.

'મિત્ર,' શિવ હળવેથી બોલ્યા.

'પ્રભુ,' પર્વતેશ્વરે ઊભા થવાનો પ્રયત્ન કરતાં કહ્યું.

'ના ! ઊભા ન થશો !' શિવે હળવેથી પર્વતેશ્વરને પાછા સુવાડ્યા. 'તમારે આરામની આવશ્યકતા છે. તમે દેખાવ છો એટલા મજબૂત છો નહી, સેનાપતિ !'

પર્વતેશ્વરે ફિક્કું સ્મિત કર્યું.

પર્વતેશ્વરના મનમાં સૌ પ્રથમ કયો પ્રશ્ન ઊઠશે, તે શિવ જાણતા હતા એટલે તેમણે કહ્યું, 'તમામ બ્રંગવાસીઓઓ સલામત છે. તમે જે કર્યું, એ અદ્‌ભુત કાર્ય હતું.'

'એ અંગે હવે હું સ્પષ્ટ નથી, પ્રભુ. મારે પ્રાયશ્ચિત્ત તો કરવું જ પડશે, કારણ કે મેં પાપ કર્યું છે.'

'તમે જે કર્યું તેનાથી અનેક જીવન બચ્યાં છે. હવે કોઈ પણ પ્રકારના પ્રાયશ્ચિત્તની આવશ્યકતા નથી.'

પર્વતેશ્વરે નિસાસો નાખ્યો. તેમના માથામાં હજુ પણ પીડાના લબકારા ઊઠતા હતા. 'એ લોકો કોઈ ભયાનક વિધિ કરી રહ્યા હતા. . .'

'એ અંગે અત્યારે વિચારવાની આવશ્યકતા નથી, મિત્ર. અત્યારે તમારે શાંત અને સ્વસ્થ થવાની આવશ્યકતા છે. આયુર્વતીનો સ્પષ્ટ આદેશ છે કે કોઈએ તમને ખલેલ પહોંચાડવી નહીં. એટલે હું પણ અહીંથી જઉં છું. આરામ કરો.'



'આનંદમયી !'

ભગીરથે પોતાની બહેનને અટકાવવાનો પ્રયત્ન કર્યો. આનંદમયી આયુરાલયના એ ભવનમાં જઈ રહી હતી જ્યાં પર્વતેશ્વરને રાખવામાં આવ્યા હતા. નગરની બાજુમાં આવેલા એક આશ્રમમાં તે સંગીત શીખવા ગઈ હતી એટલે આ આખા પ્રકરણથી જ તે અજાણ હતી. પરંતુ તેને તેના ભાઈએ અટકાવી દીધી.

'એ ઠીક તો છે ને ?'

'હા,' ભગીરથે કહ્યું.

આનંદમયીની આંખોમાં ક્રોધ હતો. 'આવું કામ કયા નીચ માણસે કર્યું ? મને આશા છે કે એ માણસને તેં નર્કમાં પહોંચાડી જ દીધો હશે !'

'એ અંગે શું કરવું તે પર્વતેશ્વર જ નક્કી કરશે.'

'મને એમ સાંભળવા મળ્યું કે તેમના લમણા પર જ પ્રહાર થયો હતો અને મગજની અંદર રક્તસ્રાવ થવા માંડ્યો હતો.'

'હા.'

'અગ્નિદેવ કૃપા કરે. એ તો પ્રાણઘાતક નીવડી શકે છે.'

'હા, પરંતુ બ્રંગવાસીઓએ આપેલા એક ઔષધને કારણે તે બચી ગયા છે.'

'બ્રંગવાસીએ ? પહેલાં તો એ લોકો તેમની પર પ્રાણઘાતક પ્રહાર કરે છે અને પછી એમનું જીવન બચાવવા ઔષધ આપે છે ? શું એમની ગાંડપણની કોઈ સીમા ખરી ?'

'એ ઔષધ તેમના આગેવાન દિવોદાસે આપ્યું હતું. તે કાશીમાં થોડાક કલાક પહેલાં જ આવ્યો અને તેણે આ ઘટના વિષે સાંભળ્યું. એ મને સારો માણસ લાગ્યો.'

અત્યારે જોકે આનંદમયીને કોઈ બ્રંગ આગેવાનમાં રસ નહોતો. 'શું પર્વતેશ્વર જાગી ગયા છે ?'

'હા, પ્રભુ હમણાં જ તેમને મળ્યા છે. હવે એ પાછા ઊંઘી ગયા છે. એમના પરથી જોખમ હવે ટળી ગયું છે. ચિંતા ન કરીશ.'

આનંદમયીએ મસ્તક હલાવ્યું. તેની આંખોમાં ભીનાશ તરી આવી.

'અને, જોકે,' ભગીરથે કહ્યું, 'મારા ઘાવ પણ હવે તો ભરાઈ જવા આવ્યા છે.'

આનંદમયી ખડખડાટ હસી પડી. 'મને ક્ષમા કરજે, મારા ભાઈ ! મારે એ અંગે પૂછવું જોઈતું હતું.'

ભગીરથે નાટ્યાત્મક રીતે થોડી વાર અટકી જઈને કહ્યું, 'તારા ભાઈ પર કોઈ પણ પ્રહાર કરી શકે નહીં, કારણ કે એ મહાનતમ ચંદ્રવંશી યોદ્ધો છે !'

'તારી પર કોઈ પ્રહાર ન કરી શક્યું, કારણ કે તું પર્વતેશ્વરની પાછળ છુપાયેલો હોઈશ !'

ભગીરથ પણ ખડખડાટ હસી પડ્યો અને તેણે આનંદમયીને વહાલ કર્યું. આનંદમયીએ પોતાના નાના ભાઈને પોતાની છાતીએ વળગાડી લીધો.

'જા,' ભગીરથે કહ્યું, 'કદાચ એમને જોઈને તને સારું લાગશે.'

આનંદમયીએ મસ્તક હકારમાં હલાવ્યું. એ પર્વતેશ્વરના ભવનમાં પ્રવેશી, તેજ સમયે આયુર્વતી ભવનમાંથી બહાર નીકળી. 'રાજકુમાર.'

'હા, દેવી આયુર્વતી,' ભગીરથે વંદન કરતાં પૂછ્યું.

'હું અને પ્રભુ આપની સાથે વાત કરવા ઇચ્છીએ છીએ. શું તમે અમારી સાથે આવી શકશો ?'

'અવશ્ય.'



'આ ઔષધ તને ક્યાંથી મળ્યું, ભગીરથ ?' શિવે પૂછ્યું.

ભગીરથને શિવના અવાજથી આશ્ચર્ય થયું હતું. પ્રભુનો અવાજ હંમેશા પ્રેમાળ જ રહેતો પરંતુ અત્યારે તેમાં ક્રોધ જણાતો હતો.

'શું થયું, પ્રભુ ?' ભગીરથે ચિંતિત અવાજે પૂછ્યું.

'મારા પ્રશ્નનો ઉત્તર આપો, રાજકુમાર. આ ઔષધ તમને ક્યાંથી મળ્યું ?'

'બ્રંગવાસી પાસેથી.'

શિવ ભગીરથની આંખોમાં આંખો પરોવીને જોઈ રહ્યા. ભગીરથને સમજાયું કે નીલકંઠને તેના શબ્દો પર વિશ્વાસ નહોતો થઈ રહ્યો.

'હું જુઠ્ઠું નથી બોલી રહ્યો, પ્રભુ,' ભગીરથે કહ્યું, 'અને બોલું પણ શા માટે ? એ ઔષધથી તો સેનાપતિનું જીવન બચ્યું છે.'

શિવ હજુ સ્થિર દૃષ્ટિથી ભગીરથ સામે જોઈ રહ્યા હતા.

'પ્રભુ, સમસ્યા શું છે ?'

'સમસ્યા એ છે, રાજકુમાર' આયુર્વતીએ કહ્યું, 'કે આ ઔષધ સપ્તસિંધુમાં તો ઉપલબ્ધ જ નથી. એ સંજીવનીની છાલમાંથી બનાવવામાં આવેલું જ ઔષધ હતું. પરંતુ સંજીવનીની છાલ તો ટૂંક સમયમાં જ બગડી જતી હોય છે એટલે જો તેને વૃક્ષ પરથી ઉતાર્યાની થોડીક વારમાં ઉપયોગમાં લેવામાં ન આવે, તો તે નકામી બની જાય છે. આ ઔષધ જોકે એકદમ તાજું લાગતું હતું. એ મલમ સ્વરૂપે હતું અને આપણે તેનો ઉપયોગ કરી શક્યાં.'

'ક્ષમા માંગુ છું, દેવી આયુર્વતી, પરંતુ હજુ મને આપની સમસ્યા સમજાઇ નથી.'

'જો એક વિશેષ વૃક્ષના લાકડાને સંજીવનીની છાલ સાથે સંયોજિત કરવામાં આવે, તો જ આ વસ્તુ શક્ય બની શકે છે અને એ વૃક્ષ સપ્તસિંધુમાં ઊગતું નથી.'

ભગીરથની આંખો પહોળી થઇ ગઇ.

'એ વૃક્ષ નર્મદાની દક્ષિણે જ ઊગે છે, નાગવંશીઓના પ્રદેશમાં.' અયોધ્યાનો રાજકુમાર આશ્ચર્યથી થીજી ગયો. નીલકંઠ શું વિચારી રહ્યા હશે, તે હવે તે સમજી શકતો હતો. 'પ્રભુ, મારે કોઈ પણ નાગવંશી સાથે કંઈ લેવા-દેવા નથી. મને તો આ ઔષધ બ્રંગવાસીઓના આગેવાન દિવોદાસ પાસેથી મળ્યું. હું અયોધ્યાના નામે સોગંદપૂર્વક કહું છું. મારી વહાલી બહેનના સોગંદ ખાઇને કહું છું. મારે નાગવંશીઓ સાથે કોઈ પણ સંબંધ નથી.'

શિવ હજુ ભગીરથ સામે જોઈ રહ્યા હતા. 'મારે દિવોદાસને મળવું છે.'

'પ્રભુ, હું સોગંદપૂર્વક કહું છું કે મારે કોઈ નાગવંશી સાથે સંબંધ નથી.'

'એક કલાકમાં દિવોદાસને મારી સમક્ષ હાજર કરો, રાજકુમાર ભગીરથ.'

ભગીરથના હૃદયના ધબકારા વધી ગયા હતા. 'પ્રભુ, કૃપા કરીને મારો વિશ્વાસ કરો. . .'

‘એ વિશે આપણે પછી વાત કરીશું, રાજકુમાર ભગીરથ,’ શિવે કહ્યું, ‘કૃપા કરીને દિવોદાસને અહીં ઉપસ્થિત કરો.’

‘મને ખ્યાલ છે ત્યાં સુધી મહારાજ અતિથિગ્વએ આવતીકાલે સવારે દિવોદાસ સાથે આપની મુલાકાત ગોઠવી જ છે, પ્રભુ.’

શિવે વધુ ઝીણી આંખે ભગીરથ સામે જોયું.

‘હું અત્યારે જ દિવોદાસને અહીં ઉપસ્થિત કરું છું, પ્રભુ,’ કહીને ભગીરથ ભવનમાંથી બહાર દોડી ગયો.



આનંદમયી પર્વતેશ્વરની શય્યાની બાજુમાં એક આસન પર બેઠી હતી. સેનાપતિ ઊંઘી ગયા હતા અને તેમના શ્વાસોશ્વાસ ધીમા ચાલી રહ્યા હતા. રાજકુમારી ધીમેધીમે પોતાનો હાથ પર્વતેશ્વરના મજબૂત ખભા, હાથ અને આંગળીઓ પર ફેરવી રહી હતી. એ સ્પર્શથી પર્વતેશ્વર ધ્રૂજતા હોય, એમ લાગતું હતું.

આનંદમયી મૃદુતાથી હસી, ‘તમે ગમે તેટલી પ્રતિજ્ઞાઓ લીધી હોય, પરંતુ છેવટે તો તમે પુરુષ જ છો !’

અને સૂતેલા પર્વતેશ્વરને જાણે કે અંતઃસ્ફુરણા થઈ હોય, તેમ તેમણે પોતાનો હાથ ખેંચી લીધો. ઊંઘમાં જ તેઓ કંઈક બબડ્યા. જોકે એ શબ્દો એટલા સ્પષ્ટ નહોતા કે આનંદમયીને કંઈ સમજાય. એટલે તે નીચી નમી.

‘હું મારી પ્રતિજ્ઞા ક્યારેય નહીં તોડું. . .પિતાજી. એ મારું. . .દશરથ વચન છે. હું મારી પ્રતિજ્ઞા. . .ક્યારેય નહીં તોડું.’

ભગવાન રામના પિતાજી રાજા દશરથને નામે સાર્વજનિક રીતે જે પ્રતિજ્ઞા લેવાતી તેનો ક્યારેય ભંગ કરવામાં આવતો નહીં. આનંદમયીએ માથું હલાવીને નિસાસો નાખ્યો. પર્વતેશ્વર પોતાની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા ઊંઘમાં પણ રટી રહ્યા હતા.

‘હું મારી પ્રતિજ્ઞા. . .ક્યારેય નહીં તોડું.’

આનંદમયીએ સ્મિત કર્યું. ‘એ તો આપણે જોઈશું.’



‘પ્રભુ,’ નીલકંઠનો ચરણસ્પર્શ કરવા માટે દિવોદાસ તરત જ નીચે નમ્યો.

‘આયુષ્માન ભવ, દિવોદાસ,’ શિવે આશીર્વાદ આપ્યા.

‘આપને મળવું મારું અહોભાગ્ય છે, પ્રભુ. હવે દુઃખના દિવસો સમાપ્ત થઈ જશે. આપ અમારી તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવી દેશો. હવે અમે વતન પાછા ફરી શકીશું.’

‘વતન પાછા ફરી શકશો ? એટલે તમે હજુ વતન પાછા ફરવા ઇચ્છો છો ?’

‘બ્રંગ પ્રદેશમાં જ મારો આત્મા વસે છે, પ્રભુ. જો ભયંકર મહામારી ફાટી નીકળી ન હોત, તો હું કદી પણ મારું વતન છોડત નહીં.’

શિવે આ બાબતે થોડોક વિચાર કર્યો અને પછી તેઓ મૂળ મુદ્દા પર આવ્યા, 'તમે ઉમદા માનવી છો, દિવોદાસ. તમે મારા મિત્રનું જીવન બચાવ્યું છે. એ માટે તમારે ઘણું મોટું બલિદાન આપવું પડ્યું છે.'

'પ્રભુ, એ સમયે પ્રતિજ્ઞા અને સન્માનમાંથી ગમે તે એકની પસંદગી કરવાની હતી. જે બની ગયું, તેનાથી હું માહિતગાર હતો. સેનાપતિ પર્વતેશ્વર તો મારા લોકોને નિશ્ચિત મૃત્યુમાંથી બચાવ્યા છે. એટલે અમારે પણ તેમનો જીવ તો બચાવવો જ રહ્યો. અને તેનું મેં કંઈ મોટું મૂલ્ય ચૂકવ્યું નથી.'

'એવું તમે કહો છો, મિત્ર. હવે જ્યારે મારા પ્રશ્નનો ઉત્તર આપો ત્યારે પણ તમારે એવી જ પસંદગી કરવાની રહેશે.'

દિવોદાસની આંખોમાં આશ્ચર્ય આવી ગયું.

'તમારી પાસે નાગવંશીઓનું ઔષધ ક્યાંથી આવ્યું ?'

દિવોદાસ ભયથી થીજી ગયો.

'મને ઉત્તર આપો, દિવોદાસ,' શિવે મૃદુતાથી પૂછ્યું.

'પ્રભુ. . .'

'હું જાણું છું કે એ ઔષધ માત્ર નાગવંશીઓ જ બનાવી શકે તેમ છે. પ્રશ્ન એ છે કે એ તમારી પાસે ક્યાંથી આવ્યું ?'

દિવોદાસ નીલકંઠ સમક્ષ અસત્ય ઉચ્ચારવા નહોતો ઇચ્છતો. અને સત્ય ઉચ્ચારવાનો તેને ભય લાગતો હતો.

'દિવોદાસ, સત્ય જ કહેજો,' શિવે કહ્યું. 'અસત્યથી વધુ ક્રોધ મને કશા પર નથી આવતો. સત્ય બોલો. હું તમને વચન આપું છું કે આપને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચશે નહીં. હું તો માત્ર નાગવંશીઓને જ શોધી રહ્યો છું.'

'પ્રભુ, હું એમ કરી શકીશ કે નહીં એ હું નથી જાણતો. મારા લોકોને પ્રત્યેક વર્ષે આ ઔષધની આવશ્યકતા રહે છે. એમાં થોડાક દિવસ મોડું થયું, તો કેવી અંધાધૂંધી સર્જાઈ ગઈ, એ તો આપે જોઈ જ લીધું છે. મારા લોકો આ ઔષધ વિના મૃત્યુ પામશે, પ્રભુ.'

'એ નીચ લોકો મને ક્યાં મળશે એટલું જ મને જણાવ અને હું તને વચન આપું છું કે તમને પ્રત્યેક વર્ષે આ ઔષધ હું ઉપલબ્ધ કરાવી આપીશ.'

'પ્રભુ. . .'

'આ મારું વચન છે, દિવોદાસ. તમને લોકોને તમારું ઔષધ હંમેશાં મળતું રહેશે. પછી ભલે એ માટે મારે મારા જીવનનું બલિદાન આપવું પડે પરંતુ તારા લોકોમાંથી કોઈ પણ માણસ આ ઔષધના અભાવે મૃત્યુ નહીં પામે.'

દિવોદાસ હજુ પણ ખચકાટ અનુભવતો હતો. પરંતુ તેના ભય કરતાં નીલકંઠની દંતકથામાં તેની શ્રદ્ધા વધારે બળવાન સાબિત થઈ. 'હું ક્યારેય કોઈ નાગવંશીને નથી મળ્યો, પ્રભુ. અમારામાંથી ઘણા લોકો તો એમ માને છે કે બ્રંગ પ્રદેશને એમણે જ શાપિત કર્યો છે. પ્રત્યેક વર્ષે, ઉનાળામાં મહામારી અવશ્ય ફાટી નીકળે છે. અને અમને માત્ર નાગવંશીઓનાં ઔષધો જ બચાવી શકે છે. મહારાજ ચંદ્રકેતુ એ નાગવંશીઓને સોનું આપે છે, કેટલું એ અમે નથી જાણતા પરંતુ તેના બદલામાં તેઓ મોટા પાયે ઔષધો મેળવી લાવે છે.'

શિવ આશ્ચર્યચકિત હતા, 'એટલે તમે એમ કહેવા માંગો છો કે મહારાજ ચંદ્રકેતુએ નાગવંશીઓ સાથે પરાણે સોદો કરવો પડે છે ? એ તેમના બંધક જેવા છે ?'

'એ અત્યંત ઉમદા રાજા છે, પ્રભુ. અમારામાંથી જે કેટલાક લોકો છટકી શક્યા છે

અને બ્રંગ પ્રદેશની બહાર વસી શક્યા છે, તેમને પણ તેઓ ટકાવી રાખવા માટે સોનું આપે છે. અમે પ્રત્યેક વર્ષે બ્રંગ પ્રદેશ જઈને સોનું મેળવી આવીએ છીએ.'

શિવ કંઈ બોલ્યા નહીં.

દિવોદાસની આંખોમાં ભીનાશ તરી આવી હતી. 'અમારા રાજા અત્યંત ઉમદા છે, પ્રભુ. તેમણે અનિષ્ટ સાથે સોદો કરીને પોતાના આત્માને શાપિત કર્યો છે, કારણ કે તેઓ બ્રંગવાસીઓનું જીવન રક્ષવા ઇચ્છે છે.'

શિવે ધીમેથી મસ્તક હલાવીને સહમતી દર્શાવી, 'તો શું એકલા રાજા જ નાગવંશીઓ સાથે સોદો કરે છે ?'

'હું જેટલું જાણું છું એ અનુસાર તો માત્ર તેઓ અને તેમના અમુક વિશ્વાસુ માણસો જ એ કામ પતાવતા હોય છે, પ્રભુ. બીજું કોઈ તેમાં સહભાગી હોતું નથી.'

'મારા બાળકનો જન્મ થઈ જાય એ પછી આપણે બ્રંગ પ્રદેશ જવા નીકળીશું. તમે મારી સાથે આવો એમ હું ઇચ્છું છું.'

'પ્રભુ !' દિવોદાસે આઘાત અનુભવતાં કહ્યું, 'અમે બ્રંગવાસી સિવાયના કોઈને પણ અમારી ભૂમિમાં લઈ જઈ શકીએ નહીં. અમારાં રહસ્યો અમારી સરહદની અંદર જ રહેવાં આવશ્યક છે. આ તો મારા દેશના ભવિષ્યની વાત છે. મારા દેશબાંધવોના ભવિષ્યની આ વાત છે.'

'આ આખી વાત તમારા દેશ, દેશબાંધવો કે મારા કરતાં પણ ઘણી મોટી છે. આ સમગ્ર ભારતવર્ષની વાત છે. આપણે નાગવંશીઓને તો શોધવા જ રહ્યા.'

દિવોદાસ શિવ સામે જોઈ રહ્યો. તે મૂંઝાયેલો અને વ્યથિત લાગતો હતો.

'મને લાગે છે કે હું તમને સહાય કરી શકીશ, દિવોદાસ,' શિવે કહ્યું, 'શું આવું જીવન જીવવાને લાયક ખરું ? પ્રત્યેક વર્ષે ઔષધો માટે હાથ લંબાવતા રહેવું ? અને તમારા લોકોનો રોગ શું છે એ પણ જાણવાનો પ્રયત્ન ન કરવો ? આપણે આ સમસ્યાને જડમૂળથી દૂર કરવી જોઈએ. હું એ કરી શકીશ. પરંતુ તારી સહાય વિના તો નહીં જ.'

'પ્રભુ. . .'

'દિવોદાસ, વિચાર. મને એમ સાંભળવા મળ્યું છે કે મોરના રક્તની ઘણી આડઅસરો પણ હોય છે, જે એટલી જ ભયાનક હોય છે. જો તને નાગવંશીઓ પાસેથી સમયસર ઔષધ ન મળ્યું હોત તો શું થાત ? તો તારા લોકોનું, તારી પત્ની અને તેના ગર્ભમાં રહેલા બાળકનું શું થાત ? શું આ સમસ્યાનો કાયમી ઉકેલ આવે એમ તું નથી ઇચ્છતો ?'

દિવોદાસે હળવેથી મસ્તક હલાવ્યું.

'તો પછી તારે મને તારા પ્રદેશમાં લઈ જવો જ પડશે. હું તારા દેશ અને તારા રાજાને બ્રંગ લોકોના પંજામાંથી મુક્ત કરાવીશ.'

'હા, પ્રભુ.'



'હું સોગંદપૂર્વક કહું છું કે મારે નાગવંશીઓ સાથે જરા પણ લેવાદેવા નથી, પ્રભુ,' ભગીરથે માથું નમાવીને કહ્યું.

નંદી શિવના ભવનના દ્વાર પાસે ઊભો ઊભો આ દૃશ્ય સહાનુભૂતિપૂર્વક જોઈ રહ્યો હતો.

‘હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે હું કદી પણ આપની વિરુદ્ધ જઉં નહીં,’ ભગીરથે કહ્યું, ‘ક્યારેય નહીં.’

‘હું જાણું છું,’ શિવે કહ્યું, ‘મને લાગે છે કે એ ઔષધની ઉપસ્થિતિએ મને ચલિત કરી દીધો હતો. નંદીએ પણ મને બધું જ જણાવ્યું છે. એટલે હું જાણું છું કે આ ઔષધ તારા હાથમાં કઈ રીતે આવ્યું. તારી પર શંકા કરવા માટે હું તારી ક્ષમા માંગું છું.’

‘પ્રભુ,’ ભગીરથ બોલી ઊઠ્યો, ‘આપે ક્ષમા માંગવાની કોઈ જ આવશ્યકતા નથી.’

‘ના, ભગીરથ. જો મેં ભૂલ કરી હોય, તો મારે અવશ્ય ક્ષમા માંગવી જોઈએ. હું હવે પુનઃ તારી પર ક્યારેય શંકા નહીં કરું.’

‘પ્રભુ. . .’ ભગીરથ બોલી ઊઠ્યો.

શિવે ભગીરથને પોતાની પાસે ખેંચ્યો અને તેને ભેટી પડ્યા.



‘આપની ઉપસ્થિતિથી અમારી પર કૃપા વરસાવવા માટે હું પુનઃ આપનો આભાર માનું છું, પ્રભુ,’ કહીને મેલુહાના વડાં પ્રધાન કનખલાએ મહર્ષિ ભૃગુનાં ચરણસ્પર્શ કર્યાં. ‘હવે આપની પરવાનગી હોય, તો હું જવા ઇચ્છીશ.’

‘આયુષ્માન ભવ, પુત્રી,’ ભૃગુએ સસ્મિત કહ્યું.

આ એકાંતપ્રિય મહર્ષિ અચાનક મેલુહાના પાટનગર દેવગીરી પધાર્યા તેનાથી કનખલાને અત્યંત આશ્ચર્ય થયું હતું. જોકે તેમના રાજા દક્ષને જરા પણ આશ્ચર્ય થયું જણાતું નહોતું. કનખલા બહુ સારી રીતે જાણતી હતી કે આ સપ્તર્ષિ ઉત્તરાધિકારી કેટલા ચુસ્ત હતા અને તેમને કેવી રીતે રહેવું ગમતું હતું. તેણે ભૃગુના ભવનને હિમાલયની ગુફા જેવું જ બનાવી દીધું હતું કારણ કે એ જગ્યા જ ભૃગુનું નિવાસસ્થાન હતું. લાંબા પથ્થરની એક શય્યા સિવાય એ ગુફામાં કોઈ રાચરચીલું રાખવામાં આવ્યું નહોતું અને ભૃગુ અત્યારે તેની પર જ બિરાજમાન હતા. જમીન અને દીવાલો પર ઠંડું પાણી છાંટવામાં આવ્યું હતું, જેથી હિમાલયની ગુફા જેવું ઠંડું અને ભેજવાળું વાતાવરણ ઊભું કરી શકાય. તમામ વાતાયનો પર જાડા પડદા લગાવીને પ્રકાશને બને તેટલો રોકવામાં આવ્યો હતો. શય્યાની સામે ફળોની એક નાનકડી ટોપલી મૂકવામાં આવી હતી. મહર્ષિ અહીં રહે તેટલા દિવસો સુધી માત્ર આટલાં જ ફળો ખાવાનાં હતાં. સૌથી મહત્ત્વની વાત તો એ હતી કે ભવનની ઉત્તર દિશામાં પડતી દીવાલમાં એક ગોખલામાં ભગવાન બ્રહ્માની મૂર્તિ સ્થાપવામાં આવી હતી.

કનખલા ભવનની બહાર જાય ત્યાં સુધી પ્રતીક્ષા કરીને ભૃગુએ દક્ષ સામે જોયું અને એકદમ શાંત તેમજ મધુર અવાજે તેઓ બોલ્યા, ‘તમને આ બાબતમાં કોઈ અવઢવ નથી ને, મહારાજ ?’

દક્ષ ભૃગુનાં ચરણો પાસે ભોંય પર જ બેઠા હતા. ‘ના, પ્રભુ. એ મારા દોહિત્ર કે દોહિત્રી માટે જ છે. મને કોઈ જ અવઢવ નથી.’

ભૃગુએ હળવેથી સ્મિત કર્યું પરંતુ તેમનું અસુખ તેમની આંખોમાં દેખાઈ આવતું હતું. ‘મહારાજ, પોતાના સંતાનના મોહમાં ધર્મ ભૂલી જનારા ઘણા રાજાઓ મેં જોયા છે. હું એવી આશા કરું છું કે તમારી પુત્રીના મોહમાં તમે આ રાષ્ટ્ર પ્રત્યેનો તમારો ધર્મ ભૂલી ન જાવ.’

‘ના, પ્રભુ. મારા માટે આ દુનિયામાં સતીથી મહત્ત્વનું કોઈ જ નથી, પરંતુ હું મારો ધર્મ અને મારું કર્તવ્ય ક્યારેય નહીં ભૂલું.’

'સારું. એટલે જ મેં તમને રાજા બનવામાં સહાય કરી હતી.'

'હું જાણું છું, પ્રભુ. ધર્મ અને કર્તવ્યથી મહત્ત્વનું કશું જ નથી. આ ભારતવર્ષથી મહત્ત્વનું કશું જ નથી.'

'તમને તમારો જમાઈ એટલો ચતુર નથી લાગતો કે એ જોશે ત્યારે પ્રશ્ન કરશે ?'

'ના, પ્રભુ. એ મારી પુત્રીને અત્યંત પ્રેમ કરે છે. એ ભારતવર્ષને પણ ખૂબ જ પ્રેમ કરે છે. એટલે એ પણ આ ધ્યેયને અવરોધવા કશું જ નહીં કરે.'

'વાસુદેવ પંડિતોનો તેની પર પ્રભાવ પડવા માંડ્યો છે, મહારાજ.'

દક્ષને આઘાત લાગ્યો. એ કંઈ બોલી શક્યા નહીં. આ વાતચીત આગળ વધારવાની નિરર્થકતા ભૃગુને સમજાઈ ગઈ. દક્ષ એટલો સરળ હતો કે તેને આ બધી વસ્તુઓની લાંબા ગાળાની અસરો અંગે વિચાર આવતો નહોતો. તેમણે પોતે જ આ ધ્યેય માટે એકલા હાથે ઝઝૂમવું પડશે.

'જો તમે એમ જ માનતા હોવ, તો કૃપા કરીને આગળ વધો,' ભૃગુએ કહ્યું, 'પરંતુ એ ક્યાંથી આવ્યું એ અંગે તમે કોઈને કશું કહેશો નહીં. કોઈને પણ નહીં. સમજ્યા ?'

દક્ષે માથું હલાવીને હા પાડી. શિવ અને વાસુદેવ અંગે મહર્ષિએ જે વિધાન કર્યું હતું, તેનો આઘાત હજુ તેમના મન પરથી ઓસર્યો નહોતો.

'તમારી પુત્રીને પણ નહીં, મહારાજ,' ભૃગુએ કહ્યું.

'હા, પ્રભુ.'

ભૃગુએ મસ્તક હલાવ્યું અને ઊંડો શ્વાસ લીધો. આ મોટી સમસ્યા હતી. આ વારસો સાચવવા તેમણે એકલા હાથે લડવું પડશે. એ અત્યંત મહત્ત્વનું હતું. સમગ્ર ભારતવર્ષનું ભવિષ્ય તેનાથી નિશ્ચિત થવાનું હતું, એમ તેઓ માનતા હતા.

'આમ પણ ભય રાખવા જેવું કશું જ નથી, પ્રભુ,' દક્ષે એવા તેજસ્વી હોવાનો દેખાવ કર્યો જેવા તેઓ ક્યારેય નહોતા. 'બૃહસ્પતિનું જે થયું હોય એ, પરંતુ એ રહસ્ય તો હજુ સલામત જ છે. અને સદીઓ સુધી એ તેમજ રહેશે. ભારતની સમૃદ્ધિ વધતી જશે અને એ આ દુનિયા પર શાસન કરશે.'

'બૃહસ્પતિ કંઈ મૂર્ખ નહોતો !' ભૃગુએ ઊંચા અવાજે કહ્યું, 'સંભવતઃ એ પોતે જ આ ધ્યેયનો દ્રોહી હતો.'

દક્ષ ચૂપ જ રહ્યા. તેઓ હંમેશા ભૃગુના ક્રોધથી ભય અનુભવતા હતા.

ભૃગુ શાંત પડ્યા. 'મેં મારી શિષ્યા તારાને તેની સાથે પરણાવવાનું વિચાર્યું હતું એ વાત હવે હું માની પણ નથી શકતો. એ બિચારી છોકરીનું જીવન તો ધ્વસ્ત જ થઈ ગયું હોત.'

'તારા ક્યાં છે, પ્રભુ ? હું આશા કરું છું કે તે સલામત અને સુખી હશે.'

'એ સલામત જ છે. મેં તેને રૂદ્ર ભગવાનની ભૂમિમાં રાખી છે. એ ભૂમિમાં પણ કેટલાક લોકો મારા પ્રત્યે અત્યંત નિષ્ઠા ધરાવે છે. અને સુખનું તો. . .' ભૃગુએ નિરાશાથી તેમનું મસ્તક હલાવ્યું.

'એ હજુ બૃહસ્પતિને જ પ્રેમ કરે છે ?'

'એ મૂર્ખ જ છે. જોકે બૃહસ્પતિ તો હવે જીવતો નથી, તો પણ. . .'

'બૃહસ્પતિ અંગે વાત કરવાનો કંઈ અર્થ નથી,' દક્ષે કહ્યું, 'આપની પરવાનગી માટે અત્યંત આભાર, પ્રભુ. હું હૃદયના ઊંડાણથી આપનો આભાર માનું છું.'

ભૃગુએ કંઈ પણ બોલ્યા વિના દક્ષના શબ્દો સ્વીકાર્યા. પછી નીચે નમીને ધીમા અવાજે કહ્યું, 'ધ્યાન રાખજો, મહારાજ. યુદ્ધ કંઈ સમાપ્ત નથી થઈ ગયું. અને નીલકંઠનો

ઉપયોગ કરી શકનારા તમે એક માત્ર છો એમ પણ માનવું નહીં.'



પ્રકરણ ૭
પ્રસવપીડા

શિવ દશાશ્વમેધ ઘાટના રાજવી ભાગમાં ઊભા હતા. તેમની બાજુમાં સમ્રાટ દિલીપ અને અતિથિગ્વ પણ ઊભા હતા અને તેમની પાછળ મહત્ત્વના ઉમરાવો ઊભા હતા. કાશીના નાગરિકો ત્યાંથી થોડાક દૂર ઊભા હતા. એ લોકો વધારે પડતા ઉત્સાહિત નહોતા, કારણ કે જ્યારથી નીલકંઠે કાશીને પોતાનું અસ્થાયી ઘર બનાવ્યું હતું ત્યારથી આ નગરમાં કેટલાય મહાનુભાવો પધારી ચૂક્યા હતા.

જોકે કાશીના રાજદ્વારી સેવકો માટે આ અત્યંત વ્યસ્ત દિવસ હતો. સમ્રાટ દિલીપનું આગમન એ દિવસે સવારે જ થયું હતું. સ્વદીપના સમ્રાટ માટે જે કરવું પડે એ બધું જ કરવામાં આવ્યું હતું. ઘાટના રાજવી ભાગમાં બીજના ચંદ્રવાળો શ્વેત ચંદ્રવંશી ધ્વજ પણ ફરકાવવામાં આવ્યો હતો. હવે એ લોકો ભારતના સમ્રાટ દક્ષની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

એમનું સન્માન કરવામાં એક મુશ્કેલી હતી, પરંતુ છેવટે રાજવી ભાગના સૌથી ઊંચા સ્તંભ પર લાલ રંગનો સૂર્યવંશી ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ગમે તેમ હોય, પરંતુ સ્વયં ભગવાન નીલકંઠે જ તેમને ભારતવર્ષના સમ્રાટ ઘોષિત કર્યા હતા. દિલીપની સંવેદનશીલતાને ધ્યાનમાં લઈને કાશીના રાજદ્વારી સેવકોએ ચંદ્રવંશી ધ્વજને સૂર્યવંશી ધ્વજથી થોડોક નીચો રાખ્યો હતો.

શિવને જોકે આવી વિધિઓ અને શિષ્ટાચારની પરવા નહોતી. તેમને વધારે રસ તો સામે કાંઠે કામ કરી રહેલા બ્રંગવાસીઓમાં હતો. પાછલા ત્રણ મહિનાથી એ લોકો દિવોદાસની આગેવાનીમાં રાતદિવસ મહેનત કરી રહ્યા હતા. ગંગાના પૂર્વકિનારે વસવું નહીં એવી માન્યતાને કારણે બ્રંગવાસીઓ માટે એ જગ્યા જ કામ કરવા માટે ઉત્તમ હતી. બ્રંગ પ્રદેશમાં જવાના મુખ્ય માર્ગ એટલે કે તેમના મુખ્ય જળમાર્ગો પર વિશાળ દ્વાર ઊભા કરવામાં આવ્યાં હતાં અને તેમાંથી પસાર થઈ શકે એવાં વિશેષ પ્રકારનાં વહાણો બ્રંગવાસીઓ બાંધી રહ્યા હતા. ગંગા જેવી વિશાળ નદી પર આવાં દ્વાર કઈ રીતે બાંધી શકાય, એ હજુ શિવને સમજાયું નહોતું. પરંતુ આવાં વિશેષ વહાણો આવશ્યક છે, એમ દિવોદાસે સમજાવ્યું હતું. અતિથિગ્વને પણ એ વાત ગળે ઊતરી નહોતી પરંતુ શિવે તેમને કહ્યું હતું : ‘આપણને કલ્પના ન આવે માટે એનું અસ્તિત્વ જ નથી, એમ માની લેવું યોગ્ય નથી.’ પરંતુ અતિથિગ્વએ રાજમહેલ અને પૂર્વકાંઠા પર વહાણવાડો બનાવવાનો વિરોધ કર્યો જ હતો. એટલે બ્રંગ લોકો નદીકાંઠે આવેલા એવા જોખમી પ્રદેશમાં કામ કરી રહ્યા હતા, જે તાજેતરમાં જ નદીનું વહેણ બદલાતા ખુલ્લો અને સૂકો થયો હતો.

દિવોદાસે જે દિવસે નીલકંઠને વચન આપ્યું કે તે નીલકંઠને બ્રંગ પ્રદેશ લઈ જશે, તેના

બીજા જ દિવસથી તેણે કામ શરૂ કર્યું હતું.

દિવોદાસે કહ્યા મુજબ કરી બતાવ્યું છે. એ ઉમદા માનવી છે.

છેવટે દક્ષનું વહાણ ઘાટ પર લાંગર્યું, તેના અવાજથી શિવ વર્તમાનમાં પાછા ખેંચાઈ આવ્યા. વહાણમાંથી ઘાટ પર ઊતરવા માટેનો રસ્તો લગાવવામાં આવ્યો. રાજવી શિષ્ટાચારની પરવા કર્યા વિના દક્ષ ત્વરાથી એ રસ્તો પાર કરીને લગભગ દોડતા દોડતા જ શિવ સુધી પહોંચ્યા. શિવને નમીને વંદન કરીને તેમણે અધીરાઈથી પૂછી લીધું, 'પુત્રરત્ન છે, પ્રભુ ?'

ભારતના સમ્રાટને આવકારવા શિવ ઊભા થયા. તેમણે પણ વળતાં વંદન કર્યાં અને સસ્મિત બોલ્યા, 'એ તો હજુ અમે પણ નથી જાણતા, મહારાજ. કદાચ આવતીકાલ સુધી આપણે જાણી પણ નહીં શકીએ.'

'અદ્ભુત. તો પછી હું મોડો નથી પડ્યો ! મને એવો ભય હતો કે હું એ આનંદના દિવસ પછી અહીં પહોંચી શકીશ.'

શિવ ખડખડાટ હસી પડ્યા. પિતા વધારે ઉત્તેજિત હતા કે દાદા એ નક્કી કરવું અઘરું હતું.



'આપને પુનઃ મળીને અત્યંત આનંદ થયો, પૂર્વકજી,' શિવે આસન પરથી ઊભા થઈને એ અંધ માણસના ચરણસ્પર્શ કરવા નમ્યા.

પૂર્વક એટલે દ્રપકુના અંધ પિતા અને એ જ વિકર્મ કે જેમના ચરણસ્પર્શ અમુક વર્ષ પહેલાં શિવે મેલુહાના કોટદ્વારમાં કર્યાં હતાં. વિકર્મના નિયમને નીલકંઠે સાર્વજનિક રીતે નકાર્યો તેનાથી કોટદ્વારના નાગરિકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિકર્મનો સ્પર્શ પણ અનિષ્ટ માનવામાં આવતો હતો જ્યારે શિવે તો એક વિકર્મના ચરણસ્પર્શ કરીને રીતસરના તેમના આશીર્વાદ લીધા હતા.

પૂર્વક સમ્રાટ દક્ષના કાફલા સાથે જ કાશી આવ્યા હતા. શિવ શું કરવા જઈ રહ્યા છે, તેનો અંદાજ આવી જતાં પૂર્વક તરત જ પાછા હઠી ગયા. 'ના, પ્રભુ. આપ તો નીલકંઠ છો. આપને હું મારા ચરણસ્પર્શ કઈ રીતે કરવા દઉં ?'

'કેમ નહીં, પૂર્વકજી ?' શિવે પૂછ્યું.

'પરંતુ, પ્રભુ, આપ કઈ રીતે મારા પિતાજીનો ચરણસ્પર્શ કરી શકો ?' દ્રપકુએ કહ્યું, 'આપ તો મહાદેવ છો.'

'મારે કોનો ચરણસ્પર્શ કરવો એ શું મારી પસંદગીનો વિષય નથી ?' શિવે પૂછ્યું.

પછી પૂર્વક સામે જોઈને તેમણે કહ્યું, 'તમે તો મારાથી ઉંમરમાં ઘણા મોટા છો. એટલે તમારા આશીર્વાદ પામવાનો મારો અધિકાર તમે નકારી શકો નહીં. એટલે કૃપા કરીને મને આશીર્વાદ આપો. ક્યારનો નમીને ઊભો છું એટલે મારી કમર હવે દુઃખવા માંડી છે.'

પૂર્વકે હસીને શિવના માથા પર હાથ મૂક્યો, 'આપને કોણ નકારી શકે, પ્રભુ. આયુષ્માન ભવ.'

શિવ ટટ્ટાર થયા. તેમને દીર્ઘાયુના આશીર્વાદથી સંતોષ થયો હતો, 'એટલે હવે તમે તમારા પુત્ર સાથે સમય ગાળવા ઇચ્છો છો ?'

'હા, પ્રભુ.'

'પરંતુ અમે તો એક અઘરી યાત્રાએ જવાના છીએ. એમાં પણ જોડાશો ?'

'હું પણ એક સમયે યોદ્ધો હતો, પ્રભુ. મારામાં હજુ પણ એટલી જ શક્તિ છે. મારી સામે આવતા કોઈ પણ નાગવંશીને હું એક ઝાટકે વાઢી શકીશ !'

શિવે સ્મિત કર્યું અને દ્રપકુ સામે ભમરો ઊંચી કરીને જોયું. દ્રપકુએ વળતું સ્મિત કર્યું અને પોતાના હાથ વડે ઇશારો કરીને શિવને સૂચવ્યું કે તે પોતાના પિતાનું રક્ષણ કરશે.

'પુત્ર, તને નથી લાગતું કે તારા ઇશારા મને વરતાઈ જશે,' પૂર્વકે કહ્યું, 'હું ભલે અંધ હોઉં, પરંતુ તલવાર વીંઝતાં તું મારી પાસેથી જ શીખ્યો હતો એ સ્મરણમાં રાખજે. મારું રક્ષણ હું પોતે જ કરીશ. અને તારું પણ કરીશ.'

શિવ અને દ્રપકુ ખડખડાટ હસી પડ્યા. શિવને એ જોઈને આનંદ થયો કે કોટદ્વારમાં એ જે આત્મવિશ્વાસ ગુમાવી બેઠેલા અને ભાગ્યની બલિહારીને સ્વીકારી ચૂકેલા પૂર્વકજીને મળ્યા હતા તેના સ્થાને અત્યારે તેમને આત્મવિશ્વાસથી ભરપૂર અને શૂરવીર પૂર્વકજી જોવા મળ્યા હતા.

'તમારા પુત્રનું રક્ષણ કરવાની તો કોઈ જ આવશ્યકતા નથી,' શિવે કહ્યું, 'પરંતુ તમને હું મારા અંગરક્ષક બનાવવામાં સાચે જ આનંદ અનુભવીશ.'



'હું ડરી ગઈ છું, શિવ.'

સતી પોતાના ભવનમાં શય્યા પર બેઠી હતી. શિવ હમણાં જ થાળીમાં ભોજન લઈને ભવનમાં પ્રવેશ્યા હતા. રાજવી રસોઇયાને અત્યંત નવાઈ લાગી હતી પરંતુ શિવે પોતાની પત્ની માટે જાતે જ રાંધવાનો આગ્રહ રાખ્યો હતો.

એટલે જાણે પોતાને ખોટું લાગ્યું હોય એવો અભિનય કરીને શિવે કહ્યું, 'હું કંઈ એટલું ખરાબ નથી રાંધતો !'

સતી ખડખડાટ હસી પડી, 'હું એમ નહોતી કહેતી !'

શિવે પાસે આવીને સ્મિત કર્યું. બાજુના મેજ પર થાળી મૂકીને તેમણે સતીનું મુખ પોતાના બંને હાથમાં સમાવ્યું, 'હું જાણું છું. આયુર્વતી જ તારી પ્રસૂતિનું ધ્યાન રાખે એમ મેં આગ્રહ રાખ્યો છે. એ આ જગતની શ્રેષ્ઠ વૈદ્ય છે. એમાં કોઈ જ તકલીફ પડશે નહીં.'

'પરંતુ જો આ બાળક પણ પહેલાંની જેમ જ મૃત જન્મ્યું તો ? જો મારા પૂર્વજન્મનાં પાપ બિચારા આ બાળકને નડ્યાં તો ?'

'પૂર્વજન્મનાં પાપ જેવું કંઈ હોતું નથી, સતી ! માત્ર આ એક જ જન્મ છે. એ જ એક માત્ર વાસ્તવ છે. બાકી બધી માત્ર ધારણાઓ છે. એટલે જેનાથી શાંતિ મળે તે માનવું અને અશાંતિ ઊભી કરે તેને નકારવું. જે ધારણા આપણને અસુખ આપતી હોય, તેને શા માટે માનવી જોઈએ ? તેં તારી અને બાળકની સંભાળ લેવા માટે તારાથી થાય એ બધું જ કર્યું છે. હવે શ્રદ્ધા રાખ.'

સતી કંઈ બોલી નહીં પરંતુ તેની આંખોમાં તેનો ભય, તેના વિચારો દેખાઈ આવતા હતા.

શિવે સતીના મુખ પર પોતાની આંગળીઓ ફેરવી. 'પ્રિયે, મારા પર વિશ્વાસ રાખ. આમ ચિંતા કરવી યોગ્ય નથી. માત્ર હકારાત્મક અને આનંદદાયક વિચારો જ કર. આપણા બાળક માટે તું એટલું તો અવશ્ય કરી શકીશ. બાકી બધું ભાગ્ય પર છોડી દે. બીજું,

ભાગ્યએ નક્કી કરી રાખ્યું છે કે આવતી કાલે તું શરત હારી જવાની છે.'

'કઈ શરત ?'

'હવે તું છટકી નહીં શકે !' શિવે કહ્યું.

'ના, સાચે જ મને સ્મરણ નથી. કઈ શરત ?'

'કે આપણે પુત્રી આવશે.'

'અરે, એ તો હું ભૂલી જ ગઈ હતી,' સતીએ સસ્મિત કહ્યું, 'પરંતુ મને એવી લાગણી થઈ રહી છે કે આપણે ત્યાં પુત્ર જ આવશે.'

'ના !' શિવ હસ્યા.

સતીએ પણ હસીને શિવના ખભા પર પર માથું ટેકવી દીધું.

શિવે રોટલીને કોળિયો બનાવ્યો અને સતીને ખવડાવીને પૂછ્યું, 'શું મીઠું બરોબર છે ?'



'શું પૂર્વજન્મના પાપ જેવું કંઈ હોય છે ?' શિવે પૂછ્યું.

નીલકંઠ અત્યારે કાશી વિશ્વનાથ મંદિરમાં હતા. તેમની સામે એક વાસુદેવ પંડિત બેઠા હતા. અસ્ત થઈ રહેલા સૂર્યનો પ્રકાશ મંદિરના સ્તંભોની વચ્ચેથી તેમની પર વરસી રહ્યો હતો. ગેરાડુ રેતિયા પથ્થરો આ પ્રકાશમાં વધારે ચમકી રહ્યા હતા અને અદ્ભુત દૃશ્ય રચાઈ રહ્યું હતું.

'તને શું લાગે છે ?' વાસુદેવે પૂછ્યું.

'હું તો સાબિતી જોયા વિના કંઈ પણ માનતો નથી. સાબિતી વિનાની વાત હોય, ત્યાં હું એમ માનું છું કે આપણે મનને શાંતિ આપતો વિકલ્પ જ માનવો જોઈએ. પછી એ ધારણા સાચી છે કે નહીં, એ મહત્ત્વનું નથી.'

'સુખી જીવન માટે આ અત્યંત ઉત્તમ માર્ગ છે, એમાં શંકા નથી.'

હવે પંડિત કંઈ કહે તેની શિવ પ્રતીક્ષા કરી રહ્યા. જ્યારે પંડિત કંઈ બોલ્યા નહીં ત્યારે શિવે જ કહેવું પડ્યું, 'તમે હજુ સુધી મારા પ્રશ્નનો ઉત્તર નથી આપ્યો. શું વાસ્તવમાં પૂર્વજન્મનાં પાપ અને આ જન્મમાં તેનાથી સર્જાતા દુર્ભાગ્ય જેવું કંઈ હોય છે ?'

'મેં એટલે ઉત્તર ન આપ્યો કારણ કે મારી પાસે તેનો કોઈ ઉત્તર નથી, પરંતુ, જો લોકો એમ માનતા હોય કે તેમનાં પૂર્વજન્મનાં પાપ તેમને આ જન્મમાં નડશે, તો શું એ લોકો આ જન્મ વધારે સારી રીતે જીવવાનો પ્રયત્ન નહીં કરે ?'

શિવે સ્મિત કર્યું. આ લોકો શબ્દો સારી રીતે રમાડી જાણે છે કે પછી સાચે જ તત્ત્વજ્ઞાનીઓ છે ?

પંડિતે પુનઃ સ્મિત કર્યું. એનો પણ મારી પાસે ઉત્તર નથી.

શિવ ખડખડાટ હસી પડ્યા. એ ભૂલી ગયા હતા કે પંડિત તેમના અને તેઓ પંડિતના વિચારો સાંભળી શકે છે.

'આવું કેવી રીતે થાય છે ? હું તમારા વિચારો કઈ રીતે સાંભળી શકું છું ?'

'એ તો એકદમ સરળ વિજ્ઞાન છે. સૂક્ષ્મ તરંગોનું વિજ્ઞાન.'

'કેવું વિજ્ઞાન ?'

પંડિતે સમજાવ્યું. 'આ તો એકદમ સરળ વિજ્ઞાન છે. જેમ જોવા માટે આપણને

પ્રકાશના તરંગોની આવશ્યકતા રહે છે, તેમ સાંભળવા માટે આપણને ધ્વનિતરંગોની આવશ્યકતા રહે છે. અમુક એવા સૂક્ષ્મ તરંગો હોય છે, જેને માનવો સાંભળી શકતા નથી. માનવો માત્ર ધ્વનિ તરંગો જ સાંભળી શકે છે. આ ધ્વનિ તરંગો હવામાં પ્રમાણમાં ધીમી ગતિ કરે છે અને બહુ દૂર સુધી તેઓ જઈ શકતા નથી. જ્યારે સૂક્ષ્મ તરંગો એકદમ ગતિથી દૂર સુધી જઈ શકે છે, પ્રકાશની જેમ.'

શિવને એના કાકાનું સ્મરણ થયું. શિવને લાગતું કે તેના કાકા હંમેશા તેના વિચારો સાંભળી જતા હતા. નાની વયે તો એ આ વસ્તુને ચમત્કાર જ સમજતા હતા. હવે તેમને તેની પાછળનું વિજ્ઞાન સમજાયું. 'આ તો રસપ્રદ વાત છે. તો પછી એવું યંત્ર શા માટે ન બનાવી શકાય કે જેમાં ધ્વનિ તરંગોને સૂક્ષ્મ તરંગોમાં રૂપાંતરિત કરી શકાય ?'

'ઓહ ! એ ઘણું અઘરું કામ છે. હજુ સુધી તો અમને તેમાં સફળતા મળી નથી. પરંતુ અમે અમારા મગજને એટલું પ્રશિક્ષિત અવશ્ય કરી રહ્યા છીએ કે જેથી તે સૂક્ષ્મ તરંગો ઝીલી શકે. તેમાં વર્ષો સુધી અભ્યાસ કરવો પડે છે. એટલે જ જ્યારે કોઈ પણ પ્રશિક્ષણ વિના તું એ કરવા માંડ્યો ત્યારે અમને આશ્ચર્ય થયું હતું.'

'એટલું મારું સદ્ભાગ્ય.'

'સદ્ભાગ્ય જેવું કંઈ હોતું નથી, નીલકંઠ. તમારો જન્મ જ વિશેષ માનવ તરીકે થયો છે.'

શિવની આંખો પહોળી થઈ ગઈ. 'મને એમ નથી લાગતું. અને એ કામ કઈ રીતે કરે છે ? તમે એ સૂક્ષ્મ તરંગો કઈ રીતે ઝીલો છો ? હું શા માટે દરેકના વિચારો વાંચી શકતો નથી ?'

'તમારા વિચારોને સૂક્ષ્મ તરંગ સ્વરૂપે મોકલવા માટે પણ પ્રયત્ન કરવો પડે છે. ઘણા લોકો અજાણતાં જ એવું કરી નાખતા હોય છે. તેમને એ અંગે પ્રશિક્ષણ પણ મળ્યું નથી હોતું. પરંતુ સૂક્ષ્મ તરંગો ઝીલીને અન્યના વિચારો વાંચવા ? એ એકદમ અલગ સ્તરનું કામ છે. એ એટલું સરળ નથી. એના માટે આપણે એવાં વિશેષ ઉપકરણોની આસપાસ જ રહેવું પડે છે.'

'આ મંદિરો ?'

'આપ અત્યંત ચતુર છો, નીલકંઠ !' પંડિતે સસ્મિત કહ્યું, 'હા, આ મંદિરો એ તરંગો ઝીલવાના ઉપકરણ તરીકે જ કામ આપે છે. એટલે જ અમે જે મંદિરોનો ઉપયોગ કરીએ છીએ, તેની ઊંચાઈ ઓછામાં ઓછી પચાસ હાથ હોવી જોઈએ. તેના કારણે હું અન્ય વાસુદેવો સાથે વાર્તાલાપ ચલાવી શકું છું.'

' એટલે આપ એમ કહેવા ઈચ્છો છો કે અન્ય વાસુદેવો ક્યારના આપણો વાર્તાલાપ સાંભળી રહ્યા છે , પંડિતજી ?'

' હા. જે પણ વાસુદેવ આપણો સંવાદ સાંભળવા ઈચ્છે , તે સાંભળી શકે એમ છે. અને ભાગ્યે જ એવો કોઈ વાસુદેવ હશે જે આ યુગના તારણહાર સાથેનો વાર્તાલાપ ન સાંભળતો હોય , નીલકંઠ. '

શિવની આંખો વધુ પહોળી થઈ ગઈ. જો આ પંડિત જે કહી રહ્યા છે, એ સત્ય હોય, તો તેઓ સમગ્ર ભારતવર્ષના કોઈ પણ મંદિરમાં રહેતા વાસુદેવ પંડિત સાથે અત્યારે વાત કરી શકે એમ હતા. ' હે મગધ મંદિરના વાસુદેવ , લોકોને પોતાના અનિષ્ટ સાથે જોડાણ હોય છે , એમ કહીને આપ મને શું સૂચવવા ઇચ્છતા હતા , એ કૃપા કરીને મને જણાવો. '

શિવને કોઈનું ખડખડાટ હાસ્ય સંભળાયું. એ ઘણે દૂરથી સંભળાઈ રહ્યું છે, એમ શિવને લાગ્યું. એ મગધના નૃસિંહ મંદિરના વાસુદેવનું હાસ્ય હતું. 'આપ અત્યંત ચતુર છો,

નીલકંઠ.'

શિવે સ્મિત કર્યું. ' પ્રશસ્તિ કરતાં મને ઉત્તર સાંભળવો વધારે ગમશે , મહાન વાસુદેવ. '

પરંતુ ઉત્તર સંભળાયો નહીં.

પછી શિવને મગધનો અવાજ એકદમ સ્પષ્ટ સંભળાયો. ' ધર્મખેતના યુદ્ધ સમયે તમે જે ભાષણ આપ્યું હતું , તે મને સાચે જ ગમ્યું હતું. હર હર મહાદેવ. આપણે સર્વે મહાદેવ જ છીએ. દરેકમાં ભગવાન રહેલો છે. કેવો ઉમદા વિચાર છે. '

' એને મારા પ્રશ્ન સાથે શું લેવાદેવા છે ? મેં એમ પૂછ્યું કે લોકોને પોતાના અનિષ્ટ સાથે કઈ રીતે જોડાણ હોઈ શકે ?'

' હોય છે. ઘણું ઘનિષ્ઠ જોડાણ હોય છે. આપણા દરેકમાં ભગવાન રહેલો છે. એનું અનુષંગી વિધાન શું થયું ?'

' કે આપણે દરેકે આપણી અંદર જ ભગવાન શોધવો જોઈએ. '

' ના , મારા મિત્ર. એ તો એનો સાર થયો. મેં એમ પૂછ્યું કે એનું અનુષંગી વિધાન શું થયું ?'

' હું સમજ્યો નહીં , પંડિતજી. '

' દરેક વસ્તુનું સમતોલન આવશ્યક હોય છે , નીલકંઠ. પૌરુષને સ્ત્રીત્વની આવશ્યકતા રહે છે. ઊર્જાને દળની આવશ્યકતા રહે છે. તો વિચારો ! હર હર મહાદેવ. તેનું અનુષંગી વિધાન શું હોઈ શકે ? એ વિચારને સમતોલ કરવા શું કહી શકાય ?'

શિવની આંખોમાં આશ્ચર્ય અંજાઈ ગયું. તેમને એક વિચાર આવ્યો હતો પરંતુ એ તેમને ગમ્યો નહોતો.

અયોધ્યાના વાસુદેવે શિવને વિનંતી કરી. ' તમારા વિચારો ન અટકાવશો , મિત્ર. વિચારો વહેતા રહે , ત્યારે જ સત્ય સુધી પહોંચી શકાય છે. '

શિવે મોઢું મચકોડ્યું. ' પરંતુ એ સત્ય ન હોઈ શકે. '

' સત્ય હંમેશા ગમે તેવું જ હોય , તે આવશ્યક નથી. એને માત્ર કહેવું જ આવશ્યક છે. એ બોલી નાખો. એનાથી કદાચ તમને પીડા થશે , પરંતુ એ સત્ય જ તમને મુક્તિનો અનુભવ કરાવશે. '

' પરંતુ હું એ માની શકતો નથી. '

' સત્યને કોઈની માન્યતાની આવશ્યકતા નથી. સત્ય તો સત્ય જ છે. તમે જે વિચારી રહ્યા છો , એ મને સાંભળવા દો. આપણા દરેકમાં ભગવાન હોય છે. તેનું અનુષંગી વિધાન શું થયું ?'

' આપણા દરેકમાં અનિષ્ટ પણ હોય છે. '

' એકદમ બરાબર. આપણા દરેકમાં ઈષ્ટતમ ભગવાન છે અને આપણા દરેકમાં અનિષ્ટ તત્ત્વ પણ ઉપસ્થિત જ છે. એટલે ઈષ્ટ અને અનિષ્ટ વચ્ચેનું સાચું યુદ્ધ તો આપણી અંદર લડાય છે. '

' અને અત્યંત પ્રબળ અનિષ્ટ તત્ત્વ આપણી અંદરના અનિષ્ટ તત્ત્વ સાથે સંધાન સાધે છે. શું એટલે લોકો પોતાના અનિષ્ટ સાથે પણ જોડાઈ જાય છે ?'

' હું એમ માનું છું કે જ્યારે તમે આપણા યુગના અનિષ્ટને શોધી નાખશો , ત્યારે લોકો શા માટે પોતાના અનિષ્ટ સાથે ગાઢ જોડાણ અનુભવતા હોય છે , એ સ્વયં સમજી શકશો. '

શિવ પોતાની સામે બેઠેલા પંડિત સામે જોઈ રહ્યા. આ વાતે તેમની ભીતર

ખળભળાટ મચાવી દીધો હતો. આ કામ કંઈ માત્ર અનિષ્ટને શોધવા પૂરતું નહોતું. એ તો સંભવતઃ ઘણું સરળ કામ હશે. પરંતુ લોકોને અનિષ્ટ સાથેનું પ્રગાઢ જોડાણ છોડવા તૈયાર કરવા બહુ અઘરું કામ હશે.

'અત્યારે તારે તમામ પ્રશ્નોના ઉત્તર શોધવાની આવશ્યકતા નથી, મિત્ર,' કાશી વાસુદેવે કહ્યું.

શિવે ફિક્કું સ્મિત કર્યું. ત્યાં તેમને દૂરથી એવો અવાજ સંભળાયો જેનાથી તેઓ પરિચિત નહોતા. એવો પ્રભાવક અવાજ જેને આદેશ આપવાની ટેવ હશે. મક્કમ છતા શાંત અવાજ.

ઔષધ. . .

'ચોક્કસ,' કાશી પંડિતે કહ્યું અને તે ત્વરાથી ઊભો થયો. તે ત્વરાથી એક નાનકડી પોટલી લઈને પાછો ફર્યો.

શિવને આજે વારંવાર આશ્ચર્ય થઈ રહ્યું હતું.

'આ તારી પત્નીના પેટ પર લગાવજે, મિત્ર,' કાશી પંડિતે કહ્યું 'તારું બાળક સ્વસ્થ અને તંદુરસ્ત જન્મશે.'

'આ શું છે ?'

'એ જાણવું આવશ્યક નથી. એ કામ કરશે એટલું જ જાણવું મહત્ત્વનું છે.'

શિવે એ પોટલી ખોલી. તેની અંદર લાલાશ પડતો ભૂખરો મલમ હતો. ' આભાર. જો આનાથી મારા બાળકનો સલામતીપૂર્ણ જન્મ થશે , તો હું આપનો ઋણી રહીશ. '

કાશી વાસુદેવને આદેશ આપનારા અજાણ્યા અવાજે કહ્યું , ' આપે ઋણી બનવાની આવશ્યકતા નથી , નીલકંઠ. આપને કોઈ પણ પ્રકારની સહાયતા કરવી એ અમારું કર્તવ્ય છે અને સન્માનની વાત છે. જય ગુરુ વિશ્વામિત્ર. જય ગુરુ વશિષ્ઠ. '



શિવ વાતાયન પાસે ઊભા હતા. એટલી ઊંચાઈથી તેમને મહેલની દીવાલોની બીજી બાજુ વસેલું ભરચક નગર અને નગર ફરતે બંધાયેલો વર્તુળાકાર માર્ગ દેખાતો હતો. બ્રહ્મા ઘાટની પાસે આવેલું વિશ્વનાથ મંદિર પણ દેખાતું હતું. શિવ એ મંદિરને જોઈ રહ્યા. તેમના હાથ જોડાયેલા હતા અને તેઓ મનોમન પ્રાર્થના કરી રહ્યા હતા.

હે રૂદ્ર ભગવાન , મારા બાળકની રક્ષા કરજો. કૃપા કરજો. કશું પણ અઘટિત ન બની જાય , તે જોજો.

કોઈનો ખોંખારો સંભળાયો એટલે તેમણે પાછળ ફરીને જોયું.

ભારતના સૌથી મહત્ત્વના લોકો સતી અને શિવના બાળકના આગમનની પ્રતીક્ષા કરી રહ્યા હતા. દક્ષ આમ તેમ આંટા મારી રહ્યા હતા. તેમના મુખ પર ચિંતા સ્પષ્ટ દેખાઈ આવતી હતી.

એમને સતીની સાચે જ ચિંતા થઈ રહી છે. એ બીજું કંઈ હોય કે ન હોય , પરંતુ સતીના પિતા તરીકે અત્યંત સમર્પતિ છે.

વારિણીના મુખ પર એવા કોઈ હાવભાવ નહોતા પરંતુ તેણે દક્ષનો હાથ પકડેલો હતો. સમ્રાટ દિલીપ શાંતિથી બેઠા બેઠા પોતાના સંતાનો ભગીરથ અને આનંદમયીને જોઈ રહ્યા હતા. એ બંને ધીમા અવાજે પરંતુ ઉત્તેજનાપૂર્વક કંઈક વાત કરી રહ્યા હતા.

દિલીપ ભગીરથને જ તાકી રહ્યા છે.

પાછલા ત્રણ માસમાં પર્વતેશ્વર સંપૂર્ણ સાજા થઈ ગયા હતા અને તેઓ એક ભવનના ખૂણે મક્કમતાથી ઊભા હતા. રાજા અતિથિગ્વ એ ભવનના એક છેડાથી બીજા છેડા સુધી આંટા મારે રાખતા હતા. નીલકંઠના પ્રથમ સંતાનને જન્મ આપવાનું સૌભાગ્ય તેમના વૈદ્યોને નહોતું આપવામાં આવ્યું એ વાત તેમને ગમી નહોતી. જોકે એ બાબતમાં શિવ કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવા ઇચ્છુક નહોતા. એ કામ માટે તેમને માત્ર આયુર્વતી પર જ વિશ્વાસ હતો.

શિવે બીજી દિશામાં ઊભેલા નંદી સામે જોયું. નંદી દીવાલ પાસે જ ઊભો હતો. શિવે તેની આંખના ઇશારાથી જ પોતાની પાસે બોલાવ્યો.

'શું, પ્રભુ ?' નંદીએ શિવની પાસે આવીને પૂછ્યું.

'મને એમ લાગે છે કે હું તદ્દન નિઃસહાય છું, નંદી. મને અંદરથી ગભરાટ પણ થઈ રહ્યો છે.'

'મને થોડોક સમય આપો, પ્રભુ.'

એટલું કહીને નંદી ભવનની બહાર દોડી ગયો. તે વીરભદ્રને લઈને પાસે આવ્યો.

બંને મિત્રો વાતાયન પાસે જઈને ઊભા રહી ગયા.

'આ અત્યંત અદ્‌ભુત છે !' વીરભદ્રએ કહ્યું.

'ખરેખર ?' શિવે પૂછ્યું.

વીરભદ્રએ ચલમ પેટાવીને શિવને આપી. શિવે તેમાંથી ઊંડો દમ ભર્યો.

'સાચે જ. . .,' શિવ ધીમેથી બોલી ઊઠ્યા.

' જોયું ને ?'

'પણ મને હજુ ગભરાટ થાય જ છે !'

વીરભદ્ર ખડખડાટ હસવા માંડ્યો, 'તારે શું જોઈએ છે ?'

'પુત્રી.'

'પુત્રી ? ખરેખર ? પુત્રી કંઈ યોદ્ધા નહીં બની શકે.'

'એ ખોટી વાત છે ! સતીને જ જોઈ લે.'

વીરભદ્રએ મસ્તક હકારમાં હલાવ્યું, 'એ વાત યોગ્ય છે. તો એનું નામ શું પાડીશ ?'

'કૃતિકા.'

'કૃતિકા ! મારા માટે તારે એવું કંઈ કરવાની આવશ્યકતા નથી, મિત્ર.'

'એવું હું કંઈ તારા માટે નથી કરી રહ્યો, મૂર્ખ !' શિવે કહ્યું, 'જો મારે એવું કંઈ કરવું હોત, તો હું મારી પુત્રીને ભદ્રા જેવું કોઈ નામ આપવાનું વિચારત ! એ તો હું કૃતિકા અને સતી માટે કરવાનું વિચારું છું. કૃતિકા મારી પત્નીના જીવનમાં હંમેશા ખડકની જેમ અડગ બનીને ઊભી રહી છે. મારે તો એ મૈત્રીની ઉજવણી કરવી છે.'

વીરભદ્રએ સ્મિત કર્યું, 'એ ઉમદા સન્નારી છે, નહીં ?'

'હા, એ તો છે જ. તારી પસંદગી ઉત્તમ છે.'

'તો એની પસંદગી પણ કંઈ ખરાબ નથી. હું કંઈ એટલો ખરાબ પતિ નથી !'

'એમ છતાં એ વધારે સારું પાત્ર પસંદ કરી શકી હોત !'

ભદ્રએ હળવેથી શિવના કાંડા પર ટપલી મારી અને બંને અવાજ ન થાય એ રીતે હસી પડ્યા. શિવે ચલમ વીરભદ્રના હાથમાં મૂકી.

અચાનક જ દ્વાર ખૂલ્યાં. આયુર્વતી શિવ પાસે ધસી ગઈ. 'પુત્રજન્મ થયો છે, પ્રભુ ! મજબૂત, સુંદર અને શક્તિશાળી પુત્ર !'

શિવે આયુર્વતીને બંને હાથ વડે ઊંચકી લીધી અને ગોળ ફેરવી. પછી તેઓ હસતાં હસતાં બોલી પડ્યા, 'પુત્ર પણ મને ગમશે !'

સંકોચ અનુભવી રહેલી આયુર્વતીને નીચે ઉતારીને શિવ સતીના ભવનમાં ધસી ગયા. બીજા બધાને અંદર પ્રવેશતા આયુર્વતીએ અટકાવ્યા. સતી શય્યા પર સૂતેલી હતી. બે પરિચારિકાઓ આસપાસ જ હતી. કૃતિકા શય્યાની બાજુમાં એક આસન પર બેઠી હતી અને તેણે સતીનો હાથ પકડી રાખ્યો હતો. અને સતીની પાસે શિવે જોયેલું આ જગતનું સૌથી સુંદર બાળક ઘસઘસાટ ઊંઘતું હતું. તેને સફેદ કાપડમાં વીંટાળી દેવામાં આવ્યું હતું.

સતીએ નાનકડું સ્મિત કર્યું, 'પુત્ર છે. હું શરત જીતી ગઈ, પ્રિયે !'

'એ સાચું,' શિવે કહ્યું. હજુ પોતાના પુત્રનો સ્પર્શ કરવામાં તેમને ગભરાટ થતો હતો. 'પરંતુ હું કંઈ હાર્યો નથી !'

સતી ખડખડાટ હસી પડી પરંતુ તરત જ તે હસતી અટકી ગઈ. તેને હજુ પીડા થઈ રહી હતી, 'આપણે તેનું નામ શું પાડીશું ? કૃતિકા તો નહીં જ રાખી શકાય.'

'હા, એ તો હવે શક્ય જ નથી,' કૃતિકાએ કહ્યું, 'એ તો સ્ત્રીનું નામ છે.'

'તેમ છતાં મારે તેનું નામ તારા નામ પરથી જ પાડવું છે, કૃતિકા,' શિવે કહ્યું.

'મારી પણ એવી જ ઇચ્છા છે,' સતીએ કહ્યું, 'તો એ નામ શું હશે ?'

શિવે એક ક્ષણ વિચાર કર્યો. 'મને નામ સૂઝ્યું ! આપણે તેનું નામ પાડીશું કાર્તિક.'



પ્રકરણ ૮
પ્રણયનૃત્ય

આયુર્વતીએ પરવાનગી આપ્યા પછી દક્ષ પણ સતીના ભવનમાં દોડી ગયા. વારિણી પણ તેમની પાછળ જ હતી.

'પિતાજી,' સતીએ કહ્યું, 'આપનો પ્રથમ પ્રપૌત્ર. . .'

દક્ષ કંઈ બોલ્યા નહીં. તેમણે હળવેથી કાર્તિકને પોતાના હાથમાં લીધો અને તેને જે શ્વેત કાપડમાં વીંટવામાં આવ્યો હતો, તે કાપડ ખોલીને નીચે શય્યા પર પડવા દીધું. સતીને એ ગમ્યું નહીં પરંતુ દક્ષ કાર્તિકને ઊંચો કરીને તેના અંગેઅંગને આનંદપૂર્વક નીરખવા માંડ્યા. ભારતના સમ્રાટની આંખોમાંથી આનંદની અશ્રુધારા અવિરત વહી રહી હતી. 'અત્યંત સુંદર. અત્યંત સુંદર,' એ બોલતા રહ્યા.

ખલેલ પડવાથી કાર્તિક જાગી ગયો અને તેણે રડવા માંડ્યું. એ મજબૂત બાળકનું મોટું રુદન હતું ! સતીએ પોતાના પુત્રને લેવા માટે હાથ લંબાવ્યો. દક્ષે જોકે પોતાના પ્રપૌત્રને આનંદિત વારિણીના હાથમાં મૂક્યો. વારિણીના હાથમાં જતાં જ કાર્તિકે રડવાનું બંધ કરી દીધું, તેનું સતીને પણ આશ્ચર્ય થયું. મહારાણીએ કાર્તિકને શ્વેત કાપડમાં પુનઃ લપેટી દીધો. પછી તેણે એ નાનકડું પોટલું સતીના હાથમાં એવી રીતે મૂક્યું જેથી કાર્તિકનું મસ્તક સતીના ખભાના ટેકે રહે. કાર્તિકે કંઈક અવાજ કર્યો અને એ પાછો ઊંઘી ગયો.

દક્ષની અશ્રુધારા જાણે તેમના નિયંત્રણ બહાર હતી. તેઓ શિવને ભેટી પડ્યા, 'હું આ જગતનો સૌથી વધુ આનંદિત માનવી છું, પ્રભુ ! બધાથી વધુ !'

શિવે હળવેથી સમ્રાટની પીઠ થપથપાવી અને સસ્મિત કહ્યું, 'હું જાણું છું, મહારાજ.'

દક્ષે શિવને આલિંગનમાંથી મુક્ત કર્યા અને પોતાની આંખો લૂછતાં કહ્યું, 'હવે બધું જ યોગ્ય થઈ રહ્યું છે. આપે, મહાન નીલકંઠે, મારા કુટુંબની તમામ પીડાઓ હરી લીધી છે. હવે પુનઃ બધું યોગ્ય થઈ ગયું છે.'

વારિણી દક્ષ સામે ઝીણી આંખે તાકી રહી હતી. તેના શ્વાસોશ્વાસની ગતિ વધી ગઈ હતી. તેણે પોતાના દાંત કચકચાવ્યા પરંતુ કશુ બોલી નહીં.



નદીકાંઠે દિવોદાસના માણસો દ્વારા બાંધવામાં આવી રહેલાં વહાણોની ગુણવત્તાની ચકાસણી કરીને ભગીરથ પાછો ફરી રહ્યો હતો. બહુ મોડું થઈ ગયું હોવાથી તેણે પોતાના

અંગરક્ષકોને છૂટા કરી દીધા હતા. ગમે તેમ તોપણ આ શાંતિનું નગર કાશી હતું. અહીં તો બધાને શરણ મળતું હતું.

માર્ગો મૃત્યુવત્ સૂમસામ થઈ ગયા હતા. એટલા સૂમસામ હતા કે તેને પાછળ કોઈ હળવે પગલે આવી રહ્યું હતું, એ સંભળાઈ ગયું.

અયોધ્યાના રાજકુમારે ચાલવાનું ચાલુ રાખ્યું. એના ડગલામાં જરા પણ ભય વરતાતો નહોતો. તેના કાન બરોબર ચોકસાઈથી બધું સાંભળી રહ્યા હતા અને તેનો હાથ તલવારની મૂઠ પર ગોઠવાયેલો હતો. પાછળ આવનારનાં પગલા પાસે આવી રહ્યાં હોય તેમ જણાતું હતું. હળવેથી કોઈએ તલવાર ખેંચી. ભગીરથ ત્વરાથી અવળો ફર્યો, તેણે પોતાની કટાર ખેંચી અને એવી રીતે ફેંકી કે તેની પર આક્રમણ કરનારના પેટમાં તે ખૂંપી ગઈ. આ આક્રમણથી એ માણસ આગળ વધતો અટકી ગયો. તેને ભયંકર પીડા થઈ રહી હતી પરંતુ તે મૃત્યુ નહોતો પામ્યો.

પોતાની આંખોના ખૂણાથી ભગીરથને બીજું હલનચલન પણ દેખાયું. તેણે પોતાની બીજી કટારીની મૂઠ પર હાથ જમાવ્યો. જોકે એ જ સમયે એ બીજો આક્રમણકાર દીવાલને અથડાયો કારણ કે એક નાનકડી તલવાર તેના ગળામાં ઊતરી ગઈ હતી. એ મૃત્યુ પામ્યો હતો.

ભગીરથે ડાબી દિશામાં જોયું, તો ત્યાં નંદી ઉપસ્થિત હતો. 'બીજું કોઈ લાગે છે ?' તેણે ધીમા અવાજે પૂછ્યું.

નંદીએ મસ્તક હલાવીને ના પાડી.

ભગીરથ પહેલાં આક્રમણકાર પાસે દોડી ગયો. તેને ખભેથી હલાવીને તે પૂછવા લાગ્યો, 'તને કોણે મોકલ્યો છે ?'

આક્રમણકાર ચૂપ જ રહ્યો.

ભગીરથે તેના પેટમાં ખૂંપેલી કટારી ગોળ ફેરવી.

'કોણે ?'

અચાનક એ માણસના મોઢામાંથી ફીણ આવવા માંડ્યાં . એણે ઝેર ખાઈ લીધું હતું. થોડીક જ ક્ષણોમાં તે મૃત્યુ પામ્યો.

'હે ભગવાન !' ભગીરથે નિરાશાથી કહ્યું.

નંદીએ અયોધ્યાના રાજકુમાર સામે જોયું. એ પોતાની તલવાર ખેંચીને કોઈ પણ જોખમ માટે તૈયાર જ હતો.

ભગીરથ માથું ઝાટકીને ઊભો થયો, 'આભાર, નંદી. તું આસપાસમાં જ હતો, એ મારું સદ્ભાગ્ય.'

'એમાં ભાગ્યને કંઈ લેવાદેવા નથી, રાજકુમાર,' નંદીએ હળવેથી કહ્યું, 'તમારા પિતાજી અહીંયાં છે એ સમયગાળામાં મારે સતત આપને અનુસરવું એવો આદેશ મને નીલકંઠે આપેલો છે. પહેલાં તો મને સાચે જ એમ લાગ્યું હતું કે પ્રભુ જરા વધારે પડતું જ વિચારી રહ્યા છે. કોઈ પણ બાપ પોતાના સંતાનનો જીવ લઈ શકે નહીં. પણ મને લાગે છે કે હું ખોટો હોઈશ.'

ભગીરથે મસ્તક હલાવીને ના પાડી, 'આ કામ મારા પિતાજીનું નથી લાગતું. એ આમાં સીધા સંડોવાયેલા હોય, એમ તો નથી જ લાગતું.'

'સીધા નથી સંડોવાયેલા ? અર્થાત્ ?'

'એમનામાં એવી હિંમત જ નથી. પરંતુ મારી પર એમની કૃપાદૃષ્ટિ નથી એ તો બધા જાણે જ છે. એટલે સિંહાસન મેળવવા માટે પ્રતિસ્પર્ધીઓનું પ્રોત્સાહન મળી રહે છે. આ

પ્રતિસ્પર્ધીઓ એટલે તેમની સાથે રાજદરબારમાં બેસતા લોકો. તેમણે માત્ર મને આ સમીકરણમાંથી દૂર કરવાનો છે અને મારા મૃત્યુને અકસ્માતમાં ખપાવી દેવાનું છે. પછી એમનું કામ એકદમ સરળ છે.'

'આ. . .' એક મૃત આક્રમણકાર સામે આંગળી ચીંધીને નંદીએ કહ્યું, 'આ કંઈ અકસ્માત જેવું લાગતું નથી.'

'હું જાણું છું. તેનો અર્થ એવો થયો કે એ લોકો હવે અત્યંત મરણિયા થઈ ગયા છે.'

'કેમ ?'

'મારા પિતાજીનું સ્વાસ્થ્ય હવે કથળ્યું છે. મને એમ લાગે છે કે એ લોકો એમ વિચારતા હશે કે તેમની પાસે વધારે સમય નથી. હા, હું જીવતો હોઉં એ દરમિયાન જ મારા પિતાજી મૃત્યુ પામે, તો મને જ આપોઆપ સિંહાસન મળી જાય.'

નંદીને મસ્તક ઝાટક્યું.

ભગીરથે નંદીનો ખભો થપથપાવ્યો, 'હું તારો ઋણી છું, મિત્ર. સદાયનો ઋણી. હું જીવીશ ત્યાં સુધી તારો ઋણી જ રહીશ.'

નંદીએ સ્મિત કર્યું, 'અને તમે ઘણું લાબું જીવશો, રાજકુમાર. હું આસપાસ હોઈશ ત્યાં સુધી આપને કશું જ નહીં થવા દઉં. હું તમારી પર આક્રમણ કરનારા માણસો અને તમારી વચ્ચે ખડકની જેમ ઊભો રહીશ. અને હું આમ પણ એટલો વિશાળ છું કે તમે પૂરેપૂરા ઢંકાઈ જશો !'

નંદીએ પોતાના વિશાળ પેટ પર રમૂજ કરી એટલે ભગીરથે સ્મિત કર્યું.



'શું તમને કોઈ નામ જાણવા મળ્યાં ? તેમને કોણે મોકલ્યા હતા ?'

'એ હું નથી જાણતો, પ્રભુ,' ભગીરથે કહ્યું, 'હું કોઈ ઉત્તર મેળવી શકું એ પહેલાં તો એ બંને મૃત્યુ પામ્યા હતા.'

શિવે નિસાસો નાખ્યો, 'તેમના મૃતદેહો ?'

'એ કાશી સુરક્ષાદળને સોંપી દેવાયા છે,' ભગીરથે કહ્યું, 'પરંતુ તેના પરથી એ લોકો કંઈ જાણી શકે એવી હું આશા નથી રાખતો.'

'હા. . .' શિવે કહ્યું.

'આપે બીજી વાર મારો જીવ બચાવીને મને ઋણી કર્યો છે, પ્રભુ.'

'તું મારો જરા પણ ઋણી નથી,' શિવે નંદી સામે જોઈને કહ્યું, 'આ મારો મિત્ર સાચા યશનો અધિકારી છે. આભાર મિત્ર.'

નંદીને નમીને વંદન કર્યાં, 'આપની સેવાનો મોકો મળ્યો, એ જ મારું સન્માન છે, પ્રભુ.'

શિવે ભગીરથ સામે જોઈને કહ્યું, 'તું આનંદમયીને શું કહીશ ?'

ભગીરથે કહ્યું, 'કશું જ નહીં. એને હું અનાવશ્યક ચિંતા કરાવવા નથી ઇચ્છતો. હું ઠીક જ છું. એટલે કોઈને આ ઘટનાની જાણ કરવાની આવશ્યકતા જ નથી.'

'કેમ ?'

'કારણ કે મને વિશ્વાસ છે કે પિતાજી તો આ આક્રમણની જરા પણ તપાસ કરાવડાવશે નહીં. અને એમની ગર્ભિત શાંતિને કારણે આક્રમણકારોને મારી પર વધારે જોશથી આક્રમણ કરવાનું પ્રોત્સાહન મળશે. એ પછી એમને અકસ્માત દેખાય એવી હત્યા

કરવાની આવશ્યકતા પણ નહીં લાગે. એટલે આ વાત જેટલા વધારે લોકો જાણશે, તેટલું મારી પર જોખમ પણ વધશે.'

'એટલે રાજદરબારના ઘણા ઉમરાવો તારી પાછળ છે, એમ તારું માનવું છે ?'

'અડધો દરબાર કોઈ ને કોઈ રીતે મારા પિતાજીનો સંબંધી જ છે. એ દરેકને એમ છે કે રાજસિંહાસન પર તેમનો અધિકાર છે.'

શિવે ઊંડો શ્વાસ લીધો, 'તારા પિતાજી અહીંયાં છે, ત્યાં સુધી ક્યારેય એકલો પડીશ નહીં. અને આમ પણ તું મારી સાથે બ્રંગ દેશ આવી જ રહ્યો છે એટલે એ પછી બહુ વાંધો નહીં આવે.'

ભગીરથે હકારમાં માથું હલાવ્યું.

શિવે ભગીરથનો ખભો થપથપાવ્યો, 'તારું ધ્યાન રાખજે. તું મારા માટે અત્યંત મહત્ત્વનો છે.'

'હું આપના માટે જીવતો રહેવાનો પ્રયત્ન કરીશ, પ્રભુ,' ભગીરથે સસ્મિત કહ્યું.

શિવ ધીમેથી હસ્યા. નંદી પણ.



'મહારાજ, સોમરસનું આટલું બધું ચૂર્ણ આપી દેવું મને યોગ્ય નથી લાગતું,' શિવે કહ્યું.

શિવ અને દક્ષ શિવના ભવનમાં બેઠા હતા. કાર્તિકના જન્મને એક સપ્તાહ જેટલો સમય થઈ ગયો હતો. બાજુના ભવનમાં સતી અને કાર્તિક ઊંઘી રહ્યાં હતાં. કૃતિકા અને પરિચારિકાઓનું જૂથ તેમની સેવા માટે તત્પર હતું. કાર્તિક માટે દક્ષ પોતાની સાથે ઘણા વિશાળ જથ્થામાં સોમરસ ચૂર્ણ લાવ્યા હતા. દક્ષ એમ ઇચ્છતા હતા કે કાર્તિક જન્મના દિવસથી જ દરરોજ સોમરસ લેવા માંડે જેથી એ મજબૂત બને અને શક્તિશાળી યોદ્ધો થઈ શકે. કાર્તિક અઢાર વર્ષનો થાય ત્યાં સુધી ચાલે એટલું ચૂર્ણ તેઓ લઈને આવ્યા હતા !

'પ્રભુ,' દક્ષે પ્રેમથી કહ્યું, 'એક દાદા પોતાના પૌત્રને શું ભેટ આપે અને ન આપે એ તે બંનેનો વિષય છે. આપ મને રોકી ન શકો.'

'પરંતુ, મહારાજ, મંદાર પર્વતના નાશને કારણે રાજ્યમાં સોમરસની અછત ઊભી થઈ હશે. જ્યારે સમગ્ર દેશ આ આશીર્વાદનો ઉપયોગ કરી શકે એમ છે ત્યારે તેને માત્ર મારા પુત્ર માટે ઉપયોગમાં લેવો મને યોગ્ય નથી લાગતો.'

'એ અંગેની ચિંતા મારી પર છોડી દો, પ્રભુ. કૃપા કરીને મને ના ન પાડશો.'

શિવે છેવટે સ્વીકારી લીધું. 'મંદાર પર્વતના પુનઃનિર્માણનું કાર્ય કેવું ચાલી રહ્યું છે ?'

'એમાં વધારે સમય લાગી રહ્યો છે,' દક્ષે હાથ ઊંચો કરીને વિષયાંતર કરતાં કહ્યું, 'એ બધું હવે ભૂલી જાવ, પ્રભુ. આ કેટલી આનંદની ઘટના છે ! એક સંપૂર્ણ, સ્વસ્થ અને સુંદર પ્રપૌત્ર જે મોટો થઈને ભારતનો સમ્રાટ બનશે !'



કાશીના નાગરિકો પારંપરિક રીતે કોઈ પણ બાળકનો જન્મ તેના જન્મના સાતમા દિવસે સંગીત અને નૃત્યની સાથે ઊજવતા હતા. શિવે પોતાના યજમાન નગરની પરંપરાનું સન્માન કરીને એ વાત સ્વીકારી હતી.

નીલકંઠ નૃત્યાલયમાં સિંહાસન પર બેઠા હતા. તેમની બાજુમાં કાશીની મહારાણી માટે રાખવામાં આવેલા સિંહાસન પર સતી બેઠી હતી. તેના ખોળામાં કાર્તિક હતો. શિવ અને સતીની બાજુમાં સન્માનનીય અતિથિઓ તરીકે દક્ષ અને દિલીપને બેસાડવામાં આવ્યા હતા. કાશીનો રાજપરિવાર તેમની પાછળ બેઠો હતો. બેઠક-વ્યવસ્થામાં રાજા પોતે આમ પાછળ બેસે એ વાત શિષ્ટાચારથી વિપરીત હતી. પરંતુ અતિથિગ્વને તેમાં કશું અયોગ્ય લાગતું નહોતું.

સતીએ શિવની દિશામાં થોડાંક નમીને કહ્યું, 'તમે અદ્ભુત નૃત્ય કર્યું ! હંમેશની જેમ !'

'તેં જોયું ?' શિવે ટીખળ કરી.

સાંજે જ્યારે ઉજવણી શરૂ થવાની હતી ત્યારે શિવે પોતે જ નૃત્ય કરીને ઉજવણી શરૂ કરવાનો આગ્રહ રાખ્યો હતો. સ્વયં નીલકંઠને નૃત્ય કરતા જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું, એ દર્શકો માની જ નહોતા શકતા. અને શિવના અદ્ભુત નૃત્ય પછી બધાએ ઊભા થઈને સતત તાળીઓ પાડીને તેમને વધાવ્યા હતા. અને શિવે પણ શ્રેષ્ઠ રીતે નૃત્ય કર્યું હતું. જોનારા પણ તમામ મોહિત થઈ ગયા હતા. જોકે શિવે નોંધ્યું હતું કે તેઓ નૃત્ય કરી રહ્યા હતા એ દરમિયાન સતીનું ધ્યાન બીજે હતું. દક્ષ સોમરસના ચૂર્ણનો મોટો જથ્થો લઈને આવ્યા છે એ વાત શિવે સતીને જણાવી ત્યારથી તે કંઈક મૂંઝવણ અનુભવી રહી હતી.

'હા, એ તો મેં જોયું જ હોય ને !' સતીએ સસ્મિત કહ્યું, 'મને માત્ર મનમાં એટલી જ મૂંઝવણ છે કે પિતાજી આટલું બધું સોમરસ ચૂર્ણ આપી રહ્યા છે. એ યોગ્ય નથી. કારણ કે એ સોમરસ તો સમગ્ર મેલુહાનો છે. કાર્તિકનો જન્મ રાજપરિવારમાં થયો છે એટલે તેને કોઈ વિશેષ લાભ ન મળવા જોઈએ. આ વાત તો ભગવાન રામના સિદ્ધાંતો વિરુદ્ધની છે.'

'તો એ અંગે તારા પિતા સાથે વાત કર.'

'એ તો હું અવશ્ય કરીશ. યોગ્ય સમયે અવશ્ય કરીશ.'

'સરસ. તો હવે આનંદમયીનું નૃત્ય માણી લે. એ કદાચ મારી જેટલી સરળતાથી ક્ષમા ન પણ આપે.'

સતીએ સ્મિત કરીને શિવના ખભા પર માથું ઢાળી દીધું. પછી તેણે આનંદમયીને મંચ પર આવતાં જોઈ. તેણે અત્યંત ટૂંકી ધોતી અને એકદમ ચુસ્ત ઉપવસ્ત્ર પહેરેલું હતું. સતીએ ભમરો ઊંચી કરીને શિવ સામે જોયું. શિવે સ્મિત કર્યું.

'એના નૃત્યપ્રકાર માટે એનો પોશાક યોગ્ય જ છે,' શિવે કહ્યું.

સતીએ હકારમાં મસ્તક હલાવ્યું અને મંચની દિશામાં જોયું. શિવે આંખના ખૂણેથી પર્વતેશ્વર સામે જોઈ લીધું અને સ્મિત કર્યું. સેનાપતિના મુખ પર તો ભાવવિહીનતાનું મહોરું ચડાવેલું હતું. તેઓ પોતાના સૂર્યવંશી પ્રશિક્ષણનો ઉપયોગ કરી રહ્યા હતા પરંતુ તેમનું ભીંસાયેલું જડબું અને ભમરો વચ્ચે પડેલી કરચલીથી જણાઈ આવતું હતું કે તેઓ પર આ દૃશ્યની અસર તો પડી જ છે.

આનંદમયીએ નીચા નમીને મંચ પર પોતાનું કપાળ અડાડ્યું અને નૃત્ય માટે આશીર્વચન અને પ્રેરણાની કામના કરી. તેના પયોધરોથી આકર્ષિત થયેલા આગળની હરોળમાં બેઠેલા ચંદ્રવંશીઓ પણ થોડાક નીચા નમ્યા. જો અન્ય કોઈ નૃત્યાંગના હોત, તો અત્યાર સુધીમાં દર્શકોએ જાતભાતના અવાજો પણ કરવા માંડ્યા હોત. પરંતુ આ તો

સ્વદીપની રાજકુમારી હતી. એટલે તેઓ શાંતિથી માત્ર સૌંદર્યનું રસપાન જ કરતા રહ્યા.

એ પછી બીજો નૃત્યકાર મંચ પર આવ્યો : ઉત્તંક. તે મગધનો શૂરવીર યોદ્ધો હતો પરંતુ એક વાર તેને એવી રીતે વાગ્યું હતું કે જેથી તેના જમણા ખભા પર ખૂંધ રહી ગઈ હતી અને તેની સૈન્ય કારકિર્દી એ સાથે જ સમાપ્ત થઈ ગઈ હતી. એ સમયના જીવનથી નિરાશ થયેલા ઘણા લોકોની જેમ તેણે પણ કાશીમાં શરણ લીધું હતું અને અહીં રહીને તે નૃત્ય શીખ્યો હતો. પરંતુ જે ઘાવને કારણે તેની સૈન્ય કારકિર્દી સમાપ્ત થઈ ગઈ હતી તે ઘાવ તેને નૃત્યમાં પણ નડી રહ્યો હતો. તે પોતાનો ખભો યોગ્ય રીતે ઉપયોગમાં લઈ શકતો નહોતો એટલે તે ઉત્તમ નૃત્યકાર બની શકતો નહોતો. દર્શકોમાં અંદરોઅંદર એવી વાતો થવા લાગી કે સાચા ચંદ્રવંશીનું હૃદય હંમેશાં દુર્બળની સાથે જ હોય એટલે જ આનંદમયીએ ઉત્તંકની સાથે નૃત્ય કરવાનું સ્વીકાર્યું હતું.

પરંતુ લોકો એમ પણ માની રહ્યા હતા કે આ સહાનુભૂતિ અયોગ્ય જગ્યાએ દર્શાવવામાં આવી છે કારણ કે ઉત્તંકને મંચ પર અપમાન જ મળવાનું છે. તે બંને મળીને અપ્સરા મેનકાએ મહર્ષિ વિશ્વામિત્રનો જે રીતે તપોભંગ કર્યો હતો, તે ઘટના સંકુલ નૃત્ય વડે રજૂ કરવાના હતા. બધા એમ વિચારી રહ્યા હતા કે શું ઉત્તંક આ નૃત્ય યોગ્ય રીતે કરી શકશે ?

જોકે આનંદમયીના મનમાં આવી કોઈ શંકા-કુશંકા હતી નહીં. તેણે ઉત્તંકને વંદન કર્યાં. ઉત્તંકે પણ તેને વંદન કર્યાં. એ પછી બંને જણા એકબીજાની પાસે આવ્યા. નૃત્ય કરવા માટે જેટલા પાસે આવવું જોઈએ તેનાથી પણ ઘણા પાસે આવ્યા. સંભવતઃ ઉત્તંકનો હાથ વધારે લાંબો ન થઈ શકવાને કારણે એ આવશ્યક હશે. શિવે પુનઃ પર્વતેશ્વર સામે જોઈ લીધું. પર્વતેશ્વરની આંખો ઝીણી થઈ ગઈ હતી અને તેમનો શ્વાસ અટકી ગયો હોય, એમ લાગતું હતું.

એમને ઈર્ષા થઈ રહી છે ?

અયોધ્યાની રાજકુમારીએ આ નૃત્યનું સુંદર આયોજન કર્યું હતું. ઉત્તંકની ખામીને કારણે આ ભજવણી માટે તેણે ઘણા પ્રાચીન નિયમોનો ભંગ કર્યો હતો. એટલે તેઓ એકબીજાની અત્યંત પાસે રહીને નૃત્ય કરી રહ્યાં હતાં જેનાથી વાતાવરણમાં ઉત્તેજના પ્રસરી ગઈ હતી. પ્રારંભે તો દર્શકો આઘાતથી ખુલ્લા મોઢે આ નૃત્ય જોઈ રહ્યા. કોઈ પૂર્વસૈનિક રાજકુમારી આનંદમયીને આમ કેવી રીતે જકડી શકે ? પરંતુ ધીમે ધીમે તેમના નૃત્યમાં એ બધા પણ ડોલવા માંડ્યા. આ પહેલાં કોઈએ વિશ્વામિત્ર-મેનકાવાળું આવું અદ્ભુત નૃત્ય ક્યારેય જોયું નહોતું.

એ નૃત્ય પૂરું થયું એટલે દર્શકો ઊભા થઈને તાળીઓ અને બૂમો પાડવા માંડ્યા. સાચે જ અદ્ભુત નૃત્ય હતું. આનંદમયીએ વંદન કરીને એ અભિવાદનનો સ્વીકાર કર્યો અને પછી ઉત્તંક સામે આંગળી ચીંધીને એ ખોડખાંપણવાળા પૂર્વસૈનિકને આ યશનો સહભાગી બનાવ્યો. આ અભિવાદનથી ઉત્તંકની છાતી ગર્વથી ફૂલી ગઈ. તેને પોતાના જીવનમાં પ્રથમવાર ધ્યેયપ્રાપ્તિ થઈ હોય એમ લાગ્યું.

ઉપસ્થિત લોકોમાંથી માત્ર પર્વતેશ્વર જ તાળીઓ નહોતા પાડી રહ્યા.



પછીના દિવસે, કાશીના રાજમહેલના પરિસરમાં જ ઊભી કરવામાં આવેલી અસ્થાયી

છાવણીમાં પર્વતેશ્વર પૂર્વક સાથે અભ્યાસ કરી રહ્યા હતા. પૂર્વક પોતાની ખોવાયેલી શક્તિઓ પાછી મેળવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અંધ હોવા છતાં તેની શ્રવણેન્દ્રિય અત્યંત સતેજ હોવાથી તે પર્વતેશ્વરનું હલનચલન પારખી જતા અને તેનો સારી રીતે ઉત્તર આપતા. આવશ્યકતા અનુસાર નીચે બેસીને ઘા ચૂકવી દેતા અને શક્ય હોય ત્યાં વળતો મુક્કો મારી પણ લેતા.

પર્વતેશ્વરને એનાથી આનંદ થતો હતો.

અભ્યાસ અટકાવીને પર્વતેશ્વરે પૂર્વકના પુત્ર દ્રપકુ સામે જોયું અને મસ્તક હકારમાં હલાવ્યું. પછી પૂર્વક સામે જોઈને તેમણે મેલુહાવાસીઓની પદ્ધતિ અનુસાર થોડાંક નમીને વંદન કર્યાં. પૂર્વકે પણ એ જ રીતે છાતી પર હાથ રાખીને પરંતુ પર્વતેશ્વર કરતા વધારે નમીને વંદન કર્યાં. તે પર્વતેશ્વરની અદ્ભુત શક્તિઓને વંદન કરતા હતા.

‘નીલકંઠ સાથે યાત્રાએ જઈ રહેલી સૂર્યવંશીઓની ટુકડીમાં આપને સામેલ કરવામાં મને ગર્વ થશે, કપ્તાન પૂર્વક,’ પર્વતેશ્વરે કહ્યું.

પૂર્વકે સ્મિત કર્યું. ઘણા દસકો પછી કોઈએ તેમને કપ્તાન તરીકે સંબોધન કર્યું હતું. ‘એ સન્માનથી મને અત્યંત આનંદ થાય છે, સેનાપતિ. અને મને ચંદ્રવંશીઓની ટુકડીમાં ન મૂકવા બદલ અત્યંત આભાર. મારાથી તેમની બિનકાર્યક્ષમ શૈલી સહન જ નથી થતી !’

છાવણીના પ્રવેશદ્વાર પાસે ઊભો રહેલો ભગીરથ પોતાનું ખડખડાટ હાસ્ય રોકી શક્યો નહીં. ‘નીલકંઠ માટે કોણ વધારે મહેનત કરે છે એ આપણે જોઈશું, પૂર્વકજી ! હવે તમે ચંદ્રવંશીઓની ભૂમિ પર છો, એનું વિસ્મરણ ન કરતા. અહીંયાં યુદ્ધો અલગ રીતે લડાય છે.’

પૂર્વકે તેનો કોઈ ઉત્તર આપ્યો નહીં. તેમને મળેલા પ્રશિક્ષણ અનુસાર તેઓ કોઈ પણ રાજપરિવારના સભ્યને વળતો ઉત્તર આપતા નહીં. તેમણે માત્ર મસ્તક હલાવીને ભગીરથની વાતનો સ્વીકાર કર્યો.

એ જ સમયે આનંદમયી છાવણીમાં પ્રવેશી. ભગીરથે સ્મિત કરીને પર્વતેશ્વર સામે જોયું અને એ પછી તેણે અવળા ફરીને આનંદમયીને જોઈ. તેણે લીલા રંગનું ચુસ્ત ઉપવસ્ત્ર અને એકદમ ટૂંકી ધોતી ધારણ કરેલી હતી. એ રંગ એટલો ઘાટો હતો કે માત્ર આનંદમયી જેટલી સ્વરૂપવાન અને આત્મવિશ્વાસસભર યુવતી જ તેને ધારણ કરવાની હિંમત કરી શકે એમ હતી. તેને વિચાર આવ્યો કે પર્વતેશ્વરનું ધ્યાન ખેંચવા માટે જ આનંદમયી આમ કરી રહી હશે. તેણે પોતાની ભગિનીને ક્યારેય આવી રીતે જોઈ નહોતી એટલે તેને સમજાતું નહોતું કે તેણે તેની સાથે ખુલ્લા મને વાત કરી લેવી જોઈએ કે પછી પર્વતેશ્વરને મળીને તેમના ઇરાદાઓ સ્પષ્ટતઃ પૂછી લેવા જોઈએ.

પોતાના ભાઈ સામે હાથ હલાવીને આનંદમયી સીધી જ પર્વતેશ્વર પાસે પહોંચી ગઈ. ઉત્તંક તેની પાછળ જ હતો. તે પર્વતેશ્વરની એટલી પાસે આવીને ઊભી રહી કે પર્વતેશ્વરને પણ ગૂંગળામણ થવા માંડી અને તેમણે એક ડગલું પાછળ ભર્યું. ‘મારા પ્રિય મેલુહાવાસી સેનાપતિ કેમ છે ?’ પોતાની ભમરો ઊંચી કરીને તેણે પૂછ્યું.

‘અમારે મેલુહામાં વિવિધ રાજ્યો નથી હોતાં, રાજકુમારી. અમારી માત્ર એક જ સેના છે,’ પર્વતેશ્વરે કહ્યું.

આનંદમયીને ક્રોધ આવ્યો.

‘અર્થાત્ હું તમારો પ્રિય સેનાપતિ છું અને અન્ય સેનાપતિ અપ્રિય છે, એમ તમે નહીં કહી શકો કારણ કે મેલુહામાં માત્ર એક જ સેનાપતિ છે.’

‘એમાં હું સહમત છું. પર્વતેશ્વર તો માત્ર એક જ છે. . .’

પર્વતેશ્વર સંકોચથી લાલ થઈ ગયા. દ્રપકુ દૂર ઊભો ઊભો ધીમે ધીમે હસી રહ્યો હતો.

'હું આપની શું સેવા કરી શકું, રાજકુમારી ?' પર્વતેશ્વરે ત્વરાથી આ સંવાદ સમાપ્ત કરવો હતો.

'મને તો એમ કે તમે આ પ્રશ્ન ક્યારેય કરશો જ નહીં,' આનંદમયીએ ઉત્તંક સામે આંગળી ચીંધીને કહ્યું. 'આ યુવાન અહીં મગધથી આવી વસ્યો છે. તેનું નામ ઉત્તંક છે. તેને યોદ્ધા જ બનવું હતું, પરંતુ અશ્વસવારી દરમિયાન તેનો ખભો ઘાયલ થઈ ગયો. એટલે મૂર્ખ રાજકુમાર સુર્પદમને તેને સેનામાંથી વિદાય આપી દીધી અને અન્ય દુઃખી જીવોની જેમ તે પણ કાશી આવી પહોંચ્યો. મને વિશ્વાસ છે કે ગઈકાલે તમે તેનું નૃત્ય અવશ્ય જોયું હશે. એ અદ્‌ભુત નૃત્ય કરે છે. હું એમ ઇચ્છું છું કે તેને તમે નીલકંઠની ટુકડીમાં લઈ લો.'

'નૃત્યકાર તરીકે ?' પર્વતેશ્વરને અત્યંત આશ્ચર્ય થયું હતું.

'તમને મૂર્ખની જેમ વર્તવું ગમે છે કે માત્ર એવો અભિનય જ કરો છો ?'

પર્વતેશ્વરે ક્રોધ અનુભવવા માંડ્યો.

'નૃત્યકાર તરીકે નહીં,' આનંદમયીએ ખભા ઊંચા કરીને કહ્યું, 'સૈનિક તરીકે.'

પર્વતેશ્વરે ઉત્તંક સામે જોયું. તે પહોળા પગ રાખીને બંને હાથ પોતાના શસ્ત્રો પર જમાવીને યુદ્ધ માટે તૈયાર હોય એમ જ ઊભો હતો. એને સારું પ્રશિક્ષણ મળ્યું હશે, એ વર્તાઈ આવતું હતું. એ પછી પર્વતેશ્વરની આંખો તેના ખભા પર આવીને અટકી ગઈ. અકસ્માતને કારણે પીઠ પર જે ખૂંધ રહી ગઈ હતી તેના કારણે તેના હાથનું અમુક ચોક્કસ પ્રકારે હલનચલન કરવું શક્ય નહોતું. 'તું ઊંચા માણસ સાથે નહીં લડી શકે.'

'પાછાં પગલાં ભરતાં પહેલાં હું મૃત્યુને વધારે પસંદ કરીશ, સેનાપતિ,' ઉત્તંકે કહ્યું.

'મૃત્યુ પસંદ કરતા સૈનિકોની મને આવશ્યકતા નથી,' પર્વતેશ્વરે કહ્યું, 'મને એવા સૈનિકોની આવશ્યકતા છે જે અન્યોને મારીને પોતે જીવતા જ રહે. તું નૃત્યમાં જ શા માટે આગળ નથી વધતો ?'

'શું આપ એમ સૂચવવા માંગો છે કે નૃત્યકાર યોદ્ધો ન હોઈ શકે ?' આનંદમયીએ ટોણો માર્યો.

પર્વતેશ્વર એક ક્ષણ તેને તાકી રહ્યા. નીલકંઠ સ્વયં અદ્‌ભુત નૃત્યકાર અને યોદ્ધા હતા. તેમણે અવળા ફરીને બે લાકડાની તલવાર અને ઢાલ લીધી અને તેમાંની એક જોડી તેમણે ઉત્તંક સામે ફેંકી. તેમણે પોતાની ઢાલ અને તલવાર લડાઈની મુદ્રામાં ગોઠવી અને ઉત્તંકને લડવાનો ઇશારો કર્યો.

'તમે એની સાથે લડશો ?' આનંદમયીને આઘાત લાગ્યો જણાતો હતો. તે જાણતી હતી કે ઉત્તંક પર્વતેશ્વર સામે ટકી શકવાનો નથી. 'આજે તમને શું થઈ ગયું છે ? એ સીધેસીધો જ કેમ ટુકડીમાં. . .'

ભગીરથે આનંદમયીના હાથનો સ્પર્શ કર્યો એટલે તે અટકી ગઈ. તેણે આનંદમયીને પાછળ ખેંચી. પૂર્વક અને દ્રપકુ પણ પાછળ હઠી ગયા.

'તારી પાસે હજુ પણ વિકલ્પ છે, સૈનિક,' પર્વતેશ્વરે કહ્યું, 'તું હજુ પણ જઈ શકે છે.'

'એના બદલે હું લડી લેવાનું જ પસંદ કરીશ, સેનાપતિ,' ઉત્તંકે કહ્યું.

પર્વતેશ્વરે આંખો ઝીણી કરી. તેમને એ માણસનો જુસ્સો ગમ્યો હતો. પરંતુ તેની ક્ષમતાઓ હજુ ચકાસવાની બાકી હતી, કારણ કે યુદ્ધના મેદાનમાં ક્ષમતા વિનાનો જુસ્સો સામાન્યતઃ જુગુપ્સાપ્રેરક મૃત્યુમાં જ પરિણમતો હોય છે.

પર્વતેશ્વર ધીમે ધીમે હલી રહ્યા હતા અને ઉત્તંક આક્રમણ કરે તેની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પરંતુ એ માણસે પણ ધીરજ ધરી રાખી હતી. પર્વતેશ્વરને સમજાયું કે એ મગધવાસી

સંરક્ષણાત્મક રીતે વર્તી રહ્યો હતો. પર્વતેશ્વર જેવા ઊંચા માણસ પર ઉપરથી આક્રમણ કરવું પડે અને ખભાની ઈજાને કારણે ઉત્તંક એમ કરી શકે તેમ નહોતો.

એટલે સેનાપતિએ પોતે જ આક્રમણ કર્યું. એ બિનપારંપરિક પ્રકારનું આક્રમણ હતું. તે માત્ર ઉપરની દિશામાંથી જ આક્રમણ કરી રહ્યા હતા અને પોતાની ઢાલને આગળની દિશામાં થોડીક ઊંચાઈ પર તેમણે ધરી રાખી હતી. ઉત્તંકે એ આક્રમણથી બચવા માટે પાછા હઠવું પડતું હતું અને શક્તિશાળી પ્રહારોથી બચવા માટે તેણે ડાબા હાથે ઢાલ ઊંચી પકડી રાખવી પડતી હતી. જો તે પોતાનો જમણો હાથ ઊંચો કરી શકે એમ હોત, તો તે પર્વતેશ્વરના ખુલ્લા મસ્તક અને ખભા પર પ્રહાર કરી શક્યો હોત. પરંતુ એમ તો તેનાથી થઈ શકવાનું નહોતું. એટલે તેણે છાતીની ઊંચાઈ પર જ પ્રહાર કરીને સંતોષ માનવો પડે તેમ હતો. એ પ્રહારો પર્વતેશ્વર સરળતાથી પોતાની ઢાલ વડે રોકી લેતા હતા. ધીમે-ધીમે પરંતુ મક્કમતાથી પર્વતેશ્વર ઉત્તંકને દીવાલની દિશામાં લઈ જઈ રહ્યા હતા. થોડા સમય પછી તેની પાસે પાછળ ખસવાની જગ્યા પણ રહેવાની નહોતી.

મેલુહાના સેનાપતિનો આવો ઈર્ષાસભર વહેવાર જોઈને આનંદમયીને આનંદ થતો હતો પરંતુ તેને ઉત્તંકની ચિંતા પણ થતી હતી. 'એ ઉત્તંક પ્રત્યે થોડીક સહાનુભૂતિ કેમ ન દર્શાવી શકે ?'

ભગીરથે પોતાની બહેન સામે જોયું. 'પર્વતેશ્વર યોગ્ય જ કરી રહ્યા છે. યુદ્ધના મેદાનમાં શત્રુઓ કોઈ પણ પ્રકારની દયા દાખવતા નથી હોતા.'

એ જ સમયે ઉત્તંકની પીઠ દીવાલ સાથે અથડાઈ. તેની ઢાલ પણ દીવાલ સાથે અથડાઈ. તરત જ પર્વતેશ્વરે જમણી બાજુથી ઉત્તંકની છાતી પર શક્તિશાળી પ્રહાર કર્યો.

'સાચી તલવાર હોત, તો આ પ્રહાર અવશ્ય પ્રાણઘાતક હોત,' પર્વતેશ્વરે હળવેથી કહ્યું.

ઉત્તંકે હકારમાં માથું હલાવ્યું. તેની છાતી પર પીડા થઈ રહી હતી છતાં તેણે તેની પર હાથ ફેરવ્યો નહીં.

પર્વતેશ્વર હવે પાછા મધ્યમાં ગયા અને ઊંચા અવાજે બોલ્યા, 'હજુ એક વાર પ્રયત્ન કરવો છે ?'

ઉત્તંક પુનઃ પર્વતેશ્વર સામે ગોઠવાયો. પર્વતેશ્વરે પુનઃ આક્રમણ શરૂ કર્યું. પુનઃ પહેલાં જેવું જ પરિણામ આવ્યું.

ઉત્તંકની પીડા જોઈને આનંદમયી ક્રોધ અનુભવી રહી હતી. તે આગળ વધવા જતી હતી પરંતુ ભગીરથે તેને અટકાવી. હવે તેને પોતાને પણ ચિંતા થવા માંડી હતી. પરંતુ એ જાણતો હતો કે તે આ વાતમાં વચ્ચે પડી શકે એમ નહોતો. એમ કરો તો સેનાપતિ અને મૂર્ખ પરંતુ શૂરવીર સૈનિક, બંનેનું અપમાન થયું ગણાય.

'એ માણસને તું અહીંયાં કેમ લાવી ?' ભગીરથે પૂછ્યું.

'ઉત્તંક સુંદર નૃત્ય કરે છે. એટલે મને એમ થયું કે એને બ્રંગની યાત્રામાં સાથે લઈ જવાથી આનંદ આવશે.'

ભગીરથે પોતાની બહેન સામે જોઈને કહ્યું, 'આ સંપૂર્ણ સત્ય નથી. તું શું કરી રહી છે એ હું સારી રીતે જાણું છું અને એ યોગ્ય નથી.'

'પ્રેમ અને યુદ્ધમાં બધું જ યોગ્ય હોય છે, ભગીરથ. પરંતુ ઉત્તંકને કોઈ ઈજા થાય એમ તો હું પણ નથી ઇચ્છતી.'

'તો પછી તારે એને અહીંયાં લાવવાની આવશ્યકતા નહોતી !'

પર્વતેશ્વર હવે પાછા વચ્ચે આવીને ઊભા રહી ગયા હતા. 'હજુ એક વાર ?'

ઉત્તંક લંગડાતો લંગડાતો પાછો પર્વતેશ્વર સામે ગોઠવાયો. એ પીડાઈ રહ્યો હતો અને તેના મુખ પર તેનો ક્રોધ અને નિરાશા બંને દેખાઈ રહ્યાં હતાં. બીજી બાજુ પર્વતેશ્વર ચિંતિત હતા. તેમને એ ચિંતા હતી કે જો પુન : એક વાર એ સૈનિકની પાંસળીઓ પર પ્રહાર થયો, તો એ તૂટી જશે. એટલે તેમણે આ મૂર્ખામી અટકાવવી જ રહી. જો આ સાચું યુદ્ધ હોત, તો અત્યાર સુધી ઉત્તંક બે વાર તો મૃત્યુ પામ્યો જ હોત.

તેમણે ફરી વાર ઉત્તંક પર આક્રમણ કર્યું. આ વખતે ઉત્તંક બાજુમાં ખસી ગયો, તેનું તેમને આશ્ચર્ય થયું. પોતાની ગતિને કારણે પર્વતેશ્વર એક ડગલું આગળ વધી ગયા. પછી ઉત્તંકે તેમની પર પ્રહાર કર્યો. તેણે ડાબી બાજુ પ્રહાર કર્યો, પોતાની ઢાલને પણ નીચી કરી અને પોતાનું પડખું ખુલ્લું પડવા દીધું. પર્વતેશ્વરે પોતાની તલવાર એની દિશામાં વીંઝી. એ પ્રહાર ચૂકવવા ઉત્તંગ જમણી બાજુ વળ્યો અને એ જ સમયે તેણે જમણા હાથે પ્રહાર પણ કર્યો. તેની ગતિના કારણે તેની તલવાર તેના ઘાયલ હાથ વડે જેટલી ઊંચી જઈ શકતી હતી તેનાથી થોડીક વધારે ઊંચી ગઈ અને તેણે પર્વતેશ્વરની ગરદન પર પ્રહાર કર્યો. જો લાકડાની જગ્યાએ સાચી તલવાર હોત, તો તે પ્રહાર અવશ્ય પ્રાણઘાતક નીવડ્યો હોત.

પર્વતેશ્વર આશ્ચર્યચકિત થઈ ગયા. ઉત્તંક આવું કઈ રીતે કરી શક્યો ?

ઉત્તંકને પોતાને પણ એ વાતનું આશ્ચર્ય થતું હતું. અકસ્માત પછી એ ક્યારેય એટલો ઊંચો પ્રહાર નહોતો કરી શક્યો. ક્યારેય નહીં.

પર્વતેશ્વરના મુખ પર નાનકડું સ્મિત ફરકી ગયું. ઉત્તંકે સંરક્ષણાત્મક બનવાનું છોડી દઈને પ્રહાર કર્યો હતો અને તે જીત્યો હતો.

'આ તારી ઢાલને ભૂલી જા,' પર્વતેશ્વરે કહ્યું, 'તું જ્યારે ઉગ્ર પ્રહાર કરે છે, ત્યારે તું પ્રાણઘાતક બની શકે છે.'

હાંફી રહેલા ઉત્તંકે સ્મિત કર્યું.

'મેલુહાના સૈન્યમાં તારું સ્વાગત છે, શૂરવીર સૈનિક.'

ઉત્તંકે તરત જ પોતાના હાથમાં રહેલી તલવાર નીચે ફેંકી દીધી અને તે ભીની આંખે પર્વતેશ્વરના પગમાં પડી ગયો.

પર્વતેશ્વરે ઉત્તંકને ઊભો કર્યો, 'હવે તું મેલુહાનો સૈનિક છે. અને મારા સૈનિકો ક્યારેય રડતા નથી. એટલે મેલુહાના સૈનિકની જેમ વર્તવાનું શીખી જા.'

ભગીરથે રાહતથી ઊંડો શ્વાસ લીધો અને આનંદમયી સામે જોયું, 'આ વખતે તો તારું ભાગ્ય કામ કરી ગયું.'

આનંદમયીએ હળવેથી મસ્તક હલાવ્યું. જોકે તેના હૃદયના ધબકારા હજુ ઓછા થયા નહોતા. પર્વતેશ્વર ઉત્તંકના શૌર્યથી સાચે જ પ્રભાવિત થયા હતા. સેનાપતિને ફસાવવા આનંદમયીએ નવું આયોજન વિચારી લીધું.



'શિવ સાચું કહે છે, પિતાજી,' સતીએ કહ્યું, 'તમે આટલો બધો સોમરસ આપી શકો નહીં. મેલુહાને તેની આવશ્યકતા છે.'

કાર્તિકના જન્મને દસ દિવસ થઈ ગયા હતા. સમ્રાટ દિલીપ અને તેમની સેના અયોધ્યા જવા નીકળી ગઈ હતી. શિવ ગંગાકિનારે ચાલી રહેલાં વહાણોના બાંધકામનું નિરીક્ષણ કરવા ગયા હતા. દક્ષ અને વારિણી સતીના ભવનમાં બેઠાં હતાં અને સતી

આનંદથી કાર્તિકનું પારણું ઝુલાવી રહી હતી.

વારિણીએ દક્ષ સામે જોયું પરંતુ કશું બોલી નહીં.

'મેલુહાની ચિંતા મને કરવા દે, પુત્રી,' દક્ષે કહ્યું, 'તારા નાનકડા મસ્તિષ્કમાં માત્ર કાર્તિકની જ ચિંતા રહેવા દે.'

કોઈ પોતાને નાનું બાળક સમજીને વર્તન કરે એ સતીને ગમતું નહીં. 'પિતાજી, મને કાર્તિકની ચિંતા છે જ. હું તેની મા છું. પરંતુ તેના કારણે હું આપણી મેલુહા પ્રત્યેની નિષ્ઠા ભૂલી શકું નહીં.'

'પુત્રી,' દક્ષે સસ્મિત કહ્યું, 'મેલુહા સુરક્ષિત છે. આટલું સુરક્ષિત એ પહેલાં ક્યારેય નહોતું. મારા લોકોની સંભાળ લેવાની મારી ક્ષમતા પર તારે શંકા ન કરવી જોઈએ.'

'હું તમારી ક્ષમતાઓ પર જરા પણ શંકા નથી કરી રહી. તમારી નિષ્ઠા અંગે પણ મને કોઈ જ શંકા નથી. મને તો માત્ર એમ જ લાગે છે કે મેલુહાના લોકોના ભાગે આવતા સોમરસનો આટલો વિશાળ હિસ્સો કાર્તિકને મળે એ મને અયોગ્ય લાગે છે. મને વિશ્વાસ છે કે મંદાર પર્વતના નાશ પછી સોમરસની ભારે અછત પ્રવર્તી રહી છે. તો પછી આટલો બધો હિસ્સો શા માટે મારા પુત્રને ફાળવવો જોઈએ ? એ સમ્રાટનો દોહિત્ર છે એટલે ? એ તો ભગવાન રામે બનાવેલા નિયમોની વિરુદ્ધ છે.'

દક્ષ ખડખડાટ હસી પડ્યા, 'મારી પ્રિય પુત્રી, ભગવાન રામના નિયમોમાં એવું ક્યાંય પણ નથી લખ્યું કે સમ્રાટ પોતાના દોહિત્રને સોમરસ આપી શકે નહીં.'

'એવા શબ્દો તો ક્યાંય નથી લખેલા, પિતાજી,' સતીએ થોડુંક ચિડાઈને દલીલ કરી, 'અને હું એવા શબ્દોની વાત પણ નથી કરી રહી. હું તો ભગવાન રામે સ્થાપેલા સિદ્ધાંતોની વાત કરી રહી છું. એમણે કહ્યું હતું કે કોઈ પણ રાજાએ પોતાના કુટુંબ કરતાં વધારે મહત્ત્વ પ્રજાને આપવું જોઈએ. આપણે એ સિદ્ધાંતનું પાલન નથી કરી રહ્યાં.'

'એટલે તું કહેવા શું માંગે છે ?' દક્ષે ક્રુદ્ધ અવાજે કહ્યું, 'તું મને નિયમો તોડનાર કહી રહી છે ?'

'પિતાજી, કૃપા કરીને તમારો અવાજ નીચો રાખો. કાર્તિક જાગી જશે. અને જો તમે સામાન્ય મેલુહાવાસી કરતાં કાર્તિકને વધારે મહત્ત્વ આપી રહ્યા હોવ, તો હા, તમે અવશ્ય ભગવાન રામના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છો.'

વારિણીએ ભયભીત અવાજે કહ્યું, 'કૃપા કરીને. . .'

વારિણીની વિનંતીની અવગણના કરતાં દક્ષે ઊંચા અવાજે કહ્યું, 'હું ભગવાન રામના કોઈ પણ નિયમોનું ઉલ્લંઘન નથી કરી રહ્યો !'

'ના, તમે કરી રહ્યા છો,' સતીએ કહ્યું, 'શું તમે એમ સૂચવવા માંગો છો કે આપણી પાસે તમામ સૂર્યવંશીઓ માટે સોમરસનો પૂરતો જથ્થો છે ? અને કાર્તિક કોઈ ઓછા ભાગ્યશાળી મેલુહાવાસીઓના ભોગે આ લાભ નથી મેળવી રહ્યો ? જો તમે મને એ વાતનું વચન નહીં આપો તો આ સોમરસ અહીં જ પડ્યો-પડ્યો નાશ પામશે. હું કોઈ પણ સંજોગોમાં એ કાર્તિકને આપવા દઈશ નહીં.'

'તું પોતે જ તારા પુત્રને હાનિ પહોંચાડીશ ?' કહીને દક્ષે પોતાના ઊંઘી રહેલા દોહિત્રને જોઈ લીધો અને પછી તેઓ સતી સામે જોવા માંડ્યા.

'કાર્તિક મારો પુત્ર છે. અન્યને હાનિ પહોંચાડીને તે પોતે લાભ પામવાનું પસંદ નહીં જ કરે, કારણ કે હું તેને શીખવાડીશ કે રાજધર્મ કોને કહેવાય.'

પોતાની જ પુત્રી પોતાની પર રાજધર્મનું પાલન ન કરવાનો આરોપ લગાવી રહી હોવાથી દક્ષ ગર્જી ઊઠ્યા, 'મેં મારા રાજધર્મનું પૂરું પાલન કર્યું છે !'

એ અવાજથી કાર્તિક ચમકીને જાગી ગયો અને સતી આપોઆપ તેની દિશામાં ખેંચાઈ ગઈ. માતાના શરીરની સુગંધ આવતાં જ કાર્તિક શાંત થઈ ગયો. પછી સતીએ અવળા ફરીને પોતાના પિતાની સામે જોયું.

'આ વાત મારે તને નહોતી કહેવી,' દક્ષે કહ્યું, 'પરંતુ તને કાર્તિકની કોઈ જ પરવા નથી લાગતી. તો સાંભળ મારી વાત. સોમરસનું ઉત્પાદન અન્ય જગ્યાએ પણ થાય જ છે. ઘણાં વર્ષો પહેલાં ગુપ્ત રીતે એવી વ્યવસ્થા ઊભી કરવાનો આદેશ મને મહર્ષિ ભૃગુએ આપ્યો હતો. એ મંદાર પર્વતની પૂરક વ્યવસ્થા હતી. અમે એ વાત ગુપ્ત જ રાખી કારણ કે આપણી મધ્યે પણ રાષ્ટ્રદ્રોહીઓ છે જ.'

સતી આઘાતથી પોતાના પિતા સામે જોઈ રહી. વારિણી પોતાના મસ્તક પર હાથ રાખીને ઊભી હતી.

'એટલે મારી પ્રિય પુત્રી,' દક્ષે કટાક્ષ કરતાં કહ્યું, 'મેં મારો રાજધર્મ નિભાવ્યો છે. આવનારી ઘણી સદીઓ તમામ મેલુહાવાસીઓને ચાલે એટલો સોમરસ ઉપલબ્ધ છે. એટલે કાર્તિક અઢાર વર્ષનો થાય ત્યાં સુધી એને દરરોજ સોમરસ આપજે. ઇતિહાસમાં એનું નામ મહાનતમ માનવ તરીકે નોંધાશે, એટલું સ્મરણ રાખજે.'

સતીએ કશું પણ કહ્યું નહીં. સોમરસના ગુપ્ત ઉત્પાદન સ્થળની વાતથી તે હજુ પણ આઘાતમાં જ હતી. તેના મગજમાં હજારો પ્રશ્નો ઉદ્ભવી રહ્યા હતા.

'મારી વાત તેં સાંભળી ?' દક્ષે પૂછ્યું, 'તું પ્રત્યેક દિવસ કાર્તિકને સોમરસ આપીશ. પ્રત્યેક દિવસ !'

સતીએ હકારમાં માથું હલાવ્યું.



નદીના કોરા પટમાં જ્યાં બ્રંગ લોકોએ પોતાની અસ્થાયી કાર્યશાળા સ્થાપી હતી, ત્યાં શિવ ઊભા હતા. પાંચ વહાણોનું બાંધકામ થઈ રહ્યું હતું. શિવે મેલુહા સામ્રાજ્યના કરચપ બંદરે વિશાળકાય વહાણો બંધાતાં જોયાં હતાં એટલે બ્રંગ લોકોનાં વહાણોની તદ્દન ભિન્ન રચના જોઈને તેમને આશ્ચર્ય થતું હતું. એવું જ આશ્ચર્ય પર્વતેશ્વર પણ અનુભવી રહ્યા હતા.

વહાણોને જે મહાકાય મંચ પર રાખીને બાંધવામાં આવી રહ્યાં હતાં, તેની પર એ બંને સાથે ચાલી રહ્યા હતા. સ્વદીપનાં સરેરાશ વહાણો કરતાં આ વહાણનું કદ અને બાંધકામ બંને ચડિયાતાં જણાતાં હતાં. એમનું કદ મેલુહાવાસીઓનાં વહાણો જેટલું લાગતું હતું. જોકે મુખ્ય ભેદ તો વહાણની સાટીમાં હતો. સાટીના પાણીની નીચે ડૂબેલા ભાગને અત્યંત પાતળો બનાવી દેવામાં આવ્યો હતો અને તે નીચે બે કે ત્રણ હાથ સુધી સીધો જ જતો હતો.

'આનો શું અર્થ હશે, પર્વતેશ્વર ?' શિવે પૂછ્યું.

'હું નથી જાણતો, પ્રભુ,' પર્વતેશ્વરે કહ્યું, 'આવી વિચિત્ર રચના તો મેં પણ ક્યારેય જોઈ નથી.'

'તમને એમ લાગે છે કે તેનાથી વહાણ પાણીમાં વધારે ઝડપથી અંતર કાપી શકશે ?'

'હું નથી જાણતો. પણ એના કારણે વહાણ અસ્થિર બની જશે, એમ નથી લાગતું ?'

'એની ઉપર ચડાવેલા પડને કારણે એનું વજન અવશ્ય વધશે,' લાકડા ઉપર બેસાડવામાં આવેલી ધાતુની પાટોનો સ્પર્શ કરતાં શિવે કહ્યું, 'આ એ જ ધાતુ છે જેને

હમણાં જ તમે લોકોએ શોધી છે ?'

'હા, પ્રભુ. એ લોખંડ જેવું જ લાગે છે.'

'તો પછી એના વજનથી વહાણની સ્થિરતા વધશે.'

'પણ વજનથી વહાણ ધીમું પણ પડી જશે.'

'એ પણ સાચું.'

'આ વિચિત્ર દાંતા શેના માટે હશે ?' ધાતુની પાટો પર સળંગ લગાવવામાં આવેલા દાંતા પર હાથ ફેરવતાં પર્વતેશ્વરે પૂછ્યું.

'અને આ આંકડીઓ પણ,' એ દાંતાથી બે હાથ ઉપર લગાવવામાં આવેલી વિશાળ આંકડીઓને જોતાં શિવે કહ્યું.

એ જ સમયે દિવોદાસ અને આયુર્વતી પણ તેમની સાથે જોડાયાં. તડકામાં બે પાલીમાં સતત કામ કરવાને કારણે બ્રંગ લોકો થાકી જતા હતા. એટલે દિવોદાસે શિવને વિનંતી કરીને આયુર્વતીને બોલાવી હતી. આયુર્વતીએ બ્રંગ લોકો માટે આનંદપૂર્વક પોતાની ટુકડી પાસે અમુક ઉકાળા તૈયાર કરાવ્યા હતા.

'પ્રભુ,' દિવોદાસે સસ્મિત કહ્યું, 'દેવી આયુર્વતી તો અલૌકિક છે. તેમના ઉકાળા પીવા એટલે જાણે કે સ્વયં શક્તિના જ ઘૂંટડા ભરવા. પાછલા કેટલાક દિવસોમાં મારા કાર્યકરોની શક્તિ બમણી થઈ ગઈ હોય એમ લાગે છે.'

સંકોચ અનુભવતી આયુર્વતીના ગાલ લાલ થઈ ગયા, 'ના, ના, એવું કંઈ નથી.'

'આ તમારી સૂર્યવંશીઓની સમસ્યા શું છે ?' દિવોદાસે પૂછ્યું, 'તમે લોકો પ્રશંસા યોગ્ય રીતે સ્વીકારી કેમ નથી શકતા ?'

શિવ અને આયુર્વતી ખડખડાટ હસી પડ્યાં. જોકે પર્વતેશ્વરને તેમાં હસવા જેવું કશું લાગ્યું નહીં. 'ભગવાન રામે સ્વયં કહ્યું છે કે વિનમ્રતા સજ્જનની આવશ્યકતા છે. જો અમે વિનમ્રતા ભૂલી જઈએ, તો અમે ભગવાન રામનું જ અપમાન કર્યું કહેવાય.'

'પર્વતેશ્વર, મને નથી લાગતું કે દિવોદાસ ભગવાન રામનું અપમાન કરવાના આશયથી કંઈ બોલ્યા હોય,' આયુર્વતીએ કહ્યું, 'આપણે સર્વે ભગવાન રામને વંદીએ છીએ. મને એમ લાગે છે કે દિવોદાસ આપણને એમ સૂચવી રહ્યા હતા કે આપણે જીવનની નાની નાની ક્ષણો પણ બહુ ભાર રાખ્યા વિના માણવી જોઈએ. એમાં કશું જ અયોગ્ય નથી.'

'મને તો' શિવે મુદ્દો બદલતાં કહ્યું, 'વધારે રસ એ જાણવામાં છે કે વહાણના તળિયે આ જે વિચિત્ર રચનાઓ કરવામાં આવી છે, તેનો તર્ક શું છે ? પહેલી વાત તો એ કે એની રચના કરવી જ અત્યંત અઘરી છે. તમારે એકદમ સચોટ રીતે વજન અને કદ જાળવવું પડે અન્યથા વહાણ ડૂબી જાય. એટલે મારે તમારા ઇજનેરોને અભિનંદન આપવાં જ રહ્યાં.'

'મને તો પ્રશંસા સ્વીકારવામાં કોઈ જ સમસ્યા નથી, પ્રભુ,' દિવોદાસે સસ્મિત કહ્યું, 'મારા ઇજનેરો અત્યંત તેજસ્વી છે !'

શિવે પણ સ્મિત કર્યું, 'એ તો છે જ, પરંતુ તળિયે આવી રચના કરવાનો હેતુ શું છે ? એનાથી શું સિદ્ધ થતું હોય છે ?'

'એનાથી તાળાં ખૂલે છે, પ્રભુ.'

'શું ?'

'એ રચના એક કળનું કાર્ય કરે છે. આપણે બ્રંગના પ્રવેશદ્વારે પહોંચીએ ત્યારે આ બધું કઈ રીતે કામ કરે છે એ આપને વધારે સ્પષ્ટતાથી સમજાશે.'

શિવને આશ્ચર્ય થયું.

'આવી રચના સિવાયનું વહાણ કદી બ્રંગ દેશમાં પ્રવેશી શકે નહીં. એ ભાંગી પડે.'

'મહાન ગંગા પર બાંધવામાં આવેલા પ્રવેશદ્વારની વાત કરો છો ?' પર્વતેશ્વરે પૂછ્યું, 'મને એમ હતું કે એ તો માત્ર દંતકથા છે. આટલી વિશાળ અને ધસમસતી નદી પર એવું બાંધકામ કેવી રીતે કરી શકાય એની મને કલ્પના પણ નથી આવતી.'

દિવોદાસે સ્મિત કર્યું, 'કલ્પનાને વાસ્તવિકતા બનાવવા તમારે દંતકથાના મૂર્તસ્વરૂપ ઇજનેર જોઈએ. અને બ્રંગ દેશમાં એવા ઇજનેરોની કોઈ જ ખોટ નથી !'

'તો એ પ્રવેશદ્વાર કઈ રીતે કામ કરે છે ?' શિવે પૂછ્યું.

'આપ જોશો તો વધારે સારું રહેશે, પ્રભુ,' દિવોદાસે કહ્યું, 'તેના જેવા અદ્‌ભુત બાંધકામનું વર્ણન કરવું શક્ય નથી. એને તો સ્વનેત્રોથી નિહાળવું જ પડે.'

એ જ સમયે એક મહિનાનું બાળક લઈને એક સ્ત્રી ઉપર આવી. એ બ્રંગની વડી પૂજારણ હતી. એ જ પૂજારણ જેણે ભગીરથના બ્રંગ ઇમારત પરના આક્રમણને ખાળ્યું હતું.

શિવે એ બાળક સામે જોઈને સ્મિત કર્યું, 'કેટલું સુંદર બાળક છે !'

'એ મારી પુત્રી છે, પ્રભુ,' દિવોદાસે કહ્યું, 'અને આ છે યાશિનિ, મારી પત્ની.'

યાશિનિએ નમીને શિવના ચરણસ્પર્શ કર્યાં અને પોતાની પુત્રીને શિવના ચરણોમાં મૂકી. શિવે તરત જ નમીને બાળકીને પોતાના હાથમાં લીધી. 'એનું નામ શું છે ?'

'દેવયાની, પ્રભુ,' યાશિનિએ કહ્યું.

શિવે સ્મિત કર્યું, 'તેનું નામ ગુરુદેવ શુક્રની પુત્રી પરથી પાડવામાં આવ્યું છે ?'

'હા, પ્રભુ,' યામિનિએ હકારમાં મસ્તક હલાવ્યું.

'અત્યંત સુંદર નામ છે. મને વિશ્વાસ છે કે તે મોટી થઈને આ દુનિયામાં અદ્‌ભુત જ્ઞાનનો પ્રસાર કરશે,' કહીને શિવે બાળકી યાશિનિના હાથમાં પાછી મૂકી.

'બાળકોના ભવિષ્યનાં સપનાં જોવાં એ બ્રંગ લોકો માટે અત્યંત મહત્ત્વાકાંક્ષી વાત છે, પ્રભુ,' યાશિનિએ કહ્યું, 'અમે તો માત્ર એટલી જ આશા કરતાં હોઈએ છીએ કે અમારાં બાળકો ભવિષ્ય જોવા માટે જીવતાં રહે.'

શિવે સહાનુભૂતિથી હકારમાં મસ્તક હલાવ્યું, 'આ પરિસ્થિતિ બદલાય નહીં ત્યાં સુધી હું અટકીશ નહીં, યાશિનિ.'

'આભાર, પ્રભુ,' દિવોદાસે કહ્યું, 'મને વિશ્વાસ છે કે આપ એમાં અવશ્ય સફળ થશો. અમને અમારા જીવનની ચિંતા નથી, પરંતુ અમારે અમારાં બાળકોને બચાવવાં છે. આપ સફળ થશો તો અમે આપનાં ચિરકાળ ઋણી રહીશું.'

'પરંતુ દિવોદાસ,' આયુર્વતીએ અધવચ્ચે કહ્યું, 'પ્રભુ પણ તમારા ઋણી તો ખરા.'

શિવા અને દિવોદાસે સાશ્ચર્ય આયુર્વતીની દિશામાં જોયું.

'કેમ ?' દિવોદાસે પૂછ્યું.

'તમારા ઔષધથી કાર્તિકનો જીવ બચ્યો છે,' આયુર્વતીએ ખુલાસો કર્યો.

'આ તમે શું કહી રહ્યાં છો ?'

'ઘણી વાર ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભમાં જ બાળકના ગળા ફરતે માતાની ગર્ભનાળ વીંટળાઈ જતી હોય છે. એમાંથી અમુક કિસ્સાઓમાં બાળક જન્મ લઈ શકતું નથી. તે ગૂંગળાઈને મૃત્યુ પામે છે. હું તો એ સમયે ઉપસ્થિત નહોતી એટલે મને જાણ નથી પરંતુ મને એમ લાગે છે કે સતીના પ્રથમ સંતાનના જન્મ સમયે એવું જ બન્યું હશે. કાર્તિકના ગળા ફરતે પણ ગર્ભનાળ વીંટળાઈ જ ગઈ હતી. પરંતુ આ વખતે મેં સતીના પેટ પર તમારું ઔષધ લગાવ્યું હતું. એવું લાગ્યું કે એના કારણે ગર્ભાશયનું પ્રસરણ થયું અને કાર્તિક બહાર આવ્યા ત્યાં સુધી જે મહત્ત્વની ક્ષણો હતી એ દરમિયાન જીવંત રહેવાનું બળ પણ

પ્રાપ્ત થયું. તમારા ઔષધને કારણે જ કાર્તિક જીવંત છે.'

'કયું ઔષધ ?' દિવોદાસે પૂછ્યું.

'નાગવંશીઓનું ઔષધ,' આયુર્વતીએ આશ્ચર્યથી કહ્યું, 'મેં તો જેવો એ લેપ સૂંઘ્યો કે હું તેને પારખી ગઈ હતી. અને માત્ર તમે જ એ લેપ લાવી શક્યા હોવ, બરોબરને ?'

'પરંતુ હું નહોતો લાવ્યો !'

'તમે નહોતા લાવ્યા ?' આયુર્વતીને આઘાત લાગ્યો અને તેણે શિવ સામે જોયું. 'તો. . .પછી આપને એ ઔષધ ક્યાંથી મળ્યું હતું, પ્રભુ ?'

શિવ દિગ્મૂઢ થઈ ગયા હતા. જાણે કોઈએ તેમની સૌથી મૂલ્યવાન સ્મૃતિનો નાશ કર્યો હોય, એમ લાગતું હતું.

'પ્રભુ ? શું થયું ?' આયુર્વતીએ પૂછ્યું.

ક્રુદ્ધ શિવ અચાનક જ નંદી સામે ફર્યા, 'નંદી ! ભદ્ર ! મારી સાથે આવો.'

'પ્રભુ, આપણે ક્યાં જઈ રહ્યા છીએ ?' પર્વતેશ્વરે પૂછ્યું.

પરંતુ શિવ તો ક્યારના આગળ વધી ગયા હતા. નંદી, વીરભદ્ર અને તેમની ટુકડી પણ શિવને અનુસરી રહી હતી.



'પંડિતજી !'

શિવ કાશી વિશ્વનાથ મંદિરમાં હતા. આદેશ પ્રમાણે નંદી, વીરભદ્ર અને અનુસરોની ટુકડી એ બધા બહાર પ્રતીક્ષા કરી રહ્યા હતા.

'પંડિતજી !'

એ ક્યાં છે ?

પછી શિવને સમજાયું કે તેમણે બૂમો પાડવાની આવશ્યકતા નથી. તેમણે તો માત્ર વિચારવાની જ આવશ્યકતા છે. વાસુદેવ *!* તમારામાંથી કોઈ મને સાંભળી રહ્યું છે ?

કોઈ જ ઉત્તર મળ્યો નહીં. શિવનો ક્રોધ વધ્યો.

હું જાણું છું કે તમે લોકો મને સાંભળી શકો છો *!* તમારામાંથી કોઈ એક બોલવાની હિંમત કરશે ?

હજુ કોઈ જ ઉત્તર મળ્યો નહીં.

તમને લોકોને નાગવંશી ઔષધ ક્યાંથી મળ્યું ?

તદ્દન શાંતિ ?

હું ખુલાસો માંગી રહ્યો છું *!* તમારો અને નાગવંશીઓનો શું સંબંધ છે ? આ રમત કેટલી ઊંડી છે ?

કોઈ વાસુદેવે ઉત્તર આપ્યો નહીં.

હે પવિત્ર સરોવર, મને ઉત્તર આપો ! અન્યથા હું તમારું બધાનું નામ ભગવાનના શત્રુઓની યાદીમાં ઉમેરી દઈશ !

શિવને એક શબ્દ પણ સંભળાયો નહીં. તેમણે રૂદ્ર ભગવાનની મૂર્તિ સામે જોયું. કોઈક કારણસર એ મૂર્તિ તેમની સ્મૃતિમાં હતી એટલી ભયાવહ લાગતી નહોતી. તે એકદમ શાંત લાગતી હતી. જાણે તે શિવને કંઈક કહેવાનો પ્રયત્ન કરી રહી હોય.

શિવે છેલ્લી વાર બૂમ પાડી જોઈ, 'વાસુદેવ ! મને અત્યારે જ ઉત્તર આપો અથવા હું

માની લઈશ કે મારી ધારણાઓ સત્ય જ છે !'

કોઈ જ ઉત્તર ન મળતાં શિવ એ મંદિરમાંથી ધસમસતા બહાર જતા રહ્યા.



પ્રકરણ ૯
તારું કર્મ શું છે ?

'શું થયું, શિવ ?'

નાનકડા છોકરાએ પાછળ ફરીને જોયું તો તેના કાકા ત્યાં ઊભા હતા. છોકરાએ ત્વરાથી આંસુ લૂછી નાખ્યાં કારણ કે ગણ લોકોમાં આંસુ નબળાઈની નિશાની માનવામાં આવતી. કાકાએ સ્મિત કર્યું. શિવની બાજુમાં બેસીને તેમણે શિવના નાનકડા ખભા પર હાથ મૂક્યો.

થોડીક ક્ષણો તેઓ એમ જ શાંતિથી બેસી રહ્યા અને માનસરોવરનાં પાણી તેમના પગ પખાળતાં રહ્યાં. પાણી એકદમ ઠંડું હતું પરંતુ તેમનું મન નહીં.

' તને શું પજવે છે , બેટા ?' કાકાએ પૂછ્યું.

શિવે કાકા સામે જોયું. તેને હંમેશા એવો વિચાર આવતો કે તેના કાકા જેવા ભયાવહ યોદ્ધાના મુખ પર આવું શાંત , સમજણ ભરેલું સ્મિત કઈ રીતે આવતું હશે ?

' માએ મને કહ્યું હતું કે મારે એ વાત માટે કોઈ ભૂલ કર્યાની લાગણી અનુભવવાની આવશ્યકતા નથી. . . '

એટલું બોલતાં બોલતાં શિવના ગળે ડૂમો ભરાઈ આવ્યો. ફરી એક વાર તેને અનુભવાયુ કે તેની ભમરોમાં લબકારા ઊઠી રહ્યા છે.

' પેલી બિચારી સ્ત્રીની વાત છે ?' કાકાએ પૂછ્યું

છોકરાએ હકારમાં મસ્તક હલાવ્યું.

' અને તને શું લાગે છે ?'

' મને તો હવે શું વિચારવું એ જ નથી સમજાતું. '

' તને બરોબર સમજાય છે. તારા હૃદયની વાત સાંભળ. એ તને શું કહે છે ?'

શિવની આંગળીઓ વ્યાઘ્રચર્મની બનેલી પોતડીને રમાડી રહી હતી , ' મા તો એમ જ માને છે કે હું એ સ્ત્રીને કોઈ જ સહાય કરી શક્યો હોત નહીં. એ માટે મારી ઉંમર ઓછી છે , હું બહુ જ નાનો છું અને અશક્ત છું. હું કંઈ જ કરી ન શકત. એને સહાય કરવાને બદલે હું પોતે જ ઈજા પામ્યો હોત. '

' આમ તો એ વાત સાચી લાગે છે. પણ એનું કંઈ મહત્ત્વ ખરું ?'

નાનકડા છોકરાએ ઉપર જોયું ત્યારે તેની આંખોમાંથી આંસુ પડું પડું થઈ રહ્યાં હતાં. તેણે કહ્યું , ' ના. '

કાકાએ સ્મિત કર્યું. ' જરાક વિચાર કર. તેં તેને સહાય કરવાનો પ્રયત્ન કર્યો હોત તોપણ એવી શક્યતા હતી કે એને ઈજા તો પહોંચી જ હોત. એક નાનકડી સંભાવના એવી

પણ હતી કે તે ત્યાંથી ભાગી શકી હોત. પરંતુ જો તેં પ્રયત્ન ન કર્યો હોય , તો તેના માટે એ નાનકડી શક્યતા પણ ન હોત. હોત ?'

શિવે મસ્તક હલાવ્યું.

' તારી માએ તને બીજું શું શું કહ્યું ?'

' કે એ સ્ત્રીએ પોતે બચવા માટે જરા પણ પ્રયત્ન કર્યો નહીં. '

' હા , એ પણ સત્ય હોઈ શકે. '

' અને માએ એમ પણ કહ્યું કે જો એ સ્ત્રીએ બચાવનો કોઈ પ્રયત્ન કર્યો ન હોય , તો હું પણ બચાવનો પ્રયત્ન ન કરું એમાં કશું જ અયોગ્ય નથી. '

' એ વાત મહત્ત્વની છે. તેના પર અત્યાચાર થઈ રહ્યો હતો. અને તેમ છતાં તે તેનો સ્વીકાર કરી રહી હતી. '

બને જણા સૂર્યને જોતા થોડીક ક્ષણો ચૂપચાપ બેસી રહ્યા.

' એટલે એ સ્ત્રીએ તો કોઈ પ્રતિકાર ન કર્યો , તો પણ. . . ' કાકાએ કહ્યું , ' તારે શું કરવું જોઈતું હતું ?'

' મારે. . . '

' બોલ. . . '

' એ સ્ત્રીએ બચવાનો પ્રયત્ન કર્યો કે નહીં તે મહત્ત્વનું નથી. ગમે તે સંજોગોમાં મારે તો તેના માટે લડવું જ જોઈતું હતું. '

' શા માટે ?'

શિવે કાકા સામે જોયું , ' તમને પણ એમ જ લાગે છે કે મારે વ્યવહારુ બની જવું જોઈતું હતું ? ત્યાંથી ભાગી છૂટવામાં કશું જ અયોગ્ય નહોતું ?'

' હું શું વિચારું છું એ મહત્ત્વનું નથી. મારે તો તારા વિચારો જાણવા છે. તારા વિચાર મુજબ ત્યાંથી ભાગી છૂટવું કેમ અયોગ્ય હતું ?'

શિવે નીચે જોઈને પાછી પોતાની પોતડી રમાડવા માંડી. તેની ભમરમાં ભયાનક લબકારા ઊઠી રહ્યા હતા. ' કારણ કે મને એ અયોગ્ય લાગે છે. '

કાકાએ સ્મિત કર્યું , ' એ જ ઉત્તર છે. એ અયોગ્ય લાગે છે કારણ કે તેં જે કર્યું એ તારા કર્મની વિરુદ્ધ હતું. તારે એ સ્ત્રીના કર્મને લઈને નથી જીવવાનું. તેણે જે કર્યું તે તેની પસંદગી હતી. તારે તો તારા કર્મને લઈને જીવવાનું છે. '

શિવે કાકા સામે જોયું.

' તારું કર્મ અનિષ્ટ સામે લડવાનું છે. એ અનિષ્ટ જેની સાથે થઈ રહ્યું છે એ સ્વયં લડે છે કે નહીં એ મહત્ત્વનું નથી. આ વાત હંમેશા યાદ રાખજે. બીજાના કર્મના ફળ સાથે આપણે જીવવાનું હોતું નથી. આપણે હંમેશાં આપણા કર્મના ફળ સાથે જીવવાનું હોય છે. '

શિવે હળવેથી મસ્તક હલાવ્યું.

' અહીંયાં દુઃખતું નથી ?' કાકાએ શિવની ભૂખરી ભમરોની વચ્ચે દેખાતા કાળાશ પડતા લાલ ડાઘને ચીંધીને પૂછ્યું.

શિવે એ ભાગ પર જોરથી હાથ દબાવ્યો. દબાણથી તેને થોડીક રાહત અનુભવાઈ. ' ના. પણ બળતરા અવશ્ય થાય છે. અત્યંત બળે છે. '

' ખાસ કરીને તું જ્યારે દુઃખી હોય ત્યારે ?'

શિવે હા પાડી.

કાકાએ પોતાના ઉપવસ્ત્ર સાથે બાંધેલી એક નાનકડી પોટલી બહાર કાઢી , ' આ અત્યંત મૂલ્યવાન ઔષધ છે. મેં ઘણા સમયથી તેને સાચવી રાખ્યું છે. મને લાગે છે કે તું જ

એ યોગ્ય વ્યક્તિ છે જેને એ મળવું જોઈએ. '

શિવે એ પોટલી લીધી. પોટલી ખોલતાં તેને અંદરથી લાલાશ પડતો ભૂખરા રંગનો જોડો લેપ જોવા મળ્યો. ' આનાથી બળતરા મટી જશે ?'

કાકાએ સ્મિત કર્યું , ' એ તને તારા કર્મના માર્ગે આગળ વધારશે. '

શિવને આશ્ચર્ય અને મૂંઝવણ થઈ આવી.

માનસરોવરની સામે પાર પથરાયેલી વિશાળ પર્વતમાળા સામે આંગળી ચીંધીને કાકાએ કહ્યું , ' બેટા , તારું કર્મ તો આ પર્વતમાળાથી પણ વિશાળ છે , પરંતુ એને સિદ્ધ કરવા તારે એ જ પર્વતમાળા ઓળંગવી પડશે. '

વધુ કંઈ સમજાવવાની આવશ્યકતા કાકાને લાગી નહીં. તેમણે થોડોક લાલાશ પડતો ભૂખરો લેપ હાથમાં લીધો અને શિવની ભમરોની વચ્ચે વાળ સુધી સીધી રેખામાં લગાવ્યો. શિવની ભમરો પર ઠંડક વ્યાપી ગઈ અને તરત જ તેની પીડાનું શમન થઈ આવ્યું. પછી કાકાએ શિવના ગળા ફરતે પણ એ જ લેપ લગાવ્યો. પછી વધેલો લેપ તેમણે શિવના જમણા હાથમાં મૂક્યો. પછી તેમણે પોતાની આંગળી પર નાનકડો કાપો પાડ્યો અને તેમાંથી નીકળી રહેલા રક્તનું એક ટીપું એ લેપમાં પાડ્યું અને ધીમેથી બોલ્યા , ' અમે ક્યારેય આપનો આદેશ ભૂલીશું નહીં , રૂદ્ર ભગવાન. આ એક વાયુપુત્રના રક્તશપથ છે. '

શિવ પોતાના કાકા સામે અને હથેળીમાં રહેલા કાકાના રક્ત મિશ્રિત લેપ સામે વારાફરતી જોઈ રહ્યા.

' આ લેપ તારા મોઢામાં મૂકી દે ,' કાકાએ કહ્યું , ' પણ એને ચાવી ન જતો. માત્ર ચગળજે. ધીમે ધીમે ઓગળીને એ તારા પેટમાં ઊતરી જશે. '

શિવે બરોબર એમ જ કર્યું.

' હવે તું તૈયાર છે. યોગ્ય સમયે ભાગ્ય જ તને પસંદ કરશે. '

શિવને કંઈ સમજાયું નહીં. પરંતુ એ ઔષધીય લેપથી તેની પીડાનું શમન અવશ્ય થયું હતું. ' આવો બીજો લેપ છે તમારી પાસે ?'

' મારી પાસે હતું એ બધું મેં તને આપી દીધું , બેટા. '



'વાસુદેવો પાસે નાગવંશનાં ઔષધો છે ?' સતીએ આઘાત સાથે પૂછ્યું.

સવારે પોતાના પિતા સાથે જે વાત થઈ હતી તે અંગે સતી શિવ સાથે ચર્ચા કરવા ઇચ્છતી હતી. સોમરસના ઉત્પાદનની વૈકલ્પિક વ્યવસ્થા અસ્તિત્વમાં છે અને કોઈને તેના અંગે જાણકારી નથી એ વાતથી તે અત્યંત દિગ્મૂઢ બની ગઈ હતી. જોકે શિવના ક્રુદ્ધ મુખને જોઈને તે પોતાની વાત તો ભૂલી જ ગઈ.

'મને અયોગ્ય માર્ગે દોરવામાં આવ્યો છે. એ લોકો સંભવતઃ નાગવંશીઓના સાથી છે ! શું દેશમાં કોઈ પર વિશ્વાસ થઈ ન શકે ?'

સતીના મનમાં એવા ભાવ ઊઠતા હતા કે વાસુદેવ અનિષ્ટના સાથી તો ન જ હોઈ શકે. પણ કોઈ તાળો મળતો નહોતો. 'શિવ, તમે ઉતાવળે કોઈ અયોગ્ય. . .'

'ઉતાવળે ? ઉતાવળે નિર્ણય લઈ રહ્યો છું ?' શિવ સતીને વેધક દૃષ્ટિથી તાકી રહ્યા, 'આયુર્વતીએ જે કહ્યું એ તું જાણે જ છે. એ ઔષધ માત્ર નાગવંશીઓની ભૂમિમાંથી જ આવી શકે એમ છે. બ્રંગ લોકોને એ કઈ રીતે મળે છે, તે આપણે જાણીએ જ છીએ. એ

લોકો પાસેથી ઘણું ધન મેળવીને, તેમને ડરાવી-ધમકાવીને જ નાગવંશીઓ તેમને આ ઔષધ આપે છે. વાસુદેવો માટે શું ખુલાસો છે ? એ લોકોને પોતાનાં મંદિરોનું નિર્માણ કરવા માટે નાગવંશીઓની આવશ્યકતા હતી ?'

સતી ચૂપ જ રહી.

શિવે વાતાયન સુધી જઈને વિશ્વનાથ મંદિર પર દૃષ્ટિ કરી. ગમે તે કારણ હોય, પરંતુ તેમની અંદરથી તો એવો જ અવાજ ઊઠતો હતો કે 'શાંત રહે. ઉતાવળે કોઈ જ નિર્ણયો લઈશ નહીં.'

શિવે પોતાનું મસ્તક હલાવ્યું.

'મને વિશ્વાસ છે કે વાસુદેવોએ ધારણા કરી જ લીધી હશે કે આ ઔષધ ક્યાંથી આવ્યું તેનો તાળો તમે અવશ્ય મેળવી લેશો,' સતીએ કહ્યું, 'એટલે વાસુદેવોએ એ તમને શા માટે આપ્યું તેના માત્ર બે જ તર્ક હોઈ શકે.'

શિવે સતી સામે જોયું.

'તે લોકો મૂર્ખ છે. અથવા તો તમારા પુત્રનો જન્મ એટલો મહત્ત્વનો છે કે તેઓ તમારો કોપ વહોરી લેવા પણ તૈયાર છે.'

શિવ પણ વિચારમાં પડી ગયા.

'તમારા દ્વારા મને જે જાણવા મળ્યું છે એ પરથી મને એમ તો નથી જ લાગતું કે એ લોકો મૂર્ખ હોય,' સતીએ કહ્યું, 'તો પછી આપણી પાસે માત્ર એક જ વિકલ્પ છે. તે લોકો અવશ્ય એમ માનતા હોવા જોઈએ કે જો આપણા પુત્રના જન્મ સમયે કશુંક અઘટિત બની જાય, તો તમે એટલા ભાંગી પડો કે તેમની અનિષ્ટ સામેની લડાઈમાં યોગ્ય રીતે સાથ આપી શકો નહીં.'

આ વખતે શિવે ચૂપ રહેવું યોગ્ય સમજ્યું.



નાગવંશી લોકોનો લોકનાયક પોતાના ભવનમાં વાતાયનની પાસે જ આસન પર બેઠો. પ્રતિ સપ્તાહ એક વાર સંધ્યાના સમયે પંચવટીમાં જે પ્રાર્થના કરવામાં આવતી તેના શબ્દો તેના કાને પડી રહ્યા હતા. રાણી તો આવાં દુઃખભર્યા ગીતો અને પ્રાર્થનાઓ પર પ્રતિબંધ જ મૂકવા ઇચ્છતી હતી. તે કહેતી કે આ તો પરાજિત લોકોના શબ્દો છે. પરંતુ નાગવંશીઓની ચૂંટાયેલી રાજ્યસભામાં એ પગલા વિરુદ્ધ મત પડ્યા હતા અને એ ગીતો-પ્રાર્થનાઓ ચાલુ જ રહી હતી.

એના શબ્દો સાંભળીને લોકનાયકના મનમાં લાગણીઓનું ઘોડાપૂર ઉમટતું હતું પરંતુ તેણે પોતાની જાત પર નિયંત્રણ રાખ્યું હતું.

તમે જ મારું વિશ્વ , મારા ઈશ્વર , મારા સર્જક ,
તેમ છતાં મને તરછોડી ગયા.
મેં તમને નહોતા ઇચ્છ્યા , તમે જ મને બોલાવ્યો ,
તેમ છતાં મને તરછોડી ગયા.
મેં તમને માન આપ્યું , તમારા નિયમો અનુસાર જીવ્યો ,
તમારા જ રંગમાં રંગાઇ ગયો ,
તેમ છતાં મને તરછોડી ગયા.

તમે મને દુઃખી કર્યો , રખડતો મૂકી દીધો ,
મારા પ્રત્યેનું તમારું કર્તવ્ય પણ પૂરું કર્યું નહીં ,
તેમ છતાં મને તરછોડી ગયા.
આ બધા છતાં રાક્ષસ તો હું જ છું ,
મને કહો પ્રભુ , કે હું શું . .

'ધિક્કારજનક ગીત છે,' લોકનાયકના વિચારપ્રવાહમાં ખલેલ પાડતાં રાણી બોલી, 'એમાં આપણી નબળાઈઓ અને બંધનોની જ વાત છે !'

'માસી,' નાગવંશી ઊભો થયો, 'તમે અંદર આવ્યાં એ તો મને જાણ જ ન થઈ.'

'કેવી રીતે થાય ? આ ઊલટી કરાવે એવાં ગીતોમાં તો સમગ્ર વિશ્વ ડૂબી જાય. બધા જ હકારાત્મક વિચારો ડૂબી જાય.'

'વેર કે પ્રતિહિંસા કંઈ હકારાત્મક વિચાર નથી, મહારાણી,' નાગવંશીએ સ્મિત કર્યું, 'અને એ લોકો આનંદ ઉલ્લાસનાં ગીતો પણ ગાતા જ હોય છે.'

રાણીએ પોતાનો હાથ હલાવીને કહ્યું, 'મારે કંઈક વધારે મહત્ત્વની ચર્ચા કરવાની છે.'

'બોલો માસી.'

રાણીએ ઊંડો શ્વાસ લીધો. 'તું વાસુદેવોને મળ્યો હતો ?'

નાગવંશીની આંખો નાની થઈ ગઈ. તેને આશ્ચર્ય એ વાતનું થતું હતું કે રાણીને આ વાતની જાણ થવામાં આટલો સમય લાગ્યો. 'હા.'

'શા માટે ?' પોતાનો ક્રોધ છુપાવ્યા વિના રાણીએ કહ્યું.

'મહારાણી, મને એમ લાગે છે તેઓ આપણને સહાયરૂપ બની રહેશે.'

'એ લોકો આપણને કદી સહાય કરશે. તેઓ સંભવતઃ આપણા શત્રુ નથી. પરંતુ તેઓ ક્યારેય આપણા મિત્રો તો નહીં જ બને.'

'હું એ વાત સાથે સહમત નથી. મને લાગે છે કે આપણો શત્રુ એક જ છે. એટલે એ લોકો આપણા પક્ષે જ આવશે.'

'મૂર્ખ જેવી વાત છે આ ! એક પ્રાચીન દંતકથાને અનુસરનારા છે આ વાસુદેવો. કોઈ નીલા કંઠવાળો વિદેશી આ દેશને ઉગારી નહીં શકે !'

'પરંતુ એક દાઢીવાળા વિદેશીએ આ દેશને ઉગાર્યો હતો, નહોતો ઉગાર્યો ?'

'આ જંગલીને રુદ્ર ભગવાન સાથે સરખાવીશ નહીં. આ દેશના ભાગ્યમાં જ સંભવતઃ વિનાશ લખાયેલો છે. ભારતે આપણે માત્ર પીડા અને દુઃખ જ આપ્યું છે. તો એની પરવા કરવાની આપણે કોઈ જ આવશ્યકતા ખરી ?'

'ખરી, કારણ કે છેવટે એ આપણી પણ માતૃભૂમિ છે.'

રાણીએ ઘુરકાટ કર્યો. 'તેં એમને આપણું ઔષધ કેમ આપ્યું એ મને જણાવીશ ? તું જાણે જ છે કે અહીંયાં પણ તેની અછત છે. આપણે બ્રંગ લોકોને પણ તેમનો વાર્ષિક જથ્થો મોકલવાનો છે. હું મારું વચન તોડવાની નથી. આ વિકૃત ધરતી પર માત્ર એ જ તો સારા માણસો છે. માત્ર એ જ લોકો તો છે જે આપણને મારવા નથી ઇચ્છતા.'

'બ્રંગ લોકોને જે જથ્થો આપવાનો છે તેની પર કોઈ જ અસર પડશે નહીં, મહારાણી. મેં તો તેમને માત્ર મારો અંગત ભાગ જ આપ્યો છે.'

'હે ભૂમિદેવી, શા માટે ? તને પણ અચાનક નીલકંઠમાં શ્રદ્ધા ઊભરાઈ આવી છે ?'

'હું શું માનું છું તેનું કંઈ જ મહત્ત્વ નથી, મહારાણી. ભારતના લોકો શું માને છે, તે મહત્ત્વનું છે.'

રાણી નાગવંશી સામે જોઈ રહી, 'એ સાચું કારણ નથી.'

'એ જ છે.'

'મારી સમક્ષ અસત્ય ઉચ્ચારીશ નહીં !'

નાગવંશી ચૂપ રહ્યો.

'તેં એ કામ પેલી દુષ્ટ સ્ત્રી માટે કર્યું છે,' રાણીએ કહ્યું.

નાગવંશી વિચલિત તો થઈ ગયો પરંતુ તેનો અવાજ શાંત હતો. 'ના. અને તમારે તો એના વિષે એમ ન જ બોલવું જોઈએ, મહારાણી.'

'કેમ નહીં ?'

'કારણ કે મારા સિવાય એક માત્ર તમે જ છો જે સત્ય જાણો છો.'

'ઘણી વાર મને એમ થાય છે કે હું ન જાણતી હોત તો સારું હોત.'

'એના માટે હવે ઘણું મોડું થઈ ચૂક્યું છે.'

રાણીએ સ્મિત કર્યું, 'ભગવાન તમામ ક્ષમતાઓ એક જ માણસને નથી આપી દેતા એ વાત સાચી છે. તું પોતે જ તારો સૌથી મોટો શત્રુ છે.'



દક્ષ નીચે બેઠા હતા. દેવગીરીમાં મહર્ષિ અણધાર્યા જ પધાર્યા તેનો તેમને આઘાત લાગ્યો હતો. મેલુહાના સમ્રાટે મહર્ષિ સાથે મુલાકાત ઇચ્છી નહોતી.

ભૃગુ દક્ષ સામે કૃદ્ધ દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. 'આપે મારા એક પ્રત્યક્ષ આદેશનું ઉલ્લંઘન કર્યું છે, સમ્રાટ.'

દક્ષ શાંત થઈ ગયા. તેમનું મસ્તક નમેલું હતું. મહર્ષિને આ વાતની જાણ કઈ રીતે થઈ ગઈ ? એ સમયે તો માત્ર સતી , વારિણી અને હું જ હતાં. શું વારિણી મારા સમાચાર મહર્ષિને પહોંચાડી રહી છે ? બધા મારી જ વિરુદ્ધ શા માટે જઈ રહ્યાં છે ? મારી જ વિરુદ્ધ ?

ભૃગુ દક્ષને તાકી રહ્યા હતા. તેના વિચારો વાંચી રહ્યા હતા. મહર્ષિ જાણતા જ હતા કે દક્ષ નબળા છે. પરંતુ આજ સુધી સમ્રાટે તેમનો પ્રત્યક્ષ આદેશ ક્યારેય ઉથાપ્યો નહોતો. ઉપરાંત, ભૃગુ એટલા બધા આદેશ આપતા પણ નહોતા. તેમને માત્ર એક જ વાતની ચિંતા હતી. અન્ય તમામ વાતોમાં દક્ષ જેમ કરતા હોય, તેમ તે કરવા દેતા હતા.

'તમને એક ચોક્કસ કારણસર સમ્રાટ બનાવવામાં આવ્યા છે,' ભૃગુએ કહ્યું, 'હવે મને મારા જ નિર્ણય પર શંકા થવા માંડે એવું કરશો નહીં.'

દક્ષ ચૂપ રહ્યા. તે ગભરાઈ ગયા હતા.

ભૃગુએ નીચા નમીને દક્ષનું નમેલું મસ્તક ઊંચું કર્યું, 'શું તમે તેને જગ્યા પણ જણાવી દીધી છે, મહારાજ ?'

દક્ષે ધીમેથી કહ્યું, 'ના, પ્રભુ, હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.'

ભૃગુએ દક્ષના વિચારો વાંચ્યા. એ સંતુષ્ટ હતા.

'આ વાત તમારે કોઈની સમક્ષ ઉચ્ચારવાની નથી. સમજ્યા ?'

દક્ષ ચૂપ રહ્યા.

'મહારાજ,' ભૃગુએ ઊંચા અવાજે કહ્યું, 'સમજ્યા ?'

'હા, પ્રભુ,' ગભરાયેલા દક્ષે મહર્ષિના પગ પકડીને કહ્યું.



શિવ અસ્સી ઘાટ પર ઊભા હતા. પાંચમાંથી ચાર કદાવર બ્રંગ વહાણોના સઢ સંકોરાયેલા હતા. બંદરની સૌથી પાસે ઊભેલા વહાણના સઢ ખુલ્લા રખાયા હતા. એ દૃશ્ય ભવ્ય લાગતું હતું અને એને જોનારા બધા જ પ્રશંસી રહ્યા હતા.

'એ ભવ્ય લાગે છે, દિવોદાસ,' શિવે કહ્યું.

'આભાર, પ્રભુ.'

'તમારા માણસોએ આ બધું માત્ર નવ માસમાં તૈયાર કરી નાખ્યું, તે હું માની નથી શકતો.'

'અમે બ્રંગ લોકો ગમે તે કરી શકીએ છીએ, પ્રભુ.'

શિવે સ્મિત કર્યું.

શિવની બાજુમાં ઊભેલા અતિથિગ્વએ કહ્યું, 'દિવોદાસ, તમને વિશ્વાસ તો છે ને કે આ વહાણો તરશે ? આ અહીં ઊભેલા વહાણના બધા જ સઢ ખુલ્લા છે અને ભારે પવન પણ ફૂંકાઈ રહ્યો છે. તેમ છતાં વહાણ તો જરા પણ હલતું નથી.'

રાજાને વહાણવટાનું વિશેષ જ્ઞાન નહોતું તે જણાઈ આવતું હતું.

'એકદમ સાચી વાત છે, મહારાજ,' દિવોદાસે કહ્યું, 'આ વહાણ એટલા માટે નથી હલી રહ્યું કારણ કે અમે ઇચ્છીએ છીએ કે તે અમારા વિના ક્યાંય જાય નહીં. સઢ એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે જેથી વહાણ જરા પણ હલે નહીં. મુખ્ય સઢ ફરફરી રહ્યો છે, એ જોયું, મહારાજ ?'

અતિથિગ્વએ હકારમાં મસ્તક હલાવ્યું.

'એ સઢ આપણી ઉપર હસી રહ્યો છે, કારણ કે તે પવનનો લાભ ઉઠાવી શકતો નથી.'

શિવે સ્મિત કર્યું, 'હસી રહ્યો છે ?'

'સઢ જ્યારે પવનની વિરુદ્ધ દિશામાં ગોઠવવામાં આવે, ત્યારે અમે એ શબ્દ જ વાપરીએ છીએ, પ્રભુ,' દિવોદાસે કહ્યું.

'ઠીક છે,' શિવે કહ્યું, 'હવે ગંભીર વાત કરી લઈએ. આપણે આજથી ત્રીજા દિવસે બ્રંગ જવા નીકળીશું. બધી જ તૈયારીઓ કરવા માંડો.'



સતી પોતાના ભવનના વાતાયનમાંથી ગંગાને નીરખી રહી હતી. હોડીઓનો નાનકડો કાફલો રાજા અતિથિગ્વને તેમના પૂર્વ કિનારે આવેલા રાજમહેલમાં લઈ જતો સતીને દેખાઈ રહ્યો હતો.

રાજા એ બાજુ કેમ વારંવાર જતા હશે ? અને સાથે એ માત્ર પોતાના કુટુંબને જ કેમ લઈ જતા હોય છે ?

'શું વિચારે છે, સતી ?'

શિવ તેની પાછળ ઊભા હતા. સતી શિવને ભેટી પડી, 'હું સતત તમને જ સ્મરતી

રહીશ.'

શિવે સતીનુ મુખારવિંદ ઊંચું કર્યું, તેને ચુંબન કર્યું અને સસ્મિત કહ્યું, 'તું એ નહોતી વિચારી રહી.'

સતીએ હળવેથી શિવની છાતી પર મુક્કો માર્યો અને કહ્યું, 'તમે મારા વિચારો પણ વાંચી શકો છો ?'

'તો કેવું સારું થાત.'

'હું કોઈ ગંભીર વાત નહોતી વિચારી રહી. મને તો માત્ર એમ જ વિચાર આવતો હતો કે રાજા અતિથિગ્વ શા માટે વારંવાર પૂર્વ કાંઠે આવેલા રાજમહેલમાં જતા હશે. વધારે વિચિત્ર વાત તો એ છે કે તેઓ ત્યાં માત્ર પોતાના પરિવારના સભ્યોને જ લઈ જાય છે.'

'હા, એ તો મેં પણ નોંધ્યું છે. પણ મને વિશ્વાસ છે કે એના માટે અવશ્ય કોઈ યોગ્ય કારણ હશે જ. પૂર્વ કાંઠો અપશુકનિયાળ છે એવી અંધશ્રદ્ધા અહીં છે, એ તો તું જાણે જ છે ને ?'

સતીએ ખભા ઊંચા કર્યા, 'તો હવે બધું નક્કી થઈ ગયું ? તમે ત્રણ દિવસમાં જતા રહેશો ?'

'હા.'

'તમને કેટલો સમય લાગશે ?'

'હું નથી જાણતો. પણ આશા કરું છું કે વધારે સમય નહીં લાગે.'

'હું પણ આવી શકતી હોત, તો કેવું સારું થાત !'

'હા. પણ હજુ કાર્તિક એટલો મોટો નથી થયો કે આવી યાત્રા તે કરી શકે.'

સતીએ શય્યા પર સૂતેલા કાર્તિક સામે જોયું. એ એટલી ત્વરાથી મોટો થતો હતો કે તે હવે તેના પારણામાં પણ સમાતો નહોતો, 'એ હવે તમારા જેવો જ દેખાતો જાય છે.'

શિવે સ્મિત કર્યું. 'માત્ર છ મહિના જ થયા છે પણ એ બે વર્ષના બાળક જેવો લાગે છે !'

સતીને શિવના એ શબ્દો માનવા પડ્યા. એ મેલુહાવાસી હતી અને કદી પણ મૈકામાં તો તે રહી જ નહોતી એટલે તેણે સોળ વર્ષથી નાના બાળકો જોયા જ નહોતા.

'એ કદાચ સોમરસના આશીર્વાદ છે,' સતીએ કહ્યું.

'સંભવ છે. જોકે આયુર્વતીને એ વાતનું આશ્ચર્ય અવશ્ય થયું હતું કે પહેલી વાર સોમરસ લીધા પછી તે માંદો નહોતો પડ્યો.'

'એ સાચે જ આશ્ચર્યજનક કહેવાય. કદાચ એ વિશેષ બાળક છે એટલે એમ થયું હશે !'

'એ તો એ છે જ. છ મહિનામાં જ ચાલતાં શીખી જતું બાળક મેં નથી જોયું.'

સતીએ સસ્મિત કહ્યું, 'એ આપણને સાચે જ ગર્વાન્વિત કરશે.'

'મને એ વાત પર પૂરો વિશ્વાસ છે.'

સતીએ ઉપર જોઈને શિવને ચુંબન આપ્યું, 'નાગવંશીઓ સુધી પહોંચવાનો માર્ગ શોધો અને ત્વરાથી પાછા આવી જાવ એટલે મને શાંતિ થાય.'

'હું અવશ્ય ત્વરાથી આવી જઈશ, પ્રિયે.'



વહાણોમાં પુરવઠો ભરી લેવામાં આવ્યો હતો. માર્ગમાં આવતા કોઈ પણ બંદર પર રોકાવાની તેમની ઇચ્છા નહોતી. ઝડપ મહત્ત્વની હતી.

પર્વતેશ્વરને ગમ્યું નહોતું તેમ છતાં સૂર્યવંશી અને ચંદ્રવંશી યોદ્ધાઓની સંયુક્ત ટુકડી બનાવવામાં આવી હતી. પાંચ વહાણમાં વધારે માણસો લઈ જવા અઘરું કાર્ય હતું. પરંતુ એ ટુકડી ઉપરનું આધિપત્ય દ્રપકુનું હતું એ વાતની પર્વતેશ્વરને શાંતિ હતી.

શિવ અસ્સી ઘાટના પગથિયા પર ઊભા ઊભા વહાણોને જોઈ રહ્યા હતા. કપ્તાન તરીકે દ્રપકુ સૌથી આગળના વહાણના તૂતક ઉપર ઊભો હતો. તેની સાથે તેના પિતા પૂર્વક પણ ઊભા હતા. નીલકંઠના મહત્ત્વના સાથીદારો આ કાફલાના સૌથી સુરક્ષિત વહાણમાં સવાર હતા. એ વહાણને કાફલાની મધ્યમાં રાખવાનું હતું અને તેની ચારે દિશામાં એક એક વહાણ રહેવાનું હતું. પર્વતેશ્વર, ભગીરથ, આનંદમયી, આયુર્વતી અને વીરભદ્ર એ વહાણના તૂતક ઉપર ઊભાં હતાં. મુખ્ય વહાણ પર ઉત્તંકને ઊભો રહેલો જોઈને શિવને આશ્ચર્ય થયું હતું.

આનંદમયીએ જ આગ્રહ કર્યો હશે. આ વિશ્વમાં એક જ સ્ત્રી એવી છે જે પર્વતેશ્વરની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તોડાવી શકે તેમ છે અને તે છે આનંદમયી.

'પ્રભુ,' અતિથિગ્વએ શિવની વિચારશૃંખલાનો ભંગ કરતાં કહ્યું.

કાશીનો રાજા નમીને નીલકંઠના ચરણસ્પર્શ કરી રહ્યો હતો.

શિવે અતિથિગ્વના મસ્તક પર પ્રેમાળ સ્પર્શ કર્યો, 'આયુષ્માન ભવ.'

વંદન કરીને અતિથિગ્વએ કહ્યું, 'આપ ત્વરાથી કાશી પાછા ફરો એવી મારી આજીજી છે, પ્રભુ. આપના વિના તો અમે અનાથ છીએ.'

'આપને મારી કોઈ જ આવશ્યકતા નથી, મહારાજ. આપને તો કોઈની આવશ્યકતા નથી. તમે જેને સૌથી વધુ પ્રેમ કરો છો તેની ઉપર એટલે કે તમારી જાત ઉપર વિશ્વાસ કરો.'

શિવ ભીની આંખો લઈને ઊભેલી સતી પાસે ગયા. કાર્તિક સતીનો હાથ પકડીને તેની સાથે જ ઊભો હતો અને ઠંડા પવનને કારણે થોડોક ધ્રૂજી રહ્યો હતો.

કાર્તિકે શિવને જોઈને કહ્યું, 'બા-બા.'

શિવે કાર્તિકને તેડી લઈને કહ્યું, 'બા-બા ત્વરાથી પાછા ફરશે, કાર્તિક. તારી માતાને બહુ હેરાન કરતો નહીં.'

કાર્તિકે શિવના કેશ ખેંચ્યા અને પાછું કહ્યું, 'બા-બા.'

શિવના મુખ પર બહોળું સ્મિત આવી ગયું અને તેમણે કાર્તિકના કપાળ પર ચુંબન કર્યું. પછી કાર્તિકને પડખે કરીને સતીને ભેટવા તેઓ એક ડગલું આગળ વધ્યા. પણ અમુક સૂર્યવંશી આદતો છોડવી અત્યંત અઘરી હોય છે. એટલે સતી શિવને એકદમ હળવેથી ભેટી, કારણ કે સતીને લાગણીઓના સાર્વજનિક પ્રદર્શનથી સંકોચ થતો હતો. જોકે શિવે સતીને આલિંગનમાંથી મુક્ત કરી નહીં. છેવટે સતીના મનમાં સૂર્યવંશી સંસ્કારો સામે શિવ પ્રત્યેના પ્રેમનો વિજય થયો. તેણે ઉપર જોઈને શિવને ચુંબન આપ્યું. 'જલદી પાછા ફરજો.'

'અવશ્ય.'



પ્રકરણ ૧૦
બ્રંગદેશનું પ્રવેશદ્વાર

પાણીનું સ્તર ત્વરાથી વધી રહ્યું હતું અને નાનકડી હોડીમાં ભરાઈ રહ્યું હતું.

શિવ હોડીને નિયંત્રણમાં રાખવાનો ભરપૂર પ્રયત્ન કરી રહ્યા હતા , ભયાવહ નદી સામે હલેસાં વીંઝી રહ્યા હતા અને પોતાના મિત્ર સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

બૃહસ્પતિ સંઘર્ષ કરી રહ્યા હતા. અચાનક આશ્ચર્યથી તેમની આંખો પહોળી થઈ ગઈ. અચાનક ક્યાંકથી એક દોરડું આવી પડ્યું અને તેમના પગે વીંટળાઈ વળ્યું તેઓ નદીની અંદર ખેંચાવા માંડ્યા.

‘ શિવ *!* સહાય *!* શિવ *!* ’

શિવ ભયાનક ગતિથી હલેસાં વીંઝી રહ્યા હતા. ‘ હું આવું છું *!* હું આવું છું *!* ’

અચાનક નદીમાંથી ત્રણ મસ્તકવાળો એક નાગ પ્રગટ થયો. શિવે જોયું કે બૃહસ્પતિ ફરતે વીંટળાયેલું દોરડું વધુ ને વધુ કસાઈ રહ્યું હતું અને તેમને નિર્દયતાથી કચડી રહ્યું હતું. એ દોરડું નહીં પણ નાગ હતો *!*

‘ નાઆઆઆઆ *!* ’

અને શિવ ઝબકીને જાગી ઊઠ્યા. તેમણે આશ્ચર્યથી આજુબાજુ જોઈ લીધું. તેમની ભમરમાં ભયાનક લબકારા ઊઠી રહ્યા હતા અને તેમનું ગળું અસહ્ય રીતે ઠંડું પડી ગયું હતું. બધા જ ઊંઘી ગયા હતા. તેમના પગ નીચેની ધરતી ધીમે ધીમે હલી રહી હતી. વાસ્તવમાં આખું વહાણ જ ગંગાની લહેરોથી હલી રહ્યું હતું. તેઓ પોતાની કોટડીના નાનકડા વાતાયન સુધી ગયા જેથી ઠંડા પવનથી તેમના ધબકારા શાંત થાય.

તેમણે મુઠ્ઠી વાળીને એ કોટડીની દીવાલ પર ટેકવી, ‘હું એને ગમે ત્યાંથી શોધી કાઢીશ, બૃહસ્પતિ. નાગવંશીને તેના પાપની ભારે શિક્ષા મળશે.’



શિવનો કાફલો કાશીથી નીકળ્યો તેને બે સપ્તાહ વીતી ચૂક્યાં હતાં. એ લોકો નદીના પ્રવાહની સાથે આગળ વધી રહ્યા હતા એટલે તેમની ગતિ વધારે હતી અને હમણાં જ તેમણે મગધ ઓળંગ્યું હતું.

‘આપણે ત્રણેક સપ્તાહમાં તો બ્રંગદેશ પહોંચી જઈશું, પ્રભુ,’ પર્વતેશ્વરે કહ્યું.

શિવ કાશીની દિશામાં તાકી રહ્યા હતા. તેમણે સસ્મિત કહ્યું, ‘તમે દિવોદાસ સાથે

વાત કરી ?'

'હા.'

'એ અત્યારે ક્યાં છે ?'

'એ અત્યારે ધ્વજસ્તંભ પાસે છે, પ્રભુ. પવન અનુસાર સઢ ફેરવી રહ્યા છે. એમને પણ બ્રંગદેશ પહોંચવાની ઉતાવળ છે જ.'

શિવે પર્વતેશ્વર સામે જોયું, 'ના, મને નથી લાગતું. મને લાગે છે કે મારી આ યાત્રામાં એ પોતાનો ભાગ ભજવી રહ્યા છે પરંતુ તેઓ ત્વરાથી પોતાની પત્ની અને પુત્રી પાસે પાછા ફરવા ઇચ્છે છે. એ તેમને બહુ જ સ્મરતાં લાગે છે.'

'જેમ તમે કાર્તિક અને સતીને સ્મરતા રહો છો તેમ, પ્રભુ.'

શિવે સ્મિત કરીને સહમતી દર્શાવી. બંને જણા વહાણના કઠેડાનો ટેકો લઈને ઊભા હતા અને ગંગાના શાંત સ્વરૂપને નિહાળી રહ્યા હતા. એ જ સમયે નદીમાંથી મોટી માછલીઓની એક ટુકડી બહાર આવી અને તેમણે હવામાં છલાંગ લગાવી. પછી નજાકતથી તેઓ નદીમાં પટકાઈ અને પાછી છલાંગ લગાવી. તેમનું એ અદ્ભુત નૃત્ય ઘણી વાર સુધી ચાલુ રહ્યું. શિવને આ મોટા કદની સુકરમત્સ્ય જેવી માછલીઓ જોવી બહુ જ ગમતી. એ માછલી હંમેશા આનંદમાં અને તણાવમુક્ત રહેતી હોય, એવું શિવને લાગતું. 'તરંગી સરિતામાં તણાવમુક્ત મત્સ્ય ! કાવ્યાત્મક છે, નહીં ?'

પર્વતેશ્વરે સ્મિત કર્યું, 'હા, પ્રભુ.'

'તરંગી અને તણાવમુક્તની વાત પરથી યાદ આવ્યું કે આનંદમયી ક્યાં છે ?'

'મને લાગે છે કે રાજકુમારી ઉત્તંકની સાથે છે, પ્રભુ. તે ઉત્તંક સાથે અવારનવાર અભ્યાસખંડમાં જતી હોય છે. એ લોકો સંભવતઃ નૃત્યના કોઈ પદનો અભ્યાસ કરી રહ્યાં હશે.'

'હંઅઅઅ. . .'

પર્વતેશ્વર નદીને નીરખી રહ્યા.

'એ નૃત્ય બહુ જ સારું કરે છે, નહીં ?' શિવે પૂછ્યું.

'હા, પ્રભુ.'

'મને તો લાગે છે કે તે ઉત્તમ નૃત્ય કરે છે.'

'આપે યોગ્ય જ કહ્યું, પ્રભુ.'

'અને ઉત્તંકના નૃત્ય કૌશલ અંગે તમારું શું માનવું છે ?'

પર્વતેશ્વરે શિવ સામે જોયું અને પાછા તેઓ નદીને નીરખવા લાગ્યા, 'મને લાગે છે કે તેમાં હજુ સુધારાની આવશ્યકતા છે, પ્રભુ. પરંતુ મને વિશ્વાસ છે કે રાજકુમારી આનંદમયી તેને સારી રીતે શીખવાડી દેશે.'

શિવે પર્વતેશ્વર સામે જોયું અને સ્મિત કર્યું, 'હા, મને એ વાતનો પણ વિશ્વાસ છે.'



'નીલકંઠ અને તેમની ટુકડીને બ્રંગદેશ જવા નીકળે હવે એક માસ વીતી ગયો છે, મહારાણી,' નાગવંશીએ રાણીને કહ્યું.

એ બંને મહારાણીના અંગત ભવનમાં બેઠા હતા.

'તારું ધ્યાન પુનઃ કેન્દ્રિત થયું છે એ જાણીને આનંદ થયો. હું ચંદ્રકેતુ રાજાને

ચેતવણીનો સંદેશો મોકલાવી દઉં છું.'

નાગવંશીએ હકારમાં મસ્તક હલાવ્યું. તે કંઈક કહેવા જતો હતો પરંતુ ચૂપ થઈ ગયો. તે વાતાયનની બહાર જોવા લાગ્યો. પંચવટીમાં આ જગ્યાએથી દૂર વહેતી શાંત ગોદાવરી નથી દૃશ્યમાન થતી હતી.

'અને ?' રાણીએ પૂછ્યું.

'કાશી જવા માટે તમે મને પરવાનગી આપો એમ હું ઇચ્છું છું.'

'કેમ ? તારે તેમની સાથે વેપારી સંબંધો સ્થાપવા છે ?' રાણીએ ક્રોધપૂર્વક પૂછ્યું.

'એ નીલકંઠ સાથે ગઈ નથી.'

રાણી ટટ્ટાર થઈ.

'કૃપા કરો, મહારાણી. મારા માટે એ વાત અત્યંત મહત્ત્વની છે.'

'તારે સિદ્ધ શું કરવું છે, પુત્ર ?' રાણીએ પૂછ્યું, 'તારા એ તરંગો સાવ મૂર્ખામીપૂર્ણ છે.'

'મારે ઉત્તરો જોઈએ છે.'

'એનાથી શું બદલાશે ?'

'મને એનાથી શાંતિ મળશે.'

રાણીએ નિસાસો નાખ્યો, 'તારી આ હઠ જ તારી પડતીનું નિમિત્ત બનશે.'

'ના. એ મને સંપૂર્ણ બનાવશે, મહારાણી.'

'તારા લોકો પ્રત્યે પણ તારાં કર્તવ્યો છે, એ તું ભૂલી ગયો છે.'

'મારું સૌ પ્રથમ કર્તવ્ય મારી જાત પ્રત્યે છે, માસી.'

રાણીએ પોતાનું મસ્તક ઝાટક્યું. 'રાજ્યસભા પૂરી થાય ત્યાં સુધી પ્રતીક્ષા કર. બ્રંગ લોકો માટેના મારા પ્રસ્તાવને એ લોકો હરાવી ન દે તે માટે મને તારી સહાયની આવશ્યકતા રહેશે. એ પછી તું જઈ શકે છે.'

નાગવંશીએ નમીને રાણીના ચરણસ્પર્શ કર્યાં. 'આભાર, માસી.'

'પરંતુ તું એકલો નહીં જાય. તું તારી જાતનું ધ્યાન રાખી શકે એ અંગે મને વિશ્વાસ નથી. હું પણ તારી સાથે જ આવીશ.'

નાગવંશીએ મૃદુ સ્મિત કર્યું, 'અત્યંત આભાર.'



શિવનો કાફલો બ્રંગદેશના પ્રવેશદ્વારથી માત્ર એક સપ્તાહના જ અંતરે હતો. વહાણો અત્યંત ગતિપૂર્વક આગળ વધી રહ્યાં હતાં. પર્વતેશ્વર અને દિવોદાસ એક નાનકડી હોડીમાં બેસીને સૌથી આગળના વહાણ પર ગયા હતા. તેઓ દ્રપકુ સાથે બેસીને બ્રંગદેશના પ્રવેશદ્વારને કઈ રીતે પાર કરવું તે ચર્ચવા ગયા હતા. પર્વતેશ્વરે એકદમ સ્પષ્ટ કરી દીધું હતું કે પ્રભુ નીલકંઠ કોઈ પણ પ્રકારે રક્તપાત નથી ઇચ્છતા. બ્રંગદેશના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા માટે જે આવશ્યક વાટાઘાટો કરવી પડશે, તે દિવોદાસ જ કરશે. દિવોદાસને એમ લાગતું હતું કે નીલકંઠનાં દર્શન વિના બ્રંગદેશમાં પ્રવેશ નહીં મળે, કારણ કે બ્રંગલોકો પણ નીલકંઠની દંતકથામાં વિશ્વાસ ધરાવે છે. પર્વતેશ્વરે એમ સૂચવ્યું હતું કે શક્ય હોય ત્યાં સુધી એ વિકલ્પ વિના જ પ્રવેશ મેળવવાનો પ્રયત્ન કરવો.

દિવોદાસને પહેલાં વહાણ પર દ્રપકુની સાથે જ રાખવામાં આવ્યો કે જેથી એ યોગ્ય

ધ્વજ ફરકાવી શકે. પર્વતેશ્વર મધ્ય વહાણમાં પાછા ફર્યા. બ્રંગદેશની સરહદના સૈનિકો સાથે શું કરવું એ અંગે તેઓ મહાદેવનું માર્ગદર્શન ઇચ્છતા હતા. પર્વતેશ્વર કોઈ પણ રીતે નબળા દેખાવા ઇચ્છતા નહોતા. તેમ છતાં તેમનું ધ્યેય એટલું નાજુક હતું કે બ્રંગલોકો તેમનાં પાંચ વહાણોના કાફલાને ભયજનક ન ધારી લે તે પણ મહત્ત્વની વાત હતી.

તેમની નાનકડી હોડીને નાવિકોએ મુખ્ય વહાણ સાથે બાંધી અને તેઓ વહાણના પાછલા હિસ્સાથી ઉપર ચડ્યા. આનંદમયીને ત્યાં જોઈને તેમને આશ્ચર્ય થયું. જોકે આનંદમયીની પીઠ તેમની દિશામાં હતી. તેના હાથમાં છ કટાર હતી. લક્ષ્યવેધના સામાન્ય અભ્યાસ માટે જે મોટી વર્તુળાકાર લાકડાની તકતી રાખવામાં આવતી તેના બદલે વિશેષજ્ઞો માટે જે નાનકડી તકતી રાખવામાં આવતી, તે લગાવવામાં આવી હતી. ભગીરથ અને ઉત્તંક થોડેક દૂર ઊભા હતા.

ઉત્તંકે આનંદમયીને કહ્યું, 'મેં તમને જે શીખવ્યું છે એ યાદ રાખજો, રાજકુમારી. જરા પણ અટકવાનું નથી. કટારોનો વરસાદ થવો જોઈએ.'

આનંદમયીએ આંખો ઉલાળીને કહ્યું, 'જી ગુરુજી. મેં તમારી વાત પહેલી જ વારમાં સાંભળી લીધી હતી. હું કંઈ બહેરી નથી.'

'ક્ષમા, રાજકુમારી.'

'હવે બાજુમાં ખસો.'

ઉત્તંક ખસી ગયો.

પછી પર્વતેશ્વરને જે જોવા મળ્યું તેનાથી તે દિગ્મૂઢ થઈ ગયા. આનંદમયી એકદમ યોગ્ય રીતે ઊભી હતી. એક તાલીમબદ્ધ યોદ્ધાની જેમ. તેના પગ થોડાક પહોળા થયેલા હતા કે જેથી સમતોલન જળવાઈ રહે. તેના જમણો હાથ બાજુમાં એકદમ સામાન્ય રીતે ઝૂલતો હતો. જ્યારે ડાબા હાથમાં છ કટારની મૂઠ પકડેલી હતી અને તે તેના જમણા ખભાની એકદમ પાસે જ હતી. તેના શ્વાસોશ્વાસ પણ એકદમ શાંત અને હળવેથી ચાલી રહ્યા હતા. પરિપૂર્ણ યોદ્ધાનું ચિત્ર હતું.

પછી તેણે તેનો જમણો હાથ ઊંચો કર્યો. પછી એકદમ નાટ્યાત્મક ત્વરાથી તેણે ડાબા હાથમાં રહેલી એક કટાર ખેંચી અને પ્રહાર કર્યો. આંખના પલકારામાં જ તેણે બીજી કટાર પણ ઊડતી કરી. એમ જ ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી કટારનું પણ થયું.

આનંદમયીનું હલનચલન એટલું અણિશુદ્ધ હતું કે પર્વતેશ્વરને તો લક્ષ્ય પણ જોવા મળ્યું નહીં. તેઓ આનંદમયીની પાછળ ઊભા ઊભા તેને પ્રશંસી રહ્યા. આશ્ચર્યથી તેમનું મોઢું પહોળું થઈ ગયું. પછી તેને ભગીરથ અને ઉત્તંકની તાળીઓ સંભળાઈ. એ પછી તેમને નાનકડી તકતી દેખાઈ. દરેક કટાર બરોબર મધ્યમાં ખૂંપેલી હતી. પરિપૂર્ણ લક્ષ્યભેદન !

'હે ભગવાન રામ !' પર્વતેશ્વરે આશ્ચર્ય અનુભવ્યું.

આનંદમયી બહોળા સ્મિત સાથે અવળી ફરી. 'પર્વ ! તમે અહીંયાં ક્યારે આવ્યા ?'

એ સમયગાળામાં પર્વતેશ્વરને પ્રશંસવા જેવી અન્ય એક વાત પણ જોવા મળી હતી. એ આનંદમયીના ખુલ્લા પગ નિહાળી રહ્યા હતા. અથવા એમ લાગતું હતું કે એમની દૃષ્ટિ આનંદમયીના ખુલ્લા પગ પર સ્થિર છે.

આનંદમયીએ પોતાનું વજન માદક રીતે એક પગ પરથી બીજા પગ પર લીધું અને બોલી, 'તમને કંઈ ગમ્યું, પર્વ ?'

આનંદમયીની કમરે લટકી રહેલા મ્યાનને ચીંધીને પર્વતેશ્વરે એકદમ હળવા અવાજે કહ્યું, 'આ તલવાર અત્યંત લાંબી છે.'

આનંદમયીના મુખ પર ગ્લાનિ છવાઈ ગઈ. 'કોઈ સ્ત્રીનું અપમાન કઈ રીતે કરવું તેના

બધા જ નુસખા તમને આવડે છે, નહીં ?'

'શું કહ્યું ?' પર્વતેશ્વરે પૂછ્યું.

આનંદમયીએ મસ્તક ઝાટક્યું.

'પણ આ તલવાર તો સાચે જ લાંબી છે,' પર્વતેશ્વરે કહ્યું, 'તમને એ વીંઝતાં ક્યારથી આવડી ?'

યોદ્ધાના હાથની લંબાઈ કરતાં પણ લાંબી તલવાર વીંઝવી ભાગ્યે જ જોવા મળતું કૌશલ્ય હતું. અને તેની પર પ્રભુત્વ મેળવવું તો અત્યંત કઠિન હતું. જોકે તેની પર પ્રભુત્વ મેળવનારની મારક ક્ષમતા અત્યંત વધી જવા પામતી હતી.

ભગીરથ અને ઉત્તંક હવે આનંદમયીની પાસે આવી ગયા હતા.

ભગીરથે ઉત્તર આપ્યો, 'ઉત્તંક પાછલા એક માસથી તેને શીખવી રહ્યો છે, સેનાપતિ. અને આનંદમયી બહુ ત્વરાથી શીખતી વિદ્યાર્થિની છે.'

પર્વતેશ્વરે અવળા ફરીને આનંદમયી સામે જોઈને પોતાનું મસ્તક થોડુંક નમાવ્યું, 'તમારી સાથે દ્વંદ્વ કરવાનું સન્માન હું પ્રાપ્ત કરવા ઇચ્છું છું, રાજકુમારી.'

આનંદમયીએ પોતાની ભમરો ઊંચી કરી, 'તમારે મારી સાથે દ્વંદ્વ કરવું છે ? તમારે સિદ્ધ શું કરવું છે એનાથી ?'

'મારે કશું જ સિદ્ધ નથી કરવું, રાજકુમારી,' આનંદમયીની યુદ્ધારૂઢતાથી આશ્ચર્ય પામતાં પર્વતેશ્વરે કહ્યું, 'તમારી સાથે દ્વંદ્વ કરવાનો મને આનંદ પણ આવશે અને હું તમારાં કૌશલ્યો પણ ચકાસી શકીશ.'

'મારાં કૌશલ્યો ચકાસશો ? તમને એમ લાગે છે કે હું એટલા માટે આ યુદ્ધકળાઓ શીખી રહી છું કે જેથી તમે મારાં કૌશલ્યોનું પરીક્ષણ કરીને પોતાની જાતને મારાથી ચઢિયાતી સિદ્ધ કરી શકો ? હું તો જાણું જ છું કે તમે મારાથી ચઢિયાતા જ છો. એમાં તમારે આટલો શ્રમ લેવાની આવશ્યકતા નથી.'

પર્વતેશ્વરે ઊંડો શ્વાસ લઈને પોતાના ક્રોધને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો, 'દેવી, હું એમ કહેવા નહોતો ઇચ્છતો. હું તો માત્ર. . .'

આનંદમયીએ તેમની વાત કાપીને કહ્યું, 'કોઈ બુદ્ધિશાળી માણસ તમને અત્યંત સરળતાથી રમાડી શકે, સેનાપતિ. હું શું વિચારીને આ બધું શીખી એ મને પોતાને જ જાણ નથી.'

ભગીરથે હવે વાત સંભાળી લેવાનો પ્રયત્ન કર્યો. 'સાંભળો. મને નથી લાગતું કે એવી કોઈ આવશ્યકતા ઊભી થઈ હોય કે. . .'

પરંતુ આનંદમયી તો અવળી ફરીને ત્યાંથી નીકળી ગઈ હતી.



સૂર્યદેવનું ગંગા પર હમણાં જ આગમન થયું હતું અને તે પોતાની કેસરી છટાઓ વિખેરી રહ્યા હતા. સતી પોતાના ભવનના વાતાયન પાસે ઊભી ઊભી નદીને જોઈ રહી હતી. કાર્તિક પાછળ કૃતિકા સાથે રમી રહ્યો હતો. સતીએ અવળા ફરીને પોતાના પુત્ર અને સહેલીને જોયાં. તેના મુખ પર સ્મિત આવી ગયું.

કૃતિકા તો કાર્તિકની બીજી માતા જેવી બની રહી છે. મારો પુત્ર કેટલો ભાગ્યશાળી છે.

સતી પુનઃ નદીને નીરખવા લાગી. તેને કંઈ હલનચલન દેખાયું. તેણે આંખો ઝીણી કરીને શું થઈ રહ્યું છે તે ધ્યાનપૂર્વક જોયું. રાજા અતિથિગ્વ પુનઃ પોતાના ગુપ્ત મહેલમાં જવા નીકળ્યા હતા. કાશીના ભવિષ્ય માટે પુનઃ એક વાર પૂજા કરવા નીકળ્યા હશે એમ સતીએ વિચાર્યું પરંતુ તેને કંઈક અયોગ્ય લાગ્યું.

એ દિવસે સમગ્ર કાશી રક્ષાબંધન ઊજવી રહ્યું હતું. દરેક બહેન ભાઈને રાખડી બાંધીને પોતાની રક્ષાનું વચન માંગી રહી હતી. મેલુહામાં પણ આ તહેવાર ઊજવવામાં આવતો હતો. જો કંઈ અલગ હોય, તો એ હતું કે સ્વદીપમાં બહેનો ભાઈ પાસે ભેટની માંગ કરતી અને ભાઈને પણ એ ભેટ આપવી પડતી હતી.

શું રાજાએ અત્યારે કાશીમાં સમય પસાર ન કરવો જોઈએ ? મેલુહામાં તો સ્ત્રીઓ સ્થાનિક રાજ્યપાલને રાખડી બાંધવા આવતી રહેતી. અને તેમનું રક્ષણ કરવાનું દાયિત્વ રાજ્યપાલનું પવિત્ર કર્તવ્ય હતું. ભગવાન રામે જ એ પરંપરા સ્થાપી હતી. તો રાજા અતિથિગ્વ શા માટે આ પરંપરાનું પાલન કરવાને બદલે પોતાના બીજા મહેલમાં જઈ રહ્યા છે ? અને શા માટે એ આટલી બધી વસ્તુઓ લઈ જઈ રહ્યા છે ? શું પૂર્વ કાંઠા પરથી અપશુકન દૂર કરવા માટેની આ કોઈ વિધિ હશે ? કે પછી એ કોઈ માટે ભેટ હશે ?

'તમે શું વિચારી રહ્યાં છો, દેવી ?'

સતીએ પાછળ ફરીને જોયું તો કૃતિકા તેમને જોઈ રહી હતી. 'મારે આ પૂર્વકાંઠાના મહેલનો ભેદ તો જાણવો જ પડશે.'

'પરંતુ ત્યાં જવાની કોઈને પરવાનગી નથી. તમે એ સારી રીતે જાણો જ છો. અરે, નીલકંઠને ત્યાં ન લઈ જવા પડે એટલે પણ રાજાએ અમુક વિચિત્ર બહાનાં બતાવ્યાં હતાં.'

'એ હું જાણું જ છું. પણ કશુંક અયોગ્ય છે. અને રાજા આજે ત્યાં આટલી બધી વસ્તુઓ કોને ભેટમાં આપવા લઈ જઈ રહ્યા છે ?'

'એ હું નથી જાણતી, દેવી.'

સતીએ કૃતિકાને કહ્યું, 'હું ત્યાં જઈ રહી છું.'

કૃતિકાએ આશ્ચર્યથી સતી સામે જોયું. 'દેવી, તમે એમ ન કરી શકો. મહેલની ઉપર ચોકીદારો તો બેઠા જ હોય છે. તેની ચારેબાજુ ઊંચો કોટ પણ છે. એટલે કોઈ પણ હોડી ત્યાં જતી હશે, એ તેમને તરત જ દેખાઈ આવશે.'

'એટલે જ તો હું તરીને સામે કાંઠે જવા ઇચ્છું છું.'

કૃતિકા હવે ગભરાઈ ગઈ હતી. ગંગાનો પટ એટલો વિશાળ હતો કે તરીને જઈ જ શકાય જ નહીં. 'દેવી. . .'

'મેં તો આ આયોજન ઘણાં સપ્તાહથી કરી રાખ્યું છે, કૃતિકા. નદીની વચ્ચોવચ્ચ એક નાનકડો ટાપુ પણ પડે છે. ત્યાં હું ગુપ્ત રીતે આરામ પણ કરી શકીશ.'

'પરંતુ તમે એ મહેલમાં કેવી રીતે પ્રવેશશો ?'

'આપણા ભવનની અગાસી ઉપરથી એ મહેલની રચનાનું અનુમાન લગાવી શકાશે. એ મહેલમાં ભારે સુરક્ષા માત્ર પ્રવેશદ્વાર પાસે જ છે. મેં તો એવું પણ નોંધ્યું છે કે સ્વયં ચોકીદારોને પણ મહેલની અંદર પ્રવેશની અનુમતિ નથી. મહેલના બીજા છેડે પાણીના નિકાલ માટેનું એક નાળું છે. એટલે કોઈને જાણ ન થાય એવી રીતે હું એ નાળા વાટે પ્રવેશી શકીશ.'

'પરંતુ. . .'

'હું જઉં છું. કાર્તિકનું ધ્યાન રાખજે. જો બધું યોગ્ય રીતે પાર પડ્યું તો રાત સુધીમાં હું અવશ્ય પાછી ફરીશ.'



વહાણે ગંગાનો છેલ્લો સર્પાકાર વળાંક વટાવ્યો અને તેમને બ્રંગદેશનું એ પ્રવેશદ્વાર દેખાવા માંડ્યું જેના વિષે બધાએ સાંભળ્યું હતું.

'હે પવિત્ર સરોવર !' શિવ ધીમા અને આશ્ચર્યસભર અવાજે બોલ્યા.

મેલુહાવાસીઓ સ્વયં વિખ્યાત ઇજનેરો હતા અને તેમણે ભવ્ય બાંધકામોનું નિર્માણ કર્યું હતું તેમ છતાં તેઓ પણ દિગ્મૂઢ બની ગયા હતા.

એ પ્રવેશદ્વાર સૂર્યપ્રકાશમાં ચળકી રહ્યું હતું કારણ કે તેનું નિર્માણ હમણાં જ શોધવામાં આવેલી લોહ ધાતુ વડે કરવામાં આવ્યું હતું. આખી નદી પર બંધ બાંધવામાં આવ્યો હતો અને તે છેક કિલ્લાની દીવાલ સુધી લંબાતો હતો. બંધ પછી પણ નદી અંદરની બાજુ સો ગાઉ જેટલી આગળ જતી હતી. એનું કારણ એ હતું કે કોઈ નાનકડું વહાણ હોય, તો તેને બંધની આ બાજુ કોઈ કિનારે લાંગરી, તેના તમામ ભાગો છૂટા પાડીને એક પછી એક ભાગ પેલી બાજુ લઈ જઈને કોઈ ત્યાં આખું વહાણ પહોંચાડી દે, તો તરત જ પકડાઈ જાય. બ્રંગદેશની સરહદે ધરતી પરનો કોઈ માર્ગ હતો જ નહીં. અંદર માત્ર ગંગા પર થઈને જ જઈ શકાતું. અને જો કોઈ જંગલમાં જવાનો પ્રયત્ન કરે, તો તેમને બ્રંગદેશના માણસો પકડી પાડે એ પહેલાં તો વન્ય જીવો અને રોગચાળો જ તેમને પતાવી દે તેમ હતા.

એ બંધમાં એવાં દ્વાર રાખવામાં આવ્યાં હતાં જ્યાંથી ગંગાનો પ્રવાહ આગળ વધી શકે, પરંતુ તેની રચના એવી જાળીદાર હતી કે કોઈ માણસ કે માછલી કે અન્ય જીવ તેમાંથી પસાર થઈ શકે નહીં. તેમાં એવા પાંચ વિશાળ ખાંચા પણ રાખવામાં આવ્યા હતા કે જેમાંથી એકસાથે પાંચ વહાણો પણ પસાર થઈ શકે. એ રચના અત્યંત વિચિત્ર લાગતી હતી કારણ કે એમ જણાતું હતું કે કોઈ નાનકડી પણ ગતિશીલ હોડી તેમાંથી એટલી ત્વરાથી પસાર થઈ શકે કે કોઈ પહેરેદાર તેમની પર આક્રમણ પણ કરી શકે નહીં.

'આ અત્યંત વિચિત્ર લાગે છે,' ભગીરથે કહ્યું, 'આટલો મોટો બંધ બાંધ્યો તો પછી વચ્ચે આટલી વિશાળ જગ્યા શા માટે ખુલ્લી રાખી હશે ?'

'એ ખુલ્લી જગ્યા નથી, ભગીરથ,' શિવે કહ્યું, 'એ છટકા છે.'

એ જ સમયે એ ખુલ્લી જગ્યામાંથી પસાર થઈ રહેલા એક બ્રંગ વહાણ સામે શિવે આંગળી ચીંધી. એ ખુલ્લી જગ્યાની આગળના ભાગમાં એક વિશાળ કુંડ હતો જેનું તળિયું પાણીના અવરોધક એવા સાગના લાકડાથી બનાવવામાં આવ્યું હતું. વહાણ એ કુંડમાં પ્રવેશ્યું. એવી ચાતુર્યભરી ઇજનેરી રચના કરવામાં આવી હતી કે જેનાથી ગંગાનું પાણી એ કુંડમાં ભરાતું. એના કારણે વહાણ યોગ્ય ઊંચાઈ સુધી ઊંચકાતું. એ પછી તેમને બ્રંગદેશના પ્રવેશદ્વારનો ભયાવહ ચમત્કાર જોવા મળ્યો. ખુલ્લા માર્ગની બંને બાજુથી લોખંડની બનેલી બે મોટી ભુજાઓ બહાર આવી અને બ્રંગ વહાણના તળિયે જે વિશેષ દાંતાની રચના કરવામાં આવી હતી તેમાં તેના દાંતા બરોબર ગોઠવાઈ ગયા. એ દાંતાના ફરવાથી જ વહાણ આગળ વધી શકે એવી રચના કરવામાં આવી હતી.

શિવે પર્વતેશ્વર સામે જોયું, 'તો આ કારણસર દિવોદાસે આપણાં વહાણોના તળિયે પેલા વિચિત્ર દાંતા જડ્યા છે.'

પર્વતેશ્વરે પણ આશ્ચર્યથી મસ્તક હલાવ્યું, 'એ લોખંડની ભુજાઓ એટલા જોશથી વહાણને જકડે છે કે જો નીચે લોખંડની તકતીઓ જડવામાં ન આવે, તો નિ:સંદેહ વહાણનો ભુક્કો થઈ જાય.'

વહાણના તળિયાના દાંતાઓ સાથે લોઢાની ભારેખમ સાંકળો બાંધવામાં આવી રહી હતી. એ સાંકળો કિનારે રહેલા એક વિચિત્ર યંત્ર સાથે જોડાયેલી હતી અને એ યંત્રોનાં વિશાળ ચક્રો પણ દૃશ્યમાન હતાં.

'પરંતુ આ ભુજાઓ આટલી ત્વરાથી બહાર કાઢવા માટે તેમણે કયા પ્રાણીનો ઉપયોગ કર્યો હશે ?' ભગીરથે પૂછ્યું, 'આટલી શક્તિ કોઈ પ્રાણી ઉત્પન્ન કરી શકે એમ લાગતું તો નથી. હાથીઓનું ટોળું પણ એમ ન કરી શકે !'

શિવે પુન : એ જ બ્રંગદેશના વહાણ સામે આંગળી ચીંધી. પેલા યંત્રનાં ચક્રો ગતિથી ફરવા માંડ્યાં હતાં અને તેના કારણે વહાણ પણ આગળ ખેંચાઈ રહ્યું હતું. વહાણને ઓછામાં ઓછો અવરોધ નડે અને વધુમાં વધુ ગતિ પ્રાપ્ત થાય એવી રચના કરવામાં આવી હતી.

'હે ભગવાન !' પુનઃ ભગીરથે ઉદ્‌ગાર કર્યો, 'પેલું જુઓ ! કયું પ્રાણી આ ચક્રો આટલી ગતિથી ફેરવી શકતું હશે ?'

'એ યંત્ર છે,' શિવે કહ્યું, 'દિવોદાસે મને જણાવ્યું હતું કે એવાં યંત્રો હોય છે જેમાં વિવિધ પ્રાણીઓની કલાકો સુધીની શક્તિનો સંગ્રહ કરવામાં આવે છે અને પછી તે શક્તિને અમુક જ ક્ષણોમાં એક સાથે મુક્ત કરવામાં આવે છે.'

ભગીરથની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'જુઓ,' શિવે કહ્યું.

ખડકથી બનેલો એક વિશાળકાય નળાકાર ત્વરાથી નીચે આવી રહ્યો હતો. બાજુમાં એવો જ વિશાળકાય નળાકાર ઉપર જઈ રહ્યો હતો. એ યંત્ર સાથે વીસ આખલા જોડવામાં આવ્યા હતા અને એ બધા ધીમે-ધીમે ગોળ ફરી રહ્યા હતા.

'આ આખલાઓ દ્વારા ધીમે ધીમે આ યંત્રમાં શક્તિ એકત્રિત થાય છે,' શિવે કહ્યું, 'આ નળાકારને એક ઊંચાઈ સુધી લઈ જવામાં આવે છે. જ્યારે પેલા યાંત્રિક હાથ લંબાવવાના હોય કે કોઈ વહાણને ખેંચવાનું હોય ત્યારે એ નળાકાર ખડકને સડસડાટ નીચે પડવા દેવામાં આવે છે. તેની ગતિને કારણે જે બળ ઉત્પન્ન થાય છે તેના કારણે યાંત્રિક હાથ ચાલે છે અને વહાણ ખેંચાય છે.'

'હે ઇન્દ્ર દેવ,' ભગીરથ બોલી પડ્યો, 'કેવો સરળ છતાં અદ્‌ભુત કીમિયો !'

શિવે સહમતી દર્શાવી. પછી તેમણે પ્રવેશદ્વાર પાસે રહેલું બ્રંગદેશનું કાર્યાલય જોયું.

તેમનાં વહાણો પ્રવેશદ્વારની પાસે જ લાંગરવામાં આવ્યાં હતાં. દિવોદાસ વહાણમાંથી ઊતરીને એ કાર્યાલયના અધિકારીઓ સાથે વાટાઘાટો કરવા જતો રહ્યો હતો.



'તમે આટલા વહેલા આવ્યા છો ? તમારી પાસે એક વર્ષ ચાલે એટલાં ઔષધો તો છે.'

ઉમા નામની અધિકારી તેમની સાથે જે રીતે વાત કરી રહી હતી તેનાથી દિવોદાસને આઘાત લાગ્યો હતો. તે અત્યંત ચુસ્ત રીતે નિયમપાલન કરવાનો આગ્રહ રાખતી પરંતુ ક્યારેય અવિવેકી વર્તન કરતી નહીં. પ્રવેશદ્વારનું કામકાજ સંભાળવાનું દાયિત્વ તેને આપવામાં આવ્યું છે, એ જોઈને દિવોદાસને સાચે જ આનંદ થયો હતો. તે ઉમાને ઘણાં વર્ષોથી મળ્યો નહોતો તેમ છતાં તેમની મૈત્રી તો બહુ જ જૂની હતી. તેને વિચાર આવ્યો કે

તેમની મૈત્રીને કારણે બ્રંગદેશમાં સરળતાથી પ્રવેશ મળી શકશે.

'શું થયું છે, ઉમા ?' દિવોદાસે પૂછ્યું.

'અત્યારે હું પ્રવેશદ્વારની અધિકારી છું અને મારું કર્તવ્ય નિભાવી રહી છું.'

'ક્ષમા કરો. અનાદર કરવાનો મારો કોઈ આશય નહોતો.'

'તમે મને યોગ્ય કારણ ન જણાવો તો હું તમને પ્રવેશની પરવાનગી આપી શકું નહીં.'

'મારા જ દેશમાં પ્રવેશવા માટે મારે પરવાનગી શા માટે લેવી પડે ?'

'હવે આ દેશ તમારો નથી રહ્યો. તમે પોતે જ તેનો ત્યાગ કરી દીધો હતો. હવે કાશી તમારી ભૂમિ છે. ત્યાં જ પાછા જતા રહો.'

'ઉમાદેવી, તમે જાણો જ છો કે મારી પાસે એ સિવાય અન્ય કોઈ જ વિકલ્પ નહોતો. બ્રંગદેશમાં મારા સંતાન માટે કેટલાં ભયસ્થાનો હતાં.'

'તો તમને એમ લાગે છે કે બ્રંગદેશમાં રહેતા લોકોના સંતાનો પર કોઈ જ ભય હોતો નથી ? તમને એમ લાગે છે કે અમે અમારા સંતાનોને પ્રેમ નથી કરતાં ? આ બધા છતાં અમે આ દેશમાં જ રહેવાનું પસંદ કરીએ છીએ. તમારે તમારી પસંદગીનાં પરિણામો તો ભોગવવાં જ રહ્યાં.'

દિવોદાસને સમજાયું કે વાત યોગ્ય દિશામાં આગળ વધી રહી નહોતી. 'મારે એક મહત્ત્વના રાષ્ટ્રીય મુદ્દા અંગે રાજાને મળવાનું છે.'

ઉમાએ આંખો ઝીણી કરીને કહ્યું, 'સાચે જ ? મને લાગે છે કે મહારાજને કાશી સાથે કોઈ મહત્ત્વનો વ્યાપારી સોદો કરવો હશે, બરોબર ?'

દિવોદાસે ઊંડો શ્વાસ લીધો, 'ઉમાજી, હું રાજાને મળું એ અત્યંત મહત્ત્વની વાત છે. તમારે મારી પર વિશ્વાસ કરવો જ રહ્યો.'

'સિવાય કે તમારા વહાણમાં તમે સ્વયં નાગવંશીઓની મહારાણીને લઈને પધાર્યા હોવ, મને એવું કશું જ મહત્ત્વનું જણાતું નથી કે હું તમને પ્રવેશની પરવાનગી આપું !'

'હું નાગવંશીઓની મહારાણીથી પણ વધારે મહત્ત્વના કોઈને લઈને આવ્યો છું.'

'કાશીમાં રહીને તમારી રમૂજવૃત્તિ ઘણી વિકસી છે, દિવોદાસ,' ઉમાએ કટાક્ષ કર્યો, 'હું એમ સૂચવીશ કે વહાણો પાછાં વાળીને તમારા પરમ તેજથી અન્ય કોઈને ઉજાળો.'

ઉમાએ કાશીના અર્થનો શ્લેષ વાપર્યો એટલે દિવોદાસને વિશ્વાસ થઈ ગયો કે ઉમા હવે બદલાઈ ગઈ છે. આ ઉમા ક્રોધ અને કડવાશથી એટલી સભર છે કે કોઈ તર્ક તેના સુધી પહોંચવાનો જ નથી. હવે તેની પાસે અન્ય કોઈ જ વિકલ્પ નહોતો. હવે તેણે નીલકંઠને લાવવા મહેનત કરવી જ પડશે. ઉમા એ દંતકથામાં માનતી હતી, તે દિવોદાસ જાણતો હતો.

'હું હવે એવા માનવ સાથે પાછો ફરીશ કે જે નાગવંશીઓની મહારાણીથી પણ વધારે મહત્ત્વના છે,' દિવોદાસે કાર્યાલયની બહાર જતાં કહ્યું.



નાનકડી હોડી બ્રંગ કાર્યાલય પાસે જ લાંગરવામાં આવી. સૌ પ્રથમ દિવોદાસ ઊતર્યો. તેની પાછળ શિવ, પર્વતેશ્વર, ભગીરથ, દ્રપકુ અને પૂર્વક ઊતર્યા.

કાર્યાલય બહાર ઊભેલી ઉમાએ નિસાસો નાખ્યો, 'તમે વાતનો તંત છોડતા નથી, ખરું ને ?'

'આ અત્યંત મહત્ત્વની વાત છે, ઉમાજી,' દિવોદાસે કહ્યું.

ઉમાએ ભગીરથને ઓળખ્યો. 'શું તમે આ માણસની જ વાત કરતા હતા ? તમને એમ લાગે છે કે મારે અયોધ્યાના રાજકુમાર માટે નિયમભંગ કરવો જોઈએ ?'

'એ સ્વદીપના રાજકુમાર છે, ઉમાજી, એ ભૂલશો નહીં અને આપણે અયોધ્યાને ખંડણી ભરીએ જ છીએ.'

'એટલે હવે તમે અયોધ્યા પ્રત્યે પણ વધારે નિષ્ઠા ધરાવો છો, એમ ને ? કેટલી વાર તમે બ્રંગ દેશને તરછોડશો ?'

'ઉમાજી, અયોધ્યાના નામે હું આપને વિનંતી કરું છું કે અમને પ્રવેશની પરવાનગી આપવામાં આવે,' ભગીરથે પોતાના ક્રોધ પર નિયંત્રણ રાખતાં કહ્યું. તે જાણતો હતો કે નીલકંઠ કોઈ પણ પ્રકારનો રક્તપાત ઇચ્છતા નથી.

'અશ્વમેધ યજ્ઞ સમયની અમારી શરતો એકદમ સ્પષ્ટ હતી, રાજકુમાર. અમે પ્રતિવર્ષ આપને ખંડણી મોકલીશું. અને અયોધ્યા કદી પણ બ્રંગદેશમાં પ્રવેશશે નહીં. અમે અમારા વચનનું પાલન કર્યું જ છે. મને એવા આદેશ છે કે આપના વચનપાલનમાં હું આપને સહાયરૂપ બનું.'

શિવે એક ડગલું આગળ વધીને કહ્યું, 'જો મને બોલવાની તક મળે. . .'

ઉમાની ધીરજનો હવે અંત આવી ગયો હતો. તેણે આગળ વધીને શિવને ધક્કો માર્યો. 'અહીંથી જતા રહો તમે લોકો.'

'ઉમા !' દિવોદાસે તલવાર ખેંચી કાઢી.

ભગીરથ, પર્વતેશ્વર, દ્રપકુ અને પૂર્વકે પણ પોતપોતાની તલવારો ખેંચી કાઢી.

'આવા ધર્મ વિરુદ્ધના કૃત્ય માટે હું તારા સમગ્ર પરિવારનું કાસળ કાઢી નાખીશ,' દ્રપકુએ કહ્યું.

'ઊભા રહો !' શિવે હાથ ફેલાવીને પોતાના માણસોને રોકતાં કહ્યું.

પછી શિવે ઉમા સામે જોયું. તે પણ શિવ સામે આઘાતથી જોઈ રહી હતી. શિવે ઠંડી સામે રક્ષણ માટે શરીર પર જે અંગવસ્ત્ર વીંટાળ્યું હતું તે નીકળી ગયું હતું. તેમનો નીલ કંઠ હવે ઉમાને દેખાઈ રહ્યો હતો. ઉમાની પાછળ ઊભા રહેલા બ્રંગ સૈનિકો તરત જ ઘૂંટણભેર બેસીને મસ્તક નમાવીને શિવને વંદન કરવા માંડ્યા. તેમની આંખોમાંથી અશ્રુધારા વહી રહી હતી. ઉમા હજુ શિવને જ તાકી રહી હતી અને તેનું મોઢું આશ્ચર્યથી પહોળું થઈ ગયું હતું.

શિવે ગળું ખંખેર્યું. 'ઉમાજી, મારે બ્રંગદેશમાં પ્રવેશવું જ પડશે. શું આપ મને સહકાર આપશો ?'

ઉમાનું મુખ લાલચોળ થઈ ગયું હતું, 'અત્યાર સુધી તમે ક્યાં હતા ?'

હવે શિવને આશ્ચર્ય થયું.

ઉમાએ આગળ વધીને આંખોમાં અશ્રુ સાથે શિવની છાતી પર મુક્કા મારવા માંડ્યા. 'અત્યાર સુધી તમે ક્યાં હતા ? અમે ક્યારના પ્રતીક્ષા કરી રહ્યાં છીએ ! અમે કેટલા પીડાઈ રહ્યાં છીએ ! અત્યાર સુધી તમે ક્યાં હતા ?'

શિવે ઉમાને પકડવાનો, તેને આશ્વસ્ત કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તે નીચે ઢળી પડી અને શિવના ચરણ પકડીને કલ્પાંત કરવા માંડી, 'અત્યાર સુધી તમે ક્યાં હતા ?'

ચિંતિત દિવોદાસે બ્રંગદેશની સરહદે કામ કરતા અન્ય એક મિત્રને જોયો. તેના મિત્રએ કહ્યું, 'ગયા માસે જ ઉમાજીના એકમાત્ર સંતાનનું મહામારીમાં મૃત્યુ થયું છે. તેમને ઘણાં વર્ષો પછી સંતાનપ્રાપ્તિ થઈ હતી. એ મનથી ભાંગી પડી છે.'

દિવોદાસે સહાનુભૂતિથી ઉમાને જોઈ. તેને હવે ઉમાની પીડા સમજાતી હતી. તેને

કલ્પના પણ નહોતી આવતી કે જો તે પોતાનું બાળક ગુમાવી દે, તો તેની કેવી પરિસ્થિતિ થાય.

આ બધી વાત સાંભળી રહેલા શિવ ઉભડક રીતે નીચે બેઠા. તેમણે ઉમાને પોતાની ભુજાઓથી એવી રીતે બેઠી કરી જાણે પોતાની શક્તિ તે ઉમાને આપી રહ્યા હોય.

'તમે વહેલા કેમ ન આવ્યા ?' ઉમા ડૂસકાં ભરતી બોલતી રહી.



પ્રકરણ ૧૧
પૂર્વ કાંઠાના મહેલનું રહસ્ય

ગંગા નદીની વચ્ચે આવેલા નાનકડા ટાપુ પર સતી આરામ કરી રહી હતી. પૂર્વ કાંઠે આવેલા મહેલમાંથી કોઈ તેને જોઈ ન જાય એટલે તે નીચે નમીને જ બેઠી હતી. તેણે આત્મગોપન માટે ભૂખરાં વસ્ત્રો જ ધારણ કર્યાં હતાં.

તે ઊંડા શ્વાસ લઈ રહી હતી અને પોતાના સ્નાયુઓમાં પુનઃ ઊર્જા સંચાર કરી રહી હતી. પીઠ પર હાથ ફેરવીને તેણે પોતાની તલવાર અને ઢાલ ચકાસી લીધી. બંને તેની પીઠ પર બરોબર બંધાયેલાં હતાં. એ ગંગાના પ્રવાહમાં તણાઈ જાય તો મહેલમાં પ્રવેશતી વખતે તેની પાસે આત્મરક્ષણ માટે કોઈ જ આધાર રહે નહીં.

પછી તેણે કમરે બાંધલો નાનકડો વાટવો ખેંચ્યો. તેમાં રહેલાં ફળો તેણે ત્વરાથી ખાઈ લીધાં. પછી એ વાટવો પાછો તેણે કમરે બાંધી દીધો અને તે હળવેથી ગંગાના પ્રવાહમાં ઊતરી.

થોડી વારમાં તે પૂર્વના કાંઠે પહોંચી ગઈ. રાજાની હોડી જ્યાં લાંગરવામાં આવી હતી તે સુરક્ષિત ઘાટથી ઘણે દૂર એક નાળું હતું. એ નાળું કાશી કે ગંગામાંથી જોવું શક્ય જ નહોતું. પરંતુ શિવ અને સતીને કાશીમાં જ્યાં ઉતારો અપાયો હતો તે કાશીની એકમાત્ર ઊંચી ઇમારત હતી અને ત્યાંથી સતીને તે નાળું દેખાઈ ગયું હતું. તે ધીમે ધીમે લીલોતરીમાં આગળ વધતી ગઈ જેથી કોઈનું ધ્યાન તેની તરફ ખેંચાય નહીં.

પછી તે ગોપનીય રીતે નાળામાં પ્રવેશી અને જોશભેર તરતી તરતી મહેલમાં જવા માંડી. નાળું એકદમ ચોખ્ખું હતું તેનું તેને અત્યંત આશ્ચર્ય થતું હતું. સંભવતઃ મહેલમાં વધારે લોકો રહેતા નહીં હોય. મહેલની નજીક આવ્યા પછી એ નાળું જમીનની અંદર ઊતરી ગયું. મહેલ શરૂ થતા પહેલાં એ નાળામાં લોખંડની થાંભલીઓ લગાવીને જાળી જેવી રચના કરવામાં આવી હતી. સતીએ પોતાના વાટવામાંથી એક કાનસ કાઢી અને ધીમે-ધીમે તે એક થાંભલી કાપવા માંડી. જ્યારે તેનાં ફેફસાંમાંથી બધો જ પ્રાણવાયુ ખાલી થઈ જતો, ત્યારે જ તે બહાર જતી. ઊંડા શ્વાસ લઈને તે પાછી ડૂબકી મારતી અને કાટ ખાઈ ગયેલા લોખંડવાળી થાંભલીઓ કાપવા માંડતી. આવી રીતે પાંચ વાર ડૂબકીઓ ખાઈને સતીએ બે થાંભલીઓ કાપી નાખી. હવે તે અંદર સરકી શકે એટલી જગ્યા થઈ ગઈ હતી.

સતી મહેલની પશ્ચિમ દીવાલની પાસે એક અદ્ભુત ઉપવનમાં બહાર નીકળી. એ વિસ્તાર સંપૂર્ણતઃ શાંત હતો. કદાચ આ બાજુથી કોઈ મહેલમાં ઘૂસી આવશે એવી કોઈએ ધારણા કરી નહીં હોય. નીચે લીલુંછમ ઘાસ ઊગેલું હતું અને ફૂલો તેમ જ વૃક્ષો એકદમ જંગલી રીતે ઊગવા દેવામાં આવ્યાં હતાં. એટલે ઉપવન આમ તો વન જેવું જ પ્રાકૃતિક

અને ગાઢ લાગતું હતું.

કોઈ પણ સુકાયેલી ડાળખીઓ પર પગ ન પડે તેની કાળજી રાખતાં રાખતાં સતી ત્વરાથી ઉપવનમાં આગળ વધી. પછી તેને એક નાનકડું દ્વાર દેખાયું અને તે તેમાં પ્રવેશી.

આ મહેલ હવે તેને ભયાવહ લાગવા માંડ્યો હતો. ક્યાંયથી કોઈ પણ અવાજ સંભળાતો નહોતો. કોઈ નોકરચાકરની દોડાદોડ કે રાજવી પરિવારના સભ્યોના આનંદ-પ્રમોદના અવાજો પણ આવતા નહોતા. ઉપવનનાં પક્ષીઓનો પણ અવાજ નહોતો. નિરવતા. તે જાણે અવકાશમાં ચાલી રહી હોય તેવું તેને અનુભવાતું હતું.

તે મહેલની પરસાળોમાં ઉતાવળે ચાલવા માંડી. તેને રોકવા કે અવરોધવાવાળું કોઈ નહોતું એટલે તે આ ભવ્ય મહેલમાં આગળ જ વધતી ગઈ. એમ લાગતું હતું જાણે કે આ મહેલમાં કોઈ ક્યારેય રહ્યું જ ન હોય !

અચાનક તેને કોઈના હાસ્યનો હળવા અવાજ સંભળાયો. તે એ દિશામાં સરકી.

પરસાળનો અંત રાજદરબારમાં આવતો હતો. સતી એક સ્તંભ પાછળ છુપાઈ ગઈ. દરબારની મધ્યમાં સિંહાસન પર બેઠેલા રાજા અતિથિગ્વ તેને દેખાતા હતા. તેમની બાજુમાં જ તેમની પત્ની અને પુત્ર પણ ઊભા હતા. તેમની બાજુમાં ત્રણ એવા વૃદ્ધ સેવકો ઊભા હતા જેમને આજ સુધી સતીએ ક્યારેય જોયા નહોતા. એ સેવકોના હાથમાં પૂજાની થાળી અને રાખડીઓ હતી.

રાજા અહીંયાં રાખડી બંધાવવા શા માટે આવ્યા હશે ?

એ જ સમયે એક સ્ત્રી આગળ આવી.

અને સતીના શ્વાસોશ્વાસ થંભી ગયા.

નાગવંશી સ્ત્રી !



પાંચેય વહાણોના બધા જ યાત્રીઓ અત્યારે વહાણના તૂતક ઉપર ઊભા હતા અને બધી જ ક્રિયાઓ આશ્ચર્યથી જોઈ રહ્યા હતા. બ્રંગદેશના પ્રવેશદ્વારની રચનાથી એ લોકો દિગ્મૂઢ બની ગયા હતા. યાંત્રિક હાથ ગતિપૂર્વક તેમના વહાણની દિશામાં આવતા તેમણે જોયા. પછી વહાણ નીચેના દાતા એ હાથની સાકળો સાથે બંધાયા. પછી જે તે વહાણનો કપ્તાન સૂચન કરે એટલે બ્રંગલોકો એ વહાણને આગળ વધારતા.

શિવ પોતાના વહાણના પાછળના ભાગે ઊભા ઊભા પ્રવેશદ્વારના કાર્યાલયને નીરખી રહ્યા હતા.

વહાણને આગળ લઈ જવાની પ્રક્રિયામાં જે પણ બ્રંગવાસી સામેલ નહોતો, તે પૂજ્યભાવે ગોઠણભેર બેસીને નીલકંઠને વંદી રહ્યો હતો. જોકે શિવ દીવાલને અઢેલીની ટૂંટિયું વાળીને પડેલી એક સ્ત્રીને નીરખી રહ્યા હતા. એ હજુ પણ રડી રહી હતી.

શિવની આંખોમાં પણ આંસુ આવી ગયાં હતાં. તે જાણતા હતા કે ઉમા એમ વિચારી રહી હતી કે ભાગ્ય તેમને છેતરીને તેમની દીકરી ખૂંચવી ગયું છે. ઉમા એમ પણ માનતી હતી કે જો નીલકંઠ એક માસ વહેલા પધાર્યા હોત, તો તેમની દીકરી જીવતી હોત. જોકે એ વાત પર નીલકંઠને સ્વયં વિશ્વાસ નહોતો.

હું એમાં શું કરી શક્યો હોત ?

તે હજુ પણ ઉમાને જ જોઈ રહ્યા હતા.

હે પવિત્ર સરોવર , મને શક્તિ આપ. હું આ મહામારી સામે અવશ્ય લડીશ.

ધીમે ધીમે વહાણ આગળ ખેંચાવા માંડ્યું.

ઉમા ધીમે-ધીમે દૃષ્ટિથી ઓઝલ થતી જતી હતી એટલે શિવે કહ્યું, 'મને ક્ષમા કરજો, દેવી.'



સતી દિગ્મૂઢ થઈ ગઈ હતી. કાશીના રાજા સાથે એક નાગવંશી સ્ત્રી !

એ નાગવંશી સ્ત્રી વાસ્તવમાં એક શરીરમાં બે સ્ત્રીઓ લાગતી હતી. છાતીથી નીચેનું શરીર એક જ હતું. પરંતુ છાતીથી ઉપર બે જોડી ખભા હતા, જે વચ્ચેથી જોડાયેલા હતા. અને બંને ખુલ્લી બાજુ એક એક હાથ ઝૂલતો હતો. એ નાગવંશી સ્ત્રીનાં બે મસ્તક હતાં.

એક શરીર , બે હાથ , ચાર ખભા અને બે મસ્તક. એ ભગવાન રામ , આ કેવું અનિષ્ટ છે ?

સતીને ટૂંક સમયમાં એ પણ સમજાઈ ગયું કે બંને મસ્તક શરીર પર અધિકાર જમાવવા લડી રહ્યાં હતાં. એક મસ્તક વિનમ્ર લાગતું હતું. તે રાજાના લંબાયેલા હાથ પર રાખડી બાંધવા ઇચ્છતું હતું, જ્યારે બીજું મસ્તક રમતિયાળ અને તોફાની લાગતું હતું. તે પોતાના ભાઈ સાથે ટીખળ કરવા ઇચ્છતું હતું એટલે તે શરીરને પાછળ ખેંચી રહ્યું હતું.

'માયા !' અતિથિગ્વએ કહ્યું, 'હવે ટીખળ બંધ કરો અને મને રાખડી બાંધો.'

ટીખળી મસ્તક હસ્યું અને પોતાના ભાઈની ઇચ્છા પૂરી કરવા તેણે શરીરને આગળ વધાર્યું. અતિથિગ્વએ ગર્વથી પોતાની રાખડી પત્ની અને પુત્રને બતાવી. પછી સેવક જે થાળી લઈને ઊભો હતો તેમાંથી થોડીક મીઠાઈ લઈને તેણે પોતાની બહેનને આપી. પછી સેવક એક તલવાર લઈને આગળ આવ્યો. અતિથિગ્વએ પોતાની તોફાની બહેનના હાથમાં એ તલવાર મૂકી. 'બરોબર અભ્યાસ કરજે. તારામાં સાચે જ સુધારો આવી રહ્યો છે !'

પછી સેવકે રાજાના હાથમાં એક વીણા મૂકી. અતિથિગ્વએ બીજી બહેનને કહ્યું, 'તને વીણા વગાડતી સાંભળવી મને અત્યંત મધુર લાગે છે.'

બંને હાથ એ બંને ભેટ પકડવા ખેંચમતાણ કરવા માંડ્યા.

'આ ભેટ માટે લડવા ન માંડશો, બહેનો. તમે બંને સંપીને એ ભેટ વાપરશો એવી મને આશા છે.'

એ જ સમયે એક સેવકે સતીને જોઈ લીધી. તેણે જોરથી બૂમ પાડી.

સતીએ ત્વરાથી પોતાની તલવાર ખેંચી કાઢી. માયાએ પણ એમ જ કર્યું. જોકે હજુ બંને મસ્તકમાં એકમત સધાયો નહોતો. એટલે એ બે મસ્તકવાળું શરીર આગળ વધતાં ખચકાયું અને છેવટે વિનમ્ર મસ્તકનો વિજય થયો. બહેનો દોડીને પોતાના ભાઈની પાછળ જતી રહી. અતિથિગ્વની પત્ની અને પુત્ર પોતાની જગ્યાએ સ્થિર થઈ ગયાં.

અતિથિગ્વ જોકે પોતાની અવજ્ઞા કરનાર સામે ક્રોધપૂર્વક જોઈ રહ્યા હતા અને પોતાના હાથ ફેલાવીને તેમણે પોતાની બહેનોને પોતાની પાછળ છુપાવી લીધી હતી.

'મહારાજ,' સતીએ કહ્યું, 'આ બધાંનો શું અર્થ છે ?'

'હું તો માત્ર મારી બહેનો પાસે રાખડી બંધાવવા જ આવ્યો છું, દેવી,' અતિથિગ્વએ કહ્યું.

'તમે એક નાગવંશીને આશ્રય આપ્યો છે. અને એ વાત તમે તમારી પ્રજાથી છુપાવી

રહ્યા છો. આ બધું ખોટું છે.'

'એ મારી બહેન છે, દેવી.'

'પરંતુ એ નાગવંશી છે !'

'મને એની પરવા નથી. મને માત્ર એટલી જ પરવા છે કે એ મારી બહેન છે. અને તેની રક્ષા કરવાની મેં પ્રતિજ્ઞા લીધેલી છે.'

'પરંતુ તેને તો નાગવંશીઓના પ્રદેશમાં મોકલી દેવી જોઈએ.'

'એ બંને પેલા રાક્ષસો પાસે શું કામ જાય ?'

'રૂદ્ર ભગવાને આમ કરવાની પરવાનગી ન આપી હોત.'

'રૂદ્ર ભગવાને જ કહ્યું છે કે માણસને તેનાં કર્મથી પારખો, દેખાવથી નહીં.'

વ્યથિત સતી ચૂપ રહી.

અચાનક જ માયા આગળ આવી. બંને બહેનોમાંથી જે આક્રમક પ્રકૃતિની હતી, તે અત્યારે આગળ વધી રહી હતી. જ્યારે વિનમ્ર સ્વભાવવાળી બહેન એ શરીરને પાછળ ખેંચવાનો પ્રયત્ન કરી રહી હોય, એમ લાગતું હતું.

'મને આગળ વધવા દે !' આક્રમક બહેને બૂમ પાડી.

વિનમ્ર બહેને પરાજય સ્વીકારી લીધો. માયા આગળ વધી અને તેણે તલવાર પોતાના હાથમાંથી નીચે ફેંકી દીધી. તે કોઈને ભય પમાડવા ઇચ્છતી નહોતી.

'તમે લોકો અમારા પ્રત્યે આટલી ઘૃણા શા માટે રાખો છો ?' આક્રમક મસ્તકે પૂછ્યું.

સતી અવાક બની ગઈ હતી. 'હું તને ઘૃણા નથી કરતી. . .હું તો માત્ર નિયમપાલનની જ વાત કરતી હતી. . .'

'સાચે જ ? એટલે તમે એમ કહો છો કે આપણને કે આપણા સંજોગોથી અપરિચિત એવા વિદેશી લોકોએ હજારો વર્ષ પહેલાં બીજા દેશમાં બેઠાં બેઠાં જે નિયમો ઘડી નાખ્યા, એ નિયમો આપણા જીવનના દરેક પાસાનું નિયંત્રણ કરશે ?'

સતી ચૂપ રહી.

'રૂદ્ર ભગવાનને પણ એમ જ ગમ્યું હોત એમ કહેવું છે તમારું ?'

'રામ ભગવાને તેમના અનુયાયીઓને હંમેશા નિયમપાલનનો આગ્રહ કર્યો છે.'

'તેમણે એમ પણ કહ્યું છે કે નિયમો સર્વસ્વ નથી. નિયમો તો ન્યાયી અને સ્થિર સમાજનું નિર્માણ કરવા માટે ઘડવામાં આવ્યા છે. પરંતુ નિયમો પોતે જ અન્યાયકારી હોય તો શું ? તો પછી રામ ભગવાનનું અનુસરણ તમે કઈ રીતે કરશો ? એ નિયમનું પાલન કરીને કે તેમનો ભંગ કરીને ?'

સતી પાસે તેનો કોઈ ઉત્તર નહોતો.

'ભાઈએ તમારી અને પ્રભુ નીલકંઠની ઘણી વાતો અમને કરી છે,' માયાએ કહ્યું, 'શું તમારે વિકર્મ નહોતું હોવું જોઈતું ?'

સતી ટટ્ટાર થઈ, 'જ્યાં સુધી એ નિયમોનું અસ્તિત્વ હતું ત્યાં સુધી મેં તેમનું પાલન કર્યું છે.'

'અને વિકર્મવાળો નિયમ શા માટે બદલવામાં આવ્યો ?'

'શિવે એ નિયમ મારા માટે નહોતો બદલ્યો !'

'તમારે જે માનવું હોય, એ તમે માની શકો છો. પરંતુ નિયમ પરિવર્તનનો લાભ તમને પણ મળ્યો, ખરું ને ?'

વ્યથિત સતી ચૂપ જ રહી.

માયાએ કહ્યું, 'મેં નીલકંઠની ઘણી વાતો સાંભળી છે. હું તમને કહું છું કે તેમણે એ

નિયમ શા માટે બદલ્યો. વિકર્મનો નિયમ હજારો વર્ષ પહેલાં એ સમયમાં યોગ્ય હશે, પરંતુ વર્તમાન સમયમાં એ અન્યાયી હતો. ન સમજી શકાય એવા માણસોના દમન માટેનું એ સાધન બની રહ્યો હતો.'

સતી કંઈક કહેવા જતી હતી પરંતુ તેણે ચૂપ રહેવાનું ઉચિત સમજ્યું.

'અને વર્તમાન સમયમાં શારિરીક ખોડખાંપણવાળા માણસથી વધારે કોના અંગે ગેરસમજ ફેલાયેલી છે ? અમને નાગવંશી કહેવાય છે, રાક્ષસ કહેવાય છે અને એવી રીતે નર્મદાની દક્ષિણે ફેંકી દેવામાં આવે છે કે જેથી તમારા કોઈના સુમધુર જીવનના રંગમાં ભંગ પડે નહીં.'

'એટલે તારું એમ કહેવું છે કે તમારા નાગવંશીઓ સદ્‌ગુણોનો ભંડાર છે ?'

'એ અમે નથી જાણતા ! અને અમને તેની પરવા પણ નથી. અમે તમામ નાગવંશીઓ વતી શા માટે ઉત્તર આપીએ ? અમે શારીરિક ખોડખાંપણ સાથે જન્મ્યા એટલે ? શું તમે નિયમભંગ કરનારા તમામ સૂર્યવંશીઓ વતી ઉત્તર આપશો ?'

સતી ચૂપ રહી.

'અમે આ સાવ ઉજ્જડ મહેલમાં માત્ર ત્રણ સેવકો સાથે સાવ એકલાં-અટૂલાં રહીએ છીએ, એ પૂરતી સજા નથી ? અમને માત્ર અમારા ભાઈના આવા મિલન સિવાય કોઈ આનંદ-પ્રમોદ મળતો નથી, એ પૂરતું નથી ? તમારે અમને હજુ કેટલી વધારે શિક્ષા કરવી છે ? અને કૃપા કરીને અમને એ પણ સમજાવજો કે અમને શિક્ષા શા માટે થઈ રહી છે ?'

અચાનક વિનમ્ર વ્યક્તિત્વવાળી બહેન આગળ વધી અને માયા અતિથિગ્વની પાછળ છુપાઈ ગઈ.

અતિથિગ્વએ નમીને કહ્યું, 'કૃપા કરો, દેવી. મારી આજીજી સ્વીકારો. કૃપા કરીને કોઈને કહેશો નહીં.'

સતી હજુ પણ ચૂપ હતી.

'એ મારી બહેન છે,' અતિથિગ્વએ વિનવણી કરી, 'મારા પિતાજીએ તેમની મૃત્યુશય્યા પર મારી પાસે પ્રતિજ્ઞા લેવડાવી હતી કે હું તેનું રક્ષણ કરીશ. હું એ પ્રતિજ્ઞાનો ભંગ કરી શકીશ નહીં.'

સતીએ માયા અને અતિથિગ્વ સામે જોયું. જીવનમાં પ્રથમવાર તે નાગવંશી માટેના પોતાના દૃષ્ટિકોણ અંગે વિચારી રહી હતી. અને તેમને થઈ રહેલો અન્યાય પણ તે જોઈ શકતી હતી.

'હું તેને અત્યંત પ્રેમ કરું છું,' અતિથિગ્વએ કહ્યું, 'કૃપા કરો.'

'હું તમને વચન આપું છું કે હું આ અંગે ચૂપ રહીશ.'

'ભગવાન રામના નામની પ્રતિજ્ઞા લઈને કહો છો, દેવી ?'

સતીને થોડોક ક્રોધ આવ્યો, 'હું એક સૂર્યવંશી છું, મહારાજ. અમે કદી પણ વચનભંગ કરતાં નથી. અને અમે અમારું જીવન જ ભગવાન રામના નામે જીવીએ છીએ.'



વહાણ જેવાં પ્રવેશદ્વારની અંદર પ્રવેશ્યાં કે દ્રપકુએ બધા જ સઢ ખોલી નાખવાનો આદેશ આપ્યો. બીજાં વહાણોને વ્યૂહરચના અનુસાર ગોઠવ્યાં.

તેઓ થોડાક જ આગળ વધ્યા હશે કે તેમને ગંગાને મળવા ધસમસતી આવતી

બ્રહ્મપુત્રા નદી દેખાઈ. એ બંને મળીને સંભવતઃ દુનિયાનો સૌથી મોટો મીઠા પાણીનો જથ્થો રચતા હતા.

'હે વરુણ દેવ,' દ્રપકુએ અભિભૂત થઈને કહ્યું, 'આ નદી તો મહાસાગર જેટલી જ વિશાળ લાગે છે.'

'સત્ય,' દિવોદાસે સગર્વ કહ્યું.

પૂર્વક સામે જોઇને દ્રપકુએ કહ્યું, 'તમે આ જોઈ શકતા હોત, તો કેવું સારું થાત, પિતાજી. મેં આટલી વિશાળ નદી ક્યારેય જોઈ નથી.'

'મને તારી આંખોથી દેખાય જ છે, પુત્ર.'

'બ્રહ્મપુત્રા ભારતની સૌથી વિશાળ નદી છે, કપ્તાન,' દિવોદાસે કહ્યું, 'અને તે એકમાત્ર પુરુષવાચક નામવાળી છે.'

દ્રપકુએ એ અંગે એક ક્ષણ વિચાર્યું, 'તું સાચું કહે છે. મેં એ અંગે ક્યારેય વિચાર્યું નહોતું. ભારતની અન્ય તમામ નદીઓનાં નામ સ્ત્રીવાચક જ છે. આપણે જેની પર વહાણ હંકારી રહ્યા છીએ, એ ગંગાનું પણ.'

'હા. અમે એમ માનીએ છીએ કે ગંગા અને બ્રહ્મપુત્રા બ્રંગદેશનાં મા-બાપ છે.'

પૂર્વકે કહ્યું, 'એમ જ લાગે છે. એ બંને જ તમારા દેશની મુખ્ય નદીઓનો અને નામનો સ્રોત હશે. બ્રહ્મપુત્રાનો 'બ્ર' અને ગંગાનો 'ગ' લઈને બ્રંગ શબ્દ બન્યો હોવો જોઈએ !'

'રસપ્રદ વાત છે, પિતાજી,' દ્રપકુએ કહ્યું. તેણે દિવોદાસને પૂછ્યું, 'સાચી વાત ?'

'હા.'

અને વહાણો બ્રંગ દેશની નદી પર સવાર થઈને એ દેશની રાજધાની બ્રંગહૃદય જવા અગ્રેસર થયા.



પર્વતેશ્વર વહાણના પાછળના ભાગે એકલા ઊભા હતા અને સૌથી આગળ જઈ રહેલી હોડીને નીરખી રહ્યા હતા. આનંદમયીએ સૂચવ્યા અનુસાર પહેલી હોડીથી વચ્ચેની હોડી સુધી દોરડાં બાંધવામાં આવ્યાં હતાં. સેનાપતિને આ યુક્તિની સરળતાથી હજુ પણ આશ્ચર્ય થતું હતું.

'સેનાપતિ.'

પર્વતેશ્વરે પાછળ ફરીને જોયું તો આનંદમયી ત્યાં ઊભી હતી. ઠંડીને કારણે આનંદમયીએ લાબું અંગવસ્ત્ર પોતાની ફરતે લપેટ્યું હતું.

'રાજકુમારી,' પર્વતેશ્વરે કહ્યું, 'ક્ષમા કરજો. તમે આવ્યાં પણ મને તમારાં પગલાં સંભળાયાં જ નહીં.'

'કશો વાંધો નહીં,' આનંદમયીએ સસ્મિત કહ્યું, 'આમ પણ મારાં પગલાં સંભળાય એવાં હોતાં નથી.'

પર્વતેશ્વરે મસ્તક હલાવ્યું. એ કંઈક કહેવા જતા હતા પરંતુ ખચકાયા.

'શું વાત છે, સેનાપતિ ?'

'રાજકુમારી,' પર્વતેશ્વરે કહ્યું, 'તમને મારી સાથે દ્વંદ્વ કરવાનું આમંત્રણ આપવા પાછળ આપનું અપમાન કરવાનો મારો હેતુ નહોતો. મેલુહામાં તો આ એક પ્રકારની મૈત્રી માનવામાં આવે છે.'

'મૈત્રી ! તમે આપણા સંબંધને એકદમ નિરસ નામ આપી રહ્યા છો, સેનાપતિ.'

પર્વતેશ્વર ચૂપ રહ્યા.

'જો તમે મને મિત્ર જ કહેતા હોવ,' આનંદમયીએ કહ્યું, 'તો મારા આ પ્રશ્નનો ઉત્તર આપો.'

'અવશ્ય.'

'તમે શા માટે આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું છે ?'

'એ ઘણી લાંબી વાત છે, રાજકુમારી.'

'તમને સાંભળવા માટે મારી પાસે પૂરતો સમય છે.'

'આજથી અઢીસોથી પણ વધારે વર્ષો પહેલાં, મેલુહાના ઉમરાવોએ ભગવાન રામના એક નિયમમાં પરિવર્તન માટે મત આપ્યો.'

'એમાં શું અયોગ્ય છે ? મને ખ્યાલ છે કે સ્વયં ભગવાન રામે જ કહ્યું છે કે ન્યાય માટે નિયમમાં પરિવર્તન લાવવું પણ પડે.'

'હા, એ તો એમણે કહ્યું જ છે. પરંતુ આ પરિવર્તન ન્યાય માટે નહોતું. તમને મેલુહામાં બાળકોના જન્મ અને ઉછેર માટેની મૈકા પ્રણાલીની તો માહિતી હશે જ.'

'હા,' આનંદમયીએ કહ્યું. પોતાના ખોળે જન્મેલું બાળક પુનઃ ક્યારેય જોવા નહીં મળે એવું જાણતી હોવા છતાં કોઈ મા પોતાના બાળકને એ પ્રણાલીને શરણે કઈ રીતે મૂકી દેતી હશે, એ તેને ક્યારેય સમજાયું નહોતું. પરંતુ તે પર્વતેશ્વર સાથે અત્યારે કોઈ ચર્ચા કરવા ઇચ્છતી નહોતી, 'તો એ પ્રણાલીમાં શું પરિવર્તન લાવવામાં આવ્યું હતું ?'

'તેમાં એવું પરિવર્તન લાવવામાં આવ્યું હતું કે જેથી ઉમરાવ પરિવારના સંતાનોને મૈકામાં મૂકીને ભૂલી જવાની આવશ્યકતા રહે નહીં. એમને મૈકામાં અલગ રીતે ઉછેરવામાં આવે અને સોળ વર્ષના થાય ત્યારે તેમનાં જ મા-બાપને પાછાં આપવામાં આવે, એવું પરિવર્તન કરવામાં આવ્યું.'

'અને સામાન્ય લોકોનાં બાળકોનું શું ?'

'તેમને આવો લાભ મળવાનો નહોતો.'

'એ તો અન્યાયી કહેવાય.'

'મારા દાદા સત્યધ્વજને પણ એમ જ વિચાર આવ્યો હતો. નિયમ પરિવર્તનમાં કશું જ અયોગ્ય નથી. પરંતુ ભગવાન રામનો એક અફર નિયમ એવો છે કે કોઈ પણ નિયમ બધાને એકસમાન રીતે લાગુ પડતો હોવો જોઈએ. ઉમરાવો માટેનો નિયમ સામાન્ય માણસો માટેના નિયમોથી ભિન્ન ન હોવો જોઈએ. એ ખોટું જ છે.'

'હું સહમત છું. શું તમારા દાદાએ આ પરિવર્તનનો વિરોધ નહોતો કર્યો ?'

'કર્યો હતો. પણ એમ કરવાવાળા તેઓ એકમાત્ર વ્યક્તિ હતા. એટલે એ પરિવર્તન તો થઈને જ રહ્યું.'

'એ અયોગ્ય થયું.'

'ભગવાન રામે સૂચવેલી જીવનરીતિમાં થઈ રહેલા ભ્રષ્ટાચારનો વિરોધ કરવા તેમણે એવી પ્રતિજ્ઞા લીધી કે તેઓ કે પછી મૈકામાંથી તેમણે અપનાવેલાં તેમનાં બાળકો ક્યારેય સંતાનને જન્મ આપશે નહીં.'

આનંદમયી વિચારવા માંડી કે સત્યધ્વજ દાદાને પોતાના તમામ વંશજો માટે પ્રતિજ્ઞા લેવાનો અધિકાર કોણે આપ્યો ? પરંતુ તે કંઈ બોલી નહીં.

પર્વતેશ્વરે ગર્વથી છાતી ફુલાવીને કહ્યું, 'અને એ પ્રતિજ્ઞાનું પાલન હું આજ સુધી કરી રહ્યો છું.'

આનંદમયીએ નિસાસો નાખીને દૃષ્ટિ નદી પર અને ત્યાંથી કિનારે વસેલાં ગાઢ વનો પર ફેરવવા માંડી. પર્વતેશ્વર પણ ધીમે ધીમે વહી રહેલી કાંપથી સભર બ્રંગ નદીને નીરખવા લાગ્યા.

‘આ જીવનની ગતિ નિરાળી છે,’ આનંદમયીએ પર્વતેશ્વર સામે જોયા વિના કહ્યું, ‘એક ઉમદા માનવીએ અઢીસો વર્ષ પહેલાં અન્યાય સામે વિદેશમાં બળવો કર્યો અને એ જ બળવાને કારણે આજે મને અન્યાય થઈ રહ્યો છે. . .’

પર્વતેશ્વરે આનંદમયી સામે જોયું. તેઓ આનંદમયીના સુંદર મુખ અને મોહક સ્મિતને નીરખી રહ્યા. પછી મસ્તક ઝાટકીને તેઓ પાછા નદીને નીરખવા લાગ્યા.



પ્રકરણ ૧૨
બ્રંગહૃદય

બ્રંગ નદીમાં એટલું બધું પાણી અને કાંપ હતાં કે તે એક નદીમાં રહી શકે તેમ જ નહોતું. એટલે તેમાંથી અસંખ્ય નાની-નાની ઉપનદીઓ ઉદ્‌ભવતી હતી જે સમગ્ર બ્રંગપ્રદેશમાં ફેલાતી અને પછી પૂર્વ સમુદ્રમાં ભળી જતી. તેના કારણે સંભવતઃ પૃથ્વી પરનો સૌથી વિશાળ ત્રિકોણાકાર કાંપવાળો પ્રદેશ રચાતો હતો. એવું કહેવાતું કે ભરપૂર પાણી અને કાંપના કારણે આ પ્રદેશ એટલો ફળદ્રુપ હતો કે ખેડૂતોને પાક માટે મહેનત કરવી પડતી નહીં. તેમણે માત્ર બીજ વેરી દેવાના અને બાકીનું કામ સ્વયં ધરતી કરી આપતી હતી.

બ્રંગહૃદય બ્રંગ નદીની પ્રમુખ ઉપનદી પદ્માના કિનારે વસેલું હતું.

બ્રંગપ્રદેશના પ્રવેશદ્વાર ઓળંગ્યાના બે સપ્તાહ પછી શિવનો કાફલો બ્રંગહૃદય પહોંચ્યો હતો. તેઓ સમૃદ્ધ અને સભર ભૂમિમાંથી પસાર થયા હતા. તેમ છતાં ત્યાંની હવામાં મૃત્યુ અને કરુણાનો ભાર વર્તાતો હતો.

બ્રંગહૃદયનો વિસ્તાર એક હજાર ગાઉ જેટલો એટલે કે દેવગીરીની સમકક્ષ હતો. દેવગીરીની રચના ત્રણ મંચ પર કરવામાં આવી હતી જ્યારે બ્રંગહૃદય પદ્મા નદીથી એકાદ ગાઉ દૂર પ્રાકૃતિક રીતે જ ઊંચાણવાળા વિસ્તારમાં વસાવવામાં આવ્યું હતું, જેથી પૂર સામે રક્ષણ મળી શકે. તેની ફરતે ઊંચો કોટ હતો અને ચંદ્રવંશીઓનો સ્વભાવગત દીર્ઘકાલીન આયોજનનો અભાવ અહીં પણ દેખાઈ આવતો હતો. મેલુહાના જાળીદાર માર્ગોથી વિપરીત, અહીં આડેધડ માર્ગો બનાવવામાં આવ્યા હતા. જોકે શેરીઓ પહોળી અને વૃક્ષોથી આચ્છાદિત હતી. બ્રંગપ્રદેશની સમૃદ્ધિને કારણે ઇમારતોનું નિર્માણ અને સંભાળ સારી રીતે થતાં જ્યારે મંદિરો અત્યંત ઊંચાં અને ભવ્ય બનાવવામાં આવતાં. વીતેલી સદીઓમાં ઘણાં સાર્વજનિક સ્મારકોનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વિશાળ નાટ્યગૃહો, ઉજવણી માટેનાં ભવનો, અલભ્ય ઉપવનો અને સાર્વજનિક સ્નાનગૃહો. તેમની ઉત્તમ સંભાળ રાખવામાં આવતી હતી છતાં ભાગ્યે જ કોઈ તેમનો ઉપયોગ કરતું. વારંવારી ફેલાતી મહામારીને કારણે બ્રંગલોકોને પ્રતિદિવસ મૃત્યુ સન્મુખ થતું. જીવન માટેનો ઉત્સાહ ભાગ્યે જ વધતો.

નગરની બહાર આવેલા બંદરે પદ્મા નદીની વર્ષ દરમિયાન વધતી-ઘટતી ઊંડાઈ અનુસાર વિવિધ જગ્યાએ ઓવારા બાંધવામાં આવ્યા હતા. અત્યારે શિયાળાનો સમય હતો અને પદ્માનું વહેણ મધ્યમ હતું. શિવ અને તેમની ટુકડી પાંચમા ઓવારા પર ઊતરી. શિવે જોયું કે પર્વતેશ્વર, દ્રપકુ, પૂર્વક અને દિવોદાસ ઓવારાના ખુલ્લા ચોગાનમાં તેમની પ્રતીક્ષા

કરી રહ્યા હતા.

'આ અત્યંત વિશાળ બંદર છે, પૂર્વકજી,' શિવે કહ્યું.

'મને પણ એમ જ લાગે છે, પ્રભુ,' પૂર્વકે કહ્યું, 'મને લાગે છે કે આ બ્રંગ લોકોમાં પણ મેલુહાવાસીઓ જેટલી જ કાર્યદક્ષતા હોવી જોઈએ.'

'મને નથી લાગતું કે તેમને કાર્યદક્ષતાની પરવા હોય, પિતાજી,' દ્રપકુએ કહ્યું, 'મને એમ લાગે છે કે તેમના માટે તો જીવંત રહેવું જ સૌથી મોટો પડકાર છે.'

એ જ સમયે સોનાનાં આભૂષણોથી લદાયેલો એક ટૂંકો અને ભરાવદાર બ્રંગ પુરુષ ત્વરાથી પગથિયાં ઊતરતો તેમની દિશામાં ધસી આવ્યો. પર્વતેશ્વરને જોઈને તે ઘૂંટણિયે બેસી ગયો અને તેમનાં ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું, 'પ્રભુ, આપ પધાર્યા ! આપ પધાર્યા ! હવે અમે બચી જઈશું.'

પર્વતેશ્વરે નીચા નમીને એ માણસને કઠોરતાથી ઊભો કર્યો, 'હું નીલકંઠ નથી.'

બ્રંગ પુરુષ મૂંઝવણમાં ઊભો રહ્યો.

પર્વતેશ્વરે શિવ સામે જોઈને કહ્યું, 'આ છે સાચા પ્રભુ. એમના ચરણસ્પર્શ કર.'

એ માણસ શિવના ચરણોમાં ઢળી પડ્યો, 'ક્ષમા પ્રભુ, મારી આ ભયંકર ભૂલ માટે બ્રંગવાસીઓને કોઈ શિક્ષા ન કરતા.'

'ઊભો થા, મિત્ર,' શિવે સ્મિત કર્યું, 'મને તેં આ પહેલાં ક્યારેય જોયો જ ન હોય, તો તું કઈ રીતે મને ઓળખી શકે ?'

બ્રંગ પુરુષ ઊભો થયો. તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં, 'આટલી શક્તિ છતાં આટલી વિનમ્રતા. આપ જ મહાદેવ હોઈ શકો.'

'હવે તું મને મૂંઝવી રહ્યો છે. તારું નામ શું છે ?'

'હું બપ્પીરાજ, બ્રંગદેશનો વડા પ્રધાન, પ્રભુ. અમે આપના સ્વાગતની ભવ્ય તૈયારીઓ કરી રાખી છે અને રાજા ચંદ્રકેતુ આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.'

'કૃપા કરીને મને તમારા રાજા પાસે લઈ જાવ.'



બપ્પીરાજ સગર્વ બંદરથી મુખ્ય ધરતી ઉપર આવવાનું છેલ્લું પગથિયું ચડ્યો. શિવ તેની પાછળ જ હતા. ભગીરથ, પર્વતેશ્વર, આનંદમયી, આયુર્વતી, દિવોદાસ, દ્રપકુ, પૂર્વક, નંદી અને વીરભદ્ર શિવને અનુસરતાં હતાં.

જેવા શિવ છેલ્લું પગથિયું ચડી રહ્યા કે પંડિતોની એક ટુકડીએ શંખનાદ શરૂ કર્યો. સોનાથી લદાયેલા હાથીઓનું ટોળું થોડેક દૂર ઊભું રાખવામાં આવ્યું હતું. તેમણે એટલી જોરથી ગર્જના કરી કે પૂર્વક ચમકી ગયો. ત્યાં બનાવવામાં આવેલા વિશાળ મંડપને મહાદેવના સન્માનમાં સોનાથી મઢી દેવામાં આવ્યો હતો. એમ લાગતું હતું કે બ્રંગહૃદયમાં વસતા બધા ૪ લાખ લોકો નીલકંઠના સ્વાગતમાં ઊમટ્યા હતા. સૌથી આગળ ઊભા રહેલા રાજા ચંદ્રકેતુના મુખ પર લાગણીઓનો સાગર ઉછાળા મારતો હતો.

રાજા ચંદ્રકેતુ તામ્રવર્ણી ત્વચા, મક્કમ જડબું અને હરણી જેવી લાંબી આંખવાળા મધ્યમ કદના માનવ હતા. મોટાભાગના ભારતીય પુરુષોની જેમ તેમના કાળા કેશ લાંબા હતા અને તેને તેલ નાખીને મોહક રીતે ગૂંથવામાં આવ્યા હતા. તેમનું શરીર ક્ષત્રિયો જેવું કસાયેલું નહોતું. તેમનો દૂબળો દેહ દૂધિયા રંગના સાદા અંગવસ્ત્ર અને ધોતીમાં લપેટાયેલો

હતો. તેમના સામ્રાજ્યનો સોનાનો ભંડાર અને સમૃદ્ધિ જગવિખ્યાત હતા તેમ છતાં તેમના શરીર પર ક્યાંય સોનું પહેરેલું જણાતું નહોતું. તેમના મુખ પર પરાજિત થઈને ભાગ્ય સામે લડી રહેલા માનવીના હાવભાવ હતા.

ચંદ્રકેતુએ ઘૂંટણિયે બેસીને ધરતી પર તેમનું માથું ટેકવ્યું અને હાથ આગળ લંબાવી દીધા. તમામ બ્રંગવાસીઓએ એમ જ કર્યું.

'આયુષ્માન ભવ, મહારાજ,' શિવે તેમને આશીર્વાદ આપ્યા.

ચંદ્રકેતુએ નીચેથી જ ઉપર જોયું. તેમણે વંદન કર્યાં. તેમની આંખોમાંથી બોર જેટલાં અશ્રુ ટપકી રહ્યાં હતાં. 'હવે હું અવશ્ય દીર્ઘાયુ ભોગવીશ, પ્રભુ. અને દરેક બ્રંગવાસી પણ. તમે પધાર્યાને એટલે !'



'આપણે આ નિરર્થક યુદ્ધ અટકાવવું જ રહ્યું,' વાસુકિએ નાગવંશીઓની રાજ્યસભામાં ચારેબાજુ દૃષ્ટિપાત કરીને કહ્યું. ઘણા લોકોએ હકારમાં મસ્તક હલાવીને સહમતી દર્શાવી. તે નાગવંશીઓના એક પ્રતાપી રાજાનો વંશજ હતો. તેને કારણે તેનો બધા આદર કરતા.

'યુદ્ધ તો સમાપ્ત થઈ જ ચૂક્યું છે,' રાણીએ કહ્યું, 'મંદાર પર્વતનો નાશ થઈ ચૂક્યો છે. અને ગોપનીયતા જળવાઈ રહી છે.'

'તો પછી આપણે શા માટે બ્રંગલોકોને ઔષધો મોકલી રહ્યા છીએ ?' નિશાદે પૂછ્યું, 'હવે તેમની કોઈ જ આવશ્યકતા નથી. તેમને સહાય કરવાથી આપણા શત્રુઓ સાથેનું વૈમનસ્ય વધતું જ જશે.'

'શું નાગવંશીઓ હવેથી એવી રીતે જ કામ કરશે ?' રાણીએ પૂછ્યું, 'આવશ્યકતા ન હોય ત્યારે મિત્રને ત્યજી દેવો ?'

પક્ષી જેવું મુખ ધરાવતી સુપર્ણાએ કહ્યું, 'હું રાણી સાથે સહમત છું. બ્રંગલોકો આપણા સાથીઓ હતા અને રહેશે. માત્ર એ લોકોએ જ આપણને સાથ આપ્યો છે. આપણે તેમને અવશ્ય સહાય કરવી જોઈએ.'

'પરંતુ આપણે નાગવંશીઓ છીએ,' અસ્તિકે કહ્યું, 'આપણને આપણા પૂર્વજન્મના પાપની જ તો આવી શિક્ષા કરવામાં આવી છે. આપણે આપણું દુર્ભાગ્ય સ્વીકારીને પ્રાયશ્ચિત્ત કરવામાં જ આપણું જીવન વ્યતીત કરવું જોઈએ. બ્રંગલોકોને પણ આપણે એ જ ઉપદેશ આપવો જોઈએ.'

રાણીએ દાંત વચ્ચે પોતાનો હોઠ દબાવ્યો. કર્કોટક તેની સામે જ જોઈ રહ્યો હતો. તે જાણતો હતો કે આ દુર્ભાગ્ય અને પૂર્વજન્મવાળી વાત રાણીને જરા પણ રુચતી નથી. પરંતુ તે એ પણ જાણતો હતો કે અસ્તિકે જે કહ્યું એ જ બહુમતીનો અભિપ્રાય પણ હતો.

'હું સહમત છું,' સુપર્ણા સામે જોતાં પહેલાં ઈરાવતે કહ્યું, 'અને ગરુડના માણસો એ વાત સમજે તેવી હું આશા પણ રાખતો નથી. એ લોકો તો હંમેશા યુદ્ધાતુર જ હોય છે.'

એ વાત ગરુડોને ખટકી. ગરુડ લોકો એટલે પક્ષી જેવું મુખ ધરાવતા નાગવંશીઓ અને તેઓ ઘણા સમયથી નાગવંશીઓના શત્રુ જ હતા. તે લોકો પંચવટીથી પૂર્વમાં ઘણે દૂર આવેલા નાગપુરમાં રહેતા હતા. જોકે તે નાગપુર પણ હતું તો દંડકારણ્યમાં જ. લોકનાયકે ઘણાં વર્ષો પહેલાં બંને વચ્ચે સમાધાન કરાવ્યું હતું અને ગરુડોનો વર્તમાન આગેવાન સુપર્ણ

રાણીના વિશ્વાસુ સહાયક તરીકે રાજ્યસભામાં જોડાયો હતો. તેના લોકો હવે પંચવટીમાં જ વસતા હતા.

રાણીએ દૃઢતાથી કહ્યું, 'ઈરાવતજી, આપની વાત તદ્દન અયોગ્ય છે. કૃપા કરીને એટલું ન ભૂલશો કે સુપર્ણા દેવી જ તેમના લોકોને લઈને નાગવંશીઓના કુટુંબમાં જોડાઈ છે. હવે આપણે બધા એક જ પરિવારના સંતાન છીએ. સુપર્ણા દેવીનું અપમાન કરનાર તમામે મારો ક્રોધ વહોરી લેવાની તૈયારી રાખવી પડશે.'

ઈરાવતે ત્વરાથી પાછાં પગલાં ભર્યાં. રાણીનો ક્રોધ કેટલો ભયાનક છે, તે બધા જાણતા જ હતા.

કર્કોટકે આસપાસ સચિંત દૃષ્ટિથી જોયું. ઈરાવત તો શાંત થઈ ગયો હતો પરંતુ આ ચર્ચા કોઈ ચોક્કસ દિશામાં આગળ નહોતી વધી રહી. શું રાણીના વચન અનુસાર તેઓ બ્રંગ લોકોને ઔષધ મોકલવાનું ચાલુ રાખશે ? તેણે લોકનાયક સામે જોયું. તે બોલવા ઊભો થયો હતો.

'સભામાં ઉપસ્થિત સજ્જનો અને સન્નારીઓ, આપની સમક્ષ બોલવાની મારી ધૃષ્ટતા માટે મને ક્ષમા કરશો.'

બધા લોકો ગણનાયક સામે જોવા માંડ્યા. તે રાજ્યસભાનો સૌથી યુવા સભ્ય હતો તેમ છતાં તે સૌથી વધુ આદરપાત્ર પણ હતો.

'આપણે સૌ આ વાત અયોગ્ય દૃષ્ટિકોણથી જોઈ રહ્યા છીએ. આ વાત યુદ્ધ કે સાથીઓની નથી. આ વાત તો ભૂમિદેવીના સિદ્ધાંતોની છે.'

બધાની આંખો પહોળી થઈ ગઈ. ભૂમિદેવી સ્વયં નાગવંશી નહોતાં. તેઓ ઉત્તરમાંથી ક્યાંકથી આવ્યાં હતાં અને તેમણે જ નાગવંશીઓની વર્તમાન જીવનરીતિની સ્થાપના કરી હતી. તેમને દેવી જેવું સન્માન આપવામાં આવતું હતું. ભૂમિદેવીના સિદ્ધાંતો સામે આંગળી ઉઠાવવી એટલે તેમનો અનાદર કરવો.

'તેમણે સ્થાપેલા સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત એ પણ છે કે નાગવંશી હંમેશા પોતાનું ઋણ ચૂકવે છે. તો જ આપણે આપણાં કર્મનાં બંધન અને પાપથી મુક્તિ પામી શકીશું.'

મોટાભાગના રાજ્યસભાના સભ્યો સમજી નહોતા શકતા કે આ ગણનાયક વાતને કઈ દિશામાં આગળ લઈ જઈ રહ્યો છે. જોકે રાણી, કર્કોટક અને સુપર્ણાના મુખ પર મૃદુ સ્મિત ફરકી ગયું હતું.

'હું આપ સર્વેને વિનંતી કરીશ કે આપ સર્વે તમારા વાટવામાં જુઓ અને નોંધો કે કેટલી સુવર્ણમુદ્રાઓ ઉપર રાજા ચંદ્રકેતુની છાપ છે. આપણા રાજ્યનું ત્રણ ચતુર્થાંશ સોનું બ્રંગદેશથી આવે છે. એ તેમણે આપણને સહકાર માટે આપ્યું છે. પરંતુ આપણે સમજીએ જ છીએ કે તેમણે એ સોનું તેમને જે ઔષધો મળવાનાં છે તેની આગોતરી ચુકવણી સ્વરૂપે જ આપ્યું છે.'

રાણીને પોતાના ભત્રીજાની ચતુરાઈ ગમી. તેણે જ સૂચવ્યું હતું કે ચંદ્રકેતુ રાજા સમક્ષ એવો આગ્રહ કરવો કે તેઓ તેમની છાપવાળા સોનાના સિક્કા જ મોકલે જેથી નાગવંશીઓને સતત સ્મરણમાં રહે કે એ સોનું ક્યાંથી અને શા માટે આવ્યું હતું.

'મેં કરેલી સરળ ગણતરી અનુસાર આપણે આવનારાં ત્રીસ વર્ષ સુધી જે ઔષધો મોકલવાનાં છીએ, તેની આગોતરી ચુકવણી થઈ ચૂકી છે. જો આપણે ભૂમિદેવીના સિદ્ધાંતોનું પાલન કરવું હોય, તો તેમને ઔષધો આપતા રહેવા સિવાય આપણી પાસે અન્ય કોઈ જ વિકલ્પ નથી.'

રાજ્યસભા પાસે હવે સાચે જ કોઈ વિકલ્પ નહોતો. ભૂમિદેવીના સિદ્ધાંતો વિરુદ્ધ તો

કઈ રીતે જઈ શકાય ?

એટલે ઔષધો મોકલવાનું નક્કી થયું.



'પ્રભુ, અમે આ મહામારી કઈ રીતે અટકાવી શકીએ ?' ચંદ્રકેતુએ પૂછ્યું.

બ્રંગહૃદયના રાજમહેલમાં રાજા ચંદ્રકેતુના અંગત ભવનમાં શિવ, ચંદ્રકેતુ, ભગીરથ, પર્વતેશ્વર, દિવોદાસ અને બપ્પીરાજ બેઠા હતા.

'એ માર્ગ તો નાગવંશીઓ થકી જ નીકળશે, મહારાજ,' શિવે કહ્યું, 'હું માનું છું કે ભારતવર્ષની ઘણી વિપત્તિઓનું કારણ એ લોકો જ છે. તમારી મહામારીનું કારણ પણ એ જ છે. હું જાણું છું કે એ લોકોનું નિવાસ્થાન ક્યાં છે એ તમે જાણો છો. મારે તેમને શોધવા જ રહ્યા.'

ચંદ્રકેતુ ટટ્ટાર થયા અને તેમની દયનીય આંખો એક ક્ષણ પૂરતી બંધ થઈ. પછી તેમણે બપ્પીરાજ સામે જોઈને કહ્યું, 'કૃપા કરીને થોડોક સમય અમને એકાંત આપો, વડાપ્રધાન.'

બપ્પીરાજે દલીલ કરી, 'પરંતુ, મહારાજ. . .'

રાજા આંખો ઝીણી કરીને પોતાના વડા પ્રધાનને જોઈ રહ્યા. બપ્પીરાજ ત્વરિત જ ભવનની બહાર નીકળી ગયા.

ચંદ્રકેતુ એક દીવાલ પાસે ગયા, પોતાની એક આંગળીમાંથી તેમણે વીંટી ઉતારી અને દીવાલ પર એક ચોક્કસ જગ્યાએ ખાંચામાં એ વીંટી ભરાવીને દબાવી. દીવાલમાંથી એક નાનકડી પેટી બહાર આવી. રાજાએ તેમાંથી એક ચર્મપત્ર ઉઠાવ્યું અને તેઓ શિવ પાસે પાછા આવ્યા.

'પ્રભુ,' ચંદ્રકેતુએ કહ્યું, 'મને થોડાક દિવસો પહેલાં જ નાગવંશીઓની રાણીએ મોકલેલો આ પત્ર મળ્યો છે.'

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'એની વાત આપ ખુલ્લા મને સાંભળો એવી મારી વિનંતી છે, પ્રભુ,' કહીને ચંદ્રકેતુએ એ ચર્મપત્ર ખોલ્યું અને વાંચવા માંડ્યા.

' મારા મિત્ર ચંદ્રકેતુ , આ વર્ષે ઔષધો મોકલવામાં જે વિલંબ થયો છે , તે માટે હું ક્ષમા માંગું છું. રાજ્યસભાની મારી મુશ્કેલીઓનો અંત હજુ પણ આવ્યો નથી. જોકે ગમે તે પરિસ્થિતિમાં આપને એ ઔષધો અવશ્ય પહોંચાડવામાં આવશે એ મારું વચન છે. ઉપરાંત , મને એવી પણ સૂચના મળી છે કે પોતે નીલકંઠ હોવાના દાવા સાથે એક ધુતારો આપના રાજ્યમાં આવવાનો છે. મારું માનવું છે કે તે અમારા સામ્રાજ્ય સુધીનો માર્ગ શોધવા જ ત્યાં આવે છે. એ માત્ર તમને વચનો જ આપશે. અમે તમને ઔષધો આપીએ છીએ. કઈ વસ્તુ આપના લોકોને જીવંત રાખે છે ? ચતુરાઈપૂર્વક પસંદગી કરજો. '

ચંદ્રકેતુએ શિવ સામે જોયું. 'તેની પર નાગવંશીઓની રાણીની મહોર પણ મારેલી છે.'

શિવ પાસે આનો કોઈ જ ઉત્તર નહોતો.

દિવોદાસ બોલી ઊઠ્યો, 'પરંતુ, મહારાજ, મને એમ લાગે છે કે નાગવંશીઓએ જ અમારી પર આ મહામારીનું મંતર ચલાવ્યું છે. આ મહામારી તેમનું જ સર્જન છે. અમારે

તેની સામે લડવું જ રહ્યું. જોકે તેની સામે યોગ્ય લડાઈ ત્યારે જ થઈ શકે, જ્યારે તેના મૂળ પર આક્રમણ કરવામાં આવે. અને એ મૂળ એટલે નાગવંશીઓનું નગર પંચવટી.'

'દિવોદાસ, હું તમારી વાત સાથે સહમત થાઉં તોપણ હું એ કઈ રીતે ભૂલી શકું કે તેમણે આપેલાં ઔષધો જ આપણને જીવંત રાખે છે. જ્યાં સુધી આ મહામારીનો અંત ન આવે, ત્યાં સુધી આપણે નાગવંશીઓની સહાય વિના ટકી શકીએ નહીં.'

'પરંતુ એ લોકો આપણા શત્રુઓ છે, મહારાજ,' ભગીરથે કહ્યું, 'એ લોકોએ ફેલાવેલી મહામારીનું વેર વાળ્યા વિના તમે કઈ રીતે રહી શકો ?'

'હું તો માત્ર મારા લોકોને જીવંત રાખવા જ લડી રહ્યો છું, રાજકુમાર ભગીરથ. તેમાં મને વેર વાળવોનો વિલાસ પોષાય એમ નથી.'

'આ વેરની વાત નથી. આ ન્યાયની વાત છે,' પર્વતેશ્વરે કહ્યું.

'ના, સેનાપતિ,' ચંદ્રકેતુએ કહ્યું, 'આ વાત વેર કે ન્યાયની નથી. આ વાતનો માત્ર એક જ મુદ્દો છે : મારે મારા લોકોને જીવતા રાખવાના છે. હું કંઈ મૂર્ખ નથી. હું સમજું છું કે જો હું પ્રભુને પંચવટી પહોંચવાનો માર્ગ બતાવી દઉં, તો તેની પર વિશાળ સેના આક્રમણ કરવા માટે મોકલી દેવામાં આવે. નાગવંશીઓ નામશેષ બની જાય. એમની સાથે એમનાં ઔષધો પણ નામશેષ બની જાય. અંતે બ્રંગવાસીઓ પણ મરણને જ શરણ થાય. જો આપ મને અન્ય જગ્યાએથી ઔષધ મેળવી આપવાનું વચન આપતા હોવ, તો જ હું આપને પંચવટીનો માર્ગ બતાવી શકું.'

શિવ ચંદ્રકેતુને તાકી રહ્યા. તેમણે જે સાંભળ્યું એ તેમને ગમ્યું તો નહીં પરંતુ તેઓ જાણતા હતા કે બ્રંગના રાજા સાચું જ કહી રહ્યા છે. તેમની પાસે વિકલ્પ નથી.

ચંદ્રકેતુ આજીજી કરી રહ્યા હોય તેમ હાથ જોડીને બોલ્યા, 'પ્રભુ, આપ જ અમારા તારણહાર છો. હું આપની દંતકથામાં આસ્થા ધરાવું છું. મને વિશ્વાસ છે કે આપ બધું જ ઠીક કરી દેશો. મારા લોકો કદાચ નાની નાની વિગતો ભૂલી ગયા હશે પરંતુ મને રૂદ્ર ભગવાનની તમામ વાતો સારી રીતે સ્મરણમાં છે. હું જાણું છું કે વચનો પૂરાં કરવામાં પ્રભુને પણ સમય લાગે છે. અને મારા લોકો પાસે એ સમય જ નથી.'

શિવે નિસાસો નાખ્યો, 'તમે સત્ય કહો છો, મહારાજ. અત્યારે તો હું બીજે ક્યાંયથી ઔષધો મેળવી આપવાનું વચન આપી શકું એમ નથી. અને જો હું એ વચન ન આપી શકું, તો આપની પાસે આવું બલિદાન માંગવાનો મને કોઈ જ અધિકાર નથી.'

દિવોદાસ કંઈ કહેવા ગયો પરંતુ શિવે તેને હાથના ઇશારાથી ચૂપ કરી દીધો.

'હવે હું જવા ઇચ્છું છું, મહારાજ,' શિવે કહ્યું, 'મારે વિચારવું પડશે.'

ચંદ્રકેતુ શિવના ચરણોમાં પડી ગયા. 'મારી પર કોપાયમાન ન થશો, પ્રભુ. મારી પાસે કોઈ જ વિકલ્પ નથી.'

શિવે ચંદ્રકેતુને ઊભા કર્યા અને કહ્યું, 'હું જાણું છું.'

શિવ ઊભા થયા ત્યારે તેમની દૃષ્ટિ નાગવંશી રાણીના પત્ર પર પડી. નીચે છપાયેલી મહોર પર તેમની દૃષ્ટિ પડી ત્યારે તેમનું શરીર ટટ્ટાર થઈ ગયું. એ ઓમ્‌ની મુદ્રા હતી પરંતુ સામાન્યતઃ બધે જોવા મળતી હોય તેવી નહીં. આ ઓમ સર્પથી બનાવવામાં આવ્યો હતો અને એક સર્પની જિહ્વા પણ ભયાવહ રીતે બહાર નીકળેલી જણાતી હતી.



શિવના ગળામાંથી હળવો ઘુરકાટ નીકળ્યો, 'શું આ નાગવંશી રાણીની મહોર છે ?'

'હા, પ્રભુ,' ચંદ્રકેતુએ કહ્યું.

'શું કોઈ નાગવંશી માનવ આ મહોરનો ઉપયોગ કરી શકે ?'

'ના, પ્રભુ. માત્ર રાણી જ આ મહોરનો ઉપયોગ કરી શકે છે.'

'મને સત્ય કહો. શું કોઈ પણ અન્ય માનવ આ મુદ્રાનો ઉપયોગ કરી શકે છે ?'

'ના, પ્રભુ. કોઈ જ નહીં.'

'એ સત્ય નથી, મહારાજ.'

'પ્રભુ હું જાણું છું એ અનુસાર. . .' અચાનક જ ચંદ્રકેતુ અટકી ગયા. 'પ્રભુ, તેમનો ગણનાયક પણ આ જ મહોર વાપરે છે. નાગવંશીઓના ઇતિહાસમાં એ જ એવો પ્રથમ માનવ છે જે શાસક નથી છતાં આ મહોર વાપરી શકે છે.'

શિવ ગૂંચવાયા. 'ગણનાયક ? એનું નામ શું છે ?'

'એ હું નથી જાણતો, પ્રભુ.'

શિવે આંખો ઝીણી કરીને ચંદ્રકેતુ સામે જોયું.

'મારા લોકોના શપથ લઈને કહું છું, પ્રભુ,' ચંદ્રકેતુએ કહ્યું, 'હું સાચે જ નથી જાણતો. મને માત્ર એટલી જાણ છે કે લોકો તેને ગણનાયક કે લોકનાયક કહેતા હોય છે.'



'પ્રભુ,' ભગીરથે કહ્યું, 'આપણે ચંદ્રકેતુ રાજાને આગ્રહ કરવો જ રહ્યો.'

બંગહૃદયના રાજમહેલમાં શિવના અંગત ભવનમાં ભગીરથ, પર્વતેશ્વર અને દિવોદાસ ઉપસ્થિત હતા.

'હું એ વાત સાથે સહમત છું, પ્રભુ,' દિવોદાસે કહ્યું.

'ના,' શિવે કહ્યું, 'ચંદ્રકેતુની વાત સાચી છે. આપણે પંચવટી પર આક્રમણ કરીએ એ પહેલાં તેમને એ ઔષધ આપવાનો પ્રબંધ કરવો પડે.'

'પરંતુ એ તો અશક્ય છે, પ્રભુ,' પર્વતેશ્વરે કહ્યું, 'માત્ર નાગવંશીઓ પાસે જ એ ઔષધ છે. તે ઔષધ મેળવવાનો એકમાત્ર માર્ગ એ છે કે આપણે નાગવંશી પ્રદેશ આપણા નિયંત્રણ હેઠળ લાવીએ. અને જો આપણને બ્રંગદેશના રાજા જ પંચવટીનો માર્ગ ન બતાવે તો આપણે કઈ રીતે એ પ્રદેશ પણ આક્રમણ કરીને તેને આપણા નિયંત્રણ હેઠળ લાવી શકીએ ?'

શિવે દિવોદાસ સામે જોયું, 'એ ઔષધ મેળવવાનો બીજો કોઈ માર્ગ અવશ્ય હશે.'

'એક વિચિત્ર માર્ગ છે, પ્રભુ,' દિવોદાસે કહ્યું.

'કયો માર્ગ ?'

'પરંતુ એ માર્ગ અનિષ્ટતમ માર્ગ છે, પ્રભુ.'

'એનો નિર્ણય મને કરવા દો. માર્ગ કયો છે ?'

'મધુમતી નદીને સામે કાંઠે આવેલા જંગલોમાં એક લૂંટારું રહે છે.'

'મધુમતી ?'

'એ પણ બ્રંગની એક ઉપનદી જ છે, પ્રભુ. અમારી પશ્ચિમે.'

'બરોબર.'

'એમ સાંભળવા મળે છે કે એ લૂંટારો આ ઔષધી બનાવવાનું જાણે છે. એમ પણ કહેવાય છે કે મહાનદીની પેલે પાર નૈઋર્ત્ય દિશામાંથી તે કોઈ ગોપનીય છોડ લાવે છે, જેની સહાયથી આ ઔષધ બનાવવામાં આવે છે.'

'તો પછી એ લૂંટારો આ ઔષધનું વેચાણ શા માટે નથી કરતો ? લૂંટારુઓને તો છેવટે ધનમાં જ રસ હોય ને ?'

'એ અત્યંત વિચિત્ર લૂંટારો છે, પ્રભુ. એમ કહેવાય છે કે તે જન્મે તો બ્રાહ્મણ જ હતો પરંતુ તેણે ઘણા સમય પહેલાં જ્ઞાનનો માર્ગ છોડીને હિંસાનો માર્ગ અપનાવી લીધો છે. અમારામાંથી મોટાભાગના લોકો એમ માને છે કે તેને કોઈ માનસિક સમસ્યા છે. તેને ધનઉપાર્જનમાં કોઈ જ રુચિ નથી. તે ક્ષત્રિયોની અનહદ ઘૃણા કરે છે અને તેના પ્રદેશમાં પગ મૂકનારા કોઈ પણ યોદ્ધાની તે હત્યા કરી નાખે છે, પછી ભલેને તે બિચારો માર્ગ ભૂલીને ત્યાં પહોંચી ગયો હોય. તે ગમે તેટલું સુવર્ણ આપવા છતાં નાગવંશી ઔષધ કોઈને આપતો નથી. તેનો ઉપયોગ તે માત્ર પોતાની ટોળીના સભ્યો માટે જ કરે છે.'

શિવને આશ્ચર્ય થયું, 'સાચે જ વિચિત્ર કહેવાય.'

'એ રાક્ષસ છે, પ્રભુ. નાગવંશીઓથી પણ ખરાબ. એમ પણ કહેવાય છે કે તેણે પોતાની માતાનું મસ્તક પણ ધડથી અલગ કરી દીધું હતું.'

'હે ભગવાન !'

'હા, પ્રભુ. આવા અસ્થિર મનના માનવી સાથે તમે કઈ રીતે વાત કરી શકો ?'

'ઔષધ માટે એ સિવાયનો કોઈ માર્ગ ખરો ?'

'મને નથી લાગતું, પ્રભુ.'

'તો આપણો માર્ગ સ્પષ્ટ છે. આપણે એ લૂંટારાને પકડવો રહ્યો.'

'આ લૂંટારાનું નામ શું છે, દિવોદાસ ?' ભગીરથે પૂછ્યું.

'પરશુરામ.'

'પરશુરામ !' પર્વતેશ્વરને આઘાત લાગ્યો, 'એ તો હજારો વર્ષ પહેલાં થઈ ગયેલા છઠ્ઠા વિષ્ણુનું નામ છે.'

'હું જાણું છું, સેનાપતિ,' દિવોદાસે કહ્યું, 'પરંતુ મારો વિશ્વાસ કરો. આ લૂંટારુમાં છઠ્ઠા વિષ્ણુનો એક પણ ગુણ નથી.'



પ્રકરણ ૧૩
ઇચ્છવારના માનવભક્ષીઓ

'મહર્ષિ ભૃગુ ! અહીંયાં ?' દિલીપે સાશ્ચર્ય પૂછ્યું.

ભારતના તમામ રાજાઓ જાણતા હતા કે ભૃગુ મહર્ષિ મેલુહાના રાજગુરુ છે અને સૂર્યવંશી રાજપરિવારનો તેમને પૂરો સાથ છે. એટલે જ તેઓ અચાનક અયોધ્યામાં પ્રગટ થયા તેનું દિલીપને આશ્ચર્ય થયું હતું. જોકે એ તેમના માટે સન્માનની પણ વાત હતી, કારણ કે આ પહેલાં ભૃગુ કદી અયોધ્યા પધાર્યા નહોતા.

'હા, મહારાજ,' સ્વદીપના વડા પ્રધાન સિમંતકે કહ્યું.

સિમંતકે મહર્ષિને જે ભવનમાં રાખ્યા હતા, ત્યાં દિલીપ દોડી ગયા. ભૃગુનું ભવન તેમના હિમાલયના નિવાસસ્થાનની જેમ જ એકદમ ઠંડું અને ભેજવાળું રાખવામાં આવ્યું હતું.

દિલીપે તરત જ મહર્ષિને સાષ્ટાંગ પ્રણામ કર્યાં. 'મહર્ષિ ભૃગુ, આપ સ્વયં મારા નગર, મારા મહેલમાં પધાર્યા. કેવું મોટું સન્માન !'

ભૃગુએ સસ્મિત કોમળ અવાજે કહ્યું, 'સન્માન તો મને મળ્યું કહેવાય, મહાન સમ્રાટ. આપ તો ભારતના પથદર્શક છો.'

દિલીપની ભમરો આશ્ચર્યથી ઊંચી થઈ ગઈ, 'હું આપની શું સેવા કરી શકું, ગુરુજી ?'

ભૃગુ દિલીપને તાકી રહ્યા. 'મારે અંગત રીતે કશાની આવશ્યકતા નથી, મહારાજ. આ જગતની તમામ વસ્તુઓ તો માત્ર માયા જ છે. આપણે તમામે એ સનાતન સત્ય જ તો પામવાનું છે કે આપણને કશાની આવશ્યકતા હોતી નથી, કારણ કે માયાને હાથમાં રાખવી શક્ય જ નથી.'

દિલીપે સ્મિત કર્યું. ભૃગુ શું કહી રહ્યા હતા તે તેમને સ્પષ્ટ રીતે સમજાયું નહોતું પરંતુ તેઓ આ શક્તિશાળી બ્રાહ્મણ સાથે કોઈ પણ પ્રકારની અસહમતી દર્શાવવામાં અત્યંત ભય અનુભવતા હતા.

'હવે આપનું સ્વાસ્થ્ય કેવું છે ?' ભૃગુએ પૂછ્યું.

દિલીપે સુતરાઉનું રાજવી કપડું પોતાના હોઠ પર ફેરવીને તેની પર વૈદ્યે લગાવેલું ઔષધ લૂછી નાખ્યું. ગઈકાલે પ્રભાતમાં રાજાને ઉધરસમાં રક્ત નીકળ્યું હતું. તેમના વૈદ્યોએ તેમને જણાવ્યું હતું કે તેઓ હવે થોડાક જ માસ જીવી શકશે. 'આપનાથી કશું જ ગોપનીય નથી, પ્રભુ.'

ભૃગુએ હકારમાં મસ્તક હલાવ્યું પરંતુ એ કશું પણ બોલ્યા નહીં.

દિલીપે બહાદુરીથી સ્મિત કર્યું, 'હવે જીવનથી કોઈ પણ ગ્લાનિ નથી રહી, પ્રભુ. મેં

સુંદર જીવન ભોગવ્યું છે. હું સંતુષ્ટ છું.'

'સત્ય. આપનો પુત્ર કેમ છે ?'

દિલીપે પોતાની આંખો ઝીણી કરી પણ મહર્ષિ સમક્ષ અસત્ય ઉચ્ચારવામાં કોઈ જ સાર નહોતો. આ તો મહર્ષિ ભૃગુ હતા જેમને ઘણા લોકો સપ્તર્ષિના ઉત્તરાધિકારી માનતા હતા. 'એમ લાગે છે કે તેણે મારી હત્યા નહીં કરવી પડે. ભાગ્ય જ એ કામ તેને કરી આપશે. પણ ભાગ્ય સામે કોણ લડી શક્યું છે ?'

ભૃગુએ આગળ નમીને કહ્યું, 'નિર્બળો જ માત્ર ભાગ્યને દોષ આપી શકે છે, મહારાજ. સબળ માનવ તો પોતાનું ભાગ્ય જાતે જ ઘડે છે.'

દિલીપે પૂછ્યું, 'આપ શું સૂચવવા માંગો છો, ગુરુજી ?'

'તારે કેટલું આયુષ્ય ભોગવવું છે ?'

'શું એ મારા હાથમાં છે ?'

'ના. મારા હાથમાં છે.'

દિલીપે મૃદુ હાસ્ય કર્યું, 'સોમરસની કોઈ જ અસર નહીં થાય, પ્રભુ. એ તો મેં મેલુહાથી ઘણો ચોરી મંગાવ્યો છે. પરંતુ મને ઘણાં કષ્ટો સહન કર્યા પછી સમજાયું છે કે તેનાથી રોગનો ઉપચાર થતો નથી.'

'સોમરસ સપ્તર્ષિઓનો મહાનતમ આવિષ્કાર હતો, પરંતુ તે એક માત્ર આવિષ્કાર નહોતો, મહારાજ.'

'તો આપ એમ કહેવા ઇચ્છો છો કે. . .'

'હા.'

દિલીપ ઊંડો શ્વાસ ભરવા માંડ્યા, 'અને તેના માટે મારે શું આપવું પડશે ?'

'તારે માત્ર આ ઋણનું સ્મરણ જ રાખવાનું છે.'

'આપ મને આશીર્વાદ આપો, ગુરુજી. હું સદાય આપનો ઋણી રહીશ જ.'

'મારો ઋણી નહીં,' ભૃગુએ કહ્યું, 'ભારતનો ઋણી રહેજે. અને જ્યારે આ દેશની સેવા કરવાની તક આવશે ત્યારે હું તને એનું સ્મરણ કરાવીશ.'

દિલીપે હા પાડી.

થોડાક દિવસો પછી એક વહાણમાં શિવ, ભગીરથ, પર્વતેશ્વર, આનંદમયી, દિવોદાસ, દ્રપકુ, પૂર્વક, નંદી અને વીરભદ્ર પદ્મ જવા નીકળ્યા. તેમની સાથે કાશીથી જે ટુકડી નીકળી હતી તેના અડધા એટલે કે પાંચસો જેટલા સૈનિકો હતા. એ માત્ર સૂર્યવંશી જ હતા. ભયાનક લૂંટારાની ટોળકી પર આક્રમણ કરવા શિવને માત્ર શિસ્તબદ્ધ સૈનિકોની જ આવશ્યકતા હતી. તેમને એમ લાગ્યું હતું કે વધારે મોટી ટુકડી હશે તો લૂંટારો પોતાની ટોળકી સાથે લડવા જ નહીં આવે. એટલે ચાર વહાણો અને પાંચસો સૈનિકોને બ્રંગહૃદયનું આતિથ્ય માણવાનો અવસર આપવામાં આવ્યો હતો.

આયુર્વતી પણ વહાણ પર હતી. તેની આવશ્યકતા હતી, કારણ કે દિવોદાસે રક્તપાતનો ભય સૂચવ્યો હતો.

થોડાક દિવસ આગળ વધ્યા પછી વહાણ એ જગ્યાએ પહોંચ્યું જ્યાં મધુમતી નદી બ્રંગ નદીથી અલગ પડતી હતી. તેઓ મધુમતીના પ્રવાહમાં સવાર થઈને બ્રંગ દેશના પશ્ચિમ કિનારે પહોંચ્યા. એ બાજુ અત્યંત પાંખી જનસંખ્યા હતી. જોકે બંને કાંઠાનું વન વધુ ને વધુ ગાઢ બનતું જતું હતું.

'લૂંટારા માટેનું આદર્શ સ્થળ છે,' શિવે કહ્યું.

'હા, પ્રભુ,' દ્રપકુએ કહ્યું, 'અને પાછી આ જગ્યા મુખ્ય પ્રદેશની એટલી સમીપ પણ

ખરી કે અહીંથી હલ્લો ત્યાં અવશ્ય લઈ જઈ શકાય. અને એટલી ગાઢ પણ ખરી કે સરળતાથી તેમાં છુપાઈ પણ શકાય. આ માણસને બ્રંગદેશ કેમ નાથી નથી શકતો, એ મને બરોબર સમજાય છે.'

'આપણે તેને જીવતો પકડવાનો છે, દ્રપકુ. આપણે નાગવંશી ઔષધ માટેનો ઉપાય શોધવાનો છે.'

'હું જાણું છું, પ્રભુ. સેનાપતિ પર્વતેશ્વરે અમને એ સૂચના આપી જ રાખી છે.'

શિવે મસ્તક હલાવ્યું. પાણીમાં પેલી વિશાળ માછલીઓ નૃત્ય કરી રહી હતી. સુંદરી વૃક્ષોની ગાઢ ઘટામાં પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. એક કાંઠે એક વિશાળકાય વાઘ આળસ ખાતો પડ્યો હતો. દરેક જીવ બ્રહ્મપુત્રા અને ગંગાનું આતિથ્ય માણી રહ્યો હતો. અત્યંત અદ્ભુત પ્રાકૃતિક દૃશ્ય હતું.

'અત્યંત સુંદર ભૂમિ છે, પ્રભુ,' દ્રપકુએ કહ્યું.

શિવે કોઈ ઉત્તર આપ્યો નહીં. તેઓ કાંઠાને ગંભીરતાથી તાકી રહ્યા હતા.

'પ્રભુ,' દ્રપકુએ પૂછ્યું, 'કંઈ દેખાય છે ?'

'કોઈ આપણને અનુસરી રહ્યું છે. હું એ અનુભવી શકું છું. આપણને કોઈ ચોક્કસ અનુસરી રહ્યું છે.'



પૂર્વ કાંઠે આવેલા મહેલની ઘટના પછી સતીનો અતિથિગ્વ સાથેનો સંબંધ અત્યંત ગાઢ બન્યો હતો. અતિથિગ્વ તેના સગા ભાઈ સમાન બની રહ્યા હતા. ગોપનીય તથ્યોના આધારે અદ્ભુત સંબંધો રચાતા હોય છે. સતીએ પોતાનું વચન પાળ્યું હતું અને કોઈ સમક્ષ માયા અંગે એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહોતો. કૃતિકા સમક્ષ પણ નહીં.

અતિથિગ્વ રાજ્યની નાનામાં નાની વાતમાં સતીની સલાહ લેતા હતા. અને સતી પણ હંમેશા યોગ્ય સલાહ જ આપતી હતી. તેના કારણે ચંદ્રવંશીના અનિયંત્રિત અને અરાજક નગરમાં કંઈક વ્યવસ્થા સ્થપાઈ હતી.

જોકે અત્યારની સમસ્યા જરા ગૂંચવણભરેલી હતી.

'માત્ર ત્રણ જ સિંહ આટલી બધી અરાજકતા કઈ રીતે ફેલાવી શકે ?' સતીએ પૂછ્યું.

ઇચ્છવાર ગામના લોકોએ એ સહાયની આજીજી કરી હતી તેના વિષે અતિથિગ્વએ સતીને જણાવ્યું હતું. ઘણા માસથી એ ગામના લોકો માનવભક્ષી સિંહોના ઓથાર હેઠળ જીવી રહ્યા હતા. ઘણા સમયથી કાશી પાસે સહાય માંગવામાં આવી રહી હતી. કાશીએ એ જ પ્રમાણે અયોધ્યા પાસેથી સહાય માંગી હતી, કારણ કે કાશી છેવટે તો અયોધ્યા હેઠળ આવતું રાજ્ય જ હતું. ચંદ્રવંશી અધિકારીઓ કાશી અને અયોધ્યા વચ્ચેના અશ્વમેધ કરારની વિગતો જ અત્યાર સુધી ચર્ચી રહ્યા હતા. તેમાં મુખ્ય મુદ્દો એ જ હતો કે એ કરાર હેઠળ અયોધ્યા પ્રાણીઓથી કાશીનું રક્ષણ કરવા બંધાયેલું નહોતું. અને કાશી પાસે એટલા યોદ્ધા તો હતા જ નહીં કે જેમને સિંહનો સામનો કરવા મોકલી શકાય.

'હવે આપણે શું કરવું જોઈએ, દેવી ?'

'આપે એક માસ પહેલાં કાશીના સુરક્ષાદળની એક ટુકડી ત્યાં મોકલી આપી છે ને ?'

'હા, દેવી,' અતિથિગ્વએ કહ્યું, 'તેમણે તેમનો શ્રેષ્ઠ પ્રયત્ન કરી જોયો. તેમણે એવું

છટકું ગોઠવ્યું કે ગામવાસીઓ ઢોલ વગાડતાં વગાડતાં સિંહોને એક એવા ખાડા પાસે લઈ જાય જેમાં નીચે ભાલા ગોઠવેલા હોય અને ઉપરથી તે ખાડા ઢંકાયેલો હોય. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે મોટાભાગના સિંહ છટકી ગયા અને એક પાઠશાળા પર તેમણે આક્રમણ કર્યું. એ પાઠશાળામાં ગામનાં બધાં જ બાળકોને સુરક્ષા માટે સાથે રાખવામાં આવ્યાં હતાં .'

સતીએ આઘાતના હાવભાવ પરાણે દબાવી રાખ્યા.

આંખોમાં આંસુ સાથે અતિથિગ્વએ કહ્યું, 'પાંચ બાળકોને એમણે ફાડી ખાધાં.'

'હે રામ, કૃપા કરો,' સતીથી બોલી જવાયું.

'એ નરભક્ષીઓ બાળકોને દૂર પણ ઘસડી ન ગયા. તેઓ કદાચ છટકામાં ફસાયેલા એક સિંહનો પ્રતિશોધ લેવા ઇચ્છતા હશે.'

'એ લોકો માનવી નથી, મહારાજ,' સતીએ ચિડાઈને કહ્યું, 'એ પ્રાણીઓ ક્રોધ કે પ્રતિશોધની ભાવના અનુભવતા નથી હોતાં. પ્રાણીઓ માત્ર ભૂખ અથવા સ્વ-બચાવ માટે જ આક્રમણ કરતાં હોય છે.'

તો પછી તેમણે એ બાળકોનો શિકાર કરીને તેમના મૃતદેહો ત્યાં શા માટે રહેવા દીધા હશે, એમ સતીને વિચાર આવ્યો.

'શું આ ઘટનામાં એવું કંઈ છે જે આપણે ન જાણતા હોઈએ ?' સતીએ પૂછ્યું.

'હું નથી જાણતો, દેવી. મને તો કંઈ જ સમજાતું નથી.'

'આપના સૈનિકો ક્યાં છે ?'

'એ લોકો તો હજુ પણ ઇચ્છવારમાં જ છે. પરંતુ ગ્રામવાસીઓ હવે તેમને બીજાં છટકાં ગોઠવવા દેતા નથી. એ લોકોનું એવું કહેવું છે કે સિંહોને આમ ફસાવવામાં તેમના જીવન પણ જાખમમાં આવી જાય છે. તે લોકો એમ ઇચ્છે છે કે સૈનિકો જંગલમાં જાય અને સિંહોનો શિકાર કરે.'

'અને સૈનિકો એમ કરવા નથી ઇચ્છતા ?'

'એવું નથી કે તેઓ એમ કરવા નથી ઇચ્છતા, દેવી. પરંતુ એ કઈ રીતે કરવું એ જ તેઓ નથી જાણતા. એ લોકો છેવટે તો કાશીના જ નાગરિકો છે. અને અમે શિકાર નથી કરતા.'

સતીએ નિસાસો નાખ્યો.

'જોકે એ લોકો લડવા તો તૈયાર જ છે,' અતિથિગ્વએ કહ્યું.

'તો હું ત્યાં જઈશ,' સતીએ કહ્યું.

'એ તો આપ નહીં જ જાવ, દેવી,' અતિથિગ્વએ કહ્યું, 'હું આપની પાસેથી એવી અપેક્ષા પણ નથી રાખતો. હું તો માત્ર એમ ઇચ્છું છું કે આપ સ્વયં સમ્રાટ દિલીપને સહાય માટે સંદેશો મોકલો. એ આપને તો નકારી નહીં જ શકે.'

'એમાં ઘણો સમય લાગી જશે, મહારાજ. સ્વદીપનું તંત્ર કઈ રીતે કામ કરે છે એ હું સારી રીતે જાણું છું. અને એ સમયગાળામાં આપના લોકો મરતા જ રહેશે. એટલે મારે જવું જ રહ્યું. મારી સાથે કાશીના સુરક્ષાદળની બે ટુકડીઓ મોકલો.'

સાઠ સૈનિકો. તેમાંથી ચાલીસ મારી સાથે આવશે અને વીસની એક ટુકડી તો ત્યાં છે જ. એટલા સૈનિકો પૂરતા રહેશે.

અતિથિગ્વ નહોતા ઇચ્છતા કે સતી વનમાં જઈને કોઈ સાહસ કરે. તેમના મનમાં સતી માટે ભગિનીસ્નેહ જાગ્રત થયો હતો. 'દેવી, જો તમને કંઈ થયું તો મારાથી. . .'

'મને કશું જ નહીં થાય,' સતીએ અધવચ્ચે જ કહ્યું, 'હવે મને બે ટુકડીઓ આપો. બે

સિંહ સામે સાઠ સૈનિકો પૂરતા થઈ રહેશે. જેણે સેનાપતિ પર્વતેશ્વરને બ્રંગલોકો સામે રક્ષણમાં સહાય કરી હતી, તે માણસ જ આ બધી ટુકડીઓનું નેતૃત્વ કરે, એમ હું ઇચ્છું છું. તેનું નામ કાવસ હતુંને ?'

અતિથિગ્વએ હા પાડી, 'દેવી, એમ ન માનશો કે આપનાં કૌશલ્યો અંગે મને કોઈ સંશય છે. . .પરંતુ તમે મારી બહેન સમાન છો. તમે તમારી જાતને આવી રીતે ભયમાં મૂકો એ હું ન થવા દઉં. એટલે મને નથી લાગતું કે તમારે આમ જવું જોઈએ.'

'અને મને એમ લાગે છે કે મારે અવશ્ય જવું જોઈએ. નિર્દોષોની હત્યા થઈ રહી છે. હું કંઈ ન કરું તો રામ ભગવાન મને અહીંયાં રહેવા જ ન દે. એટલે હું ત્યાં એકલી જઈશ અથવા ચાલીસ સૈનિકો સાથે જઈશ. હવે તમારે જ વિકલ્પ પસંદ કરવાનો છે.'



વહાણ મધુમતીમાં હળવે હળવે સરકી રહ્યું હતું. પરશુરામના પક્ષેથી તો કોઈ આક્રમણ થયું નહોતું. શિવના વહાણને આગ લગાડવા માટે કોઈ નાની-નાની હોડીઓ પણ છોડવામાં આવી નહોતી. અને વહાણ પર કોઈ તીર પણ છોડવામાં આવ્યાં નહોતાં. કશું જ બન્યું નહોતું.

પર્વતેશ્વર અને આનંદમયી વહાણના તૂતક ઉપર ઊભાં હતાં અને મંદ વહેણવાળી મધુમતીમાં ઊગી રહેલા સૂર્યનું પ્રતિબિંબ નીરખી રહ્યાં હતાં.

'પ્રભુ સત્ય કહે છે,' પર્વતેશ્વરે કહ્યું, 'કોઈક આપણી પર અવશ્ય ધ્યાન રાખી રહ્યું છે. મને પણ એવો જ અનુભવ થઈ રહ્યો છે. મને તેનાથી અકળામણ પણ થઈ રહી છે.'

'સાચે જ ?' આનંદમયીએ સ્મિત કર્યું, 'મારી પર તો કાયમ લોકો ધ્યાન રાખતા જ હોય છે. પરંતુ મને તો કોઈ જ અકળામણ થતી નથી !'

પર્વતેશ્વર આનંદમયીને પોતાની વાત સમજાવવા અવળા ફર્યા. પછી તેમને શ્લેષ સમજાયો અને તેમણે સ્મિત કર્યું.

'હે ઇન્દ્ર ભગવાન !' આનંદમયીએ ઉદ્ગાર કાઢ્યો, 'છેવટે મેં તમારા મુખ પર સ્મિત લાવી જ દીધું ! કેવી મોટી સિદ્ધિ !'

પર્વતેશ્વરનું સ્મિત વધારે પહોળું થયું, 'હા, હું તો માત્ર એમ કહી રહ્યો હતો કે લૂંટારો શા માટે આપણા પર આક્રમણ નથી કરી રહ્યો. . .'

'હવે આ સુંદર ક્ષણનો વ્યય ન કરો,' કહીને આનંદમયીએ પર્વતેશ્વરના કાંડા પર ટપલી મારી. 'તમે જાણો જ છો કે તમે સ્મિત કરો ત્યારે અત્યંત સુંદર લાગો છો. તમારે અવારનવાર સ્મિત કરતા રહેવું જોઈએ.'

પર્વતેશ્વરના ગાલ પર લાલિમા છવાઈ ગઈ.

'અને તમારા ગાલ રતુંબડા થઈ જાય ત્યારે તો તમે વધારે સુંદર લાગો છો,' આનંદમયીએ ખડખડાટ હાસ્ય વેરતાં કહ્યું.

પર્વતેશ્વર વધારે સંકોચ અનુભવવા લાગ્યા, 'રાજકુમારી. . .'

'આનંદમયી.'

'શું ?'

'મને આનંદમયી કહો.'

'એ હું કેવી રીતે કરી શકું ?'

'અત્યંત સરળ છે. માત્ર આનંદમયી બોલી જુઓ.'

પર્વતેશ્વર ચૂપ જ રહ્યા.

'તમે શા માટે મને આનંદમયી ન કહી શકો ?'

'એમ હું ન કરી શકું, રાજકુમારી. એ યોગ્ય નથી.'

આનંદમયીએ નિસાસો નાખ્યો, 'મને એક વાત કહો પર્વતેશ્વર. યોગ્ય શું અને અયોગ્ય શું એ છેવટે નક્કી કોણ કરે છે ?'

પર્વતેશ્વરે કહ્યું, 'ભગવાન રામે આપેલા નિયમો.'

'અને શિક્ષા આપવા માટેનો ભગવાન રામનો મૂળભૂત નિયમ કયો છે ?'

'એક પણ નિર્દોષ માનવને સજા ન થવી જોઈએ. એક પણ દોષી છૂટવો ન જોઈએ.'

'તો પછી તમે ભગવાન રામના નિયમોનું જ ઉલ્લંઘન કરી રહ્યા છો.'

'કેવી રીતે ?' પર્વતેશ્વરે સાશ્ચર્ય પૂછ્યું.

'એક નિર્દોષ સ્ત્રીએ કોઈ જ અપરાધ નથી કર્યો તેમ છતાં તમે તેને શિક્ષા કરી રહ્યા છો.'

હવે પર્વતેશ્વરની આંખો પહોળી થઈ ગઈ.

'ઘણા બધા ઉમરાવોએ અઢીસો વર્ષ પહેલાં ભગવાન રામના એક નિયમનું ઉલ્લંઘન કર્યું અને તેમને એ અપરાધની કોઈ શિક્ષા પણ ન થઈ. અને મને જુઓ. મારે તો એ અપરાધ સાથે કંઈ જ લેવા દેવા પણ નથી. હું તો એ સમયે જન્મી પણ નહોતી. તેમ છતાં તમે મને એની શિક્ષા કરી રહ્યા છો.'

'હું તમને કોઈ જ શિક્ષા નથી કરી રહ્યો, રાજકુમારી. હું એવું કરી જ કઈ રીતે શકું ?'

'તમે કરી જ રહ્યા છો. અને તમે એ જાણો પણ છો. તમારી લાગણી હું જોઈ શકું છું. હું કંઈ અંધ નથી. એટલે આટલા ભોળપણનો દેખાવ ન કરશો. એ સાચે જ અપમાનજનક લાગે છે.'

'રાજકુમારી. . .'

'ભગવાન રામે તમને શું કરવા કહ્યું હોત ?' આનંદમયીએ કહ્યું.

પર્વતેશ્વરે મુઠ્ઠી વાળી અને નીચે જોઈને ઊંડો નિસાસો નાખતાં કહ્યું, 'આનંદમયી, કૃપા કરીને સમજો. હું એમ કરવા ઈચ્છું તોપણ હું ન કરી શકું. . .'

એ જ સમયે દ્રપકુ તેમની પાસે આવ્યો, 'સેનાપતિ, પ્રભુ આપની ઉપસ્થિતિ ઇચ્છે છે.'

પર્વતેશ્વર તેમની જગ્યાએથી હલ્યા નહીં. તે હજુ આનંદમયીને જ તાકી રહ્યા હતા.

'સેનાપતિ. . .' દ્રપકુએ પુનઃ કહ્યું.

પર્વતેશ્વર એકદમ મૃદુ અવાજે બોલ્યા, 'મને ક્ષમા કરશો, રાજકુમારી. હું આપની સાથે પછી વાત કરીશ.'

પછી તેઓ દ્રપકુની પાછળ ચાલી નીકળ્યા.

આનંદમયીએ દ્રપકુને મહેણું માર્યું, 'તમે એકદમ સમયસર પધાર્યા !'



'તમારે સાચે જ જવું જોઈએ, દેવી ?' સૂતેલા કાર્તિકનું પારણું ઝુલાવતાં કૃતિકાએ કહ્યું.

સતીએ આશ્ચર્યથી કૃતિકા સામે જોયું, 'નિર્દોષો મરી રહ્યા છે, કૃતિકા. શું મારી પાસે

અન્ય કોઈ વિકલ્પ છે ?'

કૃતિકાએ હા પાડીને કાર્તિક સામે જોયું.

'મારો પુત્ર પણ આ વાત સમજશે,' સતીએ કહ્યું, 'એ પણ એમ જ કરશે. હું એક ક્ષત્રિય છું. નબળાની રક્ષા કરવી મારો ધર્મ છે અને ધર્મ સૌથી પહેલોં આવે.'

કૃતિકાએ ઊંડો શ્વાસ લઈને કહ્યું, 'હું સહમત છું, દેવી.'

સતીએ હળવેથી કાર્તિકનું મુખ પસવાર્યું, 'એનું બરોબર ધ્યાન રાખજે. એ મારું જીવન છે. મને પહેલાં કદી પણ માતૃત્વનું સુખ મળ્યું નથી. મને ક્યારેય કલ્પના પણ નહોતી આવી કે હું કોઈને શિવ જેટલો જ પ્રેમ કરી શકીશ. પરંતુ આટલા ટૂંકા સમયગાળામાં, કાર્તિક. . .'

કૃતિકાએ સતીએ સામે સ્મિત કર્યું અને સતીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું, 'હું એનું બરોબર ધ્યાન રાખીશ. એ મારો પણ શ્વાસ અને પ્રાણ જ છે.'



નાગવંશીઓનો ગણનાયક ચંબલ નદીના ઠંડા પાણીમાં ઊતર્યો હતો. તેણે ખોબામાં પાણી લઈને અર્ઘ્યઆપ્યો. પછી બંને હાથ તેણે પોતાના મુખ પર ફેરવ્યા.

બાજુમાં રહેલી રાણીએ ભમર ઊંચી કરીને કહ્યું, 'પ્રાર્થના કરે છે ?'

'પ્રાર્થનાથી કોઈ સહાય થશે કે કેમ એ હું નથી જાણતો. મને નથી લાગતું કે ઉપર બેઠેલામાંથી કોઈને મારામાં જરા પણ રસ હોય.'

રાણીએ સ્મિત કર્યું અને નદીના વહેતા પાણીને નીરખવા માંડી.

'પરંતુ એવો સમય પણ આવે છે કે જ્યારે તમને પરમશક્તિની સહાય મેળવવી ગમે છે,' ગણનાયકે કહ્યું.

રાણીએ તેની સામે જોઈને હા પાડી. પછી ઊભા થઈને તેણે પોતાનું મહોરું પાછું ચડાવી લીધું. 'મને એવા સમાચાર મળ્યા છે કે તે કાશીથી ઇચ્છવાર જઈ રહી છે.'

નાગવંશીએ ઊંડો શ્વાસ લીધો. ધીમેથી ઊભા થઈને તેણે પણ પોતાનું મહોરું ચડાવી લીધું.

'તેની સાથે માત્ર ચાલીસ જ સૈનિકો છે.'

નાગવંશીએ ઉત્તેજનાથી ઊંડો શ્વાસ લીધો. થોડેક જ દૂર વિશ્વધુમન સો બ્રંગ સૈનિકો સાથે બેઠો હતો. આ જ યોગ્ય ક્ષણ હતી. બે લાખ લોકોથી ધમધમતા નગરમાં તો તેને ઝડપવી અશક્ય હતી. ઈચ્છવારનું અંતરિયાળપણું તેને ઝડપવાની તક વધારતું હતું. અને આ વખતે તો સંખ્યા પણ તેમના જ પક્ષે હતી. છેવટે નાગવંશીના શ્વાસોશ્વાસ નિયમિત થયા. પોતાનો અવાજ શાંત રાખવાનો પ્રયત્ન કરતાં તેણે કહ્યું, 'આ તો સારા સમાચાર છે.'

રાણીએ સ્મિત કરીને ગણનાયકનો ખભો થપથપાવ્યો, 'બહુ ગભરાવાની આવશ્યકતા નથી, પુત્ર. હું પણ તારી સાથે જ છું. દરેકેદરેક પગલે.'

નાગવંશીએ હા પાડી ને ઝીણી આંખે તે વિચારમાં ગરકાવ થઈ ગયો.



બીજા પ્રહરના પ્રારંભે જ સતી કાવસની સાથે બંને ટુકડીઓ લઈને ઈચ્છવારમાં પ્રવેશી. ગામના બીજા છેડે ખડકવામાં આવેલી વિશાળ ચિતા જોઈને તેને આશ્ચર્ય થયું. તે આગળ વધતી રહી અને ટુકડી તેને અનુસરતી રહી.

એક ભયભીત માનવ ઊંડા શ્વાસ ભરતો તેમની દિશામાં દોડતો આવ્યો, 'જતા રહો ! અહીંથી જતા રહો !'

તેની અવગણના કરીને સતી વિશાળ ચિતાની દિશામાં આગળ ધપતી રહી.

'તમે મારી અવગણના ન કરી શકો. હું ઇચ્છવારનો મુખી છું.'

ત્યાં સુધીમાં સતીએ ગ્રામવાસીઓનાં મુખ જોયાં અને એ દરેકના મુખ પર ભય લીંપાયેલો હતો.

'તમે લોકો આવ્યા પછી તો પરિસ્થિતિ વણસી છે !' મુખીએ કહ્યું.

સતીએ જોયું કે બ્રાહ્મણે ચિતા સમક્ષ વિધિ પૂરી કરી હતી અને તે સદ્ગત આત્માઓના મોક્ષ માટે પ્રાર્થના કરી રહ્યો હતો. માત્ર એ માણસ જ સંયત અવસ્થામાં હોય, એમ લાગતું હતું.

સતીએ પોતાનો અશ્વ તેની દિશામાં આગળ વધાર્યો, 'કાશીના સૈનિકો ક્યાં છે ?'

બ્રાહ્મણે ચિતા સામે આંગળી ચીંધીને કહ્યું, 'આ ચિતામાં.'

'વીસે વીસ સૈનિકો ?' આઘાત અનુભવતાં સતીએ પૂછ્યું.

બ્રાહ્મણે હકારમાં મસ્તક હલાવ્યું, 'ગઈકાલે રાત્રે જ સિંહોએ તેમને ફાડી ખાધા. અમારા ગ્રામવાસીઓની જેમ જ સૈનિકોને પણ સમજાયું નહીં કે શું થઈ રહ્યું છે.'

સતીએ ચિતા ફરતે જોયું. ગામના પાદરનો એ ખુલ્લો વિસ્તાર હતો અને પછી સીધું જ વન શરૂ થતું હતું. ડાબી બાજુ થોડેક અંતરે અમુક ધાબળા અને કોઈ છાવણીના અવશેષો દેખાતા હતા. બધે જ રક્તપાત થયેલો દેખાતો હતો.

'એ બધા અહીંયાં સૂતા હતા ?' સતીએ આશંકા સાથે પૂછ્યું.

બ્રાહ્મણે હા પાડી.

'માનવભક્ષી સિંહોની ઉપસ્થિતિમાં તો આ આત્મહત્યાનું ઉત્તમ સ્થળ કહેવાય ! એ બધા રાત્રે અહીં શા માટે સૂતા હતા ?'

બ્રાહ્મણે મુખી સામે જોયું.

'એ તેમનો નિર્ણય હતો !' મુખીએ સ્વબચાવની મુદ્રામાં કહ્યું.

'અસત્ય,' બ્રાહ્મણે કહ્યું, 'એ માત્ર એમનો એકલાનો નિર્ણય નહોતો.'

'મને અસત્ય બોલનારની ગાળ ન આપશો, સૂર્યાક્ષ !' મુખીએ કહ્યું, 'મેં તેમને માત્ર એટલું જ કહ્યું હતું કે કોઈ પણ ઘરમાં તેમની ઉપસ્થિતિથી સિંહો ત્યાં આકર્ષાય છે અને તેમનાં મૃત્યુ નીપજે છે. કોઈના ઘરમાં ન રહેવાનો નિર્ણય તેમનો પોતાનો હતો !'

'એટલે તમે એમ માનો છો કે સિંહોને માત્ર સૈનિકોમાં જ રસ છે ?' સૂર્યાક્ષે પૂછ્યું, 'તો તમે ખોટું માનો છો.'

સતીએ આ સાંભળવાનું ત્યજીને સૈનિકો જ્યાં સૂતા હતા તે વિસ્તારનું નિરીક્ષણ કરવા માંડ્યું હતું. અત્યંત રક્તપાત થયો હતો અને ગંદકી પણ ઘણી થઈ હતી, તેમ છતાં સતીને સિંહો અને સિંહણનાં પગલાં દેખાતાં હતાં. સાત અલગ અલગ પગલાં હતાં. એટલે તેમને જે માહિતી મળી હતી તે તદ્દન ખોટી હતી. સતીએ અવળા ફરીને ઊંચા અવાજે પૂછ્યું, 'અહીં કેટલા સિંહ છે ?'

'બે,' મુખીએ કહ્યું, 'અમે ક્યારેય બેથી વધારે સિંહ જોયા નથી. ત્રીજો સિંહ એક છટકામાં ફસાઈને મર્યો હતો.'

સતીએ મુખીની અવગણના કરીને સૂર્યાક્ષ સામે જોયું. બ્રાહ્મણે ઉત્તર આપ્યો, 'આ પગલાં જોઈને એમ લાગે છે કે પાંચથી સાત સિંહ હોવા જોઈએ.'

સતીએ મસ્તક હલાવીને સહમતી દર્શાવી. અહીં બધામાં એક સૂર્યાક્ષ જ આ પરિસ્થિતિને યોગ્ય રીતે સમજતો હોય તેમ સતીને લાગ્યું. સતીએ તેને પોતાની સાથે ગામમાં આવવાનું કહ્યું.

સાત. તેનો અર્થ એમ થયો કે પાંચ સિંહણો હોવી જોઈએ. સિંહોના ટોળામાં એમ જ હોય છે , પરંતુ જો એક મૃત સિંહની સંખ્યા ગણીએ , તો એ ટોળામાં કુલ ત્રણ સિંહ હતા ? એ વિચિત્ર વાત કહેવાય. આમ તો સિંહના ટોળામાં માત્ર એક જ સિંહ હોય છે. કશુંક યોગ્ય નથી !



'આપણને કહેવામાં આવ્યું છે એનાથી પણ એ વધારે ચતુર છે,' શિવે કહ્યું, 'આપણે સપ્તાહોથી ગમે તેવી યુક્તિ લડાવીએ પરંતુ નિષ્ફળ જ જઈએ છીએ.' સૂર્ય મધ્યાહ્નને પ્રકાશી રહ્યો હતો. વહાણને કાંઠા સમીપે લાંગરવામાં આવ્યું હતું. ઘણો બધો કાંપ ઘસડાઈ આવતો હોવાથી મધુમતીમાં ઠેર ઠેર પ્રાકૃતિક રીતે જ બંધ બંધાઈ ગયા હતા અને નદીનો પ્રવાહ વારે વારે બદલાયા કરતો હતો. એના પરિણામે નદીની બંને બાજુ નવા રચાયેલા કિનારા પણ મળી આવતા હતા. અને એ નવા કિનારાઓ પર ગાઢ વનરાજી નહીં પરંતુ એટલી ખુલ્લી જગ્યા હતી કે ત્યાં ભયાનક યુદ્ધ લડી શકાય. શિવે વહાણ આવા જ એક ખુલ્લા કાંઠે લાંગર્યું હતું. ત્યાં તેમણે દૂર રહેલી વનરાજી પર એવી આશા સાથે તીર ચલાવ્યાં હતાં કે કદાચ પરશુરામ ઉશ્કેરાઈને બહાર આવે. અત્યાર સુધી તો આવી કોઈ યોજના ફળી નહોતી.

'હા, પ્રભુ,' પર્વતેશ્વરે સહમતી દર્શાવી, 'એ માત્ર ઘૃણાથી પ્રેરાઈને આપણી પર પ્રહાર કરે એમ લાગતું નથી.'

શિવ નદીકાંઠાને તાકી રહ્યા.

'મને લાગે છે કે આ વહાણને કારણે એમ થઈ રહ્યું છે,' પર્વતેશ્વરે કહ્યું.

'હા, તેના કારણે તે આપણી સંખ્યાની ધારણા લગાવી શકતો નહીં હોય.'

પર્વતેશ્વરે સહમતી દર્શાવી, 'પ્રભુ, તેને લલચાવીને બહાર લાવવા માટે આપણે વધારે જોખમ ઉઠાવવું પડશે.'

'મારી પાસે એક યોજના છે,' શિવે હળવેથી કહ્યું, 'હજુ આગળ એક આવો જ રેતાળ કિનારો આવે છે. હું સો માણસો સાથે કિનારે ઊતરીશ. એક વાર હું વનની અંદર માણસો લઈને ઊંડો ઊતરી જાઉં પછી વહાણે પાછા ફરી જવાનું. પરશુરામને એમ લાગવું જોઈએ કે અધિકારીઓ વચ્ચે કોઈ બાબતે અણબનાવ થયો છે. એટલે વહાણ અમને છોડીને બ્રંગ જવા નીકળી ગયું છે. હું વનમાં આગળ વધીને તેને બહાર કાઢીશ. જ્યારે એ મારી પકડમાં આવી જાય, ત્યારે હું હવામાં એક અગ્નિબાણ છોડીશ.'

'પછી ભગીરથ ત્વરાથી વહાણ અહીં લાવી શકશે, નાની નાની હોડીઓ ઉતારીને ચારસો સૈનિકો સાથે આ મેદાન પર ઊતરશે અને તેમને ઝડપી લેશે. માત્ર બે જ મહત્ત્વની વાતનું સ્મરણ રાખવાનું છે, પ્રભુ. એ લોકોની પીઠ નદીની દિશામાં હોવી જોઈએ. જેથી નાનકડી હોડીઓ દ્વારો સૈનિકો કાંઠે ઊતરે ત્યારે તેઓ છટકી જાય નહીં. અને વહાણ માત્ર

સઢ નહીં પરંતુ હલેસાંથી પણ આગળ વધે તેમ ગણતરી રાખવી જોઈએ, કારણ કે આ આયોજનમાં ગતિ અત્યંત મહત્ત્વની છે.'

શિવે સ્મિત કર્યું, 'એકદમ બરોબર. માત્ર એક જ મહત્ત્વની વાત ઉમેરવાની. કાંઠે આપણે નહીં હોઈએ. માત્ર હું જ હોઈશ. તમારી ઉપસ્થિતિ વહાણ પર હોય, એમ હું ઇચ્છું છું.'

'પ્રભુ !' પર્વતેશ્વરે સાશ્ચર્ય કહ્યું, 'હું આપને એ જોખમ લેવા દઈ શકું નહીં.'

'પર્વતેશ્વર, હું એ નીચને બહાર આવવા લલચાવી શકીશ. પરંતુ મારી પીઠ તમે સંભાળી રહ્યા હોવ, એ મારી આવશ્યકતા છે. જો સૈનિકો યોગ્ય સમયે કાંઠે ઊતરે નહીં, તો અમે બધા વઢાઈ જ જઈશું. અમે તેની હત્યાનો નહીં પરંતુ તેને જીવતા પકડવાનો પ્રયત્ન કરવાના છીએ. એના પક્ષે જોકે એવાં કોઈ જ બંધન નહીં હોય.'

'પરંતુ, પ્રભુ. . .' પર્વતેશ્વરે કહ્યું.

'મેં નિર્ણય કરી લીધો છે, પર્વતેશ્વર. તમે વહાણ પર જ રહેશો. હું માત્ર તમારી પર જ વિશ્વાસ કરી શકું તેમ છું. આવતીકાલે જ આ સાહસ શરૂ થશે.'



'અમેં અહીંયાં છાવણી નાખીશું,' ઇચ્છવારની શાળાને ચીંધીને સતીએ કહ્યું, કારણ કે સમગ્ર ગામમાં એ એક માત્ર જગ્યા જ ખાલી હતી. તેમાં કોઈ દ્વાર લગાવવામાં આવ્યાં નહોતાં અને સિંહો સામે કોઈ આડશ સર્જી શકાય એમ નહોતી. જોકે તેની અગાસી પર જવાની એક માત્ર સીડી હતી અને તેનું રક્ષણ કરી શકાય તેમ હતું.

ત્રીજો પ્રહર અડધો વીતી ચૂક્યો હતો. સિંહોને રાત્રે જ આક્રમણ કરવું ગમતું હોય છે અને રાત પડવામાં હવે ગણતરીના જ કલાકો બચ્યા હતા. ગ્રામવાસીઓ તો બધા જ પોતપોતાનાં ઘરોમાં પુરાઈ ગયા હતા. આગલી રાત્રે જે રીતે કાશીના સૈનિકોનો સામૂહિક હત્યાકાંડ સર્જાયો હતો, તેનાથી બધા ધ્રૂજી ઊઠ્યા હતા. કદાચ મુખી સાચું જ કહે છે, એમ બધા વિચારતા હતા. કાશીના સૈનિકોની ઉપસ્થિતિ દુર્ભાગ્યને નોતરી લાવતી હશે.

મુખી સતીની પાછળ પાછળ ચાલતો હતો અને સૂર્યાક્ષ એ બંનેની પાછળ હતો. 'તમારે અહીંથી જતા રહેવું જોઈએ. પરદેશીઓની ઉપસ્થિતિથી સિંહો વધારે ક્રુદ્ધ થતા જણાય છે.'

સતીએ તેની અવગણના કરીને કાવસને કહ્યું, 'આપણા માણસોને અગાસી પર ગોઠવો. અશ્વો પણ ત્યાં જ લઈ લેજો.'

કાવસ દોડીને આજ્ઞાપાલન કરવા જતો રહ્યો.

મુખીએ કહેવાનું ચાલુ રાખ્યું, 'પહેલાં તો એ સિંહો માત્ર પ્રાણીઓને જ મારી રહ્યા હતા. હવે એ લોકો માનવોને પણ મારી રહ્યા છે. એ બધું તમારા સૈનિકોને કારણે થયું છે. તમે અહીંથી જતાં રહો, તો ધીમે ધીમે બધું શાંત પડી જશે.'

સતીએ મુખી સામે જોઈને કહ્યું, 'એ સિંહોએ માનવરક્ત ચાખી લીધું છે. હવે કોઈ રીતે એમનાથી બચી શકાય નહીં. તમે બધા ગામ છોડીને જતા રહો અથવા અમે અહીંયાં રહીને એ બધા સિંહોનું નિરાકરણ લાવીએ. મારી સલાહ તો એ જ છે કે તમે બધા જ ગ્રામવાસીઓને ભેગા કરીને આવતીકાલે સવારે જ આ ગામ છોડીને જતા રહો.'

'અમે અમારી માતૃભૂમિ ન ત્યજી શકીએ !'

‘તમે તમારા ગ્રામવાસીઓને મોતના મુખમાં ધકેલી દો, એમ હું નહીં થવા દઉં. હું આવતીકાલે સવારે બધા ગ્રામવાસીઓને લઈને જઈશ. તમારી જાતનું શું કરવું, એ તમે અવશ્ય નક્કી કરી શકો છો.’

‘મારા લોકો ક્યારેય ઇચ્છવારનો ત્યાગ કરશે નહીં. ક્યારેય નહીં !’

ત્યાં જ સૂર્યાક્ષ બોલી ઊઠ્યો, ‘જો ગ્રામવાસીઓએ મારી વાત સાંભળી હોત, તો અમે ક્યારના આ ગામ છોડીને નીકળી ગયા હોત ! અને આવી કરપીણ ઘટનાઓ બની જ ન હોત.’

‘જો તમે તમારા પિતાજી કરતાં અડધા પણ પૂજારી હોત,’ મુખીએ વડચકું ભર્યું, ‘તો તમે જ પૂજા કરીને આત્માઓને શાંત પાડ્યા હોત અને સિંહોને ભગાડી મૂકયા હોત.’

‘પૂજાથી કોઈ સિંહ દૂર નથી ભાગવાના, મૂર્ખ ! તમને ગંધ નથી આવતી ? સિંહોએ આ ધરતીને પોતાનો પ્રદેશ ગણાવવા માટે અહીં ચારેબાજુ મૂત્રવિસર્જન કર્યું છે. હવે માત્ર બે જ વિકલ્પ છે : લડો અથવા ભાગી છૂટો. અને આપણે લડવાની ક્ષમતા તો ધરાવતા જ નથી. એટલે આપણે ભાગવું જ રહ્યું.’

‘બહુ થયું !’ સતીએ ચિડાઈને કહ્યું, ‘સિંહો તમારાથી વધારે ચતુર કેમ છે, એ દેખાય જ છે. પોતપોતાના ઘરે જાવ. સવારે મળીશું.’

સતી શાળાનાં પગથિયાં ચડી. અડધાં પગથિયાં પછી કોઈએ બળતણનાં સૂકાં લાકડાં ગોઠવ્યાં હતાં, એ જોઈને તેને આનંદ થયો. તેને કૂદીને સતી ઉપર જવા માંડી. અગાસીમાં પગ મૂકતાં જ તેને ડાબી બાજુ બળતણનાં લાકડાંનો ઢગલો દેખાયો.

તેણે કાવસ સામે જોયું, ‘આજની રાત માટે પૂરતાં છે ?’

‘હા, દેવી.’

સતીએ વન સામે જોઈને હળવેથી કહ્યું, ‘જેવો સૂર્ય અસ્ત થાય કે સીડી પરનું તાપણું તો પ્રગટાવી જ દેજો.’

પછી આગળ જતાં તેને એ જગ્યાએ એક બકરી બાંધેલી દેખાઈ જ્યાં આગલી રાત્રે સિંહોએ કાશીના સૈનિકોનો શિકાર કર્યો હતો. અગાસીથી ત્યાં સીધું જ લક્ષ્ય સાધી શકાય તેમ હતું. અમુક સિંહો પર તો બાણ ચલાવવા મળશે જ એવી તેણે આશા રાખી હતી. આ બકરીનો શિકાર કરવા સિંહો અવશ્ય આવશે, એમ આશા રાખીને સતી અગાસી પર જ પ્રતીક્ષા કરવા માંડી.



પ્રકરણ ૧૪
મધુમતીનું યુદ્ધ

શિવ, પર્વતેશ્વર, ભગીરથ, દ્રપકુ અને દિવોદાસ વહાણના પાછળના તૂતક પર બેઠા હતા. ચંદ્ર અદૃશ્ય હતો એટલે ચોમેર અંધકાર ફેલાયેલો હતો. તમરાંના અવાજ સિવાય ચોમેર એટલી શાંતિ હતી કે તેઓ આપોઆપ જ ધીમેથી બોલવા પ્રેરાતા હતા.

'સમસ્યા એ છે કે વહાણ પર બળવો ફાટી નીકળ્યો છે અને તેણે આખી ટુકડી સામે નહીં પરંતુ માત્ર સો માણસો સામે જ લડવાનું છે, એવું તેને કઈ રીતે મનાવીએ ?' શિવે કહ્યું.

'એના ગુપ્તચરો સતત આપણું ધ્યાન રાખી જ રહ્યા હશે,' દિવોદાસે કહ્યું, 'એટલે કોઈના પણ ગળે ઊતરે એવું નાટક કરવું રહ્યું. અને એક ક્ષણ માટે પણ અસાવધ રહેવું આપણા માટે અયોગ્ય રહેશે.'

શિવે અચાનક જ કંઈ નોંધ્યું. પોતાના હાથ વડે તેમણે બધાને વાતો ચાલુ રાખવાનો ઇશારો કર્યો અને તેઓ ધીમેથી ઊભા થઈને ઘૂંટણિયે સરકતા સરકતા વહાણના કઠેડા સુધી ગયા. તેમણે એકદમ હળવેથી પોતાનું ધનુષ્ય ઉઠાવ્યું અને તેની પર બાણ ચડાવ્યું. પછી તેઓ વીજળીના ચમકારાની જેમ ઊભા થયા અને તેમણે એ બાણ છોડ્યું. કોઈની ચીસ સંભળાઈ. પછી બધાને સમજાયું કે લૂંટારુ ટોળકીનો એક લૂંટારો તેમના વહાણ તરફ આવી રહ્યો હતો અને શિવે તેને વીંધી નાખ્યો છે.

'બહાર આવ કાયર !' શિવે બૂમ પાડી, 'પુરુષની જેમ યુદ્ધ કર.'

વનમાં કંઈક રમખાણ મચ્યું હોય એમ પ્રાણીઓની ચિચિયારીઓ સંભળાવા માંડી. પક્ષીઓએ પાંખો ફફડાવવા માંડી અને શિયાળ, વાઘ અને હરણો પણ અવાજ કરવા માંડ્યાં. નદીમાં કોઈ ખાબક્યું હોય એવો અવાજ સંભળાયો. સંભવતઃ કોઈ ઈજાગ્રસ્ત સાથીને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યું હતું. વનરાઈ વીંધીને કોઈ અંદર ગયું હોય એવો અવાજ શિવને સંભળાયો.

બધા શિવની પાસે આવ્યા એટલે શિવે કહ્યું, 'કોઈ મૃત્યુ પામે એવો એ ઘાવ નહોતો. આપણે પરશુરામને જીવતો જ પકડવાનો છે. સ્મરણ રહે. એટલે જ આપણું કામ વધારે કઠિન છે. પરંતુ ગમે તે થાય, આપણે તેને જીવતો રાખવો જ પડશે.'

એ જ સમયે તેમને વનમાંથી બૂમ સંભળાઈ, 'તમે બધા કાયરો વહાણમાંથી નીચે કેમ નથી ઊતરતા ? પછી હું તમને બતાવીશ કે પુરુષો કેવી રીતે યુદ્ધ કરે છે !'

શિવે સ્મિત કર્યું, 'હવે વાર્તા સરપ્રદ બનશે.'



સતી અચાનક ચમકીને જાગી ઊઠી. અચાનક કોઈ અવાજ થયો હતો એવું નહોતું પરંતુ સતત આવતો અવાજ બંધ થઈ ગયો હતો એટલે.

તેણે પોતાની ડાબી બાજુ જોયું. તાપણી તો હજુ પ્રજ્વલિત જ હતી અને સીડીના છેલ્લા પગથિયે બે સૈનિકો ખુલ્લી તલવારો સાથે તૈનાત પણ હતા.

'હજુ લાકડાં નાખો,' સતીએ ધીમા અવાજે કહ્યું.

એક સૈનિકે લાકડાના ઢગલા પાસે સરકી જઈને તેમાંથી થોડાંક લાકડાં સીડીના પગથિયા પર સળગતા તાપણામાં ઓર્યાં. એ સમયગાળામાં સતી દબાતા પગલે અગાસીની કિનારી સુધી ગઈ. બકરી આખી રાત ભયાનક રીતે બેં-બેં કરી રહી હતી, પરંતુ હવે તેનો અવાજ આવતો નહોતો.

તેણે ધીમેથી કઠેડાની નીચે જોયું. બધે જ અંધકારનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. જોકે તેમણે પ્રગટાવેલી તાપણીથી થોડુંક ઓજસ ફેલાયેલું હતું. બકરી તો હજુ પણ ત્યાં જ બંધાયેલી હતી. પણ એ હવે ઊભી નહોતી. તે નીચે પડી પડી ધ્રૂજતી હતી.

'સિંહો આવ્યા છે, દેવી ?' કાવસે ધીમેથી સતી પાસે સરકી જઈને પૂછ્યું.

'હા,' સતીએ ઉત્તર આપ્યો.

તેમને ધીમો ઘુરકાટ સંભળાયો. એ ઘુરકાટથી વનનું કોઈ પણ પ્રાણી ધ્રૂજી જ ઊઠે. કાવસે ત્વરાથી પોતાની ટુકડીને જાગ્રત કરી અને તેઓ ઉપર આવતી સીડીના મુખ ફરતે ગોઠવાઈ ગયા, કારણ કે સિંહો માત્ર ત્યાંથી જ ઉપર આવી શકે તેમ હતા. સતી બકરીને જોઈ રહી હતી. પછી કંઈક ધીમેથી ખેંચાઈ જઈ રહ્યું હોય, તેવો અવાજ સતીને સંભળાયો.

સતીએ આંખો ઝીણી કરીને જોવાનો પ્રયત્ન કર્યો. એક, બે, ત્રણ, ચાર. આખું ટોળું તો નહોતું આવ્યું પણ ચોથો સિંહ કંઈક ઢસડીને લઈ જઈ રહ્યો હતો.

'હે ભગવાન,' સતીએ ભયથી ઉદ્ગાર કર્યો.

સિંહ ગામના પૂજારી સૂર્યાક્ષને ઢસડીને જઈ રહ્યો હતો. તેનો હાથ હજુ પણ થોડોક હલી રહ્યો હતો. એટલે એ જીવંત તો હતો. પણ તેના પ્રાણ જવાની તૈયારીમાં જ હોય તેમ લાગતું હતું.

એ જ સમયે ટોળાનો આગેવાન એવો સૌથી મોટો સિંહ સતીને ગોચર થયો. એ અસામાન્યપણે કદાવર હતો. સતીએ ક્યારેય આટલો મોટો સિંહ જોયો નહોતો. તેમ છતાં એની કેશવાળી એટલી ગાઢ પણ નહોતી. એટલે એ સિંહ હજુ કિશોરાવસ્થામાં જ લાગતો હતો. કદાચ તેની આયુ એક વર્ષથી વધારે નહીં હોય.

પછી સતીને અચાનક જ એક વિચાર આવ્યો. તેણે આગેવાન સિંહની ત્વચાને ધ્યાનપૂર્વક જોઈ. તેની પર વાઘ જેવા પટ્ટા હતા. આ કંઈ કિશોર નહોતો ! સતીને આઘાત લાગ્યો. આ તો સિંહ અને વાઘની વર્ણસંકર જાત હતી.

'શું કહ્યું ?' કાવસે પૂછ્યું.

'આ તો ભાગ્યે જ જોવા મળતું પ્રાણી છે. સિંહ અને વાઘણનું બાળક છે એ. એ તેનાં માતા-પિતાથી બમણા કદનું થતું હોય છે. અને તેમનાથી ઘણું જ ભયંકર પણ હોય છે.'

એ પ્રાણી એકદમ શાંત ચાલે બકરી પાસે ગયું. બકરી ભયની મારી વધારે ધ્રૂજવા માંડી અને ધરતી પર પડી પડી મૃત્યુની પ્રતીક્ષા કરવા માંડી. પરંતુ એ વર્ણસંકર પ્રાણીએ તેની પર આક્રમણ કર્યું નહીં. તેણે બકરી ફરતે ચક્કર માર્યું અને તેને પોતાની પૂંછડીથી

ફટકા મારતો રહ્યો. એ પોતાને લલચાવવા બાંધવામાં આવેલા પ્રાણી સાથે રમત કરી રહ્યો હતો.

સૂર્યાક્ષને ખેંચીને જઈ રહેલા સિંહે તેને છોડ્યો અને તેના પગ પર તે બટકું ભરવા ગયો. સૂર્યાક્ષે એ સમયે પીડાથી બૂમ પાડવી જોઈતી હતી, પરંતુ તેના ગળામાંથી ભયાનક ગતિથી રક્ત વહી રહ્યું હતું. તેનામાં એટલી શક્તિ જ બચી નહોતી. એ જ વખતે આગેવાન વર્ણસંકર પ્રાણીએ સૂર્યાક્ષનો પગ ખાવા જઈ રહેલા સિંહ સામે ઘુરકાટ કર્યો. સિંહે પણ વળતો ઘુરકાટ તો કર્યો પરંતુ તે પાછો હઠી ગયો. એ વર્ણસંકર પ્રાણી અત્યારે તો સૂર્યાક્ષને ખાવા ઇચ્છતો નહોતો.

આ પ્રાણી હમણાં જ આગેવાન બન્યો હોય એમ લાગે છે. બીજા સિંહમાં હજુ પણ વિરોધ કરવા જેટલી શક્તિ તો છે જ.

વર્ણસંકર પ્રાણીની પાછળ પાછળ સિંહણો પણ હતી. એ પ્રાણી બકરી પાસે ગયું, પોતાનો પાછલો પગ ઊંચો કર્યો અને એની ફરતે મૂત્ર વિસર્જન કરીને તેણે પોતાના પ્રદેશ અંકિત કર્યો. પછી તેણે ગગનભેદી ગર્જના કરી.

સંદેશો એકદમ સ્પષ્ટ હતો. આ તેનો પ્રદેશ હતો. તેમાં રહેવા માટે કોઈએ પણ તેનો સામનો કરવો પડે તેમ હતો.

સતીએ ધીમેથી પોતાનું ધનુષ્ય ઉપાડ્યું. જો આગેવાનને જ વીંધી નાખવામાં આવે, તો સમગ્ર ટોળાની આક્રમકતા અવશ્ય ઘટી જવા પામે. તેણે એક બાણ ધનુષ્ય ઉપર ચડાવ્યું અને લક્ષ્ય લીધું. દુર્ભાગ્યે જે ક્ષણે સતીએ બાણ છોડ્યું એ જ ક્ષણે આગેવાન પ્રાણી સૂર્યાક્ષના દેહ પાસે આવ્યો. એટલે બાણ તેની પાસેથી પસાર થઈને તેની પાછળ રહેલી સિંહણની આંખમાં ઊતરી ગયું. પીડાની મારી ગર્જના કરતી કરતી એ સિંહણ વન બાજુ દોડી ગઈ. બીજા સિંહોએ પણ એમ જ કર્યું, પરંતુ આગેવાન ત્યાં જ ઊભો રહ્યો અને રંગમાં ભંગ પડાવનાર સમક્ષ તેણે દાંત કચકચાવ્યા. તેણે પંજો લંબાવીને સૂર્યાક્ષના મુખ પર પ્રહાર કર્યો. એ પ્રહાર પ્રાણઘાતક હતો. સતીએ પુનઃ બાણ ચલાવ્યું. આ બાણ એ વર્ણસંકર પ્રાણીના ખભામાં જઈ ખૂંપ્યું. તેણે ગર્જના કરી અને પારોઠનાં પગલાં ભર્યાં.

'પેલી સિંહણ તો થોડાક જ સમયમાં અવશ્ય મૃત્યુ પામશે,' સતીએ કહ્યું.

'પરંતુ તેમનો આગેવાન અવશ્ય પાછો આવશે,' કાવસે કહ્યું, 'અને એ સમયે એ વધારે કોપાયમાન હશે. આપણે કાલે જ ગ્રામવાસીઓને લઈને નીકળી જવું જોઈએ.'

સતીએ સહમતી દર્શાવી.



સૂર્યનો હજુ હમણાં જ ઉદય થયો હતો.

'તમારે બધાએ આ ભૂમિ છોડવી જ રહી. એનો કોઈ જ વિકલ્પ નથી,' સતીએ કહ્યું. જે વસ્તુ એકદમ સ્પષ્ટ હતી તેને ગામવાસીઓના ગળે ઉતારવા માટે સતીએ દલીલો કરવી પડે છે, તેનું સતીને સ્વયં આશ્ચર્ય થતું હતું.

બીજા પ્રહરનો પ્રારંભ થઈ રહ્યો હતો. એ બધા સૂર્યાક્ષની ભડભડતી ચિતાની પાસે જ ઊભા હતા. તેના આત્માના મોક્ષ માટે પ્રાર્થના કરવાવાળું કોઈ જ નહોતું.

'એ પ્રાણીઓ હવે પાછાં નહીં આવે,' એક ગ્રામવાસીએ કહ્યું, 'મુખી સત્ય જ કહે છે. હવે સિંહો નહીં જ આવે.'

'તદ્દન મૂર્ખામીપૂર્ણ વાત છે,' સતીએ કહ્યું, 'એ પ્રાણીએ આ પ્રદેશને પોતાનો પ્રદેશ હોવાની એંધાણીઓ મૂકી છે. એટલે તેને મારી નાખો અથવા તો આ જગ્યા છોડી દો. ત્રીજો કોઈ જ વિકલ્પ નથી. એ તમને તેના પ્રદેશમાં રહેવા દેશે નહીં. જો તે એમ કરવા દે, તો તેની ટોળી પર તેનું પ્રભુત્વ જ રહે નહીં.'

ગામની એક સ્ત્રીએ દલીલ કરી, 'સૂર્યાક્ષના રક્તથી કોપિત આત્માઓને થોડીક શાંતિ તો અવશ્ય મળી હશે. હવે આપણે વધુમાં વધુ એક જ બલિદાન આપવું પડશે. એ પછી એ પ્રાણીઓ અહીંથી જતાં રહેશે.'

'હજુ એક બલિદાન ?' સતીએ સાશ્ચર્ય પૂછ્યું.

'હા,' મુખીએ કહ્યું, 'આ ગામનો સફાઈ કરનારો માણસ ગામની ભલાઈ માટે પોતાનું અને પોતાના કુટુંબનું બલિદાન આપવા માટે તૈયાર છે ?'

સતી એ દૂબળા-પાતળા માણસને જોઈ રહી. તેને હમણાંથી તો ચિતા માટેના લાકડાં ભેગાં કરવાનું ભારરૂપ કામ પણ કરવું પડતું હતું. તેની પાછળ તેના જેવી જ દૂબળી-પાતળી પત્ની ઊભી હતી જેના મુખ પર દૃઢ નિર્ધારની રેખાઓ અંકાયેલી હતી. તેની ધોતી પકડીને બે બાળકો ઊભાં હતાં જે ભાગ્યે જ બેથી ત્રણ વર્ષનાં હશે. તેમણે ફાટેલી લંગોટ સિવાય કશું જ ધારણ કર્યું નહોતું અને તેમનાં માતા-પિતાએ તેમના માટે જે માર્ગ નક્કી કર્યો હતો તેનાથી પણ તેઓ તદ્દન અજાણ જ હતા.

સતીએ મુખી સામે જોયું ત્યારે તેની મુઠ્ઠી વળી ગઈ હતી, 'તમે આ ગરીબનું અને તેના કુટુંબનું બલિદાન આપવા જઈ રહ્યા છો, કારણ કે એ સૌથી નિર્બળ છે ! આ બધું તદ્દન અયોગ્ય છે !'

'ના, દેવી,' પેલા દૂબળા-પાતળા માણસે જ કહ્યું, 'આ મારી પસંદગી છે. મારું ભાગ્ય છે. પાછલા જન્મનાં કર્મોને કારણે જ મને આ જન્મમાં આવો નીચ અવતાર મળ્યો છે. એટલે હું અને મારું કુટુંબ સ્વેચ્છાએ જ આ ગામ માટે બલિદાન આપવા તૈયાર છીએ. એટલે પ્રભુ અમારાં સત્કર્મો જોઇને આવતા જન્મે અમારી પર કૃપા વરસાવશે.'

'તારા શૌર્યની હું પ્રશંસા કરું છું,' સતીએ કહ્યું, 'પરંતુ એમ કરવાથી પણ સિંહ તો આવતા અટકશે જ નહીં. જ્યાં સુધી તમે બધા અહીંથી જતા ન રહો કે મૃત્યુ ન પામો, ત્યાં સુધી એ અહીં આવતા બંધ થવાના નથી.'

'અમારું રક્ત તેમને સંતુષ્ટ કરશે, દેવી. મુખીએ પણ મને એમ જ કહ્યું છે. મને એ વાત પર પૂરો વિશ્વાસ છે.'

સતી એ માણસને જોઈ રહી. અંધશ્રદ્ધા પર ક્યારેય તર્કથી વિજય પ્રાપ્ત નથી થતો. તેણે એ માણસનાં બાળકો પણ જોયાં. એ બંને એકબીજા સાથે ગેલ કરી રહ્યાં હતાં અને ખડખડાટ હસી રહ્યાં હતાં. અચાનક તેઓ અટક્યાં અને સાશ્ચર્ય સતી સામે જોઈ રહ્યાં. તેઓ વિચારવા માંડ્યાં કે શા માટે આ વિદેશી સ્ત્રી તેમને નીરખી રહી છે.

હું આ તો ન જ થવા દઈ શકું.

'હું અહીંયાં જ રહીશ. જ્યાં સુધી દરેકેદરેક સિંહનો નાશ ન થાય ત્યાં સુધી હું અહીંયાં જ રહીશ પણ હું તને કે તારા કુટુંબને કોઈ જ બલિદાન આપવા નહીં દઉં. સમજ્યા ?'

એ માણસ સતીને જોઈ રહ્યો. તેને આ વાત એકદમ વિચિત્ર લાગતી હતી. સતીએ કાવસ સામે જોયું. કાવસ સૈનિકોને લઈને પાઠશાળાની દિશામાં જવા માંડ્યો. અમુક લોકો અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા હતા. ઘણાને આ પલટાયેલા પ્રવાહથી અસંતોષ હતો.



પરશુરામના ગુપ્તચરો ઊંચાં વૃક્ષો પર ચડીને ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા. શિવ અને ભગીરથ વહાણના તૂતક ઉપર હતા. એ બંને સામસામે દલીલો કરી રહ્યા હતા. વહાણમાંથી ત્રણ નાની હોડીઓ ઉતારવાની શરૂઆત કરવામાં આવી હતી. એ હોડીઓ હવામાં ઝૂલી રહી હતી.

છેવટે શિવે ક્રોધપૂર્વક કશું કહ્યું અને એ ત્રણમાંથી એક હોડીમાં સવાર થઈ ગયા. એ હોડીમાં દ્રપકુ, નંદી, વીરભદ્ર અને ત્રીસ સૈનિકો હતા. બીજી બે હોડીઓમાં પણ એટલા જ સૈનિકો ભરેલા હતા. શિવે ઇશારો કર્યો અને હોડીઓ નીચે ઊતરી અને કાંઠાની દિશામાં જવા માંડી.

વહાણનાં લંગરો ઉપર ખેંચાઈ રહ્યાં હતાં.

એક ગુપ્તચરે બીજા સામે જોયું, 'સો સૈનિકો. ચલો, પ્રભુ પરશુરામને જણાવીએ.'



મધુમતીના કાંપસભર પાણી અને બ્રંગની ફળદ્રુપ ભૂમિએ વનરાજીના ગાઢ વિકાસનું કાવતરું ઘડ્યું હતું. શિવે આકાશ સામે જોયું. ગાઢ વનરાજીમાંથી ચળાઈને થોડોક જ સૂર્યપ્રકાશ ધરતી સુધી પહોંચતો હતો. પ્રકાશનાં કિરણોથી શિવને સમજાઈ ગયું કે સૂર્યએ હવે નીચે ઊતરવાનો પ્રારંભ કરી દીધો છે.

તેમની ટુકડી ગાઢ વનમાં લગભગ આઠ કલાકથી આગળ વધી રહી હતી અને લૂંટારાને શોધી રહી હતી. બે કલાક પહેલાં બધા બપોરનું જમવા બેઠા હતા. સૈનિકો શારીરિક રીતે થાકી ગયા હતા અને અણધાર્યા આક્રમણની અપેક્ષાથી અજંપ બની રહ્યા હતા. અહીંયાં પણ પરશુરામ યુદ્ધ કરવાનું ટાળી રહ્યો હોય, એમ લાગતું હતું.

અચાનક શિવે પોતાનો હાથ ઊંચો કર્યો. આખી ટુકડી અટકી ગઈ. દ્રપકુએ શિવ પાસે જઈને પૂછ્યું, 'શું થયું, પ્રભુ ?'

શિવે આંગળી ચીંધીને કહ્યું, 'આ પ્રદેશ કોઈએ અંકિત કર્યો હોય એમ લાગે છે.'

દ્રપકુએ એ દિશામાં જોયું પરંતુ તેને કશું સમજાયું નહીં.

'જો, આ ઝાડી પરના કાપા જો,' શિવે કહ્યું.

દ્રપકુએ વધારે ધ્યાનથી જોયું. 'એ લોકો અહીંથી પસાર થયા છે અને આ માર્ગ તેમની ઠોકરોથી જ વિંધાયો છે.'

'ના,' શિવે આગળ જોઈને કહ્યું, 'આ જગ્યા એમની ઠોકરોથી નથી વિંધાઈ. આ બધા કાપા એવી રીતે કરવામાં આવ્યા છે કે જેથી આપણને લાગે કે તેઓ અહીંથી પસાર થયા છે, પણ આગળ જતાં જ એક છટકું ગોઠવવામાં આવ્યું છે.'

'આપને વિશ્વાસ છે, પ્રભુ ?' દ્રપકુએ જોયું કે શિવ પોતાનું ધનુષ્ય હાથમાં લઈ રહ્યા હતા.

અચાનક શિવે અવળા ફરીને ધનુષ્ય પર બાણ ચડાવ્યું અને એક વૃક્ષની ટોચ પર ચલાવ્યું. કોઈનો ચિત્કાર સંભળાયો અને માણસ ધડામ કરતો નીચે આવ્યો.

'આ બાજુ !' કહીને શિવ જમણી બાજુ દોડ્યા.

સૈનિકો શિવને અનુસર્યા. થોડીક ક્ષણો સુધી તેઓ ભયાનક ગતિથી દોડ્યા. અચાનક જ શિવ નદીકિનારે આવી પહોંચ્યા અને ત્યાં અટકી ગયા.

તેમની સામે, સો હાથ જેટલા અંતરે પરશુરામ તેની ટોળકી સાથે ઊભો હતો. સૂર્યવંશીની સંખ્યા જેટલા જ એટલે કે લગભગ સો જેટલા માણસો એ ટોળકીમાં પણ હતા. શિવના સૈનિકો પદ્ધતિસર વનની બહાર આવીને નદીકિનારે હરોળબદ્ધ ગોઠવાઈ ગયા.

'હું પ્રતીક્ષા કરીશ,' પરશુરામે શિવ સામે જોઈને કટાક્ષ કરતાં કહ્યું, 'ગોઠવી લે તારા સૈનિકોને.'

શિવે પરશુરામને નીરખ્યો. એ શક્તિશાળી માનવ જણાતો હતો. શિવથી તેની ઊંચાઈ થોડીક ઓછી હતી પરંતુ તે સ્નાયુબદ્ધ હતો. તેના પહોળા ખભા વચ્ચે ગજવેલ જેવી છાતી ઊંચી નીચી થતી હતી. તેના ડાબા હાથમાં એક કદાવર ધનુષ્ય હતું જે આમ તો કોઈને પણ મોટું જ પડે. જોકે એના કદાવર હાથમાં એની પણછ ખેંચવાની પૂરતી શક્તિ હતી. તેની પીઠ પર બાણોનું ભાથું બાંધેલું હતું. જોકે બીજી બાજુ જે શસ્ત્ર હતું તેના ઉપયોગ માટે એ પ્રખ્યાત હતો. એ જ શસ્ત્રથી તે પોતાના શત્રુઓનો શિરચ્છેદ કરતો હતો. પરશુ એટલે કે કુહાડી. તેણે કેસરી રંગની સાદી ધોતી પહેરી હતી પરંતુ કોઈ પ્રકારનું કવચ પહેર્યું નહોતું. બ્રાહ્મણકુળમાં જન્મ્યા હોવાની નિશાની રૂપે તેનું માથું મૂંડાયેલું હતું અને માત્ર એક શિખા જ ત્યાં રાખવામાં આવી હતી અને તેના ડાબા ખભાથી જમણા પડખા સુધી જનોઈ પણ ઝૂલતી દેખાતી હતી. તેની દાઢી લાંબી અને પ્રભાવક હતી.

શિવ પોતાના સૈનિકો હરોળબદ્ધ ગોઠવાય તેની પ્રતીક્ષા કરતા હતા, ત્યાં જ તેમને કંઈક સુગંધ આવી.

એ શું છે ?

મેલુહાવાસીઓ દીવા પ્રગટાવવા જે તેલ વાપરતા હતા, તે તેલની જ સુગંધ હોય, તેમ લાગતું હતું. તેમણે નીચે જોયું. રેતી તો એકદમ ચોખ્ખી જણાતી હતી. સૈનિકો પણ સલામત જ હતા. એટલે શિવે તલવાર ખેંચીને ગર્જના કરી. 'શરણે થઈ જા, પરશુરામ. હજુ પણ તને ન્યાય મળી શકે છે.'

પરશુરામ ખડખડાટ હસી પડ્યો, 'ન્યાય ?! આ ધરતી ઉપર ?'

શિવે આજુબાજુ જોઈ લીધું. સૈનિકો હવે ગોઠવાઈ ગયા હતા અને તૈયાર હતા. 'કાં તો ન્યાય સમક્ષ મસ્તક ઝુકાવી દે અથવા તો તેની અગનજ્વાળામાં ભસ્મીભૂત થવા તૈયાર રહે ! બોલ તારે શું જોઈએ છે ?'

પરશુરામે કટુહાસ્ય કરીને તેના એક માણસને ઇશારો કર્યો. એ માણસે એક તીર ઊંચું કર્યું, તેના પર આગ લગાવી અને તેને સૂર્યવંશીઓની પાછળની બાજુએ હવામાં છોડ્યું.

હે પવિત્ર સરોવર , આ શું છે ?

એક ક્ષણ પૂરતું એ તીર સૂર્યપ્રકાશને કારણે શિવને દેખાતું બંધ થયું. એ તીર શિવના સૈનિકોની પાછળ ઘણે દૂર જઈને પડ્યું અને ત્યાં રાખવામાં આવેલા તેલમાં જઈ પડ્યું. ત્યાં અગ્નિની જ્વાળાઓથી એક અભેદ્ય સરહદ રચાઈ ગઈ. સૂર્યવંશીઓ એ કિનારા પર જ ફસાઈ ગયા. હવે પાછા ફરવું તો શક્ય જ નહોતું.

'તું તારાં બાણ વેડફી રહ્યો છે, મૂર્ખ !' શિવે બૂમ પાડી, 'અહીંથી આમ પણ કોઈ પાછળ હઠવાનું જ નથી !'

પરશુરામે સ્મિત કર્યું, 'તારું મસ્તક ધડથી અલગ કરવામાં મને પરમ આનંદ મળશે.'

એ જ સમયે પરશુરામના ધનુર્ધારીએ અવળા ફરીને એક સળગતું તીર નદીની દિશામાં છોડ્યું, જેનું શિવને આશ્ચર્ય થયું.

હે ભગવાન !

પરશુરામના માણસોએ કિનારાની સમાંતરે એકબીજા સાથે બંધાયેલી નાનકડી હોડીઓથી જળ પર પણ સરહદ બનાવી દીધી હતી. તેમાં પણ તેલ ભરેલું હતું અને તીર જેવું તેની પર પડ્યું કે તેમાં પણ અગ્નિદેવ રુદ્ર સ્વરૂપે પ્રગટ થયા. જાણે સમગ્ર નદીમાં જ આગ લાગી હોય, તેવું દૃશ્ય રચાતું હતું. આગની જ્વાળાઓ એટલી ઊંચી ઊઠતી હતી કે પર્વતેશ્વરની હોડીઓ તેને વીંધીને કોઈ પણ રીતે આવી શકે તેમ નહોતી.

પરશુરામે શિવ સામે ભયાનક હાસ્ય કર્યું. 'તો આ બધો શિષ્ટાચાર હવે પડતો મૂકીશું ?'

શિવે દ્રપકુ સામે જોયું અને દ્રપકુએ તરત જ સૈનિકોને એક આદેશ આપ્યો. હવામાં એક તીર ચલાવવામાં આવ્યું અને આકાશમાં જઈને તેમાંથી વાદળી રંગની જ્વાળાઓ ફૂટવા માંડી. પર્વતેશ્વરને બોલાવવામાં આવ્યા હતા. પરંતુ મેલુહાના સેનાપતિ મધુમતી પર સર્જવામાં આવેલી આગની દીવાલ વીંધીને કઈ રીતે આવી શકશે, એ શિવને સમજાતું નહોતું. નાની હોડીઓ તો તેમાંથી આવી શકે એમ જ નહોતી. અને વહાણ જો કિનારા પાસે આવે તો સળગી જાય એમ હતું.

હવે કોઈ જ આવવાનું નથી. આ સાહસ અમારે જ સિદ્ધ કરવાનું છે.

'આ તારા માટે છેલ્લી તક છે, જંગલી !' શિવે તલવાર ઊંચી કરતાં કહ્યું.

પરશુરામે તેનું ધનુષ્ય નીચે મૂકી દીધું. તેના આદેશ અનુસાર અન્ય તમામ ધનુર્ધારીઓએ પણ એમ જ કર્યું અને તેમણે પોતાનાં શસ્ત્રો હાથમાં લીધાં. પરશુરામે પોતાની પરશુ આગળ ધરી. તેને ઘાતકી યુદ્ધ કરવાની વધારે ઇચ્છા હોય એમ જણાતું હતું. 'ના, બ્રંગવાસીઓ ! આ તમારા માટે છેલ્લી તક હતી. હવે તમારું મૃત્યુ એકદમ ધીમું અને પીડાકારક હશે.'

શિવે પોતાનું ધનુષ્ય નીચે મૂકી દઈને ઢાલ આગળ ધરી. પછી તેમણે પોતાના સૈનિકોને સંબોધીને કહ્યું, 'તૈયાર થઈ જાવ ! તેમના તલવાર પકડેલા હાથનું જ લક્ષ્ય રાખો. તેમને ઘાયલ કરો પરંતુ મારશો નહીં. આપણે તેમને જીવતા જ પકડવાના છે.'

સૂર્યવંશીઓએ ઢાલ આગળ ધરી અને તલવાર ખેંચીને તેઓ પ્રતીક્ષા કરવા માંડ્યા.

પરશુરામ અને તેના ઘાતકી ધાડાએ આક્રમણ કર્યું.

લૂંટારુઓ આશ્ચર્યજનક ગતિ અને ચપળતાથી શિવના માણસો ઉપર તૂટી પડ્યા જેમાં પરશુરામ તો પ્રમુખ હતો. તેણે પોતાના રક્ષણ માટે કોઈ ઢાલ નહોતી રાખી. તેની ભારે પરશુ વીંઝવા તેણે બંને હાથનો ઉપયોગ કરવો પડતો હતો. તે સીધો શિવ પર જ આક્રમણ કરી રહ્યો હતો. તેને જોઈને દ્રપકુ તેની દિશામાં ફંટાયો. દ્રપકુના આક્રમણથી ક્ષણાર્ધ પૂરતું એ લૂંટારાને આશ્ચર્ય થયું. તેણે પાછળ ખસી જઈને દ્રપકુની તલવાર ખાળી અને પછી પોતાની પરશુ નીચેથી ઉપર વીંઝી. પોતાના કપાયેલા હાથના ઠૂંઠા પર બંધાયેલી ઢાલ દ્રપકુએ આત્મરક્ષણ માટે આગળ ધરી. પરશુએ એ કાંસાની ચામડું મઢેલી ઢાલનો અમુક ભાગ ચીરી નાખ્યો. આઘાત અનુભવતા દ્રપકુએ પોતાની ઢાલ પાછી ખેંચીને તલવાર વીંઝી અને પરશુરામના ડાબા ખભાનું લક્ષ્ય લીધું.

એ અમયગાળામાં શિવે ચપળતાથી પોતાની ઢાલ વડે એક લૂંટારાનો પ્રહાર ચૂકવ્યો અને તેને ધક્કો માર્યો. એ લૂંટારો નીચે પડ્યો એટલે શિવે પોતાની તલવાર વીંઝીને તેનો

તલવાર પકડેલો હાથ કોણીથી વાઢી નાખ્યો. એ લૂંટારો જીવતો તો રહ્યો પરંતુ હવે તે યુદ્ધ માટે નકામો હતો. એ જ સમયે શિવે પોતાની તલવાર ઊંચી કરીને અન્ય એક લૂંટારાનો પ્રહાર ખાળ્યો.

નંદીએ એક શત્રુને પોતાની ઢાલ વડે ધક્કો મારીને તેના ખભામાં ખૂંપાવેલી તલવાર બહાર ખેંચી કાઢી. તેને આશા હતી કે હવે એ લૂંટારો વળતો પ્રહાર નહીં કરે પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે લૂંટારાએ ઢાલ નીચે નાખી અને ડાબા હાથમાં તલવાર લઈ લીધી અને પાછો લડવા માંડ્યો. મનોમન તેની પ્રશંસા કરતાં નંદીએ ઢાલ વડે તેનો પ્રહાર ખાળ્યો અને તેના એ જ ખભામાં ફરી વાર તલવાર ખૂંપાવતા આ ઘોંઘાટમાં પણ તેને સંભળાય એવી બૂમ પાડી, 'શરણાગતિ સ્વીકારી લે, મૂર્ખ !'

વીરભદ્રનું ભાગ્ય જોકે તેને તેના શત્રુઓ જીવતા રાખવામાં સાથ નહોતું આપી રહ્યું. તેણે બે લૂંટારાઓને તો મારી જ નાખ્યા હતા અને ત્રીજા ને ન મારવો પડે તેનો તે પ્રયત્ન કરી રહ્યો હતો. એ લૂંટારુએ પણ પોતાના ઘવાયેલા જમણા હાથની અવગણના કરતાં તલવાર ડાબા હાથમાં લીધી. ઉશ્કેરાયેલા વીરભદ્રએ પોતાની ઢાલ વડે એ લૂંટારાના મસ્તક પર પ્રહાર કર્યો કે જેથી તે બેભાન થઈ જાય. પરંતુ લૂંટારાએ બાજુમાં ખસી જઈને ખભા પર એ પ્રહાર ઝીલી લીધો અને વીરભદ્ર પર પોતાની તલવાર વડે ઘાતકી પ્રહાર કર્યો. તેનાથી વીરભદ્રના ધડ પર મોટો ચીરો પડ્યો. ક્રુદ્ધ વીરભદ્રએ પોતાની તલવાર તેની કમરમાં ઉતારી દીધી અને તેનું હૃદય પણ વીંધી નાખ્યું.

'હે ભગવાન !' વીરભદ્રએ નિરાશાથી કહ્યું, 'તેં શરણાગતિ કેમ સ્વીકારી નહીં ?'

યુદ્ધના બીજા ખૂણે, શિવે એક લૂંટારા પર બાજુમાંથી પ્રહાર કર્યો. લૂંટારો પાછળ નમી ગયો. તેના મુખ પર ઘસરકો પડ્યો પરંતુ તે બેભાન થતાં બચી ગયો.

શિવ હવે ચિંતિત થઈ ગયા હતા. ઘણા બધા લોકો મરી રહ્યા હતા, વિશેષતઃ પરશુરામના પક્ષે. એ તેમને જીવતા પકડવા ઇચ્છતા હતા. નહીંતર નાગવંશી ઔષધનો તાગ તેમને મળવાનો નહોતો. એ જ સમયે તેમને કંઈક સંભળાયું. એ પર્વતેશ્વરનો શંખનાદ હતો.

એ લોકો આવી પહોંચ્યા છે !

એટલે શિવે પોતાના શત્રુ પર એક પ્રહાર કરીને તેના મસ્તક પર પોતાની ઢાલ વીંઝી અને તેને બેભાન કરી દીધો. પછી તેમણે ઉપર જોઈને સ્મિત કર્યું.

એક સૂર્યવંશી વહાણ જ્વાળાઓમાંથી બહાર આવ્યું અને છીછરા કાંઠે છીતી ગયું. તેનાં પડખાં પોતાના જ ભારથી ચિરાયાનો અવાજ પણ આવ્યો. મધુમતી નદી પર પ્રગટાવવામાં આવેલા અગ્નિની જ્વાળાઓ નાનકડી હોડી માટે બહુ મોટી કહેવાય પરંતુ આ વહાણ માટે નહીં. પરશુરામે એમ માની લીધું હતું કે સૂર્યવંશીઓ પોતાના વહાણને નુકસાન નહીં થવા દે કારણ કે બ્રંગદેશ પાછા ફરવા માટેનું એ એકમાત્ર વાહન હતું. જોકે પરશુરામે સૂર્યવંશી સૈનિકોના દૃઢ નિર્ધાર અને તેમના સેનાપતિ પર્વતેશ્વરના શૌર્યને ઓછું આંક્યું હતું.

વહાણે જ પરશુરામના ઘણા માણસોને ચગદી નાખ્યા અને એ બધા ત્યાં જ મૃત્યુ પામ્યા.

વહાણ જેવું સ્થિર થયું કે સૌથી આગળ ઊભેલા પર્વતેશ્વર કૂદી પડ્યા. જોકે તેમણે કમરે એવી રીતે દોરડું બાંધ્યું હતું કે આટલો ઊંચેથી કૂદકો માર્યો છતાં તેઓ છેક નીચે પટકાયા નહીં. ધરતીથી થોડેક જ ઉપર તેઓ લટકી ગયા. તેમણે પોતાની તલવાર ઉપરની દિશામાં વીંઝીને દોરડું કાપી નાખ્યું અને ધરતી પર ઉતરાણ કર્યું. ચારસો સૂર્યવંશી સૈનિકો પણ પોતાના સેનાપતિને અનુસર્યા.

આ વહાણ જોઈને દ્રપકુનું ધ્યાન એકાદ ક્ષણ પૂરતું વિચલિત થયું હતું. તેણે

પરશુરામની પરશુ સામે પોતાની તલવાર તો વીંઝી પરંતુ એ દરમિયાન એ લૂંટારાએ ડાબા હાથે પાછળથી એક કટાર ખેંચી કાઢી એ વાત તે નોંધી શક્યો નહીં. પરશુરામે ડાબા હાથે જ એ કટાર દ્રપકુના ગળામાં ઉતારી દીધી. એ કટાર તેણે છેક મૂઠ સુધી અંદર ઉતારી. દ્રપકુ પાછળ હટી ગયો પરંતુ તેના શૌર્યએ તેના હાથમાંથી તલવાર ન છૂટવા દીધી.

હવે સૂર્યવંશીઓની સંખ્યા લૂંટારુઓ કરતા પાંચ ગણી થઈ ગઈ હતી અને તેઓ હવે લૂંટારુઓ પર ભારે પડી રહ્યા હતા. ઘણા બધા લૂંટારાઓએ પરિસ્થિતિને પામી જઈને શરણાગતિ સ્વીકારી લીધી હતી.

યુદ્ધના કેન્દ્રમાં પરશુરામે લથડિયાં ખાઈ રહેલા દ્રપકુના ગળામાંથી કટાર બહાર ખેંચી. પરશુરામે બંને હાથે પરશુ પકડીને વેગથી વીંઝી. એ પરશુ દ્રપકુના કવચને વીંધતી તેના ધડ પર જઈ લાગી. પરશુ છેક હાડકા સુધી ઊંડી ઊતરી ગઈ. શૂરવીર સૂર્યવંશી ધરતી પર ઢળી પડ્યો. પરશુરામે પોતાની પરશુ બહાર ખેંચવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે બરોબર ફસાઈ ગઈ હતી. એટલે તેણે ઝાટકો માર્યો અને દ્રપકુની છાતી ફાડીને પરશુ બહાર નીકળી. તેમ છતાં એ સૂર્યવંશી જીવંત હતો તેની પરશુરામ મનોમન પ્રશંસા કર્યા વિના રહી શક્યો નહીં. દ્રપકુએ એકદમ નબળા પડી ગયેલા હાથે પણ તલવાર ઊંચી કરીને લડવાનો યત્ન કર્યો.

પરશુરામે આગળ વધીને દ્રપકુનો હાથ ધરતી પર દબાવી દીધો. હજુ તેના શરીરનું હલનચલન તે અનુભવી શકતો હતો. મૃત્યુના દ્વારે પહોંચી ગયેલો એ શૂરવીર હજુ લડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો અને તેના હાથમાંથી તલવાર પણ છૂટી નહોતી. પરશુરામ સ્તબ્ધ હતો. પોતાના પ્રતિસ્પર્ધીને મારવા માટે તેણે કદી પણ એકથી વધારે પ્રહાર કરવો નહોતો પડ્યો. તેના સાથીઓ હવે ત્વરાથી શરણાગતિ સ્વીકારી રહ્યા હતા પરંતુ એ તેના ધ્યાનમાં આવ્યું નહોતું. એ તો પોતાના પગ નીચે કચડાયેલા શૂરવીના ભવ્ય યત્નને નિહાળી રહ્યો હતો.

પરશુરામે પોતાનું મસ્તક થોડુંક નમાવીને કહ્યું, ‘તારો વધ કરવો મારા માટે સન્માનની વાત છે.’

તેણે પોતાની પરશુ ઊંચી કરી. તે દ્રપકુનો વધ કરવા તૈયાર હતો. એ જ સમયે આનંદમયીએ દૂરથી પોતાની કટારનો પ્રહાર કર્યો. એ સીધી જ પરશુરામના ડાબા હાથમાં ઊતરી ગઈ અને તેની પરશુ સુરક્ષિત અંતરે જઈને પડી. ભગીરથે દિવોદાસ અને અન્ય બે સૂર્યવંશીઓની સહાયથી પરશુરામને વધારે ઘાયલ કર્યા સિવાય ચિત કરી નાખ્યો.

શિવ અને પર્વતેશ્વર દોડતા દ્રપકુ પાસે આવ્યા. તેના દેહમાંથી ભયંકર ગતિથી રક્ત વહી રહ્યું હતું અને તેના પ્રાણ દેહત્યાગ કરવાની જ તૈયારીમાં હતા.

શિવે પાછળ ફરીને બૂમ પાડી, ‘આયુર્વતીને લઈ આવો ! દોડો !’



સૂર્ય અસ્ત થવામાં હજુ થોડાક કલાકો બાકી હતા. સતી હજુ પાઠશાળાની છત પર જ હતી અને વિશેષ પ્રકારનાં ધનુષ અને બાણની બનાવટનું નિરીક્ષણ કરી રહી હતી. કાશીના સૈનિકો સિંહની સમીપ જઈને તો બાણ ચલાવી શકે તેમ જ નહોતા. અને તેમનું ધનુર્ધારી તરીકેનું કૌશલ્ય પણ ઉત્તમ નહોતું. સતીને એવી આશા હતી કે બધા ભેગા થઈને એક દિશામાં બાણ ચલાવશે, તો તેમાંથી અમુક બાણ તો લક્ષ્યવેધ કરશે જ.

સતીએ સીડી પાસે ખડકેલો લાકડાનો ઢગલો પુનઃ ચકાસી લીધો. સૈનિકો દિવસ દરમિયાન બીજાં લાકડાં લઈ આવ્યા હતા અને એમ લાગતું હતું કે આજની રાત પૂરતો તો એ જથ્થો પૂરતો રહેશે.

સતીને આશા હતી કે તે સિંહના ટોળામાંથી અમુક સિંહને તો વીંધી જ શકશે. જો ભાગ્ય સાથ આપે, તો તે પેલા સિંહ અને વાઘણના વર્ણસંકર સંતાનને મારીને આ સમસ્યાનું મૂળ જ વાઢી નાખવા ઇચ્છતી હતી. એના પછી તો થોડાક જ દિવસમાં બધા સિંહો મારી શકાશે, તેનો તેને વિશ્વાસ હતો. છેવટે સાત જ પ્રાણીઓ તો હતાં !

તેણે આકાશ સામે જોઈને મનોમન પ્રાર્થના કરી લીધી કે બધું યોગ્ય રીતે પાર પડે.



પ્રકરણ ૧૫
લોકનાયક

સૂર્યદેવ ત્વરાથી ક્ષિતિજ નીચે અદૃશ્ય થઈ રહ્યા હતા અને આકાશમાં વિવિધ રંગોની રંગોળી પુરાઈ ગઈ હતી. સૂર્યવંશી છાવણી પ્રવૃત્તિઓથી ધમધમી રહી હતી.

ભગીરથ કેદીઓને સુરક્ષિત રીતે બાંધી રાખવાના કામના નિરીક્ષણમાં ગૂંથાયેલો હતો. વહાણની કાંસાની સાંકળો વાપરીને પરશુરામના સાથીઓને હાથે-પગેથી બાંધવામાં આવ્યા હતા અને તેમને કિનારાની રેતીમાં ઉભડક બેસાડવામાં આવ્યા હતા. એમની સાંકળોને જમીનમાં ઊંડે સુધી ઉતારેલા ખૂંટાઓ સાથે બાંધવામાં આવી હતી. જાણે એ પૂરતું ન હોય તેમ એક લાંબી સાંકળ એ બધાના પગમાં બંધાયેલી સાકળો સાથે જોડાયેલી હતી જેથી બધા એકબીજા સાથે પણ બંધાઈ ગયા હતા. સૂર્યવંશી સૈનિકો એ કેદીઓ ફરતે ગોઠવાયેલા હતા. એ લોકો સતત પહેરો રાખતા હતા. પરશુરામ અને તેના માણસો માટે ભાગી છૂટવું અશક્ય હતું.

દિવોદાસે ભગીરથને કહ્યું, 'મહારાજ, મેં વહાણનું નિરીક્ષણ કરી લીધું છે.'

'અને ?'

'એનું સમારકામ કરવામાં ઓછામાં ઓછા છ મહિના તો લાગશે જ.'

ભગીરથથી બોલાઈ જવાયું, 'તો આપણે પાછા કઈ રીતે ફરીશું ?'

કિનારાના બીજા છેડે આયુરાલયના તંબૂઓ ઊભા કરવામાં આવ્યા હતા. આયુર્વતી અને તેના સહાયકો શક્ય એટલા સૂર્યવંશી અને પરશુરામ પક્ષના ઘાયલોને બચાવી લેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. એમાંથી મોટાભાગના તો બચી જ જવાના હતા. પરંતુ અત્યારે આયુર્વતી જેના તંબુમાં ઊભી હતી તેના બચવાની કોઈ જ આશા નહોતી.

દ્રપકુનો હાથ પકડીને શિવ ઘૂંટણિયે બેઠા હતા. આયુર્વતી જાણતી હતી કે હવે કશું જ થઈ શકે તેમ નથી. એના ઘાવ અત્યંત ઊંડા હતા. તે નંદી અને પર્વતેશ્વર સાથે શિવની પાછળ ઊભી હતી. દ્રપકુના પિતા પૂર્વક દ્રપકુની બીજી બાજુ ઊભા હતા અને જાણે પુનઃ અંધ બની ગયા હોય તેવા હાવભાવ તેમના મુખ પર છવાયેલા હતા.

દ્રપકુ વારંવાર મોઢું ખોલીને કંઈક કહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

શિવે આગળ નમીને પૂછ્યું, 'શું કહેવા માંગે છે, મિત્ર ?'

દ્રપકુ કંઈ બોલી શક્યો નહીં. તેના મોઢામાં રક્ત ઊભરાતું રહેતું હતું. તેણે પોતાના પિતા સામે જોયું અને પછી શિવ સામે જોયું. આટલા હલનચલનને કારણે પણ તેના હૃદય પાસેના ઘાવમાંથી રક્તનો ફુવારો ઊડ્યો અને તેની પથારી રક્તથી વધારે ભીંજાઈ ગઈ.

ભીની આંખે શિવે કહ્યું, 'હું તેમની સંભાળ લઈશ, દ્રપકુ. હું તેમની સંભાળ અવશ્ય

લઈશ.'

દ્રપકુએ ઊંડો શ્વાસ લીધો. તેણે જે સાંભળવું હતું તે તેણે સાંભળી લીધું હતું. તેણે સંતોષપૂર્વક દેહત્યાગ કર્યો.

પૂર્વકના હોઠ પરથી એક હાયકારો સરી પડ્યો. તેનું મસ્તક પોતાના પુત્રના ખભા પર ઢળી પડ્યું અને તે ધ્રૂજવા માંડ્યો. શિવે કરુણાથી દ્રપકુનો ખભા થપથપાવ્યો. પૂર્વકે ઉપર જોયું. તેના કપાળ પર શૂરવીર પુત્રનું રક્ત લાગેલું હતું અને આંખોમાંથી સતત અશ્રુ વહી રહ્યાં હતાં. તેણે શિવ સામે દુઃખથી જોયું. એક સમયનો આત્મવિશ્વાસથી સભર પૂર્વક જાણે હવે જતો રહ્યો હતો. હવે તે મેલુહાના કોટદ્વારમાં જે ભગ્ન અવસ્થામાં શિવને પ્રથમવાર મળ્યો હતો, તે જ અવસ્થામાં આવી ગયો હતો. તેનું જીવતં રહેવાનું એકમાત્ર કારણ સાવ નિર્દયી રીતે છીનવી લેવામાં આવ્યું હતું.

શિવના હૃદય પર ભાર વધી ગયો. તે પૂર્વકની આવી પરિસ્થિતિ જોઈ શકતા નહોતા. તેમના હૃદયમાં ક્રોધ ઊભરાયો. પ્રચંડ ક્રોધ !

શિવ ઊભા થયા.

પર્વતેશ્વરને એ વાતનું આશ્ચર્ય થયું કે નંદીએ આગળ વધીને શિવને અટકાવ્યા. 'ના, પ્રભુ ! આ અયોગ્ય છે.'

શિવે નંદીને ધક્કો માર્યો અને તેઓ ધસમસતા બહાર જતા રહ્યા. જ્યાં પરશુરામને બાંધવામાં આવ્યો હતો તે દિશામાં તેમણે દોડવાનું શરૂ કર્યું.

નંદી તેમની પાછળ દોડતાં દોડતાં બૂમો પાડવા માંડ્યો, 'ના, પ્રભુ ! એ કેદી છે. આ અયોગ્ય છે.'

શિવે દોડવાની ગતિ વધારી. તેઓ પરશુરામની નજીક પહોંચ્યા ત્યારે તેમણે પોતાની તલવાર પણ ખેંચી કાઢી.

પરશુરામથી થોડેક દૂર ઊભા રહેલા ભગીરથે બૂમ પાડી, 'નહીં, પ્રભુ ! આપણે તે જીવતો જ જોઈએ છે !'

પરંતુ ક્રુદ્ધ શિવ બૂમો પાડતા પાડતા ગતિપૂર્વક પરશુરામની દિશામાં દોડી રહ્યા હતા. તેમની તલવાર એ લૂંટારાનું મસ્તક ધડથી અલગ કરવા તત્પર હતી.

પરશુરામે એ દિશામાં જોવાનું ચાલુ જ રાખ્યું. તેના મુખ પર ભયનાં જરા પણ ચિહ્નો નહોતાં. પછી તેણે આંખો બંધ કરીને પોતાના અંતિમ શબ્દો ઉચ્ચારી લીધા. 'જય ગુરુ વિશ્વામિત્ર ! જય ગુરુ વશિષ્ઠ !'

એ સાંભળીને શિવ સ્તબ્ધ થઈ ગયા અને પોતાના માર્ગમાં એવી રીતે અટકી ગયા જાણે તેમને લકવો લાગી ગયો હોય.

પોતાની ગરદન પર તલવારનો પ્રહાર અનુભવાયો નહીં એટલે પરશુરામે આંખો ખોલી અને શિવને જોઈને તે મૂંઝાઈ ગયો.

શિવના હાથમાંથી તલવાર પડી ગઈ. 'વાસુદેવ ?'

એ સાંભળીને પરશુરામને પણ હમણાં શિવને લાગ્યો હતો તેટલો આઘાત લાગ્યો. પછી તેણે શિવની નાનકડા કાપડથી ઢાંકી રાખવામાં આવેલી ગરદનને જાઈ. તેને સમજાયું કે શિવ કોણ છે. 'હે ભગવાન ! આ મેં શું કરી નાખ્યું ? નીલકંઠ ! પ્રભુ નીલકંઠ !'

પરશુરામે શિવના ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું. તેની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. 'મને ક્ષમા આપો, પ્રભુ. મને જાણ નહોતી કે આપ પધાર્યા છો.'

શિવ ત્યાં લકવો લાગ્યો હોય તેમ ઊભા રહી ગયા.



અર્ધ-જાગ્રત અવસ્થામાં સૂતેલી સતીને કંઈક ઘુરકાટ જેવું સંભળાયું. તેને તરત જ સમજાઈ ગયું.

એ આવી ગયા છે.

તે સીડીના મુખ પાસે ગઈ. તાપણી યોગ્ય રીતે પ્રજ્વલિત હતી. બે સૈનિકો પહેરો ભરતા પણ બેઠા હતા.

'કાવસ, નરભક્ષીઓ આવી ગયા છે. બધાને જગાડી દે.'

સતી ધીમે-ધીમે સરકતી અગાસીના કઠેડા સુધી ગઈ. તેને હજુ સુધી તો કોઈ સિંહ દેખાતા નહોતા. એ સમયે ચંદ્રનો પ્રકાશ પણ પ્રમાણમાં વધારે હતો. એટલે સતીને માત્ર તાપણાના ઓજસનો જ આધાર નહોતો.

ત્યાં જ તેને વૃક્ષોની હારમાળા પાછળથી પેલું વર્ણસંકર પ્રાણી બહાર આવતું દેખાયું. સતીએ છોડેલું તીર હજુ પણ તેના ખભામાં ખૂંપેલું જ હતું પરંતુ તેની પૂંછ તૂટી ગઈ હોય, તેમ લાગતું હતું. તેના કારણે તેનો આગળનો પગ થોડોક લંગડાતો હતો.

'એક બીજો નર સિંહ પણ છે,' કાવસે ધીમેથી આંગળી ચીંધીને કહ્યું.

સતીએ હકારમાં મસ્તક હલાવ્યું. તેણે પોતાનું ધનુષ આગળ ધર્યું, પરંતુ તે બાણ છોડે એ પહેલાં તેને જે દેખાયું તેનાથી તે સ્તબ્ધ થઈ ગઈ.

એ વર્ણસંકર પ્રાણીની પાછળથી ઘણી બધી સિંહણો બહાર આવી રહી હતી. તેણે જે સાતની સંખ્યા ધારી હતી તેના કરતાં આ ટોળું ઘણું જ વિશાળ હતું. વધુ ને વધુ પ્રાણીઓ બહાર આવતાં ગયાં તેમ તેમ સતીની આંખો વધુ ને વધુ પહોળી થતી ગઈ. એક પછી એક ત્રીસ જેટલી સિંહણો બહાર આવીને ઊભી રહી ગઈ.

હે રામ , કૃપા કરજો !

આગલી રાતના આક્રમણ પછી એ વર્ણસંકર પ્રાણી પોતાનું આખું સૈન્ય લઈ આવ્યું હતું. અને એ સૈન્ય સાચે જ મોટું હતું.

આ કારણે જ એ ટોળીમાં ત્રણ સિંહ હોવા જોઈએ. એમ લાગે છે કે આ પ્રાણીએ ત્રણ ટોળાની આગેવાની લઈને તેને ભેળવી દીધા લાગે છે.

સતીએ કઠેડાથી નીચા નમીને પાછળ જોયું. તે એક સાથે આટલી બધી સિંહણો પર તીર ચલાવી શકે તેમ નહોતી. તેણે પોતાના સૈનિકો સામે જોઈ લીધું. કાશીના સૈનિકોમાં ભય છવાયેલો હતો.

સતીએ સીડીના મુખ સામે આંગળી ચીંધીને કહ્યું, 'અહીંયાં બે વધારે સૈનિકો ઊભા રહી જાવ. અને તાપણામાં વધારે લાકડાં નાખો.'

કાશીના સૈનિકો આજ્ઞાપાલન કરવા દોડી ગયા. સતીનું મસ્તિષ્ક એક સાથે ઘણી દિશામાં વિચારી રહ્યું હતું પરંતુ તેને કશું જ સૂઝતું નહોતું. એ જ સમયે તેને કંઈક સંભળાયું.

તે પાછું વનની દિશામાં ફરીને કઠેડાની પાસે ગઈ. બે બાળકો રડી રહ્યા હતા. પોતાના જીવન માટે ભયાનક અવાજે તે બંને રડી રહ્યા હતા.

સતીની આંખો ભયથી પહોળી થઈ ગઈ.

હે પ્રભુ. . .ના. . .

ગામનો સફાઈ કામદાર અને તેની પત્ની દૃઢતાપૂર્વક સિંહોની દિશામાં પગલાં ભરી રહ્યાં

હતાં. પોતાની અંતિમ યાત્રા માટે અને બલિદાનની ગરિમા જળવાય એટલે તેમણે ભગવા રંગનાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં. બંને બાળકો સંપૂર્ણ નગ્ન હતાં અને મા-બાપ બંનેએ એક એક બાળકને તેડ્યું હતું. એ બંને અત્યંત કરુણાજનક રીતે રડી રહ્યા હતા.

વર્ણસંકર પ્રાણીએ એ યુગલને જોયું અને ઘુરકાટ કર્યો.

સતીએ પોતાની તલવાર ખેંચી. 'નહીં. . . !'

'ના, દેવી !' કાવસે બૂમ પાડી.

પરંતુ એ પહેલાં જ સતી નીચે કૂદી પડી હતી. તલવાર ઉગામીને તે સિંહો સામે જ દોડી રહી હતી.

સિંહોએ આશ્ચર્યથી સતીને જોઈ અને તેઓ પેલા યુગલ અને તેના બાળકોને ભૂલી ગયા. પેલા વર્ણસંકર પ્રાણીએ એ પછી સતીને જોઈ. તેણે ગગનભેદી ગર્જના કરી અને તેનું ટોળું આક્રમણ કરવા આગળ વધ્યું.

સતીની પાછળ પાછળ કાશીના સૈનિકો પણ કૂદી પડ્યા. તેમને તેમના આગેવાનના શૌર્યમાંથી પ્રેરણા મળી હતી. જોકે પ્રેરણાથી કૌશલ્યો પ્રાપ્ત નથી થતાં હોતાં.

એક સિંહણની પાસે આવીને સતીએ પોતાની તલવાર વીંઝી અને નજાકતથી તેનું નાક અને આંખ વીંધી નાખ્યાં. સિંહણ પાછી ખસી એટલે એવી જ રીતે સતી તેની સામે રહેલા એક સિંહ પર આક્રમણ કરવા આગળ વધી. એ જ સમયે સતીની જમણી બાજુથી એક સિંહણ પણ તેની ઉપર આક્રમણ કરવા આગળ વધી. તેમની વચ્ચે એક શૂરવીર સૈનિક કૂદી પડ્યો. સિંહણે એ બિચારા સૈનિકને ગળેથી પકડી લીધો અને કપડાની ઢીંગલીની જેમ તેને ખેંચ્યો. જોકે સૈનિકે એ દરમિયાન સિંહણની છાતીમાં તલવાર ઊંડે ઉતારી નાખી હતી. સૈનિક અને સિંહણ એક સાથે મૃત્યુ પામ્યાં. બીજી સિંહણે કાવસના પગને પોતાના મોઢામાં જકડી રાખ્યો હતો અને કાવસ તેની સાથે જીવ પર આવીને લડી રહ્યો હતો. એ સિંહણના ખભા પર વારંવાર પ્રહાર કરી રહ્યો હતો પરંતુ તેની અસર થતી જણાતી નહોતી.

કાશીના સૈનિકો એડીચોટીનું જોર લગાવીને શૂરવીરતાથી લડી રહ્યા હતા. પરંતુ થોડાક જ સમયમાં તેમનો અંત નક્કી છે, એ તો સ્પષ્ટ જ હતું. આ સુસંકલિત ટોળા સામે કાશીના સૈનિકોના પ્રશિક્ષણનો અભાવ દેખાઈ આવતો હતો. સતી જાણતી હતી કે તેમનો અંત નક્કી જ છે.

હે રામ , મને સન્માનભર્યું મોત આપજે !

એ જ સમયે આ બધી ચીસાચીસમાં એક મોટી બૂમ સંભળાઈ. વનની દિશામાંથી સો સૈનિકો આ સમરાંગણમાં ધસી આવ્યા. તેમાંથી એક જણ શંખ ફૂંકી રહ્યો હતો, નાગવંશી આક્રમણનો શંખ !

સતી પોતાની આગળ રહેલી સિંહણ સાથે લડતી રહી પરંતુ તેના વિચારો અલગ દિશામાં ફંટાઈ ગયા હતા. તે વિચારવા લાગી હતી કે શા માટે આ સૈનિકો આ ગામમાં, તેની સહાય કરવા આવ્યા હશે.

એ પછી યુદ્ધની દિશા બદલાઈ ગઈ. આ સૈનિકો કાશીના સૈનિકો કરતાં વધુ પ્રશિક્ષિત હતા અને તેમણે સિંહોના ટોળા ઉપર ભયંકર આક્રમણ કરવા માંડ્યું.

સતીએ સિંહણને મારી નાખીને ચારેબાજુ દૃષ્ટિ ફેરવી તો તેને ઘણા બધા સિંહોની લાશો જોવા મળી. ત્યાં જ તેની આંખના ડાબા ખૂણે તેને કોઈ હલનચલનનો અણસાર આવ્યો. પેલું વર્ણસંકર પ્રાણી તેની ઉપર કૂદ્યું હતું. એ જ વખતે મોઢા પર મહોરું પહેરેલી એક કદાવર વ્યક્તિ પ્રગટ થઈ. તેણે એ વર્ણસંકર પ્રાણીને પકડીને દૂર ફેંકી દીધું. એ

પ્રાણીના નહોર મહોરાવાળા માણસના ખભામાં ઊંડે સુધી ઊતરી ગયા હતા. એ પ્રાણી બેઠું થયું અને પોતાના નવા શત્રુ સામે લડવા તત્પર થયું, એ સમયગાળામાં એ કદાવર માણસ પોતાની તલવાર ખેંચીને સતીની આગળ રક્ષણાત્મક રીતે ઊભો રહી ગયો હતો.

સતી પોતાના નિર્ભય સંરક્ષકને જોઈની વિચારવા માંડી.

કોણ છે આ માણસ ?

મહોરાવાળો માણસ ધીમે ધીમે વર્ણસંકર પ્રાણીની સામે જવા માંડ્યો. એ જ સમયે બીજી એક સિંહણે સતી પર આક્રમણ કર્યું. સતીએ નીચે બેસીને એ સિંહણ હવામાં હતી ત્યારે જ તેની છાતીમાં તલવાર ઊંડે સુધી ઉતારી દીધી. સિંહણનો મૃતદેહ સતી ઉપર પટકાયો. સતીએ એ મૃતદેહને બાજુમાં ખસેડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેની દૃષ્ટિ જમણી બાજુ હતી. તેણે જોયું કે પેલો મહોરાવાળો માણસ એકલા હાથે ભયાવહ વર્ણસંકર પ્રાણી સાથે લડી રહ્યો હતો. સતીએ એ જ સમયે બૂમ પાડી, ‘બચો !’

એ જ સમયે એક સિંહણે જમણી બાજુથી મહોરાવાળા માણસ પર આક્રમણ કર્યું અને તેનો એક પગ પોતાના મોઢામાં પકડી લીધો. મહોરાધારી માણસ પડ્યો પરંતુ એ પહેલાં તેણે પોતાનો પગ ચાવવા જઈ રહેલી સિંહણની આંખો સોંસરવી તલવાર ઉતારી દીધી હતી. એ જ સમયે વર્ણસંકર પ્રાણી પાછું તેની પર કૂદ્યું.

‘નહીં !’ બૂમ પાડીને સતીએ પોતાની પર પડેલા સિંહણના મૃતદેહને ખસેડવાનો ભરપૂર પ્રયત્ન કર્યો.

એ જ સમયે તેણે જોયું કે ઘણા બધા સૈનિકો એ દિશામાં દોડ્યા અને એક સાથે એ પ્રાણી પર પોતાની તલવાર વીંઝવા માંડ્યા. એ પ્રાણી અવળું ફરીને ભાગ્યું. એ ટોળામાંથી માત્ર ત્રણ જ પ્રાણીઓ ભાગી શક્યાં. બાકીના તમામ ગામની સીમમાં મૃત પડ્યા હતા. જોકે કાશીના દસ શૂરવીર સૈનિકોના મૃતદેહ પણ ત્યાં જ પડ્યા હતા.

એક સૈનિકે આવીને સતી પરથી સિંહણનો મૃતદેહ હઠાવવામાં સહાય કરી. ઊભી થઈને તે ત્વરાથી પેલા મહોરાવાળા માણસની દિશામાં દોડી. એને પણ ઊભા થવામાં કોઈ સહાય કરી રહ્યું હતું.

દોડતાં દોડતાં સતી અચાનક આઘાત અનુભવતી અટકી ગઈ.

મહોરાધારી માણસનું મહોરું ખસી ગયું હતું.

નાગવંશી !

એ નાગવંશીનું કપાળ હસવું આવે એટલું પહોળું હતું અને તેની આંખો જાણે બે અલગ અલગ દિશામાં જોઈ રહી હોય તેમ એ કપાળના છેડે ગોઠવાયેલી હતી. તેનું નાક પણ અસામાન્ય રીતે લાંબું હતું અને હાથીની સૂંઢ જેવું લાગતું હતું. મોઢામાં બંને બાજુથી એક એક દાંત લંબાઈને બહાર નીકળેલો હતો અને તેમાંથી એક તૂટી ગયો હતો. કદાચ કોઈ જૂના ઘાવની નિશાની હશે. તેના બંને કાન પણ મોટા હતા અને પોતપોતાની રીતે હલી રહ્યા હતા. એમ લાગતું હતું કે જાણે કોઈ દુર્ભાગી આત્મના ધડ ઉપર હાથીનું મસ્તક લગાવી દેવામાં આવ્યું હોય.

એ નાગવંશી મુઠ્ઠી વાળીને ઊભો હતો. એમ લાગતું હતું કે તેની આંગળીઓએ તેની હથેળીમાં કાણાં પાડી દીધાં હોય. આ ક્ષણનું સ્વપ્ન તે વર્ષોથી જોતો હતો. તેના મનમાં લાગણીઓનું ઘમસાણ મચ્યું હતું. ક્રોધ, વિશ્વાસઘાત, ભય અને પ્રેમની લાગણીઓ તેના મનમાં ઊભરાઈ રહી હતી.

‘તદ્દન કદરૂપો છું હું, નહીં ?’ ભીની આંખે દાંત કચકચાવતાં એ નાગવંશી ધીમેથી બોલ્યો.

'શું ? ના !' નાગવંશીને જોયાનો આઘાત છુપાવતાં સતીએ કહ્યું, પોતાનો જીવ બચાવનાર માણસનું અપમાન તે કઈ રીતે કરી શકે ? 'મને ક્ષમા કરશો. આ તો એમ થયું કે. . .'

'એટલે જ મને ત્યજી દીધો હતો ?' સતીની વાત અવગણતાં એ નાગવંશીએ કહ્યું. તેનો દેહ ધ્રૂજી રહ્યો હતો અને હજુ તેણે મુટ્ઠીઓ ભીડી જ રાખી હતી.

'શું ?'

'એટલા માટે જ મને ત્યજી દીધો હતો,' નાગવંશીના ગાલ પરથી હવે આંસુ સરી રહ્યાં હતાં, 'કારણ કે તમે મને જોઈ પણ શકતાં નહોતાં ?'

સતીએ મૂંઝવણમાં એ નાગવંશી સામે જોયું. 'તમે કોણ છો ?'

'આ નિર્દોષ હોવાનો ડોળ ત્યજી દે, રાજાની મોઢે ચડાવેલી રાજકુમારી !' પાછળથી કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો.

સતીએ પાછળ જોયું અને આશ્ચર્યથી તેનું મોઢું પહોળું થઈ ગયું.

તેની ડાબી બાજુ થોડેક દૂર નાગવંશીઓની રાણી ઊભી હતી. તેના સમગ્ર ધડને ઢાંકતું મહોરું તેણે પહેરી રાખ્યું હતું. તેના બંને ખભાથી નીચે પેટ સુધી હાડકાંના ગઠ્ઠા ઊપસેલા હતા, જાણે ખોપરીનો હાર ન પહેર્યો હોય. એના બંને ખભાની ઉપર નાનાં-નાનાં ઉપાંગો નીકળેલાં હતાં જે તેના ત્રીજા અને ચોથા હાથ તરીકે કામ આપતા હતા. એના એક હાથમાં કટાર હતી જે સતીની દિશામાં ફેંકાવા તત્પર હોય તેમ લાગતું હતું. જોકે આ બધાથી વધારે સતીને નાગવંશી રાણીનું મુખ જોઈને વધારે આઘાત લાગ્યો. એની ત્વચા કાજળ જેવી કાળી જ હતી પરંતુ મુખાકૃતિ અદ્દલ સતી જેવી જ હતી.

'તમે લોકો કોણ છો ?' દિગ્મૂઢ સતીએ પૂછ્યું.

'આ ધુતારી સ્ત્રીનો અંત લાવી દઉં, બેટા,' નાગવંશી રાણીનો કટાર પકડેલો હાથ ધ્રૂજી રહ્યો હતો, 'એ ક્યારેય સત્ય સ્વીકારશે નહીં. એ પણ એના વિશ્વાસઘાતી બાપ જેવી જ છે !'

'ના, માસી.'

સતીએ ગણનાયક સામે જોયું અને પછી તે પાછી રાણી સામે જોવા માંડી. 'તમે કોણ છો ?'

'એટલે તું એવી આશા રાખે છે કે તું જાણતી નથી એવું જુઠ્ઠાણું હું માની લઈશ ?'

'માસી. . .' ગણનાયક ધીમેથી બોલ્યો. તે ઘૂંટણિયે બેસીને ડૂસકાં ભરી રહ્યો હતો.

'બેટા !' બોલતી રાણી તેની દિશામાં દોડી. તેણે પેલી કટાર તેના હાથમાં આપી. 'મારી નાખ ! એને મારી નાખ ! માત્ર એનાથી જ તને શાંતિ મળશે !'

ગણનાયક ધ્રૂજી રહ્યો હતો અને તેના ગાલ પરથી આંસુ નીચે સરી રહ્યાં હતાં. વિશ્વધુમન અને બ્રંગ સૈનિક કાશીના સૈનિકોને દૂર રાખી રહ્યા હતા.

સતીએ પુનઃ પૂછ્યું, 'તમે લોકો છો કોણ ?'

'હવે બહુ થયું !' કટારવાળો હાથ ઊંચો કરીને નાગવંશીઓની રાણીએ કહ્યું.

'ના માસી,' ગણનાયકે રડતાં રડતાં વિનવણી કરી, 'એમને જાણ નથી. એમને જાણ નથી.'

સતી નાગવંશીઓની રાણી સામે જોઈ રહી હતી. 'હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મને તમારા વિષે કશી જ જાણ નથી. તમે લોકો કોણ છો ?'

રાણીએ આંખો બંધ કરી, ઊંડો શ્વાસ લીધો અને કટાક્ષ કરતાં તે બોલી, 'તો સાંભળ, ઉન્નત રાજકુમારી, હું તારી જોડિયા બહેન કાલિ છું. એ જ બહેન, જેને તારા બે

મોઢાળા બાપે ત્યજી દીધી હતી.'

સતી કાલિ સામે જોઈ રહી. આશ્ચર્યથી તેનું મોઢું પહોળું થઈ ગયું. તે એટલી દિગ્મૂઢ થઈ ગઈ કે કોઈ જ પ્રતિક્રિયા આપી ન શકી.

મારે એક બહેન છે ?

'અને આ બિચારો,' કાલિએ ગણનાયક સામે આંગળી ચીંધીને કહ્યું, 'તેં ત્યજી દીધો હતો એ તારો પ્રથમ પુત્ર છે, ગણેશ.'

સતીને અત્યંત આઘાત લાગ્યો.

મારો પુત્ર જીવંત છે ?

તે ગણેશ સામે જોઈ રહી.

મારો પુત્ર !

ગણેશના મુખ પરથી ક્રોધનાં આંસુ વહી રહ્યાં હતાં. તેનું સમગ્ર શરીર ધ્રૂજી રહ્યું હતું.

મારો પુત્ર. . .

સતીના હૃદયમાં વલોપાત થવા માંડ્યો.

પરંતુ. . .પિતાજીએ તો મને એમ કહ્યું હતું કે મને મૃત પુત્ર જ જન્મ્યો હતો.

તે ગણેશને જોતી જ રહી.

મને ખોટું કહેવામાં આવ્યું હતું.

સતીના શ્વાસ જાણે અટકી ગયા. તે પોતાની જોડકી બહેન સામે જોઈ રહી. તે બિલકુલ તેના જેવી જ લાગતી હતી. એમના સંબંધનો એ તો તદ્દન દૃશ્યમાન પુરાવો હતો. તેણે ગણેશ સામે જોઇને કહ્યું :

'મારો પુત્ર જીવંત છે ?'

ગણેશે સતી સામે જોયું. તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

'મારો પુત્ર જીવતં છે,' સતીએ ધીમેથી કહ્યું. તેની આંખોમાંથી પણ આંસુ વહી રહ્યાં હતાં.

સતી લથડિયાં ખાતી ઘૂંટણિયે બેઠેલા ગણેશ પાસે ગઈ. તે પણ ઘૂંટણિયે બેઠી અને ગણેશનું મુખ બંને હાથમાં લઈને બોલી, 'મારો પુત્ર જીવંત છે. . .'

તેનું મુખ પોતાના બંને હાથોમાં રાખીને જ તે બોલી, 'હું નહોતી જાણતી, પુત્ર. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું. મને સાચે જ જાણ નહોતી.'

ગણેશે પોતાના હાથ ઊંચા નહોતા કર્યા.

'પુત્ર,' કહીને સતીએ ગણેશનું મુખ પોતાની દિશામાં નમાવીને તેના કપાળ પર ચુંબન કર્યું અને તેને સજ્જડ પકડી રાખ્યો, 'હું હવે તને ક્યાંય જવા નથી દેવાની. ક્યારેય નહીં.'

ગણેશની આંખોમાંથી આંસુનો ધોધ ફૂટી નીકળ્યો. તેના બંને હાથ સતી ફરતે વીંટળાઈ ગયા અને દુનિયાનો સૌથી ચમત્કારિક શબ્દ તેના મુખમાંથી સરી પડ્યો. 'મા. . .'

સતી પુનઃ રડવા માંડી. 'મારા પુત્ર. . .બેટા. . .'

ગણેશ હંમેશા માતાના સ્નેહમાં ભીંજાવા ઇચ્છતો હતો. તે રડવા માંડ્યો. હવે તે સુરક્ષિત હોવાની લાગણી અનુભવતો હતો. અત્યંત સુરક્ષિત હોવાની. પોતાની માતાની ભુજાઓમાં તદ્દન સુરક્ષિત હતો એ.



પરશુરામ પ્રતીક્ષા કરી રહ્યો હતો.

બ્રંગ વહાણ તો કિનારે છીતીને ભાંગી ગયું હતું. એટલે સૂર્યવંશીઓ પાસે બ્રંગ નદીનું પાણી પીધા સિવાય કોઈ જ વિકલ્પ નહોતો. જોકે દિવોદાસે એ પાણી ઉકાળીને જ પીવું એવો આગ્રહ રાખ્યો હતો. પરંતુ પરશુરામ જાણતો હતો કે બ્રંગ નદીનું પાણી પહેલાં વાર પીનારો માણસ થોડાક કલાકો માટે અવશ્ય બેભાન થઈ જતો હોય છે, સિવાય કે તેમને ચોક્કસ ઔષધો આપવામાં આવ્યાં હોય.

એટલે એ પાણીની અસર થાય તેની તે પ્રતીક્ષા કરવા માંડ્યો. તેણે એક કામ કરવાનું હતું.

બધા શાંત થઈ ગયા પછી પરશુરામે પોતાનું કામ શરૂ કર્યું. પોતાને બાંધવામાં આવેલી સાંકળોની નબળી કડી શોધીને તેની પર તે પથ્થરોથી ત્યાં સુધી પ્રહાર કરતો રહ્યો જ્યાં સુધી એ કડી તૂટી નહીં. તેની બાજુમાં તેનો જે મહત્ત્વના માણસ હતો તેને પણ મુક્ત થવાની આશા હતી. પરંતુ પરશુરામે સાંકળ પાછી ખૂંટામાં ભરાવી દીધી.

'કોઈ ભાગશે નહીં, સમજ્યા ? જો કોઈ ભાગવાનો પ્રયત્ન કરશે તેને હું ગમે તેમ કરીને પકડી લાવીશ.'

પરશુરામના માણસો આશ્ચર્ય અને મૂંઝવણ અનુભવી રહ્યા હતા પરંતુ પોતાના પ્રમુખને તેઓ કંઈ પૂછી શક્યા નહીં. પરશુરામ કિનારાની એક બાજુ બનાવવામાં આવેલા રસોડાની દિશામાં આગળ વધ્યો. તેની કુહાડી ચાંદનીમાં ચળકી રહી હતી. તેને શું કરવાનું છે, તે પરશુરામ બરોબર જાણતો હતો.

એ કરવું જ પડે એમ હતું. તેનો કોઈ વિકલ્પ જ નહોતો.



પ્રકરણ ૧૬
વિરોધાભાસનું આકર્ષણ

અગ્નિ પ્રજ્વલિત હતો.

શિવે માનસરોવર પાસે આટલી ઊંચી આગની જ્વાળાઓ ક્યારેય જોઈ નહોતી. સુસવાતો પવન , ખુલ્લી જગ્યા અને ગણોની ઊર્જાને કારણે ત્યાં લાગેલી આગ કદી પણ વધારે સમય રહેતી નહીં.

તેમણે આસપાસ જોઈ લીધું. તેમનું ગામ સાવ જ ઉજ્જડ બની ગયું હતું. તેમને એક પણ માનવ દેખાયો નહીં. અગ્નિની જ્વાળાઓ એ નાનકડા ગામની દીવાલોને સ્પર્શી ગઈ હતી.

પછી શિવે માનસરોવરની દિશામાં જોયું. ‘ હે પવિત્ર સરોવર , મારા ગામના લોકો ક્યાં ગયા ? પક્રાતિઓએ તેમને પકડી તો નથી લીધીને ?’

‘ શિવ *!* સહાય કર *!* ’

શિવે અવળા ફરીને જોયું તો રક્તથી ભીંજાયેલા બૃહસ્પતિ ગામના દ્વારની બહાર , ભયાવહ અગ્નિકુંડની બહાર નીકળી રહ્યા હતા. તેમની પાછળ મહોરું પહેરેલી એક કદાવર માનવાકૃતિ દોડી રહી હતી.

શિવે બૃહસ્પતિને પોતાની પાછળ લઈ લીધા , તલવાર ખેંચી અને એ મહોરાવાળો નાગવંશી પોતાની પાછળ આવે તેની પ્રતીક્ષા કરવા માંડ્યા. જ્યારે તે સમીપ આવ્યો ત્યારે શિવે બૂમ પાડી , ‘ તું કદી પણ એમને મારી નહીં શકે. હું જીવું છું ત્યાં સુધી તો નહીં જ *!* ’

નાગવંશીનું મહોરું જાણે જીવંત થઈ ઊઠ્યું હોય તેમ હસ્યું. ‘ મેં તો એને ક્યારનો મારી કાઢ્યો છે. ’

શિવે આસપાસ જોઈ લીધું. તેમની પાછળ ત્રણ મોટા નાગ હતા. એક નાગ બૃહસ્પતિનો દુર્બળ દેહ ઢસડી જઈ રહ્યો હતો અને એ દેહ પર ડંખને કારણે અસંખ્ય છિદ્રો પડેલાં હતાં. બીજા બે નાગ તેની આજુબાજુ પહેરો ભરી રહ્યા હતા અને તેમના મુખમાંથી આગ ઓકી રહ્યા હતા જેથી શિવ તેમની પાસે જઈ શકતા નહોતા. શિવ નિઃસહાયતાથી જોઈ રહ્યા અને એ નાગ બૃહસ્પતિને નાગવંશી પાસે ખેંચી ગયા. ક્રુદ્ધ શિવ હવે નાગવંશી સામે જોઈ રહ્યા હતા.

‘ રૂદ્ર ભગવાન કૃપા કરે *!* ’ શિવ ધીમેથી બોલ્યા.

નાગવંશીની પાસે ગંભીર રીતે ઘાયલ થયેલો દ્રપકુ પડ્યો હતો. પરાસ્ત , ત્યક્ત અને મૃત્યુની પ્રતીક્ષા કરી રહેલો દ્રપકુ.

દ્રપકુની બાજુમાં એક સ્ત્રી ઘૂંટણિયે બેઠી હતી. તેની ભુજાઓ પરથી રક્ત વહીને નીચે

ટપકી રહ્યું હતું. તેના ગૂંચળાવાળા વાળ તેના મુખ પર પથરાયેલા હતા. પછી પવન ફૂંકાયો અને મુખ પરથી વાળ હઠ્યા. તેણે શિવ સામે જોયું.

એ તો પેલી જ સ્ત્રી હતી જેને તે બચાવી શક્યો નહોતો. જેને તેણે બચાવી નહોતી. જેને બચાવવાનો તેણે પ્રયત્ન પણ કર્યો નહોતો. ' સહાય ! કૃપા કરીને મને સહાય કરો ! '

' એને સ્પર્શતો પણ નહીં ! ' ક્રુદ્ધ શિવે નાગવંશીની દિશામાં આંગળી ચીંધીને કહ્યું

નાગવંશીએ શાંતિથી પોતાની તલવાર ઊંચી કરીને જરા પણ ખચકાટ અનુભવ્યા વિના એ સ્ત્રીનું મસ્તક વાઢી નાખ્યું.

પરસેવે રેબઝેબ શિવ જાગી ગયા. તેમની ભમરો પાછળ પાછી બળતરા થવા માંડી હતી. તેમણે અંધારામાં જ પોતાના તંબૂમાં ચામેરજોઈલીધું. તેમને કિનારે અથડાતી મધુમતીનો મૃદુ અવાજ સંભળાતો હતો. તેમણે પોતાના કાંડા પર બંધાયેલા એ માદળિયાને જોઈ લીધું જેની પર ત્રણ નાગ વડે બનતું ઓમ્કારનું ચિહ્ન અંકિત હતું. તેમના મોઢામાંથી ગાળ સરી પડી. તેમણે એ માદળિયું ધરતી પર ફેંક્યું અને તે પાછા આડા પડ્યા. તેમનું મસ્તક ભારે થઈ ગયું હતું, અત્યંત ભારે.



રાત્રે મધુમતીનો મંદ પ્રવાહ વહી રહ્યો હતો. પરશુરામે ઉપર જોયું. તેનું કામ પતાવવા પૂરતી ચાંદની તો વરસી રહી હતી.

સપાટ તાવડી નાનકડા ચૂલા પર કેટલી ગરમ થઈ છે તે તેણે ચકાસી જોયું. તાવડી બરોબર ગરમ થઈ ગઈ હતી. એને ગરમ કરવી જ પડે તેમ હતી. ઘાવ પરનો ડામ બરોબર લાગવો જોઈતો હતો નહીંતર રક્તપ્રવાહ અટકે તેમ નહોતો. તેણે પરશુની ધાર કાઢવા માંડી.

પુનઃ એક વાર તેણે એ પરશુની ધાર ચકાસી જોઈ. હવે બરોબર ધાર નીકળી હતી. તેનાથી એક ઝાટકે જ કંઈ પણ કપાઈ શકે તેમ હતું. તેણે પાછળજોઈલીધું પરંતુ ત્યાં કોઈ નહોતું.

તેણે પોતાનો ડગલો ફેંક્યો અને ઊંડો શ્વાસ લીધો.

'હે રૂદ્ર ભગવાન, મને શક્તિ આપો.'

તેણે પોતાનો ડાબો હાથ ઊંચો કર્યો. આ જ પાપી હાથે નીલકંઠના પ્રિયપાત્રની હત્યા કરી હતી. તેણે એ હાથે એક વૃક્ષની ડાળી પકડી જકડી રાખી અને ખભાથી પોતાના હાથને પાછો ખેંચ્યો.

આ જ વૃક્ષની સાક્ષીએ તેણે પોતાના ઘણા શત્રુઓનાં મસ્તક ધડથી અલગ કર્યાં હતાં. તેના કારણે એ વૃક્ષના થડ પર લાલ લાલ ડાઘ પડી ગયા હતા. હવે તેનું રક્ત પણ તેમાં ભળી જવાનું હતું.

પછી તેણે પોતાના જમણા હાથમાં પરશુ લઈને ઊંચી કરી.

છેલ્લી વાર આકાશ સામે જોઈને ઊંડો શ્વાસ લઈને તે બોલ્યો, 'મને ક્ષમા કરજો, પ્રભુ.'

પરશુ હવાને ચીરતી ત્વરાથી નીચે વીંઝાઈ અને તેણે પરશુરામનો ડાબો હાથ એકદમ યોગ્ય રીતે કાપી નાખ્યો.



'હે પવિત્ર માનસરોવર, એ છટકી કઈ રીતે ગયો ?' શિવે બૂમ પાડી. 'તમે લોકો શું કરી રહ્યા હતા ?'

પર્વતેશ્વર અને ભગીરથની દૃષ્ટિ ધરતી પર મંડાયેલી હતી. ક્રોધ કરવા માટે પ્રભુ પાસે યોગ્ય કારણ હતું. એ બધા અત્યારે શિવના તંબૂમાં હતા. પહેલાં પ્રહરનો છેલ્લો કલાક ચાલી રહ્યો હતો. સૂર્ય હમણાં જ ઊગ્યો હતો. એ સાથે જ તેમને પરશુરામ અદૃશ્ય થઈ ગયો હોવાનું જણાયું હતું.

ત્યાં જ બહારના અવાજોથી શિવનો ધ્યાનભંગ થયો. તેઓ દોડ્યા તો તેમને દિવોદાસ અને અન્ય સૈનિકો પોતાની તલવાર પરશુરામ સામે તાકીને ઊભા રહેલા જોવા મળ્યા. એ શિવ સામે જોતો જોતો લથડિયાં ખાતો આગળ વધી રહ્યો હતો. બીજું કોઈ એને દેખાતું નહોતું.

શિવે ડાબા હાથથી ઇશારો કરીને પરશુરામને તેમની પાસે આવવા દેવાનું સૂચવ્યું. કોઈ પણ કારણ હોય પરંતુ શિવને પોતાની તલવાર કાઢવાની ઇચ્છા ન થઈ. પરશુરામે પોતાની ફરતે એક ડગલો વીંટાળી રાખ્યો હતો. તેની અંદર કોઈ શસ્ત્રો છુપાવ્યાં છે કે કેમ એ ચકાસવા ભગીરથ આગળ વધ્યો. પરંતુ શિવે બૂમ પાડી, 'તેને આવવા દે, ભગીરથ. બધું યથાયોગ્ય જ છે.'

પરશુરામ લથડિયાં ખાતો ખાતો શિવની દિશામાં આગળ વધતો હતો. તે નબળાઈ અનુભવી રહ્યો હતો અને બેભાન થવાની તૈયારીમાં હતો તેમ જણાઇ આવતું હતું. તેના ડગલા પર રક્તનો મોટો ડાઘ પડેલો જણાતો હતો. શિવે આંખો ઝીણી કરીને તે બરાબર જોઈ લીધું.

શિવ સામે પહોંચીને પરશુરામ ઘૂંટણિયે બેસી ગયો.

'તું ક્યાં ગયો હતો ?'

પરશુરામે દયાજનક રીતે શિવ સામે જોઈને કહ્યું, 'હું. . .પશ્ચાત્તાપ. . .પ્રભુ. . .'

શિવને વિસ્મય થયું.

લૂંટારાએ જમણા હાથે પોતાનો ડગલો નીચે ફેંક્યો અને પોતાનો કપાયેલો ડાબો હાથ શિવના ચરણોમાં ધર્યો. 'આ હાથ. . .પાપી. . .પ્રભુ. ક્ષમા કરો. . .'

શિવથી ઊંડો શ્વાસ લેવાઈ ગયો.

પરશુરામ બેભાન થઈને ઢળી પડ્યો.



આયુર્વતીએ પરશુરામના ઘાવની શુશ્રૂષા કરી હતી. તેણે કપાયેલા હાથની જગ્યાને પુનઃ એક વાર ડામ આપીને ચેપની તમામ સંભાવનાઓ નાબૂદ કરી હતી. ખુલ્લા ઘાવ પર લીમડાનો રસ લગાવવામાં આવ્યો હતો. તેની ઉપર લીમડાના પાંદડાનો જ ચુસ્ત પાટો પણ બાંધવામાં આવ્યો હતો.

તેણે શિવ સામે જોયું. 'આ મૂર્ખ ભાગ્યશાળી છે કે તેની પરશુ તીક્ષ્ણ અને સ્વચ્છ

હતી. આવા ઘાવમાંથી જે પ્રમાણે રક્ત વહેતું હોય છે અને સડો થતો હોય છે, એ પ્રાણઘાતક પણ નીવડી શકે છે.'

'મને નથી લાગતું કે એ તીક્ષ્ણતા કે સ્વચ્છતા કોઈ અકસ્માત હોય,' ભગીરથે કહ્યું. 'એ બધું એણે જ કર્યું હશે. એ શું કરી રહ્યો હતો તેની તેની પૂરી જાણ હતી.'

પર્વતેશ્વર આઘાતથી પરશુરામને જોઈ રહ્યા હતા.

આ વિચિત્ર માણસ છે કોણ ?

અત્યાર સુધી શિવ એક શબ્દ પણ બોલ્યા નહોતા. તે માત્ર પરશુરામને જજોઈરહ્યા હતા અને તેમના મુખ પર કોઈ હાવભાવ નહોતા. તેમની આંખો વિચારમગ્ન જણાતી હતી.

'હવે એનું શું કરીએ, પ્રભુ ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'આપણે તેનો ઉપયોગ કરીશું,' ભગીરથે સૂચવ્યું, 'આપણા વહાણનું સમારકામ થવામાં છ માસ જેટલો સમય તો લાગી જ જશે. એટલો સમય આપણે અહીંયાં રહી શકીએ નહીં. હું એમ સૂચવું છું કે આપણે નાનકડી હોડીમાં પરશુરામને નજીકમાં નજીક જ્યાં બ્રંગ દેશનો પહેરો હોય ત્યાં લઈ જઈને તેમને સોંપી દઈએ. પછી આવા લૂંટારાને પકડી લાવવાના બદલે આપણે તેમની પાસેથી વહાણ માંગીશું. એ લોકો આની પાસેથી નાગવંશી ઔષધનું રહસ્ય ગમે તેમ કરીને જાણી લેશે અને આપણને પંચવટીનો માર્ગ પણ મળી જશે.'

શિવે કંઈ કહ્યું નહીં. તે પરશુરામને જ જોઈ રહ્યા હતા.

પર્વતેશ્વરને ભગીરથનું સૂચન ગમ્યું નહીં. તેમ છતાં તે સમજતા હતા કે એ જ વ્યવહારુ ઉપાય છે. તેમણે શિવ સામે જોઈને કહ્યું, 'પ્રભુ !'

'આપણે એ માણસ બ્રંગ લોકોને નહીં સોંપીએ,' શિવે કહ્યું.

'પ્રભુ !' ભગીરથે આઘાતથી કહ્યું.

શિવે ભગીરથ સામે જોઈને કહ્યું, 'આપણે એમ નહીં જ કરીએ.'

'તો પછી આપણે પંચવટી કઈ રીતે પહોંચીશું, પ્રભુ ? આપણે પ્રતિજ્ઞા લીધી છે કે બ્રંગદેશને તેમનું ઔષધ અવશ્ય મેળવી આપીશું.'

'એ ઔષધ પરશુરામ જ આપણને આપશે. એ ભાનમાં આવે એટલે હું તેને કહીશ.'

'પરંતુ, પ્રભુ,' ભગીરથે કહ્યું, 'એ તો અપરાધી છે. તેની પર દબાણ નહીં કરવામાં આવે ત્યાં સુધી તે આપણી કોઈ જ સહાય નહીં કરે. તેણે બલિદાન આપ્યું છે એ હું માનું છું. પરંતુ અહીંથી જવા માટે આપણે વહાણ તો અવશ્ય જોઈશે.'

'હું જાણું છું.'

ભગીરથ શિવ સામે જોઈ રહ્યો. પછી તેણે પર્વતેશ્વર સામે જોયું. મેલુહાના સેનાપતિએ અયોધ્યાના રાજકુમારને શાંત થઈ જવાનો ઇશારો કર્યો.

પરંતુ ભગીરથ એમ કંઈ માને એમ નહોતો. નીલકંઠ જે સૂચવી રહ્યા હતા, તે વ્યવહારુ ઉપાય નહોતો. 'એક જ વાતનું પુનરુચ્ચારણ કરવા માટે મને ક્ષમા કરશો, પ્રભુ. પરંતુ વહાણ મેળવવાનો એકમાત્ર વ્યવહારુ ઉપાય છે આ માણસે બ્રંગદેશને સોંપી દેવો. અને એ એક માત્ર કારણ નથી કે આપણે તેને બ્રંગદેશને સોંપવો જોઈએ. પરશુરામ આમ પણ એક અપરાધી છે. તેણે કેટલાય લોકોનો વધ કર્યો છે. તો પછી તેને આપણે બ્રંગદેશના ન્યાયને હવાલે શા માટે ન કરવો જોઈએ ?'

'કારણ કે મેં એમ કરવાનું કહ્યું છે.'

એટલું કહીને શિવ બહાર આવ્યા. ભગીરથ પર્વતેશ્વર સામે જોઈ રહ્યો પરંતુ કશું જ બોલ્યો નહીં.

પરશુરામની આંખો થોડીક ખૂલી. તેણે એકદમ ફિક્કું સ્મિત કર્યું. અને પાછો તે નિદ્રાને શરણ થઈ ગયો.



દ્વિતીય પ્રહર પૂરો થવામાં હતો. સૂર્ય બરોબર મધ્યાહ્નને પ્રકાશી રહ્યો હતો.

બ્રંગ અને કાશીના સૈનિકો મહેનત કરી રહ્યા હતા અને વિશ્વધ્યુમને તેમની આગેવાની લીધી હતી. એ સક્ષમ બ્રંગવાસીના આદેશનું પાલન કરવામાં કાવસને જરા પણ સંકોચ નહોતો. બ્રંગવાસીઓ સાથે આવેલા વૈદ્યે તમામ ઘાયલોની શુશ્રૂષા કરી હતી. એ બધા ધીમે ધીમે સ્વસ્થ થઈ રહ્યા હતા. મૃત લોકોને ઇચ્છવારની ધરતી પર જ અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. બચી ગયેલી થોડીક સિંહણો અને પેલું વર્ણસંકર પ્રાણી પાછું આવે એમ કોઈને હવે લાગતું નહોતું તેમ છતાં સૈનિકોએ ગામ ફરતે ઊંડી ખાઈ ખોદી કાઢી હતી. પાઠશાળામાં જ બ્રંગવાસી અને કાશીના સૈનિકોને ઉતારો આપવામાં આવ્યો હતો. ગ્રામવાસીઓએ બધાના ભોજનની વ્યવસ્થા કરી હતી.

સમગ્ર ગામમાં સિંહોના હિંસક ટોળાના નાશનો આનંદ તો હતો તેમ છતાં એ લોકો થોડુંક અંતર જાળવી રાખતા હતા અને વિશ્વધ્યુમનના આદેશોનું પાલન ભય સાથે કરતા હતા. નાગવંશીઓએ જ તેમનો જીવ બચાવ્યો હતો તેમ છતાં તેમના મનમાં નાગવંશીઓ પ્રત્યેનો ભય નાશ નહોતો પામ્યો.

જોકે સફાઈ કરનારાના બાળકોને કાલિ સાથે રમવામાં આનંદ આવતો હતો. એ બંને કાલિના વાળ ખેંચતા, તેની પર કૂદતા અને જ્યારે પણ તે ક્રુદ્ધ થવાનો અભિનય કરતી ત્યારે ખડખડાટ હસી પડતા.

'છોકરાઓ !' તેમની માતાએ તેમને ઠપકો આપ્યો. છોકરાઓ દોડીને મા પાસે આવ્યા અને તેનું વસ્ત્ર પકડીને ઊભા રહી ગયા. છોકરાઓની માએ કાલિને કહ્યું, 'ક્ષમા કરજો, મહારાણી. એ બંને હવે તમને ખલેલ નહીં પહોંચાડે.'

વયસ્કની ઉપસ્થિતિથી કાલિ પાછી ગંભીર બની ગઈ. તેણે માત્ર મસ્તક હલાવીને હા પાડી.

પછી તેણે પોતાની જમણી બાજુ જોયું તો તેને સતીના ખોળામાં મસ્તક મૂકીને સૂતેલો ગણેશ જોવા મળ્યો અને તેના મુખ પર પરમશાંતિના ભાવ રમતા હતા. તેના ઘાવ પર પણ પાટાપિંડી કરવામાં આવી હતી. ગણેશના પગ પર સિંહણે જે બચકું ભર્યું હતું તેની વૈદ્યને વિશેષ ચિંતા હતી. તે ઘાવને ધોઈને તેની પર પણ ચુસ્ત પાટો બાંધવામાં આવ્યો હતો.

સતીએ કાલિ સામે જોઈને સ્મિત કર્યું. તેણે પોતાની બહેનનો હાથ પોતાના હાથમાં લીધો.

કાલિએ મૃદુ સ્મિત કર્યું, 'મેં એને આટલો શાંતિથી સૂતાં ક્યારેય નથી જોયો.'

સતીએ સ્મિત કરીને ગણેશના મુખ પર પ્રેમપૂર્વક હાથ પસાર્યો. 'અત્યાર સુધી તેં એની સંભાળ લીધી એ માટે હું તારો આભાર માનું છું.'

'એ તો મારું કર્તવ્ય હતું.'

'હા, પરંતુ બધા લોકો પોતાનું કર્તવ્ય ક્યાં નિભાવતા હોય છે ? હૃદયથી આભાર માનું છું.'

'વાસ્તવમાં મને એમાં અત્યંત આનંદ પણ મળ્યો છે.'

સતીએ સ્મિત કર્યું, 'હું કલ્પના પણ નથી કરી શકતી કે જીવનમાં તને કેટલી મુશ્કેલીઓ પડી હશે, પરંતુ હું વચન આપું છું કે એ દરેકનું સાટું વાળી દઈશ.'

કાલિની આંખો થોડીક પહોળી થઈ પરંતુ એ કશું બોલી નહીં.

સતીના મનમાં એક વિચાર આવ્યો એટલે તેણે કાલિ સામે જોયું, 'તેં પિતાજી અંગે કોઈ વાત કરી હતી. તને એ વાત પર પૂરો વિશ્વાસ છે ? એ દુર્બળ છે. પરંતુ એ પોતાના કુટુંબને અત્યંત પ્રેમ કરે છે. એ આપણામાંથી કોઈને પણ પોતાની જાણમાં કંઈ નુકસાન થવા દે, એમ હું માની નથી શકતી.'

કાલિના મુખ પર ક્રોધના હાવભાવ આવ્યા, પણ ગણેશનો કંઈક અવાજ આવ્યો એટલે એ હાવભાવ પાછા અદૃશ્ય પણ થઈ ગયા. સતીએ પોતાના પુત્ર સામે જોયું.

ગણેશે મોઢું ફુલાવીને કહ્યું, 'મને ભૂખ લાગી છે !'

સતીની ભમરો ઊંચી થઈ અને તે ખડખડાટ હસી પડી. તેણે ગણેશના કપાળ પર પ્રેમપૂર્વક ચુંબન કર્યું, 'જોઉં તારા માટે શું મળી શકે એમ છે.'

સતી ઊભી થઈને ગઈ એટલે કાલિએ ગણેશ પાસે આવીને તેને આવા વર્તન બદલ ઠપકો આપ્યો. પરંતુ ગણેશ ઝાટકો મારીને ઊભો થયો અને બોલ્યો, 'એ વાત તમે માને નહીં કરો, માસી.'

'શું ?' કાલિએ પૂછ્યું.

'તમે એને એ વાત નહીં કરો.'

'એ કંઈ મૂર્ખ નથી, સમજ્યો ? તે એ વાત સમજી જ જશે.'

'એ ભલે એ વાત સમજી જાય. પરંતુ તેને એ વાત તમારી પાસેથી જાણવા મળવી ન જોઈએ.'

'તેને સત્ય જાણવાનો અધિકાર છે. તેણે શા માટે એ વાત ન જાણવી જોઈએ ?'

'કારણ કે ક્યારેક સત્ય પીડા પણ આપતું હોય છે, માસી. એટલે તેને ગોપનીય જ રાખવું જોઈએ.'



'પ્રભુ,' પરશુરામે દુર્બળ અવાજે કહ્યું.

શિવ, પર્વતેશ્વર અને ભગીરથ તેના ફરતે એક નાનકડા તંબૂમાં ભેગા થયા હતા. ત્રીજા પ્રહરનો છેલ્લો કલાક ચાલી રહ્યો હતો. સૂર્ય ક્ષિતિજમાં ડૂબી રહ્યો હતો અને તેના કારણે મંદગતિ મધુમતીનું પાણી કેસરી-ભૂખરા રંગનું ભાસતું હતું. દિવોદાસ અને તેની ટુકડીએ વહાણનું સમારકામ શરૂ પણ કરી દીધું હતું. એ સાચે જ દુષ્કર કામ હતું.

'શું વાત છે, પરશુરામ ?' શિવે પૂછ્યું, 'તું શા માટે મને મળવા ઇચ્છતો હતો ?'

પરશુરામે આંખો મીંચીને શક્તિ ભેગી કરી. 'મારો એક માણસ નાગવંશી ઔષધનું રહસ્ય બ્રંગવાસીઓને જણાવી દેશે, પ્રભુ. અમે તેમને અવશ્ય સહાય કરીશું. અમે તેમને કલિંગમાં આવેલા મહેન્દ્ર પર્વત પર લઈ જઈશું. એ ઔષધને સ્થાયી કરવાનું તત્ત્વ અમને ત્યાંથી જ પ્રાપ્ત થાય છે.'

શિવે સ્મિત કર્યું, 'આભાર.'

'આપે મારો આભાર ન માનવો, પ્રભુ. એ જ તો તમારે જોઈતું હતું અને તમારી ઇચ્છાપૂર્તિનો અવસર મને મળ્યો એ તો મારું અહોભાગ્ય છે.'

શિવે હકારમાં મસ્તક હલાવ્યું.

'આપને એક વહાણની પણ આવશ્યક્તા રહેશે, પ્રભુ,' પરશુરામે કહ્યું.

ભગીરથ ટટ્ટાર થયો.

'મારી પાસે મારું પોતાનું એક વિશાળ વહાણ છે,' કહીને પરશુરામે પર્વતેશ્વર સામે જોયું. 'તમારા થોડાક માણસો મને આપો, શૂરવીર સેનાપતિ. વહાણ ક્યાં છે એ હું તેમને જણાવી દઈશ. એ લોકો વહાણ અહીં સુધી લાવી શકશે.'

પર્વતેશ્વરને આશ્ચર્ય થયું. તેમણે સસ્મિત શિવ સામે જોયું.

શિવે પુનઃ મસ્તક હકારમાં હલાવ્યું. એ લૂંટારો હવે થાકી ગયેલો જણાતો હતો. શિવે નીચા નમીને પરશુરામના ખભાનો સ્પર્શ કરતાં કહ્યું, 'તારે આરામ કરવાની આવશ્યકતા છે. આપણે પછી વાતો કરીશું.'

'હજુ એક વાત કરવાની છે, પ્રભુ,' પરશુરામે આગ્રહ કર્યો, 'બ્રંગ લોકો તો માત્ર એક માધ્યમ છે.'

શિવને વિસ્મય થયું.

'આપનું અંતિમ ધ્યેય તો નાગવંશીઓને શોધવાનું છે.'

શિવ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા.

'એ લોકો ક્યાં રહે છે તે હું જાણું છું,' પરશુરામે કહ્યું.

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'દંડકારણ્યથી હું સારી રીતે પરિચિત છું, પ્રભુ,' પરશુરામે કહ્યું, 'નાગવંશીઓનું નગર ક્યાં આવેલું છે એ હું જાણું છું. હું તમને જણાવીશ કે ત્યાં કઈ રીતે પહોંચવું.'

શિવે પરશુરામનો ખભો થપથપાવ્યો, 'આભાર.'

'પરંતુ મારી એક શરત છે.'

શિવનું વિસ્મય હવે અત્યંત વધી ગયું.

'આપે મને પણ તમારી સાથે લઈ જવો પડશે,' પરશુરામે કહ્યું.

શિવની ભમરો આશ્ચર્યથી ઊંચી થઈ ગઈ, 'પરંતુ શા માટે. . .'

'આપને અનુસરવું એ જ હવે મારા જીવનનું કર્તવ્ય છે. કૃપા કરીને મને મારા નિરર્થક જીવનને અર્થસભર બનાવવાની એક તક આપો.'

શિવે મસ્તક હલાવીને હા પાડી, 'તારી સાથે યાત્રા કરવાના અવસરને હું મારું અહોભાગ્ય માનીશ, પરશુરામ.'



મધુમતીની લડાઈને ત્રણ દિવસ વીતી ચૂક્યા હતા. પર્વતેશ્વરના માણસોએ પરશુરામનું વહાણ શોધી કાઢ્યું હતું. એ લોકો જે વહાણમાં આવ્યા હતા તેના કરતાં પણ આ વહાણ વિશાળ હતું. બ્રંગદેશના ઇજનેરોએ જ વહાણ બનાવ્યું હોય એમ લાગતું હતું, કારણ કે તેના તળિયે પેલી ખાંચાવાળી વિશેષ રચના પણ હતી. એમ લાગતું હતું કે પરશુરામને મારવા કે પકડવા માટે જે ક્ષત્રિયોને વહાણ સાથે મોકલવામાં આવ્યા હશે, તેમાંથી જ કોઈને પરાસ્ત કરીને કે મારીને પરશુરામે એ પડાવી લીધું હશે.

બધા જ સૈનિકો વહાણ પર બેસી ગયા હતા. પરશુરામના માણસોને હવે કેદી તરીકે નહોતા રાખવામાં આવ્યા. વહાણમાં તેમને પરાસ્ત કરનાર સૂર્યવંશી સૈનિકો જેવા જ

ઓરડા તેમને પણ ફાળવવામાં આવ્યા હતા.

પૂર્વક અને પરશુરામની શિવ અંગત કાળજી લેતા હતા. આયુર્વતીએ પોતાના સહાયક મસ્ત્રકને પરશુરામની અંગત શુશ્રૂષા માટે નીમ્યો હતો, કારણ કે વધારે રક્તસ્રાવ થવાને કારણે એ હજુ પણ નબળાઈ જ અનુભવી રહ્યો હતો.

વહાણ મધુમતી પર સરળતાથી આગળ વધી રહ્યું હતું. તેઓ જ્યારે બ્રંગ નદીમાં પહોંચશે, ત્યારે તેમાંથી એક ગતિશીલ નૌકા ઉતારીને પરશુરામના એક માણસ સાથે તે નૌકાને ચંદ્રકેતુ રાજા પાસે મોકલી દેવામાં આવશે કે જેથી તેઓ નાગવંશી ઔષધનો વૈકલ્પિક સ્રોત શોધી શકે. એ નૌકામાં રહેલા માણસો જ બ્રંગહૃદયમાં રહેલા શિવના અન્ય સૈનિકોને પણ શિવના આ કાફલા સાથે જોડાવાની સૂચના પણ આપશે. જ્યાં બ્રંગનદીમાંથી મધુમતી નદી અલગ પડે છે, ત્યાં જ શિવ સાથે તેમનો મિલાપ થશે એમ તેમને જણાવવાનું હતું.

પછી આખો કાફલો કાશી પાછો ફરવાનો હતો. શિવ સતી અને કાર્તિકને મળવા આતુર હતા. તેમને પોતાના કુટુંબનું વારે વારે સ્મરણ થતું રહેતું હતું. એ પછી તેઓ એક નાનકડું સૈન્ય ઊભું કરીને નાગવંશીઓની શોધમાં દક્ષિણે જવા નીકળી જવાના હતા.

શિવ વહાણના આગળના ભાગમાં ઊભા ઊભા વીરભદ્ર સાથે ગાંજાનો દમ ભરી રહ્યા હતા. નંદી તેમની બાજુમાં જ ઊભો હતો. તેઓ મધુમતીના પ્રવાહને જોઈ રહ્યા હતા.

'આ સાહસ ધાર્યા કરતા ઘણું સારું રહ્યું, પ્રભુ,' નંદીએ કહ્યું.

'એ સત્ય કહ્યું,' કહીને શિવે ચલમ બતાવીને કહ્યું, 'જોકે ઉજવણી ધાર્યા જેવી ઉત્તમ નથી.'

વીરભદ્રએ સ્મિત કર્યું, 'મને એક વાર કાશી પહોંચાડી દો. એ લોકોને ઉત્તમ ગાંજો બનાવતાં આવડે છે.'

શિવ ખડખડાટ હસી પડ્યા. નંદી પણ હસ્યો. શિવે નંદીને પણ ચલમ ધરી પરંતુ નંદીએ સવિનય એ લેવાની ના પાડી. શિવે ખભા ઊંચા કરીને ઊંડો કશ ખેંચ્યો અને પછી ચલમ વીરભદ્રના હાથમાં મૂકી.

એ દરમિયાન પર્વતેશ્વર તેમની દિશામાં આવતા હતા અને પછી તેઓ ખચકાઈને પાછા ફરી ગયા, એ વાત શિવે નોંધી.

'હવે એમને શું વાત કરવી હશે ?' શિવે કહ્યું.

'એ તો એકદમ સ્પષ્ટ જ છે, ના સમજ્યા ?' વીરભદ્રએ સસ્મિત કહ્યું.

નંદી પણ નીચું જોઈને હસવા માંડ્યો પણ કંઈ બોલ્યો નહીં.

'તમે બંને મૂર્ખાઓ મને થોડીક વાર એકલો કેમ નથી પડવા દેતા ?' કહીને શિવ સસ્મિત તેમના મિત્રો પાસેથી દૂર ગયા.

પર્વતેશ્વર થોડેક દૂર ઊંડા વિચારોમાં ગરકાવ દેખાતા હતા.

'સેનાપતિ ! થોડીક વાત કરી લઈશું ?'

પર્વતેશ્વરે ત્વરાથી શિવ સામે જોઈને વંદન કર્યાં, 'જેવી આપની આજ્ઞા, પ્રભુ.'

'આજ્ઞા નથી, પર્વતેશ્વર. માત્ર વિનંતી જ છે.'

પર્વતેશ્વરને વિસ્મય થયું.

'પવિત્ર સરોવરના નામે તમને કહું છું,' શિવે કહ્યું, 'માત્ર એક વાર તમારા હૃદયની વાત માનો.'

'પ્રભુ !'

'હું શું કહેવા ઇચ્છું છું તે તમે સારી રીતે જાણો છો. એ છોકરી તમને અત્યંત પ્રેમ કરે

છે. તમે પણ તેને પ્રેમ કરો જ છો. તો પછી હવે શું વિચારવાનું રહ્યું ?'

પર્વતેશ્વર સંકોચથી એકદમ રતુંબડા દેખાવા માંડ્યા, 'એ વાત એટલી સ્પષ્ટ દેખાઈ આવે છે ?'

'હા, બધાને દેખાઈ આવે છે.'

'પરંતુ પ્રભુ, એ અયોગ્ય છે.'

'કેવી રીતે ? શા માટે ? તમને એમ લાગે છે કે તમે દુ:ખી રહો એ હેતુથી રામ ભગવાને નિયમો ઘડ્યા હશે ?'

'પરંતુ મારા દાદાની પ્રતિજ્ઞા. . .'

'તમે એ પ્રતિજ્ઞાનું પૂરતું સન્માન કર્યું છે. મારો વિશ્વાસ કરો, હવે એ પણ એમ જ ઇચ્છે છે કે તમે એ પ્રતિજ્ઞા તોડો.'

પર્વતેશ્વર નીચે જોવા માંડ્યા પરંતુ કંઇ બોલ્યા નહીં.

'મને એવું સાંભળ્યાનું સ્મરણ છે કે ભગવાન રામના નિયમોમાંનો એક નિયમ એવો પણ છે કે નિયમો સૌથી મહત્ત્વના નથી. ન્યાય સર્વોપરી છે. જો નિયમભંગથી પણ ન્યાય થતો હોય, તો નિયમભંગ કરવો જોઈએ.'

'ભગવાન રામે એમ કહ્યું હતું ?' પર્વતેશ્વરે સાશ્ચર્ય પૂછ્યું.

'એમણે કહ્યું જ હશે,' શિવે સસ્મિત કહ્યું, 'તેઓ એવું કદી નહોતા ઇચ્છતા કે તેમના અનુયાયીઓ દુ:ખી જ રહે. આનંદમયીનો સાથ પામીને તમે અન્ય કોઈને તો કોઈ જ હાનિ નથી પહોંચાડી રહ્યા. તમારા દાદાએ જે વિરોધ કરવો શરૂ કર્યો હતો, તેને પણ આ સંબંધથી કોઈ જ નુકસાન નથી. તમે એ વિરોધમાં અત્યાર સુધી પૂરતો સાથ આપ્યો છે. હવે તમારા હૃદયને સાથ આપો.'

'એમ કરવું જોઈએ, પ્રભુ ?'

'એમ જ કરવું જોઈએ. ભગવાન રામના નામે કહું છું કે એની પાસે જાવ.'

શિવે પર્વતેશ્વરની પીઠ પર ધબ્બો માર્યો.

પર્વતેશ્વર ઘણા સમયથી આ વાત પર વિચાર કરી રહ્યા હતા. શિવના શબ્દોએ તેમને બળ આપ્યું. તેમણે શિવને વંદન કર્યાં અને ત્યાંથી ચાલ્યા ગયા. હવે એમનું ધ્યેય નિશ્ચિત હતું અને તેઓ એ મુજબ વર્તવા તૈયાર હતા.



આનંદમયી વહાણના પાછળના ભાગે કઠેડાના ટેકે ઊભી હતી અને ઠંડા પવનને માણી રહી હતી.

'રાજકુમારી ?'

આનંદમયીએ પાછળ ફરીને જોયું તો મોઘમ હસી રહેલા પર્વતેશ્વરને જોઈને તેને આશ્ચર્ય થયું. અયોધ્યાની રાજકુમારી કંઈક બોલવા જ જતી હતી કે પર્વતેશ્વરે પોતાની ભૂલ સુધારી.

'અર્થાત્ આનંદમયી,' પર્વતેશ્વરે સંકોચપૂર્વક કહ્યું.

આનંદમયી આશ્ચર્ય અનુભવતી ઊભી રહી ગઈ.

'હા, સેનાપતિ ? કંઈ કહેવા ઇચ્છો છો ?' આનંદમયીનું હૃદય ગતિપૂર્વક ધબકી રહ્યું હતું.

'એ. . .આનંદમયી. . .હું એમ વિચારતો હતો કે. . .'

'શું ?'

'અ. . .અરે. . .વાત એમ છે કે. . .આપણે જેની વાત કરી રહ્યા હતા ને કે. . .'

આનંદમયી દેદીપ્યમાન થઈ ઊઠી હતી. તેના અંતરમાંથી પ્રકાશ ઊભરાઈ રહ્યો હતો. 'હા, સેનાપતિ ?'

'અ. . .અ. . .મેં ક્યારેય વિચાર્યું નહોતું કે મારે કદી આવી પરિસ્થિતિમાં પણ મુકાવું પડશે. હું એમ કહેતો હતો કે. . .'

આનંદમયીએ હકારમાં મસ્તક હલાવ્યું પરંતુ તે શાંત જ રહી. પર્વતેશ્વરને જેટલો સમય જોઈતો હોય, તેટલો સમય તે આપવા ઇચ્છતી હતી. પર્વતેશ્વર શું કહેવા ઇચ્છે છે, તે વાત તે બરોબર સમજતી હતી. પરંતુ તે એમ પણ સમજતી હતી કે એ વાત પર્વતેશ્વર માટે કહેવી કેટલી દુષ્કર હતી.

'મારી પ્રતિજ્ઞાઓ અને સૂર્યવંશી નિયમો જ મારા જીવનનો આધાર રહ્યા છે,' પર્વતેશ્વરે કહ્યું, 'નિર્વિવાદ અને અપરિવર્તનશીલ રહ્યા છે એ. મારું ભાગ્ય, મારા જીવનનું લક્ષ્ય અને મારે તેમાં જે ભાગ ભજવવાનો છે, તે પણ સુસ્પષ્ટ જ રહ્યાં છે. એ સ્પષ્ટતા મને હંમેશા ગમી છે. અથવા તો એમ કહીશ કે ઘણા દસકો સુધી એ મને ગમતી હતી.'

આનંદમયીએ માત્ર મસ્તક હકારમાં હલાવ્યું.

'પરંતુ,' પર્વતેશ્વરે કહ્યું, 'પાછલાં કેટલાંક વર્ષમાં મારું જગત સંપૂર્ણ બદલાઈ ગયું છે. સૌ પ્રથમ તો પ્રભુ નીલકંઠ પધાર્યા, એ જીવંત માનવ જે મારા માટે આદર્શ બની રહ્યા છે, જે નિયમોથી પણ પર છે. મને એમ હતું કે મારા હૃદયને આનાથી મોટું પરિવર્તન ક્યારેય અનુભવવું નહીં પડે.'

આનંદમયી મસ્તક હલાવતી જ રહી. તેણે પોતાનું હાસ્ય દબાવી રાખવા પ્રયત્ન કરવો પડતો હતો. આવી તદ્દન નિરસ રીતે કોઈ પુરુષ સ્ત્રી સમક્ષ પરિણયનો પ્રસ્તાવ રજૂ કરતો હોય, તેવું તેણે ક્યારેય જોયું કે સાંભળ્યું નહોતું. પરંતુ તે જાણતી હતી કે તેના પર્વએ આ વાત કહેવી જ રહી નહીંતર તેના મનમાં કાયમ એ વાત ખટકતી રહેશે અને પોતાને પણ સતત ભાવિ જીવનમાં એ કનડતી રહેશે.

'પરંતુ, એ પછી મારા જીવનમાં સાવ અણધારી રીતે એવી એક સ્ત્રી પણ આવી કે જેણે મારું જીવન પલટી નાખ્યું. હું તેને પ્રશંસું છું અને વંદું છું. હું જીવનમાં એક એવા ત્રિભેટે પહોંચ્યો છું જ્યાંથી મારું લક્ષ્ય મને સ્પષ્ટ દેખાતું નથી. મારું જીવન હવે કઈ દિશામાં જવાનું છે એ પણ હું જાણતો નથી. આગળનો માર્ગ પણ એકદમ અસ્પષ્ટ છે. પરંતુ મને આશ્ચર્ય એ વાતનું છે કે મને એ અસ્પષ્ટતા પણ ગમવા માંડી છે. જ્યાં સુધી એ માર્ગ પર તું મારી સાથે ચાલીશ, ત્યાં સુધી એ માર્ગ મને ગમવાનો જ છે.'

આનંદમયી હજુ પણ ચૂપ જ હતી. તે હસી રહી હતી. તેની આંખમાંથી આંસુ ઊભરાઈ રહ્યાં હતાં. છેવટે પર્વતેશ્વરે એ કહી દીધું હતું જે તેને સાંભળવું હતું.

'એ યાત્રા અત્યંત આનંદાયક હશે.'

આનંદમયીએ પર્વતેશ્વર ઉપર નમીને તેમને પ્રગાઢ ચુંબન આપ્યું. જોશીલું ચુંબન. પર્વતેશ્વર આઘાત અનુભવતા ઊભા રહ્યા. તેમના હાથ હજુ તેમના પડખા પર જ હતા અને તેઓ એ આનંદ લઈ રહ્યા હતા જેની આ પહેલાં તેમણે કલ્પના પણ નહોતી કરી. એક યુગ પછી આનંદમયીએ ચુંબન પૂર્ણ કર્યું હોય એમ પર્વતેશ્વરને લાગ્યું. તેમનું મુખ હજુ પણ ખુલ્લું જ હતું. આ ઘટનાની પ્રતિક્રિયા શું આપવી તે પણ તેમને સમજાતું નહોતું.

'હે ભગવાન રામ, કૃપા કરો,' સેનાપતિ એટલું જ બબડ્યા.

આનંદમયીએ પર્વતેશ્વર પાસે જઈને તેમના મુખ પર હાથ ફેરવ્યો. 'તમે અત્યાર સુધી શું ગુમાવ્યું છે તેનું તમે અનુમાન પણ કરી શકો એમ નથી.'

પર્વતેશ્વર માત્ર દિગ્મૂઢ અવસ્થામાં આનંદમયીને નીરખી રહ્યા.

આનંદમયીએ પર્વતેશ્વરનો હાથ પકડીને ખેંચ્યો અને કહ્યું, 'આવો મારી સાથે.'



પેલા વર્ણસંકર પ્રાણી સાથે લડાઈ થયાને એક સપ્તાહ વીતી ગયું હતું. એ પ્રાણી કે બચી ગયેલી સિંહણોમાંથી કોઈ ત્યાં આવ્યું નહોતું. એ બધાં હજુ પોતાના ઘાવ જ ચાટી રહ્યાં હશે, એમ લાગતું હતું. ઇચ્છવાર ગામના વાસીઓ આ શાંતિના સમયમાં ખેતરો ખેડી રહ્યા હતા અને પાક લેવાની તૈયારી કરી રહ્યા હતા. તેમને આવો આનંદ અને શાંતિ પ્રાપ્ત થશે એવી આશા નહોતી.

ચંદ્રવંશી સૈનિકો પણ ધીમે ધીમે સાજા થઈ રહ્યા હતા. ગણેશને પડેલા ઘાવ જોકે અત્યંત ઊંડા હતા. વાઘણે પગે ભરેલા બચકાને કારણે તે હજુ પણ લંગડાતો હતો. પરંતુ તે જાણતો હતો કે તે સંપૂર્ણ સાજો અવશ્ય થઈ જશે. તેણે હવે અફર ઘટનાની તૈયારી કરવી જ રહી.

'મા,' ગણેશે ધીમેથી કહ્યું.

સતીએ પોતે જે પાત્રમાં રસોઈ કરી રહી હતી તેને ઢાંકીને ગણેશ સામે જોયું. આખું સપ્તાહ તેણે કાલિ પાસેથી ગણેશના બાળપણની, તેના સુખ અને દુઃખની વાતો સાંભળી હતી અને તે પોતાના સંતાનનું વ્યક્તિત્વ સમજવા મથી રહી હતી. તેને શું શું ભાવે છે એ પણ તેણે કાલિને પૂછી લીધું હતું. અને તે ગણેશનો આત્મા અને પેટ બંને તૃપ્ત કરી રહી હતી. 'શું છે, બેટા ?'

ગણેશની વિનંતી અનુસાર કાલિ પણ એ બંનેની સમીપ આવીને ઊભી રહી ગઈ હતી.

'મને લાગે છે કે હવે અમારે પ્રસ્થાનની તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. બીજા એક સપ્તાહમાં તો હું યાત્રા કરવા જેટલો સ્વસ્થ અવશ્ય થઈ જઈશ.'

'એ હું જાણું જ છું. તને જે ભોજન પીરસું છું એમાં હું ઔષધો પણ મેળવી જ દઉં છું. એ ઔષધોથી જ તને શક્તિ પ્રાપ્ત થઈ રહી છે.'

ગણેશે ગોઠણિયે બેસીને પોતાની માતાનો હાથ પકડીને કહ્યું, 'હું પણ જાણું જ છું.'

સતીએ પોતાના પુત્રના મુખ પર પ્રેમથી હાથ પસવાર્યો.

ગણેશે ઊંડો શ્વાસ લીધો. 'હું જાણું છું કે તું પંચવટી નહીં આવી શકે. એનાથી તું ભ્રષ્ટ થઈ જઈશ. હું તને મળવા નિયમિત રીતે કાશી આવતો રહીશ. હું એકદમ ગોપનીય રીતે આવીશ.'

'આ તું શું બોલી રહ્યો છે ?'

'મેં કાશીના સૈનિકોને પણ કશું જ ન બોલવાની પ્રતિજ્ઞા લેવડાવી છે, પીડાકારક મૃત્યુનો ભય દર્શાવીને,' ગણેશે મરકતાં કહ્યું, 'એ લોકો તો નાગવંશીઓથી અત્યંત ભયભીત જ રહે છે. એટલે એ લોકોમાંથી આ પ્રતિજ્ઞા તોડવાનું શૌર્ય કોઈ જ દાખવી શકશે નહીં ! એટલે આપણા સંબંધનું રહસ્ય ગોપનીય જ રહેશે.'

'હે ભગવાન રામ ! ગણેશ, આ તું શું બોલી રહ્યો છે ?'

'હું તને કોઈ પણ સંકોચભરી સ્થિતિમાં નહીં મૂકુ, મા. તેં મારો સ્વીકાર કર્યો એ જ મારા આત્માની તૃપ્તિ માટે પૂરતું છે.'

'તું મને કઈ રીતે સંકોચભરી સ્થિતિમાં મૂકી શકે ? તું તો મારો ગર્વ અને આનંદ છે.'

'મા. . .' ગણેશે સ્મિત કરતાં કહ્યું.

સતીએ પોતાના પુત્રનું મુખ પોતાના હાથમાં લીધું, 'તું ક્યાંય જવાનો નથી.'

ગણેશની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

'તું હવે મારી સાથે જ રહીશ.'

'મા !' હવે ગણેશ ભયભીત થઈ ઊઠ્યો.

'શું ?'

'કઈ રીતે હું તારી સાથે રહી શકું ? તારો સમાજ શું કહેશે ?'

'મને એની કોઈ જ પરવા નથી.'

'પરંતુ તારો પતિ. . .'

'એ તારા પિતા છે. . .' સતીએ દૃઢતાથી કહ્યું, 'એમની વાત આદર સાથે જ કરવાની.'

'હું કોઈનો અનાદર કરવા નથી ઇચ્છતો, મા. પરંતુ એ મારો સ્વીકાર નહીં કરે. તું પણ એ સારી રીતે જાણે છે. હું એક નાગવંશી છું, મા.'

'તું મારો પુત્ર છે. તું એમનો પણ પુત્ર છે. એ તારો અવશ્ય સ્વીકાર કરશે. તારા પિતાના હૃદયની વિશાળતા તું નથી જાણતો. સમગ્ર જગત તેમાં સમાઈ શકે છે.'

'પરંતુ, સતી. . .' કાલિ વચ્ચે કંઈક બોલવા ગઈ.

'કોઈ જ દલીલ કરવાની આવશ્યકતા નથી, કાલિ,' સતીએ કહ્યું, 'તમે બંને કાશી આવી રહ્યાં છો. ગણેશ યાત્રા કરવા જેટલો સ્વસ્થ થઈ જાય એટલે આપણે પ્રસ્થાન કરીશું.'

કાલિ સતી સામે દિગ્મૂઢ બનીને જોઈ રહી.

'તું મારી બહેન છે. આ સમાજ શું કહેશે તેની મને જરા પણ પરવા નથી. જો એ લોકો મને સ્વીકારે છે, તો તને પણ સ્વીકારવી જ રહી. જો એ લોકો તને નકારશે, તો હું પણ એ સમાજનો ત્યાગ કરી દઈશ.'

કાલિએ અશ્રુભરી આંખે સ્મિત કર્યું, 'હું તો તારા વિષે તદ્દન ખોટું જ વિચારતી હતી, મોટી બહેન.'

કાલિએ પહેલી વાર સતીને 'મોટી બહેન' કહીને સંબોધી હતી. સતી હસતાં હસતાં કાલિને ભેટી પડી.



પ્રકરણ ૧૭
સન્માનનો શાપ

મધુમતીની લડાઈને દસ દિવસ થઈ ગયા હતા. જ્યાં બ્રંગ નદીમાંથી મધુમતી નદી નીકળતી હતી ત્યાં એ વહાણ આવીને ઊભું હતું જેની પર એક સમયના શત્રુ એવા સૂર્યવંશીઓ અને પરશુરામની ટોળી એક સાથે સવાર હતા. તેમના સાથીઓ બ્રંગહૃદયથી આવીને તેમની સાથે જોડાય તેની તેઓ પ્રતીક્ષા કરી રહ્યા હતા.

એક બ્રંગ પંડિતને પર્વતેશ્વર અને આનંદમયીની લગ્નવિધિ માટે પણ બોલાવવામાં આવ્યો હતો. ભગીરથની એવી ઇચ્છા હતી કે અયોધ્યા જઈને એક રાજકુમારીને શોભે એવી ભવ્ય રીતે આ લગ્નવિધિ સંપન્ન કરવી. પરંતુ આનંદમયી કોઈની વાત સાંભળવા ઇચ્છતી નહોતી. તે હવે કોઈ પણ પ્રકારે વિલંબ કરવાના મતમાં નહોતી. પર્વતેશ્વરે હા પાડવામાં ઘણો સમય વિતાવ્યો હતો અને હવે તેમાં કોઈ પરિવર્તન આવે તે પહેલાં તે બધી જ વિધિ સંપન્ન કરી દેવા ઇચ્છતી હતી. શિવે એ બંનેને આશીર્વાદ આપ્યા એટલે 'આટલી ઉતાવળ શું છે' જેવી ચર્ચાઓનો અંત આવી ગયો હતો.

શિવ વહાણના તૂતક પર કઠેડા પાસે ઊભા ઊભા વીરભદ્ર સાથે ચલમ ફૂંકી રહ્યા હતા.

'પ્રભુ !'

શિવે પાછળ ફરીને જોયું.

'હે પવિત્ર માનસરોવર ! આ તું શું કરી રહ્યો છે, પરશુરામ ?' શિવે ભયભીત અવાજે પૂછ્યું. 'તારે આરામ કરવો જોઈએ.'

'એનાથી હવે હું કંટાળી ગયો છું, પ્રભુ.'

'પરંતુ ગઈકાલે લગ્નવિધિ દરમિયાન તું ઘણું જાગ્યો હતો. બે દિવસ તું હરફર કરીશ તો શરીરને ભારે કષ્ટ પડશે. આયુર્વતીનું શું કહેવું છે ?'

'હું થોડીક વારમાં તો અંદર જતો રહીશ, પ્રભુ,' પરશુરામે કહ્યું, 'મને થોડી વાર તમારી પાસે ઊભો રહેવા દો. મને તેનાથી અત્યંત રાહત થાય છે.'

શિવે ભમરો ઊંચી કરીને કહ્યું, 'મારામાં એવું કશું જ વિશેષ નથી. એ બધું તમારા લોકોના મનમાં જ છે.'

'એ બાબતમાં હું અસહમત છું, પ્રભુ. પરંતુ જો એમ જ હોય, તો પણ હું આપની સાથે ઊભો રહું એમાં કોઈને કશું નુકસાન નથી, એટલે આપ મને અવશ્ય અહીં ઊભો રહેવા દેશો એવો મને વિશ્વાસ છે.'

શિવ ખડખડાટ હસી પડ્યા, 'તને શબ્દો વાપરતાં સારા આવડે છે, એક. . .'

શિવ અચાનક અટકી ગયા.

'લૂંટારો હોવા છતાં,' પરશુરામે સસ્મિત કહ્યું.

'જોકે હું કોઈ અપમાન કરવાના ઇરાદાથી નહોતો બોલ્યો. હું ક્ષમા માંગુ છું.'

'એમાં ક્ષમા કેમ માંગવી પડે, પ્રભુ ? એ સત્ય જ છે. હું લૂંટારો જ હતો.'

વીરભદ્રને આ વિચિત્ર લૂંટારાના ઘણા વિચારો આવતા હતા. એ બુદ્ધિશાળી હતો, કોઈક કારણસર દુ:ખી પણ હતો અને શિવને સંપૂર્ણતઃ સમર્પિત પણ હતો. તેણે મુદ્દો બદલવા કહ્યું, 'તને સેનાપતિ પર્વતેશ્વર અને રાજકુમારી આનંદમયીના લગ્નમાં ઘણો ઉત્સાહિત જોયો હતો. મને એ વાત રસપ્રદ લાગી.'

'એ બંને તદ્દન અલગ પ્રકૃતિના માનવો છે,' પરશુરામે કહ્યું, 'વ્યક્તિત્વ, વિચાર, માન્યતા અને પ્રદેશ – તમામ રીતે. બંને અલગ અલગ ધ્રુવના માનવો છે. ચંદ્રવંશી અને સૂર્યવંશી વિચારધારાના ધ્રુવના. પારંપરિક રીતે તો એ બંને શત્રુઓ હોવાં જોઈએ. તેમ છતાં બંને એકબીજાના પ્રેમમાં પડ્યાં. મને એવી વાતો ગમે છે. એના કારણે મને મારાં માતા-પિતાનું સ્મરણ થઈ આવે છે.'

શિવને વિસ્મય થયું. પરશુરામે સ્વયં પોતાની માતાનું મસ્તક ધડથી અલગ કર્યું હતું એવી વાત સાંભળ્યાનું તેમને સ્મરણ થયું, 'તારાં માતા-પિતા ?'

'હા, પ્રભુ, મારા પિતા જમદગ્નિ એક બ્રાહ્મણ હતા, પંડિત હતા અને મારી માતા રેણુકા ક્ષત્રિય કુળની હતી. એ લોકોનું કુળ એવા પ્રદેશ પર શાસન કરતું હતું જે બ્રંગદેશને ખંડણી ભરતું હતું.'

'એમનાં લગ્ન કઈ રીતે થયાં હતાં ?' શિવે પૂછ્યું.

'મારી માતાના કારણે,' પરશુરામે સસ્મિત કહ્યું, 'તે અત્યંત મક્કમ મનોબળવાળી સ્ત્રી હતી. મારાં માતા-પિતા એકબીજાના પ્રેમમાં હતાં. પરંતુ મારી માતાના ચારિત્ર્ય બળ અને દૃઢ નિર્ધારને કારણે જ તેમનો પ્રેમ તેમના લક્ષ્ય સુધી પહોંચી શક્યો.'

શિવે સ્મિત કર્યું.

'એ પિતાજીના ગુરુકુળમાં કામ કરતી હતી. આમ તો એ વાત પણ તેમના કુળના નિયમો વિરુદ્ધ હતી.'

'કોઈ ગુરુકુળમાં કામ કરવું નિયમો વિરુદ્ધ કઈ રીતે હોઈ શકે ?'

'કારણ કે તેમના કુળમાં તો કોઈ પણ સ્ત્રી બહાર જઈને કોઈ પણ કામ કરી શકતી નહીં.'

'કોઈ પણ કામ ? કેમ નહીં ? મને એવા કુળોની જાણ છે જેઓ પોતાની સ્ત્રીઓને યુદ્ધના મેદાનમાં નથી ઊતરવા દેતા. ગણોમાં પણ એ જ નિયમ છે. પરંતુ બીજાં કામ કેમ નહીં ?'

'કારણ કે મારી માતા આ પૃથ્વી પરના સૌથી મૂર્ખ કુળોમાંથી એકમાં જન્મી હતી,' પરશુરામે કહ્યું, 'મારી માતાના કુળના લોકો એમ જ માનતા હતા કે સ્ત્રીઓએ ઘરમાં જ રહેવું જોઈએ. અને તેમણે "વિચિત્ર" પુરુષોના પરિચયમાં તો કદી પણ ન આવવું જોઈએ.'

'કેવી મૂર્ખામીપૂર્ણ વાત !' શિવે કહ્યું.

'તદ્દન મૂર્ખામીપૂર્ણ. જોકે, મેં કહ્યું એમ, મારી માતા અત્યંત દૃઢ નિર્ધારવાળી સ્ત્રી હતી. અને તેના પિતાની લાડકી પણ ખરી. એટલે તેણે પોતાના પિતાને મનાવીને એ ગુરુકુળમાં કામ કરવાની પરવાનગી મેળવી લીધી હતી.'

શિવને રસ પડી રહ્યો હતો.

'જોકે મારી માતાના મનમાં તો પોતાની આગવી રમત હતી જ,' પરશુરામે કહ્યું, 'તે

મારા પિતાના પ્રેમમાં હતી. પિતાજી પોતાની પ્રતિજ્ઞાઓ છોડીને માતાને પરણે એવું સમજાવવા માતાને પૂરતો સમય જોઈતો હતો.'

'પ્રતિજ્ઞાઓ ?'

'મારા પિતાજી એક વાસુદેવ બ્રાહ્મણ હતા. અને વાસુદેવ બ્રાહ્મણ કદી પણ લગ્ન ન કરી શકે. વાસુદેવ જ્ઞાતિના અન્ય લોકો કરી શકે પરંતુ વાસુદેવ બ્રાહ્મણ નહીં.'

'એટલે વાસુદેવોમાં બ્રાહ્મણ સિવાયના પણ લોકો છે ?'

'એ તો છે જ. પરંતુ બ્રાહ્મણો એ બધામાં હંમેશા આગેવાન હોય છે. એ લોકો પોતાને વાસુદેવ તરીકેના દાયિત્વને સર્વોપરી ગણતા રહે એટલે તેમણે સંપત્તિ, પ્રેમ અને કુટુંબ જેવાં તમામ દુન્વયી પ્રલોભનોથી દૂર જ રહેવું પડતું. એટલે તેઓ ઘણી પ્રતિજ્ઞાઓ લેતા અને તેમાંની એક એટલે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા.'

શિવને મનોમન વિચાર આવ્યો કે ભારતીયોમાં આ દુન્વયી સંબંધો ત્યાગવાનો સ્થિર પૂર્વગ્રહ શા માટે જન્મ્યો હશે. હે પવિત્ર સરોવર , એના કારણે માનવ ઉત્ક્રાંત થઈને મહામાનવ બની શકે , એવું શા માટે માનવામાં આવતું હશે ?

'માટે,' પરશુરામની આંખોમાં અનેરી ચમક હતી, 'મારી માતાએ છેવટે મારા પિતાને તેમની પ્રતિજ્ઞા તોડવા મનાવી લીધા. એ પણ માતાને પ્રેમ તો કરતા જ હતા પરંતુ આ પ્રતિજ્ઞા તોડવાનું બળ તેમનામાં માતાએ સીંચ્યું હતું કે જેથી બંને સાથે જીવન વ્યતીત કરી શકે. તેણે પોતાના પિતાને પણ આ સંબંધ સ્વીકારી લેવા સમજાવી લીધા હતા. મેં કહ્યું એમ, એ કોઈ વાતનો નિર્ધાર કરી લે, પછી એ નિર્ધારને અવશ્ય સિદ્ધ કરી બતાવતી. એટલે મારાં માતા-પિતાનાં લગ્ન થયાં અને તેમને પાંચ સંતાનો પણ થયાં. હું તેમાં સૌથી નાનો હતો.'

શિવે પરશુરામને પૂછ્યું, 'તને સાચે જ તારી માતા માટે ગર્વની લાગણી છે, ખરું ને ?'

'અવશ્ય. તે સ્ત્રી જ એવી હતી !'

'તો પછી શા માટે તેં. . .'

બોલતાં બોલતાં શિવ અટકી ગયા. મારે એમ નહોતું કહેવું જોઈતું.

હવે પરશુરામ ગંભીર બની ગયો હતો. 'શા માટે મેં તેનું મસ્તક ધડથી અલગ કર્યું, એમ જ ને.'

'એ અંગે તારે વાત કરવાની કોઈ જ આવશ્યકતા નથી. હું એ પીડાની કલ્પના પણ નથી કરી શકતો ?'

પરશુરામ ઊંડો શ્વાસ લઈને તૂતક પર બેસી ગયો. શિવે પણ ઘૂંટણભેર બેસીને તેના ખભા પર હાથ ફેરવ્યો. વીરભદ્ર ઊભા ઊભા પરશુરામની આંખોમાં રમતી પીડા જોઈ રહ્યો હતો.

'તારે કંઈ કહેવાની આવશ્યકતા નથી, પરશુરામ,' શિવે કહ્યું.

પરશુરામે પોતાની આંખો બંધ કરી દીધી અને જમણો હાથ હૃદય પર રાખીને બેઠો. તે 'ઓમ્ રૂદ્રાય નમઃ, ઓમ્ રૂદ્રાય નમઃ'નું રટણ કરવા માંડ્યો.

શિવ આ બ્રાહ્મણ યોદ્ધાને ચૂપચાપ જોઈ રહ્યા.

'મેં આ અંગે કોઈ સાથે ક્યારેય વાત નથી કરી, પ્રભુ,' પરશુરામે કહ્યું. 'એના કારણે જ મારા જીવનની દિશા પલટાઈ અને હું અત્યારે જ્યાં છું, ત્યાં તેના કારણે જ પહોંચ્યો છું.'

શિવે પુનઃ પરશુરામનો ખભો થપથપાવ્યો.

'પરંતુ મારે આપને અવશ્ય કહેવું જોઈએ. જો કોઈ મારા ઘાવ રૂઝવી શકે એમ હોય,

તો એ આપ જ છો. મેં મારો અભ્યાસ પૂરો કર્યો એને થોડોક જ સમય વીત્યો હતો. અને મારા પિતાની જેમ હું પણ વાસુદેવ જ બનવા ઇચ્છતો હતો. જોકે મારા પિતા એમ નહોતા ઇચ્છતા. એમનો કોઈ પણ પુત્ર વાસુદેવ બને એમ તેઓ નહોતા ઇચ્છતા. તેમણે મારી માતા સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારથી તેમને જ્ઞાતિ બહાર કાઢવામાં આવ્યા હતા. અમારામાંથી કોઈને આવું સહન કરવું પડે, એમ મારા પિતા ઇચ્છતા નહોતા.'

હવે વીરભદ્ર પણ નીચે બેસીને ધ્યાનપૂર્વક પરશુરામની વાત સાંભળી રહ્યો હતો.

'પરંતુ મારામાં મારી માતાની જ હઠ હતી. મારા ભાઈઓથી વિપરીત, મેં દૃઢ નિર્ધાર કર્યો હતો. મેં એમ વિચાર્યું હતું કે હું ક્ષત્રિય સ્વરૂપે વાસુદેવોની જ્ઞાતિમાં પ્રવેશીશ. એટલે મારી પર તેમની જાતભાતની પ્રતિજ્ઞાઓ પણ લાગુ નહીં પડે. એટલે મેં યોદ્ધા તરીકે પ્રશિક્ષણ પણ લીધું. મારા પિતાએ વાસુદેવોની રાજધાની ઉજ્જૈનમાં વસતા અમુક એવા વડીલોને પત્ર લખ્યો જેઓ હજુ તેમના માટે સહાનુભૂતિ ધરાવતા હતા. તેમણે એ પત્રમાં મને વાસુદેવ તરીકે સ્વીકૃતિ મળે તેવી વિનંતી કરી હતી. એટલે છેવટે એક દિવસ મારે પાસેના એક મંદિરમાં વાસુદેવ તરીકેનાં પરીક્ષણોમાંથી પસાર થવા જવું પડ્યું.'

આ બધી ઘટનાને તેની માતા સાથે શું સંબંધ હશે ?

'જોકે હું પરીક્ષણોમાંથી પસાર થવા નીકળ્યો ત્યારે મને જાણ નહોતી કે મારા દાદા મૃત્યુ પામ્યા છે. મારી માતાના કુળના જંગલી લોકોને અટકાવી રાખતું એક માત્ર પરિબળ મારા દાદા જ હતા. જેવા તેઓ મૃત્યુ પામ્યા કે એ લોકોએ તેમને જે કામ વર્ષોથી કરવું હતું, તે કરવાનું નક્કી કર્યું. પ્રતિષ્ઠા માટે હત્યા.'

'પ્રતિષ્ઠા માટે હત્યા ?'

પરશુરામે શિવ સામે જોયું. 'જ્યારે કુળના લોકો એમ માનવા માંડે કે એ કુળની કોઈ સ્ત્રીએ તેમના કુળના સન્માનને ઠેસ પહોંચાડી છે, ત્યારે એ અપમાનનો પ્રતિશોધ લેવા માટે તેમને એ સ્ત્રી તેમજ તેને સાથ આપનારા તમામ લોકોની હત્યા કરવાનો અધિકાર મળી જાય છે.'

શિવ દિગ્મૂઢ બનીને આ વાત સાંભળી રહ્યા હતા.

આવા જંગલીપણામાં પ્રતિષ્ઠા શેની હોય ?

'મારી માતાના કુટુંબના પુરુષો, તેના સગા ભાઈઓ અને કાકાઓએ જ મારા પિતાજીના ગુરુકુળ ઉપર આક્રમણ કર્યું.'

પરશુરામ બોલતાં અટકી ગયો. ઘણા સમયથી આંખમાં ભરી રાખેલાં આંસુ સરવા માંડ્યાં.

'એ લોકોએ. . .' પરશુરામે શ્વાસ ખાવા રોકાઈને વાત આગળ વધારવા જેટલું મનોબળ કેળવ્યું, 'એ લોકોએ મારા ભાઈઓ અને પિતાજીના તમામ શિષ્યોની હત્યા કરી નાખી. પછી તેમણે મારી માતાને એક વૃક્ષ સાથે બાંધીને તેની સામે જ એક આખો દિવસ પિતાજી પર જઘન્ય અત્યાચારો કર્યાં. પછી તેમનું મસ્તક વાઢી નાખ્યું.'

આ હદનું ગાંડપણ અને અનિષ્ટની વાત સાંભળીને વીરભદ્ર ધ્રૂજી ઊઠ્યો.

'પરંતુ એ લોકોએ મારી માતાની હત્યા ન કરી. તે લોકો એમ ઇચ્છતા હતા કે મારી માતા જીવે અને એ દિવસનું સ્મરણ કરીને આખું જીવન પીડાતી રહે. એને જોઈને એમના કુળની કોઈ સ્ત્રી કબીલાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનું વિચારે પણ નહીં. હું પાછો ફર્યો ત્યારે મારા પિતાજીના સમગ્ર ગુરુકુળને ધ્વસ્ત કરી દેવામાં આવ્યું હતું. મારી માતા અમારા ઘરની બહાર ખોળામાં પિતાજીનું મસ્તક લઈને બેઠી હતી. એમ લાગતું હતું કે માત્ર તેનો દેહ જ ત્યાં બેઠો છે અને તેનો આત્મા તો ક્યારનો નાશ પામ્યો છે. તેની આંખો તદ્દન

ભાવશૂન્ય હતી. હવે તે સ્વજનોના ઘાતકીપણાને જોઇને તદ્દન ભાંગી પડી હતી અને સાવ બદલાઈ ગઈ હતી.'

પરશુરામે વાત અટકાવીને નંદી સામે જોયું. એ ભયાનક દિવસ પછી તે પ્રથમવાર પોતાની માતા અંગે વાત કરી રહ્યો હતો. 'હું જાણે કોઈ અજાણ્યો માણસ હોઉં એમ તે મારી સામે જોઈ રહી. પછી તેણે એ શબ્દો કહ્યા જે આખું જીવન મને સંભળાતા રહેવાના હતા. તેણે કહ્યું : "તારા પિતા મારા કારણે મૃત્યુ પામ્યા છે. એ મારું પાપ છે. મારે પણ તેમની જેમ જ મરવું છે."'

આઘાતથી શિવનું મુખ પહોળું થઈ ગયું અને તેમના મનમાં આ દુર્ભાગી બ્રાહ્મણ માટે કરુણાનું ઝરણું વહેવા માંડ્યું.

'પહેલાં તો હું કશું સમજ્યો નહીં. પરંતુ પછી તેણે આજ્ઞા કરી : "મારો શિરચ્છેદ કર" ! મારે શું કરવું જોઈએ એ મને સમજાતું નહોતું. હું ખચકાયો. પછી તેણે પુનઃ કહ્યું : "હું તારી મા છું. હું તને મારો શિરચ્છેદ કરવાનો આદેશ આપું છું."'

શિવે પરશુરામનો ખભો દબાવ્યો.

'મારી પાસે કોઈ જ વિકલ્પ નહોતો. એ જાણે સાવ ખાલી થઈ ગઈ હોય એમ લાગતું હતું. પિતાજીના સ્નેહ વિના જાણે માત્ર તેનો દેહ ટકી રહ્યો હોય અને આત્મા નાશ પામ્યો હોય એમ લાગતું હતું. તેના આદેશનું પાલન કરવામાં પરશુ ઉપાડી ત્યારે તેણે મારી આંખોમાં જોઈને કહ્યું : "તારા પિતાની હત્યાનો પ્રતિશોધ લેજે. તે ભગવાને પૃથ્વી પર સર્જેલા પુરુષોત્તમ હતા. પ્રતિશોધ અવશ્ય લેજે. એ દરેકેદરેકને મારજે. દરેકેદરેકને !"'

પરશુરામ પુનઃ ચૂપ થઈ ગયો. શિવ અને વીરભદ્ર કોઈ પ્રતિક્રિયા આપવા જેટલા સ્વસ્થ નહોતા. વહાણના પડખા પર અથડાઈ રહેલા મધુમતીના પાણીનો એકમાત્ર અવાજ ત્યાં સંભળાતો હતો.

'મેં તેના આદેશનું પાલન કર્યું. મેં તેનો શિરચ્છેદ કર્યો,' પરશુરામે કહ્યું અને ઊંડો શ્વાસ લઈને તેણે પોતાની આંખો લૂછી. પછી દાંત કચકચાવીને તે અગ્નિ જેવી ચળકતી આંખે બોલ્યો, 'અને મેં પછી એ જઘન્ય કૃત્ય કરનારા દરેકને વીણી વીણીને તેમનો શિરચ્છેદ કર્યો. દરેકનો. વાસુદેવોએ મને નિષ્કાસિત કર્યો. તેમનું એમ કહેવું હતું કે મેં તેમની પરવાનગી વિના લોકોની હત્યા કરી છે. મેં તેમને ન્યાય તોળવાનો પણ સમય આપ્યો નથી, એમ તેમણે કહ્યું. તેમના કહ્યા અનુસાર મેં અપરાધ કર્યો હતો. શું મેં અપરાધ કર્યો હતો, પ્રભુ ?'

શિવે સીધું જ પરશુરામની આંખોમાં જોયું. તેમનું હૃદય પણ ભારે થઈ ગયું હતું. તેમને એ બ્રાહ્મણની તીવ્ર પીડા અનુભવાતી હતી. તેઓ જાણતા હતા કે રામ ભગવાન સંભવતઃ વાસુદેવોની જેમ જ વર્ત્યા હોત. મહાન સૂર્યવંશીઓ અપરાધીઓને અવશ્ય શિક્ષા આપત પરંતુ તેમનો ન્યાય તોળ્યા પછી જ. જોકે તેઓ એ પણ જાણતા હતા કે જો કોઈએ તેમના કુટુંબ સાથે આવું કર્યું હોય, તો સ્વયં તેમણે પણ એ લોકોને જીવતા જ સળગાવી મૂક્યા હોત. 'ના. તેં કોઈ જ અપરાધ નથી કર્યો. તેં જે પણ કર્યું છે એ ન્યાય અનુસાર જ કર્યું છે.'

પરશુરામે નિસાસો નાખ્યો અને તેની ધીરજનો બંધ છેવટે તૂટી પડ્યો.

મેં જે કર્યું એ યોગ્ય હતું.

શિવે પરશુરામનો ખભો પકડી રાખ્યો. પરશુરામે પોતાની આંખો હાથ વડે ઢાંકી દીધી અને ડૂસકાં ભરીને રડવા માંડ્યો. ઘણા સમય પછી પોતાનું મસ્તક ઝાટકીને તેણે ઉપર જોયું. 'બ્રંગના રાજાએ મને પકડવા માટે ક્ષત્રિયોની ટોળી મોકલી. તેમને ખંડણી ચૂકવતા ક્ષત્રિયોનો મેં શિરચ્છેદ કર્યો હતો એટલે તેઓ મને દંડવા ઇચ્છતા હતા. તેમણે એકવીસ

વાર એવી પલટનો મોકલી. અને મેં તેમને એકવીસ વાર હરાવ્યા. છેવટે તેઓ અટક્યા.'

'પરંતુ એ બ્રંગ ક્ષત્રિયો સામે તું એકલા હાથે કઈ રીતે લડ્યો ?' વીરભદ્રએ પૂછ્યું.

'હું એકલો નહોતો. અમુક લોકો મને થયેલો અન્યાય સમજતા હતા. એ લોકો મને અહીં લઈ આવ્યા અને મારી જેમ જ અન્યાયનો ભોગ બનેલા લોકોનો મને પરિચય કરાવ્યો. એ લોકો અહીં જ રહેતા હતા. એમની સહાયથી હું મારું પોતાનું સૈન્ય બનાવી શક્યો. એ લોકોએ મને ઔષધો પણ આપ્યાં કે જેથી હું આ દૂષિત પાણીની વચ્ચે પણ જીવી શકું અને જ્યાં સુધી મેં મારા લોકોને અહીં યોગ્ય રીતે વસાવી ન લીધા ત્યાં સુધી તેમણે અનાજ પણ આપ્યું. બ્રંગ સેના સામે લડવા માટે તેમણે મને શસ્ત્રો પણ આપ્યાં. અને સામે પક્ષે તેમણે મારી પાસેથી કશું જ માંગ્યું નથી. તેમણે બ્રંગ રાજાને ધમકાવીને વારંવાર તેમના સૈન્યને અહીં આવતું પણ અટકાવ્યું. રાજા ચંદ્રકેતુએ તેમની વાત માનવી જ પડી. અમારા બધામાં એ લોકો સર્વોત્તમ લોકો છે. એ લોકો જે હંમેશા કચડાયેલા લોકો માટે જ લડતા રહે છે.'

શિવને વિસ્મય થયું, 'કોણ ?'

'નાગવંશીઓ,' પરશુરામે ઉત્તર આપ્યો.

'શું ?!'

'હા, પ્રભુ. એટલે જ તો આપ એમને શોધી રહ્યા છો, બરોબરને ? જો તમારે અનિષ્ટને શોધવું હોય, તો તમારે ઇષ્ટને તમારા સાથીઓ બનાવવા જ રહ્યા, સાચું કહું છું ને ?'

'આ તું શું કહી રહ્યો છે ?'

'એ લોકો કદી પણ નિર્દોષોની હત્યા નથી કરતા. તેમને અન્યાય થયો છે તેમ છતાં તેઓ સતત ન્યાયના પક્ષે રહીને જ લડતા રહે છે. તેઓ જ્યાં પણ અને જ્યારે પણ કચડાયેલા લોકોની સહાય કરી શકે, ત્યારે સહાય કરતા જ રહે છે. અમારા લોકોમાં તેઓ નિઃશંક સર્વોત્તમ છે.'

શિવ કશું પણ બોલ્યા વિના પરશુરામને તાકી રહ્યા. તેઓ દિગ્મૂઢ થઈ ગયા હતા.

'આપને તેમનું રહસ્ય જાણવું છે, ખરું ને ?' પરશુરામે પૂછ્યું.

'કયું રહસ્ય ?'

'એ હું નથી જાણતો. પરંતુ મેં એટલું અવશ્ય સાંભળ્યું છે કે નાગવંશીઓના રહસ્યને અનિષ્ટ સાથે ગાઢ સંબંધ છે. શું એટલે જ આપ એમને નથી શોધી રહ્યા ?'

શિવે કોઈ ઉત્તર ન આપ્યો. તેઓ ક્ષિતિજ સામે જોતાં જોતાં ઊંડા વિચારોમાં ઊતરી ગયા હતા.



વર્ણસંકર પ્રાણીના ટોળા સાથે થયેલી લડાઈને બે સપ્તાહ વીતી ચૂક્યાં હતાં. બધા જ ઈજાગ્રસ્ત સૈનિકો ધીમે-ધીમે સાજા થઈ રહ્યા હતા, પરંતુ ગણેશનો ઘાયલ પગ હજુ સાજો નહોતો થયો.

ભવિષ્યમાં આવી રીતે કોઈ માનવભક્ષી પ્રાણી આક્રમણ ન કરે એ માટે ઇચ્છવાર ફરતે અમુક સંરક્ષણાત્મક બાંધકામો કરવામાં આવી રહ્યાં હતાં અને સતી તેનું નિરીક્ષણ કરી રહી હતી. તે છાવણીમાં પાછી ફરી ત્યારે કાલિ ગણેશના ઘાવ પરનો પાટો બદલી રહી

હતી.

સંભવતઃ સતીએ કાલિ અને ગણેશને સંપૂર્ણતઃ સ્વીકારી લીધાં હતા એટલે પાછલાં બે સપ્તાહથી તેમણે પોતાનાં મહોરાં પહેર્યાં નહોતાં. ચંદ્રવંશી સૈનિકો જોકે તેમનાથી ભયભીત થઈને પોતાની દૃષ્ટિ તેમના પરથી ખસેડી લેતા હતા.

કાલિએ ગણેશને લીમડાનાં પાંદડાંનો પાટો બાંધ્યો. પછી તેણે ગણેશનું મસ્તક પસવાર્યું અને જે ખૂણામાં તાપણી કરવામાં આવી હતી, તે બાજુ તે ગઈ. સતીએ એ જોયું અને તેણે સ્મિત કર્યું. તેણે કાવસને તેનું કામ આગળ વધારવાની સૂચના આપી અને તે કાલિ પાસે ગઈ.

‘એનો ઘાવ હવે કેમ છે ?’

‘હજુ એક સપ્તાહ તો લાગશે જ, મોટી બહેન. ગયા સપ્તાહ કરતાં આ સપ્તાહમાં રૂઝ આવવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ લાગે છે.’

સતીને અસુખ લાગ્યું, ‘એ છોકરાનું ઘણું બધું રક્ત વહી ગયું છે અને માંસ ખવાઈ ગયું છે.’

‘એની ચિંતા ના કરીશ,’ કાલિએ કહ્યું, ‘એ બહુ જ મજબૂત છે. એ સાજો થઈ જશે.’

સતીએ સ્મિત કર્યું. કાલિએ જૂનો પાટો તાપણીમાં નાખ્યો. એ પાટામાં જ ઘાવનો ચેપ લાગ્યો હતો એટલે તે વાદળી રંગે બળવા માંડ્યો.

સતીએ કાલિ સામે જોયું, ઊંડો શ્વાસ લીધો અને જે વાત ઘણા સમયથી તેને નહોતી સમજાતી તે પૂછી લીધી, ‘શા માટે ?’

કાલિ ટટ્ટાર થઈ.

‘તમે બધા બહુ સારા માનવો જ છો. તું જે રીતે ગણેશ અને તારા માણસોને રાખે છે, એ પણ મેં જોયું છે. તું શિસ્તપ્રિય અને ન્યાયી છે. તો પછી આવાં ભયાનક કામ શા માટે કરે છે ?’

કાલિ એક ક્ષણ માટે અક્કડ થઈ ગઈ. પછી તેણે આકાશ સામે જોયું અને મસ્તક ઝાટકીને બોલી, ‘બીજી વાર વિચારી લે, મોટી બહેન. અમે કશું જ ખોટું નથી કર્યું.’

‘કાલિ, તેં અને ગણેશે સંભવતઃ અંગત રીતે કશું જ અયોગ્ય નહીં કર્યું હોય. પરંતુ તારા લોકોએ તો ગંભીર અપરાધ કર્યા છે. તેમણે નિર્દોષોની હત્યા કરી છે.’

‘મારા લોકો મારા આદેશનું જ પાલન કરે છે, બહેન. જો તું એમને અપરાધી ગણવા ઇચ્છતી હોય, તો મને તું નિર્દોષ ન કહી શકે. પુનઃ એક વાર વિચાર કર. અમારાં આક્રમણોમાં ક્યારેય કોઈ નિર્દોષ નથી હણાયા.’

‘મને ક્ષમા કરજે, કાલિ, પણ એ સત્ય નથી. તમે લોકોએ નિઃશસ્ત્ર લોકો પર આક્રમણ કર્યું છે. હું હમણાંથી વિચારી રહી છું. હું એ વાત સાથે સહમત છું કે નાગવંશીઓ સાથે અન્યાય જ થયો છે. નાગવંશી બાળકો સાથે મેલુહા જે વર્તાવ કરે છે, તે તદ્દન અયોગ્ય છે. પરંતુ તેનો અર્થ એ તો નથી કે દરેક મેલુહાવાસી તમારો શત્રુ જ છે, ભલેને તેણે તમને નુકસાન કરવા કશું જ ન કર્યું હોય.’

‘એટલે તારું એમ માનવું છે બહેન કે અમે લોકો પર એટલા માટે આક્રમણ કરીએ છીએ કારણ કે તેઓ એક એવા તંત્રનો ભાગ છે જેણે અમારું અપમાન કર્યું છે અને અમને પીડા આપી છે. તો એ વાત અસત્ય છે. અમે ક્યારેય એવા લોકો પર આક્રમણ નથી કર્યું જેણે અમને પ્રત્યક્ષ રીતે નુકસાન ન કર્યું હોય.’

‘તમે કર્યું જ છે. તમે લોકોએ મંદિરો પર આક્રમણ કર્યું છે. એ લોકોએ નિર્દોષો પર જ આક્રમણ કર્યું છે અને બિચારા બ્રાહ્મણોનો જીવ લીધો છે.’

'ના. દરેક આક્રમણ સમયે અમે મંદિરના બ્રાહ્મણો સિવાય બધા લોકોને જવા દીધા છે. એ લોકો કંઈ યોદ્ધા નથી. એ લોકો તો નિર્દોષો જ છે.'

'એ વાત હું નથી માનતી.'

'શા માટે ?'

'કારણ કે એ લોકો પ્રત્યક્ષ રીતે જ અમારા લોકોને હાનિ પહોંચાડે છે.'

'શું ? કેવી રીતે ? એ મંદિરના બ્રાહ્મણોએ તમને કઈ રીતે હાનિ પહોંચાડી છે ?'

'એ હું તમને કહું છું.'



શિવનું વહાણ બ્રંગના પાડોશી રાજ્ય અને ગંગાના કિનારે વસેલા વૈશાલી નગરના કાંઠે આવીને રોકાયું હતું. પરશુરામને સાથે લીધાને હવે ત્રણ સપ્તાહ વીતી ચૂક્યાં હતાં. વૈશાલીમાં મત્સ્ય ભગવાનનું એક વિશાળ મંદિર હતું. પરશુરામે નાગવંશીઓ વિષે જે કહ્યું તેનાથી શિવ ઘણા ખિન્ન થયા હતા. એટલે તેઓ પોતાના વહાણ પર રહેલા નિષ્કાસિત, બ્રાહ્મણ-ક્ષત્રિય વાસુદેવ સિવાયના કોઈ વાસુદેવ સાથે વાત કરવા ઇચ્છતા હતા. થોડો સમય વીત્યો હોવાથી વાસુદેવો પ્રત્યેનો તેમનો આક્રોશ શમ્યો હતો.

મંદિર નગરના બંદરની પાસે જ હતું. નગરના રાજા અને સમગ્ર પ્રજાજનો તેમનું સ્વાગત કરવા આવ્યા હતા પરંતુ શિવે વિનંતી કરી હતી કે તેઓ એ સર્વેને થોડાંક સમય પછી મળશે. કાંઠે ઊતરીને તેઓ સીધા જ મત્સ્ય મંદિર ગયા હતા. એ સિત્તેર હાથ જેટલું ઊંચું હતું, જેથી વાસુદેવો સરળતાથી એકબીજાનો સંપર્ક કરવા માટે તરંગો મોકલી શકે.

મંદિર આમ તો ગંગાના કિનારે જ હતું. સામાન્યતઃ તો મંદિરોમાં ઉપવનો માટે જ ખુલ્લી જગ્યા વધારે ફાળવવામાં આવતી, પરંતુ આ મંદિર અલગ હતું. અહીંયાં મંદિરની બહાર જાતભાતની નહેરો હતી. ગંગાના પાણીને મંદિર ફરતે રચવામાં આવેલી વિવિધ નહેરોમાં વાળવામાં આવ્યું હતું. અને એ નહેરોથી એવી ભાત રચવામાં આવી હતી જે આ પહેલાં શિવે ક્યારેય નિહાળી નહોતી. તેના દ્વારા પ્રાચીન ભારતનો નકશો બનાવવામાં આવ્યો હતો. તેમાં ભગવાન મનુ અને તેમણે કઈ રીતે પોતાના અનુયાયીઓને સંગમતમિલ સંસ્કૃતિના વિધ્વંસ સમયે બચાવ્યા હતા તેની વાત રજૂ કરવામાં આવી હતી. વાસુદેવને મળવાની ઉતાવળ હોવા છતાં શિવ આ અદ્ભુત દૃશ્ય જોવા ઊભા રહી ગયા હતા. છેવટે પોતાનું મન મનાવીને તેઓ મુખ્ય મંદિરનાં પગથિયાં ચડવા માંડ્યા. લોકોનાં ટોળાં નીલકંઠની પ્રતીક્ષામાં મંદિરના પરિસરની બહાર ઊભાં હતાં.

શિવે મંદિરના ગર્ભગૃહમાં જોયું. એ ગર્ભગૃહ તેમણે અત્યાર સુધી જોયેલાં તમામ ગર્ભગૃહો કરતાં વિશાળ હતું. સંભવતઃ તેમાં રહેલા ભગવાનનું કદ જ એટલું વિશાળ હતું કે ગર્ભગૃહ વિશાળ જ બનાવવું પડ્યું હશે. એક ઊંચા મંચ પર એ મત્સ્યદેવની વિશાળ મૂર્તિ સ્થાપવામાં આવી હતી જે મનુ ભગવાન અને તેમના અનુયાયીઓને સંગમતમિલના ધ્વંસમાંથી ઉગારીને સલામત રીતે લઈ આવી હતી. વૈદિક સંસ્કૃતિના સ્થાપક મનુ ઋષિએ એટલે જ એવું નક્કી કર્યું હતું કે મત્સ્યદેવને પ્રથમ વિષ્ણુ તરીકે પૂજવા અને તેમનું સદાય સન્માન કરવું, કારણ કે એ બધા તેમની કૃપાથી જ જીવંત છે.

મત્સ્યદેવ તો મેં ગંગામાં જે સુકરમત્સ્ય જેવી આનંદી માછલીઓ જોઈ હતી , તેના જેવા જ લાગે છે. માત્ર કદ જ ઘણું વિશાળ છે.

શિવે મત્સ્યદેવને વંદન કર્યાં. ત્વરાથી પ્રાર્થના પતાવીને તેઓ એક સ્તંભના ટેકે બેસી ગયા. પછી તેમણે વિચાર સંવાદ શરૂ કર્યો.

વાસુદેવ ? તમે સાંભળો છો ?

કોઈ ઉત્તર મળ્યો નહીં. મંદિરમાં પણ તેમને મળવા કોઈ આવ્યું નહીં.

શું અહીંયાં કોઈ જ વાસુદેવ નથી ?

નિરવ શાંતિ.

શું આ વાસુદેવ મંદિર નથી ? શું હું ખોટી જગ્યાએ આવી ચડ્યો છું ?

મંદિરના પરિસરમાં રહેલા ફુવારાના અવાજ સિવાય શિવને કોઈ જ અવાજ સંભળાતો નહોતો.

હે પવિત્ર માનસરોવર !

શિવને એમ લાગ્યું કે તેમણે સંભવતઃ ભૂલ કરી છે. આ મંદિરમાં કોઈ વાસુદેવ નહીં હોય. એ સમયે સતીએ તેમને જે સલાહ આપી હતી, તેનું સ્મરણ થઈ આવ્યું.

સંભવતઃ સતી સત્ય જ કહેતી હતી. સંભવતઃ વાસુદેવો મારી સહાય જ કરી રહ્યા હશે. તેમણે સહાય તો કરી જ ! જો કાર્તિકને કંઈ થયું હોત , તો હું સાવ જ ભાંગી પડ્યો હોત.

એ જ ક્ષણે તેમના મગજમાં તેમને એકદમ સ્પષ્ટ અવાજ સંભળાયો. આપની પત્ની ચતુર છે, મહાદેવ. એક જ વ્યક્તિમાં આટલું સૌંદર્ય અને સમજ એકસાથે ભાગ્યે જ જોવા મળે છે.

શિવે ઉપર અને આજુબાજુ જોઈ લીધું. કોઈ જ દેખાતું નહોતું. એ અવાજ કોઈ બીજા વાસુદેવ મંદિરમાંથી આવી રહ્યો હતો. તેમણે એ મંદિર પણ ઓળખી કાઢ્યું. એ કાશીનું મંદિર હતું જ્યાં વાસુદેવે તેમને નાગવંશી ઔષધ આપ્યું હતું. શું તમે જ બધાના આગેવાન છો , પંડિતજી ?

ના મિત્ર. એ તો તમે છો. હું તો માત્ર તમારો અનુયાયી છું. અને હું બધા વાસુદેવોને એકસૂત્રે બાંધી રાખું છું.

તમે ક્યાં છો ? ઉજ્જૈન ?

કોઈ ઉત્તર મળ્યો નહીં.

આપનું નામ શું છે , પંડિતજી ?

હું ગોપાલ છું. હું વાસુદેવોનો પ્રમુખ માર્ગદર્શક છું. ભગવાન રામે અમને જે મુખ્ય કામ સોંપ્યું હતું તેનું ઉત્તરદાયિત્વ મારું છે અને કામ છે આપના કર્મમાં આપની સહાય કરવી.

મારે આપની સલાહ જોઈએ છે , પંડિતજી.

જેવી આપની ઇચ્છા , મહાન નીલકંઠ. તમારે શું વાત કરવી છે ?



સતી, કાલિ, ગણેશ અને બ્રંગ તેમજ કાશીના સૈનિકો કાશી નગરની દિશામાં આગળ વધી રહ્યાં હતાં. તેમની વચ્ચે થઈ રહેલી વાતોથી વનની શાંતિનો ભંગ થતો હતો.

વિશ્વધ્યુમ્ને ગણેશ સામે જોઈને કહ્યું, 'પ્રભુ, આ વન અસામાન્ય રીતે શાંત હોય, એવું તમને નથી લાગતું ?'

ગણેશની ભમરો આશ્ચર્યથી ઊંચી થઈ ગઈ, કારણ કે સૈનિકોનો ઘોંઘાટ તો બહુ

આવી રહ્યો હતો. 'એટલે તમને એમ લાગે છે કે આપણા સૈનિકોએ હજુ વધારે ઘોંઘાટ કરવો જોઈએ ?'

'ના, પ્રભુ. આપણે તો પૂરતો ઘોંઘાટ કરી રહ્યા છીએ ! હું આપણા સિવાયના અવાજોની વાત કરી રહ્યો છું. કંઈ સંભળાતું જ નથી.'

ગણેશે મસ્તક ઊંચું કરીને ચારેબાજુ ફેરવું જોયું. વિશ્વધુમનની વાત સાચી હતી. તેણે ચોમેર જોઈ લીધું. તેને અંતઃસ્ફુરણા થઈ આવી કે કશુંક અયોગ્ય છે. તેણે વનમાં ઝીણી આંખે જોવા માંડ્યું. પછી મસ્તક હલાવીને તેમણે પોતાના અશ્વની ગતિ વધારી.

થોડેક દૂર એક વિશાળ પ્રાણી પોતાના રૂઝાવા આવેલા ઘાવને ચાટતું ચાટતું તેમને અનુસરી રહ્યું હતું. એ વર્ણસંકર પ્રાણીના ખભામાં ખૂંપેલું તીર તૂટી ગયું હતું અને તેના કારણે તે થોડુંક લંગડાતું પણ હતું. તેની પાછળ પાછળ બે સિંહણો પણ આવી રહી હતી.



પ્રકરણ ૧૮
અનિષ્ટનું કાર્ય

આ દેશ અત્યંત મૂંઝવી નાખે તેવો દેશ છે.

ગોપાલે મૃદુતાથી કહ્યું : એવું કેમ કહે છે , મિત્ર ?

નાગવંશીઓ જ અનિષ્ટ છે , બરોબર ? એ બાબતમાં તો મોટાભાગના લોકો સહમત થાય છે. તેમ છતાં નાગવંશીએ સહાયની આવશ્યકતાવાળા માણસને મદદ કરી કે જેથી તેને ન્યાય મળી શકે. અનિષ્ટ એવું કામ તો ન કરી શકે.

આ મહત્ત્વનો મુદ્દો છે , મહાન નીલકંઠ.

મેં એક વાર તો ભૂલ કરી જ છે. એટલે હવે મને સંપૂર્ણ વિશ્વાસ નહીં થઈ જાય , ત્યાં સુધી હું કોઈ પર આક્રમણ કરીશ નહીં.

એ બહુ વિચારપૂર્વક લીધેલો નિર્ણય છે.

તો તમને પણ એમ લાગે છે કે નાગવંશી અનિષ્ટ નથી ?

એનો ઉત્તર તો હું કઈ રીતે આપી શકું , મિત્ર ? મારી પાસે એવો ઉત્તર આપવા જેવું જ્ઞાન કે ચાતુર્ય નથી. હું નીલકંઠ નથી.

શિવે સ્મિત કર્યું. પરંતુ તમારો કોઈ અભિપ્રાય તો હશે જ , ખરું ને ?

ગોપાલ કંઈક બોલે તેની શિવ પ્રતીક્ષા કરી રહ્યા, પરંતુ જ્યારે વાસુદેવ કંઈ બોલ્યા નહીં ત્યારે શિવના મુખ પર બહોળું સ્મિત આવી ગયું અને તેમણે એ ચર્ચા બંધ કરી. અચાનક તેમને એક વિચાર આવ્યો. કૃપા કરીને મને એમ ન કહેતા કે નાગવંશીઓને પણ નીલકંઠની દંતકથામાં શ્રદ્ધા છે.

ગોપાલ પુનઃ ચૂપ રહ્યો.

શિવે થોડાક આક્રોશ સાથે કહ્યું, પંડિતજી ! કૃપા કરીને મને ઉત્તર આપો. શું નાગવંશીઓ પણ નીલકંઠની દંતકથામાં શ્રદ્ધા ધરાવે છે ?

હું જાણું છું ત્યાં સુધી , મહાદેવ , તેમનામાંથી મોટાભાગના લોકોને નીલકંઠમાં શ્રદ્ધા નથી. પરંતુ તમને એમ લાગે છે કે તેમની અશ્રદ્ધા તેમને અનિષ્ટ બનાવી રહી છે ?

શિવે મસ્તક હલાવીને કહ્યું, ના, જરા પણ નહીં.

થોડોક સમય બંને પક્ષે શાંતિ છવાઈ રહી.

શિવે ઊંડો શ્વાસ લીધો. તો પછી મારા મૂળ પ્રશ્નનો ઉત્તર શું છે ? હું સમગ્ર ભારતમાં ફર્યો છું. નાગવંશીઓ સિવાય તમામ વંશના માણસોને મળ્યો છું. જો એમાંથી કોઈ જ અનિષ્ટ ન હોય , તો અનિષ્ટનો હજુ ઉદ્ભવ જ નથી થયો , એમ માનવું રહ્યું. તો પછી મારી પણ આવશ્યકતા નથી.

શું તને વિશ્વાસ છે કે અનિષ્ટ માત્ર માનવ જ હોઈ શકે , મિત્ર ? એવું ન હોઈ શકે કે કોઈ અનિષ્ટ માનવ સાથે જોડાયેલું હોય ? સંભવતઃ તેમનો એક નાનકડો હિસ્સો જ અનિષ્ટ હોય. પરંતુ શું એવું ન હોઈ શકે કે નીલકંઠ જેના માટે પધાર્યા છે એ અનિષ્ટ માનવી નહીં પરંતુ અન્ય કશુંક હોઈ શકે ?

શિવને વિસ્મય થયું. હું સમજ્યો નહીં.

શું અનિષ્ટ એટલું વિશાળ ન હોઈ શકે કે તે માત્ર અમુક માનવો પૂરતું જ સીમિત હોય ?

શિવ ચૂપ રહ્યા.

ભગવાન મનુએ કહ્યું છે કે માનવ અનિષ્ટ નથી હોતો. અનિષ્ટ તો તેમનાથી અલગ જ અસ્તિત્વ ધરાવતું હોય છે. તે લોકોને આકર્ષે છે. તે પોતાના શત્રુઓમાં મૂંઝવણ પેદા કરે છે. પરંતુ અનિષ્ટ એટલું વિશાળ હોય છે કે તે અમુક માનવો પૂરતું સીમિત ન હોઈ શકે.

શિવને વધારે વિસ્મય થયું. તમે તો અનિષ્ટને પણ ઈષ્ટ બળ જેટલા શક્તિશાળી બળ તરીકે જ દર્શાવી રહ્યા છો. એમ સૂચવી રહ્યા છો કે એ પોતે કંઈ કરતું નથી પરંતુ માનવોનો ઉપયોગ કરીને તે પોતાનું કામ પાર પાડે છે. લોકોને , ઈષ્ટની ઉપાસના કરનારા લોકોને , પણ અનિષ્ટની ઉપાસના માટે કોઈ હેતુ હોય છે. જો એવું જ હોય , તો તેનો નાશ કઈ રીતે કરી શકાય ?

અનિષ્ટ કોઈ હેતુ કે લાભ માટે ઉદ્ભવે છે , એ રસપ્રદ વિચાર છે , નીલકંઠ.

કયો હેતુ ? વિનાશનો હેતુ ? આ વિશ્વ એવું આયોજન શા માટે કરે ?

ચાલો , એ જ વસ્તુને અલગ દૃષ્ટિકોણથી જોઈએ. શું તમે એ વિચારમાં વિશ્વાસ ધરાવો છો કે આ બ્રહ્માંડમાં કશું જ યાદૃચ્છિકપણે થતું કે ઉદ્ભવતું નથી ? દરેક વસ્તુના અસ્તિત્વનું એક કારણ હોય છે. દરેક વસ્તુનો એક ચોક્કસ હેતુ હોય છે.

હા. જા કોઈ પણ વસ્તુ આપણને યાદૃચ્છિક લાગે , તો આપણે તેનો હેતુ હજુ સમજી શક્યા નથી , એમ માનવું રહ્યું

તો પછી અનિષ્ટનું અસ્તિત્વ શા માટે છે ? એનો સંપૂર્ણ નાશ શા માટે નથી જઈ જતો ? એમ લાગે કે એ સંપૂર્ણ નાશ પામ્યું છે એ પછી પણ તે પુનર્જન્મ પામતું હોય છે. સંભવતઃ ઘણા સમય પછી , સંભવતઃ ભિન્ન સ્વરૂપે. પરંતુ અનિષ્ટ અવશ્ય પુનર્જન્મ લે છે અને લેતું જ રહે છે. શા માટે ?

શિવ વિચારમાં પડી ગયા. તેમને ગોપાલના શબ્દો અત્યંત વિચારપ્રેરક લાગ્યા. કારણ કે અનિષ્ટનો પણ કંઈક હેતુ અવશ્ય હોય છે. . .

ભગવાન મનુ પણ એમ જ માનતા હતા. અને આ મહાદેવની સંસ્થા એ સમતોલન સાધવામાં સહાય કરે છે કે જેથી યોગ્ય સમયે અનિષ્ટને ગણતરી બહાર મૂકી શકાય.

ગણતરી બહાર મૂકી શકાય ? શિવે સાશ્ચર્ય પૂછ્યું

હા. ભગવાન મનુએ એમ જ કહ્યું છે. એ તેમણે આપેલા નિયમોમાં જ નોંધાયેલા શબ્દો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અનિષ્ટના સંહારકને આ શબ્દો બરોબર સમજાશે. એ અંગે મારી સમજણ એવી છે કે અનિષ્ટનો સંપૂર્ણતઃ નાશ ન થઈ શકે અને કરવો પણ ન જોઈએ. એને યોગ્ય સમયે ગણતરી બહાર મૂકવું જોઈએ , એવા સમયે જ્યારે તે સર્વનાશ માટે માથું ઊંચકે છે. શું તમને એમ લાગે છે કે એમણે આવું કહ્યાનું કારણ એ હોઈ શકે કે આજનું અનિષ્ટ એક સમયનું ઈષ્ટ હોઈ શકે ?

હું અહીં ઉત્તરો મેળવવા આવ્યો છું , મિત્ર. તમે તો મારા મનમાં વધુ ને વધુ પ્રશ્નો સર્જી રહ્યા છો.

ગોપાલ ધીમેથી હસ્યા. એ માટે હું ક્ષમા માંગુ છું , મિત્ર. અમારું કામ તો માત્ર એટલું જ છે કે અમે જે જાણીએ છીએ એ દિશામાં તમને આંગળી ચીંધી આપીએ. તમારા નિર્ણયમાં અવરોધ ઊભો કરવાનું કામ અમારું નથી , કારણ કે એમ કરવામાં આવે તો અનિષ્ટનો વિજય થઈ શકે છે.

મેં એમ પણ સાંભળ્યું છે કે ભગવાન મનુ એમ કહેતા હતા કે ઈષ્ટ અને અનિષ્ટ એક જ સિક્કાની બે બાજુઓ છે ?

હા , તેમણે એમ કહ્યું છે કે ઈષ્ટ અને અનિષ્ટ એક જ સિક્કાની બે બાજુ છે. તેમણે તેનો કોઈ ખુલાસો આપ્યો નથી.

વિચિત્ર કહેવાય. એમાં કંઈ અર્થસભર લાગતું નથી.

ગોપાલે સ્મિત કર્યું. એ વિચિત્ર અવશ્ય લાગે છે , પરંતુ મને વિશ્વાસ છે કે જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે એનો અર્થ પણ તમને સમજાઈ જશે , મિત્ર.

શિવ થોડીક ક્ષણો ચૂપ રહ્યા. તેમણે મંદિરના સ્તંભોની પેલે પાર જોયું. મંદિરના દ્વારની બહાર ઊભેલા વૈશાલી નગરના લોકો તેમને દેખાતા હતા. એ લોકો તેમના નીલકંઠની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યા હતા. શિવે એ દિશામાં જોઈ રહ્યા. પછી મત્સ્યદેવની મૂર્તિ સમક્ષ જોઈને તેમણે વિચાર્યું. મારા મિત્ર ગોપાલ , રૂદ્ર ભગવાને કયું અનિષ્ટ ગણતરી બહાર મૂક્યું હતું ? હું જાણું છું કે અસુરો તો અનિષ્ટ નહોતા જ. તો પછી તેમણે કયા અનિષ્ટનો નાશ કર્યો ?

તમે એ ઉત્તર જાણો જ છો.

ના , હું નથી જાણતો.

તમે જાણો છો. વિચારો , પ્રભુ નીલકંઠ. રૂદ્ર ભગવાનનું સ્મરણ હજુ પણ શા માટે કરવામાં આવે છે ?

શિવે સ્મિત કર્યું. ઉત્તર એકદમ સ્પષ્ટ હતો. આભાર , પંડિતજી. મને લાગે છે કે આજે આપણે પૂરતી વાતો કરી લીધી છે.

શું તમારા પ્રથમ પ્રશ્ન અંગે હું મારો અભિપ્રાય આપી શકું ?

શિવને આશ્ચર્ય થયું. નાગવંશીઓ અંગે ?

હા.

કૃપા કરીને આપો અભિપ્રાય.

તમે નાગવંશીઓ પ્રતિ ખેંચાવ છો એ તો દેખાય જ છે. તમને એમ લાગે છે કે અનિષ્ટનો માર્ગ નાગવંશીઓ થકી આગળ વધે છે.

હા.

એવું બે કારણે હોઈ શકે. કાં તો અનિષ્ટ એ માર્ગના અંતે અસ્તિત્વ ધરાવતું હોય.

અથવા ?

અથવા અનિષ્ટે એ માર્ગ પર ભયંકર વિનાશ વેર્યો હોય.

શિવે ઊંડો શ્વાસ લીધો. એટલે તમે એમ કહેવા ઇચ્છો છો કે અનિષ્ટનો સૌથી મોટો ભોગ નાગવંશીઓ બન્યા હોય ?

સંભવ છે.

શિવ સ્તંભને ટેકે બેસી રહ્યા. તેમણે પોતાની આંખો બંધ કરી. નાગવંશીઓનો પક્ષ પણ એક વાર સાંભળવો જોઈએ. સંભવ છે કે બધાએ તેમને અન્યાય કર્યો હોય. તેમને પણ શંકાનો લાભ મળવો જોઈએ , પરંતુ એમાંના એકે તો મારો સામનો કરવો જ પડશે. તેણે બૃહસ્પતિની હત્યાની શિક્ષા ભોગવવી જ પડશે.

શિવ કોના વિષે વિચારી રહ્યા છે, એ ગોપાલ સારી રીતે જાણતા હતા, પરંતુ તેઓ કશું જ બોલ્યા નહીં.



સતી અતિથિગ્વના અંગત ભવનમાં તેમની સામે ઊભી હતી. તેની બાજુમાં જ કાલિ અને ગણેશ ઊભાં હતાં. કાશીના રાજા દિગ્મૂઢ થઈ ગયા હતા અને શું પ્રતિક્રિયા આપવી તે તેમને સમજાતું નહોતું.

સતી ઇચ્છવારથી સત્તાવીસ વ્યાઘ્રચર્મ સાથે પાછી ફરી હતી અને તેણે માનવભક્ષી વાઘોની ટોળીના નાશનો પુરાવો રજૂ કર્યો હતો. ત્યાં મૃત્યુ પામેલા કાશીના શૂરવીર સૈનિકો માટે વિશ્વનાથ મંદિરમાં વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાવસને સેનામાં બઢતી આપવામાં આવી હતી. બ્રંગ સૈનિકોની શૂરવીરતાને પણ યોગ્ય શિરપાવ આપવામાં આવ્યો હતો. હવે પછીના ત્રણ માસ સુધી કાશીમાં વસતા બ્રંગવાસીઓનો કર માફ કરવામાં આવ્યો હતો, પરંતુ આ સમસ્યાનો કોઈ ઉકેલ અતિથિગ્વને સૂઝતો નહોતો. સતીની બાજુમાં ઊભેલા બે નાગવંશીઓની ઉપસ્થિતિની શું પ્રતિક્રિયા આપવી તે તેને સમજાતું નહોતું. તે નીલકંઠના સંબંધીઓને નગરમાંથી નિષ્કાસિત કરી શકે એમ તો નહોતા. અને તે તેમને કાશીમાં સાર્વજનિક રીતે જીવવા દઈ શકે તેમ પણ નહોતા. તેમના રાજ્યના લોકો એ પગલાને કર્મના સિદ્ધાંત વિરુદ્ધનું પગલું જ માની બેસે. નાગવંશીઓ વિષેની અંધશ્રદ્ધાનાં મૂળ ઘણાં જ ઊંડાં હતાં.

'દેવી,' અતિથિગ્વએ કાળજીપૂર્વક કહ્યું, 'આપણે આવું કઈ રીતે થવા દઈ શકીએ ?'

કાલિ અતિથિગ્વ સામે જોઈ રહી. તે સ્વયં મહારાણી હતી છતાં તેનું જે રીતે અપમાન થઈ રહ્યું હતું તેનાથી તે બરોબર ક્રોધે ભરાઈ હતી. તેણે સતીના હાથનો સ્પર્શ કરીને કહ્યું 'મોટી બહેન, આ વાત જ ભૂલી જાવ. . .'

સતીએ મસ્તક ધુણાવ્યું, 'રાજા અતિથિગ્વ, કાશી તો સમગ્ર ભારતમાં સહિષ્ણુતાનું ઝળહળતું પ્રતીક છે. એ તમામ ભારતીયોને સ્વીકારે છે. તેમના ધર્મ કે જીવનરીતિનો કોઈ બાધ રાખવામાં આવતો નથી. જો કોઈ ઉમદા અને શૂરવીર માનવને એટલે જ નકારવામાં આવે કારણ કે તે નાગવંશી છે, તો શું એ વાત કાશીના એ સિદ્ધાંતની વિરુદ્ધ નથી જે તમામ કચડાયેલા લોકોને સ્વીકારવાનું સૂચવે છે ?'

અતિથિગ્વની દૃષ્ટિ નીચે ખોડાઈ રહી હતી, 'પરંતુ, દેવી, મારા લોકો. . .'

'મહારાજ, તમે પણ લોકોના પૂર્વગ્રહોને અપનાવી લેશો ? કે તેમને યોગ્ય માર્ગે વાળશો ?'

કાશીના રાજા ચૂપ જ રહ્યા.

'એટલું ન ભૂલતા, મહારાજ, કે કાશીના સૈનિકો પરત ફરી શક્યા અને ઇચ્છવારના લોકો આજે જીવંત છે, તો તે કાલિ, ગણેશ અને તેમના લોકોની શૂરવીરતાના પ્રતાપે જ. અન્યથા અમને બધાને સિંહોએ મારી ખાધા હોત. એ લોકોએ અમને બચાવ્યા છે. શું તેમનો આદર-સત્કાર ન થવો જોઈએ ?'

અતિથિગ્વએ ખચકાતાં ખચકાતાં હા પાડી. તેમણે પોતાના અંગત ભવનના વાતાયનની બહાર જોવા માંડ્યું. ગંગાના ધસમસતા પ્રવાહમાં પૂર્વ કાંઠે આવેલા મહેલનું પ્રતિબિંબ ધ્રૂજી રહ્યું હતું. ત્યાં તેની બહેન માયા કેદી જેવી અવસ્થામાં જ જીવન વિતાવી

રહી હતી. તેમને પોતાના લોકોમાંથી નાગવંશીઓનો ભય દૂર કરવાનો પડકાર ગમતો હતો, પરંતુ તેમનામાં એટલી હિંમત નહોતી. નીલકંઠની પત્નીએ તેમને સાથ આપ્યો એટલે તેમને આશા બંધાઈ હતી. નીલકંઠને કોણ પડકારવાનું હતું ? બધા જાણતા જ હતા કે કઈ રીતે શિવે એક અન્યાયી નિયમ રદ ઠેરવ્યો હતો. તો પછી એવું જ આ નાગવંશીઓ માટે પણ કેમ ન થવું જોઈએ ?

રાજાએ સતી સામે જોયું, 'આપનું કુટુંબ અહીં રહી શકે છે, દેવી. મને વિશ્વાસ છે કે પ્રભુ નીલકંઠ માટે મહેલનો જે ભાગ ફાળવવામાં આવ્યો છે, ત્યાં તેમને કોઈ સમસ્યા નડશે નહીં.'

'મને પણ વિશ્વાસ છે,' સતીએ સસ્મિત કહ્યું, 'આપનો અત્યંત આભાર, મહારાજ.'



શિવ વહાણના તૂતક પર આગળના ભાગમાં ઊભા હતા અને પર્વતેશ્વર તેમની બાજુમાં જ હતા.

'મેં મુખ્ય વહાણની ગતિ બમણી કરાવી છે, પ્રભુ,' પર્વતેશ્વરે કહ્યું.

શિવે પર્વતેશ્વરને પોતાનો કાફલો ત્વરાથી કાશી પહોંચાડવાની વિનંતી કરી હતી. તેમને પોતાના કુટુંબથી છૂટા પડ્યે બે વર્ષથી વધારે સમય વીતી ગયો હતો. એ ઘણો લાંબો સમયગાળો હતો અને તેમનું સ્મરણ વારંવાર થયે રાખતું હતું.

'આભાર, સેનાપતિ,' શિવે સસ્મિત કહ્યું.

પર્વતેશ્વર વંદન કરીને ગંગાને નિહાળવા લાગ્યા.

શિવે મુખ પર હાસ્યના ભાવ જાળવી રાખતાં પૂછ્યું, 'તો લગ્નજીવન કેવું ચાલી રહ્યું છે, સેનાપતિ ?'

પર્વતેશ્વરના મુખ પર બહોળું સ્મિત આવી ગયું. 'સ્વર્ગીય, પ્રભુ. તદ્દન સ્વર્ગીય. જોકે વધારે પડતું જ સ્વર્ગીય છે !'

શિવે હસતાં હસતાં કહ્યું, 'કોઈ સામાન્ય નિયમો તો લાગુ જ નહીં પડતા હોય, ખરું ને ?'

પર્વતેશ્વર પણ ખડખડાટ હસી પડ્યા, 'આનંદમયી પ્રતિદિવસ નિયમો બદલતી રહે છે અને હું નવા નવા નિયમોને અનુસરતો રહું છું !'

શિવ પણ ખડખડાટ હસી પડ્યા અને પોતાના મિત્રનો ખભો થપથપાવીને બોલ્યા, 'તો એ નિયમોને અનુસરો, મિત્ર, ચોક્કસ અનુસરો. એ તમને અત્યંત પ્રેમ કરે છે. તમે તેની સાથે અત્યંત સુખી રહેશો.'

પર્વતેશ્વરે સહૃદયતાથી તેમની વાત સ્વીકારી.

'આનંદમયીએ મને કહ્યું કે તેણે એક હોડીમાં પોતાના માણસોને અયોધ્યા મોકલ્યા છે કે જેથી રાજા દિલીપને તમારાં લગ્નના સમાચાર મળી જાય,' શિવે કહ્યું.

'હા, તેણે મોકલ્યા છે,' પર્વતેશ્વરે કહ્યું, 'મહારાજ અમારું સ્વાગત કરવા કાશી આવશે. આપણે ત્યાં પહોંચીએ તેના દસ જ દિવસમાં સમગ્ર કાશી માટે ભવ્ય સમારંભનું આયોજન કરવાનું તેમણે વચન આપ્યું છે.'

'એમાં સાચે જ આનંદ આવશે !'



'આદેશ, પ્રભુ !' નંદીએ પૂછ્યું.

નંદી અને ભગીરથ શિવના કક્ષમાં બેઠા હતા.

'આપણે જ્યારે કાશી પહોંચીએ, ત્યારે તું રાજકુમાર ભગીરથની સાથે જ રહેજે.'

'શા માટે, પ્રભુ ?' ભગીરથે પૂછ્યું.

શિવે ભમરો ઊંચી કરીને કહ્યું, 'મારી પર વિશ્વાસ રાખો.'

ભગીરથે કંઈક વિચારીને કહ્યું, 'મારા પિતાજી કાશી આવી રહ્યા છે ?'

શિવે હકારમાં મસ્તક હલાવ્યું.

'હું રાજકુમારનો પડછાયો બનીને રહીશ, પ્રભુ,' નંદીએ કહ્યું, 'હું જીવંત છું ત્યાં સુધી તેમને કશું જ નહીં થવા દઉં.'

શિવે નંદી સામે જોઈને કહ્યું, 'તને કશું થાય એમ પણ હું નથી ઇચ્છતો, નંદી. તમે બંને આંખો ખુલ્લી રાખજો અને કાળજીપૂર્વક ડગલાં ભરજો.'



'પુત્ર !' કાર્તિકને પોતાની દિશામાં દોડતો આવતો જોઈને સતી બોલી ઊઠી.

કાર્તિક માત્ર ત્રણ જ વર્ષનો હતો પરંતુ સોમરસને કારણે તે છ વર્ષના બાળક જેવો લાગતો હતો. તેણે પણ બૂમ પાડી, 'મા !'

સતીએ પોતાના પુત્રને ઊંચકીને ગોળ ફેરવ્યો. 'હું તને સતત સ્મરતી હતી.'

'હું પણ,' કાર્તિકે મૃદુતાથી કહ્યું. જોકે તેને મૂકીને મા ગઈ એ તેને જરા પણ ગમ્યું નહોતું.

'મારે એકલા જવું પડ્યું તેનું મને દુઃખ છે, પુત્ર. પરંતુ મારે એક અત્યંત મહત્ત્વનું કામ કરવાનું હતું.'

'હવે પછી જાય, તો મને લઈને જ જજે.'

'હું પ્રયત્ન કરીશ.'

કાર્તિકે સ્મિત કર્યું. તેને સંતોષ થઈ ગયો હતો. પછી તેણે મ્યાનમાંથી પોતાની લાકડાની તલવાર ખેંચી કાઢી, 'આ જો, મા.'

સતીએ આશ્ચર્યથી પૂછ્યું, 'આ શું છે ?'

'તું ગઈ એ જ દિવસથી મેં તલવાર ચલાવતાં શીખવાનું શરૂ કરી દીધું હતું. હું સારો સૈનિક હોત, તો તું મને સાથે જ લઈ ગઈ હોતને ?'

સતીના મુખ પર સ્મિત રમવા માંડ્યું. તેણે કાર્તિકને પોતાના ખોળામાં બેસાડ્યો, 'તું તો જન્મથી જ સૈનિક છે, પુત્ર.'

કાર્તિક હસતાં હસતાં તેની માતાને ભેટી પડ્યો.

'તું મને હંમેશા એક ભાઈ લાવવાનું કહેતો હતો ને, કાર્તિક ?'

કાર્તિકે જોશમાં આવી જઈને કહ્યું, 'હા ! હા !'

'મને તારા માટે એક અદ્ભુત ભાઈ મળી ગયો છે. મોટો ભાઈ, જે હંમેશા તારું ધ્યાન

રાખશે.'

કાર્તિકે વિસ્મયથી દ્વાર સામે જોયું. એ જ સમયે ભવનમાં એક કદાવર માનવ પ્રવેશ્યો. તેણે એક સાદી સફેદ ધોતી પહેરી હતી અને તેના જમણા ખભા પર એક અંગવસ્ત્ર પણ ઝૂલતું હતું. તેના દરેક શ્વાસ સાથે તેનું વિશાળ પેટ પણ હલતું હતું. જોકે કાર્તિકને આશ્ચર્ય એ માનવનું મુખ જોઈને થયું. માનવશરીર પર કોઈ હાથીનું મસ્તક લગાવી દીધું હોય, એમ લાગતું હતું.

ગણેશના મુખ પર સ્મિત હતું પરંતુ તેનું હૃદય જોરથી ધબકી રહ્યું હતું. કાર્તિક પોતાને સ્વીકારશે કે નહીં તેની તેને ચિંતા હતી, 'તું કેટલા વર્ષનો થયો, કાર્તિક ?'

હંમેશા નિર્ભય થઈને ફરતો કાર્તિક અત્યારે પોતાની માતાની પાછળ છુપાઈને બેઠો હતો.

'કાર્તિક,' સતીએ કાર્તિકને તેનો મોટો ભાઈ બતાવતાં કહ્યું, 'મોટાભાઈને નમસ્તે તો કરો.'

કાર્તિક ગણેશ સામે જ જોઈ રહ્યો હતો. 'તમે માનવ છો ?'

'હા. હું તારો જ ભાઈ છું,' ગણેશે સસ્મિત કહ્યું.

કાર્તિકે કશું કહ્યું નહીં. પરંતુ સતીએ ગણેશને સારી રીતે સમજાવ્યો હતો. ગણેશે પોતાના હાથમાં રહેલી એક રસદાર કેરી કાર્તિકને ધરી. કેરી કાર્તિકનું પ્રિય ફળ હતું. કાર્તિક તરત જ ખુશ થઈ ગયો. વર્ષના આ સમયે પણ કેરી કેવી રીતે મળે, તેનું તે આશ્ચર્ય અનુભવતો હતો. તે થોડોક આગળ વધ્યો.

'તારે આ જોઈએ છે, કાર્તિક ?' ગણેશે પૂછ્યું.

કાર્તિક પહોળી આંખે તલવાર સામે ધરીને આગળ વધ્યો, 'એના માટે મારે લડવું નહીં પડે, ખરું ને ?'

ગણેશ ખડખડાટ હસી પડ્યો, 'ના, જરા પણ નહીં. પરંતુ એના બદલામાં તારે મને એક વાર ભેટવું પડશે.'

કાર્તિકે ખચકાઈને સતી સામે જોયું.

સતીએ મસ્તક હલાવીને હા પાડી અને કહ્યું, 'તું એનો વિશ્વાસ કરી શકે છે.'

કાર્તિકે ધીમે-ધીમે આગળ વધીને કેરી લીધી. ગણેશ પોતાના નાના ભાઈને ભેટ્યો પરંતુ નાનો ભાઈ તો પોતાના પ્રિય ફળના રસપાનમાં જ વ્યસ્ત થઈ ગયો હતો. તેણે ગણેશ સામે જોઈને કેરીના રસના ઘૂંટડા ભરતાં ભરતાં કહ્યું, 'આભાર. . .મોટા ભાઈ.'

ગણેશે પુનઃ સ્મિત કર્યું અને કાર્તિકના માથા પર હળવેથી ટપલી મારી.



સૌથી આગળનું વહાણ દશાશ્વમેધ ઘાટ પર લાંગર્યું. નીચે ઊતરવા માટેની વ્યવસ્થા થઈ રહી એ દરમિયાન શિવની આંખો સતીને જ શોધી રહી હતી. રાજવી મંચ પર સમ્રાટ દિલીપ અને રાજા અતિથિગ્વ પોતાનાં કુટુંબો સાથે ઊભા રહેલા દેખાતા હતા. હજારો કાશીવાસીઓ પણ ઘાટ પર આવી ગયા હતા. પરંતુ. . .

'એ ક્યાં છે ?'

'હું એમને શોધી કાઢીશ, પ્રભુ,' વહાણ પરથી નીચે ઊતરતાં ભગીરથે કહ્યું, નંદી તેની સાથે જ હતો.

'અને, ભગીરથ. . .'

'હા, પ્રભુ,' ભગીરથે અટકીને કહ્યું.

'અ બધું પતી જાય પછી પૂર્વકને રાજાના મહેલમાં લઈ જજે. ત્યાં મારું કુટુંબ રહે છે, ત્યાં જ વ્યવસ્થિત ગોઠવી દેજે.'

'હા, પ્રભુ,' ભગીરથે કહ્યું. કહીને તે આગળ વધ્યો અને પોતાના પિતા અને સ્વદીપના સમ્રાટ દિલીપની તેણે તદ્દન અવગણના કરી. પરંતુ સમ્રાટમાં જે પરિવર્તન આવ્યું હતું, તે જોઈને નંદીને અત્યંત આશ્ચર્ય થયું. દિલીપ ઓછામાં ઓછા દસ વર્ષ યુવાન લાગતા હતા અને તેમના મુખ પર તેમના સ્વાસ્થ્ય-સુધારાથી અનેરી ચમક આવી ગઈ હતી. ભગીરથ સાથે જોડાવા આગળ વધેલા નંદીને અત્યંત વિસ્મય થયું.

શિવ ધીમે ધીમે વહાણ પરથી નીચે ઊતર્યા.

દિલીપે જઈ રહેલા પુત્રની પીઠને ઘડીભર જોઈ અને પછી મસ્તક ઝાટકીને તેઓ નીલકંઠ સામે જોવા લાગ્યા. નમીને તેમણે શિવના ચરણસ્પર્શ કર્યાં.

'આપનો વંશ સમૃદ્ધિ પ્રસારતો રહે, મહારાજ,' શિવે પણ દિલીપને નમન કરતાં કહ્યું.

દરમિયાન વીરભદ્રને કૃતિકા મળી ગઈ હતી અને તે તેને ભેટી પડ્યો હતો. લજ્જા અનુભવતી કૃતિકા પોતાને છોડાવવાનો પ્રયત્ન કરી રહી હતી. તે પોતાના પતિને પ્રેમનું આવું સાર્વજનિક પ્રદર્શન ન કરવાનું કહી રહી હતી.

અતિથિગ્વએ પણ આગળ વધીને શિવના આશીર્વાદ લીધા. શિષ્ટાચાર પતાવીને શિવ પોતાના કુટુંબને શોધવા લાગ્યા, 'મારું કુટુંબ ક્યાં છે, મહારાજ ?'

'બાબા !'

શિવના મુખ પર બહોળું સ્મિત આવી ગયું. કાર્તિક તેમની દિશામાં દોડતો આવતો હતો. તેમણે કાર્તિકને તેડી લીધો અને કહ્યું, 'હે પવિત્ર માનસરોવર, તું તો બહુ મોટો થઈ ગયો છે, કાર્તિક.'

'મને વારંવાર તમારું સ્મરણ થઈ આવતું હતું,' કાર્તિકે પોતાના પિતાને વળગીને કહ્યું.

'મને પણ,' શિવે કહ્યું. જ્યારે તેમને કાર્તિકના મુખમાંથી પાકી કેરીની સુગંધ આવી, ત્યારે તેમનો પુત્રમિલાપનો આનંદ આશ્ચર્યમાં પલટાઈ ગયો, 'આ ઋતુમાં તારા માટે કોણ કેરીઓ લાવી રહ્યું છે ?'

એ જ સમયે સતી શિવની સામે આવી. શિવે હસતાં હસતાં કાર્તિકને જમણા હાથે તેડ્યો અને ડાબો હાથ તેમણે સતી ફરતે વીંટાળ્યો. હજારો લોકો તેમને નિહાળી રહ્યાં હતાં તેની તેમને જરા પણ પરવા નહોતી. 'મને સતત તમારું બંનેનું સ્મરણ રહેતું હતું.'

'અમને પણ,' કહીને સતીએ પોતાના પતિ સામે જોયું.

શિવે તેને પોતાની તરફ ખેંચી. કાર્તિક અને સતીના મસ્તક શિવના ખભા પર ટેકવાઈ ગયાં અને પરિવાર સ્પર્શની ભાષાથી પ્રેમ કરવા માંડ્યો. 'ચલો, મહેલે જઈએ.'



રથ કાશીના પવિત્ર માર્ગ પર ધીમે ધીમે આગળ વધી રહ્યો હતો. અયોધ્યાના સમ્રાટ અને કાશીના રાજા તેની પાછળ પોતપોતાના રથમાં આવી રહ્યા હતા અને શિવની ટુકડીના અન્ય સભ્યો તેમની પાછળ કૂચ કરી રહ્યા હતા. અઢી વર્ષ પછી પોતાના પ્રભુનાં દર્શન થવાનાં હતાં એટલે કાશીવાસીઓ માર્ગની બંને બાજુ કતારબદ્ધ ગોઠવાઈ ગયા હતા. રથમાં

શિવ આરામથી બેઠા હતા. સતી તેમની બાજુમાં જ બેઠી હતી અને કાર્તિક તેમના ખોળામાં હતો. તેઓ ટોળા સામે હાથ હલાવી રહ્યા હતા.

શિવ અને સતી એકસાથે બોલી પડ્યાં, ‘મારે કંઈક કહેવાનું છે. . .’

શિવ ખડખડાટ હસી પડ્યા. ‘તું પહેલાં કહે. . .’

‘ના. ના. તમે પહેલાં કહો,’ સતીએ કહ્યું.

‘મારો આગ્રહ છે કે તું પહેલાં કહે.’

સતીએ ગળા હેઠળ થૂંક ઉતાર્યું, ‘તમને નાગવંશીઓ વિષે શું જાણવા મળ્યું છે, શિવ ?’

‘ઘણી આશ્ચર્યજનક વાતો. સંભવતઃ મેં તેમના અંગે ખોટી ધારણાઓ બાંધી લીધી છે. આપણે તેમના વિષે હવે વધારે જાણવું પડશે. સંભવતઃ તેઓ એવા અનિષ્ટ નથી, જેવા તેમને દર્શાવવામાં આવે છે. બધા સમાજની જેમ, તેમના સમાજમાં પણ અમુક અનિષ્ટ લોકો અવશ્ય હશે.’

સતીએ નિરાંતનો શ્વાસ લીધો. તેની અંદર સર્પની જેમ ફેણ માંડીને જે તણાવ બેઠો હતો, તે થોડોક ઓછો થયો હોય તેમ તેને લાગ્યું.

‘શું થયું ?’ શિવે પોતાની પત્ની સામે ધ્યાનપૂર્વક જોતાં કહ્યું.

‘મને પણ એક વાત હમણાં જ જાણવા મળી છે. અત્યંત આશ્ચર્યજનક વાત. એ વાત જે અત્યાર સુધી મારાથી છુપાવી રાખવામાં આવી હતી. એ પણ નાગવંશીઓને લગતી જ વાત છે.’

‘શું ?’

‘મને એમ જાણવા મળ્યું કે. . .’

સતીને આટલી ગભરાયેલી જોઈને શિવને અત્યંત આશ્ચર્ય થયું. ‘શું વાત છે, પ્રિયે ?’

‘મને એમ જાણવા મળ્યું કે મારો પણ તેમની સાથે સંબંધ છે.’

‘શું ?!’

‘હા.’

‘એવું કઈ રીતે હોઈ શકે ? તારા પિતાજી તો નાગવંશીઓને ધિક્કારે છે.’

‘એ ધિક્કાર કરતાં વધારે દોષની લાગણી હોઈ શકે.’

‘દોષની લાગણી ?’

‘હું એકલી નહોતી જન્મી.’

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

‘મારી સાથે મારી જોડકી બહેન પણ જન્મી હતી. મારે એક બહેન પણ છે.’

શિવને આંચકો લાગ્યો. ‘એ ક્યાં છે ? કોણ એનું અપહરણ કરી ગયું હતું ? મેલુહામાં આવું થઈ જ કઈ રીતે શકે ?’

‘તેનું અપહરણ નહોતું કરવામાં આવ્યું,’ સતીએ હળવેથી કહ્યું, ‘તેનો ત્યાગ કરવામાં આવ્યો હતો.’

‘ત્યાગ કરવામાં આવ્યો હતો ?’ શિવને શું કહેવું એ સમજાયું નહીં. તે માત્ર પોતાની પત્નીને તાકી રહ્યા.

‘હા, તેનો જન્મ નાગવંશી તરીકે થયો હતો.’

શિવે સતીનો હાથ પકડીને કહ્યું, ‘તું એને ક્યાં મળી ? એ ઠીક તો છે ને ?’

સતીએ શિવ સામે ભીની આંખે જોયું, ‘હું એને નથી મળી. એ મને શોધતી આવી છે. તેણે મારો જીવ પણ બચાવ્યો છે.’

શિવે સ્મિત કર્યું. નાગવંશીના શૌર્ય અને ઔદાર્યની વધુ એક વાત તેમને સાંભળવા મળી રહી હતી. 'એનું નામ શું છે ?'

'કાલિ. મહારાણી કાલિ.'

'મહારાણી ?'

'હા, તે નાગવંશીઓની મહારાણી છે.'

શિવની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. તો કાલિ જ તેને બૃહસ્પતિની હત્યા કરનારો નાગવંશી શોધી આપવામાં સહાયરૂપ બનશે. સંભવતઃ એટલે જ ભાગ્યએ બંને બહેનોનો મિલાપ કરાવ્યો છે. 'એ ક્યાં છે ?'

'અહીં કાશીમાં જ છે. આપણા મહેલની બહાર જ. તમને મળવા તે આતુર છે. તે તમારી સ્વીકૃતિની પ્રતીક્ષા કરી રહી છે.'

શિવે સ્મિત કર્યું અને સતીને પોતાની પાસે ખેંચતાં તેમણે કહ્યું, 'એ તારી કુટુંબીજન છે. એટલે તે મારી પણ કુટુંબીજન જ થઈ. હું એનો અસ્વીકાર કરું એવી વાત જ સંભવ નથી.'

સતીએ હળવેથી હસીને શિવના ખભા પર પોતાનું મસ્તક ઢાળી દીધું, 'પરંતુ તે માત્ર એક જ નાગવંશી નથી જે તમારી સ્વીકૃતિની પ્રતીક્ષા કરી રહી છે.'

શિવનું વિસ્મય વધતું જતું હતું.

'મારાથી એક બીજી વાત પણ છુપાવવામાં આવી હતી જે આનાથી પણ વધારે કરુણ છે,' સતીએ કહ્યું.

'શું ?'

'મને એમ કહેવામાં આવ્યું હતું કે નેવું વર્ષ પહેલાં મને જે બાળક જન્મ્યું હતું, તે ગર્ભમાં જ મૃત્યુ પામ્યું હતું.'

આ વાત કઈ દિશામાં આગળ વધી રહી છે, તે શિવને સમજાતું હતું. તેમણે સતીનો હાથ પકડી લીધો.

'એ અસત્ય હતું,' સતીથી ડૂસકું ભરાઈ ગયું. 'એ. . .'

'એ જીવંત હતો ?'

'એ હજુ પણ જીવે છે !'

આંચકો અનુભવતાં શિવનું મુખ પહોળું થઈ ગયું. 'અર્થાત્. . .મારે બીજો પુત્ર પણ છે ?'

આંસુભીની આંખે સતી શિવ સામે જોઈને હસી પડી.

'હે પવિત્ર માનસરોવર ! મારે બીજો પુત્ર છે !'

શિવને હર્ષિત થતા જોઈને સતી પણ હર્ષ અનુભવવા માંડી.

'ભદ્ર ! ગતિ વધાર. મારો પુત્ર મારી પ્રતીક્ષા કરી રહ્યો છે.'



પ્રકરણ ૧૯
નીલકંઠનો પ્રકોપ

શિવનો રથ ત્વરાથી અતિથિગ્વના મહેલમાં વળ્યો. મુખ્ય ઉપવન ફરતે થઈને રથ આગળ વધતો હતો ત્યારે ઉત્તેજિત શિવે કાર્તિકને તેડી લીધો અને તેઓ અવરોહણ માટે તૈયાર થઈ ગયા. જેવો રથ અટક્યો કે તેઓ નીચે ઊતર્યા, કાર્તિકને ધરતી પર મૂક્યો અને તેનો હાથ પકડીને ચાલવા લાગ્યા. સતી તેમને અનુસરી રહી હતી.

કાલિને પૂજાની થાળી સાથે ઊભેલી જોઈને શિવ અટકી ગયા.

'હે પવિત્ર માનસરોવર. . . !'

શિવને એમ લાગ્યું કે તેમની સામે સતીની પ્રતિકૃતિ જ ઊભી છે. તેની આંખો, મુખ, બાંધો, બધું જ. માત્ર એટલી જ ભિન્નતા હતી કે સતીની ત્વચા તામ્રવર્ણી હતી જ્યારે સામે ઊભેલી આકૃતિની ત્વચા કાજળવર્ણી હતી. અને સતી પોતાના કેશ કાયમ ગૂંથી રાખતી જ્યારે કાલિના વાળ ખુલ્લા હતા. એ સ્ત્રીએ રાજવી પોશાક અને આભૂષણો ધારણ કર્યાં હતાં અને દૂધિયા તેમજ લાલ રંગે રંગાયેલું અંગવસ્ત્ર તેના શરીરને ઢાંકી રહ્યું હતું. પછી તેના બે વધારાના હાથ શિવે જોયા.

આ બાજુ, કાલિ પોતે મૂંઝાયેલી અવસ્થામાં શિવને તાકી રહી હતી. જોકે શિવે તરત જ આગળ વધીને, આરતીની થાળી પડી ન જાય તે રીતે, તેને સ્નેહપૂર્વક હળવું આલિંગન આપ્યું.

'તમને મળીને અત્યંત આનંદ થયો,' શિવે આનંદપૂર્વક કહ્યું.

શિવનો અનુરાગ જોઈને કાલિએ માત્ર સ્મિત કર્યું. શું બોલવું તે તેને સૂઝતું નહોતું.

પછી શિવે પૂજાની થાળી પર આંગળી મૂકીને કહ્યું, 'મને લાગે છે કે આ થાળી તમારે મારી સામે છ-સાત વાર ફેરવવાની છે અને મને આવકારવાનો છે.'

કાલિ હસી પડી, 'ક્ષમા કરશો. હું તો થોડીક મૂંઝાઇ ગઈ હતી.'

'એમાં મૂંઝાવા જેવું કશું જ નથી,' શિવે હસતાં હસતાં કહ્યું, 'આ થાળી આમ ઉપરથી નીચે ગોળ ગોળ ફેરવો, મારી પર બે-ચાર ફૂલો નાખી દો અને દીવો પડી ન જાય એનું ધ્યાન રાખજો. દાઝવાથી ઘણી પીડા થતી હોય છે !'

કાલિએ હસતાં હસતાં એ વિધિ સંપન્ન કરી અને શિવના કપાળ પર તેણે તિલક પણ કર્યું.

'અને હવે,' શિવે કહ્યું, 'મારો બીજો પુત્ર ક્યાં છે ?'

કાલિ બાજુમાં ખસી ગઈ. પગથિયાં પૂરાં થતાં હતાં ત્યાં અતિથિગ્વના ભવનના પ્રવેશદ્વાર આગળ ઊભેલા ગણેશને શિવે જોયો.

‘આ છે મારા મોટા ભાઈ !’ કાર્તિકે હરખાતાં હરખાતાં કહ્યું.

શિવે કાર્તિકને સસ્મિત કહ્યું, ‘ચાલો, એને મળીએ.’

કાર્તિકનો હાથ પકડીને શિવ પગથિયાં ચડ્યા. સતી અને કાલિ તેમની પાછળ જ હતાં. બીજા બધા નીચે જ ઊભા રહ્યા હતા કે જેથી આ કુટુંબની અંગત ક્ષણોમાં ખલેલ પહોંચે નહીં.

લાલ ધોતી અને ધવલ અંગવસ્ત્ર ધારણ કરેલા ગણેશ ચોકીદારની જેમ પોતાની માતાના ભવનમાં જતા માર્ગની આગળ જ ઊભા હતા. જેવા શિવ તેની પાસે પહોંચ્યા કે ગણેશે તેમના ચરણસ્પર્શ કર્યા.

શિવે મૃદુતાથી ગણેશના મસ્તકનો સ્પર્શ કર્યો, તેના બંને ખભા પકડીને તેમણે તેને આલિંગન આપ્યું અને દીર્ઘાયુના આશીર્વાદ પણ આપ્યા.

પછી જ્યારે તેમણે ધારીને ગણેશની શાંત, બદામ આકારની આંખો જોઈ ત્યારે તેઓ થંભી ગયા. ગણેશના ખભા પર રહેલા તેમના હાથ અક્કડ થઈ ગયા અને આંખો ઝીણી થઈ ગઈ.

ગણેશે પોતાની આંખો બંધ કરી અને પોતાના ભાગ્યને મનોમન ભાંડવા લાગ્યો. તે જાણતો હતો કે શિવે તેને ઓળખી લીધો છે.

શિવની આંખો ગણેશની આંખોને વીંધતી રહી.

આશ્ચર્ય અનુભવતી સતીએ કહ્યું, ‘શું થયું, શિવ ?’

શિવે સતીના પ્રશ્નની અવગણના કરી. તે ક્રોધ અનુભવતા ગણેશને તાકી રહ્યા. તેમણે પોતાના વાટવાને ખોલ્યો, ‘મારી પાસે તારી એક વસ્તુ છે.’

ગણેશ શિવ સામે ચૂપચાપ જોઈ રહ્યા. તેની આંખોમાં પીડાના ભાવ હતા. શિવ કઈ વસ્તુની વાત કરી રહ્યા હતા તે જાણવાની ગણેશને આવશ્યકતા નહોતી. એ માદળિયું તેનું જ હતું. મંદાર પર્વત પર તેના હાથમાંથી તે પડી ગયું હતું. મંદાર પર્વત પર લાગેલી આગને કારણે તેની કિનારીઓ બળી ગઇ હતી. જોકે મધ્યમાં કોતરાયેલું ઓમ્‌કારનું પ્રતીક યથાવત્ હતું. જોકે એ ઓમકારનું સામાન્ય પ્રતીક નહોતું. એ ઓમ્ નાગ વડે બનાવવામાં આવ્યો હતો. નાગવંશી ઓમ્‌કાર !



ગણેશે ચૂપચાપ શિવના હાથમાંથી એ માદળિયું લીધું.

સતીની આંખોમાં અત્યંત આશ્ચર્ય છવાયેલું હતું, ‘શિવ, શું થઈ રહ્યું છે ?’

શિવની આંખમાંથી ક્રોધનો અગ્નિ વરસી રહ્યો હતો.

‘શિવ. . .’ ચિંતિત સતીએ પોતાના પતિના ખભાનો સ્પર્શ કરતાં પુનઃ સંબોધન કર્યું.

સતીના સ્પર્શથી શિવ જાણે જાગ્રત થયા હોય, એમ ગર્જ્યા, ‘તારા પુત્રએ મારા ભાઈની હત્યા કરી છે.’

સતીને ભયંકર આઘાત લાગ્યો. તે આ વાત માની શકતી નહોતી.

પછી શિવે પહેલાંથી પણ વધારે ક્રોધથી કહ્યું, ‘તારા પુત્રએ બૃહસ્પતિની હત્યા કરી છે !’

કાલિએ આગળ આવીને કહ્યું, 'પરંતુ એ તો એક અ. . .'

ગણેશના ઇશારાને કારણે નાગવંશીઓની મહારાણી ચૂપ થઈ ગઈ.

ગણેશ શિવની સામે જોઈ રહ્યો. તેણે કોઈ ખુલાસા આપ્યા નહીં. નીલકંઠના મુખેથી શિક્ષાના શબ્દો પ્રગટે તેની તે પ્રતીક્ષા કરતો રહ્યો.

શિવ ગણેશની પાસે ગયા. એકદમ પાસે. એટલા પાસે કે તેમનો ગરમ ઉચ્છ્‌વાસ ગણેશને વર્તાવા લાગ્યો, 'તું મારી પત્નીનો પુત્ર છે. માત્ર એ કારણે જ હું તને મારતો નથી.'

ગણેશે આંખો નીચી કરી દીધી. તેણે બંને હાથ વંદનની મુદ્રામાં જોડી રાખ્યા પરંતુ કંઈ જ બોલ્યો નહીં.

'મારા ઘરની બહાર નીકળી જા,' શિવે ગર્જના કરી, 'આ ધરતીથી નિષ્કાસિત થઇ જા. અને કદી પણ તારું મુખ મને બતાવતો નહીં. બીજીવાર સંભવ છે કે મારામાં આટલી ક્ષમાભાવના ન પણ હોય.'

'પરંતુ. . .પરંતુ શિવ. એ મારો પુત્ર છે !' સતીએ આજીજી કરી.

'તેણે બૃહસ્પતિની હત્યા કરી છે.'

'શિવ. . .'

'તેણે બૃહસ્પતિની હત્યા કરી છે.'

સતી કંઈ પણ બોલ્યા વિના ઊભી રહી. તેના ગાલ પરથી આંસુ સરી રહ્યાં હતાં. 'શિવ, એ મારો પુત્ર છે અને હું એના વિના જીવી શકું નહીં.'

'તો મારા વિના જીવી લેજે.'

સતી દિગ્મૂઢ થઈ ગઈ, 'શિવ, આવું ન કરશો. મને આવી પરિસ્થિતિમાં તમે કઈ રીતે મૂકી શકો ?'

છેવટે ગણેશ બોલ્યા, 'પિતાજી, હું. . .'

શિવે ગણેશને ક્રોધપૂર્વક અધવચ્ચે જ અટકાવ્યો, 'હું તારો પિતા નથી !'

ગણેશે મસ્તક નમાવ્યું, ઊંડો શ્વાસ લીધો અને ત્વરાથી બોલ્યો, 'હે મહાન મહાદેવ, આપ આપની ન્યાયપ્રિયતા માટે વિખ્યાત છો. આ મારો અપરાધ છે. મારા અપરાધ માટે મારી માતાને શિક્ષા ન કરશો.' ગણેશે પોતાની કટાર ખેંચી કાઢી, એ જ કટાર જે સતીએ અયોધ્યામાં તેની દિશામાં વીંઝી હતી. 'મારા પ્રાણ હરી લો, પરંતુ મારી માતાની આવી દુર્દશા કરશો નહીં. એ આપના વિના જીવી શકશે નહીં.'

'ના !' ચીસ પાડતી સતી ગણેશની આગળ જઈને ઊભી રહી ગઈ, 'કૃપા કરો, શિવ. એ મારો પુત્ર છે. . .પુત્ર. . .'

શિવ એકદમ તીક્ષ્ણ અવાજે બોલ્યા, 'એમ લાગે છે કે તેં એક વિકલ્પ પસંદ કરી લીધો છે.'

તેમણે કાર્તિકને તેડ્યો.

'શિવ. . .' સતીએ આજીજી કરી, 'ક્યાંય જશો નહીં. કૃપા કરો. . .'

શિવે ભીની આંખે સતી સામે જોયું અને પહેલાં જેવા જ ઠંડા અવાજે કહ્યું, 'આ વસ્તુ હું કોઈ પણ સંજાગોમાં સ્વીકારી શકું એમ નથી, સતી. બૃહસ્પતિ મારા સગા ભાઈ સમાન હતો.'

શિવ કાર્તિકને તેડીને પગથિયાં ઊતરી ગયા અને કાશીના નાગરિકોમાં મૃત્યુવત્ ચુપકીદી છવાઈ ગઈ.



'શિવને સમગ્ર ચિત્રની જાણ જ નથી. તેં એમને કહ્યું કેમ નહીં ?' ઉત્તેજિત કાલિએ પૂછ્યું.

કાલિ અને ગણેશ રાજા અતિથિગ્વના મહેલમાંના સતીના ભવનમાં બેઠા હતા. જન્મથી જ પોતાનાથી વિખૂટા પડી ગયેલા પુત્ર પ્રત્યેનું ખેંચાણ અને પતિ પ્રત્યેનો પ્રેમ, આ બંને અંતિમો વચ્ચે સતી પીસાઈ રહી હતી. શિવે બ્રંગલોકોની ઇમારતમાં પોતાનું અસ્થાયી નિવાસસ્થાન બનાવ્યું હતું એટલે સતી તેમને મળવા ત્યાં ગઈ હતી. એ શિવ સાથે તાર્કિક ચર્ચા કરવા ઇચ્છતી હતી.

'હું એમ ન કરવા માટે વચનબદ્ધ છું, માસી,' ગણેશે ઉત્તર આપ્યો ત્યારે તેના અવાજમાં પીડા વર્તાઈ આવતી હતી.

'પરંતુ. . .'

'ના, માસી. એ વાત માત્ર આપણી બંને વચ્ચે જ રહેવી જોઈએ. મંદાર પર્વત પરના આક્રમણનું રહસ્ય માત્ર એક જ પરિસ્થિતિમાં છતું થઈ શકે એમ છે. અને એ હમણાં બનવાનું નથી.'

'પરંતુ તારી માને તો છેવટે વાત કર.'

'વચનબદ્ધતામાં માતા કદી અવરોધરૂપ નથી હોતી.'

'મોટી બહેન પીડાઈ રહી છે. મને એમ કે તું એના માટે તો કશું પણ કરવા તૈયાર હોઈશ.'

'એ તો હું છું જ. તે મારા વિના જીવી શકશે પરંતુ મહાદેવ વિના નહીં. તે મને એટલે નથી જવા દેવા ઇચ્છતી કારણ કે પહેલાં તે મારી સાથે નહોતી તેનો તેને પસ્તાવો થયે રાખે છે.'

'એટલે તું શું કહેવા ઇચ્છે છે ? તું જતો રહીશ ?'

'હા. દસ દિવસમાં હું નીકળી જઈશ. મેલુહાના સેનાપતિ અને ચંદ્રવંશી રાજકુમારીના લગ્નની વિધિ સંપન્ન થઈ જાય એટલે હું નીકળી જઇશ. પછી પિતાજી ઘરે પાછા ફરી શકશે.'

'તારી મા તને એમ નહીં કરવા દે.'

'એનું કંઈ મહત્ત્વ નથી. હું તો કોઈ પણ સંજોગોમાં જઈશ જ. હું મારાં માતા-પિતા વચ્ચે વિખવાદનું કારણ બનવા નથી ઇચ્છતો.'



'મહારાજ,' મેલુહાની વડાં પ્રધાન કનખલાએ કહ્યું, 'કોઈ પણ પ્રકારના આમંત્રણ વિના આપ સ્વદીપ જાવ એ યોગ્ય નથી. એ આપણા શિષ્ટાચાર વિરુદ્ધનું વર્તન થશે.'

'આ કેવી મૂર્ખામીપૂર્ણ વાત છે ?' દક્ષે કહ્યું, 'હું ભારતનો સમ્રાટ છું. મારી ઇચ્છા પડે ત્યાં હું જઈ શકું છું.'

કનખલા નિષ્ઠાવાન વડાં પ્રધાન હતી. પરંતુ તે એવું નહોતી ઇચ્છતી કે તેમના રાજાના

કોઈ પગલાથી સમગ્ર રાજ્યએ શરમાવું પડે. 'આપણી અયોધ્યા સાથે થયેલી સંધિ અનુસાર અયોધ્યા આપણને ખંડણી ભરે છે પરંતુ તેમના પ્રદેશ પર તો સીધું તેમનું જ નિયંત્રણ છે. એટલે આપણે તેમની પરવાનગી લઈએ તે ઇચ્છનીય છે. તે લોકો આપણી વિનંતી નકારી શકવાના તો નથી જ. છેવટે આપ જ તેમના સમ્રાટ છો. પરંતુ આ શિષ્ટાચાર મહત્ત્વનો છે.'

'કોઈ જ શિષ્ટાચારની આવશ્યકતા નથી. હું તો એક પિતા છું અને પોતાની પ્રિય પુત્રીને મળવા જઈ રહ્યો છું !'

કનખલાને વિસ્મય થયું, 'મહારાજ, આપને તો આમ પણ એક જ પુત્રી છે.'

'હા. . .હા. . .હું જાણું છું,' દક્ષે હાથ હલાવીને કનખલાની વાત ઉડાડતાં કહ્યું, 'જો, હું ત્રણ સપ્તાહમાં નીકળવા ઇચ્છું છું. એ દરમિયાન તું એક સંદેશવાહકને પરવાનગી લેવા મોકલી શકે છે. ઠીક છે ?'

'મહારાજ, અયોધ્યા માટે કોઈ પક્ષી તો પ્રશિક્ષિત નથી. એ લોકોનું તંત્ર જ એવું છે પછી શું કરી શકાય ? અને અયોધ્યા તો કાશીથી પણ દૂર છે. એટલે જો કોઈ સંદેશવાહક આજે જ નીકળી જાય, તો પણ તેને અયોધ્યા પહોંચતાં ત્રણ માસથી વધારે સમય તો લાગશે જ. એ સમયે આપ કાશી પહોંચ્યા હશો.'

દક્ષે સ્મિત કર્યું. 'હા, એ યોગ્ય છે. તો મારા પ્રસ્થાનની વ્યવસ્થા કરવા માંડો.'

કનખલાએ ઊંડો શ્વાસ લીધો, વંદન કરીને તે ભવનની બહાર નીકળી.



સ્વદીપના સમ્રાટ દિલીપે પોતાની પુત્રી આનંદમયી અને પર્વતેશ્વરના લગ્નની ઉજવણીની ભવ્ય તૈયારીઓ કરી હતી. જોકે મહાદેવ અને તેમની પત્ની વચ્ચે ઊભા થયેલા વિખવાદને કારણે રંગમાં થોડોક ભંગ પડ્યો હોય, એમ લાગતું હતું. જોકે પૂજાવિધિ તો રદ થઈ શકે એમ નહોતી. તેનાથી તો ઈશ્વરનું અપમાન થયું ગણાય. એટલે અન્ય તમામ ઉજવણીઓ તો હાલ પૂરતી ટાળી દેવામાં આવી હતી પરંતુ અગ્નિ, વાયુ, પૃથ્વી, વરુણ, સૂર્ય અને ચંદ્ર - આટલા મહત્ત્વના ભગવાનોની પૂજાવિધિ આયોજન અનુસાર જ આગળ વધારવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અસ્સી ઘાટની દક્ષિણે, પવિત્ર માર્ગ પર આવેલા સૂર્યમંદિરમાં સૂર્યપૂજા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. માર્ગમાં જ એક ભવ્ય મંચનું એવી રીતે નિર્માણ કરવામાં આવ્યું હતું કે જ્યાંથી એ મંદિર સીધું જ દેખાય. શિવ અને સતી તેમના માટે રાખવામાં આવેલાં અલગ અલગ સિંહાસનો પર બેઠાં હતાં. પહેલાં તે બંને સાર્વજનિક રીતે જેમ બેસતાં તેનાથી વિપરીત અત્યારે તેઓ અલગ-અલગ અને અક્કડ થઈ બેઠાં હતાં. શિવે તો સતી સામે એક વાર જોયું પણ નહોતું. તેમના રૂંવે રૂંવેથી પુણ્યપ્રકોપ પ્રગટી રહ્યો હતો. એ માત્ર આ પૂજા માટે જ આવ્યા હતા અને જેવી પૂજા સંપન્ન થઈ જાય, તેઓ પાછા બ્રંગ ઇમારતમાં પાછા ફરવાના હતા.

આ પહેલાં કાશીના નિવાસીઓએ કદી પણ શિવનો ક્રોધ જોયો નહોતો એટલે તે બધા અત્યંત દુઃખી જણાતા હતા. જોકે એ બધામાં કાર્તિકથી વધારે દુઃખી કોઈ જ નહોતું. એ પોતાનાં માતા-પિતાને ભેગાં રહેવા માટે ક્યારનો મનાવી રહ્યો હતો. જો એ તેમને આમ એક જ મંચ પર સાથે બેઠેલા જુએ તો તેનો આગ્રહ હઠાગ્રહ બની જશે, એમ વિચારીને

શિવે કૃતિકાને સૂચના આપી હતી કે કાર્તિકને સંકટ મોચન મંદિરની પાસે આવેલા ઉપવનમાં રમવા જવા લઈ જવો.

મંચ પર શિવના સિંહાસન પાસે કાલિ, ભગીરથ, દિલીપ, અતિથિગ્વ અને આયુર્વતી ઉપસ્થિત હતાં. પર્વતેશ્વર અને આનંદમયી મંદિરના મંચ પર હતાં જ્યાં એક સૂર્યપંડિત તેમનો પ્રેમ સૂર્યદેવના આશીર્વાદથી સદાય પવિત્ર રહે, તેવી વિધિ કરાવી રહ્યો હતો.

કોઈ પણ પ્રકારની સમસ્યા ઊભી ન થાય એટલે ગણેશે સમજીને જ પૂજામાં ઉપસ્થિત રહેવાના આમંત્રણનો અસ્વીકાર કર્યો હતો.

સમગ્ર કાશી પૂજા માટે ઊમટ્યું હતું ત્યારે ગણેશ એકલો સંકટ મોચનના મંદિરે બેઠો હતો. પાછલા દસ દિવસથી તે પોતાના ભાઈને મળ્યો નહોતો એટલે તેને મળવા તે બાજુના ઉપવનમાં ગયો હતો અને સાથે કેરી ભરેલો કોથળો પણ લઈ ગયો હતો. તેની સાથે આનંદપૂર્વક અડધો કલાક વિતાવીને ગણેશે તેને કૃતિકા અને પાંચ અંગરક્ષકો સાથે ઉપવનમાં રમવા જવા દીધો હતો. સંકટ મોચનના મંદિરે બેઠા બેઠા તેઓ ભગવાન રામના સૌથી સમર્પિત અનુયાયી હનુમાનની મૂર્તિ નિહાળી રહ્યા હતા.

હનુમાનજીને એક વિશેષ કારણસર સંકટ મોચન કહેવામાં આવતા હતા. લોકો એમ માનતા હતા કે હનુમાનજી સંકટમાં ફસાયેલા પોતાના ભક્તોને સદાય સહાય કરે છે. જોકે ગણેશને એમ લાગ્યું કે પોતે જે સંકટમાં છે તેમાંથી તો સ્વયં હનુમાનજી પણ તેને ઉગારી શકે એમ નથી. તે માતા વિનાનું પોતાનું જીવન કલ્પી શકતો નહોતો અને પોતાને કારણે એ બંને અલગ થાય તે વાત પણ તેના માટે અસહ્ય હતી. આવતીકાલે તે કાશી છોડીને જવાનો હતો. પરંતુ તે સમજતો હતો કે તેને એક વાર માતાના પ્રેમનો મધુસંચય ચાખવા મળ્યો એટલે તે હવે સદાય તેના માટે તરફડતો જ રહેવાનો હતો.

ઉપવનમાં રમી રહેલા કાર્તિકના તોફાનનો અવાજ તેને સંભળાયો એટલે તે હસી પડ્યો.

માતાના પ્રેમમાં તરબોળ અલ્લડ આત્માનું હાસ્યગુંજન.

આવું અલ્લડ હાસ્ય પોતાના ભાગ્યમાં નથી લખાયું એ વિચારથી ગણેશે નિસાસો નાખ્યો. તેણે પોતાની તલવાર ખેંચી કાઢી, એક નાનકડો પથ્થર કાઢ્યો અને જ્યારે કોઈ ક્ષત્રિય પાસે કોઈ કામ ન હોય, ત્યારે એ જે કામ કરે તે કામ ગણેશ કરવા માંડ્યો. તે પોતાની તલવારની ધાર કાઢવા માંડ્યો.

ગણેશ પોતાના વિચારોમાં એટલો મગ્ન હતો કે તેણે પોતાની અંતઃસ્ફુરણાની નોંધ અત્યંત મોડી લીધી. ઉપવનમાં કંઈક વિચિત્ર બની રહ્યું હતું. ગણેશે પોતાના શ્વાસ રોકીને સાંભળવા માંડ્યું. અને પછી તેને સમજાયું. ઉપવનમાં નિરવ શાંતિ છવાઈ ગઈ હતી. કાર્તિક, કૃતિકા અને અંગરક્ષકોનો કોઈ અવાજ કેમ નથી સંભળાતો ?

ગણેશ ત્વરાથી ઊભો થઈ ગયો અને તલવાર મ્યાન કરીને તે ઉપવનની દિશામાં આગળ વધ્યો. એ જ સમયે તેને કંઈક સંભળાયું. પહેલાં ઘુરકાટ સંભળાયો અને પછી ગર્જના સંભળાઈ. શિકારી આસપાસમાં જ હતો.

સિંહો !

ગણેશે પોતાની તલવાર ખેંચી અને તે દોડ્યો. એક માણસ લથડિયાં ખાતો ખાતો તેની દિશામાં આવ્યો. તે કાશીના સૈનિકોમાંનો એક હતો અને તેનો એક હાથ પર તીક્ષ્ણ નહોરના ચીરા દેખાતા હતા.

‘કેટલા છે ?’ ગણેશે એટલા ઊંચા અવાજે પૂછ્યું કે એ સૈનિકને પણ સંભળાય.

કાશીના સૈનિકે ઉત્તર આપ્યો નહીં. તે આઘાતનો માર્યો લથડિયાં ખાતો ખાતો ભાગી

છૂટ્યો.

ગણેશે દોડી જઈને તેને ઝડપ્યો, તેના ખભા પકડીને તેને હલાવ્યો અને પુનઃ એ જ પ્રશ્ન પૂછ્યો, 'કેટલા છે ?'

'ત્ર. . .ણ. . .,' સૈનિકે કહ્યું.

'મહાદેવને બોલાવી લાવ !'

સૈનિક હજુ પણ આઘાતમાં જ હતો.

ગણેશે તેને પુનઃ હલાવ્યો. 'મહાદેવને બોલાવી લાવ ! અત્યારે જ !'

છેવટે સૈનિક સૂર્યમંદિરની દિશામાં દોડ્યો અને ગણેશ ઉપવનની દિશામાં.

કાશીનો સૈનિક જાણતો હતો કે ભયથી વિપરીત દિશામાં દોડી રહ્યો છે તેમ છતાં તેના પગ ધ્રૂજતા હતા. ગણેશ જાણતો હતો કે તે શું કરવા જઈ રહ્યો છે તેમ છતાં તેનાં ડગલાં મક્કમ હતાં.

ઉપવનની વાડ કૂદવા માટે તેણે બાજુમાં ગોઠવવામાં આવેલા એક મોટા પથ્થરનો ઉપયોગ કર્યો અને અવાજ વિના તે ઉપવનમાં ઊતર્યો.

તે ઊતર્યો ત્યારે તેની પાસે જ એક સિંહણે એક સૈનિકને ગરદનથી ઝડપ્યો હતો અને તેના મડદાને તે ચૂંથી રહી હતી. ગણેશ દોડતો દોડતો તેની પાસેથી પસાર થયો ત્યારે તેના ખભાની એક મહત્ત્વની નસ તેણે પોતાની તલવારથી કાપી નાખી. એ સિંહણના ખભામાંથી રક્તનો ફુવારો છૂટ્યો એ સમયે ગણેશ ઉપવનના મધ્ય ભાગમાં રહેલા કાર્તિક, કૃતિકા અને એક સૈનિકની દિશામાં દોડ્યો. થોડેક દૂર અન્ય બે સૈનિકોના મૃતદેહ પડેલા પણ દેખાતા હતા. સૌ પ્રથમ એ બંનેનો જ શિકાર કરવામાં આવ્યો હશે, એમ લાગતું હતું.

ગણેશ કૃતિકા બાજુ ધસ્યો. તેઓ એક સિંહણ અને પેલા વર્ણસંકર પ્રાણીથી ઘેરાયેલાં હતાં.

હે ભૂમિદેવી કૃપા કરજો ! આ પ્રાણીઓ તો છેક ઇચ્છવારથી અમને અનુસરતાં આવ્યાં લાગે છે !

તેમની બીજી બાજુ પેલી સિંહણ હતી જેના ખભામાંથી ગણેશના પ્રહારને કારણે રક્તનો ફુવારો વહી રહ્યો હતો.

પોતાની લાકડાની તલવાર ખેંચીને કાર્તિક લડવા માટે તૈયાર ઊભો હતો. ગણેશ જાણતો હતો કે કાર્તિકમાં એટલી બાળબુદ્ધિ અને શૌર્ય છે કે તે પોતાની લાકડાની તલવાર વડે જ વર્ણસંકર પ્રાણી પર આક્રમણ કરશે. એટલે તે પોતાના ભાઈની આગળ આવીને ઊભો રહી ગયો. તેની એક બાજુ કૃતિકા હતી અને બીજી બાજુ એક સૈનિક હતો.

'બહાર નીકળવાનો કોઈ માર્ગ નથી,' કૃતિકાએ પોતાની તલવાર ખેંચતાં કહ્યું.

ગણેશ જાણતો હતો કે કૃતિકા પ્રશિક્ષિત યોદ્ધા નહોતી. તેનામાં રહેલી માતૃત્વની ભાવનાને કારણે તે કાર્તિકનું રક્ષણ કરવા અવશ્ય પ્રેરાઈ છે પરંતુ તે આ સિંહણને મારી શકે એમ નહોતી. બાજી બાજુ ઊભેલો સૈનિક ધ્રૂજી રહ્યો હતો. એટલે એની કોઈ સહાયની અપેક્ષા પણ રાખી શકાય એમ નહોતી.

ગણેશે પોતે જે સિંહણને ઘાયલ કરી હતી એની દિશામાં ઇશારો કરતાં કહ્યું, 'એ વધારે સમય જીવશે નહીં. મેં તેની બહુ મોટી નસ કાપી નાખી છે.'

વર્ણસંકર પ્રાણી તેમની ફરતે આંટા મારીને ગણેશની દિશામાં આગળ વધી રહ્યું હતું. બંને સિહણો બે બાજુઓ અવરોધીને ઊભી હતી. ગણેશ જાણતો હતો કે એ પ્રાણી પ્રહાર કરવાની તૈયારીમાં જ હતાં.

'પાછળ હઠો,' ગણેશે હળવેથી કહ્યું, 'એકદમ ધીમે ધીમે.'

તેમની પાછળ રહેલા એક વડના વૃક્ષના મુખ્ય થડમાં એક બખોલ હતી. ગણેશ કાર્તિકને એ બખોલમાં પૂરી દઈને સિંહણોથી તેનું રક્ષણ કરવા ઇચ્છતો હતો.

'આપણે વધારે સમય ટકી શકીશું નહીં,' કૃતિકાએ કહ્યું, 'એટલે હું એમનું ધ્યાન મારી દિશામાં ખેંચું છું. તમે કાર્તિકને લઈને ભાગી છૂટો.'

ગણેશે કૃતિકા સામે જોયું નહીં. તેનું સંપૂર્ણ ધ્યાન વર્ણસંકર પ્રાણી પર જ કેન્દ્રિત હતું. જોકે વીરભદ્રની પત્ની પ્રત્યે તેનું માન અવશ્ય વધી ગયું. તે કાર્તિક માટે પોતાનો જીવ આપવા પણ તત્પર હતી.

'એનાથી કંઈ થશે નહીં,' ગણેશે કહ્યું, 'કાર્તિકને લઈને હું ગતિપૂર્વક દોડી શકીશ નહીં. દીવાલો પણ ઊંચી છે. જોકે સહાય આવી રહી છે. મહાદેવ જ આવી રહ્યા છે. આપણે માત્ર ત્યાં સુધી આ પ્રાણીઓને અટકાવી રાખવાનાં છે.'

કૃતિકા અને સૈનિકે ગણેશની વાત માનીને પાછળ ખસવા માંડ્યું કે જેથી કાર્તિકને વડના થડની બખોલ સુધી લઈ જઈ શકાય. સિંહણો અને વર્ણસંકર પ્રાણી ધીમે-ધીમે આગળ વધતાં હતાં પરંતુ પહેલાં તેમનામાં જે આક્રમકતા હતી, તે રક્ત નીતરતી તલવારવાળા કદાવર માનવીને જોઈને ઘટી હતી.

થોડાક સમયમાં કાર્તિકને થડની બખોલમાં મૂકી દેવામાં આવ્યો અને તેની ફરતે વડની વડવાઈઓ બાંધી દેવામાં આવી કે જેથી બહારથી અંદર પ્રહાર થઈ શકે નહીં. હવે એ સુરક્ષિત હતો. ગણેશ ઊભો હતો, ત્યાં સુધી તો ખરો જ.

પ્રાણીઓએ આક્રમણ કર્યું. લંગડાતી સિંહણને કૂદકો મારતાં જોઈને ગણેશને આશ્ચર્ય થયું. એ દિશા કૃતિકા સંભાળી રહી હતી.

'નમી જાવ !' ગણેશે બૂમ પાડી. તે કૃતિકાની સહાય કરવા જઈ શકે એમ નહોતો, કારણ કે તે ત્યાં જાય તો અહીં વર્ણસંકર પ્રાણીને કાર્તિકવાળી બખોલ પર આક્રમણ કરવાની તક મળી જાય. 'નીચે નમી જાવ, કૃતિકા ! એ ઘાયલ છે. એ વધારે ઊંચો કૂદકો નહીં જ મારી શકે !'

કૃતિકાએ પોતાની તલવાર નીચી રાખીને પકડી રાખી હતી અને સિંહણ તેની પાસે આવે તેની તે પ્રતીક્ષા કરી રહી હતી. જોકે અચાનક એ સિંહણ ડાબે ફંટાઈ ગઈ તેનું તેને આશ્ચર્ય થયું. કૃતિકા તેની પાછળ પડવા જતી હતી તે સમયે જ તેને ભયંકર ચીસ સંભળાઈ.

બીજી દિશામાં રહેલી સિંહણે આ સમયનો ઉપયોગ કરીને કાશીના સૈનિક પર આક્રમણ કર્યું હતું. સિંહણ તેના દેહને ઘસડી જઈ રહી હતી અને તે પીડાનો માર્યો ચિત્કારી રહ્યો હતો. સૈનિક પોતાની તલવાર વડે સિંહણ પર પ્રહાર કરી રહ્યો હતો પરંતુ એ પ્રહારો નબળા પડતા જતા હતા. સિંહણના નહોર તેના શરીરમાં વધુ ને વધુ ઊંડે ઊતરી રહ્યા હતા. છેવટે તેણે સૈનિકની ગરદન પોતાના જડબામાં જકડી લીધી. થોડીક ક્ષણો બાદ તે મૃત્યુ પામ્યો.

વર્ણસંકર પ્રાણી હજુ પણ ગણેશની બરોબર સામે જ ગોઠવાયું હતું અને ભાગવાનો માર્ગ રોકીને ઊભું હતું. બીજી સિંહણ મૃત સૈનિકને છોડીને પાછી પોતાના સ્થાન પર ગોઠવાઈ ગઈ હતી.

ગણેશ ધીમે ધીમે શ્વાસ લઈ રહ્યો હતો. આ પ્રાણીઓ સમૂહમાં શિકાર કરવાનાં જે કૌશલ્યો દાખવી રહ્યાં હતાં તેનું તેને આશ્ચર્ય થઈ રહ્યું હતું.

'નમેલાં જ રહો,' ગણેશે કૃતિકાને કહ્યું, 'હું આ વર્ણસંકર પ્રાણી અને સિંહણને સંભાળી લઉં છું. તમારે પેલી ઘવાયેલી સિંહણ પર જ ધ્યાન આપવાનું છે. મને ત્રણેય

એકસાથે દેખાતાં નથી. આ પ્રાણીઓ સમૂહમાં જ શિકાર કરે છે. એટલે બેધ્યાનનું મૃત્યુ નિશ્ચિત જ છે.'

કૃતિકાએ હા પાડી એ દરમિયાન ઘાયલ સિંહણ ધીમે-ધીમે તેની દિશામાં આગળ વધી રહી હતી. તે પ્રાણીના ઘાવમાંથી ઘણું રક્ત વહી ગયું હતું એટલે તેનું હલનચલન ધીમું પડી ગયું હતું. અચાનક તેણે કૃતિકા પર આક્રમણ કર્યું.

સિંહણ જેવી પાસે આવી કે તેણે કૂદકા માર્યો. તેના ઘવાયેલા ખભા છતાં તેણે મારી શકે એટલો ઊંચો કૂદકો માર્યો. જોકે એ કૂદકામાં શક્તિ નહોતી. કૃતિકાએ એકદમ નીચા નમીને પોતાની તલવાર ઉપર વીંઝી અને સિંહણના હૃદયમાં ઉતારી દીધી. એ પ્રાણી કૃતિકા ઉપર જ પડ્યું અને થોડીક જ ક્ષણોમાં મૃત્યુ પામ્યું.

ગણેશે આંખના ખૂણેથી કૃતિકાને જોઈ. મરતા પહેલાં સિંહણે પોતાના નહોર કૃતિકાના શરીરમાં ખૂંપાવી દીધા હતા અને કૃતિકાનો એક ખભો કરડી ખાધો હતો. કૃતિકાના દેહમાંથી રક્ત વહી રહ્યું હતું અને સિંહણના મૃતદેહના ભારને કારણે તે ત્યાંથી હલી શકે એમ પણ નહોતી. પરંતુ તે જીવંત હતી અને ગણેશ હજુ પણ તેની દૃષ્ટિમર્યાદામાં જ હતો.

ગણેશે પોતાની પીઠ પર લાગેલી ઢાલ ઊંચી કરી, પોતાની બીજી ટૂંકી તલવાર ખેંચી કાઢી અને તે વડના વૃક્ષની પાસે ઊભો રહી ગયો. ટૂંકી તલવાર બેધારી હતી. જો તે કોઈના દેહમાં ઉતરી જાય તો ભયંકર હાનિ પહોંચાડી શકે એમ હતી, કારણ કે તે બંને બાજુથી હાનિ કરી શકે તેમ હતી.

ગણેશ પ્રતીક્ષા કરતો રહ્યો. તેને આશા હતી કે મોડું થઈ જાય એ પહેલાં મહાદેવ આવી પહોંચશે.

વર્ણસંકર પ્રાણી ગણેશની જમણી દિશામાં આગળ વધ્યું. સિંહણ ગણેશની ડાબી બાજુથી આગળ વધી. એ બંને પ્રાણીઓ વચ્ચે એટલું અંતર હતું કે એકસાથે બંનેને જોવાં ગણેશ માટે અઘરું કામ હતું. આક્રમણ કરવાની યોગ્ય જગ્યા નક્કી કરીને બન્ને પ્રાણીઓ ધીમે-ધીમે પરંતુ એકસાથે આગળ વધવા માંડ્યાં.

સિંહણે અચાનક આક્રમણ કર્યું. ગણેશે ડાબા હાથે પ્રહાર કર્યો. પરંતુ ટૂંકી તલવારની એટલી પહોંચ નહોતી. જોકે એના કારણે તેણે ડાબી બાજુ જોવું પડ્યું. એ ક્ષણનો લાભ લઈને વર્ણસંકર પ્રાણીએ ગણેશ પર આક્રમણ કર્યું અને તેનો જમણો પગ મોઢામાં જકડી લીધો, એ જ જગ્યાએ જ્યાં ઇચ્છવારમાં પણ તેને બચકું ભરવામાં આવ્યું હતું.

ગણેશે પીડાથી ચીસ પાડી અને જમણા હાથમાં રહેલી તલવારનો તેણે જોશથી પ્રહાર કર્યો. વર્ણસંકર પ્રાણીના મુખ પર તેનાથી ચીરો પડ્યો. એ પ્રાણી પાછળ ખસ્યું પરંતુ તેણે ગણેશની સાથળમાંથી માંસનો મોટો ટુકડો અવશ્ય કાપી લીધો.

ગણેશના દેહમાંથી રક્તપ્રવાહ વહેવો શરૂ થઈ ગયો. તે વડના વૃક્ષના ટેકે ઊભો રહી ગયો. તેનો નાનો ભાઈ પાછળથી ચીસો પાડી રહ્યો હતો. એને બહાર આવીને આ પ્રાણીઓ સામે લડવું હતું, પરંતુ ગણેશ હલ્યો નહીં અને બંને પ્રાણીઓએ આક્રમણ કર્યું.

આ વખતે વર્ણસંકર પ્રાણીએ પહેલાં આક્રમણ કર્યું. હવે તેમના આક્રમણની પદ્ધતિ ગણેશને સમજાઈ ગઈ હતી એટલે ગણેશે પોતાની દૃષ્ટિ એ બંનેની બરોબર વચ્ચે જ રાખી હતી. માટે એ બંને પ્રાણીઓ તેને દેખાતાં હતાં. જમણા હાથમાં રહેલી લાંબી તલવાર તેણે આગળ ધરી જ રાખી હતી કે જેથી વર્ણસંકર પ્રાણી વધારે પાસે આવી શકે નહીં. એટલે એ ધીમું પડ્યું અને સિંહણે આક્રમણ કર્યું. ગણેશે પોતાની ટૂંકી તલવાર તેના ખભામાં ઉતારી દીધી પરંતુ એ પહેલાં સિંહણે પણ તેને બચકું ભરી લીધું હતું. ગણેશના ડાબા હાથ

પર મોટું બચકું ભરીને સિંહણ તેના ખભામાં ઘૂસેલી તલવાર સાથે જ પાછી હટી.

ગણેશ જાણતો હતો કે તે હવે વધારે સમય ઊભો રહી નહીં શકે. એના શરીરમાંથી ઘણું રક્ત વહી ગયું હતું અને વહેવાનું ચાલુ જ હતું. તે નીચે પડવા માંગતો નહોતો, કારણ કે તેનાથી કાર્તિક જે બખોલમાં હતો તે ખુલ્લી પડી જતી હતી. એટલે તે પાછો હઠીને વડના ટેકે જ બેસી ગયો અને બખોલની રક્ષા કરવા માંડ્યો. કાર્તિક પર આક્રમણ કરવા એ પ્રાણીઓએ ગણેશને હઠાવવો આવશ્યક હતો.

વધારે પડતું રક્ત વહી જવાને કારણે ગણેશની દૃષ્ટિ ઝાંખી પડવા માંડી હતી. તેમ છતાં તેને દેખાતું હતું કે સિંહણના ખભા પરનો ઘાવ તો ઊંડો જ હતો. થોડેક દૂર ઊભાં ઊભાં તે પીડાઈ રહી હતી. તે પોતાનો ઘાવ ચાટવાનો પ્રયત્ન કરી રહી હતી પરંતુ તે સ્થિર ઊભી રહી શકતી નહોતી. એના હલનચલનને કારણે એ ટૂંકી બેધારી તલવારે તેના દેહની અંદર વધારે હાનિ પહોંચાડી. જોકે જમણી બાજુથી વર્ણસંકર પ્રાણી ધીમે-ધીમે ગણેશની દિશામાં આગળ વધી રહ્યું હતું. પૂરતું નજીક આવી ગયા પછી એ પ્રાણીએ ગણેશ પર કૂદકો માર્યો અને એ જ સમયે ગણેશે પોતાની તલવાર વીંઝી. એ પ્રાણીના નહોરે ગણેશના મુખ પર ચીરા પાડી દીધા અને તેના લાંબા નાક પર તો ઊંડો ઘાવ પણ થઈ ગયો. એ જ સમયે ગણેશની તલવાર એ પ્રાણીની ડાબી આંખમાં ઊતરી ગઈ. એ ગર્જના કરતું કરતું પાછળ ખસવા માંડ્યું.

જોકે આ બધું થયું એ સમયગાળામાં ગણેશ જે નહોતો જોઈ શક્યો એ કાર્તિકે જોઈ લીધું હતું. તે પોતાની લાકડાની તલવાર કાઢવાનો પ્રયત્ન કરતો હતો. પરંતુ તે કાઢી શક્યો નહીં એટલે તેણે બૂમ પાડી, 'મોટા ભાઈ, બચો !'

ગણેશનું ધ્યાન નહોતું એ સમયગાળામાં પેલી સિંહણ પાસે આવી ગઈ હતી. તેણે કૂદકો મારીને ગણેશની છાતી પર જ બચકું ભર્યું. ગણેશે તલવાર વડે તેના મુખ પર પ્રહાર કર્યાં. સિંહણ પીડાની મારી ગર્જના કરતી કરતી પાછળ હઠી પરંતુ એ પહેલાં તેણે ગણેશની છાતીમાંથી માંસનો મોટો ટુકડો કાપી લીધો હતો. એ નાગવંશીનું હૃદય ભયાનક ગતિથી તેના શરીરમાં રક્ત પ્રવાહિત કરી રહ્યું હતું પરંતુ ગણેશના શરીર પણ ઘણા ઘાવ પડ્યા હોવાથી રક્ત પણ વધારે માત્રામાં બહાર નીકળી રહ્યું હતું.

પોતાનો અંત સમય આવી ગયો છે, એ ગણેશને સમજાઈ ગયું હતું. એ વધારે સમય ટકી શકે એમ નહોતો. જોકે એ જ સમયે તેને સંભળાયું,

'હર હર મહાદેવ !'

ગણેશના દેહમાં રાહતની લાગણી છવાઈ ગઈ. હવે તે ભાનમાં રહી શકે તેમ લાગતું નહોતું.

પચાસેક જેટલા સૂર્યવંશી સૈનિકો ઉપવનમાં ધસી આવ્યા હતા. તે બધા એકસાથે આ બંને પ્રાણીઓ પર તૂટી પડ્યા. એ પ્રાણીઓ આમ પણ ઘવાયેલાં હતાં એટલે નબળાં તો પડી જ ગયાં હતાં અને પચાસ સૂર્યવંશી યોદ્ધાઓએ તેમને સરળતાથી મારી કાઢ્યા.

એકદમ ઝાંખું દેખાતું હોવા છતાં ગણેશને એમ લાગ્યું કે એક સુંદર માનવાકૃતિ તેની દિશામાં દોડી આવી. તેની તલવાર રક્તરંજિત હતી અને ગળું વાદળી રંગનું હતું. એ માનવની પાછળ જ દોડી રહેલી પૂજનીય સ્ત્રી પણ તેને આછી આછી દેખાઈ.

પોતાના વિશ્વના સૌથી મહત્ત્વના બે માનવો માટે તે કંઈક સારું કરી શક્યો છે એનો ગણેશને પારાવાર સંતોષ હતો.

'ચિંતા ન કરશો, બાબા,' ગણેશે પોતાના પિતાને કહ્યું, 'તમારો પુત્ર સલામત છે. . .એને છુપાવી રાખ્યો છે. . .મારી પાછળ.'

એટલું બોલતાં જ ગણેશ નીચે પટકાયો અને બેભાન થઈ ગયો.



પ્રકરણ ૨૦
ભાઈ, રહીશું સાથે

ગણેશને એમ લાગતું હતું કે તેને પીડાનો અનુભવ થવો જોઈએ પણ નહોતો થતો.

તેણે પોતાની આંખો ખોલી. તેની પાસે ઊભેલી આયુર્વતીને ભાગ્યે જ ઓળખી શક્યો.

પછી તેણે પોતાના ઘાયલ દેહ પર દૃષ્ટિ ફેરવી : ઠેર ઠેર પડેલા ચીરા, બહાર લબડતા માંસના લોચા, આખા શરીર પર ઠેર ઠેર ગંઠાઈ ગયેલું રક્ત, બહાર આવી ગયેલું હાથનું હાડકું, છાતીમાં પડેલું મોટું કાણું, તૂટેલી અને બહાર દેખાતી પાંસળીઓ.

ભૂમિદેવી કૃપા કરજો. હવે હું બચું તેમ લાગતું નથી.

અને ગણેશ પાછો બેભાન થઈ ગયો.



તેની છાતી પર કંઈ તીક્ષ્ણ વસ્તુ ભોંકાઈ. તેણે ધીમેથી આંખો ખોલી. પણ તેની આંખ બહુ ઓછી ખૂલી શકી.

તેમાંથી તેને દેખાતું હતું કે આયુર્વતી તેના પાટા બદલી રહી છે.

હવે તેને પીડાનો અનુભવ થઈ રહ્યો હતો.

આ સારું લક્ષણ કહેવાય , નહીં ?

તે પુનઃ સ્વપ્નપ્રદેશમાં ખોવાઈ ગયો.



કોઈએ હળવેથી તેના માથા પર હાથ ફેરવ્યો. પછી હાથ પાછો ખેંચાઈ ગયો. ગણેશે ઊંઘમાં જ તેનું મસ્તક હલાવ્યું. એ હાથ પુનઃ તેના માથે ફરે એવી તેની ઇચ્છા હતી. અને સાચે જ હાથ પાછો ફર્યો અને તેને પસવારવા લાગ્યો.

ગણેશે ધીમે-ધીમે પોતાની આંખો ખોલી. સતી તેની બાજુમાં, તેની પર નમીને બેઠી હતી. તેની આંખો સૂઝેલી અને લાલ હતી.

મા.

પરંતુ સતીએ કોઈ ઉત્તર આપ્યો નહીં. સંભવતઃ તેણે એ શબ્દ સાંભળ્યો જ નહીં હોય.

ગણેશને સતીની પાછળ રહેલા વાતાયનની બહાર દેખાતું હતું. વરસાદ પડી રહ્યો હતો.

વર્ષાઋતુ ? હું કેટલો સમય બેભાન રહ્યો હોઈશ ?

ગણેશને એ વાતાયનની બાજુમાં દીવાલના ટેકે ઊભો રહેલો એક પુરુષ દેખાયો. આમ તો એની આંખોમાં તોફાન રહેતું પરંતુ અત્યારે તેની આંખો ભાવવિહીન હતી. એ માણસનું ગળું વાદળી રંગનું હતું. એ પુરુષ તેની સામે જ જોઈ રહ્યો હતો. એ કોણ છે, એનો તે તર્ક કરી રહ્યો હતો.

અને પુનઃ ગણેશ નિદ્રાદેવીના બાહુપાશમાં સરી પડ્યો.



તેના હાથ પર કોઈનો ઉષ્માપૂર્ણ સ્પર્શ થયો. કોઈક અત્યંત મૃદુતાથી તેના ઘાવ પર મલમ લગાવી રહ્યું હતું.

ગણેશે ધીમે-ધીમે આંખો ખોલી. તેને જે હાથ મલમ લગાવી રહ્યા હતા તે કોઈ મૃદુ સ્ત્રૈણ હાથ નહોતા પરંતુ એકદમ મજબૂત પૌરુષસભર હાથ હતા, એ જોઈને તેને આશ્ચર્ય થયું.

એ પ્રેમાળ વૈદ્યને જોવા તેણે દૃષ્ટિ ઉપર ફેરવી. ધડ તો એકદમ શક્તિશાળી અને સ્નાયુબદ્ધ જણાતું હતું. પરંતુ ગળું ! એ અલગ હતું. તેમાંથી વાદળી રંગનો પ્રકાશ ચળકતો હતો.

ગણેશ દિગ્મૂઢ થઈ ગયો. તેના મોઢામાંથી આશ્ચર્યનો ઉદ્ગાર નીકળી ગયો.

મલમ લગાવતો હાથ અટકી ગયો. ગણેશને લાગ્યું કે બે આંખો તેને વીંધી રહી છે. પછી નીલકંઠ ઊભા થયા અને ભવનની બહાર નીકળી ગયા.

ગણેશે પુનઃ આંખો મીંચી દીધી.



ઘણા સમય પછી ગણેશ એવી રીતે નિદ્રાદેવીના કોશેટોમાંથી બહાર આવ્યા કે એને તાત્કાલિક એ કોશેટોની સલામતીમાં પાછા ફરવાની આવશ્યકતા રહે નહીં. તેને વરસાદના છાંટા પડવાનો ધ્વનિ સંભળાતો હતો.

તેને વર્ષાઋતુ અત્યંત ગમતી. એ ઋતુ તો ધરતી માટે ઊતરી આવેલા સ્વર્ગના આશીર્વાદ સમાન હતી. તેને વરસાદનો તાલબદ્ધ રવ અત્યંત ગમતો હતો.

તેણે ડાબી બાજુ પોતાનું મસ્તક થોડુંક ફેરવ્યું. પરંતુ એટલા ધ્વનિથી પણ સતી જાગી ગઈ. ભવનના બીજા ખૂણે રાખવામાં આવેલી તેની શય્યા પરથી તે ઊભી થઈ અને ગણેશ પાસે આવી. તેણે ગણેશની શય્યા પાસે એક આસન ખેંચ્યું અને તેની પર બેસીને પોતાના પુત્રનું મસ્તક એ પસવારવા માંડી.

'કેમ લાગે છે તને, પુત્ર ?'

ગણેશે મૃદુ સ્મિત કર્યું. તેણે પોતાનું મસ્તક થોડુંક વધારે ફેરવ્યું.

સતીએ સ્મિત કરતાં કરતાં તેના મુખને પસવારવાનું ચાલુ રાખ્યું. તે જાણતી હતી કે ગણેશને એમ ગમે છે.

'કૃતિકા ?'

'એને તો ઘણું સારું છે,' સતીએ કહ્યું, 'એ કંઈ તારા જેટલી ઘવાઈ નહોતી. એને તો થોડાક જ દિવસોમાં આયુરાલયમાંથી મુક્તિ મળી ગઈ હતી. માત્ર બે સપ્તાહમાં જ.'

'મને કેટલા. . . ?'

'તને અહીંયાં કેટલા દિવસ થયા છે, એમ ?'

ગણેશે મસ્તક હકારમાં હલાવ્યું.

'સાઠ દિવસ. તું થોડીક વાર ભાનમાં આવીને પાછો બેભાન થઈ જતો હતો.'

'વરસાદ. . .'

'વર્ષાઋતુ હવે પૂરી થવા આવી છે. ભેજને કારણે જ સમસ્યા વધી હતી. તેના કારણે જ તારા ઘાવ મોડા રૂઝાયા હતા.'

ગણેશે ઊંડો શ્વાસ લીધો. એ થાકી ગયો હતો.

'હવે ઊંઘી જા,' સતીએ કહ્યું, 'આયુર્વતીનું કહેવું છે કે હવે તને ત્વરાથી સારું થઈ જશે. થોડાક જ દિવસોમાં તને પણ અહીંથી મુક્તિ મળી જશે.'

ગણેશે સ્મિત કર્યું અને તે પાછો નિદ્રામાં સરી પડ્યો.



ગણેશ અચાનક જાગી ગયો. આયુર્વતી તેને તાકી રહી હતી.

'હું કેટલો સમય સૂતો રહ્યો છું ?'

'છેલ્લે જાગ્યા ત્યારથી ? થોડાક જ કલાક. મેં તારી માને મહેલે મોકલી આપી છે. તેને પણ આરામ કરવો જોઈને ?'

ગણેશે મસ્તક હલાવીને હા પાડી.

આયુર્વતીએ હમણાં જ બનાવેલો મલમ લીધો, 'હવે તમારું મોઢું ખોલો તો. . .'

ગણેશે એ દુર્ગંધ મારતા મલમ સામે જોયું. 'આ શું છે, આયુર્વતીજી ?'

'એનાથી પીડા શમી જશે.'

'પરંતુ મને તો એમ પણ પીડા નથી થતી.'

'હું જ્યારે આ મલમ ઘાવ પર લગાડીશ, ત્યારે અવશ્ય થશે. એટલે મોઢું ખોલો અને આ વસ્તુ તમારી જીભ નીચે દબાવી રાખો.'

એ ઔષધની અસર થાય ત્યાં સુધી આયુર્વતીએ પ્રતીક્ષા કરી. પછી તેણે ગણેશની છાતી પરનો પાટો ખોલ્યો. એ ઘામાં ઘણો સુધારો આવ્યો હતો. માંસ બની ગયું હતું અને તેની પર સ્નાયુઓ પણ બન્યા હતા.

'ધીમે ધીમે ત્વચા મુલાયમ થઈ જશે,' આયુર્વતીએ કહ્યું.

'હું એક યોદ્ધો છું,' ગણેશે સસ્મિત કહ્યું, 'એટલે મને મુલાયમ ત્વચા કરતાં ઘાવનાં નિશાન વધારે ગમશે.'

આયુર્વતી ગણેશ સામે હાવભાવ વિના જોઈ રહી. પછી તેણે મલમ ભરેલો વાટકો

હાથમાં લીધો.

એ લગાવવાનું શરૂ કર્યું એટલે ગણેશે પોતાનો શ્વાસ રોકી રાખ્યો. પીડાશમનના ઔષધ છતાં આ મલમથી પીડા તો થતી જ હતી. આયુર્વતીએ ત્વરાથી મલમ લગાવી દીધો અને તેની પર લીમડાનાં પર્ણોથી પાટો બાંધ્યો.

આયુર્વતી ત્વરાથી, કાર્યદક્ષતાથી અને ચોકસાઈથી કામ કરતી. ગણેશને આ ગુણો હંમેશા ગમતા.

એટલે ગણનાયકે ઊંડો શ્વાસ લીધો અને થોડીક શક્તિ ભેગી કરીને કહ્યું, ‘હું બચીશ એમ મને નહોતું લાગતું. એટલે તમારી જે ખ્યાતિ છે એ એકદમ યોગ્ય જ છે, આયુર્વતીજી.’

આયુર્વતીએ વિસ્મયથી કહ્યું, ‘મારા વિષે તમે ક્યાં સાંભળ્યું ?’

‘હું ઇચ્છવારમાં પણ ઘાયલ થયો હતો. ત્યાં મને માએ એમ કહ્યું હતું કે તમે મને અડધા સમયમાં સાજો કરી શક્યાં હોત. તેણે એમ પણ કહ્યું હતું કે તમે આ વિશ્વનાં શ્રેષ્ઠ વૈદ્ય છો.’

આયુર્વતીએ ભમરો ઊંચી કરી, ‘તમારી જીભ પર તો સરસ્વતી છે. કોઈને પણ ખુશ કરી શકો એમ છો તમે. પ્રભુ નીલકંઠની જેમ જ. પરંતુ એમના જેવું નિર્મલ હૃદય નથી એ કેવી કરુણા !’

ગણેશ ચૂપ રહ્યો.

‘હું બૃહસ્પતિજીને પ્રશંસતી હતી. એ માત્ર ઉમદા માનવી જ નહોતા પરંતુ જ્ઞાનભંડાર પણ હતા. એ પોતાના સમય પહેલાં મૃત્યુ પામ્યા તેનાથી સમગ્ર વિશ્વને હાનિ પહોંચી છે.’

ગણેશે કોઈ ઉત્તર આપ્યો નહીં. તેની આંખો વૈદ્યની આંખોમાં જોઈ રહી.

‘હવે મને તમારો હાથ જોવા દો,’ આયુર્વતીએ કહ્યું.

તેણે એક ઝાટકા સાથે એ પાટો ખોલી કાઢ્યો. ગણેશને થોડોક ચટકો અનુભવાયો પરંતુ તેનાથી કોઈ હાનિ થઈ નહીં.

ગણેશે જોકે આંખ પણ મટકાવી નહીં.



બીજે દિવસે ગણેશ ઊઠ્યો ત્યારે તેની મા અને માસી ધીમા અવાજે કંઈક વાતો કરતાં હતાં.

‘મા, માસી,’ ગણેશ બોલ્યો.

બંને બહેનોએ તેની સામે જોઈને સ્મિત કર્યું.

‘તારે કંઈ ખાવું કે પીવું છે ?’ સતીએ પૂછ્યું.

‘હા, મા. શું હું આજે ચાલવા જઈ શકું ? હું સાઠ દિવસથી સૂતો રહ્યો છું. કેવું ભયંકર !’

કાલિએ સ્મિત કર્યું, ‘હું આયુર્વતી સાથે વાત કરીશ. ત્યાં સુધી આરામ જ કરજે.’

કાલિ આયુર્વતીને શોધવા નીકળી એટલે સતીએ ગણેશની શય્યા સમીપે આસન ગોઠવ્યું.

‘હું તારા માટે ભોજન લાવી છું,’ સતીએ હાથીદાંતનો નાનકડો ડબ્બો ખોલતાં કહ્યું.

ગણેશ ઉત્સાહમાં આવી ગયો. ગણેશને પોતાની માતાના હાથનું ભોજન અત્યંત પ્રિય

હતું. જોકે તેને સ્મરણ થઈ આવ્યું કે તેના સાવકા પિતા શિવને પણ સતીના હાથનું ભોજન અત્યંત પ્રિય હતું અને તેના મુખ પરથી સ્મિત વિલીન થઈ ગયું.

ગણેશ કંઈ પણ ખાય એ પહેલાં એક ચૌક્કસ ઔષધ વડે તેણે કોગળા કરવા એવું આયુર્વતીએ કહ્યું હતું એટલે એ ઔષધ શોધવા સતી ઊભી થઈ.

'શું પિતાજી તારી સાથે પાછા રહેવા માંડ્યા છે, મા ?'

'તારે એવી કોઈ ચિંતા કરવાની આવશ્યકતા નથી,' કહેતાં સતી ગણેશ પાસે આવી.

એ નાગવંશી છતને તાકી રહ્યો હતો. તેના મનમાં ખોટું કર્યાની લાગણી બળવત્તર બની રહી હતી. તેણે કંઈક વિચારીને કહ્યું, 'શું એમણે. . .'

'હા,' સતીએ ઉત્તર આપ્યો. 'એ પ્રત્યેક દિવસ તારા સ્વાસ્થ્યના સમાચાર લેવા અહીં આવતા હતા, પરંતુ મને નથી લાગતું કે તેઓ આજથી અહીં આવે.'

ગણેશે દુઃખ અનુભવ્યું અને પોતાના હોઠને દાંત નીચે દબાવ્યા.

સતીએ તેના માથે હાથ ફેરવ્યો, 'યોગ્ય સમયે બધું જ યોગ્ય થઈ રહેશે.'

'મંદાર પર્વત પર શું થયું અને કેમ થયું એ હું તમને બધાને સમજાવી શકત, તો કેવું સારું થાત ? એ મને ક્ષમા કરત કે કેમ એ તો હું નથી જાણતો પરંતુ એ અવશ્ય સમજી શકત.'

'કાલિએ મને થોડીક વાત તો કરી છે. મને કંઈક તો સમજાયું છે. પરંતુ બૃહસ્પતિજી ? એ સાચે જ મહાન માનવ હતા. એમના મૃત્યુથી સમગ્ર વિશ્વને કંઈક નુકસાન અવશ્ય થયું છે. મને પણ સંપૂર્ણતઃ તો નથી સમજાતું. અને શિવ તો તેમને પોતાના ભાઈ સમાન ગણતા હતા. તો એ આ વાત સમજે એવી આશા કઈ રીતે રાખી શકાય ?'

ગણેશ દુઃખભરી દૃષ્ટિથી સતી સામે જોઈ રહ્યો.

'પરંતુ તેં કાર્તિકનું જીવન બચાવ્યું છે,' સતીએ કહ્યું, 'તેં મને બચાવી છે. એનું શિવને મન ઘણું મૂલ્ય છે એ પણ હું સમજું છું. તેમને થોડોક સમય આપ. એ અવશ્ય સમજશે.'

ગણેશ ચૂપ રહ્યો પરંતુ શિવ સમજશે એ વાત પર તેને અવશ્ય સંશય હતો.



બીજા દિવસે આયુર્વતીની પરવાનગી લઈને ગણેશ આયુરાલયની બહાર ચાલવા નીકળ્યો. તે અતિથિગ્વના ભવ્ય મહેલની બાજુમાં આવેલા ઉપવનમાં ગયો. ગણેશ કાલિનો ટેકો લઈને એક હાથે લાકડી પર બધું વજન નાખીને ધીમે ધીમે ચાલતો હતો. તેને તો એકલા જ ચાલવું હતું પણ કાલિ એમ કરવા દેવા સહમત નહોતી. તેઓ ઉપવનમાં પહોંચ્યાં ત્યારે તેમને ધાતુથી ધાતુ અથડાવાનો અવાજ સંભળાયો.

ગણેશે વિચારીને કહ્યું, 'કોઈ અભ્યાસ કરી રહ્યું છે. સતત અભ્યાસ.'

કાલિએ સ્મિત કર્યું. તે જાણતી હતી કે યોદ્ધાઓનો અભ્યાસ જોવામાં ગણેશને અત્યંત આનંદ આવતો હતો. 'ચાલ, જઈએ.'

નાગવંશી રાણી ગણેશને ઉપવનની મધ્યમાં લઈ ગઈ. દરમિયાન જે અવાજ સંભળાતો હતો તેના આધારે ગણેશ એ અભ્યાસ કરનારાના ગુણો અંગે ટિપ્પણી કરી રહ્યો હતો. 'એ ત્વરાથી હરે-ફરે છે. આ બંને ધાતુની જ તલવારો છે, જે અભ્યાસ માટે નથી. અહીંયાં સિદ્ધ યોદ્ધાઓ જ દ્વંદ્વ કરી રહ્યા લાગે છે.'

કાલિ ગણેશને એક પ્રવેશદ્વાર પસાર કરાવીને ઉપવનની મધ્યમાં લઈ ગઈ.

તેઓ ત્યાં પહોંચ્યા કે ગણેશને અદ્ભુત આશ્ચર્ય થયું. કાલિએ ગણેશને મજબૂતીથી પકડીને કહ્યું, 'શાંત થા. એના પર કોઈ જ ભય નથી.'

થોડેક દૂર કાર્તિક પર્વતેશ્વર સાથે ભયંકર દ્વંદ્વમાં મગ્ન દેખાતો હતો. એ જે ગતિથી લડી રહ્યો હતો તે જોઈને ગણેશ દિગ્મૂઢ બની ગયો. એ ત્રણ વર્ષના બાળકનું કદ સાત વર્ષના બાળક જેટલું તો હતું તેમ છતાં તે કદાવર પર્વતેશ્વર કરતાં તો ઘણો નાનો હતો. મેલુહાના સેનાપતિ પોતાની તલવાર વડે જોશભેર પ્રહાર કરી રહ્યા હતા. જોકે પોતાના કદનો ઉપયોગ કરીને કાર્તિક એ પ્રહાર ખાળી રહ્યો હતો. તે નીચો નમીને પર્વતેશ્વરને પણ નીચા પ્રહારો કરવા માટે મજબૂર કરી દેતો હતો અને એ રીતના પ્રહાર મોટા ભાગના સિદ્ધ યોદ્ધાઓને અનુકૂળ આવતા નહીં. કોઈને ઓછા કદના યોદ્ધાઓ સાથે યુદ્ધ કરવાની તાલીમ મળતી નહીં. કાર્તિકમાં ચોકસાઈથી અને બળપૂર્વક પ્રહાર કરવાની ક્ષમતા પણ હતી. તે એવા ખૂણેથી પ્રહાર કરતો કે કોઈ પણ ઊંચા કદના માણસ માટે એ પ્રહાર રોકવો અઘરો થઈ પડે. થોડીક જ ક્ષણોમાં કાર્તિક મેલુહાના સેનાપતિના ધડના નીચેના હિસ્સા પર ત્રણ ઘાતક પ્રહાર કરવા સુધી પહોંચી ગયો.

ગણેશ આશ્ચર્ય અનુભવતો ઊભો રહ્યો.

'તું ઘાયલ થયો એ દિવસથી એ દરરોજ અભ્યાસ કરી રહ્યો છે,' કાલિએ કહ્યું.

જોકે અમુક જ યોદ્ધાઓ લડી શકે એવી રીતે તેણે કાર્તિકને લડતાં જોયો, તેનું ગણેશને વધારે આશ્ચર્ય હતું. 'કાર્તિક એકસાથે બે તલવારથી લડે છે.'

'હા,' કાલિએ સસ્મિત કહ્યું, 'તે ઢાલ નથી વાપરતો. તે ડાબા હાથે પણ પ્રહાર કરે છે. એ છોકરો એમ કહે છે કે પ્રહાર જ શ્રેષ્ઠ રક્ષણાત્મક નીતિ છે !'

એ જ સમયે ગણેશને દૂરથી સતીની બૂમ સંભળાઈ, 'અટકી જાવ હવે !'

એ જ સમયે ગણેશને એક ખૂણેથી પ્રગટ થતી સતી દેખાઈ.

'તમને ખલેલ પહોંચાડવા માટે ક્ષમા માંગુ છું, પિતૃતુલ્ય,' સતીએ પર્વતેશ્વરને કહ્યું, 'પરંતુ કાર્તિકને પોતાના મોટાભાઈને મળવું અવશ્ય ગમશે.'

પર્વતેશ્વરે ગણેશ સામે જોયું. મેલુહાના સેનાપતિએ સતીના મોટા પુત્ર ગણેશની કોઈ નોંધ લીધી નહીં. શિષ્ટાચાર માટે મસ્તક પણ નમાવ્યું નહીં. એ માત્ર પાછળ ખસી ગયા.

જોકે પોતાની દિશામાં આવતા ગણેશને જોઈને કાર્તિકનું મુખ ઝળહળી ઊઠ્યું. કાર્તિકમાં આવેલું પરિવર્તન જોઈને ગણેશને અત્યંત આશ્ચર્ય થતું હતું. હવે તેની આંખોમાં નાનકડા બાળકની નિર્દોષતા નહોતી દેખાતી. એ આંખોમાં હવે મક્કમ યોદ્ધા જેવા ભાવ રમતા હતા.

'તું સરસ લડી લે છે, ભાઈ,' ગણેશે કહ્યું, 'હું એ નહોતો જાણતો.'

કાર્તિક પોતાના ભાઈને વળગી પડ્યો. ગણેશના અમુક ઘાવમાં પીડા થઈ આવી પરંતુ તેણે ઉંહકારો સુધ્ધાં કર્યો નહીં.

પછી કાર્તિક બોલ્યો, 'હવે તમારે ક્યારેય એકલા નહીં લડવું પડે, મોટા ભાઈ, ક્યારેય નહીં.'

ગણેશે હસીને કાર્તિકને આલિંગન આપ્યું. તેની આંખો ભીની થઈ ગઈ હતી.

એ નાગવંશીએ નોંધ્યું કે સતી અને કાલિ ચૂપ હતાં. તેણે જોયું કે પર્વતેશ્વર પ્રવેશદ્વારની દિશામાં જોઈ રહ્યા હતા. પર્વતેશ્વરે પોતાની છાતી પર જમણા હાથથી હળવેથી મુક્કો માર્યો અને નીચા નમ્યા. મેલુહાની સેનામાં આ રીતે જ વંદન કરવામાં આવતા. પર્વતેશ્વર જે દિશામાં જોઈ રહ્યા હતા, તે દિશામાં ગણેશે જોયું.

પ્રવેશદ્વાર પાસે શિવ ઊભા હતા. તેમણે અદબ વાળેલી હતી અને તેમના મુખ પર

કોઈ જ હાવભાવ નહોતા. પવનમાં તેમના કેશ અને વસ્ત્ર ફરફરતાં હતાં. એ ગણેશ સામે જ જોઈ રહ્યા હતા.

કાર્તિક ગણેશને હજુ પણ વળગેલો જ હતો. એ અવસ્થામાં પણ ગણેશ નીચા નમીને નીલકંઠને વંદન કર્યાં. જ્યારે તેણે ઉપર જોયું ત્યારે શિવ ત્યાંથી જતા રહ્યા હતા.



'એ સંભવતઃ એટલો અનિષ્ટ માનવ નહીં હોય, શિવ,' વીરભદ્રએ ચલમનો ઊંડો દમ ભરીને કહ્યું.

શિવની મુખમુદ્રા ભાવવિહીન જ રહી. નંદીએ વીરભદ્ર સામે ચેતવણીસૂચક રીતે જોઈ લીધું.

જોકે વીરભદ્ર પોતાની વાત પર મક્કમ હતો. 'આપણે તેના વિષે હજુ બધું નથી જાણતા, શિવ. મેં પરશુરામ સાથે પણ વાત કરી છે. તેને અન્યાય સામે લડવામાં ગણેશે જ સહાય કરી હતી. સૌ પ્રથમવાર જ્યારે બ્રંગલોકોએ તેની પર આક્રમણ કર્યું ત્યારે તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. એ બ્રાહ્મણ ઘાયલ અવસ્થામાં જ ગણેશને મળ્યો અને ગણેશે તેને બચાવી લીધો હતો. પરશુરામની વાત જાણીને તેણે તેને તમામ રીતે સહાય કરવાનું વચન પણ આપ્યું.'

શિવે વીરભદ્રના હાથમાંથી ચલમ લીધી, ઊંડો કશ લીધો પરંતુ તે કશું પણ બોલ્યા નહીં.

'કૃતિકાએ જે કહ્યું એ તો તું જાણે જ છે. કાર્તિકને બચાવવા માટે તે પોતાનો જીવ આપી દેવા તૈયાર હોય એમ જ લડ્યો હતો. અને કૃતિકા માણસને સારી રીતે પારખી શકે છે. તે એમ કહે છે કે ગણેશનું હૃદય સોનાનું છે.'

શિવે ધુમાડો છોડ્યો પરંતુ એ કશું બોલ્યા નહીં.

'મને મહારાણી કાલિના મોઢેથી પણ સાંભળવા મળ્યું છે કે,' વીરભદ્રએ પોતાની વાત ચાલુ જ રાખી, 'કાર્તિકના જન્મ સમયે જે નાગવંશી ઔષધિ આવી હતી, તેની વ્યવસ્થા કરનાર પણ ગણેશ જ હતો.'

શિવે સાશ્ચર્ય વીરભદ્ર સામે જોયું. તે કંઈક વિચારીને બોલ્યા, 'મને તો એ વિચિત્ર માનવ લાગે છે. એના વિષે શું સમજવું એ જ મને નથી સમજાતું. તેણે મારા પુત્રનું જીવન બચાવ્યું છે. તારી વાત માનું, તો બે વાર બચાવ્યું છે. ઇચ્છવારમાં તેણે મારી પત્નીનું જીવન પણ બચાવ્યું છે. એ બધા માટે મને તેની પર અત્યંત સ્નેહ હોવો જોઈએ, પરંતુ હું જ્યારે પણ એની સામે જોઉં છું ત્યારે મને બૃહસ્પતિની સહાય માટેની ચીસો જ સંભળાય છે. અને પછી મને તેનું મસ્તક ધડથી અલગ કર્યા સિવાય કશું જ સૂઝતું નથી.'

વીરભદ્રએ દુઃખી થઈને નીચે જોયું.

પછી નીલકંઠે પોતાનું મસ્તક ઝાટકીને કહ્યું, 'પરંતુ મારે એક માણસ પાસેથી તો અવશ્ય ઉત્તરો મેળવવાના છે.'

વીરભદ્રને સમજાઈ ગયું કે શિવ કઈ દિશામાં વિચારી રહ્યા છે. 'સમ્રાટની વાત કરો છે ?'

'હા,' શિવે કહ્યું, 'તેમની પરવાનગી વિના કાલિ અને ગણેશનો ત્યાગ કરવામાં આવ્યો હોય, એ શક્ય નથી.'

નંદીએ પોતાના સમ્રાટનો બચાવ કરતાં કહ્યું, 'પરંતુ, પ્રભુ, સમ્રાટ દક્ષ પાસે કોઈ જ વિકલ્પ નહોતો. એ જ નિયમ છે. નાગવંશી બાળકો મેલુહામાં રહી શકે નહીં.'

'અને શું નિયમમાં એવું પણ નથી કે નાગવંશી બાળકની માતા પણ સમાજમાં ન રહી શકે ?' શિવે પૂછ્યું, 'નિયમપાલન પોતાની પસંદગી મુજબ નથી કરવાનું હોતું.'

નંદી કશું બોલ્યો નહીં.

'સમ્રાટના સતી માટેના સ્નેહ અંગે મને લેશમાત્ર સંશય નથી,' શિવે કહ્યું, 'પરંતુ શું એમને એટલો પણ વિચાર ન આવ્યો કે આવી રીતે સતીના પુત્રનો ત્યાગ કરવાથી સતી સ્વયં કેટલી પીડાશે ?'

વીરભદ્રએ હકારમાં મસ્તક હલાવ્યું.

'તેમણે આ સત્ય સતીથી કાયમ છુપાવી રાખ્યું. તેમણે તો સતીની જોડકી બહેનનું અસ્તિત્વ પણ છુપાવી રાખ્યું. કાર્તિકના જન્મ પછી એ જેવી રીતે કાર્તિકનો દેહ ચકાસી રહ્યા હતા, તે મને હંમેશા વિચિત્ર જ લાગ્યું હતું. પરંતુ હવે મને એનો આશય સમજાય છે. તેમણે એવી રીતે જ વર્તન કર્યું જાણે તેમને નાગવંશીના જન્મની જ આશા હતી.'

'હંઅઅઅ,' વીરભદ્રએ કહ્યું.

'અને મને એમ પણ લાગે છે કે આ વાત માત્ર આટલેથી જ નથી અટકતી.'

'એટલે તમે શું કહેવા ઇચ્છો છે ?'

'મને એમ લાગે છે કે ચંદનધ્વજનું મૃત્યુ પ્રાકૃતિક નહોતું.'

'સતીનો પ્રથમ પતિ ?'

'હા. ગણેશના જન્મના જ દિવસે તે ડૂબીને મરી જાય, એ જરા વધારે પડતો જ યોગાનુયોગ લાગે છે.'

'પ્રભુ !' નંદીએ આઘાત અનુભવતાં કહ્યું, 'પરંતુ એ સત્ય હોઈ જ ન શકે. એ તો અપરાધ છે. કોઈ પણ સૂર્યવંશી શાસક આવું હલકું કૃત્ય તો ન જ કરી શકે.'

'એવું જ થયું હશે એમ હું નથી કહેતો, નંદી,' શિવે કહ્યું, 'મને તો માત્ર એવો વિચાર આવે છે. સ્મરણ રહે કે કોઈ સંપૂર્ણ સારું કે ખરાબ નથી હોતું. તેઓ મજબૂત કે નબળા મનના જ હોય છે. મજબૂત મનના માણસો ગમે તેવી પરીક્ષા થાય કે ગમે તેવી સમસ્યાઓ આવે પરંતુ પોતાના સિદ્ધાંતોને વળગી જ રહે છે. જ્યારે નબળા મનના લોકોને તો ઘણી વાર સમજાતું પણ નથી હોતું કે પોતે કેટલું અનિષ્ટ કામ કરી રહ્યા છે.'

નંદી કંઈ બોલ્યો નહીં.

વીરભદ્રએ શિવની આંખોમાં આંખો પરોવીને કહ્યું, 'તમને જે સંશય છે એ જ સત્ય હોય, તો મને આશ્ચર્ય નહીં થાય. સમ્રાટ કદાચ પોતાની આગવી રીતે એમ જ વિચારી રહ્યા હશે કે તેઓ તો સતીનું ભલું જ કરી રહ્યા છે.'



પ્રકરણ ૨૧
મૈકાનું રહસ્ય

ગણેશે કાર્તિકનો જીવ બચાવ્યો એ ઘટનાને લગભગ ત્રણ માસ વીતી ચૂક્યા હતા. ગણેશ હજુ લંગડાતો હતો પરંતુ એટલો સાજો તો અવશ્ય થઈ ગયો હતો કે તે પંચવટી જઈ શકે એમ હતો. છેલ્લી વાર બેભાન થયાને પણ એક માસ તો વીતી ગયો હતો. અને દરેક ક્ષણે તેની માને જે પીડા થઈ રહી હતી, તેનો વિચાર તેને આવતો હતો. શિવ અને સતી વચ્ચે જે ભેદ ઊભો થયો હતો તે તેનાથી સહન થાય એવો નહોતો. તેને એટલું સમજાતું હતું કે આ બધાંનો એક જ ઉપાય છે અને તે એ છે કે પોતે જ પંચવટી ચાલ્યો જાય.

'આપણે કાલે નીકળી જઈએ, માસી,' ગણેશે કહ્યું.

'તારી માને આ વાત કરી ?' કાલિએ પૂછ્યું.

'હું તેના માટે એક પત્ર લખતો જઈશ.'

કાલિ કંઈક વિચારવા માંડી.

'એ તો મને પણ જવા દેવા તૈયાર નથી. આમ તો મારે પણ હવે જવું જ જોઈએ.'

પછી કાલિએ ઊંડો શ્વાસ લઈને પૂછ્યું, 'એટલે તું હવે તારી માને ભૂલી જઈશ, એમ ?'

ગણેશે દુ:ખભર્યું સ્મિત કર્યું. 'પાછલા થોડાક માસમાં મને તેનો જેટલો પ્રેમ મળ્યો છે એ તો આખું જીવન ચાલશે. હું મારી સ્મૃતિના આધારે જીવી લઈશ, પરંતુ એ નીલકંઠ વિના જીવી નહીં શકે.'



કંઈક આશ્ચર્ય અનુભવતાં શિવ અતિથિગ્વને આવકારવા ઊભા થયા. આ પહેલાં કાશીના રાજા કદી પણ બ્રંગલોકોની ઇમારતમાં આવ્યા નહોતા. તેઓ હંમેશા બહાર ઊભા રહીને જ નીલકંઠની પ્રતીક્ષા કરતા હતા.

'શું થયું, મહારાજ ?'

'પ્રભુ, મને હમણાં જ સમાચાર મળ્યા છે કે સમ્રાટ દક્ષ કાશી પધારી રહ્યા છે.'

શિવને વિસ્મય થયું, 'મને આ ઉતાવળ ન સમજાઈ. જો તમને આજે સમાચાર મળ્યા, તો એનો અર્થ એ થયો કે સમ્રાટ દક્ષનું આગમન બે કે ત્રણ માસ પછી થશે.'

'ના, પ્રભુ. એ આજે જ પધારી રહ્યા છે. થોડાક જ કલાકોમાં. મને તો એમની સાથે આવેલા એક સવારે જ વહેલા આવીને સમાચાર આપ્યા છે.'

શિવની ભમરો ઊંચી થઈ ગઈ. તેમને અનહદ આશ્ચર્ય થયું.

'પ્રભુ,' અતિથિગ્વએ કહ્યું, 'હું આપને એવી વિનંતી કરવા ઇચ્છું છું કે આપ રાજભવનમાં પધારીને સિંહાસન પર બિરાજો જેથી સમ્રાટ દક્ષનું યોગ્ય રીતે સ્વાગત થઈ શકે.'

'હું આવીશ,' શિવે કહ્યું, 'પરંતુ માત્ર આપ જ રાજભવનમાં ઉપસ્થિત હોવ, અન્ય કોઈ નહીં, એવી વ્યવસ્થા અવશ્ય કરજો. હું અન્ય દરબારીઓની ઉપસ્થિતિમાં એમનું સ્વાગત કરવા નથી ઇચ્છતો.'

આ વાત પરંપરાથી તદ્દન વિપરીત હતી એટલે અતિથિગ્વને આશ્ચર્ય થયું પરંતુ તેમણે શિવને કોઈ જ પ્રશ્ન કર્યો નહીં. તેઓ આદેશનું પાલન કરવા નીકળી ગયા.

'નંદી, પર્વતેશ્વર અને ભગીરથને પણ સમાચાર મોકલી દેવા જોઈએ,' શિવે કહ્યું, 'કૃપા કરીને એમને કહેજો કે એ બંને રાજદરબારમાં ન આવે, તેવી મારી વિનંતી છે. આપણે સમ્રાટનું પારંપરિક સ્વાગત થોડાક સમય પછી કરીશું જ.'

'હા, પ્રભુ,' કહીને નંદી વંદન કરીને નીકળી ગયો.

વીરભદ્રએ ધીમેથી પૂછ્યું, 'તને લાગે છે કે એ જાણતા હશે ?'

'ના. હું તેમને ઓળખું છું ત્યાં સુધી જો તેમને જાણ હોય કે કાલિ અને ગણેશ અહીં છે, તો તેઓ અહીં આવ્યા જ ન હોત. તેઓ ઉતાવળમાં, શિષ્ટાચારની પરવા કર્યા વિના દોડી આવ્યા છે. એટલે સમ્રાટ નહીં પરંતુ પિતા આવ્યા છે. તેમને સંભવતઃ સતી અને કાર્તિકને મળવાની તાલાવેલી હશે.'

'તું શું કરવા માંગે છે ? આ વાત ભૂલી જવા માંગે છે કે સત્ય શોધવા ઇચ્છે છે ?'

'હું કોઈ પણ સંજોગોમાં આ વાત ભૂલી જવા ઇચ્છતો નથી. મારે સત્ય જાણવું જ છે.'

વીરભદ્રએ મસ્તક હલાવીને હા પાડી.

'સતી માટે હું એટલું અવશ્ય ઇચ્છીશ,' શિવે કહ્યું, 'કે મારો સંશય ખોટો પડે. એ કંઈ જ જાણતાં ન હોય. અને મૈકાના અધિકારીઓએ માત્ર નિયમપાલન જ કર્યું હોય.'

'પરંતુ તને એમ લાગે છે કે તારા સંશયો સાચા છે ?' વીરભદ્રએ પૂછ્યું.


'હા.'

'એ દિવસે શું બન્યું હતું એ કેવી રીતે જાણી શકાશે ?'

'એમને જ પૂછી લેવાનું. એકદમ અચાનક જ. એ રીતે જ સત્ય જાણવા મળશે.'

વીરભદ્રને વિસ્મય થયું.

'ગણેશ અને કાલિને જ હું તેમની સમક્ષ ઊભા કરી દેવા ઇચ્છું છું,' શિવે કહ્યું, 'બાકીનું બધું તો એમનું મુખ જ કહી આપશે.'



'મહારાજ અહીં કેમ પધાર્યા હશે ?' પર્વતેશ્વરે પૂછ્યું, 'એમના આયોજન અંગે મને તો કોઈએ કશું જ જણાવ્યું નથી. કાશી આવું કઈ રીતે કરી શકે ? આ તો શિષ્ટાચારનો ભંગ કહેવાય.'

'પરંતુ આ વાતની કોઈને જાણ નહોતી, સેનાપતિ,' નંદીએ કહ્યું, 'રાજા અતિથિગ્વને પણ હમણાં જ જાણ થઈ છે. મેલુહાએ કોઈ જ આગોતરા સમાચાર મોકલ્યા નથી.'

પર્વતેશ્વરને અત્યંત આશ્ચર્ય થયું. મેલુહાની રાજનીતિમાં આવી ગંભીર ભૂલ પહેલાં ક્યારેય થઈ નહોતી.

ભગીરથે માત્ર ખભા ઊંચા કરીને એટલું જ કહ્યું, 'બધા જ રાજા એક સમાન હોય છે.'

પોતાના રાજવીની રીતભાત અને શિષ્ટાચાર અંગેની આ ટિપ્પણી પર્વતેશ્વરે અવગણી. તેમણે નંદીને કહ્યું, 'અને અમે રાજદરબારમાં ન આવીએ એવું નીલકંઠ શા માટે ઇચ્છે છે ?'

'એ હું કહી શકું એમ નથી, સેનાપતિ,' નંદીએ ઉત્તર આપ્યો, 'હું તો માત્ર આદેશનું પાલન કરી રહ્યો છું.'

પર્વતેશ્વરે હકારમાં મસ્તક હલાવ્યું, 'ઠીક છે. પ્રભુ અમને બોલાવે ત્યાં સુધી અમે અહીંયાં જ રહીશું.'



'કાલિને મળવા માટે શિવને ઘણાં કારણો હોઈ શકે, પરંતુ ગણેશને શા માટે એ મળવા ઇચ્છે છે ? શું થઈ રહ્યું છે અત્યારે ?' સતીએ સાશ્ચર્ય પૂછી લીધું.

વીરભદ્ર ઊંઘતો ઝડપાયો હતો. કાલિના ભવનમાં માત્ર ગણેશ જ નહીં પરંતુ સતી પણ ઉપસ્થિત હતી. દક્ષ કાશીમાં પહોંચી જ ગયા હતા એટલે તેણે ત્વરાથી કાલિ અને ગણેશને રાજદરબારમાં ઉપસ્થિત કરવાના હતા, કારણ કે થોડાક જ સમયમાં દક્ષને તેમની નાગવંશી પુત્રી અને પૌત્રની ઉપસ્થિતિના સમાચાર મળી જાય એવું પણ બને. સમય અત્યંત મહત્ત્વનો હતો. જો દક્ષને આંચકો આપવો હોત, તો તે અત્યારે જ શક્ય હતું. એટલે વીરભદ્રએ કાલિ અને ગણેશને શિવનો આદેશ સંભળાવવો જ પડ્યો.

'હું તો માત્ર આદેશનું પાલન જ કરી રહ્યો છું, દેવી.'

'આદેશનું પાલન કરવાનો અર્થ એ નથી કે શું થઈ રહ્યું છે એ પણ તમને જાણ ન હોય.'

'શિવ તેમને કંઈક બતાવવા ઇચ્છે છે.'

'ભદ્ર,' સતીએ કહ્યું, 'મારો પતિ તારો સૌથી અંગત મિત્ર છે. તું મારી સૌથી અંગત સહેલી સાથે પરણ્યો છે. હું તને બરોબર ઓળખું છું. મને સમજાય છે કે તને બધી જ જાણ છે. તું મને કારણ નહીં જણાવે ત્યાં સુધી હું મારા પુત્રને મોકલીશ નહીં.'

સતીની જીદ જોઈને વીરભદ્ર મૂંઝાયો. તે સમજી શકતો હતો કે શિવ સતી પ્રત્યે શા માટે આકર્ષાયા હશે. 'દેવી, તમારા પિતાજી અહીં પધાર્યા છે.'

સતીને આશ્ચર્ય થયું. તેના પિતાના અણધાર્યા આગમનનું આશ્ચર્ય તો હતું જ પરંતુ શિવ તેમને મળવા માટે ગણેશ અને કાલિને બોલાવી રહ્યા છે, તેનું આશ્ચર્ય તેને વધારે થતું હતું.

એનો અર્થ એમ થયો કે શિવના મનના કોઈક ખૂણે તો એવી લાગણી છે જ કે મારી બહેન અને પુત્રને અન્યાય કરવામાં આવ્યો છે.

'તારે જવું છે ?' સતીએ કાલિને પૂછ્યું.

નાગવંશીઓની રાણીએ કંઈક વિચારતાં વિચારતાં તલવારની મૂઠ પરની પોતાની

પકડ મજબૂત કરી અને કહ્યું, 'હા ! હવે તો મને કોઈ રોકી શકશે નહીં.'

સતીએ પોતાના પુત્ર સામે જોયું. તે કોઈને મળવા ઇચ્છુક હોય એમ લાગ્યું નહીં. તે સત્ય બહાર આવે એમ ઇચ્છતો જ નહોતો. તેનાથી તેની માતાને વધારે દુઃખ થવાનું હતું. તેણે મસ્તક હલાવીને ના પાડી.

કાલિએ આશ્ચર્યથી પૂછ્યું, 'શા માટે ? તને શેનો ભય લાગે છે ?'

'મારે આમાંથી કશું જ નથી જોઈતું, માસી,' ગણેશે ઉત્તર આપ્યો.

'પરંતુ મારે જોઈએ છે !' સતીએ કહ્યું, 'નેવું વર્ષ સુધી તારું અસ્તિત્વ મારાથી છુપાવી રાખવામાં આવ્યું છે.'

'પરંતુ એ જ તો નિયમ છે, મા,' ગણેશે કહ્યું.

'ના, નિયમ એવો છે કે નાગવંશી બાળક મેલુહામાં રહી શકે નહીં. માતાથી સત્ય છુપાવવું એ નિયમનો ભાગ નથી. જો હું જાણતી હોત, તો મેં પણ તારી સાથે જ મેલુહા છોડ્યું હોત.'

'નિયમભંગ કરવામાં પણ આવ્યો, તો પણ એ ભૂતકાળની વાત છે. કૃપા કર મા, ભૂલી જા એ બધું.'

'હું નહીં ભૂલું. ભૂલી જ ન શકું. એ કેટલું જાણે છે એ તો મારે જાણવું જ છે. અને જો એ નહોતા જાણતા તો મારી સમક્ષ અસત્ય તેમણે કેમ ઉચ્ચાર્યું ? પોતાના સન્માનની રક્ષા કરવા ? કોઈ એમને નાગવંશીઓના વડવા ન કહી શકે એટલે ? એ શાસન કરવાનું ચાલુ રાખી શકે એટલે ?'

'આ બધાથી કશું જ પ્રાપ્ત નહીં થાય, મા,' ગણેશે કહ્યું.

કાલિ ખડખડાટ હસવા માંડી. ગણેશે ચિડાઈને તેની સામું જોયું.

'તું જ્યારે સતીના મોઢેથી સત્ય સાંભળવા ભારતભરમાં ભટકતો હતો, ત્યારે મેં તને આ વાત જ કહી હતી,' કાલિએ કહ્યું, 'અને તેં શું કહ્યું હતું ? તારે ઉત્તરો જોઈતા હતા. જ્યાં સુધી તને તારી માતા અને તારા સંબંધનું સત્ય જાણવા ન મળે, ત્યાં સુધી તને શાંતિ નહીં થાય એમ પણ તેં કહ્યું હતું. એ ઉત્તરો જ તને પૂર્ણતા પ્રતિ લઈ જશે એમ તું માનતો હતો. તો પછી તારી મા એવી જ અપેક્ષાઓ તેના પિતા પાસેથી શા માટે ન રાખી શકે ?'

'આ કંઈ પૂર્ણતા નથી, માસી,' ગણેશે કહ્યું, 'આ માત્ર ચર્ચા અને પીડા જ છે.'

'પૂર્ણતા એટલે પૂર્ણતા, બેટા,' કાલિએ કહ્યું, 'પૂર્ણતાથી ક્યારેક સુખ પ્રાપ્ત થાય છે, તો ક્યારેક દુઃખ. પરંતુ એ પૂર્ણતા પામવાનો તારી માતાને અધિકાર છે.' એટલું કહીને કાલિએ સતી સામે જોયું અને પૂછ્યું, 'તારે આ કરવું જ છે, બહેન ?'

'મારે ઉત્તરો જોઈએ છે,' સતીએ કહ્યું.

વીરભદ્રએ ગળા હેઠળ થૂંક ઉતાર્યું, 'દેવી, શિવે માત્ર મહારાણી કાલિ અને ગણેશને જ પધારવા કહ્યું છે. આપને નહીં.'

'હું તો આવું જ છું, ભદ્ર,' સતીએ કહ્યું, 'અને તું સારી રીતે સમજે જ છે કે મારે આવવું જોઈએ.'

વીરભદ્ર નીચે જોવા માંડ્યો. સતી સાચું કહેતી હતી. ત્યાં ઉપસ્થિત રહેવાનો તેને પણ અધિકાર હતો.

'મા. . .' ગણેશે ધીમેથી કહ્યું.

'ગણેશ, હું તો જઉં જ છું,' સતીએ દૃઢતાથી કહ્યું, 'તારે સાથે આવવું હોય તો આવ અન્યથા ન આવ. એ તારી પસંદગીનો પ્રશ્ન છે, પરંતુ તું મને તો અટકાવી ન જ શકે.'

ગણનાયક, ગણપતિએ ઊંડો શ્વાસ લીધો અને પોતાના ખભા પર અંગવસ્ત્ર ગોઠવતાં

કહ્યું, 'અમને લઈ જાવ, શૂરવીર વીરભદ્ર.'



'આપને મળીને અત્યંત આનંદ થયો, મહારાજ,' ભારતના સમ્રાટને વંદન કરતાં અતિથિગ્વએ કહ્યું.

દક્ષ રાજદરબારના પાછળના ભવનમાં પ્રવેશ્યા, 'આ મારું સામ્રાજ્ય છે, અતિથિગ્વ. હું ક્યારેક આમ અણધાર્યો પણ આવી શકું.'

અતિથિગ્વએ સ્મિત કર્યું. દક્ષની પાછળ પાછળ તેમની પત્ની વારિણી પણ પ્રવેશી. તેની પાછળ પાછળ પ્રસિદ્ધ અરિષ્ટનેમી યોદ્ધા મયશ્રેણિક અને વિદ્યુન્માલી પણ આવ્યા. પર્વતેશ્વર સ્વદીપમાં ઉપસ્થિત નહોતા એટલે મયશ્રેણિકને મેલુહાની સેનાનો તત્કાલીન સેનાપતિ બનાવવામાં આવ્યો હતો.

દક્ષ જ્યારે રાજદરબારમાં પ્રવેશ્યા ત્યારે દરબારીઓ અને અધિકારીઓની અનુપસ્થિતિથી તેમને અત્યંત આશ્ચર્ય થયું. માત્ર શિવ અને નંદી જ ઉપસ્થિત હતા. નંદીએ ત્વરાથી છાતી પર પોતાના જમણા હાથની મુઠ્ઠી મૂકીને નીચે નમીને સમ્રાટને વંદન કર્યાં. દક્ષ નંદી સામે હૃદયપૂર્વક હસ્યા.

શિવે બેઠાં બેઠાં હાથ જોડીને વંદન કર્યાં, 'કાશીમાં આપનું સ્વાગત છે, મહારાજ.'

દક્ષનું સ્મિત અદૃશ્ય થઈ ગયું. તેઓ સમગ્ર ભારતવર્ષના સમ્રાટ હતા. તેમનું સન્માન થવું જોઈએ. શિવ નીલકંઠ હોય તોપણ તેઓ સમ્રાટને આવકારવા ઊભા થઈ જાય, એ સામાન્ય શિષ્ટાચાર હતો. ભૂતકાળમાં શિવે હંમેશા એમ જ કર્યું છે. આ તો અપમાનજનક હતું.

'આપ કેમ છો, જમાઈરાજ ?' દક્ષે પોતાના ક્રોધને રોકતાં કહ્યું.

'હું ઠીક છું, મહારાજ. આપ મારી પાસે આવીને કેમ નથી બેસતા ?'

દક્ષ બેઠા. એવી જ રીતે વારિણી અને અતિથિગ્વ પણ બેઠાં.

અતિથિગ્વ સામે જોઈને દક્ષે કહ્યું, 'આટલા ભરચક નગરનો રાજદરબાર સાવ ખાલી લાગે છે, અતિથિગ્વ.'

અતિથિગ્વએ સસ્મિત કહ્યું, 'ના, મહારાજ. એ તો એમ છે કે. . .'

'અધવચ્ચે બોલવા માટે ક્ષમા માંગુ છું, મહારાજ,' શિવે અતિથિગ્વને કહ્યું. પછી દક્ષ સામે જોઈને તેમણે કહ્યું, 'મને એમ લાગ્યું કે આપ આપના સંતાનોને અંગત રીતે મળો તો યોગ્ય રહેશે.'

વારિણી ટટ્ટાર થઈ ગઈ, 'ક્યાં છે એ લોકો, પ્રભુ ?'

એ જ સમયે વીરભદ્ર રાજભવનમાં પ્રવેશ્યો. સતી પણ તેની પાછળ પાછળ આવી.

'પુત્રી !' શિવને ભૂલી જઈને દક્ષ સસ્મિત બોલી ઊઠ્યા. 'મારા પૌત્રને સાથે કેમ નથી લાવી ?'

'લાવી જ છું,' સતીએ કહ્યું.

પછી ગણેશ રાજદરબારમાં પ્રવેશ્યો. તેની પાછળ કાલિ પણ આવી.

શિવ દક્ષના મુખ સામે જ જોઈ રહ્યા હતા. મેલુહાના સમ્રાટની આંખોમાં પરિચિતતાના ભાવ આવી ગયા. તેમનું મુખ આઘાતથી પહોળું થઈ ગયું.

એ જાણે છે !

પછી દક્ષે ગળા હેઠળ થૂંક ઉતાર્યું અને ટટ્ટાર થયા.

એ ભયભીત છે એટલે અવશ્ય કશુંક છુપાવે છે.

શિવે વારિણીના હાવભાવ પણ નોંધ્યા. તેના મુખ પર અત્યંત દુઃખની લાગણી હતી. તેની ભમરો ભેગી થઈ ગઈ હતી પરંતુ હોઠ પર સ્મિત આવી ગયું હતું. તેની આંખો ભીની હતી.

એ પણ જાણે છે પરંતુ એ આ બંનેને પ્રેમ પણ કરે છે.

દક્ષે અતિથિગ્વ સામે જોઈને ક્રોધપૂર્વક કહ્યું, 'તમે ત્રાસવાદીઓ સાથે ભળી ગયા છો, કાશીના રાજા ?'

'એ ત્રાસવાદીઓ નથી,' સતીએ કહ્યું, 'ત્રાસવાદીઓ નિર્દોષોની હત્યા કરે છે. કાલિ અને ગણેશે એમ ક્યારેય નથી કર્યું.'

'શું હવે સતી કાશીના રાજાના પક્ષે થઈ ગઈ છે ?'

'એમની સાથે વાત ન કરશો, પિતાજી,' સતીએ કહ્યું, 'મારી સાથે વાત કરો.'

'શા માટે ?' દક્ષે ગણેશ અને કાલિ સામે આંગળી ચીંધતાં કહ્યું, 'તારે એ લોકો સાથે શું સંબંધ છે ?'

'અંગત સંબંધ છે ! તેમનું સ્થાન મારી સાથે જ છે. હંમેશા મારી સાથે જ હોવું જોઈતું હતું.'

'શું ? દુષ્ટ નાગવંશીઓનું માત્ર એક જ સ્થાન છે. નર્મદાની દક્ષિણે ! સપ્તસિંધુમાં તેમનું કોઈ જ સ્થાન નથી !'

'મારી બહેન અને પુત્ર દુષ્ટ નથી. એ મારું રક્ત છે ! તમારું પણ રક્ત છે !'

દક્ષ ઊભા થઈને સતીની પાસે ગયા. 'બહેન ! પુત્ર ! શું મૂર્ખામીપૂર્ણ વાત કરે છે ? આ દુષ્ટ લોકો તને જે કહે એ માની લેવાની આવશ્યકતા નથી. એ લોકો તો મને ઘૃણા કરે જ છે. મારા ચારિત્ર્ય પર ડાઘ લગાડવા એ લોકો ગમે તે કહી શકે છે. હું તો તેમનો સૌથી મોટો શત્રુ છું. હું મેલુહાનો શાસક છું ! તેમનો નાશ કરવાની મારી પ્રતિજ્ઞા છે !'

કાલિએ તલવાર ખેંચીને કહ્યું, 'હું અત્યારે જ તને અગ્નિપરીક્ષા માટે પડકાર આપવા ઇચ્છું છું, ગંધાતા ડોસલા !'

'તારામાં કંઈ સભ્યતા જેવું છે કે નહીં ?' દક્ષે કાલિ સામે બૂમ પાડી, 'પૂર્વજન્મનાં પાપ માટે શાંતિથી પ્રાયશ્ચિત્ત કર. બાપ-બેટી વચ્ચે વૈમનસ્ય ઊભું ન કરીશ ! તેં એમને મારા વિષે શું જુઠ્ઠાણાં કહ્યાં છે ?'

'એમણે કશું જ નથી કહ્યું, પિતાજી,' સતીએ કહ્યું, 'પરંતુ એમનું અસ્તિત્વ જ તમારા અંગે ઘણું કહી જાય છે.'

'એમનું અસ્તિત્વ મારા કારણે નથી. એમનું અસ્તિત્વ તારી માતાના કારણે છે. તેના પૂર્વજન્મના પાપને કારણે જ આ બધું થયું છે. એના પહેલાં અમારા કુટુંબમાં ક્યારેય નાગવંશી જન્મ્યા નહોતા.'

સતીનું મુખ આઘાતથી પહોળું થઈ ગયું. તેના પિતા કેટલા હલકા પડી શકે છે, એ તે પહેલી વાર જોઈ રહી હતી.

વારિણી દક્ષ સામે જોઈ રહી. તેની આંખોમાંથી ક્રોધનો અગ્નિ વરસતો હતો.

'આમાં પૂર્વજન્મની કોઈ જ વાત નથી, પિતાજી,' સતીએ કહ્યું, 'આ તો આ જન્મની જ વાત છે. તમે જાણતા હતા તેમ છતાં તમે મને કશું જ કહ્યું નહીં.'

'હું તારો પિતા છું. મેં તને હંમેશા અત્યંત પ્રેમ કર્યો છે. તારા માટે સમગ્ર વિશ્વ સામે હું લડ્યો છું. તું મારો વિશ્વાસ કરીશ કે કોઈ વિકૃત પ્રાણીઓનો ?'

'એ લોકો વિકૃત પ્રાણીઓ નથી ! એ લોકો મારા કુટુંબીજનો છે !'

'તારે આ લોકોને તારા કુટુંબીજનો બનાવવાં છે ? એ લોકો જે તારી સમક્ષ જુઠ્ઠાણાં ચલાવે છે ? એ લોકો જેણે તને તારા પિતાની વિરુદ્ધ ઉશ્કેરી છે ?'

'એમણે મારી સમક્ષ કોઈ જ જુઠ્ઠાણાં ચલાવ્યાં નથી !' સતીએ ઊંચા અવાજે કહ્યું, 'તમે ચલાવ્યાં છે !'

'ના, મેં એવું કશું જ નથી કર્યું.'

'તમે એમ કહ્યું હતું કે મારો પુત્ર મૃત જ જન્મ્યો છે.'

દક્ષે ઊંડો શ્વાસ લીધો અને જાણે આત્મનિયંત્રણ મેળવવામાં કષ્ટ પડતું હોય એમ છત સામે જોયું અને પછી સતી સામે જોઈને કહ્યું, 'તું સમજતી કેમ નથી ? હું તો તારા ભલા માટે જ જુઠ્ઠું બોલ્યો હતો ! તને કલ્પના આવે છે કે તને નાગવંશીની માતા તરીકે જાહેર કરવામાં આવી હોત, તો તારું જીવન કેવું હોત ?'

'હું મારા પુત્ર સાથે જ જીવતી હોત !'

'કેવી નકામી વાત કરે છે ? તું શું કરી શકી હોત ? પંચવટીમાં રહી શકી હોત ?'

'હા !'

'તું મારી પુત્રી છે !' દક્ષે બૂમ પાડીને કહ્યું, 'મેં તને દુનિયાના તમામ લોકો કરતા પણ વધારે પ્રેમ કર્યો છે. હું તને કદી પણ પંચવટીમાં સડવા ન દેત.'

'એ નિર્ણય તમારે નહોતો કરવાનો.'

દક્ષે હારી જઈને શિવ સામે જોયું, 'આને કંઈક બુદ્ધિ આપો, પ્રભુ !'

શિવ ઊંડા વિચારમાં હતા. તેમને જાણવું હતું કે આ છેતરપિંડી કેટલી વ્યાપક પ્રમાણમાં ચાલે છે. 'શું તમે ચંદનધ્વજની હત્યા કરાવી હતી, મહારાજ ?'

દક્ષનું મુખ શ્વેત થઈ ગયું. તેમના મુખ પર ભય છવાઈ ગયો. તેમણે સતી સામે જોયું અને પછી શિવ સામે જોયું.

હે ભગવાન ! એમણે જ એ હત્યા કરાવી હતી !

સતી આઘાતની મારી દિગ્મૂઢ થઈ ગઈ હતી. કાલિ અને ગણેશને કોઈ જ આશ્ચર્ય નહોતું થતું.

દક્ષે ક્ષણવારમાં જ આત્મનિયંત્રણ મેળવી લીધું. તેમણે શિવ સામે આંગળી ચીંધીને ધ્રૂજતા અવાજે કહ્યું, 'આ બધું તેં જ કર્યું છે. આ તારું જ નાટક છે !'

શિવ શાંત જ રહ્યા.

'તેં મારી પુત્રીને મારી વિરુદ્ધ કરી દીધી છે,' દક્ષે બૂમ પાડી. 'મહર્ષિ ભૃગુ સત્ય જ કહેતા હતા. દુષ્ટ વાસુદેવો જ તારું નિયંત્રણ કરે છે.'

શિવ દક્ષને એવી રીતે જોઈ રહ્યા જાણે એ દક્ષને પ્રથમ વાર જોઈ રહ્યા હોય.

દક્ષ ઊકળી રહ્યો હતો, 'તું શું હતો ? જંગલીઓની ભૂમિ પર વસતો આદિવાસી. મેં તને નીલકંઠ બનાવ્યો. મેં તને શક્તિ આપી. મેં તને એટલા માટે એ શક્તિઓ આપી કે જેથી તું ચંદ્રવંશીઓને મેલુહાના નિયંત્રણ હેઠળ લાવી શકે. કે જેથી હું ભારતમાં શાંતિ સ્થાપી શકું. અને મેં તને જે શક્તિ આપી તેનો ઉપયોગ તું મારી ઉપર જ કરી રહ્યો છે ?'

શિવ શાંત જ રહ્યા. તેમણે દક્ષને વધુ ઝેર ઓકવા દીધું.

'મેં તને બનાવ્યો, અને, હું તારો નાશ પણ કરી શકું છું !'

દક્ષે પોતાની કટાર ખેંચી અને તે આગળ ધસી ગયો.

નંદી શિવની આગળ કૂદી પડ્યો અને દક્ષનો પ્રહાર તેણે પોતાની ઢાલ વડે ખાળ્યો. મેલુહાના પ્રશિક્ષણને કારણે તે પોતાના રાજા સામે પોતાની તલવાર ન ધરી શક્યો. કાલિ

અને ગણેશના મનમાં જોકે આવી કોઈ જ ગ્રંથિ નહોતી અને તેમણે ત્વરાથી દક્ષ સામે તલવાર ખેંચી કાઢી. વિદ્યુનમાલીએ પોતાની તલવાર ખેંચી એ જ સમયે ગણેશ શિવની આગળ કૂદી પડ્યો. પોતાના રાજા માટે મરવા સદાય તત્પર રહેતો મેલુહાવાસી મયશ્રેણિક આઘાતથી હત્‌પ્રભ થઈને સ્થિર થઈ ગયો હતો. તે શિવને સમર્પિત હતો. એ નીલકંઠ સામે કઈ રીતે પોતાની તલવાર ઉગામી શકે ?

'શાંત થાવ બધા.' શિવે હાથ ઊંચો કરીને કહ્યું.

વિદ્યુનમાલીએ હજુ પણ પોતાની તલવાર ઉગામેલી જ રાખી હતી. દક્ષની કટાર નીચે પડી ગઈ હતી.

શિવે પુનઃ એક વાર કહ્યું, 'નંદી, ગણેશ, કાલિ, શાંત થઈ જાવ. અત્યારે જ !'

શિવના યોદ્ધાઓએ પોતપોતાની તલવારો નીચી કરી એટલે વિદ્યુનમાલીએ પણ પોતાની તલવાર મ્યાન કરી.

'મહારાજ,' શિવે દક્ષને કહ્યું.

દક્ષ આંસુથી ઊભરાઈ રહેલી સતીની આંખો જોઈ રહ્યો હતો. સતીની તલવાર દક્ષના ગળાથી થોડીક જ દૂર હતી. દક્ષના મુખ પર દગા અને છેતરાયાના હાવભાવ હતા. તેણે સૌથી વધુ પોતાની પુત્રી સતીને જ પ્રેમ કર્યો હતો.

'સતી. . .' શિવે હળવેથી કહ્યું, 'શાંત થા. તલવાર નીચે મૂકી દે. એ તારી તલવારને લાયક નથી.'

સતીની તલવાર દક્ષના ગળાની વધુ પાસે આવી.

શિવ ધીમે ધીમે આગળ વધ્યા. 'સતી. . .'

તેના હાથ ક્રોધથી ધ્રૂજી રહ્યા હતા અને તેની તલવાર ભયજનક રીતે દક્ષના ગળાની પાસે જ ઝળૂંબી રહી હતી.

શિવે સતીના ખભાનો હળવેથી સ્પર્શ કરીને કહ્યું, 'સતી, તલવાર નીચે મૂકી દે.'

શિવનો સ્પર્શ સતીને ક્રોધના મહાસાગરની બહાર ખેંચી લાવ્યો. તેણે પોતાની તલવાર થોડીક નમાવી. તેની આંખો ઝીણી હતી, શ્વાસોશ્વાસ દોડી રહ્યા હતા અને તેને દેહ અક્કડ થઈ ગયો હતો.

દક્ષ સતીની સામે જોઈ રહ્યો.

'તમારું રક્ત મારી નસોમાં વહે છે તેનો મને અત્યંત સંકોચ થાય છે,' સતીએ કહ્યું.

દક્ષની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી.

'જતા રહો બહાર,' સતીએ દાંત કચકચાવીને કહ્યું.

દક્ષ મૃત્યુવત્ જડ બનીને ઊભો હતો.

'બહાર નીકળ !'

સતીના ઊંચા અવાજથી વારિણીને ઝાટકો લાગ્યો. તેના હાવભાવમાં દુઃખ અને ક્રોધ બંને વર્તાતાં હતાં.

તેણે દક્ષ પાસે જઈને કહ્યું, 'ચાલો.'

દક્ષ મૂઢની જેમ ઊભો હતો. તેને આ બધી ઘટનાઓથી આઘાત લાગ્યો હતો.

'ચાલો,' વારિણીએ પુનઃ ઊંચા અવાજે કહ્યું અને દક્ષને ખભેથી ખેંચ્યા, 'મયશ્રેણિક, વિદ્યુનમાલી, ચલો જઈએ.'

ભારતવર્ષની મહારાણીએ પોતાના પતિને ખેંચીને એ ભવનમાંથી બહાર લઈ જવો પડ્યો.

સતી ભાંગી પડી હતી. તેણે પોતાની તલવાર નીચે નાખી. તેના મુખ પરથી અશ્રુધારા

વહી જતી હતી. ગણેશ દોડતો તેની પાસે ગયો, પરંતુ તે નીચે પડે એ પહેલાં શિવે જ તેને ઝીલી લીધી.

શિવે તેને પોતાના ભુજાઓમાં લીધી અને સતી ભયંકર ડૂસકાં ભરતી રડવા માંડી.



પ્રકરણ ૨૨
એક જ સિક્કાની બે બાજુ

'તો હવે તું શું વિચારે છે ?' કાલિએ પૂછ્યું.

ગણેશ અને કાલિ નાગવંશીઓની મહારાણીના ભવનમાં બેઠાં હતાં. થોડા સમય પહેલાં જે દૃશ્ય ભજવાયું હતું તે પછી શિવ સતીને અતિથિગ્વના મહેલમાં તેમને ફાળવવામાં આવેલા ભવનમાં ઊંચકીને લઈ ગયા હતા. દક્ષ, વારિણી અને તેમનો કાફલો તરત જ મેલુહાના પાટનગર દેવગીરી જવા નીકળી ગયો હતો.

'બધું એકદમ અણધાર્યું બની ગયું,' ઊંડા વિચારમાં ગરકાવ ગણેશે આછા સ્મિત સાથે કહ્યું.

કાલિની ભમરો ઊંચી થઈ ગઈ, 'ક્યારેક મને તારી આ સમદૃષ્ટિથી ભારે ચીડ ચડે છે.'

ગણેશે સ્મિત કર્યું. એટલું બહોળું કે જાણે તેના હોઠ બંને બાજુ કાનને અડી ગયા હોય એમ લાગ્યું અને તેના લાંબા દાંત વધારે દેખાવા માંડ્યા.

'મને તો આવો જ ગણેશ વધારે જોવો ગમે છે,' કાલિએ કહ્યું, 'તું સાચે જ બહુ સુંદર લાગે છે.'

ગણેશ પુનઃ ગંભીર થઈ ગયો. તેણે એક કાગળ હાથમાં લીધો. પંચવટીથી સંદેશ આવ્યો હતો, 'આ સંદેશો ન આવ્યો હોત તો હું ખડખડાટ હસતો જ હોત.'

'હવે શું થયું પાછું ?' કાલિએ આશ્ચર્યથી પૂછ્યું.

'નિષ્ફળ રહ્યું.'

'આ વખતે પણ ?'

'હા, આ વખતે પણ.'

'પરંતુ મને એમ લાગતું હતું કે. . .'

'તમને ખોટું લાગતું હતું, માસી.'

કાલિથી અપશબ્દ બોલાઈ ગયો. ગણેશ પોતાની માસીને જોઈ રહ્યો. એ પોતાની માસીની નિરાશા સમજી શકતો હતો. કાયમી ઉપાય ઘણો પાસે દેખાતો હતો. એનાથી સફળતા મળી જવાની હતી. અને હવે એમ જણાતું હતું કે એમણે જે કંઈ કર્યું છે બધું ધૂળમાં મળી જઈ શકે છે.

'શું આપણે પુનઃ પ્રયત્ન કરવો જોઈએ ?' કાલિએ પૂછ્યું.

'મને લાગે છે કે આપણે સત્ય સ્વીકારવું જ રહ્યું, માસી. આ માર્ગે હવે આગળ વધી શકાય એમ નથી. આપણી પાસે અન્ય કોઈ જ વિકલ્પ નથી. હવે રહસ્યોદ્ઘાટન કરવાનો સમય આવી ગયો છે.'

'હા,' કાલિએ કહ્યું, 'નીલકંઠને સત્યની જાણ થવી જોઈએ.'

'નીલકંઠ ?' ગણેશને ટૂંકા સમયગાળામાં ઘણું બધું બદલાઈ ગયેલું લાગતું હતું.

કાલિએ ગણેશ સામે જોયું.

'તમે એમનું નામ ન વાપર્યું અને નીલકંઠ કહ્યું. એટલે તમને પણ હવે એ દંતકથામાં શ્રદ્ધા થઈ ગઈ છે ?'

કાલિએ સસ્મિત કહ્યું, 'હું દંતકથાઓમાં નથી માનતી. ક્યારેય માની પણ નથી અને માનીશ પણ નહીં. પરંતુ મને એમનામાં વિશ્વાસ છે.'

જો ભાગ્યએ મને શિવ જેવો પુરુષ આપ્યો હોત તો મારું જીવન કેટલું અલગ હોત. કદાચ મોટી બહેનની જેમ મારા જીવનનું તમામ ઝેર પણ શોષાઈ ગયું હોત. સંભવ છે કે મને પણ સુખ અને શાંતિ મળ્યાં હોત.

'આપણે તેમને રહસ્ય બતાવવું પડશે,' ગણેશે કાલિના વિચારો અટકાવતાં કહ્યું.

'એમને બતાવવું પડશે ?!'

'અને મને નથી લાગતું કે તે અહીંયાં કરી શકાય, બરોબર ? તેમણે એ સત્ય પોતે જ જોવું પડે.'

'એટલે તારે એમને પંચવટી લઈ જવા છે ?'

'શા માટે નહીં ?' ગણેશે પૂછ્યું, 'તને એમની પર વિશ્વાસ નથી ?'

'એ તો છે જ. એમના વિશ્વાસે તો હું મારો જીવ પણ મૂકી દઉં. પરંતુ એ એકલા નહીં આવે. તેમની સાથે અન્ય ઘણા લોકો આવશે. જો આપણે એ બધાને સાથે લઈ જઈશું, તો બધાને પંચવટીનો માર્ગ મળી જશે. તેનાથી આપણી પર ભય વધી જશે.'

'મને એમ લાગે છે કે પર્વતેશ્વર અને ભગીરથ જેવા માણસોનો વિશ્વાસ કરી શકાય, માસી. મને નથી લાગતું કે એ લોકો ક્યારેય નીલકંઠની વિરુદ્ધ જાય. એ લોકો નીલકંઠ માટે પોતાનો જીવ આપી દેતાં પણ અચકાય એમ નથી.'

'હું તો જીવનમાં એક જ વાત શીખી છું,' કાલિએ કહ્યું, 'કે કોઈની પર આંધળો વિશ્વાસ કરવો નહીં અને કોઈ પણ વાત માની લેવી નહીં.'

ગણેશને આશ્ચર્ય થયું, 'જો તમને એમના તમામ અનુયાયીઓ પર અવિશ્વાસ હોય, તો પરશુરામનું શું ? એને તો આમ પણ એ માર્ગની જાણકારી છે જ. અને એ નીલકંઠ પ્રતિ કેટલો સમર્પિત છે, એ પણ તમે જાણો જ છો.'

'સ્મરણ રહે કે પરશુરામને પંચવટી ન લાવવાનું મેં તને કહ્યું જ હતું. પરંતુ તેં માન્યું નહોતું.'

'પરંતુ હવે શું કરીશું, માસી ?'

'આપણે તેમને બ્રંગદેશમાંથી લઈ જઈશું. તેમને પંચવટીનો માર્ગ તો જાણવા મળશે જ પરંતુ ચંદ્રકેતુના રાજ્યમાં થઈને જ. એટલે એ લોકો તેમનાં રાજ્યોમાંથી સીધા આપણા સુધી પહોંચી નહીં શકે. એ લોકો એવો પ્રયત્ન પણ કરશે તો દંડકારણ્ય તેમને ભરખી જશે ! અને બ્રંગ લોકો પરવાનગી વિના કોઈને પસાર નહીં થવા દે એટલું તો આપણે જાણીએ જ છીએ. પરશુરામને પણ એ જ માર્ગની જાણ છે.'

ગણેશે હકારમાં મસ્તક હલાવ્યું, 'આ સારો વિચાર છે.'



'હે ઈશ્વર, સારુ થયું કે મેં એવું કશું જ કર્યું નહીં કે જેના માટે મારે આખું જીવન પસ્તાવું પડે,' સતીએ કહ્યું.

શિવ તેમના ભવનના ઝરૂખામાં એક આસન પર બેઠા હતા. સતી તેમના ખોળામાં બેઠી હતી, તેનું મસ્તક શિવની કદાવર છાતી પર ટેકવાયેલું હતું અને તેની આંખો સૂઝીને લાલ થઈ ગઈ હતી. કાશીના મહેલની ઊંચાઈને કારણે પવિત્ર માર્ગ અને વિશ્વનાથ મંદિર દૃશ્યમાન થતાં હતાં. તેમની પાછળ વહેતી ગંગા પણ દેખાતી હતી.

'તારો ક્રોધ યોગ્ય જ હતો, પ્રિયે.'

સતીએ ધીમે ધીમે શ્વાસ લેતાં શિવની સામે જોયું, 'તમને ક્રોધ નથી આવતો ? એમણે તમારી હત્યા કરવાનો પ્રયત્ન પણ કર્યો હતો.'

સતીના મુખ પર હાથ પસવારતાં શિવે તેની આંખોમાં જોઈને કહ્યું, 'એમણે તારું જે અહિત કર્યું છે તેના કારણે મને તારા પિતા પ્રત્યે ક્રોધ છે, મારા પ્રત્યે જે કર્યું એના માટે નહીં.'

'પરંતુ વિદ્યુનમાલી તમારી સામે કઈ રીતે તલવાર ઉગામી શકે ?' સતીએ કહ્યું 'ઈશ્વરનો આભાર કે ગણેશ. . .'

સતી અચાનક અટકી ગઈ. તેને ભય લાગ્યો કે ગણેશનું નામ લેવાથી આ ક્ષણનું સૌંદર્ય જતું રહેશે.

શિવે તેને હળવેથી પોતાની છાતી પર જ દબાવી, 'એ તારો પુત્ર છે.'

સતી ચૂપ રહી પરંતુ તેનું શરીર અનુભવી શકતું હતું કે બૃહસ્પતિને ગુમાવવાનો શિવને કેટલો સંતાપ થાય છે.

શિવે સતીનું મુખ પોતાની હથેળીઓના સંપુટમાં લીધું અને તેની આંખોમાં જોઈને બોલ્યા, 'હું ગમે તેટલો પ્રયત્ન કરું તેમ છતાં તારા આત્માના હિસ્સાને ધિક્કારી શકતો નથી.'

સતીએ નિસાસો નાખ્યો. તેની આંખમાંથી અશ્રુધારા વહેવા માંડી હતી. તેણે શિવને પોતાના આલિંગનમાં જકડી લીધા. શિવ પણ આ ક્ષણના સૌંદર્યને ખોવા ઇચ્છતા નહોતા. જોકે એક વાત સતત તેમના મનમાં રમતી હતી – આ ભૃગુ કોણ છે ?



'શું મહારાજે જ ચંદ્રધ્વજની હત્યા કરાવી હતી ?' પર્વતેશ્વરે આઘાત અનુભવતાં પૂછ્યું.

'હા, સેનાપતિ,' વીરભદ્રએ કહ્યું.

પર્વતેશ્વરે દિગ્મૂઢ અવસ્થામાં જ આનંદમયી અને ભગીરથ સામે જોયું. પછી તેમણે વીરભદ્રને પૂછ્યું, 'અત્યારે મહારાજ ક્યાં છે ?'

'એ તો મેલુહા જવા નીકળી ગયા, સેનાપતિ,' વીરભદ્રએ કહ્યું.

પર્વતેશ્વરે બે હાથ વડે મસ્તક પકડી લીધું. તેમના સમ્રાટને કારણે મેલુહાનું, તેમની માતૃભૂમિનું અપમાન થયું હતું. જે સ્ત્રીને તે કાયમ પોતાની પુત્રી જ ગણતા તેને આ ખુલાસાથી કેવી પીડા થઈ હશે, તેની તો તેમને કલ્પના પણ નહોતી આવતી. 'સતી ક્યાં છે ?'

'એ તો શિવ પાસે છે.'

આનંદમયીએ પર્વતેશ્વર સામે જોઈને સ્મિત કર્યું. આ અનિષ્ટ ઘટનામાંથી કંઈક તો ઇષ્ટ

નીપજ્યું હતું.



મેલુહાના રાજાનું વહાણ ગંગા નદી પર આગળ વધી રહ્યું હતું. મેલુહાની પરંપરા અનુસાર તેની ચારે દિશામાં એક એક વહાણ સુરક્ષા સંભાળી રહ્યું હતું. દક્ષનો કાફલો મેલુહા ભણી જઈ રહ્યો હતો અને કાશીથી તેઓ એક દિવસના અંતરે હતા.

મયશ્રેણિક સૌથી આગળના વહાણમાં સ્થિર ગતિએ આગળ વધી રહ્યો હતો. કાશીની ઘટનાઓથી તે હજુ પણ હત્પ્રભ જ હતો. તે આશા રાખતો હતો કે સમ્રાટ દક્ષ અને નીલકંઠ વચ્ચે છેવટે સમાધાન થઈ જશે. તેણે પોતાના દેશ પ્રત્યેની નિષ્ઠા અને પોતાના પ્રભુ પ્રત્યેની નિષ્ઠામાંથી ગમે તે એકની પસંદગી કરવી પડે એવો સમય ન આવે તો સારું એમ વિચાર્યું.

વિધુનમાલી દક્ષના વહાણની સુરક્ષા સંભાળી રહ્યો હતો. નીલકંઠના કોઈ અનુયાયી સમ્રાટની હત્યાનો પ્રયત્ન ન કરી શકે એ માટે તે પૂરતો સભાન હતો. આમ તો એવું કંઈ થાય એવી સંભાવના તેને જણાતી નહોતી તેમ છતાં તે પૂરતી કાળજી રાખવા ઇચ્છતો હતો.

મધ્ય વહાણની એક રાજવી કોટડીમાં બેઠી બેઠી વારિણી વાતાયનમાંથી વહાણની અથડાતી ગંગાની લહેરો જોઈ રહી હતી. તેને એમ લાગતું હતું કે તેણે હવે પોતાનાં બધાં જ સંતાનો ગુમાવી દીધાં છે. તેણે ક્રોધપૂર્વક પોતાના પતિ સામે જોયું.

દક્ષ શય્યામાં પડ્યો હતો. તેની આંખોમાં અને મુખ પર સર્વસ્વ ગુમાવી દીધાના હાવભાવ રમતા હતા. આવા સંજોગો તેના જીવનમાં પ્રથમ વાર સર્જાયા હોય એવું નહોતું.

વારિણી મસ્તક ઝાટકીને પુનઃ વાતાયનની બહાર જોવા માંડી.

તેમણે મારી વાત સાંભળી હોત તો. . .

હજુ જાણે ગઈકાલે જ એ ઘટના બની હોય, તેટલી સ્પષ્ટતાથી વારિણીને એનું સ્મરણ હતું. લગભગ પ્રત્યેક દિવસ તેને વિચાર આવતો કે જો ઘટનાચક્ર અલગ દિશામાં ફર્યું હોત, તો તેનું જીવન કેવું હોત.

એ ઘટના એક સદીથી પણ પહેલાં બની હતી. સતી મૈકા ગુરુકુળથી તાજેતરમાં જ પાછી ફરી હતી. તે જિદ્દી, આદર્શવાદી સોળ વર્ષની છોકરી હતી. તેના આદર્શ અનુસાર તે એક વિદેશી સ્ત્રીને બચાવવા વન્ય કૂતરાઓના ટોળા વચ્ચે કૂદી પડી હતી. તેને બચાવવા પર્વતેશ્વર અને દક્ષ પણ દોડ્યા હતા. તેમણે એ કૂતરાઓના ટોળાને તો ભગાડી દીધું હતું પરંતુ દક્ષ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

વારિણી દક્ષ સાથે આયુરાલયમાં ગઈ હતી જ્યાં વૈદ્યોએ દક્ષના ઘાવ ચકાસ્યા હતા. સૌથી ગંભીર હાનિ ડાબા પગને પહોંચી હતી. એ પગે એક કૂતરાએ બચકું ભરીને માંસનો લોચો ઉખાડી નાખ્યો હતો અને એક મોટી નસ કાપી નાખી હતી. ત્યાંથી વહી ગયેલા રક્તને કારણે દક્ષ બેભાન થઈ ગયા હતા.

જ્યારે થોડાક કલાકો પછી દક્ષે આંખો ખોલી ત્યારે સૌ પ્રથમ વિચાર તેને પોતાની પુત્રીનો જ આવ્યો અને તે બોલી પડ્યો, ‘સતી ?’

‘એ પર્વતેશ્વર પાસે છે,’ કહીને વારિણી દક્ષ પાસે આવી અને તેનો હાથ પકડીને બોલી, ‘એની ચિંતા ન કરશો.’

‘મેં એની પર ક્રોધ કર્યો હતો પરંતુ હું એમ કરવા નહોતો ઇચ્છતો.’

'હું જાણું છું. પરંતુ એ માત્ર પોતાનું કર્તવ્ય નિભાવી રહી હતી. પેલી સ્ત્રીને બચાવવાનો પ્રયત્ન કરીને તેણે યોગ્ય કામ જ કર્યું. હું તેને કહીશ કે. . .'

'ના. ના. મને તો હજુ પણ એમ જ લાગે છે કે તેણે કોઈ અજાણી સ્ત્રી માટે પોતાનો જીવ જોખમમાં મૂકવાની આવશ્યકતા નહોતી. જોકે મારે તેની સમક્ષ ક્રોધ નહોતો દર્શાવવો જોઈતો. હું તો એમ કહેવા ઇચ્છતો હતો. . .'

વારિણીની આંખો એકદમ ઝીણી થઈ ગઈ. તેના પતિમાં સૂર્યવંશીઓનું એક પણ લક્ષણ નહોતું. એ કંઈક કહેવા જ જતી હતી કે દ્વાર ખૂલ્યું અને બ્રહ્મનાયક અંદર પ્રવેશ્યા.

દક્ષના પિતા અને મેલુહાના શાસક એવા બ્રહ્મનાયક ઊંચા અને કદાવર હતા. તેમના કાળા લાંબા કેશ, તેમની સુઘડ દાઢી, રૂંવાટા વિનાનો દેહ, નાનકડો રાજમુગટ અને એકદમ સાદાં શ્વેત વસ્ત્રો છતાં તેમનું બળ અને દૃઢ નિર્ધાર દેખાઈ આવતાં હતાં. પોતાના મહાન કર્મોથી તે પોતાના લોકોમાં અદ્ભુત માપદંડ ઊભા કરતા હતા. મેલુહામાં લોકો તેમને આદર તો આપતા જ પરંતુ તેમનાથી ભય પણ અનુભવતા. તેઓ પોતાના સામ્રાજ્યના માન-સન્માન પ્રત્યે અત્યંત સજાગ હતા અને તેમના પુત્રમાં હિંમત અને ચારિત્ર્યનો અભાવ હતો તેથી તેમને સતત ક્રોધ અને નિરાશા ઊપજતાં હતાં.

તેમને જોઈને વારિણી તરત જ ઊભી થઈ ગઈ અને પાછળ હઠી ગઈ. આદેશ આપવા સિવાય બ્રહ્મનાયક ક્યારેય તેની સાથે વાત કરતા નહીં. બ્રહ્મનાયકની પાછળ જ દક્ષની સારવાર કરનાર માયાળુ વૈદ્ય ઉપસ્થિત હતા.

બ્રહ્મનાયકે ઓઢવાનું ઊંચું કરીને પોતાના પુત્રનો પગ ચકાસ્યો. ઘાવની ફરતે લીમડાનાં પર્ણોનો પાટો બાંધવામાં આવ્યો હતો.

વૈદ્યે સસ્મિત કહ્યું, 'મહારાજ, આપનો પુત્ર એકથી બે સપ્તાહમાં ચાલવા માંડશે. મેં અત્યંત કાળજી લીધી છે એટલે ભાગ્યે જ કોઈ ઘા દેખાશે.'

દક્ષે એક ક્ષણ પૂરતું પોતાના પિતા સમક્ષ જોયું. પછી ગર્વ અનુભવતાં તે બોલ્યો, 'વૈદ્યજી, લડાઈના ઘા તો ક્ષત્રિય માટે ગર્વની વાત છે.'

બ્રહ્મનાયકે છણકો કર્યો, 'ક્ષત્રિય હોવું એટલે શું એની તને શું ખબર પડે ?'

દક્ષ ચૂપ થઈ ગયો. વારિણી મનોમન ક્રોધ અનુભવવા માંડી.

'તેં કૂતરાઓને તારી આવી દશા કરવા દીધી ?' બ્રહ્મનાયકે ધિક્કારની લાગણી છુપાવ્યા વિના પૂછ્યું, 'મેલુહામાં બધા મારી ઠેકડી ઉડાડે છે. સંભવતઃ આખું વિશ્વ પણ એમ જ કરી રહ્યું છે. મારો પુત્ર તો એકલા હાથે કૂતરા પણ મારી શકે એમ નથી.'

દક્ષ તેના પિતા સામે જોઈ જ રહ્યો.

વાત વધારે વણસે નહીં અને પીડિતનું માનસિક સ્વાસ્થ્ય પણ બગડે નહીં એવા આશયથી વૈદ્ય વચ્ચે પડ્યા, 'મહારાજ, મારે આપની સાથે અમુક વાતો ચર્ચવાની છે. શું આપણે બહાર જઈએ ?'

બ્રહ્મનાયકે માથું હલાવીને હા પાડી, 'મારી વાત હજુ પૂરી નથી થઈ.' એટલું દક્ષને કહીને તે ભવનની બહાર નીકળી ગયા.

અત્યંત ક્રોધ અનુભવતી વારિણી પોતાના પતિ પાસે ગઈ ત્યારે એ રડી રહ્યો હતો. 'તમે ક્યાં સુધી આવું સહન કરે રાખશો ?'

'પુત્ર તરીકે મારું કર્તવ્ય છે કે હું તેમની સાથે જ રહું.'

'એમને તો એવી કોઈ જ પરવા નથી. એમના માટે તો તમે એમનું નામ, એમની ગાથા આગળ વધારનાર જ છો. બીજું કશું જ નથી.'

દક્ષ ચૂપ થઈ ગયો.

'એમણે તમને એક પુત્રીનો ત્યાગ તો કરાવી જ દીધો છે. હજુ તમારે કેટલું બલિદાન આપવાનું છે ?'

'એ મારી પુત્રી નથી !'

'એ છે જ ! કાલિ પણ સતીની જેમ તમારું જ રક્ત ધરાવે છે.'

'મારે આ વાતની પુનઃ ચર્ચા નથી કરવી.'

'તમે એ અંગે ઘણી વાર વિચાર કર્યો છે. એક વાર એવું વર્તન કરવાનું શૌર્ય પણ દર્શાવો.'

'આપણે પંચવટીમાં શું કરીશું ?'

'એ ગમે તે કરીએ. એનાથી વધારે મહત્ત્વની વાત એ છે કે આપણે પંચવટીમાં કેવી રીતે રહીશું.'

દક્ષે પૂછ્યું, 'તને શું લાગે છે કેવી રીતે રહીશું ?'

'સુખેથી રહીશું !'

'પરંતુ હું સતીને અહીંયાં ન છોડી શકું.'

'એને અહીંયાં છોડી જવાનું કહે છે પણ કોણ ? મારે તો માત્ર મારું કુટુંબ એક સાથે જોઈએ છે.'

'શું ?! સતી પંચવટીમાં શા માટે રહે ? એ કંઈ નાગવંશી નથી. તારાં અને મારાં પૂર્વજન્મનાં પાપ છે એટલે આપણને આવી શિક્ષા કરવામાં આવી છે. સતીને એ શિક્ષા શા માટે કરવી જોઈએ ?'

'એની બહેનથી એને અળગી કરી એ જ એની શિક્ષા છે. એના પિતાનું પ્રત્યેક દિવસ થતું અપમાન જોવું એના માટે શિક્ષા છે.'

દક્ષ ચૂપ રહ્યા.

'દક્ષ, મારો વિશ્વાસ કરો,' વારિણીએ કહ્યું, 'આપણે પંચવટીમાં આનંદથી રહી શકીશું. જો બીજી કોઈ પણ એવી જગ્યા હોય કે જ્યાં આપણે સતી અને કાલિ સાથે રહી શકીએ, તો હું ત્યાં જ જવાનું કહેત. પરંતુ એવી કોઈ જ જગ્યા નથી.'

દક્ષે ઊંડો શ્વાસ લીધો, 'પરંતુ કેવી રીતે. . .'

'એ તમે મારી પર છોડી દો. હું એ વ્યવસ્થા કરીશ. તમે માત્ર હા પાડો. તમારા પિતાજી આવતીકાલે કરચપ જવા નીકળી રહ્યા છે. અને તમે કંઈ એટલા ઘાયલ નથી થયા કે યાત્રા ન કરી શકો. આપણે જતા રહ્યાં છીએ એવી તેમને જાણ થાય એ પહેલાં તો આપણે પંચવટી પહોંચી પણ જઈશું.'

દક્ષ વારિણીને જોઈ રહ્યો, 'પરંતુ. . .'

'મારો વિશ્વાસ કરો. કૃપા કરીને મારો વિશ્વાસ કરો. એમાં જ આપણાં બધાંનું શ્રેય છે. તમે મને અને આપણી પુત્રીઓને પ્રેમ કરો છો, એ હું જાણું જ છું. તમને બીજા કોઈની પરવા નથી એ પણ હું જાણું છું. માત્ર મારો વિશ્વાસ કરો.'

દક્ષે મસ્તક હલાવીને હા પાડી.

વારિણીએ સ્મિત કર્યું, નીચા નમીને દક્ષને ચુંબન કર્યું ને કહ્યું, 'હું બધી વ્યવસ્થા કરાવું છું.'

આનંદ અનુભવતી વારિણી ભવનમાંથી બહાર નીકળી. તેણે ઘણાં કામ પતાવવાનાં હતાં.

બહાર આવીને તેણે સતી અને પર્વતેશ્વરને સાથે બેઠેલાં જોયાં. તેણે સતીનું મસ્તક પસવારીને કહ્યું, 'અંદર જા, પુત્રી. એમને કહે કે તું એમને કેટલો પ્રેમ કરે છે. એમને તારી

આવશ્યકતા છે. હું હમણાં જ પાછી આવી.'

વારિણી જઈ રહી હતી ત્યારે તેણે બ્રહ્મનાયકને દક્ષના ભવનની દિશામાં પુનઃ જતા જોયા.

સુકરમત્સ્ય જેવી મોટી માછલીઓના ધ્વનિથી વારિણી વર્તમાનમાં ખેંચાઈ આવી. એક સદીથી પણ વધારે જૂનાં એ સ્મરણોને કારણે હજુ પણ તેની આંખમાંથી આંસુ આવી જતાં હતાં. તેણે પુનઃ પોતાના પતિ સામે જોયું અને નિરાશા અનુભવી. એ દિવસે શું બન્યું હતું તે તેને કદી પણ સમજાયું નહોતું. બ્રહ્મનાયકે શું કહ્યું હશે ? તે માત્ર એટલું જ જાણતી હતી કે તે બીજા દિવસે ભાગી છૂટવાના આયોજન સાથે દક્ષના ભવનમાં ગઈ તો દક્ષે એ યોજનાનો અમલ કરવાની જ ના પાડી દીધી. તેણે નક્કી કર્યું હતું કે તે હવે સમ્રાટ બનશે.

તમારા અભિમાન અને દરેક વાતમાં પિતાજીનું સમર્થન મેળવવાના સ્વભાવે જ આપણા જીવનમાં સર્વનાશ વેર્યો છે !



'રહસ્ય ?' શિવે પરશુરામ સાથેની પોતાની વાતોનું સ્મરણ કરતાં કહ્યું.

શિવ પરશુરામ, પર્વતેશ્વર, વીરભદ્ર અને નંદી સાથે બેઠા હતા. કાલિ ત્યારે જ ભવનમાં પ્રવેશી. શિવ સમક્ષ પોતે ઉપસ્થિત થવું કે નહીં એ બાબતે મૂંઝવણ અનુભવતો ગણેશ ચૂપચાપ પાછળ ઊભો હતો. શિવે સતીના મોટા પુત્ર સામે મસ્તક હલાવીને તેના આગમનની માત્ર નોંધ જ લીધી. અન્ય કોઈ પ્રતિભાવ તેમણે આપ્યો નહીં.

'હા, મને લાગે છે કે આપે હવે એ જાણવું જોઈએ,' કાલિએ કહ્યું, 'નાગવંશીઓ જે રહસ્ય સદીઓથી જાળવીને બેઠા છે, એ નીલકંઠ જાણે એની સમગ્ર ભારતવર્ષને આવશ્યકતા છે. એ પછી જ આપ નિર્ણય કરી શકશો કે અમે જે કર્યું એ યોગ્ય છે કે અયોગ્ય. એટલે શું કરવું છે તેનો નિર્ણય અત્યારે જ કરો.'

'એ મને અહીંયાં શા માટે ન જણાવી શકો ?'

'તમારે મારો વિશ્વાસ તો કરવો જ પડશે. હું અહીં જણાવી શકું તેમ નથી.'

શિવ કાલિની આંખોમાં જોઈ રહ્યા. તેમાં તેમને કોઈ અનિષ્ટ ભાવ કે છળકપટ દેખાયાં નહીં. તેમને લાગ્યું કે તેઓ કાલિનો વિશ્વાસ કરી શકે તેમ છે. 'અહીંથી પંચવટી પહોંચવામાં કેટલા દિવસો લાગે ?'

'એક વર્ષથી થોડાક વધારે દિવસ લાગે,' કાલિએ ઉત્તર આપ્યો.

'એક વર્ષ ?!'

'હા, નીલકંઠ. બ્રંગદેશ સુધી તો આપણે વહાણમાં જ જઈશું, મધુમતી નદી સુધી. પછી આપણે દંડકારણ્યમાં પગપાળા આગળ વધવું પડશે. એટલે સમય તો લાગે જ છે.'

'એનો કોઈ સીધો રસ્તો નથી ?'

કાલિએ સ્મિત કર્યું પરંતુ તે કશું બોલી નહીં. તે દંડકવનનાં રહસ્યો સાર્વજનિક કરવા નહોતી ઇચ્છતી. કારણ કે એ રહસ્યોને કારણે જ તેમનું નગર સુરક્ષિત હતું.

'હું તારો વિશ્વાસ કરી રહ્યો છું પરંતુ એમ લાગે છે કે તને મારો વિશ્વાસ નથી.'

'હું આપના પર પૂર્ણ વિશ્વાસ કરું છું, નીલકંઠ.'

શિવે સ્મિત કર્યું. તેમને કાલિની પરિસ્થિતિ સમજાતી હતી. એ શિવનો તો વિશ્વાસ કરી શકે એમ હતી પરંતુ એમની સાથે આવનારા તમામ માણસોનો વિશ્વાસ કઈ રીતે કરી

શકે ? 'ઠીક છે. ચાલો પંચવટી જઈએ. મને પણ એમ લાગે છે કે મારા કર્તવ્યનું વહન કરવા માટે ત્યાં જવું આવશ્યક છે.'

શિવે પર્વતેશ્વર સામે જોયું, 'તમે વ્યવસ્થા ગોઠવી શકશો સેનાપતિ ?'

'અવશ્ય, પ્રભુ,' પર્વતેશ્વરે કહ્યું.

કાલિએ શિવને વંદન કર્યાં અને ગણેશને લઈને તે ભવનની બહાર નીકળવા ગઈ.

'અને, કાલિ. . .' શિવે કહ્યું.

કાલિએ અવળા ફરીને શિવ સામે જોયું.

'મને નીલકંઠ કરતાં શિવ વધારે ગમે છે. તું મારી પત્નીની બહેન છે. કુટુંબનો જ ભાગ છે.'

કાલિએ સસ્મિત વંદન કરીને કહ્યું, 'જેવી આપની ઇચ્છા. . .શિવ.'



શિવ અને સતી વિશ્વનાથ મંદિરે આવ્યાં હતાં. એ લોકો અંગત રીતે પૂજા કરીને રૂદ્ર ભગવાનના આશીર્વાદ મેળવવા આવ્યાં હતાં. પ્રાર્થના કરીને તેઓ મંદિરના એક સ્તંભને ટેકે બેસી ગયાં અને રૂદ્ર ભગવાનની મૂર્તિની પાછળ રહેલી મોહિની દેવીની મૂર્તિને નીરખવા લાગ્યાં.

શિવે સતીનો હાથ પોતાના હાથમાં લઈને તેની પર ચુંબન કર્યું. સતીએ સ્મિત કરીને શિવના ખભા પર પોતાનું મસ્તક ટેકવી દીધું.

'રસપ્રદ સ્ત્રી છે,' શિવે કહ્યું.

સતીએ શિવ સામે જોઈને કહ્યું, 'મોહિની દેવી ?'

'હા. તેમને બધા જ લોકો વિષ્ણુ તરીકે શા માટે નથી સ્વીકારતા ? અને વિષ્ણુની સંખ્યા સાત સુધી આવીને શા માટે અટકી ગઈ ?'

'ભવિષ્યમાં કદાચ બીજા વિષ્ણુ આવશે. પરંતુ એ સાચું કે બધા લોકો તેમને વિષ્ણુ તરીકે જોતા નથી.'

'તું જુવે છે ?'

'એક ચોક્કસ સમય સુધી હું નહોતી જોતી, પરંતુ હવે તેમની મહાનતા મને સમજાય છે.'

શિવને વિસ્મય થયું.

'તેમને સમજવા સરળ નથી,' સતીએ કહ્યું, 'તેમણે એવાં ઘણાં કામ કર્યાં છે જેને અન્યાયી કહી શકાય. પછી ભલેને તે તેમણે અસુરોના વિરોધમાં જ કેમ ન કર્યાં હોય. એ અન્યાયી તો હતા જ. એટલે ભગવાન રામને જ ચુસ્તપણે માનનારા લોકો માટે મોહિનીદેવીને સમજવાં અઘરાં જ છે.'

'તો એ પરિવર્તન કઈ રીતે આવ્યું ?'

'મને એમના અંગે વધારે વિગતો જાણવા મળી. તેમણે જે કર્યું એ શા માટે કર્યું એ જાણવા મળ્યું. એટલે તેમણે જે કર્યું એ બધું જ હું યોગ્ય નથી માનતી છતાં મને તેમનાં કર્મો માટે માન છે.'

'એક વાર એક વાસુદેવે મને કહ્યું હતું કે રૂદ્ર ભગવાન મોહિની દેવી વિના પોતાનું યુગકાર્ય પૂર્ણ ન કરી શક્યા હોત.'

સતીએ શિવ સામે જોયું, 'સંભવતઃ એ સત્ય જ છે. સંભવ છે કે એક નાનકડું પાપ બૃહ્‌દસ્તરે ઇષ્ટ ભણી લઈ જતું હોય છે.'

શિવ સતી સામે જોઈ રહ્યા. તે સમજી શકતા હતા કે સતી વાત કઈ દિશામાં લઈ જઈ રહી છે.

'જો કોઈ પણ માણસે તમામ પ્રકારની નિર્દયતા સહેવા છતાં સારું કામ જ કરે રાખ્યું હોય, અન્યોને સહાય કરે રાખી હોય, તો આપણે એટલું સમજવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ કે એણે જે પાપ કર્યું છે તેનું કારણ શું છે. સંભવ છે કે આપણે તેને ક્ષમા ન આપી શકીએ. પરંતુ તેને અવશ્ય સમજી શકીએ.'

શિવ જાણતા હતા કે સતી ગણેશની વાત કરી રહી છે. 'તો તને સમજાય છે કે એણે જે કર્યું એ શા માટે કર્યું ?'

સતીએ ઊંડો શ્વાસ લઈને કહ્યું, 'ના.'

શિવે મોહિની દેવીની મૂર્તિને પુનઃ નીરખવા માંડી.

સતીએ શિવનું મુખ પોતાની દિશામાં ફેરવ્યું, 'ક્યારેક કોઈ પણ ઘટના બનવા પાછળનાં તમામ કારણો ન સમજાય ત્યાં સુધી એ ઘટના સમજવી અઘરી હોય છે.'

શિવે પુનઃ દૃષ્ટિ ફેરવી લીધી. આંખો બંધ કરીને તેમણે ઊંડો શ્વાસ લીધો, 'તેણે તારો જીવ બચાવ્યો. કાર્તિકનો જીવ બચાવ્યો. એ માટે મારે તેને પ્રેમ કરવો જ જોઈએ. એણે એવું ઘણું કર્યું છે કે જેથી મને લાગે છે કે એ સારો માનવ છે.'

સતી કંઈ બોલી નહીં.

'પરંતુ. . .' શિવે ઊંડો શ્વાસ લઈને કહ્યું 'પરંતુ મારા માટે એ સરળ નથી. સતી. . .હું નથી. . .'

સતીએ નિસાસો નાખ્યો. સંભવતઃ પંચવટી પહોંચ્યા પછી જ બધું સ્પષ્ટ બનશે.



'મહર્ષિ, આ તમે શું કરી રહ્યા છો ? એવું હું કઈ રીતે કરી શકું ?' અત્યંત આશ્ચર્ય અનુભવતાં દિલીપે પૂછ્યું.

દિલીપ અયોધ્યામાં મહર્ષિ ભૃગુના અંગત ભવનમાં મહર્ષિના ચરણ પાસે બેઠા હતા. વડાપ્રધાન સિમંતક મહર્ષિ ભૃગુની આવી વારંવારની અયોધ્યાની મુલાકાતોને ગોપનીય રાખવામાં અત્યંત કુશળ બની ગયા હતા. મહર્ષિનાં ઔષધો પણ ચમત્કાર કરી રહ્યાં હતાં. દિલીપ દરરોજ વધુ ને વધુ સ્વસ્થ લાગતા જતા હતા.

'એટલે તમે સહાય કરવાની ના પાડી રહ્યા છો, મહારાજ ?' ભૃગુએ ક્રૂર અવાજે ધારદાર દૃષ્ટિ કરીને પૂછ્યું.

'ના, મહર્ષિ. ના નથી પાડતો. પણ એ અશક્ય છે.'

'એને શક્ય બનાવવાનો ઉપાય હું બતાવીશ.'

'પરંતુ આ બધું હું એકલા હાથે કઈ રીતે કરી શકીશ ?'

'તમને સાથીઓ મળી રહેશે. એની બાંયધરી હું આપું છું.'

'પરંતુ આવો પ્રહાર ? જો કોઈને જાણ થઈ ગઈ તો ? મારા પોતાના જ લોકો મારી વિરુદ્ધ થઈ જશે.'

'પરંતુ કોઈને જાણ નહીં થાય.'

દિલીપ સાચે જ મૂંઝાઈ ગયા હતા. આ હું શેમાં ફસાઈ ગયો ?

'શા માટે ? શા માટે આની આવશ્યકતા છે, મહર્ષિજી ?'

'ભારતવર્ષની ભલાઈ માટે.'

દિલીપ કંઈ બોલ્યા નહીં. તેમના મુખ પર ચિંતાના ભાવ સ્પષ્ટ જણાઈ આવતા હતા.

ભૃગુ જાણતા હતા કે આત્મકેન્દ્રી દિલીપને ભારતવર્ષની ભલાઈની કોઈ જ પરવા નથી. એટલે તેમણે એ વાતને દિલીપના લાભની વાત ઠરાવવા કહ્યું, 'તમારી ભલાઈ માટે પણ આમ કરવું જ રહ્યું, મહારાજ. નહીંતર આ રોગ તમારા સમગ્ર દેહમાં પ્રસરી જશે.'

દિલીપ ભૃગુ સામે જોઈ રહ્યા. ધમકી એકદમ સ્પષ્ટ હતી. તેમણે મસ્તક ઝુકાવીને કહ્યું, 'મને કહો કે એ કઈ રીતે કરીશું, મહર્ષિ.'



નાગવંશી મહારાણીએ શિવને વિનંતી કરી તેના બે માસમાં તો પર્વતેશ્વરે પંચવટી જવા માટેની તમામ તૈયારીઓ કરી નાખી.

શિવ દિવ્યપ્રકાશવાળી આ નગરમાં આવ્યા ત્યારની સરખામણીએ અત્યારનો તેમને કાફલો ઘણો વધી ગયો હતો. આ યાત્રામાં શિવ પોતાના કુટુંબને સાથે જ રાખવા ઇચ્છતા હતા. તેઓ સતી અને કાર્તિકને છોડીને ક્યાંય જવા નહોતા ઇચ્છતા. કાલિ અને ગણેશ તો આવવાના જ હતા. વીરભદ્ર અને નંદી શિવના કાફલાના કાયમી સભ્યો હતા. વીરભદ્રએ એવો આગ્રહ રાખ્યો હતો કે તેની પત્ની કૃતિકા તેમની સાથે આવે. પોતાના લાભ માટે નહીં પરંતુ તે જાણતો હતો કે કૃતિકા આટલો લાંબો સમય કાર્તિક વિના નહીં રહી શકે. વૈદ્ય તરીકે આયુર્વતી તો હોય જ. શિવ, ભગીરથ અને પરશુરામને પણ પોતાની સાથે રાખવા ઇચ્છતા હતા. અને તેમના સેનાપતિ અને સુરક્ષા વ્યવસ્થાના વડા આનંદમયી વિના ક્યાંય જવા ઇચ્છતા નહોતા.

પર્વતેશ્વરે પોતાની સાથે બે ટુકડીઓના પ્રયાણની ગોઠવણ કરી હતી. એટલે નીલકંઠના રાજવી વહાણ ઉપરાંત નવ વહાણોમાં કુલ બે હજાર સૂર્યવંશી અને ચંદ્રવંશી સૈનિકો યાત્રા કરવાના હતા. ગણેશના ચંદ્રવંશી અનુયાયી વિશ્વધ્યુમન અને અન્ય સૈનિકોને પણ એ બે ટુકડીમાં જ સમાવી લેવામાં આવ્યા હતા.

તેઓ ધીમે-ધીમે આગળ વધતા હતા કે જેથી તમામ વહાણો સાથે રાખી શકાય. કાશીથી નીકળ્યાને બે માસ વીતી ગયા હતા અને હવે તેઓ વૈશાલી પાસે પહોંચ્યા હતા.

વાસુદેવોના પ્રમુખ ગોપાલ સાથેની વાતનું સ્મરણ થતાં શિવે વીરભદ્ર, નંદી અને પરશુરામ સામે જોયું. નંદી સિવાયના બધા તૂતક પર બેઠા બેઠા ચલમ ફૂંકી રહ્યા હતા અને નદીના પ્રવાહને નીરખી રહ્યા હતા.

'ભગવાન મનુએ તો એમ જ કહ્યું છે કે ઇષ્ટ અને અનિષ્ટ એક જ સિક્કાની બે બાજુઓ છે,' શિવે પરશુરામના હાથમાંથી ચલમ લેતાં કહ્યું.

પરશુરામે કહ્યું, 'મેં પણ એ સાંભળ્યું છે. પરંતુ મને એમાં કંઈ સમજાયું નહીં.'

શિવે ઊંડો કશ લીધો, ધુમાડો છોડ્યો અને ચલમ વીરભદ્રના હાથમાં આપતાં કહ્યું, 'તને શું લાગે છે, ભદ્ર ?'

'સાચું કહું તો તારા વાસુદેવ મિત્રો તને જે કહે છે એમાંથી ઘણું બધું અષ્ટમપષ્ટમ જ હોય છે !'

શિવ ખડખડાટ હસી પડ્યા. બીજા બધા પણ હસવા માંડ્યા.

‘હું જોકે સાવ એમ નહીં કહું, શૂરવીર વીરભદ્ર.’

અચાનક શિવને ખ્યાલ આવ્યો કે ગણેશ તેમની પાછળ જ છે. શિવ ચૂપ થઈ ગયા. તેમના મુખ પરથી આનંદના હાવભાવ અદૃશ્ય થઈ ગયા. પરશુરામે તરત જ ગણેશ સામે મસ્તક ઝુકાવીને વંદન કર્યાં પરંતુ નીલકંઠ ક્રોધિત ન થાય એટલે એ કશું બોલ્યો નહીં.

વીરભદ્રને ગણનાયક અત્યંત ગમવા માંડ્યો હતો. તે ગણનાયકને સિદ્ધાંતપ્રિય માનવ માનતો હતો. તેણે ગણેશને પૂછ્યું, ‘તો તને આ વાતનો શું અર્થ લાગે છે, ગણેશ ?’

‘હું તો તેને એક કડી માનું છું,’ ગણેશે વીરભદ્રને સસ્મિત કહ્યું.

‘શેની કડી ?’ શિવને રસ પડ્યો.

‘સંભવતઃ નીલકંઠ જેની શોધ કરી રહ્યા છે, તેની જ કડી છે.’

‘કઈ રીતે ?’

‘ઇષ્ટ અને અનિષ્ટ એક જ સિક્કાની બે બાજુઓ છે. એટલે નીલકંઠે સિક્કાની એક જ બાજુ શોધવાની છે, સત્ય ?’

શિવે હા પાડી.

‘શું સિક્કાની માત્ર એક જ બાજુ શોધવી શક્ય છે ?’ ગણેશે પૂછ્યું.

શિવે પોતાના કપાળ પર જ હથેળી મારીને કહ્યું, ‘સત્ય. આખો સિક્કો જ શોધવો પડે !’

ગણેશે હસતાં હસતાં હકારમાં મસ્તક હલાવ્યું.

શિવ ગણેશને તાકી રહ્યા. નીલકંઠના મગજમાં એક વિચાર આકાર લઈ રહ્યો હતો.

ઇષ્ટની જ શોધ કર. અનિષ્ટ આપોઆપ મળી આવશે. ઇષ્ટ જેટલું મોટું હશે , અનિષ્ટ પણ એટલું જ મોટું હશે.

વીરભદ્રએ ગણેશ સામે ચલમ ધરી, ‘તારે પ્રયત્ન કરી જોવો છે ?’

ગણેશે પોતાના જીવનમાં ક્યારેય ધૂમ્રપાન નહોતું કર્યું. તેણે પોતાના પિતા સામે જોયું. એમની ઊંડી, રહસ્યમય આંખોમાં શું રમતું હતું, તે ગણેશ કળી શક્યો નહીં. ‘મને અત્યંત ગમશે.’

તેણે નીચે બેસીને વીરભદ્ર પાસેથી ચલમ લીધી.

‘આવી રીતે તારા મોઢામાં મૂક,’ વીરભદ્રએ પોતાના હાથ વડે એમ કરી બતાવ્યું, ‘અને પછી ઊંડો શ્વાસ લે.’

ગણેશે એમ કર્યું અને તેને ભયંકર ઉધરસ આવવા માંડી.

બધા ખડખડાટ હસી પડ્યા. પરંતુ શિવ સ્થિર હાવભાવ સાથે ગણેશ સામે જોઈ રહ્યા.

વીરભદ્રએ ગણેશની પીઠ પસવારી અને તેના હાથમાંથી ચલમ લઈ લીધી, ‘ગણેશ, તેં કદી આ અનિષ્ટનો સ્પર્શ નથી કર્યો લાગતો.’

‘ના, પરંતુ મને વિશ્વાસ છે કે એ ધીમે ધીમે મને ગમવા માંડશે,’ કહીને ગણેશે શિવ સામે જોઈ લીધું અને સંકોચ અનુભવતાં પુનઃ ચલમ હાથમાં પકડી.

વીરભદ્રએ તેને દૂર કરીને કહ્યું, ‘ના, ગણેશ, તારે હવે ક્યારેય એનો સ્પર્શ ન કરવો જોઈએ.’



વહાણોનો કાફલો બ્રંગદેશના પ્રવેશદ્વાર પાસે પહોંચી ગયો હતો. પર્વતેશ્વર, આનંદમયી અને ભગીરથ બધું યોગ્ય રીતે થઈ રહ્યું છે કે નહીં તે ચકાસવા સૌથી આગળના વહાણમાં પહોંચી ગયાં હતાં.

'મેં તો આ બધું પહેલાં પણ જોયું છે, એટલે હું જાણું છું,' આનંદમયીએ એ દ્વાર સમક્ષ જોતાં કહ્યું, 'જોકે તેમાં જે બુદ્ધિકૌશલ્ય વાપરવામાં આવ્યું છે તેનું મને હજુ પણ આશ્ચર્ય થતું રહે છે !'

પર્વતેશ્વરે સસ્મિત આનંદમયી ફરતે પોતાની ભૂજાઓ વીંટાળી. અને પછી ત્વરાથી તેને મુક્ત કરીને તે પોતાના કામે લાગ્યા એટલે આનંદમયીને ચીડ ચડી. પર્વતેશ્વર બોલ્યા, 'ઉત્તંક, બીજું વહાણ પૂરતું ઊંચું ચડ્યું નથી. બ્રંગ લોકોને કુંડમાં વધારે પાણી ભરવાનું કહે.'

પર્વતેશ્વરે નોંધ્યું નહીં પરંતુ આનંદમયીએ પોતાની ભમરો ઊંચી કરી અને થોડુંક મસ્તક ઝુકાવ્યું. પછી અવળા ફરીને તેણે પોતાના પતિને ચુંબન કર્યું. પર્વતેશ્વરે સ્મિત કર્યું.

'બહુ થયું, પ્રેમીપંખીડાંઓ,' ભગીરથે કહ્યું, 'થોડુંક નિયંત્રણ પણ રાખો.'

આનંદમયીએ હસતાં હસતાં પોતાના ભાઈના કાંડા પર ટપલી મારી.

પર્વતેશ્વર પણ હસતા હસતા નિરીક્ષણ કરવા આગળ વધી ગયા.

'બધું બરોબર જ છે, સેનાપતિ,' ભગીરથે કહ્યું, 'બ્રંગ લોકો શું કરી રહ્યા છે તે આપણે બરોબર જાણીએ જ છીએ. અહીંયાં કશું જ નવું નથી.'

પર્વતેશ્વરે ભગીરથ સામે જોયું. ભગીરથે તેમના માટે સેનાપતિ સંબોધન વાપર્યું તેનું તેમને આશ્ચર્ય થયું હતું. તે સમજી શકતા હતા કે તેમનો સાળો કંઈક કહેવા ઇચ્છે છે પણ શબ્દો શોધી રહ્યો છે, 'કહી દે, ભગીરથ. તારે શું કહેવું છે ?'

'અહીંનો માર્ગ તો આપણે જાણીએ જ છીએ,' ભગીરથે કહ્યું, 'બ્રંગ લોકો શું કરી રહ્યા છે, તે પણ આપણે જાણીએ છીએ. એટલે અહીંયાં તો કશું જ નહીં થાય. પરંતુ આ નાગવંશીઓ આપણને કયે માર્ગે લઈ જશે તેની આપણને કોઈ જ જાણ નથી. એ લોકો કેટલાં આશ્ચર્યો છુપાવીને બેઠા છે એ તો માત્ર ભગવાન જ જાણે છે. તેમની પર આટલો આંધળો વિશ્વાસ મૂકવો યોગ્ય છે ?'

'આપણે નાગવંશીઓના ભરોસે નથી, ભગીરથ,' આનંદમયીએ અધવચ્ચે કહ્યું, 'આપણે નીલકંઠના ભરોસે છીએ.'

પર્વતેશ્વર ચૂપ રહ્યા.

'હું એમ નથી કહી રહ્યો કે આપણે મહાદેવનો વિશ્વાસ ન કરવો જોઈએ,' ભગીરથે કહ્યું, 'એવું તો હું કઈ રીતે કહી શકું ? આપણે દંડકારણ્યમાં જઈ રહ્યા છીએ અને આપણા ભોમિયા છે નાગવંશીઓ. શું મને એકલાને જ અહીં ચિંતા થઈ રહી છે ?'

'સાંભળ,' આનંદમયીએ અધીરાઈથી કહ્યું, 'નીલકંઠ કાલિનો વિશ્વાસ કરે છે. અર્થાત્ હું પણ તેનો વિશ્વાસ કરું છું. માટે તું પણ કરીશ જ.'

ભગીરથે પર્વતેશ્વર સામે જોઈને કહ્યું, 'તમારું શું માનવું છે ?'

'પ્રભુ મારા પણ પ્રભુ છે. એ મને આગની જ્વાળામાં કૂદી પડવાનું કહેશે તો હું એમ પણ કરીશ,' કહીને પર્વતેશ્વર જોયું કે તેમનું વહાણ ભયાનક વેગથી આગળની દિશામાં ખેંચાવા માંડ્યું હતું. મેલુહાના સેનાપતિએ ભગીરથ સામે જોઈને કહ્યું, 'જોકે મેલુહાના મહાનતમ વૈજ્ઞાનિક બૃહસ્પતિની હત્યા ગણેશે કરી છે એ હું કઈ રીતે ભૂલી શકું ? તેણે અમારા સામ્રાજ્યના હૃદય સમાન મંદાર પર્વતનો નાશ કર્યો છે એ હું કઈ રીતે ભૂલી શકું ? આ બધું થયા પછી હું તેનો વિશ્વાસ કઈ રીતે કરી શકું ?'

આનંદમયી મૂંઝવણ અનુભવતી પર્વતેશ્વર અને ભગીરથ સામે જોઈ રહી.



'ના, કૃતિકા,' આયુર્વતીએ કહ્યું, 'હું આ કામ નથી કરવાની.'

કૃતિકા અને આયુર્વતી મુખ્ય વહાણમાં રચવામાં આવેલા આયુરાલયમાં બેઠાં હતાં. તેમના વહાણને બ્રંગદેશના એ યંત્ર સાથે જોડવામાં આવી રહ્યું હતું જે તેને ખેંચીને પ્રવેશદ્વારની બીજી બાજુ લઈ જવાનું હતું. બ્રંગલોકોનું ઇજનેરી કૌશલ્ય જોવા વહાણના તમામ લોકો તૂતક ઉપર આવીને ઊભા હતા. આ સમયનો લાભ લઈને વીરભદ્રની જાણ બહાર કૃતિકા આયુર્વતીને મળવા આવી હતી.

'આયુર્વતીજી, કૃપા કરો. તમે જાણો જ છો કે મને તેની આવશ્યકતા છે.'

'ના, નથી. અને મને વિશ્વાસ છે કે જો તારા પતિને આની જાણ થશે તો એ પણ ના જ પાડશે.'

'એમને આ જાણવાની કોઈ જ આવશ્યકતા નથી.'

'કૃતિકા, તારા જીવન પર જોખમ સર્જાય એવું કશું જ હું કરવાની નથી. સમજી ગઈ ?'

કહીને આયુર્વતી કાર્તિક માટે ઔષધ બનાવવા માંડી. પર્વતેશ્વર સાથે અભ્યાસ કરતી વખતે કાર્તિકને ચીરો પડી ગયો હતો.

કૃતિકાને તક મળી ગઈ. આયુર્વતીના મેજ પર એક નાનકડી પોટલી પડી હતી. તેણે જાણતી હતી કે તેમાં જ એ ઔષધ છે, જેની તેને આવશ્યકતા છે. તે ચુપચાપ એ પોટલી પોતાના અંગવસ્ત્ર હેઠળ છુપાવી લીધી.

'તમને ખલેલ પહોંચાડવા માટે ક્ષમા માંગુ છું,' કૃતિકાએ કહ્યું.

આયુર્વતીએ કૃતિકા સામે જોઈને કહ્યું, 'હું તને અસભ્ય લાગું તો મને ક્ષમા કરજે, કૃતિકા. પણ એ વસ્તુ તારા માટે યોગ્ય નથી.'

'કૃપા કરીને મારા પતિને કહેતાં નહીં.'

'નહીં કહું,' આયુર્વતીએ કહ્યું, 'પરંતુ વીરભદ્રને તારે પોતે તો વાત કરવી જ જોઈએ. બરોબરને ?'

કૃતિકાએ હા પાડી અને તે ભવનની બહાર નીકળવા જતી જ હતી કે આયુર્વતીએ તેને બોલાવી. કૃતિકાના અંગવસ્ત્ર સામે આંગળી ચીંધીને આયુર્વતીએ કહ્યું, 'એ પોટલી અહીં મૂકતી જજે.'

સંકોચ અનુભવતી કૃતિકાએ પોટલી બહાર કાઢી અને મેજ પર પાછી મૂકી દીધી. તેની ભીની આંખોમાં આજીજી હતી.

આયુર્વતીએ પ્રેમથી કૃતિકાના ખભા પકડ્યા અને કહ્યું, 'શું તું નીલકંઠ પાસેથી કંઈ જ શીખી નથી ? તું જેવી છે એવી જ પરિપૂર્ણ છે. તું જેવી છે એવા જ સ્વરૂપે તને તારો પતિ પ્રેમ કરે છે, તું તેને કંઈ આપી શકે એના માટે એ પ્રેમ નથી કરતો.'

કૃતિકા ક્ષમા જેવું કંઈક બબડી અને ત્યાંથી બહાર દોડી ગઈ.



પ્રકરણ ૨૩
સૌથી મોટું રહસ્ય

કાફલો બ્રંગદેશના પ્રવેશદ્વારમાં થઈને ગંગા નદીની પશ્ચિમ દિશામાં પડતી ઉપનદી મધુમતીમાં પ્રવેશ્યો. થોડાક દિવસો પછી તેઓ એ જગ્યાએથી પસાર થયાં જ્યાં શિવ ને પરશુરામની લડાઈ થઈ હતી.

'આપણે અહીંયાં લડ્યા હતા, પરશુરામ,' શિવે એ ભૂતપૂર્વ લૂંટારાની પીઠ થપથપાવીને કહ્યું.

પરશુરામે પહેલાં શિવ સામે જોયું. પછી સતી સામે જોઈને તે બોલ્યો, 'વાસ્તવમાં આ એ જગ્યા છે જ્યાં પ્રભુએ મને તારી દીધો છે.'

સતીએ પરશુરામ સામે સ્મિત કર્યું. એ લાગણી તે સારી રીતે સમજતી હતી. શિવ કઈ રીતે તારી દે છે, એ તેણે પણ અનુભવ્યું હતું. તેણે પોતાના પતિ સામે પ્રેમથી જોયું. તે માનવ પોતાની આસપાસના તમામ લોકોના જીવનમાંથી દુઃખનું વિષ હરી લેતો હતો. તેમ છતાં એ માનવ પોતાના દુઃખનું વિષ હરી શકતો નહોતો. તેમને પોતાના જીવનની અમુક વાતો હજુ ભૂતાવળ બનીને પજવતી હતી. પોતે ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં એ વાતો તે શિવને ભુલવાડી શકતી નહોતી. સંભવતઃ એ જ તેમનું ભાગ્ય હતું.

સતીના વિચારોમાં પરશુરામે ખલેલ પાડી, 'અહીંથી આપણે વળીશું, પ્રભુ.'

નિષ્કાસિત વાસુદેવે ચીંધેલી દિશામાં સતી જોઈ રહી. ત્યાં કશું જ નહોતું. એમ લાગતું હતું કે એ દિશામાં સુંદરી વૃક્ષોનું એક વિશાળ ઝુંડ હતું અને નદી તો તેની ફરતે થઈને પૂર્વ સમુદ્રની દિશામાં જ આગળ વધતી હતી.

'ક્યાં ?' શિવે પૂછ્યું.

'આ સુંદરી વૃક્ષો જુઓ, પ્રભુ,' પોતાના કપાયેલા હાથની જગ્યાએ જે નકૂચો રોપવામાં આવ્યો હતો એના વડે દિશા ચીંધતાં પરશુરામે કહ્યું, 'એ વૃક્ષોને કારણે જ આ વિસ્તારને સુંદરવન કહેવામાં આવે છે.'

'સુંદરવન ?' સતીએ પૂછ્યું.

'હા, દેવી,' પરશુરામે કહ્યું, 'તેમાં એક સુંદર રહસ્ય પણ છુપાયેલું છે.'

કાલિના આદેશ અનુસાર સૌથી આગળનું વહાણ પરશુરામે ચીંધેલી દિશામાં જ આગળ વધ્યું. આટલે દૂરથી પણ સતી જોઈ શકતી હતી કે પર્વતેશ્વર પણ કાલિની સાથે જ સૌથી આગળના વહાણ ઉપર ઊભા હતા અને તેની સાથે દલીલ કરી રહ્યા હતા.

જોકે કાલિ તેમની અવગણના કરી રહી હતી અને વહાણ વિનાશના માર્ગે આગળ વધી રહ્યું હોય, એમ લાગતું હતું.

'એ લોકો શું કરી રહ્યા છે ?' સતીએ ભયભીત સ્વરે પૂછ્યું. 'વહાણ અથડાઈ જશે.'

જોકે સૌથી આગળના વહાણના ધક્કાથી સુંદરી વૃક્ષો બાજુમાં ખસી ગયાં અને વહાણ સડસડાટ આગળ વધતું રહ્યું તેનું તેમને અનહદ આશ્ચર્ય થયું.

'હે પવિત્ર માનસરોવર,' શિવે અત્યંત આશ્ચર્ય અનુભવતાં કહ્યું, 'મૂળ વિનાનાં વૃક્ષો.'

'મૂળ વિનાનાં નથી, પ્રભુ,' પરશુરામે સુધાર્યું, 'તેમને મૂળ તો છે, પરંતુ તે એક જ જગ્યાએ જામેલાં નથી. એ મૂળ પાણીમાં તરતાં રહે છે.'

'પરંતુ આવાં વૃક્ષો જીવંત કઈ રીતે રહી શકે ?' સતીએ પૂછ્યું.

'એ તો મને પણ નથી સમજાયું,' પરશુરામે કહ્યું, 'સંભવ છે કે એ નાગવંશીઓનો કોઈ ચમત્કાર હોય.'

સૌથી આગળના વહાણની પાછળ પાછળ અન્ય વહાણ પણ સુંદરી વૃક્ષોને ધકેલતાં આગળ વધ્યાં અને છેવટે તેઓ એક નાનકડા ખારા પાણીના એવા સરોવરમાં પહોંચ્યા જ્યાં મધુમતી અટકી જતી હતી. શિવે સાશ્ચર્ય ચોમેર દૃષ્ટિ ફેરવી. સમગ્ર વિસ્તાર લીલોતરી અને પક્ષીના ગુંજારવથી ભરચક હતો. ગાઢ વનરાજીથી જાણે એ સરોવર પર પાંદડાંનો મંડપ બંધાઈ જતો હતો અને એ સરોવર પણ એક સાથે દસ વહાણ સમાઈ શકે એટલું વિશાળ હતું. દ્વિતીય પ્રહરનો અંત સમીપ હતો અને સૂર્ય મધ્યાહ્ને તપી રહ્યો હતો. જોકે સરોવરની ઉપર પાંદડાંઓનો મંડપ એવી રીતે છવાયેલો હતો કે એમ લાગે જાણે સંધ્યાનો સમય થઈ ગયો છે.

પરશુરામે શિવ સામે જોયું, 'બહુ ઓછા લોકો સરકતાં વૃક્ષો અને આ સરોવર વિષે જાણે છે. હું એવા પણ થોડાક લોકોને ઓળખું છું જેમણે આ બધું શોધવાનો પ્રયત્ન કર્યો અને તેમનાં વહાણો છીતી ગયાં.'

દસ વહાણોને એકબીજા સાથે તેમજ કિનારા સાથે બાંધવામાં આવ્યાં અને તેમની પાછળ પેલાં તરતાં સુંદરી વૃક્ષો પાછાં યથાસ્થાને ગોઠવવામાં આવ્યાં. હવે વહાણો છુપાઈ ગયાં હતાં અને બહારથી એમને કોઈ જોઈ કે શોધી શકે એમ નહોતું.

હવે પગપાળા આગળ વધવાનું હતું. બે હજારથી વધારે સૈનિકોએ દંડકારણ્યમાં પગપાળા આગળ વધવાનું હતું. તે બધાને સૌથી પ્રમુખ વહાણ આગળ ભેગા થવાનું કહેવામાં આવ્યું.

કાલિ વહાણના તૂતક પર જઈને ઊભી રહી કે જેથી બધા તેને જોઈ શકે. 'મારી વાત સાંભળો !'

બધા શાંત થઈ ગયા. કાલિનો આદેશ બધાએ અનુસર્યો.

'તમે બધાએ દંડકારણ્ય વિષે જાતભાતની અફવાઓ સાંભળી હશે. જેમ કે દંડકારણ્ય દુનિયાનું સૌથી મોટું અરણ્ય છે. તે પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધી ફેલાયેલું છે. એ એટલું ગાઢ છે કે સૂર્યનાં કિરણો પણ તેમાં પ્રવેશી શકતાં નથી. રસ્તો ભટકી જનારાને ભરખી જનારાં ભયાનક પ્રાણીઓ તેમાં રહે છે. તેમાં એવાં ઝેરી વૃક્ષો છે કે તેને સ્પર્શનારા કે તેનાં ફળ ખાનારા મૃત્યુ પામે છે.'

સૈનિકો સચિંત બનીને કાલિને સાંભળી રહ્યા હતા.

'એ બધી જ અફવાઓ સત્ય છે.'

સૈનિકો એટલું જાણતા હતા કે દંડકારણ્ય નર્મદાની દક્ષિણે છે અને ભગવાન મનુએ નર્મદાની દક્ષિણે જવાની મનાઈ ફરમાવેલી છે. એ સરહદ ક્યારેય ઓળંગવાની નથી. એટલે તેઓ ભગવાન મનુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યા છે એટલું જ નહીં પરંતુ તેઓ ભયાનક દંડકારણ્યમાં પણ પ્રવેશી રહ્યા છે. એટલે કોઈ પણ માણસ કંઈ આડુંઅવળું કરીને પોતાના

ભાગ્યને અજમાવવા ઇચ્છતું જ નહોતું. અને કાલિના આ શબ્દોએ તેમનો એ નિર્ધાર વધુ દૃઢ બનાવ્યો.

'આ મોતના છટકામાંથી પસાર થવાનો માર્ગ માત્ર ગણેશ, વિશ્વધુમન અને હું જો જાણીએ છીએ. એટલે જા તમારે જીવતા રહેવું હોય તો અમારા તમામ આદેશનું પાલન કરવાનું અને અમે કહીએ એમ જ કરવાનું. અને એના બદલામાં હું તમને વચન આપું છું કે તમે બધા જીવંત અવસ્થામાં જ પંચવટી પહોંચશો.'

સૈનિકોએ જોશપૂર્વક મસ્તક હકારમાં હલાવ્યાં.

'હવે બાકીનો દિવસ પોતપોતાનાં વહાણો પર આરામ કરો, ભોજન કરો અને ઊંઘી લો. કાલે સવારે સૂર્યોદયના સમયે આપણે પ્રયાણ કરીશું. આજે રાત્રે કોઈ એકલું સુંદરવનમાં ફરવા નીકળશે નહીં. જો કોઈ નીકળશે તો તેને એવો જ અનુભવ થશે કે આ વન સુંદર કરતાં ઘાતકી વધારે છે.'

પછી કાલિ નીચે ઊતરીને શિવ અને સતી પાસે ગઈ.

'દંડકારણ્ય અહીંથી કેટલું દૂર છે ?' સતીએ પૂછ્યું.

કાલિએ આસપાસ જોઈને સતીને કહ્યું, 'આપણો કાફલો અત્યંત વિશાળ છે. સામાન્ય રીતે તો અહીંથી દંડકારણ્યમાં પહોંચતાં એક માસ જ લાગે પરંતુ મને લાગે છે કે આપણા કાફલાને બેથી ત્રણ માસનો સમય લાગશે. મને જોકે એનો વાંધો નથી. મૃત્યુ પામવા કરતાં ધીમેથી આગળ વધવું સારું.'

'તને બોલતાં તો સારું આવડે છે, બહેન.'

કાલિએ આનંદપૂર્વક સ્મિત કર્યું.

'શું પંચવટી દંડકારણ્યની મધ્યમાં આવેલું છે ?' શિવે પૂછ્યું.

'ના, શિવ. એ દંડકારણ્યના પશ્ચિમ છેવાડા બાજુ આવેલું છે.'

'તો ઘણું દૂર કહેવાય.'

'એટલે તો મેં કહ્યું કે ત્યાં પહોંચવામાં ઘણો સમય લાગશે. એક વાર દંડકારણ્યમાં પહોંચ્યા પછી પંચવટી પહોંચતાં છ માસ જેટલો સમય લાગશે.'

'હંઅઅઅ,' શિવે કહ્યું, 'આપણે વહાણમાંથી પૂરતો ભોજનનો પુરવઠો લઈ લેવો જોઈએ.'

'એની આવશ્યકતા નથી, શિવ,' કાલિએ કહ્યું, 'વધારે પડતા સામાનથી આપણી ગતિ વધારે પડતી ઘટી જશે. વનમાં આપણને જોઈતું ભોજન ભરપૂર માત્રામાં મળી રહેશે. આપણે માત્ર એટલું જ ધ્યાન રાખવું પડશે કે કોઈ ન ખાવા જેવું કશું ખાઈ ન લે.'

'ઠીક છે. પરંતુ ભોજન એકમાત્ર સમસ્યા નથી. આપણે વનમાં નવ માસ વિતાવવાના થશે. અને વનમાં અન્ય ઘણાં જોખમો પણ છે જ.'

કાલિની આંખમાં ચમક આવી ગઈ. 'મારી સાથે હોવ ત્યારે નહીં.'



મુખ્ય વહાણના તૂતક પર ભોજન પીરસી દેવામાં આવ્યું હતું. નાગવંશીઓમાં સમૂહભોજનની પ્રથા હતી અને શિવે એ પ્રથાને માન આપવાનું નક્કી કર્યું હતું. એ પ્રથામાં કેળનાં ઘણાં બધાં પર્ણોને જોડીને વિશાળ થાળી બનાવવામાં આવતી અને એ થાળીમાંથી એકસાથે ઘણા બધા લોકો જમતા.

શિવ, સતી, કાલિ, ગણેશ, કાર્તિક, પર્વતેશ્વર, આનંદમયી, ભગીરથ, આયુર્વતી, પરશુરામ, નંદી, વીરભદ્ર અને કૃતિકા આવી એક વિશાળ થાળી ફરતે બેઠાં હતાં. પર્વતેશ્વરને આ પ્રથા વિચિત્ર અને બિનઆરોગ્યપ્રદ લાગી હતું પરંતુ હંમેશ મુજબ તેમણે શિવના આદેશને માથે ચડાવ્યો હતો.

'આ પ્રથા પાછળનું કારણ શું છે, મહારાણી ?' ભગીરથે કાલિને પૂછ્યું.

'અમે નાગવંશીઓ એમ માનીએ છીએ કે અન્નપૂર્ણા દેવી અમારી સામૂહિક માતાઓમાંની એક મા છે. છેવટે એ જ તો આપણને જીવતા રાખે છે, બરોબર ? આ પ્રથાને કારણે અમને અન્નપૂર્ણાના આશીર્વાદ એકસાથે મળે છે. યાત્રા દરમિયાન અમે આવી રીતે જ ભોજન લઈએ છીએ. હવે આપણે બધા જ ભાઈઓ અને બહેનો છીએ અને આપણી બધાની યાત્રાનું ભાગ્ય પણ એકબીજા સાથે જોડાઈ ચૂક્યું છે.'

'એ સત્ય છે,' ભગીરથે કહ્યું. સાથે-સાથે તેને એવો વિચાર પણ આવી ગયો કે સામૂહિક ભોજનને કારણે ભોજનમાં ઝેરની મિલાવટ સામે પણ અમુક અંશે રક્ષણ મળી જાય છે.

'દંડકારણ્યમાં સાચે જ આટલાં બધાં ભયસ્થાનો રહેલાં છે, મહારાણી ?' પર્વતેશ્વરે પૂછ્યું, 'કે આ અફવાથી માત્ર શિસ્ત જાળવવામાં આવે છે ?'

'જો આપણે નિયમપાલન કરીએ તો વન પ્રેમાળ માતાની જેમ પ્રેમાળ અને દરકારવાળું બની રહે છે, પરંતુ જરા પણ નિયમ ચૂક્યા તો તેનો રાક્ષસ જેવો પ્રકોપ પણ સહેવો પડે છે. એટલે શિસ્તની જાળવણી માટે જ આવી અફવાઓ ફેલાવવી પડે છે. નવ માસ ઘણો લાંબો સમય છે અને એ દરમિયાન ભૂલો થવાની સંભાવના પણ ઘણી વધી જવા પામે છે. પરંતુ મારો વિશ્વાસ કરો, માર્ગ ચૂકનારા કે નિયમનો ભંગ કરનારા માટે એ અફવાઓ સાચી પડવામાં પણ વાર નહીં લાગે.'

'ઠીક છે,' શિવે કહ્યું, 'ઘણી ચર્ચાઓ કરી. હવે ભોજન લઈએ.'

આ ચર્ચા દરમિયાન આયુર્વતી કૃતિકા અને વીરભદ્રને જ નીરખી રહી હતી. ભોજનના કોળિયા લેતાં લેતાં વીરભદ્ર કાર્તિક સામે આંગળી ચીંધીને પોતાની પત્નીને ધીમા અવાજે કંઈક કહી રહ્યો હતો. તે બંને કાર્તિક સામે એટલા પ્રેમથી જોતાં હતાં જાણે કે તે તેમનો જ પુત્ર હોય.

આયુર્વતીએ સ્મિત કર્યું. એ તેમની પીડા સમજી શકતી હતી.



'સેનાપતિ,' વીરભદ્રએ કહ્યું.

પર્વતેશ્વર ચિડાયેલા જણાતા હતા. એ બંને જણા સૌથી આગળના વહાણની પાસે રચવામાં આવેલા તરતા ઓવારા પર સો જેટલા સૈનિકો સાથે ઊભા હતા. સૌથી આગળ કાલિ અને ગણેશ ઊભાં હતાં. કોઈ જ માર્ગ દેખાતો નહોતો. દરેક દિશામાં ઝાડીઓ જ દેખાતી હતી.

વીરભદ્રને જોઈને જોકે પર્વતેશ્વર થોડાક શાંત પડ્યા. 'શું પ્રભુ આવી રહ્યા છે ?'

'ના, સેનાપતિ. માત્ર હું જ આવી રહ્યો છું.'

પર્વતેશ્વરે હકારમાં મસ્તક હલાવ્યું, 'ઠીક છે.' પછી કાલિ સામે જોઈને તેમણે કહ્યું, 'મહારાણી, તમે એવી આશા તો નથી રાખતાં ને કે મારા માણસો આવી ઝાડીઓમાંથી

માર્ગ કરતાં કરતાં જ પંચવટી પહોંચે ?'

'જો હું રાખતી પણ હોત, તો તમારા સૂર્યવંશી સૈનિકો તો સરળતાથી એમ કરી શકત.'

પર્વતેશ્વર ઝીણી આંખે જોઈ રહ્યા, 'દેવી, હવે મારી ધીરજનો અંત આવી રહ્યો છે. મને સમજાય એવો ઉત્તર આપો, નહીંતર હું મારા માણસોને લઈને પાછો ફરીશ.'

'તમારા વિશ્વાસ સંપાદન માટે મારે શું કરવું એ જ મને નથી સમજાતું, સેનાપતિ. શું તમારા માણસોને હાનિ પહોંચાડવા જેવું કશું પણ મેં અત્યાર સુધી કર્યું છે ?' કાલિએ એક દિશામાં આંગળી ચીંધતાં કહ્યું, 'અત્યારે હું માત્ર એટલું જ ઇચ્છું છું કે તમારા માણસો આ દિશામાં ઝાડીઓમાંથી માર્ગ કરતાં કરતાં માત્ર સો હાથ જેટલા જ આગળ વધે.'

'બસ એટલું જ ?'

'હા, એટલું જ.'

પર્વતેશ્વરે હા પાડી. સૈનિકોએ ત્વરાથી પોતાની તલવારો ખેંચી અને એક કતારમાં ગોઠવાઈ ગયા. વીરભદ્ર પણ તેમની સાથે જોડાયો. એકદમ ગાઢ ઝાડીમાંથી માર્ગ કરતાં કરતાં તેઓ આગળ વધ્યા. વિશ્વધુમન અને ગણેશ એ કતારને છેવાડે પોતાની તલવારો ખેંચીને આગળ ઊભા હતા. એમને જોઈને જણાઈ આવતું હતું કે એ લોકો આ માણસોને કોઈ અજાણ્યા જોખમથી બચાવવા માટે ઊભા છે.

થોડાક સમય પછી, વીરભદ્ર અને સૈનિકોના આશ્ચર્ય વચ્ચે, ગાઢ ઝાડીના બદલે તેમને ચોખ્ખો માર્ગ જોવા મળ્યો. એટલો પહોળો હતો કે એક સાથે દસ અશ્વસવારો આગળ ધપી શકે.

'હે રામ, આ માર્ગ ક્યાંથી પ્રગટ થયો ?' આશ્ચર્ય અનુભવતાં પર્વતેશ્વરે કહ્યું.

'આ સ્વર્ગનો માર્ગ છે,' કાલિએ કહ્યું, 'પરંતુ અહીં પહોંચતાં પહેલાં નર્કમાંથી પસાર થવું પડે છે.'

પર્વતેશ્વરે નાગવંશી રાણી સામે જોયું.

કાલિએ કહ્યું, 'મેં કહ્યું જ હતું કે મારી પર વિશ્વાસ રાખો.'

વીરભદ્ર આગળ આવીને એ માર્ગને આશ્ચર્યથી નીરખી રહ્યો. એ માર્ગ એકદમ સીધો અને ઘણો લાંબો જણાતો હતો. તેની પર યોગ્ય રીતે પથ્થરો પણ પાથરવામાં આવ્યા હતા. માર્ગની બંને બાજુ વૃક્ષોની હારમાળાની આગળ કાંટાળી વેલો પણ વાવવામાં આવી હતી.

'આ વેલો ઝેરી છે ?' પર્વતેશ્વરે એ દિશામાં આંગળી ચીંધતાં કહ્યું.

'આપણા માર્ગની દિશામાં જે વેલ દેખાય છે, એ નાગવલ્લી વેલ છે,' કાલિએ કહ્યું, 'તમે ઇચ્છો તો એનાં પાન ખાઈ પણ શકો છો. પરંતુ પેલી બાજુ વનની દિશામાં જે વેલ વાવેલી છે, તે અત્યંત ઝેરી છે. જો એનો કોઈ કાંટો વાગી ગયો, તો તમને અંતિમ પ્રાર્થના કરવા જેટલો સમય પણ નહીં મળે.'

આશ્ચર્યથી પર્વતેશ્વરની ભમરો ઊંચી થઈ ગઈ. આ બધું તેમણે કઈ રીતે રચ્યું હશે ?

વીરભદ્રએ કાલિને કહ્યું, 'મહારાણી, અમારે આટલું જ કરવાનું છે ? આ માર્ગ શોધીને સીધેસીધા આગળ વધતા રહેવાનું છે ? અને અમને નાગવંશીઓનું નગર મળી જશે ?'

કાલિએ સસ્મિત કહ્યું, 'એટલું સરળ હોત, તો શું જોઈતું હતું ?'



પ્રથમ પ્રહર પૂરો થવામાં હતો. સૂર્ય ક્ષિતિજ પર ડોકાઈ રહ્યો હતો. થોડીક જ ક્ષણોમાં એ પ્રકાશીને ઉષ્મા અને અજવાળું ફેલાવવા માંડવાનો હતો. જોકે ગાઢ સુંદરવનમાં સૂર્યનાં કિરણો બહુ ઓછાં પહોંચતાં હતાં. શિવના કાફલાનો માર્ગ અજવાળવા બહુ ઓછાં કિરણો સુંદરવનની ગાઢ વનરાજી વીંધી શકતાં.

ઝાડીઓ વીંધીને નાગવંશીઓના માર્ગ સુધી પહોંચવાની જગ્યાએ સૈનિકોની એક ટુકડી ઊભી રાખવામાં આવી હતી અને તેમને સ્પષ્ટ સૂચનાઓ પણ આપવામાં આવી હતી. વનમાં જે કંઈ પણ આવે તેને મારી કાઢવું.

પગપાળા આગળ વધતા સૈનિકો આશ્ચર્ય અનુભવતા એ માર્ગ ઉપર આવતા હતા. તેમને આવા આરામદાયક અને સુરક્ષિત માર્ગની તો આશા જ નહોતી. આખા કાફલાની ફરતે મશાલધારી અશ્વારોહીઓ હતા જે અજવાળું પૂરું પાડતા હતા.

સૌથી આગળ એક કાળા અશ્વ પર સવાર વિશ્વધ્યુમન હતો અને તેની સાથે પર્વતેશ્વર, ભગીરથ અને આનંદમયી હતાં. નીલકંઠનું કુટુંબ કાફલાની મધ્યમાં કાલિ, આયુર્વતી, કૃતિકા અને નંદી સાથે હતું. ગણેશ ખુલ્લા માર્ગ પર પહોંચી ગયો હતો અને તેની સાથે વીરભદ્ર અને પરશુરામ હતા. તમામ સૈનિકો પસાર થઈ જાય ત્યાં સુધી ગણેશ પ્રતીક્ષા કરવાનો હતો. એ પછી તેણે એક વિશેષ કામ કરવાનું હતું.

'આપણે રક્ષણ માટે પાછળ રહેવાની આવશ્યકતા ખરી, ગણેશ ?' વીરભદ્રએ પૂછ્યું, 'તરતાં સુંદરીના વૃક્ષો શોધીને અહીં સુધી પહોંચવું જ અશક્ય છે.'

'અમે નાગવંશીઓ છીએ. તમામ લોકો અમને ધિક્કારે છે. એટલે અમે જેટલી કાળજી લઈએ એટલી ઓછી જ છે.'

'બધા જ સૈનિકો આવી ગયા. હવે શું ?'

'હવે તમે મારું રક્ષણ કરો,' ગણેશે કહ્યું.

ગણેશ માર્ગના પ્રવેશદ્વાર પાસે બીજની એક પોટલી લઈને ગયો. વીરભદ્ર અને પરશુરામ ગણેશના ડાબા અને જમણા પડખે તેનું રક્ષણ કરી રહ્યા હતા.

તેઓ એ જગ્યાએ આગળ વધ્યા એટલામાં જ એક જંગલી ભૂંડ ત્યાં આવતું દેખાયું. વીરભદ્રએ ક્યારેય પણ આટલું વિશાળ ભૂંડ જોયું નહોતું. એ પ્રાણી થોડેક આગળ આવીને અટકી ગયું અને માનવો સામે જોતાં જોતાં હળવો ઘુરકાટ કરવા માંડ્યું. પરશુરામે ગણેશ સામે જોયું. એ પ્રાણી હવે તેમની પર આક્રમણ કરવાની તૈયારી કરી રહ્યું હોય એમ જણાતું હતું. ગણેશે ધરતી પર બીજ વેરવાનું ચાલુ રાખીને પરશુરામને મસ્તક હલાવીને હા પાડી. પરશુરામે આગળ જઈને પોતાની પરશુ વીંઝી અને એક જ ઝાટકામાં એ ભૂંડનું માથું વાઢી નાખ્યું.

વીરભદ્ર પરશુરામને સહાય કરવા આગળ જઈ રહ્યો હતો પરંતુ ગણેશે તેને અટકાવ્યો. 'તું બીજી દિશામાં તારું ધ્યાન પરોવ, વીરભદ્ર. આ દિશા તો પરશુરામ સંભાળી લેશે.'

દરમિયાન પરશુરામે એ પ્રાણીના દેહ પર પ્રહાર કરવા ચાલુ રાખ્યા. પછી ભૂંડના કપાયેલા ટુકડાને ઘસડીને તે માર્ગ પર લાવ્યા.

આવતાં આવતાં તેમણે વીરભદ્રને સમજાવ્યું, 'આ મૃતદેહથી અન્ય પ્રાણીઓ આકર્ષાય.'

દરમિયાન ગણેશે બીજ વેરવાનું પૂરું કરી નાખ્યું. પછી અવળા ફરીને તે માર્ગ પર આગળ વધવા માંડ્યો. પરશુરામ અને વીરભદ્ર ગણેશને અનુસર્યા.

જેવા તેઓ માર્ગ પર આગળ વધ્યા કે વીરભદ્ર બોલી ઊઠ્યો, 'એ અત્યંત વિશાળ

ભૂંડ હતું.'

'આમ જોવા જાવ તો એ બહુ જ નાનું હતું, કારણ કે એ બચ્ચું જ હતું,' ગણેશે કહ્યું, 'એના ટોળાના બીજા સભ્યો એનાથી ઘણા મોટા હશે. એમાંથી કોઈ આ માર્ગ પર ધસી ન આવે તો જ સારું. એ અત્યંત ઘાતકી હોય છે.'

પોતાના અશ્વો પર એકદમ સ્થિર બેઠેલા સો બ્રંગ સૈનિકો તેમની પ્રતીક્ષા કરી રહ્યા હતા. વીરભદ્રએ તેમને જોયા અને ગણેશને પૂછ્યું, 'હવે શું ?'

'હવે પ્રતીક્ષા કરવાની,' ગણેશે તલવાર ખેંચીને શાંત અવાજે કહ્યું, 'આપણે આવતીકાલ સવાર સુધી આ માર્ગનું રક્ષણ કરવાનું છે અને એમાં જે પણ પ્રવેશવાનો પ્રયત્ન કરે તેની હત્યા કરી નાખવાની છે.'

'માત્ર સવાર સુધી જ ? ત્યાં સુધીમાં પેલી ઝાડીઓ થોડી ઊગી નીકળવાની છે ?'

'અવશ્ય ઊગી નીકળશે.'



વાઘની ગર્જનાથી વીરભદ્રની ઊંઘ ઊડી ગઈ. કોઈ પ્રાણી, સંભવતઃ કોઈ હરણ, એ પ્રાણીનો શિકાર બન્યું હતું. આખું વન જાગી ગયું હતું. સૂર્યદેવનું હમણાં જ આગમન થયું હતું. તેની આગળ પચાસ સૈનિક સૂતા હતા. તેની પાછળ પેલો નાગવંશી માર્ગ હતો જેની પર ગઈકાલે શિવનો કાફલો ગયો હતો.

વીરભદ્રએ પોતાના દેહ પર અંગવસ્ત્ર સરખી રીતે વીંટાળ્યું અને ઊંડા શ્વાસ લીધા. ઠંડી પડી રહી હતી. પોતાની બાજુમાં થોડુંક મોઢું ખુલ્લું રાખીને નસકોરાં બોલાવતા પરશુરામને તેણે જોયો.

વીરભદ્રએ કોણી પર પોતાનું વજન લીધું અને ઊંચા થઈને આસપાસ જોયું. પચાસ સૈનિકો ચોકી કરતા ઊભા હતા. તેમની તલવારો તૈયાર જ હતી. મધ્યરાત્રે તેમણે પચાસ સૈનિકોની પહેલી ટુકડીને ઊંઘવા માટે મુક્ત કરી હતી.

'ગણેશ ?'

'અહીંયાં છું, વીરભદ્ર,' ગણેશે કહ્યું.

વીરભદ્ર ઊભો થઈને આગળ વધ્યો એટલે સૈનિકો થોડાક ખસ્યા અને તેને ગણનાયક દેખાયો. વીરભદ્રને અત્યંત આશ્ચર્ય થયું.

'હે પવિત્ર માનસરોવર,' વીરભદ્રએ કહ્યું, 'આ ઝાડીઓ તો પહેલાં જેટલી જ ઊગી ગઈ છે. જાણે ક્યારેય કપાઈ જ ન હોય એમ લાગે છે.'

'હવે આ માર્ગ સંપૂર્ણ સુરક્ષિત છે. હવે આપણે આગળ વધી શકીએ. અડધો દિવસ બરોબર અશ્વો દોડાવીશું એટલે આપણે કાફલા સુધી પહોંચી જઈશું.'

'તો પછી આપણે શેની પ્રતીક્ષા કરી રહ્યા છીએ ?'



'તારે એમને પૂછવું જોઈએ,' વીરભદ્રએ કૃતિકાને કહ્યું.

સુંદરવનમાં કૂચ શરૂ કર્યાને એક નિરસ માસ વીતી ગયો હતો. મોટો કાફલો હોવા છતાં એ લોકો ઘણા આગળ વધી શક્યા હતા. કાફલાની મધ્યમાંથી કૃતિકા સરકીને છેક પાછળ સુધી આવી ગઈ હતી કે જેથી તે પોતાના પતિ સાથે વાત કરી શકે. તેને ગણેશ સાથે વાત કરવાનો આનંદ આવી રહ્યો હતો અને ધીમે-ધીમે સતીનો મોટો પુત્ર તેને પણ ગમવા માંડ્યો હતો.

ગણેશ કૃતિકા અને વીરભદ્ર સાથે જ પોતાનો અશ્વ રાખી રહ્યો હતો. તેણે કૃતિકાને કહ્યું, ‘મને શું પૂછવું છે ?’

‘વાત એમ છે કે,’ કૃતિકાએ કહ્યું, ‘વીરભદ્ર એમ કહેતા હતા કે સમ્રાટ દક્ષે ચેનારધ્વજની હત્યા કરાવી છે એ સાંભળીને તમને બહુ આશ્ચર્ય નહોતું થયું.’

હવે પરશુરામે પણ પોતાના અશ્વને એ ત્રણેયની હરોળમાં લઈ લીધો હતો, કારણ કે એને પણ જિજ્ઞાસા થઈ આવી હતી.

‘તમને એની જાણ હતી ?’ કૃતિકાએ પૂછ્યું.

‘હા.’

કૃતિકા ગણેશના મુખને જોઈ રહી. તે ધિક્કાર કે ક્રોધની લાગણીનાં ચિહ્નો શોધવા મથી રહી હતી પરંતુ એવું કશું જ તેને જોવા મળ્યું નહીં. ‘શું તમને પ્રતિશોધ લેવાની ઇચ્છા નથી થઈ ? અન્યાય થયાની લાગણી નથી થઈ ?’

‘મને પ્રતિશોધ કે ન્યાયની આવશ્યકતા ક્યારેય નથી લાગી, કૃતિકાજી,’ ગણેશે કહ્યું, ‘ન્યાયનું અસ્તિત્વ સમગ્ર બ્રહ્માંડના ઇષ્ટ માટે છે. તેનાથી સમતોલન જળવાઈ રહે છે. એ માનવ-માનવ વચ્ચે ધિક્કારની લાગણી જન્માવવા નથી. ઉપરાંત, મેલુહાના સમ્રાટ સામે પ્રતિશોધ લેવાની કે ન્યાય તોળવાની ક્ષમતા મારી નથી. એ તો સ્વયં બ્રહ્માંડ જ કરે છે. તે યોગ્ય સમયે ન્યાય તોળી દેશે. પછી તે આ જન્મમાં હોય કે આવતા જન્મમાં.’

પરશુરામે કહ્યું, ‘શું પ્રતિશોધ લેવાથી તમને સારું નહીં લાગે ?’

‘તમે પ્રતિશોધ લીધો, બરોબર ?’ ગણેશે પરશુરામને પૂછ્યું, ‘શું તમને સાચે જ સારું લાગ્યું હતું ?’

પરશુરામે ઊંડો શ્વાસ લીધો. તેને સારું નહોતું લાગ્યું.

‘એટલે દક્ષને કોઈ શિક્ષા મળે એવું તું નથી ઇચ્છતો ?’ વીરભદ્રએ પૂછ્યું.

ગણેશે કંઈક વિચારીને કહ્યું, ‘મને તેની પરવા નથી.’

વીરભદ્રએ સ્મિત કર્યું અને તેને સ્મિત કરતો જોઈને પરશુરામને વિસ્મય થયું.

‘શું ?’ પરશુરામે પૂછ્યું.

‘ખાસ કંઈ નહીં,’ વીરભદ્રએ કહ્યું, ‘શિવે મને એક વાર કંઈક કહ્યું હતું તે હવે મને સમજાય છે. તેમણે મને કહ્યું હતું કે પ્રેમની વિરોધી લાગણી ધિક્કાર નથી. પ્રેમની વિરોધી લાગણી છે ભાવશૂન્યતા. એ સમયે તમને કોઈ વ્યક્તિને શું થશે તેની જરા પણ પરવા નથી હોતી.’



‘ભોજન સ્વાદિષ્ટ છે,’ શિવે સસ્મિત કહ્યું.

સુંદરીનાં વૃક્ષો હટાવીને પ્રયાણ કર્યાને શિવના કાફલાને બે માસ વીતી ચૂક્યા હતા. તેઓ ભયાવહ દંડકારણ્યમાં હમણાં જ પ્રવેશ્યા હતા. માર્ગનો અંત એક વિશાળ ખુલ્લી

જગ્યામાં આવ્યો હતો. એ જગ્યા એટલી વિશાળ હતી કે તેમાં શિવના કાફલાથી પણ ઘણા વધારે માણસો આવી શકે તેમ હતા. નાગવંશી પરંપરા અનુસાર બધા એક સાથે મોટી મોટી થાળીઓ ફરતે ગોઠવાઈને ભોજન લઈ રહ્યા હતા.

કાલિએ વળતું સ્મિત કરીને કહ્યું, 'વનમાં આપણી આવશ્યકતાની તમામ વસ્તુઓ છે.'

સતીએ ગણેશની પીઠ થપથપાવી. ગણેશ પોતાના કુટુંબથી અલગ, કાફલાની પાછળ અશ્વ ચલાવતો હતો એટલે જ્યારે આવી રીતે સહકુટુંબ ભોજન લેવાનું થાય, ત્યારે સતીને અત્યંત આનંદ થતો. 'ભોજન યોગ્ય છે ?'

'એકદમ સ્વાદિષ્ટ, મા,' ગણેશે હસતાં હસતાં કહ્યું.

પછી ગણેશે કાર્તિકના ખોળામાં એક કેરી સરકાવી દીધી. હમણાંથી કાર્તિક ભાગ્યે જ હસતો હતો. કેરી જોઈને તેણે પોતાના ભાઈ સામે પ્રેમાળ દૃષ્ટિથી જોઈ લીધું. 'આભાર, મોટાભાઈ.'

ભગીરથે કાલિ સામે જોયું. એ હવે પોતાની જાતને રોકી શક્યો નહીં, 'મહારાણી, આ મેદાનથી આગળ વધતા પાંચ રસ્તાઓ શા માટે છે ?'

'હું વિચારી જ રહી હતી કે અત્યાર સુધી તેં આ પ્રશ્ન પૂછ્યો કેમ નહીં ?'

બધાએ કાલિ સામે જોયું.

'એકદમ સરળ છે. આ પાંચમાંથી ચાર માર્ગ તો દંડકારણ્યમાં વધુ ને વધુ ઊંડે લઈ જાય છે – મૃત્યુ સુધી.'

'તો સાચો માર્ગ કયો છે ?' ભગીરથે પૂછ્યું.

'આપણે કાલે સવારે નીકળીએ ત્યારે હું તને જણાવીશ.'

'આવાં અન્ય કેટલાં મેદાનો છે, કાલિ ?' શિવે પૂછ્યું.

કાલિના હોઠ પર બહોળું સ્મિત આવી ગયું, 'પંચવટીના માર્ગ સુધીમાં આવાં કુલ પાંચ મેદાનો આવે છે, શિવ.'

'ભગવાન રામ, કૃપા કરજો,' પર્વતેશ્વર બોલી પડ્યા, 'તેનો અર્થ એ થયો કે પંચવટી સુધી પહોંચવા કુલ ત્રણ હજારમાંથી એક જ માર્ગ સાચો છે !'

'હા,' કાલિના મુખ પર સ્મિત રમતું હતું.

આનંદમયી મરકી રહી હતી. 'તો અમે બધા આશા કરીએ કે તમે એ માર્ગ ભૂલી ન ગયા હોવ, મહારાણી !'

કાલિએ પણ વળતા સ્મિત સાથે ઉત્તર આપ્યો, 'ક્યારેય ન ભૂલું. વિશ્વાસ રાખજો.'



પોતાનાથી થોડાક આગળ અશ્વ ચલાવી રહેલા શિવ, સતી અને નંદીને કાલિ જોઈ રહી. શિવે કંઈક કહ્યું હતું અને સતી અને નંદી તે વાત પર ખડખડાટ હસી રહ્યા હતા. પછી નીલકંઠે નંદી સામું જોઈને આંખ મારી.

કાલિએ આયુર્વતી સામે જોયું. 'એમનામાં એ આવડત સરસ છે.'

એ લોકો કાફલાની મધ્યમાં હતા અને કાફલો પંચવટીની દિશામાં અગ્રેસર હતો. મધુમતી નદીથી નીકળ્યાને ત્રણ માસ થઈ ગયા હતા. તેઓ હવે દંડકારણ્યમાં ઘણા ઊંડા ઊતરી ગયા હતા. કૂચમાં કંઈ અણધાર્યું બન્યું નહોતું અને સંભવતઃ કૂચ થોડીક નિરસ પણ

બની ગઈ હતી. નિરસતા દૂર કરવા વાતો એકમાત્ર આધાર હતો.

'શેની આવડત છે ?' આયુર્વતીએ પૂછ્યું.

'લોકોને શાંતિનો અનુભવ કરાવવાની, તેમનામાંથી દુઃખની લાગણી દૂર કરવાની,' કાલિએ કહ્યું.

'એ તો એમનામાં છે જ,' આયુર્વતીએ કહ્યું, 'જોકે આ તો એમની ઘણી આવડતોમાંની એક આવડત છે. ઓમ્ નમઃ શિવાય.'

કાલિને આશ્ચર્ય થયું. મેલુહાની આ વૈદ્યે પ્રાચીન મંત્ર ભ્રષ્ટ કરી નાખ્યો હતો. 'ઓમ્' અને 'નમઃ' શબ્દો માત્ર ભગવાનના નામની આગળ જ ઉમેરવામાં આવતા, જીવતા માનવના નામની આગળ નહીં.

નાગવંશીઓની રાણીએ આગળ જઈ રહેલા શિવને નીરખ્યા. અને પછી તે હસી પડી. ક્યારેક સરળ શ્રદ્ધાથી જ પ્રગાઢ શાંતિ પ્રાપ્ત થતી હોય છે.

કાલિએ આયુર્વતીના મંત્રનું પુનરુચ્ચારણ કર્યું. 'ઓમ્ નમઃ શિવાય.'

પછી આયુર્વતીએ થોડેક પાછળ અશ્વસવારી કરી રહેલા કાર્તિક સામે જોયું. એ છોકરાની ઉંમર ચાર વર્ષથી થોડીક જ વધારે હતી પરંતુ એ નવ વર્ષના છોકરા જેવો લાગતો હતો. જોકે તેને જોઈને કોઈ પણ આશ્ચર્ય અવશ્ય અનુભવે. તેની ભુજા અને મુખ પર ઘાવનાં નિશાન હતાં. તેની પીઠ પાછળ બે તલવારો ચોકડી પાડીને બાંધવામાં આવી હતી અને ઢાલ ક્યાંય દેખાતી નહોતી. તેની આંખો ઝાડીઓની પેલે પાર મંડાયેલી હતી અને સતત ભયસ્થાનો શોધતી રહેતી હતી.


જે દિવસથી કાર્તિકના મોટાભાઈએ તેને સિંહોના ટોળાથી એકલા હાથે બચાવ્યો હતો અને એ દરમિયાન મોટોભાઈ પોતે મોતના મુખમાં જઈ પડ્યો હતો, તે દિવસથી કાર્તિક બદલાઈ ગયો હતો. તે પોતાનાં માતા-પિતા, કૃતિકા અને ગણેશ સિવાય ભાગ્યે જ કોઈની સાથે કંઈ વાત કરતો. ક્યારેય તેના મુખ પર સ્મિત તો આવતું જ નહીં. વનમાં શિકાર કરવા જતી ટોળીમાં તે હંમેશા સામેલ થતો. ઘણી વાર તેણે એકલા હાથે પણ શિકાર કર્યા હતા. શિકાર કરી રહેલા કાર્તિકનાં વર્ણનો આયુર્વતીએ ઘણા સૈનિકો પાસેથી સાંભળ્યાં હતાં. તે એકદમ શાંત, ધ્યાનસ્થ અને નિર્દયી બની જતો.

આયુર્વતીએ નિસાસો નાખ્યો.

કાશીથી નીકળ્યા પછી કાલિ અને આયુર્વતી વચ્ચેનો સંબંધ ઘણો ઘનિષ્ટ થઈ ગયો હતો. કાલિએ હળવેથી કહ્યું, 'મને લાગે છે કે તે જીવનમાંથી યોગ્ય પાઠ શીખ્યો છે એ માટે તારે ખુશ થવું જોઈએ.'

'એ તો હજુ બાળક છે,' આયુર્વતીએ કહ્યું, 'એને મોટા થવામાં હજુ ઘણાં વર્ષો લાગવાનાં છે.'

'એ ક્યારે મોટો થશે એ નક્કી કરવાવાળા આપણે કોણ ?' કાલિએ કહ્યું, 'એ પસંદગી તો એણે કરવાની છે. તે એક દિવસ આપણને બધાને ગર્વનો અનુભવ કરાવશે.'



મધુમતીના કાંઠેથી કૂચ શરૂ થયાને આઠ માસ વીતી ચૂક્યા હતા. કાફલાને નાગવંશીઓના પાટનગર પંચવટી પહોંચવામાં માત્ર એક જ દિવસની વાર હતી. તેમણે મુખ્ય માર્ગની સમીપ, સરસ્વતી જેવી વિશાળ નદીના મુખ પાસે છાવણી નાખી હતી.

ભગીરથને વિચાર આવ્યો કે આ જ પેલી દંતકથારૂપ બની ગયેલી નર્મદા નદી હશે. ભગવાન મનુએ એની સરહદ કદી ન ઓળંગવાનો નિયમ બનાવ્યો હતો. તે લોકો નદીની ઉત્તરમાં હતા.

'આ નર્મદા નદી જ લાગે છે,' ભગીરથે વિશ્વધુમનને કહ્યું, 'મને લાગે છે કે આપણે આવતીકાલે તેને ઓળંગીશું. ભગવાન મનુ કૃપા કરજો.'

પર્વતેશ્વર પણ બોલી ઊઠ્યા, 'એ જ હોવી જોઈએ. દક્ષિણ ભાગમાં સરસ્વતી જેવી વિશાળ નદી માત્ર નર્મદા જ છે.'

વિશ્વધુમને સ્મિત કર્યું. એ લોકો નર્મદાની દક્ષિણે તો ક્યારના ઊતરી ગયા હતા. 'સજ્જનો, ઘણી વાર મગજ તમને એ જ બતાવતું હોય છે, જે તમારે જાવું હોય છે. ધ્યાનથી જુઓ. આ નદી ઓળંગવાની જરા પણ આવશ્યકતા નથી.'

આનંદમયીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. 'હે રૂદ્ર ભગવાન ! આ નદી તો પશ્ચિમથી પૂર્વ દિશામાં વહે છે.'

વિશ્વધુમને કહ્યું, 'સાચું કહ્યું, રાજકુમારી.'

તો એ નર્મદા ન હોઈ શકે. એ નદી તો પૂર્વથી પશ્ચિમ દિશામાં વહેતી હોવાનું કહેવાય છે.

'ભગવાન રામ કૃપા કરજો !' ભગીરથે કહ્યું, 'આવી નદીનું અસ્તિત્વ કઈ રીતે ગોપનીય રહી શકે ?'

'આ સમગ્ર ભૂમિથી ગોપનીય છે,' વિશ્વધુમને કહ્યું, 'આ ગોદાવરી નદી છે. અને એ પૂર્વ સમુદ્રમાં ભળે ત્યાં સુધી એ કેટલું વિશાળ રૂપ ધારણ કરે છે એ માનવા માટે તો તમારે એ દૃશ્ય જોવું જ પડે.'

પર્વતેશ્વરનું મોઢું આશ્ચર્યથી ખૂલી ગયું. તેમણે હાથ જોડીને નદીને વંદન કર્યાં.

'અને ગોદાવરી કંઈ એકમાત્ર નદી નથી,' વિશ્વધુમને કહ્યું, 'દક્ષિણમાં આનાથી પણ મોટી નદીઓ છે એવી વાત પણ મેં સાંભળી છે.'

ભગીરથ વિશ્વધુમન સામે જોઈ રહ્યો અને વિચારવા લાગ્યો કે આવતીકાલે આવાં બીજાં કેટલાં આશ્ચર્યો મળશે ?



'ગણેશ,' નંદીએ કહ્યું.

'બોલો, નંદીજી,' ગણેશે કહ્યું.

કાલિનો એક સંદેશ ગણેશ સુધી પહોંચાડવા માટે નંદી કાફલાના અંતભાગે આવ્યો હતો. 'ગણનાયક અને મહારાણી તેમની સાથે જ છે તેમ છતાં નાગવંશી ચોકીના સૈનિકો તેમની ચોક્કસ ભૂમિકા અનુસાર જ કામ કરશે.'

મહારાણી કાલિ પોતાના લોકોની સુરક્ષા માટે સદાય સચેત રહેતી હતી અને તે એમ સૂચવી રહી હતી કે હવે સમગ્ર કાફલો પંચવટી પહોંચે ત્યાં સુધી તેની પર નાગવંશી ચોકીના સૈનિકો ધ્યાન રાખશે કે જેથી કોઈ પણ પ્રકારનું જોખમ ટાળી શકાય.

ગણેશે નંદીનો આભાર માન્યો.

નંદીએ એક નાનકડી નાગવંશી ચોકી જોઈ. 'સો માણસો વળી કેવી સુરક્ષા પ્રદાન કરી શકે ગણેશ ? એ લોકો એકલા છે અને નગરથી એક દિવસના અંતરે છે. ચોકીની

પોતાની પણ કિલ્લેબંધી જેવી સુરક્ષા-વ્યવસ્થા નથી. નાગવંશીઓની અત્યાર સુધીની જે સુરક્ષા વ્યવસ્થા જોઈ છે તે અદ્ભુત લાગી છે પરંતુ તેની સરખામણીમાં આ અત્યંત નબળી વ્યવસ્થા લાગે છે.'

ગણેશે સ્મિત કર્યું. કોઈ બિન-નાગવંશી સાથે તેણે પોતાની સુરક્ષા-વ્યવસ્થાની વાત કરવાનું ઉચિત ન માન્યું હોત. પરંતુ આ તો નંદી હતો, શિવનો પડછાયો. તેની પર શંકા કરવી એટલે જાણે સ્વયં નીલકંઠ પર શંકા કરવી. 'તેઓ માર્ગ પર વધારે સુરક્ષા આપી શકે તેમ નથી. પરંતુ જો કોઈ પણ પ્રકારનું આક્રમણ થવાનું હોય, તો લોકો વહેલી ચેતવણી અવશ્ય આપી શકે છે. પછી એ લોકો પંચવટીની દિશામાં આવતા જાય તેમ તેમ છટકાં ગોઠવતા જાય, એ તેમનું મહત્ત્વનું કામ છે.'

નંદીને વિસ્મય થયું. માત્ર છટકાં ગોઠવવા માટેની ચોકી ?

'પરંતુ એ તેમનું પ્રમુખ કાર્ય નથી,' ગણેશે આંગળી ચીંધતાં કહ્યું, 'તેમનું પ્રમુખ કાર્ય છે આપણને નદી પરથી થઈ શકતા આક્રમણથી બચાવવાનું.'

નંદીએ ગોદાવરી નદી જોઈ. એમ જ હોય ! એ ક્યાંક તો પૂર્વ સમુદ્રને મળતી જ હશે. અને એનો ગેરલાભ અવશ્ય ઉઠાવી શકાય. નાગવંશીઓએ બધી જ દિશામાં વિચારી રાખ્યું છે.



ગાઢ વનરાજીમાંથી ચળાઈને આવતી ઝાંખી ચાંદનીને કારણે દંડકારણ્યના જીવોમાં સુરક્ષાની છેતરામણી ભાવના ઊભી કરી હતી. શિવના કાફલામાં પણ નિરવતા વ્યાપી ગઈ હતી. બધા જ લોકો ઊંઘી ગયા હતા. મોટાભાગના લોકો મોડી રાત સુધી જાગ્રત જ હતા અને ભયાવહ સુંદરવન તેમજ દંડકવનમાં તેમની કૂચ દરમિયાન કંઈ અઘટિત બન્યું નહીં તેની તેમજ આવતી કાલે પૂરી થતી યાત્રાની ચર્ચાઓ તેઓ કરી રહ્યા હતા. પંચવટી હવે માત્ર એક જ દિવસના અંતરે હતું.

અચાનક તીણા શંખનાદથી એ શાંતિનો ભંગ થયો. વાસ્તવમાં એકસાથે ઘણા શંખ ગાજવા માંડ્યા હતા.

કાફલાની મધ્યમાં સૂતેલી કાલિ સફાળી જાગી ગઈ. એવી જ રીતે શિવ, સતી અને કાર્તિક પણ જાગી ઊઠ્યા.

'આ શું થયું ?' શિવે ઘોંઘાટમાં સંભળાય એટલા ઊંચા અવાજે પૂછ્યું.

કાલિ આઘાત અનુભવતી નદી સામે જોઈ રહી હતી. આવું આ પહેલાં ક્યારેય બન્યું નહોતું. તેણે દાંત કચકચાવ્યા અને શિવને કહ્યું, 'તમારા કોઈ માણસે અમારી સાથે વિશ્વાસઘાત કર્યો છે !'

સમગ્ર છાવણી જાગ્રત થઈ ચૂકી હતી અને શંખનાદ સતત સંભળાતો હતો.

ગણેશ છાવણીના કિનારે નદીની પાસે જ હતો. તે નદીકિનારાની દિશામાં સીધો જ દોડ્યો. નંદી, વીરભદ્ર અને પરશુરામ તેને અનુસર્યા.

'શું થઈ રહ્યું છે ?' વીરભદ્રએ ઘોંઘાટમાં સંભળાય એટલા ઊંચા અવાજે પૂછ્યું.

'શત્રુનાં વહાણો ગોદાવરી નદીમાં આવી રહ્યાં છે,' ગણેશે બૂમ પાડી, 'એમને જોઈને ચોકી પરથી આ રીતે ચેતવણી આવી રહી છે.'

'હવે શું કરીશું ?' નંદીએ બૂમ પાડીને પૂછ્યું.

'ચોકીએ પહોંચો ! ત્યાં નાનકડી હોડીઓ છે !'

નંદીએ અવળા ફરીને એ ત્રણસો સૈનિકોને આ આદેશ આપ્યો જે તેમની પાછળ પાછળ અજાણ્યા જોખમનો સામનો કરવા આવી પહોંચ્યા હતા. સૈનિકો એ ચારેયની બરોબર પાછળ પાછળ જ આવ્યા હતા. એ લોકો ત્વરાથી નાગવંશી ચોકી પાસે પહોંચ્યા, જ્યાં સો નાગવંશી સૈનિકો તેમની નાનકડી પરંતુ મારકણી હોડીઓ તૈયાર કરી રહ્યા હતા.

દરમિયાન વિશ્વધુમન છાવણીના બીજા છેડે હતો અને આ જોખમથી સૌથી દૂર હતો. તેણે છેવટે આ અસંભવિત ઘટનાનો સ્વીકાર કર્યો અને આવું કંઈક થાય તો જે કરવું જોઈએ એ કરવાનું શરૂ કર્યું. લાલ જ્વાળા પ્રગટાવવામાં આવી કે જેથી પંચવટીમાં બધાને ચેતવણી મળી જાય.

દરમિયાન ભગીરથે વિશ્વધુમન પાસે જઈને પૂછ્યું, 'નદી પર સામનો કરવાની શું વ્યવસ્થા છે ?'

વિશ્વધુમન ક્રોધપૂર્વક ભગીરથ સામે જોઈ રહ્યો અને તેણે કોઈ જ ઉત્તર આપ્યો નહીં. તેણે માની લીધું હતું કે નાગવંશીઓ સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો.

ભગીરથે મસ્તક ઝાટક્યું અને તે પર્વતેશ્વરની દિશામાં દોડ્યો. પર્વતેશ્વર સૈનિકોને ભેગા કરીને નદીકિનારાની સમાંતરે સંરક્ષણાત્મક હરોળ રચી રહ્યા હતા.

'કોઈ સમાચાર ?' પર્વતેશ્વરે પૂછ્યું.

'એ કંઈ કહેવા તૈયાર નથી, પર્વતેશ્વર,' ભગીરથે કહ્યું, 'મને જેનો ભય હતો એ જ થઈ રહ્યું છે. એ લોકોએ આપણો વિશ્વાસઘાત કર્યો છે. આપણે સીધા જ એમના છટકામાં આવી પહોંચ્યા છીએ !'

પર્વતેશ્વરે મુઠ્ઠીઓ વાળીને પોતાની પાછળ યુદ્ધ માટે તત્પર પાંચસો સૈનિકોને કહ્યું, 'નદીમાંથી જે પણ પ્રગટ થાય એને હણી જ નાખો !'

અને પછી આકાશ જાણે સળગી ઊઠ્યું હોય એમ લાગ્યું. ભગીરથે ઉપર જોયું, 'હે રામ ! કૃપા કરજો.'

આકાશમાંથી અગ્નિબાણોનો વરસાદ થવા માંડ્યો. એ ઘણે દૂરથી એટલે કે ગોદાવરી પર આવી રહેલાં વહાણોમાંથી છોડવામાં આવ્યાં હતાં.

'ઢાલ ઉપર !' પર્વતેશ્વરે બૂમ પાડી.

મધ્યમાં શિવ અને કાલિએ પણ એ જ આદેશ આપ્યો. સૈનિકો પોતાની ઢાલ હેઠળ તીરનો વરસાદ સમાપ્ત થવાની પ્રતીક્ષા કરવા માંડ્યા. જોકે ઘણાં બધાં તીરે લક્ષ્યવેધ કરી લીધો હતો. ઘણા સૈનિકોનાં વસ્ત્રો સળગી ચૂક્યાં હતાં અને ઘણાના દેહ વીંધાઈ ચૂક્યા હતા. મોટી સંખ્યામાં સૈનિકો ઘવાયા હતા અને અમુક દુર્ભાગી સૈનિકો મૃત્યુ પણ પામ્યા હતા.

અને હજુ તેમાં રાહત મળવાની નહોતી. તીરનો વરસાદ સતત વરસતો રહ્યો.

એક તીર આયુર્વતીના પગમાં ખૂંપી ગયું. તેણે ચીસ પાડી અને પોતાનો પગ દેહ પાસે ખેંચી લઈને તેણે ઢાલને પોતાના દેહને રક્ષવાનો પ્રયત્ન કર્યો.

અણધાર્યા અને ઘાતક આક્રમણને કારણે શિવના કાફલાના મોટાભાગના લોકોએ ઢાલ પાછળ છુપાઈ જવું પડ્યું હતું. જોકે સાચું યુદ્ધ તો ગોદાવરી નદી પર લડાઈ રહ્યું હતું.

'ત્વરાથી !' ગણેશે બૂમ પાડી. જો થોડોક વધુ સમય આમ તીરનો વરસાદ વરસતો રહ્યો, તો આખા કાફલાનો વિનાશ થઈ જવાનો હતો.

તેના સૈનિકો, સૂર્યવંશીઓ, ચંદ્રવંશીઓ અને નાગવંશી સૈનિકો ગોદાવરી નદી પર ચડી આવેલા પાંચ વિશાળ વહાણોની દિશામાં પેલી નાની સો હોડીઓ લઈ જવા મથી

રહ્યા હતા. એ નાનકડી હોડીઓમાં સૂકું લાકડું અને ચકમક પથ્થરો રાખવામાં આવ્યા હતા અને તેની ઉપર જાડું કપડું ઢાંકી દેવામાં આવ્યું હતું. પૂરતા સમીપ પહોંચી ગયા પછી એ હોડીઓમાં આગ લગાડીને તેને વહાણો પર છોડી દેવાની હતી. આટલા વિશાળ, કાષ્ઠ વહાણોના વિનાશ માટે અગ્નિ જ ઉત્તમ ઉપાય હતો.

વહાણો ત્વરાથી નદી પર આગળ વધી રહ્યાં હતાં અને તેમાંથી તીરોનો વરસાદ પણ ચાલુ જ હતો. તેમની દિશામાં આવી રહેલાં વહાણોની ગતિ વધારે હતી એટલે ગણેશના સૈનિકોને તેમના સુધી પહોંચવા માટે વધારે દૂર સુધી તરવાની આવશ્યકતા પડી નહીં. નાનકડીઓ હોડીઓ એ વહાણો માટે તૈયાર જ હતી.

'હોડીઓ સળગાવો !' ગણેશે બૂમ પાડી.

સૈનિકોએ હોડીઓ પરથી જાડું વસ્ત્ર દૂર કરીને ચકમક પથ્થરો ઘસવા માંડ્યા. બધી હોડીઓ લગભગ એકસાથે સળગી ઊઠી અને વહાણ પરના આતતાયીઓ કશું કરી શક્યા નહીં. ગણેશના સૈનિકોએ એ સળગતી હોડીઓ વહાણના પડખામાં અથડાવી દીધી.

'એમને પકડી રાખજો !' નંદીએ બૂમ પાડી, 'વહાણ આગ પકડવું જોઈએ !'

વહાણ પરના આક્રમણખોરોએ પાણીમાં પોતાની પર સળગતી હોડીઓ છોડનારાની દિશામાં ધનુષ્ય તાક્યાં. નદીમાં ઊભા રહેલા શૂરવીર સૈનિકો પર તીરોનો વરસાદ વરસ્યો અને તેમાંથી ઘણા ઘવાયા તેમજ મૃત્યુ પામ્યા. સળગતી હોડીઓની આગ ગણેશના સૈનિકોને પણ દઝાડી રહી હતી પરંતુ તેઓ એ સહન કરીને પણ હોડીઓને વહાણના પડખામાં દબાવીને ઊભા રહ્યા હતા.

પાંચેય વહાણોમાં થોડીક વારમાં આગ લાગી ગઈ, પરંતુ ત્યાં સુધીમાં જેટલી જાનહાનિ થઈ તે ઘણી વધારે હતી.

'કાંઠે પાછા ફરો !' ગણેશે બૂમ પાડી.

એ જાણતો હતો કે તેણે હવે ગોદાવરીના કિનારે સંરક્ષણપંક્તિ રચવી પડશે. વહાણોએ આગ પકડી એટલે આક્રમણકારો કૂદી પડશે અથવા તો નાની હોડીઓ ઉતારશે અને લડવા માટે કાંઠે તો અવશ્ય આવશે.

ગણેશના સૈનિકો હજુ તો માંડ કિનારે પહોંચ્યા હશે કે તેમને કાન બહેરા કરી નાખે તેવો ધડાકો સંભળાયો. આઘાતથી તેમણે પાછળ જોયું. શત્રુઓના કાફલાના પ્રથમ વહાણના ફુરચા ઊડી ગયા હતા. થોડીક જ ક્ષણોમાં બીજાં વહાણના પણ એવા જ હાલ થયા.

ગણેશે પરશુરામ સામે જોઈને આઘાત અનુભવતાં કહ્યું, 'દૈવી અસ્ત્ર !'

પરશુરામે પણ આઘાત અનુભવ્યો અને ગણેશની વાતમાં સહમતી દર્શાવી. માત્ર દૈવી અસ્ત્રોથી જ આટલો મોટો ધડાકો શક્ય છે, પરંતુ આવું અસ્ત્ર કોઈના પણ હાથમાં કઈ રીતે આવી શકે ? અને એ પણ આટલી મોટી માત્રામાં ?

ગણેશ પોતાના માણસોને બૂમો પાડતો રહ્યો અને કેટલા જીવતા છે તે ગણતો રહ્યો. તેની પાછળ જે ચારસો શૂરવીરો દોડી આવ્યા હતા તેમાંથી સો વીરો તેણે ગુમાવ્યા હતા અને તેમાંથી મોટાભાગના નાગવંશી જ હતા કારણ કે આવી પરિસ્થિતિમાં શું કરવું તેની માહિતી માત્ર તેમને જ હતી. ગણનાયકે ક્રોધથી દાંત ભીડ્યા અને તે શિવ અને કાલિને શોધવા છાવણીની દિશામાં ધસી ગયો.



'તું અમને છટકામાં ખેંચી લાવ્યો !' ક્રુદ્ધ પર્વતેશ્વરે ઊંચા અવાજે કહ્યું. તીરોના વરસાદમાં તેમણે વીસ માણસો ગુમાવ્યા હતા.

છાવણીની મધ્યમાં મૃતકોની સંખ્યા ઘણી ઊંચી હતી. પચાસ જેટલા સૈનિકો મૃત્યુ પામ્યા હતા. સૌથી વધુ મૃત્યુ તો છાવણીના એ ભાગમાં થયાં હતાં જે શત્રુવહાણોની દિશામાં હતા. ત્યાં ત્રણસો સૈનિકો મૃત્યુ પામ્યા હતા જેમાં પેલા સો સૈનિકો પણ ખરા જે શત્રુ વહાણો પર આક્રમણ કરતી વખતે મૃત્યુ પામ્યા હતા. એક બાણનો તૂટેલો ટુકડો હજુ સાથળમાં જ ભરાયેલો હોવા છતાં આયુર્વતી આમથી તેમ દોડી રહી હતી જેથી શક્ય એટલા વધુ લોકોને બચાવી શકાય.

'આ સાવ મૂર્ખામીપૂર્ણ વાત છે !' કાલિએ પણ ઊંચા અવાજે કહ્યું, 'તમે લોકોએ અમારો વિશ્વાસઘાત કર્યો છે ! અત્યાર સુધી કોઈએ અમારી પર ગોદાવરી નદીમાંથી આક્રમણ નથી કર્યું, ક્યારેય નહીં !'

'શાંત થાવ !' હવે શિવે બૂમ પાડી. હમણાં જ આવી પહોંચેલા વીરભદ્ર, પરશુરામ, નંદી અને ગણેશને જોઈને શિવે કહ્યું, 'આ ધડાકા શેના હતા, પરશુરામ ?'

'દૈવી અસ્ત્ર, પ્રભુ,' પરશુરામે કહ્યું, 'પાંચેય શત્રુવહાણોમાં દૈવી અસ્ત્રો હતાં. આગ લાગવાથી એ અસ્ત્રોમાં ધડાકો થયો.'

શિવ ઊંડો શ્વાસ લઈને ક્ષિતિજને તાકી રહ્યા.

'પ્રભુ,' ભગીરથે કહ્યું, 'અહીંથી જ પાછા ફરી જાવ. પંચવટીમાં આનાથી પણ મોટાં છટકાં આપણી પ્રતીક્ષા કરી રહ્યાં છે. અહીંયાં માત્ર બે જ નાગવંશી છે. પચાસ હજાર નાગવંશીઓ શું કરી શકે, એ વિચારી જુઓ !'

કાલિનો ક્રોધ હવે ફાટી નીકળ્યો, 'આ બધું તેં જ કરાવ્યું છે ! આ પહેલાં ક્યારેય પંચવટી પર આક્રમણ નથી થયું. તારી સેનાની ટુકડીએ અહીં આક્રમણ કર્યું છે. એ તો અમારું સદ્ભાગ્ય કે ગણેશે વળતો પ્રહાર કર્યો અને તારી ટુકડીનો નાશ થયો. નહીંતર અમે બધા જ અહીં વઢાઈ ગયાં હોત.'

સતીએ હળવેથી કાલિનો સ્પર્શ કર્યો. તે એમ સૂચવવા ઇચ્છતી હતી કે ગણેશ સાથે લડનારા સૂર્યવંશી અને ચંદ્રવંશી સૈનિકો પણ મૃત્યુ પામ્યા હતા.

'બહુ થયું !' શિવે ઊંચા અવાજે કહ્યું, 'અહીંયાં શું થયું એ તમારામાંથી કોઈને નથી સમજાતું ?'

નીલકંઠે નંદી અને કાર્તિક સામે જોઈને કહ્યું, 'સો માણસોને નદીમાં ઉતારો. શત્રુ વહાણમાંથી કોઈ બચ્યું છે કે નહીં તેની તપાસ કરો. એ લોકો કોણ હતા તે મારે જાણવું છે.'

નંદી અને કાર્તિક તરત જ બહાર નીકળ્યા.

શિવે પોતાની આસપાસ ઊભેલા લોકો સામે આગ નીતરતી આંખે જોયું. 'કોઈકે આપણો વિશ્વાસઘાત કર્યો છે. તીરનો વરસાદ વરસાવનાર કોઈ ચોક્કસ સમૂહને પસંદ કરીને તીર નહોતો છોડી રહ્યો. એ લોકો આપણને બધાને મારી નાખવા ઇચ્છતા હતા.'

'પરંતુ એ લોકો ગોદાવરી પર આવી જ કઈ રીતે શકે ?' કાલિએ પૂછ્યું.

શિવે ઉત્તર આપ્યો, 'તેની મને કઈ રીતે જાણ હોય ? અહીં ઉપસ્થિત લોકોમાંથી મોટાભાગનાને તો એ પણ જાણ નહોતી કે આ નર્મદા નદી નથી.'

'આ કામ નાગવંશીઓનું જ હોવું જોઈએ, પ્રભુ,' ભગીરથે કહ્યું, 'એમનો કોઈ પણ સંજોગોમાં વિશ્વાસ કરી શકાય નહીં !'

'એકદમ સત્ય !' શિવે કટાક્ષ કર્યો, 'નાગવંશીઓએ પોતાની રાણીની હત્યા કરવા

માટે જ આ કાવતરું ઘડ્યું છે. અને પછી ગણેશે પોતાના લોકો સામે જ લડાઈ કરીને તે બધાને દૈવી અસ્ત્રોથી ફૂંકી માર્યા છે. જો એની પાસે દૈવી અસ્ત્રો હોય અને તે આપણને મારવા ઇચ્છતો હોય, તો પછી એ અસ્ત્રો તેણે સીધા આપણી પર જ કેમ ન વાપર્યાં ?'

બધા એકદમ શાંત થઈ ગયા.

'મને લાગે છે કે એ અસ્ત્રો પંચવટીનો નાશ કરવા માટે હતાં. એ લોકોનું આયોજન એવું હતું કે વહાણ પરથી જ આપણી બધાની હત્યા કરી નાખે અને પછી નાગવંશીઓની રાજધાની સુધી વહાણ લઈ જઈને તેનો પણ નાશ કરી નાખે. જોકે તેમને નાગવંશીઓની સુરક્ષાપ્રણાલીની ચુસ્તતા અને પેલી હોડીઓ વિષે માહિતી નહીં હોય. એના કારણે જ આપણે બચી ગયા.'

નીલકંઠ જે કહી રહ્યા હતા તે તાર્કિક લાગતું હતું. ગણેશે મનોમન ભૂમિદેવીનો આભાર માન્યો કે નાગવંશીઓની રાજ્યસભાએ ગોદાવરી નદી પર સુરક્ષાવ્યવસ્થા ગોઠવવાની તેની વાત સ્વીકારી હતી.

'કોઈક આપણી તમામની હત્યા કરાવવા ઇચ્છતું હતું,' શિવે કહ્યું 'અને એ કોઈક એટલું શક્તિશાળી પણ છે જેની પાસે દૈવી અસ્ત્રોનો આટલો વિશાળ જથ્થો હતો. એની પાસે એટલી જાણકારી પણ છે કે દક્ષિણમાં આવી કોઈ વિશાળ નદી વહે છે અને તે સમુદ્રથી અહીં સુધીનો માર્ગ પણ શોધી શક્યો છે. અને એ કોઈક એટલું સંપન્ન પણ છે કે તે આટલાં વહાણો અને સૈનિકોની વ્યવસ્થા પણ કરી શક્યું છે. તો આ કોઈક છે કોણ ? એ જ મારો પ્રશ્ન છે.'



સૂર્ય ધીમે ધીમે ક્ષિતિજ ઉપર ઊગી રહ્યો હતો અને થાકેલી છાવણી ઉપર પોતાનો પ્રકાશ અને ઉષ્મા વર્તાવી રહ્યો હતો. પંચવટીથી રાહત પહોંચાડવા માટે એક ટુકડી ભોજન અને ઔષધોનો પુરવઠો લઈને આવી પહોંચી હતી. છેવટે આયુર્વતીએ આરામ કરવાનું સ્વીકાર્યું હતું અને તે એક તંબૂમાં ઊંઘી રહી હતી. પરંતુ એ પહેલાં તેણે મોટા ભાગના ઘવાયેલા લોકોને સારવાર આપી દીધી હતી. રાત્રે આક્રમણ પછી મૃત્યુનો આંક વધવા પામ્યો નહોતો. અત્યંત ઘાતક ઈજાવાળા લોકોને પણ બચાવી લેવામાં આવ્યા હતા.

નદીમાં ઘણો સમય શોધખોળ કર્યા પછી કાર્તિક અને નંદી છાવણીમાં પરત ફર્યા હતા અને સીધા જ શિવ પાસે ગયા હતા. કાર્તિકે કહ્યું, 'કોઈ બચવા નથી પામ્યું, પિતાજી.'

'પ્રભુ, અમે નદીના બંને કાંઠે ફરી વળ્યા છીએ,' નંદીએ ઉમેર્યું, 'બધો જ ભંગાર પણ અમે ચકાસી જોયો છે. કોઈ બચેલું તણાઈ ગયું હોય એમ માનીને અમે નદીમાં છેક પાંચ ગાઉ સુધી આગળ જઈ આવ્યા છીએ. પરંતુ કોઈ જીવંત મળ્યું નથી.'

શિવે મનોમન શાપ ઉચ્ચાર્યો. આ આક્રમણકારો કોણ હોઈ શકે તેનો તેમને સંશય હતો પરંતુ તેના કોઈ પુરાવા નહોતા મળ્યા. તેમણે પર્વતેશ્વર અને ભગીરથને બોલાવ્યા. 'તમે બંને જણા તમારા પ્રદેશનાં તમામ પ્રકારનાં વહાણો પારખી શકો છો. હું એમ ઇચ્છું છું કે તમે બંને જણા ભંગારનું બરોબર અવલોકન કરો. એમાંથી કોઈ વહાણ મેલુહા કે સ્વદીપનું હોય, તો ઓળખી કાઢો.'

'પ્રભુ,' પર્વતેશ્વર બોલી ઊઠ્યા, 'એવું તો ન જ હોય કે. . .'

'પર્વતેશ્વર, કૃપા કરીને મારા માટે આટલું કામ કરો,' શિવે તેમને અધવચ્ચે જ

અટકાવ્યા, 'મારે પ્રમાણિક ઉત્તર જોઈએ છે. આ વહાણો ક્યાંથી આવ્યાં, એ જાણવું અત્યંત મહત્ત્વનું છે.'

પર્વતેશ્વરે નીલકંઠને વંદન કર્યાં, 'જે આપની આજ્ઞા, પ્રભુ.'

મેલુહાના સેનાપતિ અને ભગીરથ બહાર નીકળી ગયા.



'શું તમને એમ લાગે છે કે આપણે રહસ્ય જાણીએ એના બરોબર એક દિવસ પહેલાં જ આ આક્રમણ થયું, એ માત્ર યોગાનુયોગ છે ?'

શિવ અને સતી છાવણીની પાસે આવેલા નદીકાંઠે એકલાં બેઠાં હતા. દ્વિતીય પ્રહરનો છેલ્લો કલાક ચાલી રહ્યો હતો. અગ્નિસંસ્કારની વિધિ હમણાં જ પતાવવામાં આવી હતી. આમ તો ઘવાયેલા લોકો યાત્રા કરી શકે એમ નહોતા પરંતુ બધાનું એમ જ માનવું હતું કે પંચવટીની સુરક્ષામાં પહોંચી જવું જ ઉત્તમ રહેશે. વન્ય માર્ગ કરતાં તો નાગવંશી નગરમાં જ વધારે સુરક્ષા મળશે. નાગવંશીઓએ ઘવાયેલાઓને લઈ જવા માટે ગાડાની વ્યવસ્થા કરી હતી અને કાફલો એકાદ કલાકમાં પ્રયાણ કરવાનો હતો.

'હું કંઈ જ કહી શકું એમ નથી,' શિવે કહ્યું.

સતી શાંત રહી અને વહેતા પાણીના પ્રવાહને દૂર સુધી નીરખી રહી.

'તને એમ લાગે છે. . . કે તારા પિતા. . .'

સતીએ નિસાસો નાખ્યો, 'હમણાં હમણાં એમના વિષે જે જાણવા મળ્યું છે એ પછી મને એ અશક્ય લાગતું નથી.'

શિવે સતીનો હાથ પોતાના હાથમાં લીધો.

'પરંતુ મને નથી લાગતું કે તેઓ એકલા હાથે આટલું મોટું આક્રમણ કરાવી શકે,' સતીએ કહ્યું, 'એમનામાં એવી ક્ષમતા જ નથી. તો પછી કઠપૂતળી નચાવનાર કોણ છે ? અને તે આવું શા માટે કરી રહ્યો છે ?'

શિવે હકારમાં મસ્તક હલાવીને કહ્યું, 'એ જ તો રહસ્ય છે, પરંતુ એ પહેલાં મારે સૌથી મોટું રહસ્ય જાણવું પડશે. મને એમ લાગે છે કે એ રહસ્યમાં જ મેલુહા, સ્વદીપ અને પંચવટીની તમામ ઘટનાઓનાં કારણો રહેલાં છે.'



સૂર્ય બરોબર પ્રકાશી રહ્યો હતો ત્યારે ઘવાયેલો અને થાકેલો કાફલો ગોદાવરી નદીના કાંઠે આગળ વધતો વધતો પાંચ વડના વૃક્ષોના નગર એટલે કે પંચવટી પહોંચ્યો.

આ કંઈ વડનાં સામાન્ય પાંચ વૃક્ષો નહોતાં. તેમની દંતકથા તો એક હજારથી વધારે વર્ષ જેટલી પ્રાચીન હતી. દંતકથા અનુસાર આ એ જ પાંચ વડનાં વૃક્ષો હતાં જેની હેઠળ અયોધ્યામાંથી દેશનિકાલ પામેલા સાતમા વિષ્ણુ રામે પોતાની પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સાથે વિસામો લીધો હતો. પછી તેમણે આ વૃક્ષોની સમીપમાં જ પોતાની કુટિરનું નિર્માણ કર્યું હતું. અને આ એ જ દુર્ભાગી જગ્યા હતી જ્યાંથી રાક્ષસ રાવણે સીતાનું હરણ

કર્યું હતું જેના કારણે રામ અને રાવણ વચ્ચે યુદ્ધ થયું હતું. એ યુદ્ધમાં જ રાવણની અત્યંત સમૃદ્ધ નગરી લંકાનો નાશ થયો હતો.

પંચવટી ગોદાવરી નદીના ઉત્તર-પૂર્વ ભાગમાં વસેલું હતું. એ નદી પશ્ચિમી ઘાટના પર્વતો પરથી વહેતી વહેતી પૂર્વ સમુદ્રને જઈ મળતી હતી. પંચવટીથી પશ્ચિમે ગોદાવરી નદી નેવું અંશના ખૂણે વળીને દક્ષિણ દિશામાં આગળ વધતી હતી અને એકાદ ગાઉ સુધી આગળ વધ્યા પછી પુનઃ પૂર્વ દિશામાં વળીને પોતાના પૂર્વ સમુદ્ર સુધીનો પ્રવાસમાર્ગ આગળ ધપાવે રાખતી હતી. ગોદાવરીના આવા વિચિત્ર વળાંકને કારણે નાગવંશીઓ નહેરો બાંધી શક્યા હતા અને દંડકારણ્યની ખુલ્લી જગ્યાઓમાં ખેતી કરીને તેઓ પોતાના રહેવાસીઓની આવશ્યકતાઓ પૂરી પાડતા હતા.

સૂર્યવંશીઓને એ વાતનું આશ્ચર્ય થયું કે પંચવટીનું નિર્માણ ઊંચા મંચ પર કરવામાં આવ્યું હતું, મેલુહાની જેમ જ. મજબૂર પથ્થરોથી ઊંચી દીવાલો ચણવામાં આવી હતી અને એ દીવાલોમાં નિયમિત અંતરે બાણ ચલાવવા માટે કાણાં પણ રાખવામાં આવ્યાં હતાં. દીવાલની આગળનો ઘણો બધો હિસ્સો નાગવંશીઓ કૃષિ માટે વાપરતા હતા. નિયમિત રીતે આવતા બ્રંગ અતિથિઓ માટેનાં અતિથિભવન પણ ત્યાં જ રચવામાં આવ્યાં હતાં. તેના પછી બીજી દીવાલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. એ દીવાલ પછી પણ વિશાળ ખુલ્લી જગ્યા હતી કે જેથી આવી રહેલા શત્રુઓ એકદમ સ્પષ્ટ રીતે દેખાઈ આવે.

પંચવટીની સ્થાપના ભૂમિદેવીએ કરી હતી. એ રહસ્યમયી દેવી નાગવંશી નહોતી અને તેણે જ નાગવંશીઓની વર્તમાન જીવનશૈલીનું ઘડતર કર્યું હતું. ભૂમિદેવીના પૂર્વજો કોણ હતા એ કોઈ જાણતું નહોતું. અને તેણે પોતાની કોઈ પણ પ્રકારની છબી કે મૂર્તિ બનવા દેવાનો સ્પષ્ટ વિરોધ કર્યો હતો. એટલે અત્યારે તેની સ્મૃતિ માત્ર તેણે ઘડેલા નિયમો અને વાતો પૂરતી જ સીમિત હતી. પંચવટી તેના જ જીવનનું આદર્શ ઉદાહરણ હતું, કારણ કે તેમાં તેણે સૂર્યવંશી અને ચંદ્રવંશી જીવનશૈલીનાં શ્રેષ્ઠ તત્ત્વો અપનાવ્યાં હતાં. તેણે પંચવટીના પ્રવેશદ્વાર પર જ પોતાનાં મૂલ્યો કોતરાવ્યાં હતાં. 'સત્યમ્, સુંદરમ્.'

શિવના કાફલાને બહારના દ્વારમાંથી પ્રવેશ આપવામાં આવ્યો અને તેમને સીધા જ બ્રંગ લોકો માટે બનાવવામાં આવેલા અતિથિગૃહમાં લઈ જવામાં આવ્યા. કાફલાના દરેક સભ્યને આરામદાયક કક્ષ ફાળવવામાં આવ્યા.

'તમે આરામ કરી લો, શિવ,' કાલિએ કહ્યું, 'હું રહસ્ય ત્યાં સુધીમાં બહાર લઈ આવું છું.'

'મારે અત્યારે જ પંચવટીમાં જવું છે,' શિવે કહ્યું.

'સાચે જ ? આપ થાકી નથી ગયા ?'

'થાક્યો તો છું જ, પરંતુ મારે રહસ્ય અત્યારે જ જાણવું છે.'

'તો ચાલો.'



શિવના સાથીદારો નગરની બહાર અતિથિગૃહમાં પ્રતીક્ષા કરી રહ્યા હતા ત્યારે કાલિ અને ગણેશ શિવ અને સતીને નગરની અંદર લઈ ગયા.

એ નગર તેમની કલ્પનાઓથી તદ્દન ભિન્ન હતું. મેલુહાના નગરની જેમ તેની રચના પણ જાળીદાર માર્ગોની આસપાસ કરવામાં આવી હતી. જોકે સૂર્યવંશીઓના ન્યાય અને

સમાનતાના આદર્શને નાગવંશીઓ તેના તાર્કિક અંતિમ સુધી ખેંચી ગયા હતા. મહારાણીના ઘર સહિતનાં તમામ ઘર એકદમ સમાન કદ અને ભાતનાં હતાં. ત્યાં વસતા પચાસ હજાર નાગવંશીઓમાં કોઈ ધનવાન કે નિર્ધન નહોતું.

'પંચવટીમાં બધા સમાન રીતે જ રહે છે ?' સતીએ ગણેશને પૂછ્યું.

'એવું નથી, મા. દરેકને પોતાના જીવન અંગેના તમામ નિર્ણયો લેવાનો અધિકાર છે. પરંતુ ઘર અને પ્રાથમિક આવશ્યકતાની વસ્તુઓ રાજ્ય આપે છે. એટલે એ બાબતમાં સંપૂર્ણ સમાનતા છે એમ કહી શકાય.'

નીલકંઠને પસાર થતા જોવા માટે દરેક ઘરના રહેવાસીઓ બહાર આવીને ઊભા રહી ગયા હતા. નીલકંઠના કાફલા ઉપર થયેલા રહસ્યમયી આક્રમણ અંગે પણ તેમણે સાંભળ્યું હતું. મહારાણી કે ગણનાયકને કશું થયું નહીં એ માટે લોકો ભૂમિદેવીનો આભાર માની રહ્યા હતા.

ઘણા લોકોમાં તો કોઈ પણ પ્રકારની શારીરિક ખોડ નહોતી એ જોઈને શિવને અત્યંત આશ્ચર્ય થયું. જોકે એમાંના ઘણાના હાથમાં નાગવંશી બાળકો રમતાં હતાં, તે પણ તેમણે નોંધ્યું.

'જે લોકો નાગવંશી નથી એ લોકો અહીં પંચવટીમાં શું કરી રહ્યા છે ?' શિવે પૂછ્યું.

'એ લોકો નાગવંશી સંતાનો ધરાવે છે,' કાલિએ કહ્યું.

'એટલે તે લોકો અહીં રહે છે ?'

'અમુક માતા-પિતા પોતાના નાગવંશી બાળકોને ત્યજી દેતાં હોય છે,' કાલિએ કહ્યું, 'અને અમુકને પોતાનાં બાળકો માટે અનહદ ખેંચાણ હોય છે. એટલું બધું કે તેઓ સામાજિક પૂર્વગ્રહો અતિક્રમી જાય છે અને અમે એવાં લોકોને પંચવટીમાં આશ્રય આપીએ છીએ.'

'જે નાગવંશી બાળકોનાં માતા-પિતા તેમને ત્યજી ગયાં હોય, તેમનો ઉછેર કોણ કરે છે ?' સતીએ પૂછ્યું.

'બાળકો વિનાના નાગવંશીઓ,' કાલિએ કહ્યું, 'નાગવંશીઓને પ્રાકૃતિક રીતે બાળકો જન્મતાં નથી હોતાં. એટલે એ લોકો મેલુહા અને સ્વદીપનાં ત્યજાયેલાં બાળકોને તત્પરતાથી સ્વીકારી લે છે અને પોતાના સંતાનો તરીકે જ ઉછેરે છે. પ્રેમ અને કાળજી દરેક બાળકનો જન્મસિદ્ધ અધિકાર હોય છે અને તે તેમને મળી રહે છે.'

તેઓ નગરના કેન્દ્ર સુધી ચૂપચાપ ચાલતાં ગયાં. અહીંયાં પેલા દંતકથાના ભાગ એવા વડનાં પાંચ વૃક્ષ હતાં અને તમામ સામૂહિક પ્રવૃત્તિઓવાળી ઇમારતો અહીં જ રચવામાં આવતી. એ જગ્યાએ સ્વદીપની શૈલીમાં ભવ્ય ઇમારતો ચણવામાં આવી હતી અને તેનો ઉપયોગ નગરના તમામ લોકો કરતા હતા. ત્યાં એક પાઠશાળા, રૂદ્ર ભગવાન અને મોહિની દેવીનું મંદિર, સાર્વજનિક સ્નાનગૃહ અને એક ભવ્ય ક્રીડાંગણ હતાં જ્યાં પચાસ હજાર નાગરિકો નિયમિત રીતે એકબીજાને મળતા. સંગીત, નૃત્ય અને નાટક જ્ઞાનમાર્ગનાં અંગો નહીં પરંતુ આનંદપ્રમોદનાં સાધનો માનવામાં આવતાં હતાં.

'રહસ્ય ક્યાં છે ?' શિવે અધીરાઈથી પૂછ્યું.

'ત્યાં છે, પ્રભુ નીલકંઠ,' ગણેશે પાઠશાળા સામે આંગળી ચીંધતાં કહ્યું.

શિવને અત્યંત વિસ્મય થયું. પાઠશાળામાં રહસ્ય ? તેમને એવી આશા હતી કે રહસ્ય નગરના આધ્યાત્મિક કેન્દ્ર સમાન રૂદ્ર દેવના મંદિરમાં હશે. તેઓ પાઠશાળાની દિશામાં ચાલ્યા અને અન્ય તમામ તેમને અનુસર્યા.

પાઠશાળા પારંપરિક રીતે ખુલ્લા મેદાનની ફરતે બાંધવામાં આવી હતી. એ મેદાનની

ફરતે ઘણા બધા વર્ગો રચવામાં આવ્યા હતા અને તેનાં દ્વાર દેખાતાં હતાં. છેક બીજા છેડે એક વિશાળ ખુલ્લો ખંડ દેખાતો હતો. તે પુસ્તકાલય હતું. પુસ્તકાલયની પાછળ બીજું વિશાળ મેદાન હતું. એ મેદાન પૂરું થતું ત્યાં વિવિધ ખંડો અને પ્રયોગશાળાઓ રચવામાં આવી હતી.

'હવે શાંત થઈ જજો,' કાલિએ કહ્યું, 'વર્ગો હજુ પણ ચાલુ જ છે. આપણે માત્ર એક જ વર્ગને ખલેલ પહોંચાડવાની છે, બધાને નહીં.'

'આપણે કોઈ પણ વર્ગને ખલેલ નહીં પહોંચાડીએ,' કહીને શિવ પુસ્તકાલયની દિશામાં આગળ વધ્યા. તેમને એમ હતું કે ત્યાં જ નાગવંશીઓનું કોઈ રહસ્ય વાંચવા મળશે. એવું કોઈ પુસ્તક હશે ?

'પ્રભુ નીલકંઠ,' ગણેશે શિવને અધવચ્ચે અટકાવ્યા.

શિવ અટકી ગયા એટલે ગણેશે એક એવા વર્ગ સામે આંગળી ચીંધી જેનું દ્વાર કોઈ પડદો પાડીને બનાવવામાં આવ્યું હતું. તેમાંથી કોઈ પરિચિત અવાજ તત્ત્વજ્ઞાન પીરસી રહ્યો હતો એ સાંભળીને શિવને અત્યંત આશ્ચર્ય થયું. પડદા પાછળથી આવતો એ અવાજ એકદમ સ્પષ્ટ હતો.

'નવું તત્ત્વજ્ઞાન દરેક વસ્તુ માટે ઇચ્છાઓ પર જ દોષારોષણ કરે છે. આપણી ઇચ્છાઓ જ તમામ દુઃખ અને વિનાશનું મૂળ કારણ છે, બરોબર ?'

'હા, ગુરુજી,' એક વિદ્યાર્થીએ કહ્યું.

'તો એ મને સમજાવો,' ગુરુએ કહ્યું.

'કારણ કે ઇચ્છાઓથી જ બંધનો રચાય છે. દુન્વયી બંધનો. અને જ્યારે તમે ઇચ્છો છો એ પ્રાપ્ત નથી થતું અથવા તો નથી ઇચ્છતા એ પ્રાપ્ત થાય છે, ત્યારે આપણને દુઃખ થાય છે. તેનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી હિંસા અને યુદ્ધ જન્મે છે અને છેવટે વિનાશ થાય છે.'

'એટલે જો તમે દુઃખ અને વિનાશ ટાળવા માંગતા હોવ, તો તમારે તમારી ઇચ્છાઓ પર નિયંત્રણ રાખવું જોઈએ, બરોબર ?' ગુરુએ પૂછ્યું, 'આ દુનિયાની માયા છોડી દેવી જોઈએ, બરોબર ?'

શિવે પડદાની બીજી બાજુથી મનોમન ઉત્તર આપ્યો. હા.

'પરંતુ આપણા તત્ત્વજ્ઞાનના મુખ્ય સ્રોતમાંનો એક એવો ઋગ્વેદ કહે છે કે,' ગુરુએ વાત આગળ ધપાવી, 'સૃષ્ટિના પ્રારંભ વખતે અંધકાર અને એક આદિકાળથી અસ્તિત્વ ધરાવતા પૂર સિવાય કશું જ નહોતું. પછી એ અંધકારમાંથી જ એક ઇચ્છા પ્રગટી. ઇચ્છા જ સર્જનનું પ્રારંભબિંદુ હતી, મૂળ બીજ હતું. અને ત્યાંથી, આપણે બધા જાણીએ છીએ કે, તમામ જીવોના દેવ પ્રજાપતિએ બ્રહ્માંડનું સર્જન કર્યું. એટલે ઇચ્છા તમામ સર્જનનું પણ મૂળ કારણ છે.'

પડદાની બીજી બાજુથી આવી રહેલા અવાજથી શિવ અભિભૂત થઈ ગયા હતા. સારો મુદ્દો છે.

'તો ઇચ્છા સર્જન અને વિનાશ બંનેનો સ્રોત કઈ રીતે હોઈ શકે ?'

વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા. તેમને કોઈ ઉત્તર સૂઝતો નહોતો.

'આજ વાતને બીજી રીતે વિચારો. શું એવી કોઈ વસ્તુનો વિનાશ કરવો શક્ય છે જેનું સર્જન જ ન થયું હોય ?'

'ના, ગુરુજી.'

'બીજી બાજુ, એવું ધારી લેવું યોગ્ય ગણાશે કે જેનું સર્જન થયું હોય, તેનો ક્યારેક ને

ક્યારેક તો વિનાશ થવાનો જ છે ?'

'સત્ય,' એક વિદ્યાર્થીએ કહ્યું.

'ઇચ્છાનો હેતુ જ એ છે. એનાથી જ સર્જન અને વિનાશ થાય છે. એ યાત્રાનો આરંભ પણ છે અને અંત પણ છે. ઇચ્છા વિના કશું જ શક્ય નથી.'

શિવના મુખ પર સ્મિત રમવા માંડ્યું. વર્ગમાં અવશ્ય કોઈ વાસુદેવ પંડિત જ હશે !

નીલકંઠે કાલિ સામે જોયું. 'ચાલો, પુસ્તકાલયમાં જઈએ. મને એ રહસ્ય વાંચવાની અધીરાઈ છે. હું પંડિતજીને પછી મળીશ.'

કાલિએ શિવને કહ્યું, 'રહસ્ય કોઈ વસ્તુ નથી. એક માનવ છે.'

શિવને આઘાત લાગ્યો. તેમની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ.

ગણેશે પડદો પાડેલા વર્ગખંડ સામે આંગળી ચીંધીને કહ્યું, 'અને એ માનવ અંદર આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.'

શિવ દિગ્મૂઢ બનીને ગણેશને જોઈ રહ્યા. ગણનાયકે હળવેથી વર્ગખંડનો પડદો ખોલ્યો. 'ગુરુજી, ખલેલ માટે ક્ષમા કરજો. નીલકંઠ અહીંયાં પધારી ચૂક્યા છે.'

પછી ગણેશ અંદર ગયો.

શિવ પણ અંદર પ્રવેશ્યા અને પછી તેમણે જે જોયું તેનાથી તેમનો આઘાત બેવડાઈ ગયો.

હે પવિત્ર માનસરોવર !

તેમણે આશ્ચર્ય અનુભવતાં ગણેશ સામે જોયું. ગણનાયકે મૃદુ સ્મિત આપ્યું. નીલકંઠ પુનઃ ગુરુજી સામે જોવા લાગ્યા.

'હું તમારી પ્રતીક્ષા જ કરી રહ્યો હતો, મિત્ર,' ગુરુએ કહ્યું. તે હસી રહ્યા હતા પરંતુ તેમની આંખો ભીની હતી. 'મેં નહોતું કહ્યું કે તમારા માટે તો હું ગમે ત્યાં જવા તૈયાર છું. જો તમને સહાય થતી હોય તો હું પાતાળલોકમાં પણ જઈશ.'

શિવના મગજમાં આ વાક્ય ગુંજવા માંડ્યું. તેમને કદી પણ પાતાળલોકનો સંદર્ભ પૂરેપૂરો સમજાયો નહોતો. હવે તેમને એ વાત પૂરેપૂરી સમજાઈ ગઈ.

દાઢીનું મૂંડન કરવામાં આવ્યું હતું અને કલમ જેટલી પાતળી મૂછ રાખવામાં આવી હતી. પહેલાં તેમના પહોળા ખભા અને વિશાળ છાતી ચરબીના હળવા થર પાછળ છુપાયેલા હતા પરંતુ હવે નિયમિત કસરતથી એ સુઘડ બની ગયા હતા. ચુસ્ત સ્નાયુઓ ઉપર જનોઈ પહેલાંની જેમ જ શોભતી હતી. તેમનું મસ્તક તો મૂંડાયેલું જ રહ્યું હતું પરંતુ તેમની ચોટી થોડીક લાંબી અને સરસ રીતે તેલ લગાવેલી લાગતી હતી. આંખોમાં એ જ શાંત અને સ્થિર ભાવો હતા જેનાથી શિવ હંમેશા આકર્ષાતા હતા. એ તેમનો ખોવાયેલો મિત્ર હતો. તેમનો બંધુ હતો.

'બૃહસ્પતિ !'

(હવે વાંચો ભાગ ત્રીજો – 'વાયુપુત્રોના શપથ')



૧૯૭૪માં જન્મેલા , આઈઆઈએમ (કોલકાતા)માં ભણેલા અમીશ બૅન્કની નિરસ નોકરી છોડીને આનંદપ્રાપ્તિ માટે લેખક બન્યા છે. તેમના પ્રથમ પુસ્તક ' મેલુહાના અમર્ત્યો ' (' શિવકથન શ્રેણી ' નવલકથાત્રયીનું પ્રથમ પુસ્તક)ની સફળતા પછી તેમણે આર્થિક સેવા ક્ષેત્રની પોતાની ચૌદ વર્ષ જૂની નોકરી છોડી દઈને માત્ર લેખન પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમને ઇતિહાસ , પુરાણ અને તત્ત્વજ્ઞાનનો શોખ છે અને વિશ્વના તમામ ધર્મોમાં તેમને સૌંદર્યબોધ અને અર્થપ્રાપ્તિ થાય છે. અમીશનાં પુસ્તકોની ૪૦ લાખથી વધારે નકલો વેચાઈ છે અને તેમનાં પુસ્તકોનો ૧૯ જેટલી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે.